**ડો.કમલા બેનીવાલ (નામદાર રાજ્યપાલશ્રી)**ઃમાનનીય અધ્યક્ષ મહોદય તથા વિધાનસભાના માનનીય સદસ્યશ્રીઓ, બારમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રના મંગલ પ્રારંભે આપ સૌનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

આપ સૌ જાણો છો કે ગુજરાત રાજયની સ્થાપનાના **૫૦** વર્ષ પૂર્ણ થતા ૧લી મે, ૨૦૧૦ થી આરંભાયેલી સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણી આનંદ અને ઉત્સાહપૂર્વક જનસહયોગથી ૧લી મે, ૨૦૧૧ ના રોજ ભવ્ય રીતે પૂર્ણ કરવામાં આવી. મારી સરકારે ગુજરાતના સ્વર્ણિમ યુગનો શિલાન્યાસ તરીકે ઉજવીને લોકતાંત્રિક માર્ગે રાષ્ટ્ર અને રાજયના સર્વાંગી વિકાસ માટે સમર્પિત થઇ વિકાસની નવી ઉંચાઇઓ સર કરવા પ્રતિબધ્ધતા વ્યકત કરી છે.

રાષ્ટ્રપિતા પૂજય મહાત્મા ગાંધી અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના કુશળ નેતૃત્વ હેઠળ આપણા રાજયે ભારતની સ્વાતંત્ર્ય ચળવળના આંદોલન દ્વારા દેશ અને અન્ય રાષ્ટ્રોને રાહ ચીંધ્યો છે. ગુજરાત રાજયએ ૨૧મી સદીના પ્રથમ દસકામાં વહીવટ અને વિકાસની નવતર સિધ્ધિઓ અને સફળ આયામો સાથે આર્થિક વિકાસદર અને સુશાસનની બાબતમાં પ્રથમ હરોળમાં સ્થાન મેળવીને દેશને વિકાસનો રાહ ચીંધેલ છે, તે ગુજરાતની ૬ કરોડની ખમીરવંતી પ્રજા અને મારી સરકારનું સબળ નેતૃત્વ કરતા માનનીય મુખ્યમંત્રીશ્રીને આભારી છે. ગુજરાતના વિકાસને એક મોડલ સ્ટેટ તરીકેની માન્યતા મળી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીની કાર્યસિદ્ધિની દેશ–વિદેશમાં વિવિધ સ્તરે નોંધ લેવાઈ છે.

સદભાવના એ ગુજરાતના સંસ્કાર છે. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંવર્ધન માટે સમગ્ર રાજયમાં શાંતિ, એકતા અને ભાઈચારા દ્વારા કોમવાદ, જ્ઞાતિવાદ અને પ્રાદેશિકવાદ જેવા વલણોને નાબુદ કરીને ગુજરાત રાજયની વિકાસયાત્રા વધુ વેગવંતી બને તે માટે આ ધ્યેયોને સંસ્થાકીય સ્વરૂપ આપવાના આશયથી મારી સરકારે " **સદભાવના મિશન**" ના અભિયાનથી દેશ અને દુનિયાને ગુજરાતની શાંતિ, એકતા અને ભાઈચારાની ઓળખને વધુ ઉજાગર કરવાનો સફળ પ્રયાસ કર્યો છે.

ગુજરાતે છેલ્લા દશ વર્ષમાં જે વિકાસ કર્યો છે તેના મૂળમાં શાંતિ, એકતા અને ભાઈચારો છે." **સૌનો સાથ, સૌનો વિકાસ**" ના મંત્ર દ્વારા રાજયના વિકાસને વધુ વેગવંતો બનાવવા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ

અમદાવાદ ખાતે ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૧૧ થી ૧૯ મી સપ્ટેમ્બર, ૨૦૧૧ સુધી ત્રિદિવસીય સદભાવના ઉપવાસ કર્યા હતા. સદભાવના મિશનનો સંદેશ સમગ્ર રાજયમાં નાગરિકો સુધી અસરકારક રીતે પહોંચે તે હેતુથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજયના તમામ જિલ્લાઓ અને મહાનગરોમાં સદભાવના મિશન નિમિત્તે **૩૬** દિવસનું ઉપવાસ અભિયાન યોજીને લાખો નાગરિકોને રૂબરૂ મળીને સદભાવનાના વાતાવરણને વેગવંતુ કર્યું છે.

આપણું રાષ્ટ્ર આ વર્ષે સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવી રહ્યું છે, ત્યારે મને વિશેષ આનંદ છે કે મારી સરકારે વર્ષ ૨૦૧૨ને "**યુવા શકિત વર્ષ**" તરીકે જાહેર કર્યું છે અને સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિનો શુભારંભ તા. ૧૨/૧/૨૦૧૨ ના રોજ યુવા પરિષદ યોજીને કરેલ છે. સ્વામી વિવેકાનંદજીનું પ્રેરણાદાયી જીવન મારા રાજયના તમામ નાગરિકો અને વિશેષ કરીને યુવાનોના આંતરવિકાસ માટે ઉપયોગી નિવડે એવી મારી અભ્યર્થના છે.

ભૂતકાળમાં સરકારી ખર્ચમાં કરકસરની નીતિના કારણે તત્કાલીન સરકાર દ્વારા ૧૯૯૧માં ખાલી જગ્યાઓ ભરવા પર મૂકવામાં આવેલ પ્રતિબંધના કારણે રાજયસેવાની વર્ગ–૧ થી વર્ગ–૪ ની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા થઈ શકેલ ન હતી. છેલ્લાં કેટલાંક વર્ષથી મારી સરકારે ખાલી જગ્યાઓ ભરાય અને યુવાનોને રોજગારી મળે તથા લોકાભિમુખ વહીવટ માટેની વ્યવસ્થા સુદ્રઢ થાય તે હેતુથી સરકારી નોકરીમાં ભરતીની પ્રક્રિયા ચાલુ કરેલ છે. પરિણામ સ્વરૂપે ૨૦૧૧ના વર્ષ સુધીમાં મારી સરકારે લગભગ અંદાજે **૨૫,૦૦૦** જગ્યાઓ સીધી ભરતીથી ભરીને યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. છેલ્લા દશકામાં સીધી ભરતીથી **૨,૧૯,૫૦૦** રોજગારી પુરી પાડવામાં આવી છે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સુદઢ હોવાના કારણે સાતત્યપૂર્ણ શાંતિ, ઔદ્યોગિક વિકાસ, ઔદ્યોગિક ક્ષેત્રે સુમેળભર્યા સબંધો અને આર્થિક પ્રવૃતિઓમાં વેગ આવ્યો છે. રાજ્યમાં સાંપ્રદાયિક શાંતિ અને સુમેળનું વાતાવરણ પ્રવર્તમાન છે.

કલ્યાણ રાજયના આદર્શને વરેલી મારી સરકારે **૬૪૨ ગરીબ કલ્યાણ મેળા** દ્વારા કોઈપણ પ્રકારના માધ્યમો સિવાય ગરીબોના દ્વાર સુધી પહોંચીને **૫૭.૪૨ લાખ** લાભાર્થીઓને ` **૭,૯૦૦ કરોડ**ની માતબર સહાય આપેલ છે.

આ યુગ સ્પર્ધાનો યુગ છે. સામાન્ય માનવીને સુરાજય માટેની આકાંક્ષા છે. સુશાસન એ સારી સરકાર માટેની પ્રાથમિકતા હોય છે. ગુજરાતમાં મારી સરકારે સુરાજય અને સુશાસનને બળવતર બનાવવાની દિશામાં અનેક નક્કર અને મક્કમ પગલાં લીધા છે. રાજયે વિકાસની નવી નવી ઉંચાઈઓને પ્રાપ્ત કરી છે અને તેને કારણે ગુજરાત સરકાર, ગુજરાત સરકારની કંપનીઓ તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પોતપોતાના ક્ષેત્રમાં કરેલ ઉત્તમ કામગીરી માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ભારત સરકારથી માંડીને યુનાઈટેડ નેશન્સ સહિતના આશરે **૨૫૦** કરતા પણ વધુ એવોર્ડઝ અને પ્રશસ્તિપત્રો મળ્યા છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માટે કેટલાક રાજયને કેન્દ્રીય વેચાણવેરા વળતર પેટે `. **૨,૪૧૧ કરોડ**ની ફાળવણી કરવામાં આવેલ છે. ગુજરાત સરકારે પણ વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માટે એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત દ્વારા પ્રમાણિત કેન્દ્રીય વેચાણવેરાના વળતરનો ` **૧૪૨૮.૨૫ કરોડ**નો દાવો ભારત સરકારને મોકલી આપેલ છે. રાજય સરકારે ભારત સરકાર પાસેથી ડીસેમ્બર–૨૦૧૧ સુધી ` **૨૭૫૦.૧૪ કરોડ** કેન્દ્રીય વેચાણવેરા વળતર પેટે લેવાના થાય છે. આ પરિસ્થિતિ હોવા છતાં પણ રાજય સરકારે આર્થિક સદ્ધરતાના માપદંડો જાળવી રાખ્યા છે અને અનેક અવરોધો વચ્ચે પણ પ્રજાલક્ષી કામગીરી માટે પોતાની જવાબદારી નિભાવી છે.

અગીયારમી પંચવર્ષીય યોજનામાં **"સર્વાંગી વિકાસ આધારિત વૃધ્ધિદર"** (Inclusive Growth) ની વ્યૂહરચનામાં માનવ વિકાસ સૂચકાંકને કેન્દ્રમાં રાખીને સામાજીક અને આર્થિક રીતે નબળા વર્ગોને પ્રાધાન્ય આપીને સામાજિક સેવાના સદરે રાજ્યની વાર્ષિક યોજના ૨૦૧૧-૧૨માં કુલ જોગવાઇના **૪૦ ટકા** જેટલી નાણાંકીય ફાળવણી કરવામાં આવી છે.

મારી સરકારે વિવિધ ક્ષેત્રોમાં કરેલી કામગીરીની વિગતો નીચે મુજબ છે.

**વંચિતોનો વિકાસ**

મારી સરકાર અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિકલાંગો, વૃદ્ધો, અનાથ બાળકો તેમજ ત્યજાયેલ બાળકોના કલ્યાણ માટે કટિબધ્ધ છે. વંચિતોના જીવનમાંથી ગરીબી, લાચારી, બેકારી અને નિરક્ષરતા નાબુદ કરીને શકિતશાળી બનાવવા, ગૌરવપૂર્ણ જીવન બક્ષવા અને સમગ્ર રીતે વિકાસ થાય તે માટે અનેકવિધ ઠોસ પગલાં ભર્યા છે.

**અનુસૂચિત જાતિ કલ્યાણ**

- **૩૪ હજાર** વિદ્યાર્થીઓને **૭૩૮** સરકારી તેમજ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, આશ્રમશાળા અને આદર્શ નિવાસી શાળાઓમાં લાભ આપ્યો છે.
- **૯.૪૬ લાખ** વિદ્યાર્થીઓને પ્રિ.મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના નીચે ` **૧૧૩ કરોડ**ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે.
- **૬ હજાર** લાભાર્થીઓને ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન બાંધવા ` **૧૫.૨૦ કરોડ**ની સહાય કરી છે.
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે **૨૨** વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૧-૧૨માં ` **૪.૩૦ કરોડ**ની લોન આપવામાં આવી છે.
- કાયદાના સ્નાતકોને સ્ટાઈપેન્ડ યોજના અન્વયે **૮૪૫** જુનિયર વકીલોને સ્ટાઈપેન્ડ ` **૬૩.૩૨ લાખ** ચૂકવવામાં આવેલ છે.
- સરસ્વતી સાધના યોજના અન્વયે **૨,૦૫૦** બાળાઓને ` **૪૮.૩૩ લાખ**ના ખર્ચે સાયકલો આપવામાં આવી.
- **૬૯૨૩** અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઈ-કાસ્ટ સર્ટીફિકેટો એપ્રિલ-૨૦૧૧ થી જાન્યુઆરી-૨૦૧૨ સુધીમાં આપવામાં આવ્યા છે.

**વિકસતી જાતિ કલ્યાણ**

- **૬૧ હજાર** વિદ્યાર્થીઓને **૧,૦૦૬** સરકારી તેમજ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, આશ્રમશાળા અને આદર્શ નિવાસી શાળાઓમાં લાભ આપ્યો છે.

શૈક્ષણિક વિકાસ માટે શૈક્ષણિક યોજનાઓ હેઠળ **૪૫ લાખ** વિદ્યાર્થીઓને ` **૧૫૦.૦૦** કરોડની શિષ્યવૃતિ એડવાન્સમાં ચુકવવામાં આવી છે.

ધો.૮ માં ભણતી **૨૨ હજાર** કન્યાઓને ` **૪.૯૩ કરોડના** ખર્ચે વિના મૂલ્યે સાયકલો આપવામાં આવી છે.

**૫,૯૭૩** લાભાર્થીઓને પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મકાન બાંધવા ` **૨૦.૮૧ કરોડ**ની સહાય કરી છે.

બક્ષીપંચના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ` **૧૦ લાખ**ની લોન આપવાની યોજના અંતર્ગત કોમ્પ્યુટર, આઈ.ટી., એમ.બી.એ. જેવા ઉચ્ચ અભ્યાસક્રમો માટે **૩૪** વિદ્યાર્થીઓને ` **૧.૬૭ કરોડ**ની લોન આપવામાં આવી.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર ઝડપથી અને સરળતાથી મળી રહે તે માટે ચાલુ વર્ષમાં **૧૦,૮૯૨** ઉમેદવારોને ઈ–કાસ્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

**સમાજ સુરક્ષા**

**૨૧ હજાર** વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, **૧,૩૩૦** વિકલાંગોને સાધન સહાય, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન (વય વંદના) હેઠળ **૩ લાખ** વૃધ્ધોને સહાય તેમજ વિવિધ યોજનાઓ હેઠળ કુલ **૧.૧૦ લાખ** વિકલાંગ લાર્ભાથીઓને સહાય ચૂકવવામાં આવી છે.

**આદિજાતિ વિકાસ**

મારી સરકારે આદિજાતિ લોકોના સર્વાંગી વિકાસ માટે ` **૧૫,૦૦૦ કરોડની વનબંધુ કલ્યાણ**ની મુળ યોજનામાં વધારો કરીને ચાલુ વર્ષ સુધીમાં ` **૧૭,૮૩૮** કરોડનું આયોજન કરેલ છે.

ગરીબી નિવારણ માટે પાંચ લાખ પરિવારોની આવક બમણી કરવા હાથ ધરેલા વિવિધ પ્રોજેકટો હેઠળ **૬** લાખ જેટલી વ્યકિતઓને આવરી લીધેલ છે.

ઘર વિહોણા બી.પી.એલ. કુટુંબોને વિવિધ આવાસ યોજના હેઠળ કુલ **૪,૪૬,૮૫૬** મકાન ફાળવ્યા છે.

**૩,૫૬,૯૦૦** બહેનોએ ચિરંજીવી યોજના હેઠળ હોસ્પીટલોમાં પ્રસુતિ સગવડનો લાભ લીધેલ છે.

બાલ સખા યોજના હેઠળ **૯૩,૦૦૧** આદિવાસી બાળકોને સારવાર આપવામાં આવી.

**૪,૮૪,૭૭૩** ઘરોનું વિના મુલ્યે વીજળીકરણ તથા **૩૮,૨૩૧** કુવાઓનું વીજ જોડાણ કરવામાં આવ્યું છે.

શૈક્ષણિક યોજનાઓ હેઠળ માહે ડિસેમ્બર–૨૦૧૧ અંતિત **૧૫ લાખ** જેટલા વિદ્યાર્થીઓને ` **૩૭.૧૭ કરોડ**ની શિષ્યવૃત્તિ આપવામાં આવેલ છે.

**૯,૮૩,૨૧૦** વિદ્યાર્થીઓને ગણવેશ તથા પાટીપેન ` **૨૦.૪૪ કરોડ**ના ખર્ચે આપવામાં આવેલ છે.

વિદ્યા સાધના સાયકલ યોજના અંતર્ગત ધો.૮માં અભ્યાસ કરતી **૨૩,૯૦૧** કન્યાઓને સાયકલો માટે ` **૬૧૧.૪૪ લાખ**નો ખર્ચ કરેલ છે.

વિદેશ અભ્યાસ માટે **૮૨** વિદ્યાર્થીઓને તથા કોમર્શીયલ પાયલોટ માટે **૧૫** લાભાર્થીઓને લોન યોજનાનો લાભ આપેલ છે.

કન્ઝરવેશન કમ ડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ **આદિમજુથ** માટે માહે ડિસેમ્બર–૨૦૧૧ અંતિત **૧૭,૭૪૦** કુટુંબોને શૌચાલય સહિતના મકાન, **૧૬,૩૧૦** કુટુંબોને પીવાના પાણીની સુવિધા, **૧૫,૧૯૫** કુટુંબોને વીજળી તેમજ **૧૦,૬૯૭** કુટુંબોને આરોગ્યલક્ષી યોજનાઓ, **૨,૬૦૨** કુટુંબોને ડેરી પ્રોજેકટ, **૨,૯૧૩** કુટુંબોને વાડી પ્રોજેકટ, **૩,૫૩૬** કુટુંબોને સ્કીલ ટ્રેનિંગ તથા **૧,૮૩૫** કુટુંબોને ધંધા રોજગારનો લાભ મળેલ છે.

**લઘુમતી કલ્યાણ**મને જણાવતા આનંદ થાય છે કે મુસ્લીમ સમુદાયનો સાક્ષરતા દર રાષ્ટ્રીય કક્ષાએ **૫૯.૧** ટકા છે તેની સામે ગુજરાતમાં સાક્ષરતા દર **૭૩.૫** ટકા છે.

ગ્રામ્ય વિસ્તારમાં મુસ્લીમ સમુદાયની રાષ્ટ્રીય સરેરાશ માથાદીઠ આવક ` **૫૫૩** ની સામે ગુજરાતમાં આ આવક ` **૬૬૮** છે જયારે શહેરી વિસ્તારમાં રાષ્ટ્રીય સરેરાશ માથાદીઠ આવક ` **૮૦૪** સામે ગુજરાતમાં ` **૮૭૫** છે.

ચાલુ વર્ષે ડીસેમ્બર–૨૦૧૧ સુધીમાં **૨.૨૮ લાખ** વિદ્યાર્થીઓને ` **૪.૬૩** કરોડની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ, **૫,૫૦૦** વિદ્યાર્થીઓને ` **૩૦ લાખ** ઉચ્ચતર માધ્યમિક તાંત્રિક/વ્યવસાયિક શિષ્યવૃત્તિ આપવામાં આવેલ છે.

ચાલુ વર્ષે ડીસેમ્બર–૨૦૧૧ સુધીમાં **૭૧૦** વિદ્યાર્થીઓને ` **૧.૪૩ કરોડ**ની મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ તથા **૧૪,૦૦૦** વિદ્યાર્થીઓને ` **૭ કરોડ**ની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી છે.

**આરોગ્ય**

મારી સરકાર દ્વારા રાજ્યની સરકારી હોસ્પિટલોમાં નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર હોસ્પિટલ એન્ડ હેલ્થકેર પ્રોવાઇડર (N.A.B.H.) અંતર્ગત સઘન પગલાં લેવાના કારણે ૨૦૧૧ના કેલેન્ડર વર્ષ દરમ્યાન **૩.૫૦ કરોડ** લોકોને ગુણવત્તાસભર મેડીકલ સવલત પુરી પાડવામાં આવેલ છે જેમાં **૯૮,૧૩૧** મેજર ઓપરેશન દ્વારા, **૧,૦૫,૦૦૦** માઈનોર ઓપરેશન દ્વારા, **૧૮.૨૨ લાખ** ઈન્ડોર પેશન્ટ તરીકે અને **૭૩.૨૫ લાખ** લોકોને બહારના દર્દીઓ તરીકે સરકારી હોસ્પિટલોમાં સેવા પૂરી પાડી છે. સરકારી હોસ્પિટલોની સેવા ગુણવત્તાસભર બને અને તેનો લાભ ગરીબ અને મધ્યમ વર્ગના માણસોને મળે તે ધ્યેય મારી સરકારે સિદ્ધ કરેલ છે.

રાજ્યની **૧૦૮** સેવાને દેશમાં સર્વોત્તમ આકસ્મિક સારવાર સેવા તરીકે વર્ષ ૨૦૧૧–૧૨માં રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ મળેલ છે. આ સેવાને સુદ્રઢ બનાવવા માટે તાજેતરમાં **Intensive Care Unit On Wheel** નામની અતિ સુસજ્જ સેવા પણ **૨૪** જિલ્લાઓમાં ` **૮.૧૫ કરોડના** ખર્ચે શરૂ કરેલ છે.

રાજ્યમાં ડૉક્ટરોની ઉપલબ્ધી વધારવા તથા રાજ્યના વિદ્યાર્થી ભાઈ–બહેનોને મેડીકલ અભ્યાસની સવલત મળી રહે તે માટે છેલ્લા **૩** વર્ષોમાં **૧,૦૦૦** જેટલી બેઠકો વધારીને તે ક્ષેત્રે પ્રોત્સાહન આપવામાં આવેલ છે.

- ચિરંજીવી યોજના હેઠળ ડિસેમ્બર ૨૦૧૧ સુધીમાં **૧૦.૦૮ લાખ**થી વધુ સલામત પ્રસુતિ થયેલ છે, રાજ્યમાં સંસ્થાકીય પ્રસુતિનો દર છેલ્લા દશ વર્ષમાં **૫૧ ટકા** થી **૯૩ ટકા** સુધી લઈ જવાયો છે. આ યોજનાથી માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરમાં પણ ધરખમ ઘટાડો થયો છે.
- બાળ મરણ ઘટાડવા માટે બાળસખા યોજના હેઠળ **૨.૧૦ લાખ** નવજાત શિશુઓને સારવાર હેઠળ આવરી લેવાયેલ છે. ચાલુ વર્ષે ડિસેમ્બર ૨૦૧૧ સુધીમાં **૮.૫૦ લાખ** કરતાં વધારે બાળકોને આપવાપાત્ર તમામ રસી આપી સંપૂર્ણ રસીકરણ કરાયુ છે.
    - ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ **૧.૪૦ કરોડ** બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે. તે પૈકી **૧૨.૩૯ લાખ** બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવેલ છે તથા **૭૨,૦૨૦** જેટલાં બાળકોને નિષ્ણાંત ડોકટરો દ્વારા સારવાર આપવામાં આવી છે. **૧.૪૦ લાખ** જેટલા બાળકોને આંખોની તપાસ દરમ્યાન દ્રષ્ટીની નબળાઇ જણાતાં તમામ બાળકોને વિના મૂલ્યે ચશ્મા આપવામાં આવેલ છે. નવેમ્બર, ૨૦૧૦ માં અમલમાં મૂકવામાં આવેલ સુપર સ્પેશ્યાલીટી સારવાર હેઠળ ડીસેમ્બર, ૨૦૧૧ સુધીમાં હૃદય, કીડની અને કેન્સરની ઘાતક બિમારીથી પીડાતા **૪૪૨** બાળકોને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી છે.

**શિક્ષણ**

રાજ્યમાં સમગ્રતયા સાક્ષરતાનો દર ૨૦૧૧માં **૭૯.૩૧ ટકા** છે જે સમગ્ર દેશની સરેરાશ કરતાં ઉંચો છે.

રાજ્યમાં સ્ત્રી સાક્ષરતા દર **૭૦.૭૩ ટકા** છે. જે ૨૦૦૧ થી ૨૦૧૦ના દસકામાં **૧૨.૯૩ ટકા** વધેલ છે. જે પૈકી ગ્રામ્ય વિસ્તારમાં સ્ત્રી સાક્ષરતા વૃધ્ધિ દર **૧૪.૫૭ ટકા** અને આદિજાતિ સ્ત્રી સાક્ષરતા વૃધ્ધિ દર **૧૫.૧૯ ટકા** થયો છે.

શિક્ષણની ગુણવત્તા વધારવા દરેક શાળા તથા શિક્ષકોનું ગ્રેડેશન કરવામાં આવેલ છે.

**૧૬,૦૦૦** જેટલી વધારાની પ્રાથમિક શાળાઓમાં **૧૧** કોમ્પ્યુટર, **૪૨''** ના એલ.સી.ડી સ્ક્રીન મોનીટર અને કે.યુ.બેન્ડ એન્ટેનાની સગવડ પૂરી પાડી ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને સારૂં અને ગુણવત્તાયુકત શિક્ષણ પૂરું પાડેલ છે.

**૧૦,૨૪૩** પ્રાથમિક શાળાઓમાં ૮ મું ધોરણ શરૂ કર્યું છે તેમજ ચાલુ વર્ષે **૧૧,૦૦૦** જેટલા વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી અને અન્ય ભાષાના નવા સ્નાતક શિક્ષકોની પારદર્શક પધ્ધતિ દ્વારા ભરતી કરી છે.

ઉચ્ચ શિક્ષણમાં ચોઇસ બેઇઝ ક્રેડીટ સીસ્ટમનો અમલ કરી વિષયનું સમગ્રતયા જ્ઞાન મળે તેવા પ્રયત્નો કરેલ છે. આથી વિદ્યાર્થીઓને કોલેજ તેમજ યુનિવર્સિટી લેવલે વિષયોની પસંદગી બાબતમાં વિશાળ તકો ઉપલબ્ધ થશે .

મારી સરકારે રાજયમાં તાંત્રિક શિક્ષણ ઉપર પુરતું ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. રાજયમાં પ્રોફેશનલ અભ્યાસક્રમો જેવા કે ડીગ્રી / ડીપ્લોમા ઇજનેરી/ફાર્મસી, આર્કિટેકચર, એમ.ઇ/એમ.ટેક., એમ.ફાર્મ, એમ.બી.એ., એમ.સી.એ. વિગેરે કોલેજોની સંખ્યા વર્ષ ૨૦૦૧-૦૨ માં માત્ર **૧૩૪** હતી અને બેઠક સંખ્યા **૨૩,૩૦૦** હતી. વર્ષ ૨૦૧૧-૧૨ માં આવા અભ્યાસક્રમો માટે કોલેજોની સંખ્યા વધીને **૬૧૮** અને પ્રવેશ માટે ઉપલબ્ધ બેઠકોની સંખ્યા **૧,૩૧,૦૦૦** થયેલ છે. પરિણામે છેલ્લા દસ વર્ષમાં **૪૮૪** સંસ્થાઓની અને **૧,૦૭,૭૦૦** બેઠકોનો વધારો થયેલ છે. જે સંસ્થાઓની સંખ્યામાં અંદાજે **૩૬૨** ટકાનો અને બેઠકોની સંખ્યામાં અંદાજે **૪૬૦** ટકાનો વધારો થયેલ છે.

ગત વર્ષ દરમ્યાન **૧,૦૦૦** જેટલા તાંત્રીક લેકચરર્સની નિમણૂંક કરેલ છે.

**૫,૦૦૦** જેટલા ગરીબ વિદ્યાર્થીઓને સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં **''ટોટલ ફી વેઈવર યોજના''** અન્વયે કોઇપણ જાતની ફી વગર પ્રવેશ આપવામાં આવેલ છે.

સમગ્ર દેશમાં પ્રથમ વાર ગુજરાત રાજ્યએ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ધોરણ-૮ પાસ કે ધોરણ-૧૦ પાસ પછી બે વર્ષની તાલીમ મેળવનારને અનુક્રમે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સમકક્ષ જાહેર કરવાનો મહત્વાકાંક્ષી નિર્ણય લીધેલ છે.

**શ્રમ અને રોજગાર**

મને કહેતા આનંદ થાય છે કે વૈશ્વિક ઔદ્યોગિક મંદીના સંજોગોમાં પણ મારી સરકારના હકારાત્મક પ્રયાસો અને અસરકારક દરમ્યાનગીરીના ફળ સ્વરૂપે શાંતિ અને સુમેળભર્યા વાતાવરણને કારણે રાજયના ઔદ્યોગિક વિકાસમાં મારૂ રાજય દેશમાં અગ્રતાક્રમ ધરાવે છે.

- રાજયના યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય તે માટે **૭૫૬** ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અંદાજે **૧.૩૦ લાખ** યુવાનોને તાલીમ આપી છે.
- ગ્રામ્ય વિસ્તારના યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય તે માટે રાજ્ય દ્વારા દેશમાં સૌ પ્રથમ વાર **૩૦૦** કૌશલ્યવર્ધન કેન્દ્રો શરૂ કરીને એપ્રિલ-૨૦૧૦ થી જાન્યુઆરી-૨૦૧૨ સુધીમાં **૨.૬૮ લાખ** તાલીમાર્થીઓને તાલીમ આપી છે. તે પૈકી **૧.૪૪ લાખ** એટલે કે **૫૪ ટકા** જેટલી મહિલાઓએ તાલીમ લીધેલ છે જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે.
- ભારત સરકાર રોજગાર કચેરીઓ મારફત જુદા જુદા રાજયો દ્વારા રોજગારના આંકડા બહાર પાડે છે જેમાં ગુજરાત રાજ્ય દ્વારા સતત ૭ વર્ષથી સરેરાશ **૫૯ ટકા** રોજગારી સાથે સમગ્ર દેશમાં રોજગારી આપવામાં પ્રથમ ક્રમાંકે રહ્યુ છે.
- સામાન્ય રીતે લશ્કરી દળોમાં આપણા ગુજરાતીઓ ઓછા જોડાતા હતા, જે રાજય સરકારના પ્રયત્નોના પરિણામે વર્ષ-૨૦૧૧-૧૨ દરમ્યાન સંરક્ષણ દળોમાં ભરતી માટે ગુજરાતના

યુવાનો વધુ સંખ્યામાં પસંદગી પામે તે માટે રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ **પાંચ** ભરતી મેળાઓમાં કુલ **૧,૭૧૩** જેટલા ઉમેદવારો પસંદગી પામેલ છે.

**મહિલા અને બાળ વિકાસ**

મારી સરકારે પોષણ કાર્યક્રમ હેઠળ **૬** વર્ષ સુધીના બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓનું પોષણ સ્તર સુધારવા અને આરોગ્ય જળવાય રહે તે હેતુથી શીરો, સુખડી, ઉપમા તથા તાજા ફળો જેવા પૂરક પોષણ આહાર આપવાનો કાર્યક્રમ હાથ ધરેલ છે.

અંદાજે **૫૦ હજાર** આંગણવાડીઓ મારફત **૪૪.૬૧ લાખ** લાભાર્થીઓને ડીસેમ્બર–૧૧ અંતિત આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

રાજયની દરેક આંગણવાડી કેન્દ્રોમાં તાજો, ગરમ અને પૌષ્ટિક આહાર બનાવવા માટે સગડી, ગેસ કનેકશન અને કુકર આપનાર દેશમાં સૌ પ્રથમ રાજય છે.

વિધવા બહેનોને પેન્શન અને વિધવા બહેનોને તાલીમ યોજના હેઠળ અંદાજે **૧.૨૧ લાખ** વિધવા બહેનોને સહાય તેમજ અત્યાર સુધીમાં લગભગ **૫૦ હજાર** વિધવા બહેનોને કૌશલ્ય વિકાસ તાલીમ તથા નાણાકીય સહાય અને બેંક લીંકિજ પુરી પાડવામાં આવી છે.

મહિલા સશકિતકરણ વધુ સુદ્રઢ કરવા માટે કુલ **૨૬૦** મહિલા વિવિધલક્ષી કલ્યાણ કેન્દ્રો, **૨૪૦** બાયસેગ કેન્દ્રો, **૨૪૭** સેવા આપનાર સંસ્થાઓમાં **૨૦** મહિલા મંડળો, **૧૧** કુટુંબ સલાહ કેન્દ્રો અને **૨૫** હેલ્પ લાઈન વગેરે કાર્યરત છે.

**પાણી પુરવઠો**

મારી સરકારે છેલ્લા દસ વર્ષમાં વિવિધ યોજનાઓ હાથ ધરીને, પરિણામલક્ષી સફળ કામગીરી કરી, રાજયની જનતાને પીવાના પાણીની વિટંબણાઓમાંથી મુકિત અપાવી છે.

- રાજય દ્વારા **૨,૨૩૦** કિ.મી. બલ્ક પાઈપલાઈન અને અંદાજે **૧.૨૦ લાખ** કિ.મી. વિતરણ પાઈપલાઈન નેટવર્ક તૈયાર કરેલ છે. જેના મારફતે અંદાજે **૧૧ હજાર** ગામો અને **૧૨૭** શહેરોની લગભગ **ચાર કરોડ** વસ્તીને રાજય વ્યાપી પાણીની ગ્રીડથી જોડવામાં આવેલ છે. અત્યાર સુધીમાં રાજયના **૭૪ ટકા** જેટલા લોકોને સરફેસ સોર્સ આધારિત પાણી પુરવઠા યોજનાઓથી જોડવામાં આવેલ છે.
- આદિજાતિ વિસ્તારમાં હાલ **૭૬** જૂથ પાણી પુરવઠા યોજનાઓ મારફતે **૩,૨૬૦** ગામોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવી છે તેમજ **૬.૪૮ લાખ** કુટુંબોને ઘર જોડાણથી પીવાના પાણીની સુવિધા પુરી પાડવામાં આવી છે. લોકભાગીદારી આધારિત ગામની આંતરિક વિતરણ વ્યવસ્થા હેઠળ **૧,૬૭૯** યોજનાઓ પુરી કરવામાં આવી છે.
- આદિજાતિ વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા માટે અંદાજે કુલ **૧.૪૦ લાખ** હેન્ડપંપ બેસાડવામાં આવેલ છે.
- રાજયમાં અત્યાર સુધીમાં કુલ અંદાજે **૧૮ હજાર** જેટલી પાણી સમિતિઓની રચના થયેલ છે અને તેમના દ્વારા **૮,૩૦૦** ગામોમાં પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ થયેલ છે. તેમજ **૩,૨૦૦** ગામોમાં કામો પ્રગતિ હેઠળ છે.

**જળસંપતિ**

રાજ્ય સરકારના સાતત્ય પૂર્ણ ભગીરથ પ્રયત્નો થકી સિંચાઈની માળખાગત સુવિધાઓ ઊભી કરી છે જેની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવાયેલ છે. લોકભાગીદારીથી જળસંચય અભિયાન હાથ ધરીને રાજ્યને પીવાના પાણીની કટોકટીમાંથી બહાર લાવી શકાયું છે તેમજ કૃષિ ઉત્પાદનમાં મબલખ વધારો કરી શકાયો છે.

- જળસંચયને એક રાષ્ટ્રીય અભિયાન તરીકે હાથ ધરીને અંદાજે **૧,૪૭,૪૧૮** ચેકડેમો અને **૨૧,૪૧૮** થી વધુ તળાવો ઊંડાં કરવાંની કામગીરી પૂર્ણ કરેલ છે તેમજ ખેત તલાવડીઓ, બોરીબંધ, જલ મંદિરોનું પુન:સ્થાપન જેવા પ્રયત્નો હાથ ધરીને રાજ્યમાં ભૂગર્ભજળ ઊંચાં લાવવામાં સફળતા હાંસલ કરી છે.
- રાજ્યના જળવ્યવસ્થાપનમાં ક્રાંતિ લાવવા માટે ખેડૂતોને સહભાગી બનાવી અંદાજે કુલ **સાડા ચાર લાખ હેકટર** વિસ્તાર સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ આવરી લીધેલ છે.
- ભૂગર્ભજળ રીચાર્જની યોજનાઓથી કેનાલની નજીકના આશરે **૭૦,૦૦૦** ખેડૂતો માટે આ કેનાલ સિંચાઈનો મહત્વનો સ્ત્રોત સાબિત થઈ છે.
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં દરિયાઈ ખારાશ અટકાવવા માટે બંધારા, ભરતી નિયંત્રકો, રીચાર્જ તળાવો, રીચાર્જ જળાશયો, વિસ્તરણ નહેર, ચેકડેમો વગેરે જેવાં કામો પ્રગતિ હેઠળ છે. અને વધારાના **પાંચ** બંધારાનાં કામો પ્રગતિમાં છે. આ કામોથી આશરે **૨૯,૦૦૦** હેકટર વિસ્તારમાં ખેડૂતોને પ્રત્યક્ષ કે પરોક્ષ સિંચાઈની સવલત મળી છે.
- દક્ષિણ ગુજરાતમાં દરિયા કાંઠે અનેક સ્થળોએ દરિયાઇ ભરતીથી કાંઠાના વિસ્તારમાં વસતા લોકોની મિલકત તથા ખેતીને નુકશાન થાય છે તેને અટકાવવા સંરક્ષણ દિવાલ / દરિયાઈ ધોવાણ પ્રતિરોધક કામો હાથ ધરવામાં આવેલ છે.
- પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા અને લુણાવાડા તાલુકાના **૭૫** ગામોની **૧૮,૦૦૦** હેકટર આદિજાતિ વિસ્તારને સિંચાઈની સવલત માટે પાનમ હાઈ લેવલ કેનાલના કામો પ્રગતિમાં છે.
- રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં ખેતી માટે સિંચાઇની તકો ઉપલબ્ધ થાય તે માટે વિવિધ યોજનાઓ હાથ ધરવામાં આવી છે. તાપી જિલ્લાના સોનગઢ અને વ્યારા તાલુકાના **૬૪** ગામોના **૯,૯૦૦** હેકટર વિસ્તારને સિંચાઇની સવલત માટે ઉકાઇ-પૂર્ણા હાઈલેવલ કેનાલ, પંચમહાલ જિલ્લાના સંતરામપુર, કડાણા અને લુણાવાડા તાલુકાઓના **૪૪** ગામોના **૫,૦૦૦** હેકટર વિસ્તારોને સિંચાઇની સુવિધા આપતી કડાણા હાઈલેવલ કેનાલ, વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના **૧૮** ગામોના **૭,૦૦૦** હેકટર વિસ્તારને સિંચાઇ પૂરી પાડનાર ચીંચાઇ ઉદવહન સિંચાઇ યોજના તેમજ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના **૨,૧૭૦** હેકટર વિસ્તારને સિંચાઈ પૂરી પાડનાર ખેડવા સિંચાઇ યોજનાના કામો પ્રગતિમાં છે.
    - રાજ્યની મોટા ભાગની સિંચાઇ યોજનાઓ દસ કે તેથી વધુ વર્ષ પહેલાંની છે. આથી રાજ્યની મોટા ભાગની સિંચાઈ યોજનાઓના નહેરોના વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકરણ કામો અગ્રતાના ધોરણે હાથ ધરેલ છે, જેથી પાણીનો દુર્વ્યય થતો અટકશે અને પિયત વિસ્તારના ખેડૂતોને સમયસર અને પ્રમાણસર પૂરતું પાણી મળી રહેશે. ચાલુ વર્ષે **૧૫,૬૦૦** હેકટર વિસ્તારમાં નહેર સુધારણાનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.

**સરદાર સરોવર પરિયોજના**

સરદાર સરોવર બંધની ઉચાઈ **૧૨૧.૯૨** મીટર ડીસેમ્બર-૨૦૦૬માં પૂર્ણ થયેલ છે. **૧૩૮.૬૮** મીટર સુધીની ઉંચાઇ વધારવા માટે પર્યાવરણ સબગ્રુપની મંજૂરી મળી ગયેલ છે. પુનઃવસન અને પુનઃસ્થાપન સબગ્રુપની મંજૂરી માટે રાજય સરકાર મહારાષ્ટ્ર સરકાર તથા ભારત સરકાર સાથે સતત પરામર્શ કરી રહેલ છે. હાલની ઉંચાઈથી **૧,૫૬૬ મીલીયન ઘનમીટર** પાણીનો સંગ્રહ થઈ શકે છે, જેનો ઉપયોગ સિંચાઈ, ઘરગથ્થુ વપરાશ, ઉદ્યોગ તેમજ જળવિદ્યુત ઉત્પાદન માટે કરવામાં આવી રહેલ છે. જયારે **૧૩૮.૬૮** મીટરની પૂર્ણ ઉંચાઈની મંજૂરી મળી જશે ત્યારે **૫,૭૯૫ મીલીયન ઘનમીટર** પાણીનો સંગ્રહ થઇ શકશે.

બન્ને પાવર હાઉસમાંથી જાન્યુઆરી-૨૦૧૨ સુધીમાં કુલ **૨,૨૬૨ કરોડ** વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે. પરિણામે આ વીજ ઉત્પાદનથી રાષ્ટ્રને આશરે ` **૯,૦૪૮ કરોડ**ની આવક થયેલ છે.

૨૦૧૧ ના જળ વિદ્યુત ઉત્પાદન માટે પાંચમો ઇનર્શીયા (ENERTIA) એવોર્ડ-૨૦૧૧ એનાયત કરવામાં આવેલ છે.

સરદાર સરોવર યોજનાના બાંધકામ માટે ડીસેમ્બર–૨૦૧૧ સુધીમાં અંદાજે ` **૨૪ હજાર કરોડ**નો ખર્ચ થયેલ છે.

આ યોજનાનો ઝડપી અમલ થાય અને યોજનામાં સંપાદીત થનાર જમીન માલિકો/ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે તે માટે રાજ્ય સરકારે ઉદાર વલણ અપનાવી સને ૨૦૧૧ ની જંત્રી આધારીત કિંમતે સંમતિ એવોર્ડથી વળતર આપવાનું નકકી કરેલ છે. અત્યાર સુધીમાં **૭૫,૦૦૦** થી વધુ ખેડૂતોએ **૩૭,૦૦૦** એકરથી વધુ જમીન સંપાદન માટે સંમતિ આપી છે. આ માટે અત્યાર સુધીમાં અંદાજે ` **૫૫૦ કરોડ**ની રકમ ખેડૂતોને ચુકવેલ છે.

**કલ્પસર**

રાજયમાં પાણીની ઉપલબ્ધતા વધારવા અને દરિયામાં વહી જતા નદીઓના પાણીને રોકીને કલ્પસર યોજના બનાવવાનું આયોજન છે.

હાલ, પૂર્ણ શકયતાદર્શી અહેવાલ (ફીઝીબીલીટી રિપોર્ટ) અભ્યાસની કામગીરી અંતર્ગત **૫૬** સર્વે સંશોધનો દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની જુદી જુદી પ્રતિષ્ઠિત સંસ્થાઓના સહયોગથી કરવામાં આવી રહેલ છે. જે કામગીરી વર્ષ ૨૦૧૨–૧૩ સુધીમાં પુરી કરવાનું આયોજન છે.

**કૃષિ અને પશુપાલન**

મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે છેલ્લા દશ વર્ષમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ દર આશરે **૩.૩ ટકા** છે, તેની સામે આપણા રાજયે કૃષિ વિકાસ દર **૧૦.૮ ટકા** હાંસલ કરીને સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. વર્ષ ૨૦૧૦–૧૧ દરમિયાન રાજયના અગાઉના વર્ષની સરખામણીમાં કૃષિ વિકાસ દર **૧૭.૧ ટકા** અંદાજેલ છે.

- અનાજ સુરક્ષા અભિયાન હેઠળ ગુજરાતમાં છેલ્લા દશ વર્ષમાં વિક્રમી ઉત્પાદન થયેલ છે.
- કપાસ, મગફળી અને દિવેલાના પાકોના ઉત્પાદન ક્ષેત્રે સમગ્ર દેશમાં આપણુ રાજ્ય પ્રથમ નંબરે છે.
- કપાસ ઉત્પાદન ક્ષેત્રે દેશના ઉત્પાદનમાં રાજયનું ઉત્પાદન **૧/૩** જેટલું છે. ગુજરાતમાં **૧૦૦ લાખ** ગાંસડીથી વધુ કપાસનું ઉત્પાદન થાય છે જેમાંથી **૫૦ ટકા** જેટલા કપાસની નિકાસ થાય છે. બદલાતી જતી નિકાસ નીતિને કારણે ગુજરાતના ખેડૂતોને માતબર આવક ગુમાવવી પડી છે.
- સપ્ટેમ્બર, ૨૦૧૧ સુધીમાં **૨૭ લાખ** કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવેલ છે.
- રાજયમાં પશુઓની સારવાર માટે પશુ મેળાઓ શરૂ કરવામાં આવેલ છે. પશુચિકિત્સાક્ષેત્રે માહે નવેમ્બર–૨૦૧૧ અંતિત લગભગ **૧૪ લાખ** પશુ સારવાર કરવામાં આવેલ છે.
- પશુ વિકાસ ક્ષેત્રે નવેમ્બર–૨૦૧૧ અંતિત આશરે **૬ લાખ** પશુઓને કૃત્રિમ બીજદાન અને અંદાજે **૧.૩૦ લાખ** પશુઓની જાતિય પશુ આરોગ્ય સારવાર કરવામાં આવેલ છે.
    - ગૌરક્ષાની બાબતમાં પશુ સંરક્ષણ અધિનિયમમાં ગાયોની થતી કતલ રોકવા સખત સજાની જોગવાઇઓ પણ આમેજ કરવામાં આવી છે.

**નાગરિક પુરવઠો**

મારી સરકારે ગરીબ લોકોને અન્ન સલામતિ માટે બાયોમેટ્રીક આધારીત બારકોડેડ રેશન કાર્ડ અને કુપન પદ્ધતિનો રાજયમાં અમલ કરવાનો નિર્ણય કરેલ છે. અત્યાર સુધીમાં રાજયના દરેક તાલુકામાં એક વાજબી ભાવની દુકાન તરીકે **૨૦૦** થી વધુ દુકાનોમાં પાયલોટ પ્રોજેકટ શરૂ કરવામાં આવેલો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, નામદાર સુપ્રિમકોર્ટ ઓફ ઇન્ડીયા દ્વારા નિયુકત કેન્દ્રીય વિજીલન્સ કમીટી અને યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ ફુડ પ્રોગ્રામ અને ભારત સરકારના અધિકારીશ્રીઓએ પણ પાયલોટ પ્રોજેકટની

વાજબી ભાવની દુકાનોની મુલાકાત લીધી છે અને ગરીબ લાભાર્થીઓને તેમને મળવાપાત્ર જથ્થાનું વિતરણ થયાની ખાતરી કરી જાહેર વિતરણ વ્યવસ્થાને સુદઢ બનાવવા અંગે કરાયેલા પ્રયત્નોની નોંધ લીધેલ છે.

- વાજબી ભાવના દુકાનદારો સમયસર અને યોગ્ય જથ્થો મેળવી શકે તે માટે ઓનલાઇન પરમીટ પધ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે જેનાથી કાર્ડ ધારકોને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ સમયસર થઇ શકે.
  - જૂન–૨૦૧૧ થી ભારત સરકારે ગુજરાત રાજયને ફાળવવામાં આવતા કેરોસીનના માસિક કવોટામાં **૭૬,૭૦૦** કિલોલીટરથી ઘટાડીને **૫૨,૦૦૦** કિલોલીટર કરવાના પરિણામે **૭૦ લાખ** ગરીબ કુટુંબો માટે ગુજરાતમાં કેરોસીનનો કવોટામાં ઘટાડો કરવો પડેલ છે. આ કવોટા વધારવા રાજય સરકારે ભારત સરકારને રજુઆત કરી છે.

**પંચાયત**

મારી સરકારે તાજેતરમાં યોજાયેલ ગ્રામપંચાયતની ચુંટણીઓમાં વાદ અને વિવાદનું નિવારણ કરીને સંવાદ દ્બારા સર્વ સંમતિથી જન પ્રતિનિધિ ચૂંટાય એવા ઉમદા હેતુથી સમરસ ગ્રામ પંચાયતના વિચારને વ્યાપક બળ મળ્યું છે. મારી સરકારે આ આશયના દ્રઢ અમલીકરણ માટે સમરસ ગ્રામ પંચાયતની યોજનાની નીતિને ઉદાર બનાવી છે.

વિવિધક્ષેત્રોમાં સારી કામગીરી કરનાર ગ્રામ પંચાયતને સ્પર્ધા ધ્વારા પ્રોત્સાહક પુરસ્કાર આપવાનું નકકી કરવામાં આવેલ જે અંતર્ગત તા.૧૬/૧૧/૧૧ ના રોજ ગાંધીનગર મુકામે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સરપંચ સંમેલનનું આયોજન કરવામાં આવેલ જેમાં રાજયની તમામ ગ્રામ પંચાયતો માટે **શ્રેષ્ઠ ગ્રામ પંચાયત સ્પર્ધા** યોજીને કુલ **૨,૨૩૨** ગ્રામ પંચાયતોને ` ૮૮ કરોડના ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે જેના પરિણામે પંચાયતીરાજને એક નવી દિશા મળી છે અને પદાધિકારીઓને પ્રોત્સાહન મળેલ છે.

**ગ્રામ વિકાસ**

મિશન મંગલમ યોજના હેઠળ રાજ્યમાં હાલમાં **૨ લાખ**થી વધુ સખીમંડળો કાર્યરત છે જેની સભ્ય સંખ્યા **૨૪.૫૦ લાખ** છે. લગભગ **૯૦ ટકા** સ્વસહાય જૂથોનું બેંકો ધ્વારા ગ્રેડીંગ કરી આશરે ` **૧,૦૨૪** કરોડનું ધિરાણ બેંકો ધ્વારા આપવામાં આવેલ છે. આ જુથોની કુલ બચત અંદાજે ` **૩૦૦ કરોડ** તથા રાજય સરકારે આપેલ રીવોલ્વીંગ ફંડની રકમ લગભગ ` **૮૦ કરોડ** છે. આમ સ્વસહાય જુથોના રૂપમાં ગુજરાતની મહિલાઓ પાસે ` **૧,૪૦૦ કરોડ**નો આર્થિક કારોબાર નિર્માણ થયેલ છે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજના હેઠળ **૧,૪૧,૬૮૨** કામો દ્બારા **૧૮૮.૭૧ લાખ** માનવદિન રોજગારી ઉત્પન્ન કરવામાં આવેલ છે.

વોટરશેડના વૈજ્ઞાનિક ઢબે આયોજન, નિયંત્રણ અને મુલ્યાંકન માટે જીઆઇએસ આધારિત ટેકનોલોજી વિકસાવેલ છે. હાલમાં **૩,૦૦૦** ગામોને આવરી લેતાં **૪૫૦** પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ છે.

નિર્મળ ગુજરાતના ભાગરૂપે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ નવેમ્બર–૨૦૧૧ સુધીમાં **૬૩ હજાર** બી.પી.એલ. કુટુંબો અને **૧.૨૦ લાખ** એ.પી.એલ. કુટુંબો માટે શૌચાલય, **૧,૪૫૩** શાળા સ્વચ્છતા સંકુલ તથા **૨૭૨** આંગણવાડી સ્વચ્છતા સંકુલ નિર્માણ માટે સહાય આપવામાં આવી છે.

**શહેરી વિકાસ**

તમામ મહાનગરો અને નગરોને આવરી લેતી ` **૭,૦૦૦** કરોડની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજય સરકારે જાહેર કરેલ પૈકી અત્યાર સુધીમાં ` **૩,૨૮૫ કરોડ**નો ખર્ચ કરવામાં આવ્યો છે.

- કાયમી પીવાના પાણીના પ્રોજેક્ટ અંતર્ગત અંદાજીત ` **૨,૫૦૦ કરોડ**ની શુધ્ધ અને પર્યાપ્ત પાણી પુરવઠો પુરો પાડવાની તબક્કાવાર અમલીકરણની કામગીરી પૈકી **૧૨૩** શહેરોને **૧૦૦** લીટર માથાદીઠ પીવા લાયક પાણી પુરું પાડવાની કામગીરી પૂર્ણ થઈ છે તેમજ દરેક શહેરોમાં માથાદીઠ **૧૪૦** લીટર પાણી પુરૂ પાડવા માટે અપગ્રેડેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- રાજયમાં ` **૪,૦૦૦ કરોડ**ના ખર્ચે નગરપાલિકાઓમાં તબક્કાવાર ભૂગર્ભ ગટર વ્યવસ્થા પૂરી પાડવાના આયોજન પૈકી ` **૧,૩૪૫ કરોડ**ના ખર્ચે **૫૬** નગરપાલિકાઓના ભૂગર્ભ ગટરના પ્રોજેકટસ ચાલી રહ્યા છે.
- કેન્દ્ર સરકારે **JnNURM** યોજના હેઠળ દેશના તમામ રાજયોના પાટનગરોને ગ્રાન્ટ આપવાનું જાહેર કરેલ, પરંતુ ગુજરાતના પાટનગર ગાંધીનગર અને અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ કરમસદનો આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે સમાવેશ કરેલ નથી. **JnNURM** ના અમલીકરણમાં ગુજરાત મોખરે છે. ` **૮,૩૫૦ કરોડ**ના **૨૦૦** પ્રોજેક્ટ મંજૂર થયેલ છે જેમાં રાજય સરકારે ` **૧,૪૬૦ કરોડ** તથા શહેરી સ્થાનિક સંસ્થાએ ` **૨,૮૫૦ કરોડ**નો ફાળો આપેલ છે. રાજય સરકારને, શહેરોમાં ઉચ્ચકક્ષાની કામગીરી માટે ભારત સરકાર, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત સંસ્થાઓ તરફથી એવોર્ડ મળેલ છે.
- સામુહિક પરિવહન માટે ` **૯૪૮.૨૪ કરોડ**ના ખર્ચે B.R.T.S. પ્રોજેકટની કામગીરી પ્રગતિ હેઠળ છે. અમદાવાદમાં **૮૯** કિ.મી, રૂટ પૈકી **૪૫** કિ.મી.ની કામગીરી પૂર્ણ કરીને ઉપયોગ હેઠળ છે. અમદાવાદના B.R.T.S. પ્રોજેક્ટને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળેલ છે. સુરતમાં **૩૦** કિ.મી. રૂટ અને રાજકોટમાં **૧૧** કિ.મી. રૂટ બનાવવામાં આવી રહેલ છે.
- અમદાવાદ શહેરમાં શહેરી ગરીબો માટે ` **૨,૩૪૩ કરોડ**ના ખર્ચે કુલ **૧.૩૦ લાખ** પ્રાથમિક સુવિધાઓ સહિતના આવાસો મંજુર કરવામાં આવેલ છે, જે પૈકી **૭૮ હજાર** પ્રાથમિક સુવિધાઓ સહિતના આવાસો પૂર્ણ થયેલ છે.
- ‘‘ઉમ્મીદ’’ યોજના હેઠળ **૧.૨૯ લાખ** જેટલા યુવાનોને તાલીમ આપી **૯૪,૦૦૦** ને રોજગારી /સ્વરોજગારી ઉપલબ્ધ કરાવેલ છે.
- રાજયની **૧૫૯** નગરપાલિકાઓમાં કુલ–**૧,૧૮૫** નંદઘર (આંગણવાડી) ના બાંધકામ માટે નંદઘર દીઠ ` **૪ લાખ**ના ધોરણે કુલ ` **૪૭.૪૦ કરોડ**ની ફાળવણી કરવામાં આવી છે.
- અમદાવાદ–ગાંધીનગરને જોડતા મેટ્રો પ્રોજેકટની કામગીરી રાજય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ મેગા કંપની દ્વારા કાર્યરત છે.
- ગીફ્ટ કંપની દ્વારા બે વિશાળ ટાવરનું બાંધકામ શરૂ થઈ ચૂક્યું છે. આ પ્રોજેક્ટથી રાજયમાં **૫ લાખ** પ્રત્યક્ષ અને **૫ લાખ** પરોક્ષ રોજગારીનું સર્જન થશે.
- રાજયના મોટા શહેરોમાં વાહન ચાલકો અને નાગરિકોને ઝડપી અવર જવરની સુવિધા મળી રહે તથા સમય, પેટ્રોલની બચત થાય તેમજ પર્યાવરણની જાળવણી માટે કૂલ **૨૬** ફલાયઓવર મંજૂર થયા છે, તે પૈકી **૧૮** પુલોનું બાંધકામ પૂર્ણ થયેલ છે અને **૮** પુલોની કામગીરી પ્રગતિમાં છે. કુલ ` **૧,૫૬૦ કરોડ**નો ખર્ચ થયેલ છે.

**માર્ગ અને મકાન**

ગુજરાત તેના સુદ્રઢ અને સુનિયોજીત રસ્તાઓ માટે સુવિખ્યાત છે. વિભાગની ફલેગશીપ યોજનાઓમાં પ્રગતિપથ હેઠળ **૩,૭૧૦** કિ.મી.ની કામગીરી પૂર્ણ થયેલ છે જયારે વિકાસપથ હેઠળ **૧૩૨** નગરપાલિકાઓમાં કામ પૂર્ણ થયેલ છે, **૫૪** તાલુકા મથકોને વિકાસપથનો લાભ અને કિસાનપથ યોજના હેઠળ **૫** તબક્કાના કામો હાથ ધરવામાં આવેલ છે. ઉપરોકત યોજનાઓ હેઠળ વર્ષ દરમિયાન **૧,૩૯૦** કિ.મી.ના કામો ` **૩૭૦ કરોડ**ના ખર્ચે કરેલ છે.

- ચાલુ વર્ષે રાજકોટ–જામનગર–વાડીનાર રસ્તો, હાલોલ–ગોધરા–શામળાજી રસ્તો **૩૦૨** કિ.મી. ` **૨,૫૩૯ કરોડ**ના ખર્ચે ચારમાર્ગીય કરવામાં આવેલ છે, જયારે અમદાવાદ–વિરમગામ–માળિયા રસ્તાનું

(**૧૮૦** કી.મી.) ચાર માર્ગીયકરણ ` **૧,૬૬૮ કરોડ**ના ખર્ચે ટૂંક સમયમાં ખાનગીકરણ દ્વારા પૂર્ણ થનાર છે.

- ➢ દરેક જિલ્લાને નજીકના જિલ્લાને જોડતો મુખ્ય રસ્તો, ઔદ્યોગિક, બંદરો અને પ્રવાસન સ્થળોને જોડતા તથા અન્ય અગત્યના રસ્તાઓને ઓછામાં ઓછો **૧૦** મીટરનો રસ્તો આપવાના અભિગમને અનુરૂપ **૩,૭૦૦** કિ.મી.ના કામો અંદાજે ` **૫ હજાર કરોડ**ના ખર્ચે હાથ ધરાયેલ છે.
- ➢ પાટનગર ગાંધીનગરના મુખ્ય રસ્તાઓને ચારમાર્ગીય/ છમાર્ગીય, પાણી, ગટર, સ્ટ્રોર્મવોટર, ડ્રેઈન, ફૂટપાથ, મકાનોનું મોડર્નાઇઝેશન, મહાત્મા ગાંધી પથ, સ્વર્ણિમ પાર્ક, વધારાના સરકારી ભવનોનું નિર્માણ વગેરે કામો માટે ચાલુ વર્ષે અંદાજે ` **૧૧૯ કરોડ**નો ખર્ચ થશે. પાટનગર ગાંધીનગરમાં ઝુંપડાવાસીઓના પુનઃસ્થાપન માટે વિવેકાનંદ નગરમાં **૮૦૦** આવાસોનું કામ ચાલુ કરવામાં આવેલ છે.
- ➢ જિલ્લા અને તાલુકાના મળીને કુલ **૩૬** સેવા સદનોની કામગીરી ` **૩૯૧.૫૦ કરોડ**ના ખર્ચે હાથ ધરેલ છે,
- ➢ વર્ષ ૨૦૧૧–૧૨માં **૧૪,૦૦૦** કિ.મી.ના રસ્તાઓની સુધારણા ` **૩,૮૦૦ કરોડ**ના ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન છે.
- ➢ ભારે વરસાદમાં આવતા પુરના કારણે વિખૂટા પડી જતા ગામોને બારમાસી રસ્તો આપવા **ક્ષ્મરૂન વિલેજ''** યોજના હેઠળ **૧૬** ગામો માટે ` **૩૮ કરોડ**નાં ખર્ચે **૧૫** રસ્તાના કામો હાથ ધરેલ છે.
  - ➢ ખાસ અંગભૂત યોજના હેઠળ **૧,૦૮૦** કિ.મી.ના કામો ` **૧૬૦ કરોડ**ના ખર્ચે પૂર્ણ કરેલ છે.

**વાહન વ્યવહાર**

- ➢ વર્ષ ૨૦૧૧–૧૨ માં **૧,૬૧૭** નવી બસો સંચાલનમાં મુકવામાં આવી છે. આદિજાતિ વિસ્તારના અંતરિયાળ વિસ્તારમાં વાહન વ્યવહારની સગવડતા પુરી પાડવા **૨૦૩** મીની બસો સંચાલનમાં મુકવામાં આવી છે.
- ➢ રાજયની તમામ આર.ટી.ઓ કચેરીઓની કામગીરી વધુ પ્રજાલક્ષી અને પારદર્શક બને તે હેતુસર ઓફીસ મોડર્નાઇઝેશન, ઇ–ગવર્નન્સ, રેકર્ડનું ડીઝીટલાઇજેશન જેવા અસરકારક પગલાં લેવામાં આવેલ છે.
  - ➢ દરેક જિલ્લાની આરટીઓ કચેરીઓમાં અરજદારના અધિકૃત સરનામે સ્પીડ પોસ્ટ મારફત લાયસન્સ તેમજ કાર્ડ આધારીત રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ મોકલવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

**બંદરો**

- ➢ મારી સરકારે દેશના રાજયો પૈકી સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાત રાજયમાં જહાજો બાંધવાના ઉદ્યોગના વિકાસ માટે ઉપલબ્ધ વિપુલ તકો ધ્યાને લઈ દેશમાં સર્વ પ્રથમ એવી સુસંકલિત શીપ બિલ્ડિંગ પોલીસીની જાહેરાત કરી છે. પર્યાવરણની મંજૂરી માટેના અવરોધો છતાં પણ ` **૨,૪૯૧ કરોડ**ના મૂડી રોકાણથી **૧૦** જેટલા શીપ યાર્ડ વિકસાવવાની યોજનાઓને મંજૂરી આપી છે.
- ➢ દેશમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સૌ પ્રથમ એવી ખંભાતના અખાતમાં ઘોઘા અને દહેજને જોડતી રો–રો ફેરી ટર્મીનલનું ઘોઘા ખાતે ખાતમુહૂર્ત માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા. ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૨ ના રોજ કરેલ છે. દહેજ (ભરૂચ) અને ઘોઘા (ભાવનગર) વચ્ચેનું દરિયાઈ માર્ગ અંતરમાં **૩૦** કિ.મી. થાય, જયારે ઘોઘા અને દહેજ વચ્ચે માર્ગીય અંતર **૩૬૦** કિ.મી. થાય છે. આ યોજના કાર્યાન્વિત થતા રસ્તાની સરખામણીએ આશરે **૩૩૦** કિ.મી. જેટલા અંતરની બચત થતા ઝડપી પરિવહન થશે અને સમયમાં પણ ઘટાડો થશે. આ પ્રોજેકટનો અંદાજીત ખર્ચ ` **૨૯૬ કરોડ** થશે.

- અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકારના પર્યાવરણ મંત્રાલય દ્વારા જાન્યુઆરી–૨૦૧૧માં સી.આર.ઝેડ (કોસ્ટલ રેગ્યુલેશન ઝોન) નોટીફીકેશન જે જાહેર કરેલ તેને પરિણામે ગુજરાત રાજયના ઓછા ધોવાણવાળા દરિયાકિનારા પર આકાર લેતી આશરે ` **૪૦,૦૦૦ કરોડ** રૂપિયાના રોકાણ ધરાવતી બંદરીય સુવિધાઓની યોજનાઓને સી.આર.ઝેડની પરમીશન માટે આશરે બે વર્ષથી પણ વધુ વર્ષનો સમય લાગી શકવાથી યોજનાઓમાં વિલંબ થાય તેમ છે. આ ઉપરાંત રાજય સરકાર પાસે અગાઉ જે નાની યોજનાઓ માટે સી.આર.ઝેડ.ની મંજૂરી આપવાની સત્તા હતી તે કેન્દ્ર સરકાર હસ્તક લઈ લેવામાં આવેલ છે, જેથી નાની સુવિધાઓ માટે પણ છેક ભારત સરકાર સુધી વિકાસકારોએ મંજૂરી લેવા જવુ પડશે, જેથી વિલંબ થવાની શકયતા છે. આ બાબતે ભારત સરકારને ઓગસ્ટ–૨૦૧૧માં સદરહુ સી.આર.ઝેડ. નોટીફીકેશનને સુધારવા માટે રજુઆત કરેલ છે.

**કાયદો અને વ્યવસ્થા**

રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ રહી છે અને રાષ્ટ્રીય ગુનાખોરી સૂચકાંકની સરખામણીમાં ખૂબ જ અસરકારક ગણાય છે. ગંભીર ગુન્હાઓમાં સ્ત્રીઓ વિરૂદ્ધ થતા ગુન્હાઓમાં અને જાહેર વ્યવસ્થાના ગુન્હાઓના નિયત રાષ્ટ્રીય સૂચકાંકમાં સ્ત્રીઓ વિરૂદ્ધ થયેલ ગુન્હાઓમાં **૬૬** ટકાનો ઘટાડો થયેલ છે.

રાજયના પોલીસ દળમાં **૨૬** જેટલા પોલીસ સ્ટેશનોમાં **૧,૩૦૦** મહિલા પોલીસકર્મી કાર્યરત છે.

રાજયના તમામ પોલીસ સ્ટેશનોમાં કોમ્પ્યુટરાઇઝડ ઇ સેવા માટે HDIITS (હોમ ડીપાર્ટમેન્ટ ઈન્ટીગ્રેટેડ આઈ. ટી. સોલ્યુશન) પ્રોજેકટનો અમલ કરેલ છે.

આંતરિક સુરક્ષાની બાબતમાં **૨૦૦** ચેતક કમાન્ડો સુદ્રઢ શારિરીક તાલીમ સાથે ઉચ્ચકક્ષાની સલામતિ સેવામાં કાર્યરત કરેલ છે.

દરિયાઇ સલામતી સુદ્રઢ કરવા **૩૬૩** દરિયાઇ સુરક્ષા કર્મીઓ નિયંત્રણ અધિકારીઓ સાથે કાર્યરત છે અને **૧૨** ટનની **૨૦** સ્પીડ બોટ તેમજ **૫** ટનની **૧૦** નાની સ્પીડ બોટ સુરક્ષા દળમાં સામેલ કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે **૪,૦૦૦** એસ.આર.પી. જવાનો તથા **૬૦૦** પોલીસ સબ ઈન્સ્પેકટર જિલ્લા પોલીસ દળમાં તાલીમ માટે સામેલ કરાયેલ છે અને છેલ્લા દશ વર્ષમાં કુલ **૫૩,૪૦૦** તાલીમાર્થીઓને તાલીમ આપીને પોલિસ કર્મચારીઓની તાલીમ વ્યવસ્થાને રાજય સરકારે સુદ્દઢ કરી છે.

રાજય સુરક્ષા દળોમાં છેલ્લા છ વર્ષ દરમિયાન **૨૬,૦૦૦** જેટલા જવાનોની ભરતી કરવામાં આવી છે.

રાજયમાં રક્ષાશકિત યુનિવર્સિટી સ્થાપિત થતાં **૩૨૦** વિદ્યાર્થીઓ પોલીસ સાયન્સના વિવિધ અભ્યાસક્રમનો લાભ લઈ રહ્યા છે.

ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં સાયબર સીકયોરીટી, ફોરેન્સિક ઈન નેનો ટેકનોલોજી, કલીનીકલ સાયકોલોજી જેવા વિષયોના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે અને **૩૯૮** જેટલા વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ રહ્યા છે.

**ઉર્જા ક્ષેત્ર**

રાજયની સ્થાપિત વીજ ક્ષમતામાં વર્ષ ૨૦૧૧–૧૨માં જાન્યુઆરી–૨૦૧૨ની સ્થિતિએ **૭૮૦** મેગાવૉટનો વધારો થયો છે અને વર્ષના બાકીના સમયગાળા દરમિયાન **૧૮૦૦** મેગાવોટની ક્ષમતા ઉમેરવાનું આયોજન છે. વર્ષના અંતે રાજયની સ્થાપિત વીજ ક્ષમતા **૧૫,૭૦૦** મેગાવોટને આંબી જશે.

- વિશ્વ ગ્લોબલ વોર્મિંગને કારણે પર્યાવરણની સમસ્યાથી સમગ્ર માનવજાત સંકટમાં છે, તેવા સમયે ગુજરાતે સોલાર એનર્જી (સૌર ઊર્જા) ક્ષેત્રે મોટી હરણફાળ ભરી છે. સમગ્ર દેશમાં માત્ર **૧૧૦** મેગાવોટ સોલાર પાવરનો ઉમેરો થયો છે, ત્યારે તેની સામે એકલા ગુજરાતે **૬૦૦** મેગાવોટ સોલાર એનર્જીનો ઉમેરો કરીને માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર એશિયામાં નમૂનારૂપ કામગીરી કરી છે. આ ઉપરાંત પાટણ જિલ્લામાં ચારણકા ખાતેનો **૨૦૦** મેગાવોટનો **સ્વર્ણિમ સૌર ઊર્જા પાર્ક** એશિયાનો સૌથી મોટો ઊર્જા પાર્ક કાર્યરત થયેલ છે.
- વીજ ક્ષેત્રે ગ્રાહકોનો સંતોષ એ મારી સરકારની અગ્રતાની બાબત છે. માત્ર વીજ ઉત્પાદન કરવાથી જ આ કામ પરિપૂર્ણ થતું નથી, પરંતુ વીજળી પહોંચાડવા માટે વૈજ્ઞાનિક ઢબે માળખાકીય સુવિધા ઉભી કરવી જરૂરી હોય છે. ભૂતકાળમાં ઉપેક્ષિત રહેલ આ વિષયે મારી સરકારે નમૂનારૂપ કામગીરી કરી છે. વીજ પ્રવહનને વધુ કાર્યક્ષમ બનાવવા ચાલુ વર્ષે **૨૨** સબ સ્ટેશન કાર્યાન્વિત કરાયા છે અને **૧૧૮** સબ સ્ટેશનોનું કામ પ્રગતિમાં છે. વીજ પ્રવહનના સુદ્દઢ માળખામાં જાન્યુઆરી–૨૦૧૨ની સ્થિતિએ ચાલુ વર્ષે **૨,૧૨૦** સર્કીટ કીલોમીટરની લાઈનનો ઉમેરો થતા રાજયમાં **૪૩,૮૦૦** સર્કીટ કીલોમીટરની લાઈનનું વીજ માળખુ કાર્યરત છે. ચાલુ વર્ષે આ કામગીરી માટે જાન્યુઆરી–૨૦૧૨ સુધીમાં ` **૧,૨૦૦ કરોડ**નો ખર્ચ થયેલ છે.
- જાન્યુઆરી–૨૦૧૨ સુધીમાં આદિવાસી વિસ્તારમાં **૯૫** પેટા પરાઓનું વીજળીકરણ ` **૧૨.૭૫ કરોડ**ના ખર્ચે કરવામાં આવેલ છે.
- સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત દરિયાકાંઠાના વિસ્તારોમાં વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડવા ચાલુ વર્ષે **૩,૯૩૬** કિ.મી. લંબાઈના વીજ વાયરો ` **૨૬.૬૨ કરોડ**ના ખર્ચે જાન્યુઆરી–૨૦૧૨ સુધીમાં બદલવામાં આવેલ છે.

**ઓઈલ અને ગેસ ક્ષેત્ર** ભારતની બીજા નંબરની સૌથી મોટી ગેસ ટ્રાન્સમીશન કંપની ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડે **૧,૯૧૫** કિ.મી. સુધીની ગેસગ્રીડની લંબાઇનું કામ પૂર્ણ કરેલ છે અને અન્ય **૩૦૦** કી.મી. ગેસગ્રીડનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

સીટી ગ્રીડ ડીસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટ હેઠળ જી.એસ.પી.સી.ગેસ કંપની અને સાબરમતી ગેસ કંપનીએ આ વર્ષે કુલ **૮૮ હજાર** ઘરેલુ ગેસ જોડાણો આપ્યા છે અને **૨૧** સી.એન.જી. સ્ટેશનો સ્થાપ્યા છે. માર્ચ–૨૦૧૨ સુધીમાં અન્ય **૧૧ હજાર** ઘરેલુ ગેસ જોડાણ અને **૧૪** સી.એન.જી. સ્ટેશનો સાથે કુલ **૩.૮૬ લાખ** ઘરેલુ ગેસ જોડાણો થશે અને કુલ **૧૬૦** સી.એન.જી. સ્ટેશનો સ્થપાશે.

**ઉદ્યોગ**

વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૧માં થયેલા કુલ **૮,૩૮૦** મૂડીરોકાણના એમ.ઓ.યુ. પૈકી જાન્યુઆરી–૨૦૧૨ સુધીમાં **૧,૯૧૩** પ્રોજેકટોમાં ઉત્પાદન શરૂ થઇ ગયેલ છે અને **૬,૪૬૭** પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે.

લઘુ ઉદ્યોગ સેકટરમાં એપ્રિલ–૨૦૧૧ થી ડીસેમ્બર–૨૦૧૧ સુધીમાં ` **૧૦ હજાર કરોડ**થી વધુ મૂડીરોકાણ સાથેના **૩૪ હજાર** એકમોમાં **૨.૫૨ લાખ** રોજગારી નોંધાયેલ છે.

વર્ષ ૨૦૧૧–૧૨માં ` **૫૧૬ કરોડ**ના **૩૩** પ્રોજેકટોમાં ` **૨૪૮ કરોડ**ની ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર માટેની સહાય મંજૂર કરી છે.

ઔદ્યોગિક વાતાવરણને અનુરુપ માનવબળની તાંત્રિક ક્ષમતા વધારવા માટે વર્ષ ૨૦૧૩ ના અંત સુધીમાં શ્રમ અને રોજગાર વિભાગ ઉપરાંતના અન્ય **૩૦૦ કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રો** મારફતે પ્રતિ વર્ષ **૨ લાખ** કુશળ કારીગરો તૈયાર કરવાનો લક્ષ્યાંક રાખેલ છે. અત્યાર સુધી **૮૫** કેન્દ્રો સ્થાપિત થઇ ચુક્યા છે.

ઔદ્યોગિક વિસ્તારમાં માળખાકીય સવલતો, ઉદ્યોગ સાહસિકતા અને ટેકનોલોજી વિકાસ માટેનું બળ પુરુ પાડવા **૭** કેન્દ્રોને સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે મંજુરી આપવામાં આવી છે.

દિલ્હી–મુંબઇ ઔદ્યોગિક કોરીડોર પ્રોજેકટની કુલ લંબાઇના **૩૭** ટકા ગુજરાતમાંથી પસાર થાય છે, દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન જે કેન્દ્ર સરકારની સંસ્થા છે તેઓ દ્વારા રાજય પાસે **૬૦** ટકાની મૂડી રોકાણની અપેક્ષા છે. તેના ભાગરૂપે પાંચ ખાસ મૂડી રોકાણ પ્રદેશો નોટીફાઇડ કરવામાં આવેલ છે, આ પૈકી ધોલેરા ગ્રીનફિલ્ડ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીઝીયનમાં ભાવનગર–અમદાવાદ એકસપ્રેસ વે, મેટ્રો રેલ, ઈન્ટરનેશનલ એરપોર્ટ અને ઈન્ડસ્ટ્રીયલ પાર્કના પ્રોજેકટોમાં કાર્યવાહી શરૂ થઈ ગયેલ છે.

વૈશ્વિક કક્ષાએ ગુજરાત **ઓટોમોબાઈલ હબ** તરીકે વિકાસ પામી રહ્યું છે. રાજય સરકારે જનરલ મોટર્સ, ટાટા મોટર્સ, એશિયા મોટર્સ વર્કસ લિ., ઉપરાંત આ વર્ષે ફોર્ડ ઈન્ડીયા લિ., પીજોટ અને મારૂતિ સુઝુકી ઈન્ડીયા લિ. વગેરેને ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટે લાવવામાં સફળતા મેળવેલ છે અને આવનારા સમયમાં અંદાજે ` **૧૫ હજાર કરોડ**થી વધુના મૂડીરોકાણ થનાર છે તથા અંદાજે **૨૩ હજાર**થી વધુ પ્રત્યક્ષ/પરોક્ષ રોજગારી ઉભી થશે.

કુટીર અને ગ્રામોદ્યોગ હેઠળની યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨ માટેના **૨ લાખ**ના લક્ષાંકની સામે ડીસેમ્બર–૨૦૧૧ સુધીમાં **૧.૮૨ લાખ**ની પૂરક રોજગારીની તકો ઉભી કરવામાં આવી છે.

ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાને ઇ–ગર્વનન્સ અમલીકરણ અન્વયે ઇ–પેમેન્ટ, ઇ–રોયલ્ટી પાસ, ઇ–રીટર્ન જેવી મહત્વની કામગીરી બદલ કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડીયા અને ઇ–ઇન્ડીયાના બે એવોર્ડ મળેલ છે.

**પ્રવાસન**

ગુજરાતના **૧,૬૦૦** કીલોમીટરના દરિયાકિનારાને કોસ્ટલ ટુરીઝમ તરીકે વિકસાવવાની અમૂલ્ય તકને ધ્યાને લઇ દરિયાકિનારાના **૧૧** સ્થળોમાં સુવાલી, તીથલ, નારગોલ, સરકેશ્વર, માંડવી, પિંગળેશ્વર, અહેમદપુર–માંડવી, માધવપુર, મીયાણી, ભવાની બીચ અને ગોપનાથ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસી સુવિધા ઉપલબ્ધ કરાવવા નિર્ણય લીધેલ છે.

- ગુજરાતમાં વધતી જતી પ્રવાસનની તકો અને રાજય સરકારે પ્રવાસન ક્ષેત્રે લીધેલ પ્રોત્સાહક પગલાંને ધ્યાને લઇ આંતરરાષ્ટ્રીય ટુર ઓપરેટર એસોસીએશને તેમનું કન્વેશન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાખેલ જેમાં **૧,૭૦૦** જેટલા પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલ દેશ–વિદેશના પ્રતિનિધિઓએ ભાગ લીધેલ હતો.
- નવરાત્રી ફેસ્ટીવલ, રણોત્સવ અને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશવિદેશના હજારો પ્રવાસીઓ આવે છે, જેના કારણે આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળે છે. ઉત્સવ દરમિયાન રાજયના ગરીબ વર્ગના પતંગ બનાવનાર, હસ્તકલા કારીગરો અને રમકડાં બનાવનારને રોજગારી મળે છે તેમજ હોટલ ઉદ્યોગને પણ વેગ મળે છે.
    - ધોરડો(કચ્છ) ખાતે રણોત્સવનું મોટા પાયે આયોજન કરેલ જેમાં **૫૦,૦૦૦** થી વધારે પ્રવાસીઓ આવેલ હતા.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

મારી સરકારે ઇન્ફરમેશન ટેકનોલોજીનો ઇ–ગવર્નન્સમાં વ્યાપક ઉપયોગ કરવા માટે શ્રેણીબદધ પગલાં લીધા છે. જેના પરિણામે રાજયને ચાલુ વર્ષ દરમ્યાન ઇ–ગવર્નન્સ ક્ષેત્રે **૧૭** એવોર્ડઝ મળેલ છે.

- મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે **૭**મી રાષ્ટ્રીય ઇ–ઇન્ડિયા ઈવેન્ટ તા.૧૫/૧૨/૨૦૧૧ થી તા.૧૭/૧૨/૨૦૧૧ સુધી યોજવામાં આવી હતી, જે ભારતભરમાં અત્યાર સુધીમાં યોજાયેલ આ પ્રકારની સૌથી લાંબામાં લાંબી ઈવેન્ટ છે.
- સંશોધન અને વિકાસને ઉત્તેજન આપવા માટે **૬** સેન્ટર ઓફ એક્સેલેન્સ સ્થાપવામાં આવેલ છે.
- બાયસેગ ખાતે સેટકોમ પ્રસારણની સેવાઓ ઓછા ખર્ચે રાજ્યનાં તમામ ઘરો સુધી પહોંચે તે માટે કેયુ બેન્ડ ડિઝીટલ બ્રોડકાસ્ટિંગ અપલિંક સ્ટેશનની સ્થાપના કરી કાર્યરત કરવામાં આવેલ છે.દૂરવર્તી શિક્ષણ અને તાલીમ માટે સેટેલાઇટ બેઝ્ડ કોમ્યુનિકેશન નેટવર્ક (ગુજસેટ) ખાતે કેયુબેન્ડ ટીવી બ્રોડકાસ્ટ માટે **૧૧** ડાયામીટરનો એન્ટેના ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે.
  - વડોદરા નજીક સાવલી ખાતે ઇન્ક્યુબેશન અને વ્યાપારના ક્ષેત્રે પાયાની સુવિધાઓ પૂરી પાડવા માટે બાયોટેક પાર્કનો ફેઝ–૧ જીઆઈડીસી દ્વારા વિકસાવવા માટેની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**મહેસૂલી વહીવટ**

સત્તાના વિકેન્દ્રીકણ દ્વારા તાલુકાને સશકત કરવા માટે જિલ્લા ટીમની જેમ તાલુકાની સક્ષમ ટીમનું નિર્માણ કરવા તેમજ લોકાભિમુખ અને પારદર્શી વહીવટ માટે ક્ષ**Maximum Governance Minimum Government**ખ ના સિદ્ધાંતને અનુરૂપ ક્ષ**આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો**ખ નો અભિગમ અમલી બનાવેલ છે. પરિણામે તાલુકા કક્ષાએ જનતાને સ્પર્શતા વિવિધ સામાન્ય પ્રશ્નોનો ઝડપથી ઉકેલ આવી રહ્યો છે.

- આ યોજના અંતર્ગત **૫૭** નવા પ્રાંતોની રચના સહિત **૧૧૨** પ્રાંતોની રચના કરીને પ્રાંત અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.
- **૨૨૫** તાલુકાની મહેસૂલી કચેરીઓમાં જનસેવા કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવી છે.

બિનખેતી પરવાનગી અંગેની પદ્ધતિ વધુ સરળ અને લોકભોગ્ય બનાવવામાં આવેલ છે.

જમીનોની માપણી અંગે જિલ્લા માપણી કચેરીમાં **૪૬ હજાર** કેસો પૈકી **૩૭ હજાર**નો નિકાલ કરવામાં આવેલ છે .

સીટી સરવે વિસ્તારમાં આવેલી મિલ્કતોમાં થતા માલિકીમાં ફેરફાર અંગેની **૧.૬૦ લાખ** નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે.

તાલુકા કક્ષાએ આવેલી મહેસુલી કચેરીઓ અને જિલ્લા ઇન્સ્પેકટર જમીન દફતર કચેરીઓમાં મોડર્ન રેકર્ડ રૂમ બનાવવાની કામગીરી યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ માં વધુ **૧૧૨** મહેસુલી કચેરીઓમાં ` **૨૮ કરોડ**ના ખર્ચે મોડર્ન રેકર્ડ રૂમ તૈયાર કરવાની કામગીરી હાથ ધરેલ છે .

**કલાઈમેટ ચેન્જ**

મારી સરકાર ગ્રીન હાઉસ અસર ઊભી કરતા વાયુઓના નિર્ગમનને ઘટાડવા અને સૌર ઊર્જાના વપરાશને પ્રોત્સાહિત કરવા પ્રતિબદ્ધ છે. ગુજરાતમાં હરીયાળી ઊર્જા ઉત્પાદનના કારણે કાર્બન નિર્ગમનમાં ઘટાડો થશે.

- **૧૦ હજાર લાખ** વીજ યુનિટ સૌર ઉર્જા ઉત્પાદનના કારણે પર્યાવરણની ભાષામાં વાત કરીએ તો તેનાથી વર્ષે અંદાજે **૧૦** લાખ ટન જેટલો અંગારવાયુ વાતાવરણમાં ઓકાતો અટકશે અને વર્ષે **સાડા છ લાખ** ટન કોલસાની બચત થશે.
    - **૩૮ હજાર લાખ** વીજ યુનિટ પવન ઊર્જાનું ઉત્પાદન થાય છે. આટલી વીજળીના ઉત્પાદન માટે **૨૬** લાખ ટન કોલસાની જરૂર પડે અર્થાત્ એટલા પ્રમાણમાં કોલસાના વપરાશથી વાતાવરણમાં ભળનાર **૩૮** લાખ ટન અંગારવાયુ ઓકાતો અટકાવી શકાયો છે.

**વન**

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી નિમિત્તે દરિયાકાંઠાના વિસ્તારમાં **૧૫ હજાર** હેક્ટરમાં ચેરનું વાવેતર, **૩ હજાર** હેક્ટરમાં વાંસનું વાવેતર, ઔષધિય મહત્વ ધરાવતાં દસમૂળનું **૩૦૦** હેક્ટરમાં વાવેતર અને બન્નીમાં **૫૦૦** હેક્ટરમાં પારંપરિક ગ્રાસ લેન્ડ પુનઃ જીવિત કરીને સ્વર્ણિમ સિધ્ધિ હાંસલ કરવામાં આવેલ છે.

- ગુજરાત ફોરેસ્ટ્રી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ વન વિસ્તારમાં તથા વન વિસ્તાર બહાર પણ લોકભાગીદારીથી **૩૭ હજાર** હેક્ટર જેટલા વિસ્તારમાં વનીકરણની કામગીરી કરવામાં આવી છે.
- સહભાગી વન વ્યવસ્થા હેઠળ **૩,૨૧૯** ગ્રામ વનસંરક્ષણ સમિતિઓ બનાવવામાં આવેલ છે.
- **૪.૧૬ લાખ** હેક્ટર વન વિસ્તારને સહભાગી વન વ્યવસ્થા હેઠળ આવરી લઇ વનસંરક્ષણની કામગીરી થઇ રહેલ છે.
- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને શ્રેષ્ઠ કામગીરી માટે ISO ૯૦૦૧-૧૪૦૦૧ અને NABL સર્ટીફીકેટ મળેલ છે.
    - આપણા સૌથી લાંબા દરિયાકાંઠા વિસ્તારને બચાવવા માટે વિશ્વ બેન્કની સહાયથી ` **૩૦૦ કરોડ**નો સંકલિત દરિયાકાંઠા વિસ્તાર મેનેજમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે.

**માહિતી અને પ્રસારણ**

મારી સરકારે રાજયના સર્વાંગી વિકાસ માટે રક્ષાશકિત, જ્ઞાનશકિત, જળશકિત, જનશકિત અને ઉર્જાશકિતના પંચામૃત અંતર્ગત અનેકવિધ યોજનાઓ અને અભિયાનો અમલમાં મૂકેલ છે. તેની માહિતી/જાણકારી છેવાડાના માનવીને યથાયોગ્ય સ્વરૂપે પહોંચાડવા માટેની જવાબદારી આ વિભાગ દ્વારા અદા કરવામાં આવે છે.

ગુજરાતની વાત અને વિચાર ગુજરાત બહાર પણ પહોંચાડી શકાય તે હેતુથી ગુજરાત પાક્ષિક હવે અંગ્રેજી ભાષામાં ત્રિમાસિક સ્વરૂપે ''ધ ગુજરાત'' તરીકે પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે.

**રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ**

મને જણાવતાં આનંદ થાય છે કે સ્વર્ણિમ જયંતિની ઉજવણીના ભવ્ય પ્રારંભની જેમ સ્વર્ણિમ જયંતિની ઉજવણીનો ભવ્ય સમાપન સમારોહ પણ તા.૧–૫–૨૦૧૧ ના રોજ સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં એકસાથે **૪,૫૦૦** જેટલા કલાકારોએ **આગેકદમ ગુજરાત** ભવ્યાતિભવ્ય કાર્યક્રમ રજુ કરેલ જેને ગીનિસ વર્લ્ડ રેકર્ડ તરીકે માન્ય રાખવામાં આવેલ છે.

- **ખેલમહાકુંભ–૨૦૧૧** રમતોત્સવમાં **૧૭.૬૨ લાખ** ખેલાડીઓએ, અને બીચ સ્પોર્ટસમાં **૩,૬૦૦** ખેલાડીઓ મળી લગભગ કુલ **૧૭,૬૫,૬૦૦** ખેલાડીઓએ ભાગ લીધેલ છે.
- સ્પેશીયલ ખેલમહાકુંભ ૬ ૨૦૧૧માં શારીરિક રીતે પુર્ણત: સક્ષમ ન હોય તેવા **૫૮ હજાર** ખેલાડીઓને પોતાનું કૌશલ્ય બતાવવા તક પૂરી પાડવા ચાર જુથમાં સ્પર્ધાનું આયોજન કરેલ હતુ. આમ કૂલ **૧૮,૨૩,૬૦૦** ખેલાડીઓએ કુલ **૨૦** રમતોમાં ભાગ લીધેલ છે.

- ખેલમહાકુંભમાં જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ વિજેતા થયેલા ખેલાડીઓને અંદાજે ` **૩૧.૫૮ કરોડ**ના રોકડ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવેલ. ખેલમહાકુંભની ફાઇનલ સ્પર્ધાઓમાં **૩૮૪** ગોલ્ડ, **૩૮૨** સિલ્વર તથા **૪૪૧** બ્રોન્ઝ મળી કુલ–**૧,૨૦૭** ખેલાડીઓએ મેડલ પ્રાપ્ત કરેલ છે.

    - સ્વામી વિવેકાનંદની **૧૫૦**મી જન્મજયંતિનો શુભારંભનો કાર્યક્રમ તા.૧૨/૧/૨૦૧૨ ના રોજ યુવા પરિષદ યોજીને કરેલ છે. આ પ્રસંગે ભુતપૂર્વ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે.અબ્દુલ કલામ તથા માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજયના યુવાનોને સ્વામી વિવેકાનંદનું જીવન, ઉદ્દેશો, અવતરણો અને વિવિધ વિષયો પરના તેમના પ્રવચનોમાંથી પ્રેરણા લઇને રાજયના અને રાષ્ટ્રના ઘડતરમાં કઇ રીતે ઉપયોગી થઇ શકે તેનું પ્રેરણાદાયી ઉદબોધન કરેલ. આ વર્ષમાં વિવિધ સ્તરે વિવિધ કાર્યક્રમો હાથ ધરવાનું આયોજન છે.

**ન્યાય વ્યવસ્થા**

ગુજરાત હાઇકોર્ટની કાર્યવાહી ગુજરાતી ભાષામાં થાય તે માટેની દરખાસ્ત મહામહિમ રાષ્ટ્રપતિશ્રીને મંજુરી અર્થે મોકલી આપેલ છે.

વર્ષ ૨૦૧૧ માં **૧૦,૨૬૬** લોક અદાલતો તથા **૮,૦૫૭** કાનુની શિબીર યોજીને કુલ **૩,૬૫,૦૭૮** કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૧ માં **૬૬,૨૨૯** પ્રીલીટીગેશન કેસોનો નિકાલ કરીને કુલ ` **૫૫૨.૨૫** કરોડના એવોર્ડ આપેલ છે. નેશનલ લીગલ મીશન દ્વારા કેસોના પડતર રહેવાનો સમયગાળો **૧૫** વર્ષથી ઘટાડીને **3** વર્ષ સુધીનો રાખેલ છે. જયારે મારી સરકારે તા. ૨૯.૧૨.૨૦૧૧ ના રોજ સ્ટેટ લીટીગેશન પોલીસી જાહેર કરીને કેસોના પડતર રહેવાનો સમયગાળો **૧૫** વર્ષથી ઘટાડીને **૧** વર્ષ સુધીનો લાવવાનો નિર્ધાર કરેલ છે. આમ રાજય સરકાર લોકોને ઝડપી ન્યાય મળે તે માટે પ્રતિબદ્ધ છે.

**સ્વાગત કાર્યક્રમ**

ગામડાઓ સુધી પહોંચેલ બ્રોડબેન્ડ કનેકટીવીટીનો ઉપયોગ કરીને નાગરિકોની ફરિયાદ નિવારણ માટે **ક્ષ્સ્વાગત કાર્યક્રમ''** નો વ્યાપ વધારીને તેને હવે ગ્રામ્યકક્ષા સુધી લાભ પહોંચાડવામાં આવેલ છે. ગ્રામજનો પોતાના ગામમાં બેસીને પોતાની રજુઆતો કે ફરિયાદો કરી શકે અને આ ફરિયાદ અંગે તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ ગંભીરતાથી ઘ્યાન આપી તેનો નિકાલ કરવામાં આવે છે.

સ્વાગત કાર્યક્રમમાં અત્યાર સુધી **૨ લાખ** ઉપરાંત રજુઆતો મળી છે જે પૈકી **૯૧ ટકા** રજુઆતનો નિકાલ આવ્યો છે.

વર્ષ ૨૦૧૧ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીના આ ઓનલાઇન ફરિયાદ નિવારણાના કાર્યક્રમને નેશનલ ઇ–ગવર્નન્સ તેમજ અન્ય એવોર્ડ મળેલ છે. કેટલાક રાજયોએ આ કાર્યક્રમનો અભ્યાસ કરી તેની અમલવારી પણ કરી છે.

**વૈધાનિક અને સંસદીય બાબતો**

મારી સરકાર આ સત્રમાં અન્ય વૈધાનિક કામકાજ ઉપરાંત ગૃહની વિચારણા માટે નીચેના વિધેયકો લાવવા ધારે છે.

૧. ગુજરાત વ્યવસાયિક ટેક્નિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) (સુધારા) વિધેયક, ૨૦૧૨.

૨. ધી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM) વિધેયક, ૨૦૧૨.

૩. ગુજરાત પબ્લિક ટ્રસ્ટ્સ (રીપીલ) વિધેયક, ૨૦૧૨.

૪. ધી કડી સર્વ વિશ્વ વિદ્યાલય (સુધારા) વિધેયક, ૨૦૧૨.

૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા)વિધેયક, ૨૦૧૨

૬. ભાવનગર યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૨.

૭. પંડિત દિનદયાળ પેટ્રોલીયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૨.

અત્રે ઉલ્લેખનીય છે કે મહામહિમ રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ અર્થે મોકલેલ નીચેના વિધેયકો હજુ અનિર્ણિત છે.

૧. ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલ વિધેયક, ૨૦૦૬.

૨. મુંબઈનું ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૧

૩. ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૧.

મારી સરકારે માનવ વિકાસનાં બધાં ક્ષેત્રોમાં એક આદર્શ રાજ્ય બનાવવાનું ધ્યેય રાખેલું છે. કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર ગુજરાત રાજ્યનો દરેક વ્યક્તિ:

- શિક્ષિત, સંસ્કારી અને તંદુરસ્ત બને
- દરેક પરિવારને ઘર મળે
- પીવાનું પાણી અને સ્વચ્છતાની સગવડો સુલભ હોય
- રોજગારી પ્રાપ્ત કરે.
- નિર્ભય રીતે જીવી શકે અને
- દરેકને સમાન તક પ્રાપ્ત થાય

તે ઉદ્દેશોને પુરા પાડવા અસરકારક અને વ્યાપક કામગીરી કરી છે તે માટે સૌને અભિનંદન પાઠવું છું.

ગુજરાતના રાજયપાલ તરીકે બારમી ગુજરાત વિધાનસભાના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને આ અંદાજપત્ર બેઠકના પ્રારંભમાં આ ગૃહ મારફતે સંબોધન કરવાનો મારા માટે આ આનંદનો અવસર છે. આપ સૌ પ્રજાના પ્રતિનિધિઓએ બારમી વિધાનસભા ગૃહના સભ્ય તરીકે સંસદીય લોકશાહીની પ્રણાલીકાઓને અનુરૂપ કામગીરી બજાવી છે. ભવિષ્યમાં પણ ગુજરાત રાજ્ય વિકાસની અનેક નવી સિધ્ધિઓ હાંસલ કરી સમગ્ર દેશ અને વિશ્વમાં **'સૌનો સાથ સૌનો વિકાસ'** મંત્ર દ્વારા પથદર્શક બને તેમજ ગુજરાતની **૬ કરોડ**ની પ્રજાના સુખ અને સમૃદ્ધિમાં સતત વૃધ્ધિ થાય તે માટે અંત:કરણથી શુભકામનાઓ પાઠવું છું.

**જય જય ગરવી ગુજરાત**
**જય હિન્દ**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા રાજયપાલશ્રીના સંબોધનની નકલ

**સચિવશ્રીઃ** માનનીય અધ્યક્ષશ્રી, આજે બપોરે ૧૨-૦૦ વાગ્યે નામદાર રાજયપાલશ્રીએ બંધારણની કલમ ૧૭૬(૧) અન્વયે ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યુ હતું. રાજયપાલશ્રીએ કરેલ સંબોધનની પ્રમાણિત નકલ મને મળી છે. જે વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**નામદાર રાજયપાલશ્રીએ કરેલ સંબોધનની પ્રમાણિત નકલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવી.**

# રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે –

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

અમો આ સત્રમાં એકત્રિત થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.

શ્રી વિજયભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી, શ્રી દેવુસિંહભાઇ ચૌહાણે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

### કામકાજ સલાહકાર સમિતિનો ૧૭મો અહેવાલ

**શ્રી અધ્યક્ષશ્રી :** ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરું છુ;

સમિતિની બેઠક બુધવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ રાત્રે ૮-૦૦ કલાકે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. સમિતિ નીચે મુજબ ભલામણો કરે છે.

(૧) સોમવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ નીચે દર્શાવ્યા મુજબના સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરવા, તે પૈકી ક્રમાંક-૧ થી ૪ સામે દર્શાવેલ વિધેયકોની વિચારણા પૂરી કરવી. ત્યારબાદ સભાગૃહની બેઠકનો સમય બાકી રહે તો ક્રમાંક-૫ સામે દર્શાવેલ વિધેયક વિચારણા માટે હાથ ધરવું.

(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૨નું ઇન્સ્ટિટયૂટ ઓફ ઇનફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક

(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૨નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયક

(૩) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૧૨નું Vir (વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક

(૪) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક-૩- સન ૨૦૧૨નું કડી સર્વ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક-૪- સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક.

**૨. મંગળવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સભાગૃહની પ્રથમ બેઠકમાં નીચે દર્શાવ્યા મુજબના વિધેયકો વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.**

(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક-૪- સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક. **(જો વિચારણા બાકી હોય તો)**

(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક-૫- સન ૨૦૧૨નું ભાવનગર યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૧૨નું પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી**: (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ૧૭મા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# શોકદર્શક ઉલ્લેખ

## ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી તથા પૂર્વ અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઇ માધવદાસ પટેલ, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને કેન્દ્રના પૂર્વ નાયબ મંત્રીશ્રી સ્વ. શ્રી મગનભાઇ રણછોડભાઇ બારોટ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થશ્રી નાથાલાલ પ્રેમજીભાઇ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડૉ. સોમાભાઇ છકકડદાસ દેસાઇ, તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હસમુખલાલ મણીલાલ વોરાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો

### ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી તથા પૂર્વ અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઇ માધવદાસ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્ર દા. મોદી સભાગૃહના નેતાશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી તથા પૂર્વ અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઇ માધવદાસ પટેલનું તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૧૧ના રોજ ૬૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ તા. ૭મી સપ્ટેમ્બર, ૧૯૪૨ના રોજ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પરબતપુરા ગામે ખેડૂત પરિવારમાં થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે વનસ્પતિશાસ્ત્રના વિષય સાથે એમ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો તેમજ અધ્યાપન અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે યુવા વયથી જ સમાજસેવાની સાથે સાથે રાજકારણમાં પગરણ માંડયા અને વિજાપુર તાલુકા પંચાયત તથા મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ તેમજ વિરોધપક્ષના નેતા તરીકે ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હતી. તેઓશ્રીએ ગુજરાત રાજ્ય પંચાયત પરિષદના પ્રમુખ તરીકે કુશળ વહીવટ દ્વારા પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ લોકભોગ્ય બનાવવામાં યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ પરબતપુરા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીના પ્રમુખ અને કારોબારી સભ્ય તરીકે, માણસા નાગરિક સહકારી બેંક અને ગુજરાત રાજ્ય બીજ નિગમના પ્રમુખ તરીકે, પરબતપુરા દૂધ ઉત્પાદન સહકારી મંડળીના પ્રમુખ તરીકે તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ગુજરાત કૃષિ ભાવપંચના સભ્ય તરીકે રહી ખેડૂતોના કૃષિ ઉત્પાદનના સ્પર્ધાત્મક ભાવો નિયત કરાવવા માટે ખૂબ જ અસરકારક રજૂઆતો કરી હતી. ગુજરાત યુનિવર્સિટી તેમજ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે પણ સુંદર કામગીરી કરી હતી. તેઓશ્રીએ અડતાલીસ ગામ સમાજ સુધારક કેળવણી મંડળના મંત્રીપદે રહી યોગ્ય પ્રદાન આપેલ હતું તેમજ લોકોના પ્રાણપ્રશ્ન સમાન પાણીનો પ્રશ્નોનો કાયમી ધોરણે ઉકેલ આવે તેવા ઉત્તમ પ્રયાસો કરેલ હતા.

રાષ્ટ્રની પ્રગતિમાં બહોળુ પ્રદાન આપતી પ્રવૃત્તિઓમાં ગુણવત્તાસભર સિદ્ધિઓ બદલ ઇન્ટરનેશનલ ફ્રેન્ડશીપ સોસાયટી, નવી દિલ્હી દ્વારા ભારત જયોતિ એવોર્ડ થી તેઓશ્રીને સન્માનીત કરાયા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલ દશમી, અગિયારમી અને બારમી ગુજરાત વિધાનસભામાં માણસા મતવિસ્તારમાંથી ચૂંટાઇ આવ્યા હતા. દશમી ગુજરાત વિધાનસભા દરમિયાન પંચાયતીરાજ સમિતિના ચેરમેન તરીકે તથા તા. ૨૫/૧૦/૨૦૦૧ થી તા. ૧૯/૭/૨૦૦૨ સુધી તેઓશ્રીએ સરકારના મુખ્ય દંડક

તરીકે ઉત્તમ કામગીરી બજાવેલ હતી. અગિયારમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે તેઓશ્રીએ તા.૨૭–૧૨–૨૦૦૨ થી તા.૧૮–૧–૨૦૦૮ દરમિયાન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે નોંધપાત્ર અને પ્રશંસનીય સેવાઓ આપી વિધાનસભાનું સંચાલન કર્યું હતું. બારમી ગુજરાત વિધાનસભા દરમિયાન તા.૩૦–૯–૨૦૧૦ થી તા.૨૩–૨–૨૦૧૧ સુધી કાર્યકારી અધ્યક્ષ તરીકે પણ તેઓશ્રીએ સેવાઓ આપી હતી.

વાંચન, સમાજસેવાના ક્ષેત્રમાં અભ્યાસ, શિક્ષણ, સહકાર, રાજનીતિ, સિંચાઇ, કૃષિ, વહીવટ તથા પ્રવાસ વગેરે સ્વર્ગસ્થશ્રી પટેલના શોખના વિષયો હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે જાપાન, ઇંગ્લેન્ડ, અમેરિકા, ઓસ્ટ્રેલીયા, ફીજી, નાઇજીરીયા, ફ્રાન્સ, શ્રીલંકા, બાંગ્લાદેસ અને સ્વીટ્ઝરલેન્ડ વગેરે દેશોનો પ્રવાસ કર્યો હતો. તદ્‌ઉપરાંત અન્ય દેશોમાં મળેલ કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં હાજરી આપી રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલના અવસાનથી રાજ્યએ એક સરળ, ગાંધીવાદી વિચારસરણી ધરાવતા નિષ્ઠાવાન સામાજિક અને રાજકીય આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને કેન્દ્રના પૂર્વ નાયબ મંત્રીશ્રી સ્વ. શ્રી મગનભાઇ રણછોડભાઇ બારોટનો અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી,

મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને કેન્દ્રના પૂર્વ નાયબ મંત્રીશ્રી મગનભાઇ રણછોડભાઇ બારોટનું ૨૭ મી ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ ૮૪ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી બારોટનો જન્મ ૮મી ઓગસ્ટ, ૧૯૨૭ના રોજ પાટણ જિલ્લાના જંઘરાલ ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી બારોટે બી.એ.એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો અને તેઓશ્રી વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી બારોટે મુંબઇ હાઇકોર્ટથી વકીલાતના વ્યવસાયની તેમની કારકીર્દિની શરૂઆત કરી હતી. તેઓશ્રીએ મીલ મજદૂર યુનિયનના વાઇસ પ્રેસીડેન્ટ, ગુજરાત ક્ક્ક્ક્ઇન્ટુકક્ક્ના કારોબારી સભ્ય, લો કોલેજના પ્રોફેસર તથા ગુજરાત યુનિવર્સિટી સેનેટના સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ગુજરાત હાઇકોર્ટમાં ભારત સરકારના સ્ટેન્ડીંગ કાઉન્સેલ તરીકેની મહત્વપૂર્ણ સેવાઓ આપી હતી. કામદાર પ્રવૃત્તિના કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલ સ્વર્ગસ્થશ્રી બારોટે મિલ કામદારો અને ઝૂંપડાવાસીઓના પ્રશ્નો ઉકેલવામાં અવિસ્મરણીય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી બારોટે ચોથી ગુજરાત વિધાનસભામાં અસારવા તથા પાંચમી ગુજરાત વિધાનસભામાં રખિયાલ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને પોતાના વિસ્તારમાં લોકોના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થશ્રી બારોટે તા.૧૮–૭–૧૯૭૩થી તા.૯–૨–૧૯૭૪ દરમિયાન શ્રમ, ગૃહ નિર્માણ અને શિક્ષણ ખાતાના તથા તા.૨૪–૧૨–૧૯૭૬ થી ૧૧–૪–૧૯૭૭ દરમિયાન શિક્ષણ, રમતગમત, યુવા કલ્યાણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ખાતાઓના રાજ્યકક્ષાના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપેલ હતી.

સ્વર્યસ્થશ્રી બારોટે ભારત સરકારમાં નાયબ નાણાં મંત્રી તરીકે યાદગાર સેવાઓ આપેલ હતી.

તેઓશ્રી કામદાર તેમજ યુવક પ્રવૃત્તિ, શિક્ષણ અને સાહિત્યમાં ઉંડો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થશ્રી નાથાલાલ પ્રેમજીભાઇ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ.

માનનીય અધ્યક્ષશ્રી,

મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નાથાલાલ પ્રેમજીભાઇ પટેલનું ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૯મી ઓગસ્ટ, ૧૯૨૯ના રોજ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જામવાડી ગામે થયો હતો. તેઓશ્રીએ નોન–મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે જામનગર જિલ્લા પંચાયતના સભ્ય તરીકે તેમજ જામવાડી ગૃપ ન્યાય પંચાયતના પ્રમુખ તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ એક ખેડૂત અગ્રણી તરીકે યશસ્વી કામગીરી કરી હતી. તેઓશ્રી સમાજસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ જેવી કે રકતદાન કેમ્પ કરવા, અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું , દર્દીઓને સહાય આપવી, સમાજના લોકોને પગભર કરવા વિગેરે કામગીરી સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલ ત્રીજી ગુજરાત વિધાનસભામાં જામજોધપુર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવ્યા હતા અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલ સામાજીક પ્રવૃત્તિઓ તેમજ ઉદ્યોગોમાં રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડો. સોમાભાઇ છકકડદાસ દેસાઇના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડો. સોમાભાઇ છકકડદાસ દેસાઇનું તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી દેસાઇનો જન્મ ૨જી જાન્યુઆરી, ૧૯૯૨ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. તેઓશ્રીએ એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ મુંબઇ ખાતે તેમજ તબીબી ક્ષેત્રનો ઉચ્ચ અભ્યાસ લંડન ખાતે કર્યો હતો અને તબીબના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી દેસાઇએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર, મેયર તેમજ હેલ્થ કમિટિના ચેરમેન તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ૧૯૫૭ થી ૧૦૬૭ દરમ્યાન ઇન્ડો–સોવિયેટ સંસ્થાની અમદાવાદ શાખાના પ્રમુખ તરીકે સુંદર કામગીરી કરી હતી. તેઓશ્રીએ હિંદ છોડો ચળવળ અને મહાગુજરાતના આંદોલનમાં પણ ભાગ ભજવ્યો હતો. તેઓશ્રી સ્વદેશી ચીજવસ્તુઓના વપરાશ, દારૂબંધી અને ગરીબ નબળા વર્ગના લોકોને મદદરૂપ થવા હંમેશા તત્પર રહેતા હતા.

સ્વર્ગસ્થ શ્રી દેસાઇએ ત્રીજી ગુજરાત વિધાનસભામાં અમદાવાદના શાહપુર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે પ્રસંશનીય કામગીરી કરી હતી.

સ્વર્ગસ્થશ્રી દેસાઇ તબીબી વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર તેમજ ઉદ્યોગને લગતા વિષયોમાં ખાસ રસ ધરાવતા હતા. સ્વર્ગસ્થશ્રી દેસાઇએ ઇંગ્લેન્ડ, યુરોપના દેશો, અમેરિકા અને સોવિયેટ સંઘ વિગેરે દેશોનો વિદેશ પ્રવાસ કરેલ હતો. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હસમુખલાલ મણીલાલ વોરાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જાણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હસમુખલાલ મણીલાલ વોરાનું ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ ૭૨ વષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી શ્રી વોરાનો જન્મ તાઃ ૨૩મી મે, ૧૯૩૯ના રોજ સુરેન્દ્રનગર મુકામે થયો હતો. તેઓશ્રીએ એમ.એ.એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વકીલાત તથા સીરામીક ઉદ્યોગ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી વોરાએ સુરેન્દ્રનગર શહેર શ્રમજીવી સંઘ તથા સુરેન્દ્રનગર યુવક સંઘના પ્રમુખ તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ નગરપાલિકાના સદસ્ય, ઔદ્યોગિક એસોસીએશનના પ્રમુખ તેમજ શબ્દલોક સંસ્થાના વાઇસ ચેરમેન તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી વોરાએ ચોથી ગુજરાત વિધાનસભામાં વઢવાણ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થશ્રી વોરા મજૂર પ્રવૃત્તિ અને તેને લગતા પ્રશ્નોમાં ખાસ રસ ધરાવતા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલઃ (વિરોધપક્ષના નેતાશ્રી)** ઃ – માનનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે એમાં હું મારો સુર પુરાવુ છું. માણસ જન્મે છે જીવે છે અને મૃત્યુ પામે છે આ એક જીવનનો ક્રમ છે. માનનીય અધ્યક્ષશ્રી, માણસ કેટલું જીવ્યો એના કરતા કેવું જીવ્યો એની વધારે મહત્વતા સમાજમાં રહેલી છે. સ્વર્ગસ્થ મંગળદાસભાઇ પટેલ સાથે ખૂબ નજીકથી કામ કરવાનો મોકો મળ્યો. એક વડીલ આપણી વિધાનસભાએ ગુમાવ્યા છે એ હું કહીશ તો એમાં કશું જ ખોટું નથી. આ બારમી વિધાનસભામાં બહુ જ ઓછું બોલ્યા છે, પરંતુ એ જયારે બોલ્યા છે ત્યારે એમનામાં એક પરિપકવતા, પક્ષીય બાબતોથી ઉપર ઉઠીને રાજયની અને લોકોની ચિંતાનો પ્રતિઘોષ એમાં દેખાયો હતો. એ કોઠાસુજવાળા વ્યકિતને આપણેસૌએ આ વિધાનસભાગૃહમાંથી ગુમાવ્યા છે. માનનીય મંગળદાસભાઇએ વિધાનસભાના અધ્યક્ષ તરીકેની પોતાની ફરજો બજાવી, પંચાયતી રાજ સમિતિના અધ્યક્ષ તરીકેની એમની ફરજો અને આ વિધાનસભા ગૃહના એક સભ્ય તરીકેની એમની ફરજો બજાવી એ ચિરંજીવી રહેશે, આપણા સૌના વતી હું એમને શોકાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રના પૂર્વ નાયબ મંત્રી અને વિધાનસભા ગૃહમાં આપણા જુદાજુદા બે મત વિસ્તારોમાંથી અસારવા અને રખિયાલમાંથી ચૂંટાઇને આ વિધાનસભાગૃહનું પ્રતિનિધિત્વ કરનાર સ્વ.શ્રી મગનભાઇ રણછોડભાઇ બારોટ સાથે બન્ને ફિલ્ડમાં બહુ નજીકથી કામ કર્યુ છે. રાજકીય ક્ષેત્રમાં પણ અને હાઇકોર્ટના વકીલાતના વ્યવસાયમાં પણ સ્વ. મગનભાઇ બારોટ સાથે ખૂબ નજીકથી કામ કરવાનો મોકો મળ્યો. અત્યંત બુદ્ધિજીવી વ્યકિત અને માત્ર પૈસાનું સંધાન નહીં બહુ ભાગ્યે જ પ્રોફેશનલ્સ પૈસાને છોડીને એ પ્રોફેશનને અનુસરતા હોય છે. અનેક વખત એવા દાખલાઓ છે, કે જયારે કોઇ ગરીબ વ્યકિત હોય અને એને મફતમાં કંઇ કામ કરાવવું હોય તો એ હાઇકોર્ટમાં બે ડેસિગ્નેટેડ સીનિયર કાઉન્સેલ હરુભાઇ મહેતા અને મગનભાઇ બારોટ એ નામ રહેતા. કે જ્યાં આગળ જઇને વ્યકિત કહે કે હું ગરીબ છું તો ફી લીધા વગર પણ એને ન્યાય માટે લડનારા વ્યકિત સ્વર્ગસ્થ મગનભાઇ બારોટના જવાથી જાહેર જીવનમાં મોટી ખોટ પડી છે. કેટલીક વખત શારીરિક મુશ્કેલીઓ માણસને હતાશા તરફ દોરી જતી હોય છે. સ્વ. મગનભાઇ બારોટ એક એવું વ્યકિતત્વ કે જેને પેરેલિસિસ એટેક આવ્યા પછી જાતે ચાલવાની મુશ્કેલી પડે, કોઇનો ટેકો લીધા પછી પણ બેલેન્સ રહેશે કે નહીં એની પણ ચિંતા હોય છતાં એમની સક્રિયતા જીવનના છેલ્લા શ્વાસ સુધી શારીરિક મુશ્કેલીઓને અવગણીને પણ એમણે બરાબર નિભાવી. મને યાદ છે મારે ત્યાં મારી બિમારીના સમયે જયારે

ખબર કાઢવા આવ્યા ત્યારે એમને પોતાને શારીરિક ઘણી મુશ્કેલીઓ હતી છતાં એમના મુખ ઉપર એનું દર્દ ન હોય અને હસતા ચહેરે જે રીતે એમણે મારી સાથે વાત કરી, મને લાગે છે કે આપણે સૌએ એમનામાંથી પ્રેરણા લેવા જેવું કામ એમના જીવનમાંથી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ સભ્યશ્રી નાથાલાલ પ્રેમજીભાઇ પટેલ આ વિધાનસભા ગૃહમાં જામજોધપુર મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવ્યા. જિલ્લા પંચાયતના સભ્યથી કામગીરી શરૂ કરીને વિધાનસભા ગૃહ સુધીની એમની કામગીરી તથા વિસ્તાર અને જિલ્લાના પ્રશ્નો માટે હંમેશા જાગૃત રહ્યા. એમને હું આપણા સૌ વતી શ્રદ્ધાંજલિ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડોકટર સોમાભાઇ દેસાઇ ૯૦ વર્ષની જૈફ ઉમરે એમનું દુઃખદ અવસાન થયું છે. અમદાવાદ શહેરમાં કોરપોરેટર, મ્યુનિસિપલ કોરપોરેશનના મેયર તરીકે એમની સેવાઓ અમદાવાદના ઈતિહાસમાં ચિરંજીવી રહેશે. ત્રીજી વિધાનસભામાં શાહપુર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને આ વિધાનસભા ગૃહમાં પ્રતિનિધિત્વ કર્યું હતું એ આપણા સૌ માટે યાદગાર બની રહેશે. હું એમને આપણા સૌ વતી શ્રદ્ધાંજલિ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ સભ્યશ્રી હસમુખલાલ વોરાનું ૭૨ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. એક શિક્ષિત એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ વ્યક્તિ અને સીરામિક ઉદ્યોગ સાથે સંકળાયેલ એક ઉદ્યોગપતિ તરીકે એમણે જાહેર જીવનમાં જે યોગદાન આપ્યું છે એ હંમેશા લોકો યાદ કરશે. વઢવાણ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને એમણે પ્રતિનિધિત્વ કર્યું હતું. યુવકોને પ્રોત્સાહિત કરવા માટે યુવક સંસ્થાના પ્રમુખ તરીકે રહીને એમણે જે આ વિસ્તારમાં કામ કર્યું છે એ યાદગાર રહેશે. હું આપણા સૌ વતી એમને શ્રદ્ધાંજલિ પાઠવું છું અને એમના પરિવારજનો ઉપર આવી પડેલ દુઃખને સહન કરવાની પ્રભુ શક્તિ અર્પે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

**શ્રી અશ્વિન કોટવાલ (ભા.રા.કોં)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોક ઠરાવ લઇને આવ્યા છે અને અમારા પક્ષના નેતાશ્રીએ એને અનુમોદન આપ્યું છે * (xxxx)તેમાં મારો સૂર પૂરાવું છું.

**શ્રી દિલીપભાઇ સંઘાણી (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઇ હજુ તો હમણાં જ છેલ્લા સત્ર વખતે આપણી સાથે હોય અને આ સત્રમાં આપણી વચ્ચે ન હોય એ કલ્પના કરી શકતા નથી. પ્રોફેસર મંગળભાઇ સાથેનો મારો પહેલો પરીચય, પહેલી મુલાકાત કટોકટી કાળ જ્યારે આ દેશ પર હતો ત્યારે સાબરમતિ જેલમાં થઇ. વિદ્યાર્થીકાળમાં કટોકટી સામે લડતા લડતા જ્યારે સાબરમતિ જેલમાં જવાનો મારો પ્રસંગ આવ્યો ત્યારે પ્રોફેસર મંગળભાઇ ત્યાં સાબરમતિમાં હાજર હતા. એટલા વર્ષોથી આજદિવસ સુધી સતત મંગળભાઇ સાથે જે મારાં સંબંધો જળવાણા. એમણે વિવિધ પંચાયતથી માંડીને આ રાજ્યના પાર્લામેન્ટરીના ટોપ કક્ષા સુધી કામ કર્યુ છતાં હસતાં ચહેરે હંમેશા હસતા હોય, એમની વાત કેવી હોય? શિસ્તબદ્ધ રીતે, સત્તા પક્ષમાં હતા, વિપક્ષમાં હતા તો પણ તેમની વાત મુદ્દાસર ભાષામાં, ક્યારેય કટુતા ના આવે, હસતા મૂખે વાત કરીને રાજ્યને એક નવી જ દિશાઓ, નવા જ સંસ્કારો આજના સમયના સાંપ્રદાયિકમાં આપણને સાંપડતા એ રીતેનું જીવન જીવીને આપણી વચ્ચેથી ગયા છે એમના જીવનમાંથી આપણે પ્રેરણા લઇએ. માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ્ લાવ્યાં છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મગનભાઇ બારોટનો પરિચય વ્યવસાયિક રીતે અને જાહેર જીવનમાં જ્યારથી પહેલા તો અનેક પ્રસંગોમાં, અનેક મિટિંગોમાં મળવાનું થયું. તે પણ એક તિક્ષ્ણ બુદ્ધિજીવી માણસ વકીલાતમાં તો કામ કરતા પરંતુ સંવેદનશીલતા સાહેબ, એમના અનેક પ્રવચનો, અનેક પ્રવૃત્તિઓમાં ક્યારેય એમના મોઢાંમાંથી કટુતા કે ઉગ્રતા જોવા નથી મળી એ પણ એક હરતી–ફરતી લોકશાહીમાં પોતાની વાતને મક્કમતાપૂર્વક કેવી રીતે કહી શકાય એવું એક આદર્શ જીવન જીવીને મગનભાઇ બારોટે આ રાજ્યમાં અને કેન્દ્ર કક્ષાએ પણ જવાબદારી નિભાવીને આપણા રાજ્યના એક સપૂત તરીકે કામ કર્યુ છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્રના નાથાભાઇ પટેલ, સોમાભાઇ દેસાઇ અને હસમુખલાલ વોરા ખૂબ જૈફ ઉંમરે આપણી વચ્ચેથી ગયા છે. એમણે ભૂતકાળમાં હાઉસમાં સેવાઓ આપી છે એ સેવાઓમાંથી એમનો અભ્યાસ કેટલો હતો? ડોકટર સુધી, વકીલાત સુધી એ વિષય અલગ છે. પરંતું એમની લોકતંત્ર ઉપરની વફાદારી, લોકો પ્રત્યેની શ્રદ્ધા લોકશાહીમાં કેવી રીતે હાઉસમાં વ્યવહાર થાય અને લોકોના પ્રશ્નો કેવી રીતે ઊકેલાય એ દિશામાં ભવિષ્યની પેઢીને ખૂબ માર્ગદર્શક થઇ પડે એવું જીવન જીવીને આજે આપણી વચ્ચે નથી રહ્યાં ત્યારે હું મારો સૂર પુરાવું છું.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (ભા.જ.પ.)**: માનનીય અધ્યક્ષશ્રી, આપણી અત્યારની વિધાનસભાગૃહના સદસ્ય અને ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ માનનીય પ્રોફેસર મંગળભાઇ સાહેબ અને અન્ય પૂર્વ સભ્યશ્રીઓના દુ:ખદ અવસાન પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે શોકદર્શક ઉલ્લેખ્ રજૂ કર્યો છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રોફેસર મંગળદાસ સાહેબ એક અમારા વડીલ તરીકે જૂના મહેસાણા જિલ્લામાં જયારે માણસા સામેલ હતું ત્યારથી માંડીને આજ સુધી એમની સેવાઓ ખાસ કરીને ગ્રામ્ય જીવનલક્ષી, ખેડૂતોલક્ષી અને શિક્ષણલક્ષી જે એમની સેવાઓ હતી એને આજે અમે બધા યાદ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, પ્રોફેસર મંગળભાઇ સાહેબે પરબતપુરા જેવા નાના ગામમાં એક ખેડૂત પરિવારમાં જન્મ લઇને એમ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યા પછી પ્રોફેસરની ફરજની સાથે સાથે એમના શિક્ષણનો, એમના અનુભવનો, એમની શક્તિનો સમાજને લાભ આપવા માટે એમણે પરબતપૂરા ગામમાંથી એમની સેવાઓ શરૂ કરી. વિજાપુર તાલુકા પંચાયતના પ્રમુખ, મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ, ત્રણ વખત સતત આ સન્નમાનીય સભાગૃહના માણસા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ, દંડકની કામગીરી, અન્ય કમિટીઓના ચેરમેનની કામગીરી અને છેલ્લે વિધાનસભાના અધ્યક્ષ તરીકેની ખૂબ સુંદર કામગીરી બજાવી છે. તેઓ હંમેશા ખેડૂતોના પ્રશ્નો માટે, ગામડાઓના નાના લોકોના પ્રશ્નો માટે જયાં જયાં એમની વગ હોય, જયાં જયાં એમના સંબંધો હોય ત્યાં એનો ઉપયોગ કરી ગામડાઓના લોકોને ખેડૂતોને વધુ ને વધુ સુવિધાઓ, સગવડો અને વ્યવસ્થાઓ પ્રાપ્ત થાય એ માટે સતત કાર્યરત હતા. સહકારી કામગીરીમાં પણ એમણે પરબતપૂરા દુધ મંડળીથી માંડી અનેક જગ્યાએ સહકારી કાર્યકર તરીકે પણ ખૂબ સુંદર સેવાઓ આપી છે. એટલે એક ખેડૂત તરીકે, પ્રોફેસર તરીકે અને સહકારી કાર્યકર તરીકે જુના મહેસાણા જિલ્લામાં અને અત્યારે ગાંધીનગર જિલ્લામાં અને સમગ્ર રાજયમાં એમણે ખૂબ સુંદર સેવાઓ આપી છે. એ સેવાઓને આપણે સૌ બિરદાવીએ છીએ. એમના જવાથી અમારા મહેસાણા જિલ્લાને, અમારા ઉત્તર ગુજરાતને અને સમગ્ર સહકારી અને ખેડૂત સમાજને ખૂબ મોટી ખોટ પડી છે, એ ખોટ અમને કદી નહીં પુરાય. એમના આત્માને પ્રભુ શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના સાથે આ ગૃહ મારફતે એમનો શોક સંદેશો પાઠવીએ છીએ.

આ સિવાય મુ. શ્રી મગનભાઇ બારોટ જેઓ પણ એક ઉત્તર ગુજરાતના જ પ્રતિનિધિ હતા. અમદાવાદમાં હતા પણ મહેસાણા જિલ્લા માટે અને ઉત્તર ગુજરાત માટે હંમેશા તેઓ કામ કરતા હતા. એમને પણ હું શ્રદ્ધંજલિ પાઠવું છું.

ડો. સોમાભાઇ દેસાઇ એ પણ અમદાવાદમાં રહી અને મેયર તરીકે અને ધારાસભ્ય તરીકે કામગીરી કરી અને સમાજની સેવાઓ કરી છે. એમને પણ શ્રદ્ધાંજલિ પાઠવું છું. અને અન્ય પૂર્વ ધારાસભ્યશ્રીઓના દુ:ખદ અવસાન પ્રસંગે શ્રદ્ધાંજલિ પાઠવું છું અને સ્વર્ગસ્થોના પરિવારજનો ઉપર આવી પડેલી આફતમાં ભગવાન એમને શકિત આપે એવી શ્રદ્ધાંજલિ આપના થકી પઠવાય, સહાનૂભુતિ પઠવાય તેવી હું વિનંતી કરું છું.

**શ્રી બાબુભાઇ મે. શાહ(ભા.રા.કોં) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે શોક ઠરાવ લાવ્યા છે અને વિપક્ષના નેતાશ્રીએ એમને જે સમર્થન આપ્યું છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્નમાનીય સભાગૃહના અધ્યક્ષપદે સ્વ. પ્રો. મંગળભાઇનું આપણે સૌએ સાનિધ્ય માણ્યું છે. સ્વ. મંગળભાઇ સાથેનો મારો પરિચય ૧૯૭૭માં, હમણાં માનનીય દિલીપભાઇએ કહ્યું એ પછીનો પણ પોતાને કોઇ સ્થાન ન મળે તો પણ એનો ખેલદિલીપૂર્વક સ્વીકાર કરનાર આ વ્યકિત, ૧૯૭૭માં માણસાની પેટાચૂંટણી હતી, લોકસભામાં શ્રી મોતીભાઇ ચૌધરી ગયેલા અને પછી જનસંઘ વતીથી એમનું નામ જનતાદળ તરફથી એમનું નામ આવેલું અને એમાં દિનેશભાઇને પસંદ કરાયા પણ એમણે ખેલદિલીપૂર્વક સ્વીકારેલા અને આ પરંપરા એમની હંમેશા જતું કરવાની ભાવના છે એનાથી એની મહાનતા હંમેશા વધતી જાય છે, એ એમના જીવનમાંથી આપણે ઉપદેશ લેવા જેવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી મગનભાઇ બારોટ, એક ખૂબ જ જાણીતા ધારાશાસ્ત્રી, શ્રમજીવીઓના હિતોની જાળવણી કરનાર અને ગુજરાતના હિતોની જાળવણી માટે મુ. ચુનીભાઇ વૈદ્ય સાથે નર્મદાની કોઇક બાબતમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં વિદ્વાન સિધ્ધાર્થ શંકર રેને બ્રિફ આપી અને મોટી ફી ખર્ચીને પણ ગુજરાતના હિતોની જાળવણી કરનાર આ વ્યકિત હતા એની મને ખબર છે. એટલા માટે એમનો ઉલ્લેખ કરવો જરૂરી છે. ગુજરાતના હિતોની જાળવણી અને નાયબ નાણાં મંત્રી કેન્દ્રના હતા અને ત્યારે એ શ્રી પ્રણવ મુખરજી સાથે એક વખત એ ઉદ્યોગપતિઓને મળવા માટે આવેલા ત્યારે પણ મારે એમની સાથેનો નિકટનો પરિચય અને પછી વર્ષો સુધી અમે મળતા રહ્યા. આવા એક આપણા વરિષ્ઠ ધારાશાસ્ત્રી સ્વ. શ્રી મગનભાઇ રણછોડભાઇ બારોટ અને એમની લાયબ્રેરી દાખલારૂપ છે. કાયદાશાસ્ત્રનો રેફરન્સ જોઇતો હોય તો મગનભાઇની અદ્યતન લાયબ્રેરી અને તમામ કાયદાને લગતી રેફરન્સ બુક મળે. ગુજરાતી ચલચિત્ર સંતુ રંગીલીમાં એમની લાયબ્રેરીનો ઉપયોગ થયો હતો. આવા ધારાશાસ્ત્રી એ પોતાના વિષયને ખૂબ ગંભીરતાપૂર્વક લેતા. અમારા નેતા શકિતસિંહભાઇએ પણ કહ્યું કે તેઓ દુઃખી અને કચડાયેલા લોકો સાથે હંમેશા રહેતા. એમના હામી રહેતા. સ્વ. શ્રી નાથાભાઇ પ્રેમજીભાઇ પટેલ ત્રીજી વિધાનસભામાં હતા. સ્વ. ડો. સોમાભાઇ અમે વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારે મહા ગુજરાત જનતા પરિષદના લડવૈયાઓમાં સોમાભાઇ પટેલનું નામ હતું. એ મેયર જયારે થયા ત્યારે પ્રગતિશિલ વિચારસરણીના લોકોએ એક ઉજવણી કરેલી કારણકે અમદાવાદ શહેરની અંદર એ સામ્યવાદી વિચારસરણીના મેયર કોઇ થયા હોય તો સોમાભાઇ પટેલ થયેલા અને એમની સાથે નિકટતાનો પરિચય મને આપણા જી.આઇ.પટેલ જે સાંસદ ગાંધીનગર એમના કારણે વિશેષ થયેલો. હસુભાઇ વોરા એમને હસુભાઇના નામે અમે ઓળખીએ. સુરેન્દ્રનગરમાં હું રહેલો. વઢવાણના ધારાસભ્ય તરીકે એ પણ ખૂબ જ પ્રગતિશીલ વિચારના એટલું જ નહીં પણ ઉદ્યોગની અંદર પણ સિરામીકનું સંચાલન કરતા ખૂબ જ જાણીતા અને એમના મિત્ર વર્તુળમાં એક બુદ્ધિમતા સાથેના એક આગેવાન હતા. આ સદગત આત્માઓ આપણી વચ્ચેથી વિદાય થયા છે ત્યારે જાહેર જીવનની અંદર એમનું પ્રદાન જે છે એ આપણે યાદ રાખીએ અને એમના મહાન ગુણો જે છે એને આપણે ગ્રહીએ અને જનાર તો જતા રહ્યા સદગુણ એના સાંભરે એ વાતને સ્વીકારીએ અને એમના આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરીએ.

**શ્રી નરોત્તમભાઇ પટેલ (ભા.જ.પ.)** ઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકસંદેશો લઇને આવ્યા છે અને વિપક્ષના નેતાએ જેને સમર્થન કર્યુ છે એમાં હું મારો સૂર પુરાવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી મંગળદાસ પટેલ મારા બહુ નજીકના મિત્ર રહ્યા. તેઓ અવિભાજય મહેસાણા જિલ્લાના લાંબા સમયના આગેવાન રહ્યા હતા. ૬૯ વર્ષની ઉંમરે બહુ મોટી ન કહેવાય એવી ઉંમરે એમનું અવસાન થયું છે. તેઓ મારા પંચાયત વિભાગમાં મારે જયારે જયારે માર્ગદર્શન જોઇએ ત્યારે હું એમને મળવા જતો હતો અને એમનું માર્ગદર્શન પણ મને મળી રહેતું હતું મને કહેતા ખૂબ ગૌરવ થાય છે મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ખૂબ લાંબા સમય સુધી સેવાઓ એમણે આપી હતી અને મહેસાણા જિલ્લાના વિકાસમાં એમનું ઘણું પ્રદાન રહેલું છે. વિરોધ પક્ષના નેતા તરીકે પણ કામગીરી કરીને અમારા પક્ષને મજબુત કરવામાં પણ એમણે ઘણીબધી કામગીરી સંભાળી હતી. ગુજરાત રાજય પિરષદના પ્રમુખ તરીકે અને સહકારી

મંડળીઓના વિવિધ જગ્યાએ પ્રમુખ તરીકે કામગીરી કરી છે. શિક્ષણ ક્ષેત્રમાં પણ તેઓ પોતે પ્રોફેસર હતા અને માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય તરીકે પણ એમણે કામગીરી કરી છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કરી એમાં પણ એમની વિચારધારાનો ઉપયોગ થયો હતો સાથેસાથે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે પણ તેઓ રહ્યા હતા. જયાં સુધી તેઓ અધ્યક્ષ તરીકે હતા ત્યાં સુધી મને એમના પાડોશમાં મંત્રી નિવાસમાં રહેવાની તક મળી અને એમનું સતત સાનિધ્ય મળતું હતું. એમનો મિલનસાર સ્વભાવ પણ એમની સામાજિક સેવાની બાબતમાં તેઓ ખૂબ આગ્રહી હતા. નીતિ વિષયક બાબત હોય ત્યારે તો તેઓ ચોકકસ કરાવતા પણ ઘણી વખત નીતિ વિષયક બાબતમાં છુટી ગયેલી બાબત હોય સમાજને ઉપયોગી હોય તો સમાજના હિતમાં પોતાના સ્પષ્ટ વિચારો બતાવતા હતા. આજે તેઓ આપણી વચ્ચે નથી ત્યારે એમના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની શકિત મળે. એ સિવાયના મિત્રો સ્વ.શ્રી મગનભાઇ બારોટ, સ્વ.ડો. સોમાભાઇ દેસાઇ અને સ્વ.શ્રી હસમુખલાલ વોરા આ તમામને મારી હું શોકાંજલિ આપું છું.

**અધ્યક્ષશ્રી**: આ ગૃહના મારા પુરોગામી અને આપણા સૌના માર્ગદર્શક અને પૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી પ્રો. મંગળભાઇ પટેલ, ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી અને ભારત સરકારના પૂર્વ નાયબ મંત્રીશ્રી સ્વ. મગનભાઇ બારોટ, વિધાનસભાના પૂર્વ સભ્યશ્રીઓ સ્વ. નાથાલાલ પટેલ, સ્વ.શ્રી ડો. સોમાભાઇ દેસાઇ અને સ્વ. શ્રી હસમુખલાલ વોરાના અવસાન અંગે ગૃહના નેતાશ્રી તરફથી રજૂ થયેલ શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પુરાવું છું.

સ્વ.શ્રી પ્રો. મંગળભાઇ પટેલ સતત ત્રણ ટર્મ સુધી એક જ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને રાજયના જાહેર જીવનમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેઓશ્રી સન ૧૯૬૬ માં જનસંઘના પ્રાથમિક સભ્ય બન્યા. આ રીતે જાહેર જીવન તથા રાજકારણમાં જોડાયા. એમ.એસ.સી. જેવી ઉચ્ચ પદવી મેળવી માણસાના સાયન્સ કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા હતા. ખેડૂત પૂત્ર હોવાથી તેમને આધુનિક ખેતીમાં વિશેષ રસ હતો. તેમણે પોતાના જાહેર જીવનમાં ૪૦ વર્ષો દરમ્યાન શિક્ષણ, ખેતીવાડી, પશુપાલન, પંચાયતી રાજ, ગ્રામ્ય વિકાસ, સહકાર, જાહેર વહીવટ, સામાજિક સંસદીય અને રાજકીય સેવા જેવા વિવિધ ક્ષેત્રે મહત્વની કામગીરી બજાવી હતી. તેઓશ્રીનું જાહેર જીવન સ્વચ્છ અને પારદર્શક હતું. પ્રો. મંગળભાઇ પટેલ જાહેર જીવનના પાયાના પથ્થર હતા. રાષ્ટ્રભકિતને વરેલા પ્રો.મંગળભાઇના હૃદયમાં પ્રજાનું મંગળ સદા વસેલું હતું. આ ક્ષેત્રમાં આપણે સૌએ એક ઉમદા વ્યકિતત્વને ગુમાવ્યું છે. વિધાનસભાના અધ્યક્ષ હોવા છતાં પોતાના ખેતમજૂર માટે જાતે ટિફિન લઇને જતા એ તેઓની સદભાવનાની પરાકાષ્ઠા છે. નાનામાં નાના માણસની રજૂઆત બહુ જ ધ્યાનથી સાંભળતા. શિક્ષણ, રાજકારણ અને કૃષિ કલ્યાણના ભેખધારી એવા પ્રો.મંગળભાઇ પટેલ હંમેશા લોકોની વચ્ચે દોડી જતા હતા. તેમનામા પ્રજાના પ્રશ્નો પારખવાની ગજબ કોઢાસૂઝ હતી. છેલ્લે આ ગૃહના અધ્યક્ષ તરીકે ગૃહની કાર્યવાહીનું સંચાલન પણ ખૂબ જ કુશળતાપૂર્વક કર્યુ હતું. તે આપણા સૌને માટે માર્ગદર્શક બની રહેશે. તેમની પ્રસ્થાપિત કરેલી ઉચ્ચ સંસદીય પરંપરાઓનું જતન કરવાની આપણા સૌની જવાબદારી છે. તેમના અકાળે અવસાનથી ગુજરાતના જાહેર જીવનમાં ખૂબ મોટી ખોટ પડી છે.

સ્વ.શ્રી મગનભાઇ બારોટે પણ રાજયના મંત્રી તેમજ ભારત સરકારના નાયબ મંત્રી તરીકે ખૂબ જ યશસ્વી ફરજો બજાવી હતી. તેમના અવસાનથી એક ઉમદા વ્યકિતત્વની ખોટ પડી છે. સ્વર્ગસ્થશ્રી નાથાલાલ પ્રેમજીભાઇ ભાણવડિયા, સ્વ.ડો.સોમાભાઇ દેસાઇ અને સ્વ.શ્રી હસમુખલાલ વોરાએ પણ આ ગૃહના સભ્ય તરીકે રહીને ગુજરાતના જાહેર જીવનમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓના અકાળે અવસાનથી ગુજરાતના જાહેર જીવનમાં ભારે મોટી ખોટ પડી છે. પ્રભુ આ સર્વે સદગત આત્માઓને શાશ્વત શાંતિ આપે તેવી અભ્યર્થના સાથે આપણે સૌ આપણા સ્થાન ઉપર ઉભા રહીને બે મિનિટનું મૌન પાળીશું.

**( બે મિનિટ મૌન બાદ )**

માન.સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

# માનનીય સંસદીય બાબતોના  મંત્રીશ્રીનો પસ્તાવ

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી (માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી)ઃ** માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યમાન સભાગૃહના સભ્યશ્રી અને આ ગૃહના પૂર્વ અધ્યક્ષશ્રી સ્વ.પ્રો.મઙ્ગળભાઇ માધવદાસ પટેલના અવસાનના માનમાં  સભાગૃહનું આજનું કામકાજ મુલતવી રાખવામાં આવે.

શ્રીમતી ઇકબાલ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે પ્રસ્તાવને સમર્થન આપીએ છીએ.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧.૧૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૨૪મી ફેબ્રુઆરી  ૨૦૧૨ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨**
**ફાલ્ગુન ૫, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## રાજયમાં ચેતક કમાન્ડો તાલીમ કેન્દ્રની સ્થાપના

***૨૩૬૫૩ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે–

(૧) વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજયમાં કમાન્ડો તાલીમ કેન્દ્રની સ્થાપના માટે રાજય સરકારે કોઇ આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) ઃ

(૧) અને (૨)

હા, જી. રાજય સરકારે રાજયમાં અત્યાધુનિક એક અલગ કમાન્ડો તાલીમ કેન્દ્ર ઉભું કરવા માટે વર્ષ ૨૦૧૦ માં નિર્ણય કરેલ છે. આ માટે ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ખલાલ ગામે સર્વે નંબર ૩/અ માંલ ૮૦ હેકટર જમીન ફાળવવામાં આવેલ છે. તાલીમ કેન્દ્રને લગતી બાંધકામની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે અને સાધન સામગ્રીની ખરીદીની કાર્યવાહી ચાલુ છે.

ઋષિકેશ પટેલ (વિસનગર) ઃ માનનીય અધ્યક્ષશ્રી, આપણા આદરણીય મુખ્ય મંત્રીશ્રી અને ગૃહ વિભાગે ખૂબ જ સમગ્ર દેશમાં (અંતરાય) પ્રશ્ન ઉપર જ આવી રહ્યો છું. પણ પ્રશ્ન સાથે સંકલીત બાબત છે. ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી,

અધ્યક્ષશ્રી ઃ આપ સીધો પ્રશ્ન પૂછો.

શ્રી ઋષિકેશ પટેલ ઃ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ખલાલ ગામે મંજૂર કરેલ ચેતક કમાન્ડો તાલીમ કેન્દ્ર માટે વર્ષ–૨૦૧૧–૧૨માં બાંધકામ અને સાધન સામગ્રી ખરીદવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? અને કરવામાં આવી હોય તો તેની વિગતો શું છે?

શ્રી પ્રફુલભાઇ પટેલ ઃ રાજ્યના માનનીય મુખ્ય મંત્રીશ્રી એ આતંકવાદ અને ત્રાસવાદની ઘટનાઓ સામે ખૂબ હિંમતપૂર્વકનું પગલું લઇ અને નિર્ણાયક રીતે કામગીરી હાથ ધરી શકાય તે માટે એક ચેતક કમાન્ડો ફોર્સની રચના કરી હતી. અને આ કમાન્ડોની ટ્રેઇનિંગ માટે કઠલાલ ખાતે અદ્યતન તાલીમ કેન્દ્ર ઉભું કરવાનો નિર્ણય કર્યો અને વર્ષ ૨૦૧૧–૧૨ના વર્ષમાં નવા કમાન્ડોની તાલીમ કેન્દ્ર માટે વિવિધ પ્રકારનાં બાંધકામના હેતુ માટે રૂપિયા સાડા આઠ કરોડ અને અધ્યતન સાધન સામગ્રી માટે સવા છ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. આ સાડા આઠ કરોડના ખર્ચમાં જે બાંધકામના કામો હાથ પર લેવાના છે એમાં આર.સી.સી. રોડ, કમ્પાઉન્ડ વોલ, મેઇન ગેઇટ, વગેરે માટે ૨૧૪.૦૯ લાખની જોગવાઇ કરેલ છે. તેના ટેન્ડર પણ ઓન લાઇન થઇ ગયા છે. બી કેટેગરીમાં ૨૪ યુનિટના બાંધકામ માટે ૧૩૭.૯૬ લાખ રૂપિયાના ખર્ચે, અને એ જ ,પ્રકારે ટ્રેઇનિંગ માટેના બેરેક માટે ૩૦૫. ૨૬ લાખ, અને ઓફિસ માટેના બેરેક માટે ૨૯૫.૯૮ લાખ રૂપિયાના ખર્ચે મંજૂર કરી અને તેના ટેન્ડર બહાર પાડયા છે આમ કુલ ૯૧૩.૨૯ લાખ રૂપિયાના કામો મંજૂર કરેલ છે. અને તેની નિવિદા બહાર પાડવામાં આવેલ છે. સાધન સામગ્રી માટે સવા છ કરોડ રૂપિયા રાજ્ય સરકારે મંજૂર કરેલ છે તેની વિગતો જોઇએ તો સીમ્યુલેટર માટે ૨૭૨ લાખ રૂપિયા , આઠ વાહનો માટે ૯૬.૦૫ લાખ રૂપિયા જીમ્નેસ્ટીકના સાધનો માટે ૨.૯૭ લાખ રૂપિયા, મેસના સાધનો માટે ૨૧.૧૬ લાખ રૂપિયા, બેન્ચીસ,

ડાઇનીંગ ટેબલ, ઓફિસ ટેબલ વગેરે વિવિધ આઇટેમો માટે કુલ ૬૨૪.૮૭ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે.

શ્રી કનુભાઇ ડાભી ઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ચેતક કમાન્ડો ફોર્સના કેટલા યુનિટ મંજૂર કરવામાં આવેલ છે અને તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે. અને હાલમાં કયાં તાલીમ આપવામાં આવે છે તેમજ ચેતક કમાન્ડોના કમાન્ડોની તાલીમનો સમયગાળો કેટલો હોય છે?

શ્રી પ્રફુલભાઇ પટેલ ઃ રાજ્યમાં ત્રાસવાદની પ્રવૃતિને પહોંચી વળવા માટે ચેતક કમાન્ડો ફોર્સની રચના ૨૦૦૩માં કરવામાં આવેલ હતી. અગાઉ જે કમાન્ડો ફોર્સની વ્યવસ્થા હતી તેનું નામકરણ ૨૦૦૩માં કરવામાં આવેલ હતું. તેમાં ૨૦૦૩માં એક અને બે યુનિટો અને ૨૦૧૦માં બીજા બે યુનિટ, યુનિટ ૩ અને ૪ એમ કુલ ૪ યુનિટમાં કુલ ૩૭૮ જેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ હતી. તે પૈકી ૩૩૩ જેટલા ઓપરેશનમાં કામ કરવાનું છે તેવા કમાન્ડો છે. અને ૪૫ જેટલો સપોર્ટીંગ સ્ટાફ અને કલેરીકલ સ્ટાફની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ હતી. આજે ૨૨૨ જેટલી જગ્યાઓ ભરાયેલી છે. અને ૧૧૧ જેટલી જગ્યાઓ ખાલી છે. આ કમાન્ડોનો બૈઝિક કોર્ષ કરાઇ ખાતે ૧૨ વીકની તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ પૂરી કર્યા પછી એમને એન.એસ.જી. કમાન્ડોની તાલીમ માનસર ખાતે અથવા તો રાજસ્થાન પોલીસ ટ્રેનિંગ સેન્ટર આર.બી.ડી.સી. પાસે મોકલીએ છીએ. આર.બી.ડી.સી. એ ૩૦ વીકનો એડવાન્સ કોર્ષ છે. આ કોર્ષ પૂરો કર્યા પછી એ ચેતક કમાન્ડો તરીકે પોતાની કામગીરી બજાવતા હોય છે. બૈઝિક તાલીમ લીધા પછી એડવાન્સ કોર્ષ કર્યા પછી ચેતક કમાન્ડોમાં જોડાયા પછી એને દર વર્ષે રિફ્રેસીંગ કોર્ષ પણ થતો હોય છે. કરાઇ ખાતે છ વીકનો રીફ્રેસીંગ કોર્ષ કરવામાં આવતો હોય છે.

ખેડા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ

***૨૩૮૭૭ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે–

(૧) ખેડા જીલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે?

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રીઃ**

(૧) અને (૨)

| વર્ષ | મંજૂર કરાયેલ અરજીઓ | વિતરણ કરાયેલ કીટ | ખર્ચ રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૩૦૦ | ૬૧૯ | ૩૦.૯૫ |
| ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી) | ૧૫૦૧ | ૧૮૧૨ | ૯૦.૬૦ |

શ્રી દેવુસિંહ ચૌહાણ : હું આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સન ૨૦૧૦–૧૧ અને વર્ષ્ ૨૦૧૧–૧૨ માર્ચ સુધીમાં માનવ કલ્યાણ યોજના અન્વયે તાલુકાવાર કુલ કેટલી અરજીઓ આવી, કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર થઇ અને કેટલી અરજીઓ પડતર રહી. મંજૂર થયેલ તાલુકાવાર કીટો કેટલી વહેંચાઇ અને તાલુકાવાર આ કીટનો કુલ કેટલો ખર્ચ થયો?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળાઃ માનનીય સભ્યશ્રીએ ત્રણ ભાગમાં પ્રશ્ન પૂછયો છે. અરજીઓનું વિવરણ, કીટનું વિવરણ માગ્યું છે અને તાલુકા વાઇઝ કેટલો ખર્ચ થયો છે એની બે વર્ષ માટેની માહિતી માગી છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખેડા દ્વારા વર્ષ ૨૦૧૦–૧૧ માં જે અરજીઓની વિગતો છે એમાં તાલુકા પ્રમાણે કઠલાલ તાલુકામાં ૧૯૩ અરજીઓ આવી હતી એમાંથી ૧૦૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૫૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી જયારે ૩૫ અરજીઓ પડતર રહી છે. કપડવંજ તાલુકામાં ૩૨૯ અરજીઓ મળી હતી એમાંથી ૧૬૪ અરજીઓ મંજૂર થઇ હતી, ૭ અરજીઓ નામંજૂર થઇ હતી જયારે ૧૦૫ અરજીઓ પડતર રહી હતી. બાલાસિનોર તાલુકામાં ૧૮૬ અરજીઓ મળેલ હતી એમાંથી ૧૨૩ અરજીઓ મંજૂર થઇ હતી જયારે ૨૮ અરજીઓ નામંજૂર થઇ હતી જયારે ૩૫ અરજીઓ પડતર રહી હતી. વિરપુર તાલુકામાં ૧૬૧ અરજીઓ મળી હતી એમાંથી ૫૬ અરજીઓ મંજૂર થઇ હતી, ૩૦ નામંજૂર થઇ જયારે ૭૫ અરજીઓ પડતર રહી હતી. ઠાસરા તાલુકામાં ૩૪૨ અરજીઓ મળી હતી, એમાંથી ૧૩૨ અરજીઓ મંજૂર થઇ હતી. ૧૧૫ અરજીઓ નામંજૂર જયારે ૯૫ અરજીઓ પડતર રહી હતી. મહુધા તાલુકામાં ૧૮૦ અરજીઓ મળી હતી એમાંથી ૯૪ મંજૂર થઇ હતી, ૭૧ અરજીઓ નામંજૂર થઇ હતી અને ૧૫ અરજીઓ પડતર રહી હતી. મહેમદાવાદ તાલુકામાં ૩૪૫ અરજીઓ મળી હતી એમાંથી ૯૮ અરજીઓ મંજૂર થઇ હતી, ૨૨૨ અરજીઓ નામંજૂર થઇ હતી જયારે ૨૫ અરજીઓ પડતર રહી હતી. ખેડા તાલુકામાં ૧૪૧ અરજીઓ મળી હતી એમાંથી ૧૦૨ મંજૂર થઇ, ૨૩ અરજીઓ નામંજૂર થઇ હતી જયારે ૧૬ અરજીઓ પડતર રહી હતી. નડિયાદ તાલુકામાં ૬૭૨ અરજીઓ મળી હતી, ૩૫૦ અરજીઓ મંજૂર થઇ હતી, ૨૧૯ અરજીઓ નામંજૂર થઇ હતી જયારે ૧૦૩ અરજીઓ પડતર રહી હતી. માતર તાલુકામાં ૧૦૭ અરજીઓ મળી હતી એમાંથી ૭૯ અરજીઓ મંજૂર થઇ હતી, ૧૬ અરજીઓ નામંજૂર થઇ હતી જયારે ૧૨ અરજીઓ પડતર રહી હતી. સમગ્ર જિલ્લામાં સન ૨૦૧૦–૧૧ માં જોઇએ તો કુલ ૨૬૫૬ અરજીઓ મળી હતી એમાંથી ૧૩૦૯ અરજીઓ મંજૂર થઇ હતી, ૮૪૦ અરજીઓ નામંજૂર થઇ હતી જયારે ૫૧૬ અરજીઓ પડતર રહી હતી. એમનો બીજો પ્રશ્ન બીજા વરસ માટે ૧૧–૧૨– ૩૧ ડિસેમ્બર, ૨૦૧૧ ની સ્થિતિએ જોઇએ તો કઠલાલ તાલુકામાં ૨૩૦ અરજીઓ મળી હતી, ૧૨૫ મંજૂર કરવામાં આવી હતી જયારે ૭૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી, ૩૫ અરજીઓ પડતર રહી હતી. કપડવંજ તાલુકામાં ૩૬૮ અરજીઓ મળી હતી એમાંથી ૨૧૨ અરજીઓ મંજૂર થઇ હતી, ૧૦૮ અરજીઓ નામંજૂર થઇ હતી જયારે ૪૮ અરજીઓ પડતર રહી હતી. બાલાસિનોર તાલુકામાં ૨૪૩ અરજીઓ આવી હતી એમાંથી ૧૫૭ અરજીઓ મંજૂર થઇ હતી, ૬૧ અરજીઓ નામંજૂર થઇ જયારે ૨૫ અરજીઓ પડતર રહી હતી. વિરપુર તાલુકામાં ૧૪૬ અરજીઓ મળી હતી એમાંથી ૭૮ અરજીઓ મંજૂર થઇ હતી, ૩૩ અરજીઓ નામંજૂર થઇ હતી જયારે ૩૫ અરજીઓ પડતર રહી હતી. ઠાસરામાં ૨૯૪ અરજી આવી હતી. ૧૪૭ મંજૂર થઇ, ૧૧૦ નામંજૂર થઇ અને ૩૭ પડતર રહી હતી. મહુધામાં ૨૪૧ અરજી મળી હતી. ૧૨૮ મંજૂર થઇ, ૮૦ અરજી નામંજૂર થઇ અને ૩૩ પડતર રહી હતી. મહેમદાવાદમાં ૨૨૬ અરજી મળેલી, ૧૧૮ મંજૂર, ૮૮ નામંજૂર થઇ અને ૨૦ જેટલી પડતર રહી હતી. ખેડા તાલુકામાં ૨૩૬ અરજીઓ મળી હતી. ૧૦૯ અરજી મંજૂર થઇ હતી, ૭૯ અરજી નામંજૂર થઇ હતી અને ૪૮ અરજીઓ પડતર રહી હતી. અન્ય બે તાલુકા છોડતા કુલ ૨૬૫૬ જેટલી અરજીઓ મળી હતી. ૧૫૦૧ મંજૂર થઇ હતી, ૮૨૧ નામંજૂર થઇ હતી અને પડતર ૩૩૪ રહી હતી. તેમના પ્રશ્નના બીજા ભાગમાં તાલુકાવાઇઝ કેટલી કીટનું વિતરણ થયું હતું, ૨૦૧૦–૧૧ની વાત કરું તો કઠલાલમાં ૩૯, કપડવંજમાં ૬૬, બાલાસિનોરમાં ૮૦, વીરપુરમાં ૪૧, ઠાસરામાં ૭૮, મહુધામાં ૫૩, મહેમદાવાદમાં ૪૭, ખેડામાં ૫૬, નડિયાદમાં ૧૦૯ અને માતરમાં ૫૦. તેમ કુલ ૬૧૯ જેટલી કીટનું વિતરણ વર્ષ ૧૦–૧૧માં કરવામાં આવ્યું હતું. તે પ્રમાણે વર્ષ ૧૧–૧૨માં ૩૧મી ડિસેમ્બર–૨૦૧૨ સુધીમાં કઠલાલમાં ૧૬૮, કપડવંજમાં ૨૫૮, બાલાસિનોરમાં ૧૬૧, વીરપુરમાં ૭૦, ઠાસરામાં ૧૮૪ એમ મળી કુલ ૧૮૧૨ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ ટૂંકમાં માહિતી આપો પ્લીઝ.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : સાહેબ, તાલુકાવાઇઝ છે એટલે તાલુકા તો હું ઓછા ન કરી શકું. મારે તો પૂરેપૂરા તાલુકા બોલવા પડે. તાલુકાવાર કીટ વિતરણમાં જે સહાય હતી, બે વર્ષની તેમણે વિગત માગી. ૧૦–૧૧માં કઠલાલમાં ૧.૯૫ લાખ, કપડવંજમાં ૩.૩૦ લાખ, બાલાસિનોરમાં ૪ લાખ, વીરપુરમાં ૨.૫ લાખ, ઠાસરામાં ૩.૯૦ લાખ, નડિયાદમાં ૫.૪૫ લાખ, માતરમાં ૨.૫૦ લાખ, તેમ કુલ ૧૦–૧૧માં ૩૦.૯૫ લાખ રૂપિયાની સહાય કરવામાં આવી હતી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ ૧૦–૧૧ અને ૧૧–૧૨માં ૧૩૦૦ અને ૧૫૦૧ એમ કુલ ૨૮૦૧ અરજીઓ આવી હતી. તેમાં કેટલીક અરજીઓ નામંજૂર કરી છે તો નામંજૂર કરવાના ચોક્કસ કારણો શું છે?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, નામંજૂર કરવામાં આવી છે તેના કારણો નીચે મુજબ હોઇ શકે. એક તો પૂર્તતા અધિક્રમ કાગળ ન હોવાના કારણે. વય મર્યાદામાં આવતા ન હોવાના કારણે. બી.પી.એલ.યાદીમાં સમાવેશ ન થયો હોવાના કારણે. અરજદાર ચકાસણી સમયે હાજર ન રહેવાના કારણે અને અગાઉ જો લાભ લીધો હોય તો ફરીવાર લાભ માટેની અરજી આવે તો તે પણ નામંજૂર કરવામાં આવતી હોય છે. આ સામાન્ય કારણો નામંજૂર કરવા માટેના રહે છે.

શ્રી રામસિંહભાઇ પરમારઃ માનનીય અધ્યક્ષશ્રી, જે કીટ આપવામાં આવી છે તેમાં મારો પ્રશ્ન છે કે એક કીટની કિંમત કેટલી હતી? આ કીટ કયાં તૈયાર કરવામાં આવી હતી અને ટેન્ડરથી તૈયાર કરવામાં આવી હતી? કઇ પાર્ટીને આપી હતી? કીટમાં હલકી વસ્તુઓ આવી છે એવી ખેડૂતોની ફરિયાદ આવી છે એ વાત સાચી છે?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : સામાન્ય રીતે ગુજરાત સરકારનું ગ્રીમકો છે તે ટેન્ડર પદ્ધતિથી આ કીટમાં સમાવિષ્ટ થયેલી ચીજોના ટેન્ડર મગાવીને ટેન્ડર ફાયનલ કરીને જે એલ–૧ આવ્યું હશે એ પ્રમાણે કીટવાઇઝ દરેક ટેન્ડર ફાયનલ કરીને તેને ઓર્ડર આપવામાં આવતો હોય છે. કીટ સબસ્ટાન્ડર્ડ કે નીચી કક્ષાની મળી છે તેવી આજ સુધી કોઇ પણ ફરિયાદ વિભાગને કે મને પણ મળી નથી. સામાન્ય રીતે ૧૪૨ જેટલા ટ્રેડ માટેની આ કીટ હોય છે અને એક કીટમાં એક આઇટમથી માંડીને ૪૦ આઇટમ સુધીની કીટ હોય છે એટલે કોઇ પણ એક કીટની ચોકકસ કિંમત કેટલી હોઇ શકે એ નક્કી કરવું અઘરું કામ છે. કેમ કે ૧૪૨ જેટલા ટ્રેડ છે. એક એક ટ્રેડમાં ૮–૮, ૧૦–૧૦ આઇટમ હોય છે. એ ૬,૦૦૦ રૂપિયાની મર્યાદામાં આપણે આ કીટનું વિતરણ કરતા હોઇએ છીએ.

## બનાસકાંઠા જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી

***૨૩૬૫૭ શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે–

૧. રાજયમાં સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત ખરી છે, અને
૨. જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઇ?

**મુખ્યમંત્રીશ્રીઃ(ગૃહ)**

૧. હા,જી.
૨. (૧) વર્ષ ૨૦૧૦માં ૫૬૩
(૨) વર્ષ ૨૦૧૧માં ૨૭૯

**શ્રી મફતલાલ પુરોહિત ઃ** માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતને સલામતી આપવા માટે જે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ જે ફરજ બજાવે છે તેમને રહેવા માટે એકદમ સારી સગવડ અને એમના બાળકોના શિક્ષણ અને આરોગ્ય માટે રાજય સરકારે જે વ્યવસ્થા કરી છે તે ખરેખર દાદ માગી લે તેવી છે તેના માટે માનનીય મુખ્યમંત્રી અને ગૃહમંત્રીશ્રીને હું અભિનંદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસ

કર્મચારીઓ અને અધિકારીઓ જે માહોલમાં કામ કરે છે એમાં એમને એમના આરોગ્ય માટે થઇને પોલીસ વિભાગે, ગૃહ વિભાગે એક આરોગ્યનો જે કાર્યક્રમ છે એ કાર્યક્રમ હેઠળ એમના પરિવારને આરોગ્યની એ સેવામાં સામેલ કરવામાં આવ્યા છે કે કેમ, અને બનાસકાંઠા જિલ્લાની અંદર આ આરોગ્ય ચકાસણીના શું પરિણામ છે અને ખાસ કરીને કયા કયા રોગોની ચકાસણી કરવામાં આવે છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી ઃ બેઠા બેઠા કોમેન્ટના કરો પ્લીઝ.. પ્રશ્નોત્તરી ચાલે છે. નહીં નહીં પ્લીઝ.. ..

શ્રી પ્રફુલભાઇ પટેલ ઃ માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ અધિકારી અને કર્મચારીઓને તેમની ફરજો ઘણા લાંબા સમય સુધી ઘણી વખત બજાવવી પડતી હોય છે. વિશિષ્ટ સંજોગોમાં તેમને કામગીરી કરવાની થતી હોય છે. આ બધી બાબતોને કારણે તેમના આરોગ્યની ઉપર વિપરીત અસરો થતી હોય છે. એ અસરોને દૂર કરવાના શ્રેષ્ઠ આશયથી રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૪થી આ પોલીસ પરિવાર, અને પોલીસ કર્મચારીઓના આરોગ્ય ચકાસણીનો એક કાર્યક્રમનો પ્રારંભ કર્યો. આ પોલીસ કર્મચારી અધિકારીઓ તથા તેમના કુટુંબીજનોના સ્વાસ્થ્યની નિયમિત ચકાસણી થાય તે માટે આ કાર્યક્રમની જે શરૂઆત કરી છે, આ કાર્યક્રમમાં માત્ર પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ જ નહીં પરંતુ તેમના પરિવારજનો તથા ૫ વર્ષથી નીચેના બાળકોને પણ આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીનો જે બીજો પ્રશ્ન છે કે આમાં કેવા પ્રકારના રોગોનું નિરીક્ષણ કરવામાં આવતું હોય છે તો એમાં ડાયાબીટીસ, બી.પી. ટી.બી., હૃદયરોગ, કીડની, લીવર, ચામડીના રોગો તેમજ આંખ, નાક, કાન, ગળા આવા પ્રકારના રોગોની ચકાસણી કરવામાં આવતી હોય છે. માનનીય સદસ્યશ્રીએ જે બનાસકાંઠા જિલ્લાના સંદર્ભમાં જે વાત કરી છે એમાં રાજય સરકારે માત્ર પોલીસ અધિકારી, કર્મચારીઓ જ નહીં પણ એમના પરિવાર અને એમના બાળકોને પણ આરોગ્ય પરિક્ષણમાં આવરી લેવામાં આવ્યા છે અને તે અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૪૨ પોલીસ કર્મચારીઓ અને એમના પરિવારજનો એટલે કે કુટુંબીજનો ૧૦૭૧ અને એમના ૪૦૨ બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવેલી છે. ખાસ કરીને પોલીસ વિભાગના કર્મચારીઓમાં દર ૨ વર્ષે આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે, એમના પરિવારજનોની દર ૪ વર્ષે આરોગ્યની ચકાસણી કરવામાં આવતી હોય છે.

શ્રી વસંતકુમાર પ્ર. ભટોળ ઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ૬ કરોડ જનતાના રક્ષણની જવાબદારી સંભાળતા પોલીસ વિભાગના સૌ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી થાય એ ખૂબ પ્રસંશનીય બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ આવા કેટલા કર્મચારી/અધિકારીઓનું ચેકઅપ થયું છે અને કેટલા કર્મચારીઓને કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા છે?

શ્રી પ્રફુલભાઇ પટેલ ઃ માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જો વિગત જોઇએ તો પાલનપુર તાલુકામાં કુલ ૭૩૫ કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા છે અને ૩૪૭ લોકોનું મેડીકલ ચેકઅપ થયું છે. વડગામ તાલુકામાં કુલ ૫૬ કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા છે હેલ્થ કાર્ડ અને ૪૬ કર્મચારીઓનું મેડીકલ ચેકઅપ થયું છે. દાંતા તાલુકામાં ૧૦૧ કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા છે અને ૫૭ લોકોનું મેડીકલ ચેકઅપ થયેલ છે. ડીસા તાલુકામાં ૨૧૨ કર્મચારીઓના કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા છે અને ૧૦૦ લોકોના મેડીકલ ચેકઅપ થયેલ છે. અમીરગઢ તાલુકામાં ૨૧ કર્મચારી સામે ૨૦ કર્મચારીઓના મેડીકલ ચેકઅપ થયેલ છે. ધાનેરા તાલુકામાં ૩૮ કર્મચારીઓને કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા છે અને ૨૦ કર્મચારીઓનું મેડીકલ ચેકઅપ થયેલ છે. એ જ પ્રકારે દિયોદરમાં ૭૩ કાર્ડ ઇશ્યુ કરેલા છે અને ૩૦નું મેડિકલ ચેક-અપ કરવામાં આવ્યું છે. થરાદમાં ૫૦ કાર્ડ ઇશ્યુ થયા છે અને ૫૦ લોકોનું મેડિકલ ચેક-અપ થયું છે. વાવ તાલુકામાં ૮૨ કર્મચારીઓને કાર્ડ ઇશ્યુ થયા છે જ્યારે ૭૯ લોકોના મેડિકલ ચેક-અપ થયા છે, કાંકરેજ તાલુકામાં કુલ ૫૫ કાર્ડ ઇશ્યુ થયા છે અને ૫૧ કર્મચારીઓના મેડિકલ ચેક-અપ થયા છે. દાંતીવાડા તાલુકામાં ૩૧ લોકોને કાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યા છે અને ૨૮ કર્મચારીઓના મેડિકલ ચેક-અપ કરવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પ્રકારની આરોગ્ય ચકાસણીમાં કયા કયા પ્રકારની ચકાસણી કરવામાં આવે છે એની વિગતો આપી પણ પોલીસ કર્મચારીઓ

અત્યારે જે સ્થિતિમાં, ઓડ સ્થિતિમાં કામ કરે છે અને એમાં પણ નવા ભરતી થયેલા કર્મચારીઓ છે કે જેને ઓછા પગારમાં કામ કરવું પડે છે એના કારણે બે પ્રકારના રોગોના ભોગ બને છે. એનું કારણ એ છે કે માનસિક સ્થિતિ પણ એટલા બધા કાર્યક્રમોમાં પોલીસ અધિકારી અને કર્મચારીઓનો ઉપયોગ કરવામાં આવે છે કે એના કારણે એ માનસિક સ્ટ્રેસ હેઠળ જીવતા હોય છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે પ્રકારે આ કર્મચારીઓ માનસિક રોગોના ભોગ બને છે એની સારવાર કરાવવા માગો છો કે કેમ અને આ માનસિક સ્ટ્રેસ છે એના કારણે મોટાભાગના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ છે એ આલ્કોલીઝમનો પણ ભોગ બનતા હોય છે તો એમાંથી એમને બચાવવા માટે સરકાર કોઇ ખાસ કાર્યક્રમ આપવા માગે છે કે કેમ?

**શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ** : અત્યારે આ જે રોગો માટે ચકાસણી કરવાનું નિર્ધારિત કર્યું છે એ રોગો માટે રાજ્ય સરકાર એની ચકાસણી કરાવતી હોય છે. (અંતરાય) અર્જુનભાઇ, અમારા કારણે નહીં, છેલ્લા દસ વર્ષમાં કોઇ આંદોલનો નથી થયા. તમારા કારણે બહુ થયું હતું. અમારા વખતમાં કશું થયું નથી. (અંતરાય)

### વાયબ્રન્ટ ગુજરાતમાં ઊર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

***૨૫૧૧૧શ્રી ચંદુભાઇ મો. ડાભી(કરજણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે,–

(૧) સન ૨૦૦૯ અને ૨૦૧૧ માં યોજાયેલ વાયબ્રન્ટ સમિટોમાં ઊર્જા ક્ષેત્રે કુલ કેટલા એમ.ઓ.યુ. થયા,

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આ થયેલ એમ.ઓ.યુ. પૈકી રાજ્યમાં કુલ કેટલું મૂડીરોકાણ આવ્યું,

(૩) આ થયેલ એમ.ઓ.યુ. પૈકી કુલ કેટલા પ્રોજેક્ટોની શરૂઆત થઇ, અને

(૪) શરૂ થયેલ પ્રોજેક્ટો પૈકી કેટલા પ્રોજેક્ટો કાર્યાન્વિત થયાં?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા):**

(૧), (૨), (૩) અને (૪)

૨૦૦૯ અને ૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં ઊર્જા ક્ષેત્રે કુલ ૨૨૯ એમ.ઓ.યુ. થયેલ હતાં. ઊર્જા ક્ષેત્રના પ્રોજેક્ટને ઉત્પાદનમાં આવતા ૫ થી ૬ વરસનો સમય લાગે છે. હાલના તબક્કે આ તમામ પ્રોજેક્ટ પ્રીલીમીનરી, ઇમ્પલીમેન્ટેશન અને કમિશન્ડના વિવિધ તબક્કે છે અને કોઇ પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવેલ નથી.

કુલ ૨૨૯ પ્રોજેક્ટ પૈકી ૧૫૨ પ્રોજેક્ટ અન્ડર ઇમ્પલીમેન્ટેશન છે અને તે પૈકીના ૩૫ પ્રોજેક્ટ કમિશન્ડ થયેલ છે.

મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આ કુલ એમ.ઓ.યુ. પૈકી રૂ. ૧,૨૨,૫૩૧/– કરોડના પ્રોજેક્ટ ઇમ્પલીમેન્ટેશનના તબક્કે છે. રૂ. ૬,૬૧,૪૮૦.૯૩ કરોડના પ્રોજેક્ટ પ્રીલીમીનરી તબક્કે છે અને રૂ. ૨૭,૧૭૦.૦૬ કરોડનું રોકાણ આવેલ છે.

**શ્રી ચંદુભાઇ મો. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન વાયબ્રન્ટ સમીટને લગતો છે. મને જવાબમાં આપ્યું છે કે આવા પ્રોજેક્ટ છે એ કાર્યાન્વિત થતા લગભગ ૫ થી ૬ વર્ષ લાગે છે. પણ એમણે જે જવાબ આપ્યો છે અને એમણે જે કાર્યવાહી કરી છે એના પરથી મને લાગે છે કે એને ૧૫ થી ૨૦ વર્ષથી વધારે સમય લાગે છે. તેમણે કહ્યું છે કે રૂ. ૧,૨૨,૫૩૧/– કરોડના પ્રોજેક્ટ ઇમ્પલીમેન્ટેશનના તબક્કે છે. રૂ. ૬,૬૧,૪૮૦.૯૩ કરોડના પ્રોજેક્ટ પ્રીલીમીનરી તબક્કે છે અને રૂ. ૨૭,૧૭૦.૦૬ કરોડનું જ રોકાણ આવેલ છે. એના ઉપરથી મારે આપના દ્વારા પ્રશ્ન પૂછવો છે કે સરકારનું આવા એમ.ઓ.યુ. કરનારાઓ પર કોઇ નિયંત્રણ છે કે નહીં? આવી મંદ ગતિએ કામ કરતા હોય તો એમના ઉપર શું પગલાં લેવા માગો છો અને બીજો

પ્રશ્ન એ છે કે ૨૨૯ પ્રોજેક્ટ વિવિધ તબક્કે છે એમાં કેટલા પ્રોજેક્ટો પાસે પોતાની જમીન હતી અને સરકારે કેટલાને જમીન આપી?

**શ્રી સૌરભભાઇ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને થોડી વિગતવાર વાત કરવી છે. વાયબ્રન્ટ ગુજરાતની સફળતા એ દેશ અને દુનિયામાં ચર્ચાનો વિષય છે અને રાજ્ય સરકારે એને પ્રોત્સાહન આપવા માટે અને પ્રોપર ઇમ્પ્લીમેન્ટેશન કરવા માટે જેટલા એમ.ઓ.યુ. આવે એના ચાર ભાગ પાડ્યા છે. પહેલો ભાગ પ્રોજેક્ટ કમિશન, બીજો ભાગ પ્રોજેક્ટ અન્ડર ઇમ્પ્લીમેન્ટેશન, ત્રીજો ભાગ પ્રોજેક્ટ એટ preliminary stage પ્રીલીમીનરી સ્ટેજ અને છેલ્લો ડ્રોપ આઉટ. જે યુનિટો ઉત્પાદનમાં આવી જાય છે એને અમે પ્રોજેક્ટ કમિશન્ડ તરીકે ઓળખાણ આપીએ છીએ. પ્રોજેક્ટ અન્ડર ઇમ્પ્લીમેન્ટેશન ત્યારે કહેવાય છે કે એણે જમીન મેળવી લીધી હોય અને બાંધકામ શરૂ કરી દીધું હોય. એને પ્રોજેકટ અંડર ઇમ્પલીમેન્ટેશનનું સ્ટેજ આપવામાં આવે છે અને preliminary stage એટલે જે જમીન પહેલાની કામગીરી હોય એક ડિટેઇલ પ્રોજેકટ report થી માંડીને જે જુદા જુદા અભ્યાસો થતા હોય એને project preliminary stage કહેવામાં આવે છે અને ડ્રોપ આઉટ સ્ટેજ આ ત્રણેય કેટેગરીમાં ના આવતા હોય અને કંપની લખીને આપી દે કે ભાઇ, અમે હવે પ્રોજેકટ કરવા માગતા નથી. એટલે અમે એને ડ્રોપ આઉટ સ્ટેજ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વાત કરી કે પ્રોજેકટ ના કરવાના કારણે એના પર પગલા લેવા જોઇએ. મારે એમને કહેવું છે કે, ઊર્જા વિભાગની અંદર પ્રોજેકટો કરવા એ નાનો ખેલ નથી. એક પ્રોજેકટો કરવો હોય તો ૫ થી ૭ વર્ષ ઓછા લાગે છે એનું કારણ આપને સમજાવું. દા.ત. કોલસાની આધારિત એક પ્રોજેકટ લેવો હોય તો ૧૦૦૦ મે.વોટના પ્રોજેકટની અંદર ઓછામાં ઓછી ૫૦૦ થી ૧૦૦૦ હેકટર એને જમીન જોઇએ. હવે આ જમીનનું સીલેકશન કરતી વખતે ઘણો વિચાર કરવો પડે. જમીન દરિયા કાંઠે લેવી. દરિયા કાંઠા પાસે સરકારની જમીન છે? સરકારી જમીન ના હોય તો ખાનગી જમીન ક્યાં મળે? આ જમીનના સીલેકશન કર્યા પછી એણે એની ટોપોગ્રોફી કરવી પડે છે. એણે એનો contour કરવો પડે છે. એની seismic સ્ટડી કરવી પડે છે, હાઇડ્રોલોજી સ્ટડી કરવી પડે છે, સ્ટ્રોમ વોટર સરવે કરવા પડે છે અને સૌથી અગત્યનું એને સંતોષ થવો જોઇએ કે environmentalની અંદર ગામના લોકોથી માંડીને, કેન્દ્ર સરકારથી માંડીને રાજ્ય સરકાર સંપૂર્ણપણે સહકાર આપશે પછી એ જમીનનું ફાયનલ સીલેકશન થતું હોય છે. બીજું, જમીનની જોડે જોડે એણે નક્કી કરવું પડે છે કે મારી પાસે એશનું dumping site છે કે નહિ. આ બધું કર્યા પછી એનું સીલેકશન પ્રોસેસ પૂરું થાય છે પછી એ જમીન ખરીદવા નીકળે છે. જમીન ખરીદ્યા પછી forest departmentનું clearance લેવું પડે છે. Central Pollution Control Board અને Gujarat Pollution Control Board નું clearance લેવું પડે છે. આ બધું clearance થયા પછી મંજૂરી મળતી હોય છે. Expert Appraisal Committee કેન્દ્ર સરકારે રચી છે એના કારણે મંજૂરી લેવી પડે છે. State Mining Department પાસેથી મંજૂરી લેવી પડે છે. NOC from local body લેવી પડે છે. Irrigation Department પાસેથી લેવું પડે છે. Water Resources Department પાસેથી લેવું પડે છે. બીજું, Foreign Investment Board માંથી જો પૈસા લીધા હોય તો Foreign Investment Board પાસેથી લેવું પડે છે. Coastal Regulation Authority પાસેથી દરિયા કાંઠા પર એમની મંજૂરી લેવી પડે છે. બીજું, સૌથી અગત્યનું એનું જે ફ્યુઅલ છે એ ફ્યૂઅલ ટાઇઅપ માટે એણે કોલસો ક્યાંથી લાવવો એના માટે એને agreement કરવું પડે છે અને અગર એ agreement થાય તો એને banking નું closure મળે છે અને એ ૧૦૦૦ મે.વોટમાં ૫૦૦૦ કરોડનું રોકાણ હોય તો સાડા ત્રણ હજાર કરોડ બેંકને આપવા પડે છે તો બેંકો આ ટાઇઅપ પછી અને બેંકોવાળા એને સવાલ પૂછે છે કે, તમે આ વીજળી ક્યાં વેંચવાના છો? એટલે એ બી એણે બીડની અંદર ભાગ લેવો પડે છે અને સફળતાપૂર્વક ભાગ લીધા પછી એના પ્રોજેકટની સંપૂર્ણપણે મંજૂરી મળે. આ બધા સમયના કારણે જે મેં કીધું કે જુદી જુદી મંજૂરીના કારણે ૫ થી ૭ વર્ષ લાગે છે. પરંતુ મારે આનંદ સાથે કહેવું છે કે, જે સભ્યશ્રી કહે છે કે આના પર પગલા લેવા જોઇએ. એના પર પગલા ના લેવા જોઇએ ઉપરથી આ લોકોને જલદી પ્રોજેકટ કેમ થાય એના માટે આપણે પ્રોત્સાહન આપવું જોઇએ અને ૨૨૯ પ્રોજેકટમાંથી આટલા ટૂંકા ગાળાની અંદર ૩૫ પ્રોજેકટ commission થયા. ૧૧૭ પ્રોજેકટ અંડર

ઇમ્પલીમેન્ટેશન એટલે જમીનને બધું કામ ચાલુ કર્યું અને ૭૭ કરોડ, ૭૭ પ્રોજેકટ માત્ર preliminary stage છે અને આનંદની વાત એ છે કે એક બી પ્રોજેકટ ડ્રોપ આઉટ નથી થયો. વધારે વાત કરું માનનીય સભ્યશ્રી, મારે સભ્યશ્રીને વિશ્વાસ આપવો છે કે વાયબ્રન્ટ ગુજરાતની સફળતા દેશમાં દરેક investor summit કરતા દેશમાં સારામાં સારી summit થાય છે. એનું કારણ છે માત્ર commission અને અંડર ઇમ્પલીમેન્ટેશન ૨૦૦૯ અને ૨૦૧૧ ને જોઇએ તો ૬૭ ટકા થયો છે. ૬૭ ટકા લોકોએ એનો અર્થ એ થયો છે આ જે પ્રોજેકટ ચાલુ કર્યા અને પ્રોજેકટની અંદર એ લોકો આગળ જવા માગે છે. એટલે આ છે વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ અને ૨૦૧૧ ની સફળતા.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના લેખિત જવાબમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે પ્રોજેકટને ૫ થી ૬ વર્ષ લાગે છે. ૨૦૦૯ ને ધ્યાને લઇએ તો ૫ થી ૬ વર્ષમાં ૫૦ ટકા સમય પૂરો. ૨૦૦૯ અને ૨૦૧૧ નો જે ટોટલ આંકડો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૭ કરોડ, ૮૪ લાખ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ આવ્યું એમ કહે છે. આ ૭ કરોડ, ૮૪ લાખમાંથી લગભગ આ પચાસ ટકા સમય ગણીએ તો ટોટલ આપે આજ સુધીનો આપનો જવાબ છે એ પ્રમાણે ૭ કરોડ, ૮૪ લાખ કરોડ રૂપિયાના મૂડી રોકાણમાંથી થયેલું મૂડી રોકાણ કેટલું ? ૨૭,૧૭૦ કરોડ, માત્ર ૩.૫ ટકા. ટોટલ મૂડી રોકાણ, જે M.O.U. થયા એના પચાસ ટકા સમય પછી માત્ર સાડા ત્રણ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ આપના જવાબ પ્રમાણે આવ્યું છે. જો પાંચથી છ વર્ષમાં પ્રોજેકટ પૂરો થવાનો હોય તો પાંચથી છ વર્ષ વાળા પ્રોજેકટમાં ૨૦૦૯ના થયેલા M.O.U. ના કમ સે કમ પચાસ ટકા મૂડી રોકાણ તો આજે આવી જવું જોઇએ. આપનો હિસાબ છે કે, આપે M.O.U. પૈકી ૧,૨૨,૫૩૧/- કરોડના પ્રોજેકટ ઇમ્પલીમેન્ટેશનમાં, ૬,૬૧,૪૮૦/- કરોડના પ્રોજેકટ પ્રીલીમીનરી તબક્કે, કુલ ૭ કરોડ, ૮૪ લાખ,૧૧ કરોડ અને જે રોકાણ એકઝેટ આવેલું છે, એ આપે કહ્યું છે, ૨૭ લાખ,૧૭૦.૦૬ કરોડ, સાડા ત્રણ જ ટકા થાય. હું આપને ૨૭,૧૦૦/- જ છે, બરાબર છે. એટલે આ ૭ કરોડ, ૮૪ લાખમાંથી માત્ર ૨૭ હજાર એટલે સાડા ત્રણ કરોડ થયા. હું સમજી શકું છું, આપની વાત સાથે સહમત છું કે, ઉર્જા વિભાગમાં ખેલ નાના નથી, બહું મોટા ખેલ છે એ વાત સાથે સહમત છું. પરંતુ આ આંકડો બતાવે છે કે, કાં તો જયારે M.O.U. કરો છે ત્યારે જ જેનું રોકાણ સો કરોડ હોય એનું એક હજાર કરોડે M.O.U. બતાવો છો અને પછી સો કરોડનું રોકાણ થાય એટલે આપ કહો કે એક હજાર કરોડનું M.O.U. ઇમ્પ્લીમેન્ટ થયું, એ જો ખોટું ના હોય તો આ સાડા ત્રણ ટકા જ રોકાણ કેમ ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને થોડી જાણકારી આપવી છે. એક પાવર પ્રોજેકટ કેન્દ્ર દ્વારા અઢી વર્ષમાં પૂરો કરાયો હોય, દેશમાં બતાવો અને બીજું બેઝીકલી ( અંતરાય ) નોર્મસમાં પાંચ થી સાત વર્ષ લાગે અને સૌથી અગત્યનું જે મેં વિષયની વાત કરી છે એ કેન્દ્ર સરકારની મંજૂરીઓનો વિષય છે. ફ્યુઅલ ટાઇ-અપનો છે. આપણા M.O.U. થયા એના ભાગરૂપે દેશના ટોપ ઉદ્યોગપતિઓ રતન ટાટા, બિરલા અને અદાણી આ બધા ૧૧-૧૧ લોકો પ્રધાનમંત્રીને મળવા ગયા હતા અને પ્રધાનમંત્રીને મળીને કહ્યું કે, તમે જે અમને કોલસાની બાંહેધરી આપી છે એ કોલસો આપો, તમે જે અમને ગેસની બાંહેધરી આપી છે એ ગેસ આપો, તમે જે અમને માઇન્સની બાંહેધરી આપી છે એ માઇન્સ આપો. સાહેબ દેશની અંદર નીતિના કારણે આજે ઉર્જા વિભાગની અંદર આખા દેશના બધા જ એનર્જી પ્રોડ્યુસરોની ખૂબ મોટી ફરિયાદ છે. આવા સંજોગોમાં આટલી ઝડપથી આટલા પ્રોજેકટો કમિશન્ડ અને અન્ડર ઇમ્પલીમેન્ટ થયા એ ગુજરાત માટે એક સિદ્ધિનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક માત્ર રાજય છે કે, જેણે આટલા ટૂંકા સમયમાં આટલી મોટી સંખ્યાની અંદર જનરેશનનું ઉત્પાદન કર્યું , એ આપણી નીતિના કારણે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને એક દાખલો દેવો છે, ઉર્જા વિભાગનો દાખલો દેવો છે. ઓઇલ એન્ડ ગેસ સેકટરના M.O.U.ની વાત કરી છે. કેઇર્ન્સ, રાજસ્થાનમાં સૌથી મોટું, મારે એમનું ધ્યાન દોરવું છે કે, કેવી કેવી તકલીફો પડે છે. કેઇર્ન્સ- સૌથી મોટી પાઇપલાઇન કરી અને એ પાઇપ લાઇન ગુજરાતમાંથી બહાર નીકળી આવી છે અને એના કારણે આજે જામનગરની અંદર કોણે એ અટકાવી છે? એનો ખુલાસો આપો.(અંતરાય) (આ તકે વિરોધપક્ષના સભ્યો તેમના સ્થાને ઉભા થઇ જતાં)

અધ્યક્ષશ્રી : પ્લીઝ આપ બેસો, પ્લીઝ સાંભળો, આપ ટૂંકમાં જવાબ આપો, આપ બેસી જાઓ.

શ્રી સૌરભભાઇ પટેલ : (અંતરાય) કરોડો, કરોડો રૂપિયા પાઇપ લાઇનના M.O.U. થયા છે અને એ MOUની પાઇપ લાઇન કોણે અટકાવી છે ? તમે શું કર્યું અટકાવવા માટે ? કેન્દ્રની અંદર ફરિયાદ કરી , તમે કયાંય બોલ્યા નહીં, કરોડો રૂપિયાના પૈસા વપરાયા, કરોડો રૂપિયાના એકસપોર્ટ–ઇમ્પોર્ટ બંધ થઇ ગયા આના કારણે, તમારા લોકોના કારણે અટકામણ આવી છે. ( અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન–૫.

**સુરત જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબ સ્ટેશનો બાબત**

***૨૩૬૬૯શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કેઃ–

સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા ?

**મંત્રીશ્રી ( ઉર્જા) ઃ**

સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૬ ૧૫ (પંદર) નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **૬૬ કે.વી.** | **૪૦૦ કે.વી.** | **કુલ** |
|---|---|---|---|
| ૨૦૦૯ | ૩ | ----- | ૩ |
| ૨૦૧૦ | ૪ | ---- | ૪ |
| ૨૦૧૧ | ૭ | ૧ | ૮ |
| **કુલ** | **૧૪** | **૧** | **૧૫** |

(અંતરાય)

અધ્યક્ષશ્રી : ૧૩ મિનિટ ચર્ચા થઇ છે. પાંચ મિનિટ કરતાં પણ વધારે ચર્ચા થઇ છે. પ્લીઝ, બેસી જાવ.

શ્રી ભારતીબેન અ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી, પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં તાલુકાવાર ૩ વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશન ચાલુ કરવામાં આવ્યા છે? અને તેનો ખર્ચ કેટલો થયો છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯માં ત્રણ પલસાણા તાલુકો, સુરત તાલુકો અને ઓલપાડ, ૨૦૧૦માં ચાર સુરત તાલુકો, સુરત, માંડવી અને ચોરસીયા, ૨૦૧૧માં કામરેજ, માંગરોળ, બારડોલી, બારડોલી–ચોરસીયા, ચોરસીયા, ચોરસીયા, પલસાણા, એમ કરીને કુલ આઠ એટલે કુલ ત્રણ વર્ષમાં ૧૪૬૬ કે.વી.ના અને એક ૪૦૦ કે.વી.નો એટલે કુલ ૧૫ સબ સ્ટેશનો છેલ્લા ત્રણ વર્ષમાં ૧૭૯કરોડના ખર્ચે કામ પૂર્ણ થયા છે. સભ્યશ્રીને મારે વધારે માહિતી આપવી છે. એ માહિતી આપવી છે કે હાલની તારીખમાં આ ચાલુ વર્ષમાં હજુ બીજા સાત સબ સ્ટેશનોનું કામ ચાલુ છે. જેની અંદર ચોરસીયા, કામરેજ, માંગરોળમાં બે, ઓલપાડમાં બે, પલસાણામાં બે આ પ્રમાણે બીજા સાત સબ સ્ટેશનોનું કામ હાલમાં ચાલુ છે. ટુંક સમયમાં પૂર્ણ થશે અને ખેડૂતોની ચિંતા કરવા માટે મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે ૨૦૧૨–૧૩ની અંદર ૧૩ સબ સ્ટેશનોનું બીજું આયોજન કરવામાં આવ્યું છે અને સૌથી અગત્યની વાત એ છે કે કેન્દ્ર સરકારનો એક પણ રૂપિયો નથી આવતો.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં કુલ ૧૫ સબ સ્ટેશનો ઉભા કરવામાં આવ્યા છે. તેની સામે ખેડૂતોને એગ્રીકલ્ચર વીજ કનેકશન કઇ કઇ કેટેગરી હેઠળ કયારથી આપવામાં આવ્યા છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ બીજી નોટિસ આપવી પડશે. આ સબ સ્ટેશનનો સવાલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કુંવરજીભાઇ, આપને તક આપવામાં આવશે. આપ બેસી જાવ.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રીએ સુરત જિલ્લાની અંદર વીજ સ્ટેશનના જવાબમાં જે ૧૪૬૬ કે.વી.ના અને એક ૪૦૦ કે.વી.નું એટલે કુલ ૧૫ સબ સ્ટેશન કાર્યાન્વિત કરવાનો જવાબ આપ્યો છે. સુરત જિલ્લાના એક ધારાસભ્ય તરીકે સુરત જિલ્લા પ્રત્યે માનનીય ઉર્જા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે સદભાવના દાખવી છે એ બદલ હું એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મારો પ્રશ્ન એ છે કે ૨૦૧૨ અને ૨૦૧૩ માં માનનીય ઉર્જા મંત્રી હજી પણ વધારે કેટલી સદભાવના આપશે સુરત જિલ્લામાં સબ સ્ટેશનોમાં એવો મારો પ્રશ્ન છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ખેડૂતોની ચિંતા કરે છે. ખેડૂતોને પૂરા વોલ્ટેજવાળી, પૂરી ગુણવત્તાવાળી વીજળી મળે એ માટે સબ સ્ટેશનો ખૂબ અગત્યના છે અને એના માટે આપણે આ સબ સ્ટેશનો આપીએ છીએ. મારે સભ્યશ્રીને ખાતરી આપવી છે કે ૨૦૧૨-૧૩ની અંદર આપણે એટલા સબ સ્ટેશન કરીશું કે આઝાદી પછી એક પણ વર્ષે ન થયા હોય એટલા ૨૦૧૨-૧૩માં કરીને આપીશું.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શું એ વાત ખરી છે કે કોમ્ટ્રોલર અને ઓડિટર જનરલના રિપોર્ટમાં એવી નોંધ થઇ છે કે ગુજરાતમાં ઉર્જા વિભાગ દ્વારા જરૂરી સબ સ્ટેશનો સમયબદ્ધ રીતે છેલ્લા સમયમાં નહીં કરવાના કારણે એલ એન્ડ ટી. લોસીસ વધ્યા છે અને પૂરા સબ સ્ટેશનો ઉભા કરવામાં તંત્ર નિષ્ફળ ગયું છે એવી કોઇ ટિપ્પણી માનનીય મંત્રીશ્રીના ધ્યાને છે?

અધ્યક્ષશ્રી : સુરત જિલ્લા પૂરતો આપ જવાબ આપો. પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી સુરત જિલ્લા પૂરતો આ પ્રશ્ન નથી. (અંતરાય) અરે, પણ મારી વાત તો સાંભળો. મારે આપને જણાવવું છે કે આ સબ સ્ટેશનો ૬૬ કે.વી.ના, ૧૩૨ કે.વી.ના, ૨૨૦ કે.વી. ના, ૪૦૦ કે.વી. ના હોય વિધિન નોર્મ્સ સમય મર્યાદામાં ૮ મહિના, ૧૫ મહિના, ૨૬ મહિના એ સમય મર્યાદામાં અમે કામ પૂર્ણ કરીએ છીએ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : કેગે ટીકા કરી છે? હા કે ના?(અંતરાય)

શ્રી સૌરભભાઇ પટેલ : મને જવાબ આપવા દો. સમય મર્યાદામાં પૂર્ણ કરીએ છીએ અને સભ્યશ્રીએ વાત કરી એની મારી પાસે કોઇ માહિતી સુરત જિલ્લાની નથી.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : મારો સીધો સ્પેસિફિક પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી: આ પ્રશ્ન સુરત જિલ્લા પૂરતો છે. માનનીય કુંવરજીભાઇ. માનનીય ઇશ્વરભાઇ

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે આ જે સબસ્ટેશનો સ્થાપ્યાં છે, તે માટેનું બજેટ કયા હેડમાંથી વાપર્યુ છે? બીજો પ્રશ્ન જે હેડમાંથી વાપર્યુ છે એ હેડના ખેડૂતો ઉપલબ્ધ છે ત્યાં?

શ્રી સૌરભભાઇ પટેલ : આ સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો છે તે આને લાગતો વળગતો નથી.

અધ્યક્ષશ્રી: પ્રશ્ન ક્રમાંકઃ ૬.

## જામનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન બહેણાંકના મકાનોની મરામત

***૨૪૧૭૧ શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર-ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી ( પોલીસ આવાસો )** જણાવવા કૃપા કરશે કેઃ

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિન રહેણાંકના મકાનોની મરામત અને જાળવણીની કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (પોલીસ આવાસો)ઃ**

(૧) ૧૪૬ રહેણાંક અને ૦૬ બિન રહેણાંકના મકાનો

(૨) કુલ રૂ. ૧૦૨.૮૦ લાખ.

શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ પોલીસ ખાતાના રહેઠાણ માટેના છેલ્લાં ૩ વર્ષમાં..(અંતરાય)

અધ્યક્ષશ્રી: આપને જવાબથી સંતોષ ન હોય તો અલગ નોટિસ આપજો.

શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી : વર્ષવાર અને તાલુકાવાર કેટલાં મકાનો બનાવવામાં આવ્યા? અને કેટલો ખર્ચ થયો? વિશેષ જાણવું છે કે તા. ૩૧–૧૨–૨૦૧૧ માં વર્ષવાર, તાલુકાવાર બિન રહેણાંકના કેટલા પ્રકારનાં મકાનો બનાવવામાં આવ્યાં અને કેટલો ખર્ચ થયો?

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લાં ૩ વર્ષમાં પોલીસ ખાતાના રેસીડેન્શિયલ મકાનો બનાવેલ છે એમાં વર્ષ ૨૦૦૯ માં જામજોધપુર તાલુકામાં જામજોધપુર મુકામે ૧૫૯.૬૬ લાખના ખર્ચે ૨૫ મકાનો બનાવેલ છે. એ જ પ્રકારે જામનગર તાલુકામાં ચેલા મુકામે ૨૯૦.૯૦ લાખના ખર્ચે ૭૬ મકાનો બનાવેલ છે. લાલપુર તાલુકાના લાલપુર મુકામે ૧૪૩.૫૨ લાખના ખર્ચે ૨૪ મકાનો બનાવવામાં આવેલ છે. જ્યારે ૨૦૧૦ ના વર્ષમાં દ્વારકા તાલુકાના દ્વારકા મુકામે ૩૩૬.૭૩ લાખના ખર્ચે ૫૦ મકાનો બનાવવામાં આવેલ છે. એ જ પ્રકારે જામનગર તાલુકાના જામનગર મુકામે ૬૩૫.૩૭ લાખના ખર્ચે ૧૨૦ મકાનો બનાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૧ ના વર્ષમાં જામનગર તાલુકાના જામનગર મુકામે ૩૩૦.૯૦ લાખના ખર્ચે ૬૦ મકાનો બનાવવામાં આવેલ છે. એમ કુલ ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧ ના વર્ષમાં ૩૫૫ મકાનો ૧૮૯૭.૦૮ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે. માનનીય સદસ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો કે છેલ્લાં ૩ વર્ષમાં નોન રેસીડેન્શિયલ કેટલાં મકાનો બનાવ્યા? જામનગર જિલ્લામાં ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લાં ૩ વર્ષમાં નોન રેસીડેન્શિયલ મકાનો બનાવ્યા છે એમાં ૨૦૦૯ માં દ્વારકા તાલુકાના ઓખા મુકામે ૨૬.૬૩ લાખના ખર્ચે એક પોલીસ સ્ટેશનનું મકાન બનાવવામાં આવેલ છે. જામનગરના ચેલા મુકામે ૪૭.૫૩ લાખના ખર્ચે હથિયાર, દારૂગોળો રાખવા માટેનો રૂમ અને ગાર્ડ રૂમ બનાવવામાં આવેલ છે. જામનગર તાલુકામાં ચેલા મુકામે ૭૯.૨૦ લાખના ખર્ચે બેરેક વીથ કિચનનું બાંધકામ કરવામાં આવેલ છે. જામનગર તાલુકાના ચેલા મુકામે ૧૧૪.૨૪ લાખના ખર્ચે એસ.આર.પી.ના સેનાપતિની કચેરી બનાવવામાં આવેલ છે. જામનગરના ચેલા મુકામે ૬૫.૩૫ લાખના ખર્ચે મલ્ટીપર્પઝ રૂમ અને કંપની ઓફિસનું કામકાજ કરવામાં આવેલ છે.માનનીય અધ્યક્ષશ્રી, આ જ પ્રકારે જામનગર તાલુકાના બેડી મુકામે ૫૩.૧૩. લાખ રૂપિયાના ખર્ચે પોલીસ સ્ટેશનનું બાંધકામ કરવામાં આવેલ છે. ૨૦૧૦માં દ્વારકા તાલુકાના દ્વારકા મુકામે ૭૧.૩૬ લાખ રૂપિયાના ખર્ચે ૧ બેરેકનું બાંધકામ કરવામાં આવ્યું છે. દ્વારકા તાલુકાના દ્વારકા મુકામે ૧૭.૦૩ લાખ રૂપિયાના ખર્ચે હયાત પોલીસ સ્ટેશનમાં સુધારા વધારા, મેન્ટેનન્સનું કામ કરવામાં આવેલ છે. જામનગર તાલુકાના જામનગર ખાતે ૭૪.૩૮ લાખ રૂપિયાના ખર્ચે બેરેક બનાવવામાં આવેલ છે. એમ ૨૦૦૯, ૨૦૧૦ અને ૨૦૧૧ ના ત્રણ વર્ષના ગાળામાં કુલ ૫૪૮.૮૫ લાખ રૂપિયાના ખર્ચે ૯ મકાનોના કામ હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે.

શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા જામજોધપુર મત વિસ્તારમાં જામજોધપુર પોલીસ સ્ટેશનનું મકાન બાંધવા માગો છો કે કેમ? તે કયાં સુધીમાં બનાવવા માગો છો? મારો બીજો પ્રશ્ન છે કે દ્રાપા પોલીસ સ્ટેશન હતું તેને ટ્રાન્સફર કરવામાં આવેલ છે તો આ દ્રાપા પોલીસ કવાર્ટર અને પોલીસ ચોકીના મકાનો ખાલી હાલતમાં પડેલ છે તો તે ગ્રામ પંચાયતને સોંપવા માગો છો કે કેમ? ત્રીજો પ્રશ્ન છે કે જે પાંચ આઉટ પોલીસ સ્ટેશન છે તેના મકાનો બનાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ રહેણાંકના મકાનોનો પ્રશ્ન છે.

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : આપના જે સૂચનો છે તેને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર અગ્રતાક્રમે હાથ ધરવામાં આવશે.

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છુ કે, વર્ષ ૧૯૮૧ થી ૨૦૦૦ અને ૨૦૦૧ થી ૨૦૧૧ સુધી જામનગર જિલ્લામાં રહેણાંકના અને બિનરહેણાંકના કુલ કેટલા મકાનો બનાવ્યા અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો.

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં ૧૯૮૮ થી ૨૦૦૦ના વર્ષ દરમ્યાન રહેણાંકના કુલ ૧૫૧ મકાનો બનાવવામાં આવ્યા હતા અને તેમાં ૪૯૯.૮૯ લાખ રૂપિયાનો ખર્ચ કરેલ છે. જયારે છેલ્લા વિકાસના દશકામાં ૨૦૦૧ થી ૨૦૧૧ના વર્ષ દરમ્યાન ૬૩૫ મકાનો પાછળ ૩૩૦૯ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. આમ ૧૯૮૮ થી ૨૦૦૦ના વર્ષમાં ૧૫૧ ની સામે ૬૩૫ લગભગ ૪૦૦ ટકાના વધારા સાથે પોલીસ હાઉસીંગ કોર્પોરેશને કામ કરેલ છે. એ જ રીતે નોન રેશીડેન્શીયલ બિલ્ડીંગને લાગેવળગે છે ત્યાં સુધી ૧૯૮૮ થી ૨૦૦૦ સુધીમાં ૨૧.૭૮ લાખ રૂપિયાના ખર્ચ સાથે માત્ર ૧ મકાન બનાવવામાં આવેલ હતું તેની સામે ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીના દશકામાં ૩૩ મકાનોના કામ હાથ ધરીને પૂર્ણ કરવામાં આવેલ છે અને તેની પાછળ ૯૮૯.૮૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આજ સુધીમાં જામનગર જિલ્લામાં જે પોલીસ કર્મચારીઓ છે તેના માટે રહેણાંકના કેટલા મકાનોની જરૂરિયાત છે?

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં કુલ કર્મચારીઓનું જે મહેકમ છે તેમાં ૮૦ ટકા કરતાં વધુ કર્મચારીઓને રેસીડેન્શીયલ કવાર્ટર પૂરા પાડવામાં આવ્યા છે. હું આ સન્નમાનનીય સભાગૃહને જણાવવા માગું છું કે સમગ્ર દેશની અંદર એકમાત્ર ગુજરાત રાજય એવું છે કે જેણે પોતાના મંજૂર થયેલ મહેકમ સામે ૭૦ ટકા આવાસો પૂરા પાડયા છે અને હાજર મહેકમની સામે ૯૦ ટકા આવાસો પૂરા પાડયા છે.

## પાટણ અને મહેસાણા જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ

***૨૪૪૦૪ શ્રી જોધાજી ગુ. ઠાકોર (વાગદોડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે,

પાટણ અને મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતર પડેલી છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)ઃ** પાટણ જિલ્લામાં ૧૩૧૯ અરજીઓ ડાર્કઝોન વિસ્તારને કારણે પડતર છે અને મહેસાણા જિલ્લાની કુલ ૪૦૪૭ અરજીઓ પડતર છે, જે પૈકી ડાર્કઝોન વિસ્તારની ૨૪૮૯ અરજીઓ અને તે સિવાયના વિસ્તારની ૧૫૫૮ અરજીઓ પડતર છે.

શ્રી જોધાજી ગુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે,પાટણ અને મહેસાણા જિલ્લામાં વીજ કનેકશનના જોડાણ માટે ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી અરજીઓ મળી છે તેનો જવાબ મને મળેલ છે પણ મારે પેટા પ્રશ્નમાં પૂછવું છે કે જયારે પાટણ જિલ્લાની અંદર ૧૩૧૯ અરજીઓ મળી છે અને મહેસાણામાં ૪૦૪૭ અરજીઓ મળી છે. ડાર્કઝોનમાં જે અરજીઓ મળી છે તે ૨૪૮૯ અરજીઓ છે. અને બાકીની જે ૧૫૫૮ અરજીઓ પાછળથી આવેલી છે એમ મળી કુલ અરજીઓ ૪૯૧૩ અરજીઓ મળેલી છે ત્યારે આ ખેડૂતોના મનમાં એવું હતું કે અમે આ વીજ જોડાણ માગ્યું છે એ અમને કનેકશન મળી જશે એવું ધારીને આ લોકોએ મોટા પ્રમાણમાં બોર બનાવ્યા, અને ત્યારે ખેડૂતો પાસે પૂરતા પૈસા ન હતા, અને પાંચ લાખ કે સાત લાખ કે આઠ લાખ રૂપિયા ખર્ચાય ત્યારે બોર બને, અને આ લોકોએ મોટા પ્રમાણમાં બોર બનાવ્યા પણ આ ડાર્કઝોન મૂકયો એટલે ખેડૂતોને આ વીજજોડાણ મળી શકયાં નથી તેથી આ ખેડૂતો પાયમાલ થઇ ગયા કેમકે કેટલાક ખેડૂતોએ કોઇની પાસેથી ઉછીના પૈસા લીધા, કોઇએ કોઇકની પાસેથી વ્યાજથી પૈસા લીધા, કેટલાક ખેડૂતોએ દાગીના વેચ્યા, કોઇકે જમીનો વેચી, અને આ રીતે એ ખેડૂતોને બોર બનાવવા માટે મોટો ખર્ચો કર્યો હતો, એટલા માટે હું કહેવા માગું છું કે આ ખેડૂતોને હવે ગળે

ફાંસો આવીને પડયો છે, અને આપઘાત કરવાની તૈયારીઓમાં આ ખેડૂતો આવી ગયા છે, તો જયારે આપણા ગુજરાત રાજયની અંદર આપણા ખેડૂતોને આટલી બધી જો તકલીફ પડતી હોય અને જયારે ઉદ્યોગપતિઓને વીજળી આપવામાં આવે છે એ પણ ચોવીસ કલાકની અંદર અને જયારે ખેડૂતોને તો બે બે – પાંચ પાંચ વર્ષ થઇ ગયા અને છતાં આજ દિન સુધી એમની અરજીઓ પેન્ડિંગ પડી રહી છે ત્યારે મારે એ કહેવું છે કે, આ ખેડૂતોને માટે આ ડાર્કઝોન ઉઠાવવા માગો છો અને આ ખેડૂતોને વીજ જોડાણ આપવા માગો છો કે કેમ, જો હા, તો કેટલા સમયમાં આ ડાર્કઝોન ઉઠાવશો અને કયારે આ ખેડૂતોને વીજજોડાણ આપશો?

શ્રી સૌરભભાઇ પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા અને પાટણ જિલ્લાની અંદર કુલ આજની તારીખમાં મહેસાણામાં ૪૦૪૭ જેમાં ડાર્કઝોનમાં ૨૪૮૯ અને નોન ડાર્કઝોનમાં ૧૫૫૮ અને પાટણમાં ૧૩૧૯ આ પ્રમાણેની અરજીઓ પેન્ડિંગ છે, મહેસાણા જિલ્લામાં વડનગર છે એ વડનગરની અંદર આજની તારીખમાં નોન ડાર્કઝોન એરિયાની અંદર એનો સમાવેશ થાય છે એટલે જે પેન્ડિંગ અરજીઓ જે છે એ નોર્મલમાં ૨૭૭ અને તત્કાલમાં ૬૩ એમ મળીને ૩૪૦માંથી સમ્પૂર્ણપણે તત્કાલની ૬૩ અરજીઓનું કામ પૂર્ણ થયું છે અને બાકીની જે ૨૭૭ અરજીઓ પેન્ડિંગ છે એનું ટૂંકસમયની સમય મર્યાદાની અંદર કામ પૂર્ણ થશે, અને નોર્મલ ડાર્કઝોન વગરનો વિસ્તાર છે એની અંદર કુલ આજની તારીખમાં ૧૦૬૭ પેન્ડિંગ અરજીઓ બાકી છે એમાં ૨૦૦૮ની ૨૯ છે, ૨૦૦૯ની ૧૮૭ છે, ૨૦૧૦ની ૯૮ અને ૨૦૧૧ની ૭૫૩ એટલે ૧૦૬૭ અરજીઓ પેન્ડિંગમાંથી ૨૦૧૧ની ૭૫૩ અરજીઓ પેન્ડિંગ છે એ ટૂંકસમયની અંદર જેટલો સમય ઝડપથી થાય એ પ્રમાણે આપણે કોશીશ કરીને ખેડૂતોને વીજકનેકશન આપીશું અને મારે માનનીય સભ્યશ્રીને કહેવું છે કે, જે ડાર્કઝોનનો વિષય છે એ નર્મદા વોટર રિસોર્સીસનો છે આપ જૂદી નોટિસ આપો અને એમની પાસેથી માહિતી લો.

શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ( અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપને સંતોષ ન થાય તો આપ અલગ નોટિસ આપજો. આપને તક આપશું, માનનીય અનિલભાઇ પછી આપને તક આપું છું, આપને પ્રશ્ન પૂછવાની તક આપું છું, માનનીય અર્જુનભાઇ, પ્લીઝ, આપ બેસો. અર્જુનભાઇ, હવે પછી આપને તક આપું છું. પ્લીઝ, આપને સંતોષ ના થાય તો આપ નિયમો પ્રમાણે અલગ નોટિસ આપી શકો છો, પ્લીઝ. (અંતરાય) માનનીય મંત્રીશ્રીને આવો જ જવાબ આપવો એવી ફરજ પાડી શકતો નથી. પ્લીઝ, આપ અલગથી નોટિસ આપજો, પ્લીઝ. આપ બેસી જાઓ, પ્લીઝ,

(આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓએ ખેડૂતોને વીજળી આપો એવા સતત સૂત્રોચ્ચાર કર્યા.) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ, માનનીય મંત્રીશ્રીના જવાબથી સંતોષ ના હોય તો આપ અલગ નોટિસ આપજો. **અનિલભાઇ ત્રિ.પટેલઃ** માનનીય અધ્યક્ષશ્રી, ડાર્ક ઝોનમાં, ભૂગર્ભ જળનાં ખેંચાણ ઉપર જે નિયંત્રણ મૂકવામાં આવ્યું છે... (અંતરાય)

**અધ્યક્ષશ્રીઃ** હું મંત્રીશ્રીને ફરજ પાડી શકતો નથી.

**અનિલભાઇ ત્રિ.પટેલઃ** માનનીય અધ્યક્ષશ્રી, એ માત્ર કૃષિ જોડાણ ૫૦ થી ૧૦૦ હોર્સ પાવરના જે નિયંત્રણો સમજી શકાય તેમ છે. માનનીય અધ્યક્ષશ્રી, પાટણ, મહેસાણાના ડાર્ક ઝોન વિસ્તારમાં સુજલામ–સુફલામ યોજના મારફતે જે પાણી આજે ડાર્કઝોનમાં ઉપલબ્ધ થયું છે એના કારણે સરફેસ વોટરમાં પણ વધારો થયો છે, તળાવ અને ઓપન વેલ્સમાં પણ વધારો થયો છે ત્યારે માનનીય મંત્રીશ્રી સુજલામ–સુફલામ યોજના મારફતે ખેડૂતોને જે પાણી મળ્યુ છે એ પાણીનો સિંચાઇ માટે માઇક્રો ઈરિગેશનથી એનો ઉપયોગ કરી શકે એના માટે નાના વીજ જોડાણો ૫ થી ૧૦ હોર્સ પાવર સુધીના વીજ જોડાણો આપવા માટે વિભાગ વિચાર કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલઃ** માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે સૂચન પ્રમાણે આગળ વધીશું

**શ્રી અર્જુનભાઇ મોઢવાડિયાઃ** માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કારોબાર સંભાળ્યો છે.

**અધ્યક્ષશ્રીઃ** આપ સીધા પ્રશ્ન ઉપર આવો. પાટણ, મહેસાણા જિલ્લાના પ્રશ્ન ઉપર આપ વાત કરો.

**શ્રી અર્જુનભાઇ મોઢવાડિયાઃ** હા, હું પ્રશ્ન ઉપર જ વાત કરું છું. ૨૦૦૩ સુધી વીજળીના કનેકશનો ડાર્ક ઝોનમાં અપાતા હતા, ૨૦૦૩ પછી બંધ કરેલા છે ઉર્જા વિભાગે. જ્યારથી આપના મુખ્યમંત્રી શાસનમાં આવ્યા છે ત્યારથી ઉદ્યોગોને ડાર્ક ઝોનમાં બોર કરવો હોય તો એને છૂટ, બિલ્ડરને છૂટ માત્ર ખેડૂતોને ડાર્ક ઝોન અપાય એ ચલાવી ન લેવાય. માનનીય અધ્યક્ષશ્રી, વીજળી બીજા રાજ્યોમાં વેચાય અને આપણા ખેડૂતોને કનેકશનો ન મળે એ ચલાવી ન શકાય. મારો પ્રશ્ન એ છે કે રાજ્ય સરકાર વીજળીના કનેકશનો ખેડૂતોને ડાર્ક ઝોનમાં આપવા માગે છે કે કેમ? બીજો પ્રશ્નો ઉદ્યોગપતિઓ ડાર્ક ઝોનમાં બોર કરીને જે કનેકશનો લે છે અને એમાંથી પાણી ખેંચે છે એ બંધ કરવા માગો છો કે કેમ? આ બે બાબતમાં રાજ્ય સરકાર ખાતરી આપવા માગે છે કે નહીં ?

**શ્રી સૌરભ પટેલઃ** માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની કોણ કેટલી ચિંતા કરે છે એ અમને ખબર છે. માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાની વાત કરું તો મહેસાણા જિલ્લાની અંદર આજની તારીખમાં ૨૪૧૭૮ કનેકશન છે અને આજની તારીખમાં ૧૫ કરોડ યુનિટ વપરાય છે અને પાટણની અંદર ૧૦૮૪૦ કનેકશન છે અને ૭ કરોડ યુનિટ વપરાય છે. અને આ ખેડૂતોની ચિંતા કરનાર સરકાર મહેસાણાની અંદર ૧૦૬ કરોડની સબસીડી આપે છે અને પાટણની અંદર ૪૬ કરોડની સબસીડી આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્રની સરકારે કોલસાના ભાવ વધાર્યા, ગેસના ભાવ વધાર્યા આ વધારાનું સંપૂર્ણ ભારણ એ રાજય સરકાર પર આવ્યું છે. કેન્દ્ર સરકાર તો માત્રને માત્ર ભાવ વધારતી જાય છે. આ સરકાર મહેસાણાના ખેડૂસતોની ચિંતા કરે છે, પાટણના ખેડૂતોની ચિંતા કરે છે અને રાજ્યના દરેક લોકોની ચિંતા કરે છે અને મારે કહેવું છે કે છેલ્લા દસ વર્ષમાં એક પણ ગોળીબાર નથી કરવામાં આવ્યો. તમારા સમયમાં તો ખેડૂતોને ગોળીબાર કરીને મારી નાંખવામાં આવ્યા હતા. મારે એમને જાણ કરવી છે કે આ રાજ્યની સરકાર ૧૨ હજાર કરોડ રૂપિયાની સબસીડી ખેડૂતો પાછળ આપે છે. ઇતિહાસમાં ક્યારેય આટલી મોટી સબસીડી નથી આપવામાં આવી કે આટલા મોટા પ્રમાણમાં કનેકશનો આપવામાં આવ્યા નથી. કેન્દ્રની ગાઇડલાઇન્સ અને સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન્સ છે એ પ્રમાણે ડાર્કઝોન નક્કી કરવમાં આવેલ છે અને એ ડાર્કઝોનની ગાઇડલાઇન દિલ્હી સરકારે આપેલી છે. એ ગુજરાત સરકારે ગાઇડલાઇન નથી બનાવી સુપ્રિમ કોર્ટે ગાઇડલાઇન બનાવેલી છે. સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન પ્રમાણે આપણે આ કર્યુ છે.

**અધ્યક્ષશ્રીઃ પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.**

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ખંભાળીયા તાલુકા અને શહેરમાં બી.પી.એલ. લાભાર્થીઓને વીજળી કનેકશન

૨૩૭૩૨ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકા અને શહેરમાં બી.પી.એલ. ના લાભાર્થીઓને વીજળીના કેટલા કનેકશન આપેલ છે ?<br>(૨) કેટલા આપવાના બાકી છે, અને<br>(૩) બાકીના લાભાર્થીઓને ક્યારે કનેકશન આપવામાં આવશે ? | (૧), (૨) અને (૩)<br>વર્ષ ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકા અને શહેરમાં બી.પી.એલ. ના પાત્રતા ધરાવતા તમામ ૧૫૭૨ લાભાર્થીઓને વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં હાથશાળના કારીગરોની તાલીમ**

૨૩૭૪૦ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા હાથશાળના કારીગરોને વર્ષ ૨૦૧૦–૧૧ માં તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૪૦ કારીગરોને. |
| (૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ૮.૧૦ લાખ. |

---------

**સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના પૂર્ણ કામો**

૨૪૧૮૫ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ)): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૩૧–૧૨– ૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૫ કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૯૯૨.૦૭ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે કોમ્યુનીટી હોલ**

૨૩૬૫૬ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તે માટે કેટલા કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) અમદાવાદ જિલ્લામાં ૧ (એક) કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

**કચ્છ જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે અરજીઓ**

૨૩૮૪૦ **શ્રી ધનજીભાઇ ગો. સેંઘાણી (માંડવી): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧ માં અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહિત નીચે મુજબ વર્ષવાર અરજીઓ મળેલ છે.

વર્ષ ૨૦૧૦–૧૧ ૩૩૯૮
વર્ષ ૨૦૧૧–૧૨ ૧૮૧૯
(તા.૩૧–૧૨–૧૧ સુધી)

(૨) બેંકોને ભલામણ થયેલ પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય મંજૂર કરવામાં આવી.

| વર્ષ | મંજૂર થયેલ અરજીઓ | કેસો | ચૂકવાયેલ સહાય રૂ.લાખમાં |
|---|---|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૧૦૦૧ | ૮૨૭ | ૧૦૧.૭૨ |
| વર્ષ ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૨૦૧૧ | ૪૧૪ | ૫૮૮ | ૭૪.૬૨ |

| સુધી) | | | |
|---|---|---|---|

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) નીચે મુજબ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૩૮૦ | ૮૨૯ |
| ૨૦૧૧-૧૨ (તા.૩૧-૧૨-૨૦૧૧ સુધી) | ૩૪૪ | ૩૮૩ |

(૪) આ અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ?

(૪) અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ**

૧. અરજદાર દ્વારા ખુટતી વિગત રજુ ન કરતા
૨. ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવાથી
૩. અરજદાર સગીર હોવાથી
૪. અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી
૫. અરજદારે અગાઉ લાભ મેળવેલ હોવાથી
૬. અરજદારે જણાવેલ ધંધાનો સમાવેશ યોજનામાં ન હોવાથી
૭. લક્ષ્યાંક પુરો થવાથી.

**બેંક કક્ષાએ**

૧. ધંધો પોષણક્ષમ ન હોવાથી
૨. ધંધાનું સ્થળ બેંકના સર્વિસ એરીયામાં ન હોવાથી
૩. કુટુંબના સભ્યએ લોન લીધેલ હોવાથી
૪. અરજદારની લોન લેવાની ઈચ્છા ન હોવાથી
૫. અરજદાર બેંકના ડીફોલ્ટર હોવાથી
૬. અરજદારે અગાઉ બીજી યોજનાઓમાં સબસીડી મેળવેલ હોવાથી
૭. બેંકનો લક્ષ્યાંક પૂર્ણ થવાથી.

---------

**ડાંગ જિલ્લામાં પોલીસ ખાતાના હાથ ધરવામાં આવેલ બિન રહેણાંકના મકાનો**

૨૪૧૮૧ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૨ કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ.૧૭૮.૫૨ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લાના માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકામાં નહેરોની કામગીરી**

૨૩૮૩૮ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| નર્મદા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકામાં નહેરોની કામગીરી | અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં ૯૫,૮૫૭ એકર, વિરમગામ તાલુકાના ૧,૦૯,૫૮૮ એકર અને દેત્રોજ |

તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

તાલુકાની ૫૭,૪૬૭ એકર, મળીને કુલ ૨,૬૨,૯૧૨ એકર જમીનને નર્મદા યોજનાની પિયતનો લાભ મળવાનો છે.

ખેડૂતોને વહેલી તકે સિંચાઇનો લાભ મળે તે માટે નર્મદા નિગમ દ્વારા જમીન સંપાદનની કામગીરી ઝડપી બનાવી, નહેરોના કામો વહેલી તકે પૂર્ણ થાય તે માટે કામગીરી હાથ ધરેલ છે. ત્રણેય તાલુકામાંથી પસાર થતી શાખા નહેરોના ૧૪૮.૧૮૫ કી.મી. ની લંબાઇના કામો પૂર્ણ થયેલ છે. વિશાખાઓ અને પ્રશાખાઓના કુલ ૧૨૬૬.૮૫૭ કી.મી. લંબાઇમાંથી ૨૦૩.૮૨૭ કી.મી.ની લંબાઇમાં કામો તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે. અને બાકી કામો પ્રગતિ હેઠળ છે.

---------

**વડોદરા જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ**

૨૪૨૫૭ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતર પડેલી છે ?

**જવાબ**

૧૧૯૨૨ અરજીઓ.

**રાજ્યમાં મરીન કમાન્ડો ટાસ્ક ફોર્સની રચના બાબત**

૨૫૨૨૮ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર):માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે મરીન કમાન્ડો ટાસ્ક ફોર્સની રચના ક્યારે કરી છે,

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે સંવર્ગવાર કેટલો સ્ટાફ ક્યારે મંજૂર કર્યો, અને

(૩) તેની હેડ ઓફીસ હાલ કયા સ્થળે કાર્યરત છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે મરીન રાજ્ય અનામત પોલીસદળની રચના વર્ષ ૨૦૦૯ માં કરી છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સંવર્ગવાર અને વર્ષવાર મંજૂર થયેલ મહેકમની વિગતો.

| | **વર્ષ ૨૦૦૯-૧૦** | **વર્ષ ૨૦૧૦-૧૧** |
|---|---|---|
| કમાન્ડો | ૪૧૬ | ૪૧૬ |
| યાંત્રિક | ૧૦૩ | ૧૦૧ |
| વહીવટી | ૪૮ | ૪૯ |
| કુલ | ૫૬૭ | ૫૬૬ |

(૩) ગાંધીનગર.

---------

**જૂનાગઢ જિલ્લામાં પોલીસ ખાતાના હાથ ધરવામાં આવેલ બિન રહેણાંકના મકાનો**

૨૪૧૭૮ **શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના મકાનોનાં કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૦૪ કામો.

(૨) કુલ રૂ.૩૯૬.૨૫ લાખ.

**આણંદ જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૩૬૫૮ **શ્રીમતી જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારીઓની આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાથી હકીકત ખરી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/ કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ ?

(૨) (૧) વર્ષ ૨૦૧૦ માં – ૧૧૩૧
(૨) વર્ષ ૨૦૧૧ માં – ૧૩૭૬

---------

**સરદાર સરોવર બંધની પ્રવાસીઓએ લીધેલ મુલાકાત**

૨૩૮૩૧ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેવડીયામાં સરદાર બંધની કુલ કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી, અને

(૨) તે પૈકી અન્ય રાજ્યોના કેટલા મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ આ બંધની મુલાકાતે આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) સરદાર સરોવર બંધ ગુજરાતમાં પાણી અને વીજળી ઉત્પાદન થકી સમૃધ્ધિ માટેનું અગત્યનું સ્થળ પ્રસ્થાપિત થઇ ચુક્યું છે. તેની સાથે સાથે આ બંધ તથા તેની આજુબાજુના સ્થળો મહત્વનું પર્યટનનું કેન્દ્ર બની ચૂક્યા છે. દેશના સૌથી મોટા કોંક્રિટ બંધ તથા જળવિદ્યુત મથકોનો અભ્યાસ કરવા માટે પણ જિજ્ઞાસુઓ મોટી સંખ્યામાં આવે છે. તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ દરમ્યાન ભારત ભરમાંથી સરદાર સરોવર બંધની ૭,૨૬,૧૭૧ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે. જેમાં, અન્ય રાજ્યોના ૧૬૬ મહાનુભાવો, ૭૫૯ ઉચ્ચ અધિકારીઓએ બંધની મુલાકાત લીધેલ.

---------

**રાજ્યમાં કૃષિ ક્ષેત્રમાં વીજળીની ફાળવણી**

૨૫૧૨૪ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે કેટલી વીજળીની ફાળવણી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કૃષિ ક્ષેત્રે કેટલી વીજ માંગ રહી હતી અને માંગ કરતાં ઓછી વીજળી ફાળવવામાં આવી હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે ૧૮૧૯૯ મીલીયન યુનિટ વીજળીની ફાળવણી કરવામાં આવી છે. રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જળવાય તે રીતે તમામ કૃષિ વીજ જોડાણમાં દરરોજ ગુણવત્તાસભર સાતત્યપૂર્ણ ૮ કલાક વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવે છે. સમયાંતરે આકસ્મિક સંજોગોમાં પાકની જરૂરિયાતને ધ્યાને લઈ ખેડૂતોનો ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ વધારે સમય માટે વીજ પૂરવઠો પૂરો પાડવાનું પણ આયોજન કરવામાં આવે છે.

---------

**ભાવનગર જિલ્લામાં કિસાન હિત ઉર્જા શકિત યોજના હેઠળ કામગીરી**

૨૩૬૮૬ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લામાં કિસાન હિત ઉર્જા શકિત યોજના અંતર્ગત સન ૨૦૦૯-૧૦, સન ૨૦૧૦-૧૧ અને સન ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ દરમ્યાન શી કામગીરી કરવામાં આવી?

**જવાબ**

ખુશી (કિસાન હિત ઉર્જા શકિત યોજના) અંતર્ગત ભાવનગર જિલ્લામાં સન ૨૦૦૯-૧૦, સન ૨૦૧૦-૧૧માં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલી છેઃ

| કરવામાં આવેલી કામગીરી વિગતો | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|
| ૧૦ કેવીએ ટ્રાન્સફોર્મર બદલવાની કામગીરી | ૫૯૫ | ૪૧૬ |
| ૧૬ કેવીએ ટ્રાન્સફોર્મર બદલવાની કામગીરી | ૧૧૫ | ૭૭ |
| ૨૫ કેવીએ ટ્રાન્સફોર્મર | ૨૮ | ૨૯ |

| | | |
|---|---|---|
| બદલવાની કામગીરી | | |

જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં નવા વિજ જોડાણ મંજુર થયેલ છે તેમાં ૧૦ કેવીએ ના ૧૯૩૫, ૧૬ કેવીએના ૫૧, ૨૫ કેવીએના ૨૨ અને ૬૩ કેવીએના ૩ ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા છે.

**ટાટા કંપનીની નેનો કાર એકમ દ્વારા અપાયેલ લાભો અંગે શરત ભંગ**

૨૫૩૫૩ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટાટા કંપનીને નેનો કાર માટે આપવામાં આવેલા લાભોના સંદર્ભમાં મૂકવામાં આવેલી શરતનો ભંગ થઈ રહ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ કઈ શરતોનો ભંગ કરવામાં આવ્યો છે, અને

(૩) સરકારે તે અન્વયે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) શરતભંગની આવી કોઈ બાબત ધ્યાનમાં આવી નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સરદાર સરોવર બંધની પ્રવાસીઓએ લીધેલ મુલાકાત**

૨૩૭૦૦ **શ્રી ગુલસીંગભાઇ રં. રાઠવા( છોટાઉદેપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેવડીયામાં સરદાર સરોવર બંધની કુલ કેટલા પ્રવાસીઓએ મુલાકત લીધી, અને

(૨) તે પૈકી અન્ય રાજ્યોના કેટલા મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ આ બંધની મુલાકાતે આવ્યા?

**જવાબ**

(૧) અને (૨) સરદાર સરોવર બંધ ગુજરાતમાં પાણી અને વીજળી ઉત્પાદન થકી સમૃધ્ધિ માટેનું અગત્યનું સ્થળ પ્રસ્થાપિત થઇ ચુક્યું છે. તેની સાથે સાથે આ બંધ તથા તેની આજુબાજુના સ્થળો મહત્વનું પર્યટનનું કેન્દ્ર બની ચૂક્યા છે. દેશના સૌથી મોટા કોંક્રિટ બંધ તથા જળવિદ્યુત મથકોનો અભ્યાસ કરવા માટે પણ જિજ્ઞાસુઓ મોટી સંખ્યામાં આવે છે. તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ દરમ્યાન ભારત ભરમાંથી સરદાર સરોવર બંધની ૭,૨૬,૧૭૧ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે. જેમાં, અન્ય રાજ્યોના ૧૬૬ મહાનુભાવો, ૭૫૯ ઉચ્ચ અધિકારીઓએ બંધની મુલાકાત લીધેલ.

---------

**નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા અને ઝીંઝુવાડા શાખા નહેરના કામો**

૨૩૬૯૮ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા અને ઝીંઝુવાડા શાખા નહેરના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેનાથી કેટલા વિસ્તારને આ સિંચાઇનો લાભ થશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અર્ધઅછત તેમજ પિયતથી વંચિત એવા ઝીંઝુવાડા અને ખારાઘોડા વિસ્તારોની જમીનોમાં શાખા નહેરના મારફતે નર્મદાનું પિયત તેમજ પીવાના પાણી વહેલી તકે મળે તે માટે જમીન સંપાદન તેમજ નહેર વિતરણ પધ્ધિતની કામગીરી નિગમ દ્વારા ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહેલ છે.

ખારાઘોડા શાખા નહેર દ્વારા ૮૪,૧૧૮ એકર અને ઝીંઝુવાડા શાખા નહેર ૨,૩૪,૧૯૯ એકર જમીનને કુલ ૩,૧૮,૩૧૭ એકર પિયત વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. બંને શાખા નહેરોના ૧૦૧.૪૬ કી.મી. લંબાઇના

કામો પૂર્ણ થયેલ છે. વિશાખા ૨૮૬.૪૮ કી.મી. લંબાઇમાંથી ૨૪૦.૩૯ કી.મી.ના કામો પૂર્ણ થયેલ છે. બાકી રહેતી વિશાખા તેમજ પ્રશાખાના ૧૨૧૭.૪૦ કી.મી. ના કામો પ્રગતિ હેઠળ છે.

---------

**ભરૂચ જિલ્લામાં યોજવામાં આવેલ લોક દરબાર**

૨૩૬૪૨ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો ભરૂચ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૦માં ૧૧૫૦ અને વર્ષ ૨૦૧૧માં ૧૨૫૨ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબ સ્ટેશનો**

૨૩૬૬૭ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૧૧–૧૨ના વર્ષમાં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા? | સન ૨૦૧૧–૧૨ના વર્ષમાં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૬ કેવીના ૯ (નવ) નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. |

---------

**સન ૨૦૦૯ તથા ૨૦૧૧ના વાયબ્રન્ટ સમિટોમાં થયેલ વાસ્તવિક મૂડી રોકાણ**

* ૨૫૨૩૧ **શ્રી દેવજીભાઇ ગો. ફતેપરા(હળવદ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ સન ૨૦૦૯ અને ૨૦૧૧ના વર્ષમાં યોજાયેલ બે વાયબ્રન્ટ સમિટોમાં વાસ્તવિક મૂડી રોકાણ કુલ કેટલું થયું છે? | એમ.ઓ.યુ. થયા બાદ રોકાણકારે પ્રોજેક્ટ માટે જમીન ઉપલબ્ધ કરવી, નાણાકીય વ્યવસ્થા કરવી, જુદા જુદા પ્રકારની મંજૂરીઓ મેળવવાની પ્રક્રીયામાંથી પસાર થવાનું રહે છે. સામાન્ય રીતે નાના પ્રોજેક્ટને ઉત્પાદનમાં જતા બે થી ત્રણ વર્ષનો સમયગાળો લાગે છે. મોટા પ્રોજેક્ટને વિવિધ પ્રક્રિયા જેવી કે નાણાકીય મંજૂરી, પર્યાવરણ મંજૂરી વિગેરેમાંથી પસાર થવું પડે છે. તેથી ઉત્પાદનમાં જતાં પાંચથી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે. તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વાયબ્રન્ટ સમીટ સને ૨૦૦૭માં ૬૭.૪૦ ટકા પ્રોજેક્ટ, સને ૨૦૦૯માં ૬૮.૦૫ ટકા પ્રોજેક્ટ તથા સને ૨૦૧૧માં ૩૯.૬૪ ટકા પ્રોજેક્ટ કાર્યાન્વીત થયેલ છે અથવા તો અમલીકરણ હેઠળ છે. વાયબ્રન્ટ સમીટ સને ૨૦૦૭માં રૂ. ૧,૦૫,૩૫૫.૧૧ કરોડ, સને ૨૦૦૯માં રૂ. ૯૧,૬૩૯.૬૪ કરોડ તથા સને ૨૦૧૧માં રૂ. ૫૭,૦૫૦.૫૫ કરોડ મળી કુલ વાસ્તવીક મુડીરોકાણ રૂ. ૨,૫૪,૦૪૫.૩૧ કરોડનું થયેલ છે. મુડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રીયા છે. |

**દાહોદ જિલ્લામાં આયોજન અંતર્ગત ફાળવવામાં આવેલ ગ્રાન્ટ**

૨૫૦૫૦ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાકક્ષાએ અને તાલુકાકક્ષાએ | (૧) અને (૨) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા કક્ષાએ અને |

તાલુકાવાર કુલ કેટલી રકમની આયોજનની ગ્રાન્ટ સરકાર તરફથી ફાળવવામાં આવી, અને

(૨) આ રકમ પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલી રકમ વાપરવામાં આવી?

તાલુકાકક્ષાએ તાલુકાવાર ફાળવેલ આયોજનની ગ્રાન્ટ અને તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર વાપરવામાં આવેલ ગ્રાન્ટ અંગેની વિગતો સામેલ પત્રક મુજબ છે.

**પત્રક**

**રૂપિયા લાખમાં**

| **વર્ષ ૨૦૦૯-૧૦** | | | **વર્ષ ૨૦૧૦-૧૧** |
|---|---|---|---|
| **જિલ્લા કક્ષા** | **ફાળવવામાં આવેલ ગ્રાન્ટ** | **વાપરવામાં આવેલ ગ્રાન્ટ** | **જિલ્લા કક્ષાની કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી** |
| | ૩૮.૪૯ | ૩૬.૦૬ | |

**તાલુકા કક્ષા**

| | | **વર્ષ ૨૦૦૯-૧૦** | | **વર્ષ ૨૦૧૦-૧૧** | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ફાળવવામાં આવેલ ગ્રાન્ટ** | **વાપરવામાં આવેલ ગ્રાન્ટ** | **ફાળવવામાં આવેલ ગ્રાન્ટ** | **વાપરવામાં આવેલ ગ્રાન્ટ** |
| ૧ | દાહોદ | ૪૮.૦૩ | ૪૭.૨૦ | ૧૨૫.૦૦ | ૧૧૯.૮૬ |
| ૨ | દેવગઢ-બારીયા | ૩૬.૪૪ | ૩૫.૮૫ | ૧૨૫.૦૦ | ૧૦૧.૯૨ |
| ૩ | ધાનપુર | ૨૫.૦૭ | ૨૨.૯૧ | ૧૨૫.૦૦ | ૧૨૨.૭૦ |
| ૪ | ફતેપુરા | ૩૩.૭૫ | ૨૭.૫૧ | ૧૨૫.૦૦ | ૧૨૨.૩૭ |
| ૫ | ગરબાડા | ૨૭.૭૫ | ૨૬.૩૬ | ૧૦૦.૦૦ | ૯૮.૨૮ |
| ૬ | લીમખેડા | ૪૫.૮૪ | ૪૨.૫૦ | ૧૫૦.૦૦ | ૧૪૨.૧૩ |
| ૭ | ઝાલોદ | ૬૩.૨૭ | ૫૮.૦૯ | ૧૫૦.૦૦ | ૧૪૩.૦૧ |
| | **કુલ...** | **૨૮૦.૧૫** | **૨૬૦.૪૨** | **૯૦૦.૦૦** | **૮૫૦.૨૭** |

---------

## તાપી જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ

૨૪૨૫૪ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તાપી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતર પડેલી છે?

**જવાબ**

૮૧૧૨ અરજીઓ.

---------

## નર્મદા યોજનાના વીજ મથકોમાં થયેલ વીજ ઉત્પાદન

૨૩૭૦૩ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા યોજનાના બંને વીજ મથકમાંથી કેટલુ વીજ ઉત્પાદન થયેલ છે, અને

(૨) વર્ષ ૨૦૧૧ દરમ્યાન ઉત્પન્ન થયેલ વીજળીમાંથી રાજ્ય સરકારને કેટલી આવક થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા યોજનાના બંને વીજ મથકોમાંથી વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં ૨ અબજ ૩૨ કરોડ યુનીટ, વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ૩ અબજ ૬૧ કરોડ યુનીટ, વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં ૪ અબજ ૩૮ કરોડ યુનીટ મળી કુલ ૧૦ અબજ ૩૧ કરોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે.

(૨) વર્ષ ૨૦૧૧ દરમ્યાન ઘટ બાદ કરતાં વીજ ઉત્પાદનની કુલ ૧૭ અબજ ૧૧ કરોડ રૂપિયાની આવક થયેલ છે (રૂ઼ા. ૪.૦૦ પ્રતિ યુનિટ મુજબ). તેમાંથી ગુજરાતને ૧૬ ટકા હિસ્સા પ્રમાણે પ્રમાણે ૨ અબજ ૭૪ કરોડ, મહારાષ્ટ્રને ૨૭ ટકા હિસ્સા પ્રમાણે ૪ અબજ ૬૨ કરોડ અને મધ્યપ્રદેશને ૫૭ ટકા પ્રમાણે ૯ અબજ ૭૫ કરોડની આવક થયેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં બી.પી.એલ. કુટુંબોને વિના મૂલ્યે વીજળીના જોડાણો**

૨૩૯૬૨ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો પૈકી કેટલા કુટુંબોને તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિના મૂલ્યે વિજળીના જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા સાબરકાંઠા જિલ્લાના ૩૯૨૫ કુટુંબોને રૂપિયા ૨૧૧.૯૩ લાખના ખર્ચે વિના મૂલ્યે વિજળીના જોડાણો આપવામાં આવેલ છે. આ ઉપરાંત રાજય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ૪૯૩ કુટુંબોને રૂપિયા ૪૧.૯૮ લાખના ખર્ચે વિના મૂલ્યે વિજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૨૪૨૬૭ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧–૧–૧૧ થી ૩૧–૧૨–૧૧ સુધીમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, બળાત્કાર અને ઘરફોડ ચોરીના કેટલા કિસ્સાઓ પોલીસ દફતરે નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) **પત્રક–૧** મુજબ

(૨) ૧૮૭ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે અને ૨૧ ઈસમોની ધરપકડ કરવાની બાકી છે.

**પત્રક–૧**

| તાલુકો | ખુન | લૂંટ | બળાત્કાર | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|
| વલસાડ | ૬ | ૧ | –– | ૩૬ |
| પારડી | ૧૪ | ૩ | ૫ | ૫૭ |
| ઉમરગામ | ૬ | ૨ | ૩ | ૧૮ |
| ધરમપુર | ૨ | ૧ | – | ૫ |
| કપરાડા | ૭ | – | ૧ | ૨ |

---------

**નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં નહેરોની કામગીરી**

૨૩૬૯૪ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં નહેરોની કામગીરી કયા તબક્કે છે,

(૨) આ કામો પૂર્ણ કરવા માટે શું આયોજન

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નહેરોની કામગીરીની પરિસ્થિતિ નીચે મુજબ છે.

| નહેરની વિગત | કુલ લંબાઈ (કી.મી.) | પૂર્ણ થયેલ લંબાઈ (કી.મી.) |
|---|---|---|
| મુખ્ય નહેર | ૫૬.૫૩ | ૫૬.૫૩ |
| શાખા નહેરો | ૧૧૯.૯૨ | ૧૧૯.૯૨ |
| વિશાખા | ૧૬૧.૨૯ | ૧૩૪.૪૬ |
| માઈનોર | ૫૯૬.૪૭ | ૧૧૬.૫૬ |
| સબ માઈનોર | ૧૬૫૪.૧૪ | ૧૫૫.૦૨ |
| **કુલઃ** | **૨૫૮૮.૩૫** | **૫૮૨.૪૯** |

(૨) વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

કરવામાં આવ્યું છે, અને

(૩) તેનાથી કેટલી જમીનને સિંચાઇનો લાભ મળશે ?

(૩) મહેસાણા જિલ્લાની કુલ ૧,૫૬,૫૫૦ એકર (૬૩,૩૫૪ હેકટર) સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે અરજીઓ

૨૩૮૩૯ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી ?

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને

(૪) આ અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહિત નીચે મુજબ વર્ષવાર અરજીઓ મળેલ છે.

વર્ષ ૨૦૧૦–૧૧ ૩૧૨૩

વર્ષ ૨૦૧૧–૧૨ ૧૫૪૦

તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં

(૨) તે પૈકી બેંકોને ભલામણ થયેલ પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય મંજૂર કરવામાં આવી

| વર્ષ | મંજુર થયેલ અરજીઓ | કેસો | ચૂકવાયેલ સહાય રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૦૫૦ | ૮૭૩ | ૧૦૨.૭૬ |
| ૨૦૧૧–૧૨ | ૩૪૩ | ૪૭૨ | ૫૬.૨૭ |
| (૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં) | | | |

(૩) નીચે મુજબ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૯૦૯ | ૧૨૯૨ |
| ૨૦૧૧–૧૨ | ૩૦૦ | ૪૭૬ |
| (તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં) | | |

(૪) અરજીઓ નામંજૂર થવાના કારણોમાં બેંક કક્ષાની વિગત નીચે મુજબ છે.

**જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ**

૧. ધંધો પોષણક્ષમ ન હોવાથી.
૨. ધંધાનું સ્થળ બેંકના સર્વીસ એરીયામાં ન હોવાથી
૩. કુટુંબના સભ્યએ લોન લીધેલ હોવાથી.
૪. અરજદારની લોન લેવાની ઇચ્છા ન હોવાથી.
૫. અરજદાર બેંકના ડીફોલ્ટર હોવાથી.
૬. અરજદારે અગાઉ બીજી યોજનામાં સબસીડી મેળવેલ હોવાથી.
૭. બેંકનો લક્ષ્યાંક પૂર્ણ થવાથી.

---------

## કચ્છ જિલ્લામાં હસ્તકલાના કારીગરોને તાલીમ

૨૩૭૪૧ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજય સરકાર દ્વારા કચ્છ જિલ્લામાં કેટલાં હસ્તકલાના કારીગરોને વર્ષ ૨૦૧૦–૧૧માં તાલીમ આપવામાં આવી, અને

(૨) તે માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૨૦૫ હસ્તકલા કારીગરો

(૨) ` ૫,૭૪,૦૦૦

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબ સ્ટેશનો**

૨૩૬૬૮ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૯ (નવ) નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. તે પૈકી ૨૨૦ કે.વી.નું (એક) અને ૬૬ કે.વી. ના ૮ (આઠ) સબ સ્ટેશનો છે.

---------

**રાજયમાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન**

૨૩૬૬૬ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં કેટલા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયોન જાહેર કરવામાં આવેલ છે, અને

(૨) તેમના સુયોજીત વિકાસ માટે રાજય સરકારે કોઈ વહીવટી માળખાની રચના કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજયમાં કુલ પાંચ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન જાહેર કરવામાં આવેલ છે.

(૨) રાજય સરકારે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના સુયોજીત વિકાસ માટે ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ, ૨૦૦૯ ઘડેલ છે. તેની જોગવાઈઓ મુજબ ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડને એપેક્ષ ઓથોરીટી તરીકે ડેઝીગનેટ કરેલ છે અને પ્રત્યેક જાહેર કરાયેલ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ માટે રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના કરવાની જોગવાઈ કરેલ છે. જે અન્વયે નીચે મુજબના પાંચ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના કરવામાં આવેલ છે.

- ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી
- ગુજરાત પેટ્રોલિયમ, કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી
- સાંતલપુર સ્પશેયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી
- આલિયા બેટ એન્ટરટેઈનમેન્ટ એન્ડ ઈકો ડેવલપમેન્ટ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી
- હાલોલ–સાવલી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી

**અમદાવાદ જિલ્લામાં પશુઓની હેરફેર કરતાં પકડાયેલ વાહનો**

૨૫૨૧૫ **શ્રી કાનજીભાઈ રા. તળપદા(ધોળકા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં પશુઓને લઈ જતા કેટલા વાહનો ક્યાંથી અને ક્યારે પકડવામાં આવેલ છે, અને

(૨) તેમના સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા હાઈવે તેમજ એપ્રોચ રોડ ઉપરથી જુદા જુદા સમયે કુલ–૧૬૧ વાહનો પકડવામાં આવેલ છે.

(૨) આરોપીઓની ધરપકડ કરી તેઓ વિરુધ્ધ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપવામાં આવેલ છે.

## આણંદ જિલ્લામાં યોજવામાં આવેલ લોક દરબાર

૨૩૬૪૫ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આણંદ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા યોજવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૦માં ૨૩૬ અને વર્ષ ૨૦૧૧માં ૩૬૧ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

## વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં બી.પી.એલ. કુટુંબોને વિના મુલ્યે વીજળીના જોડાણો

૨૩૯૬૪ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો પૈકી કેટલા કુટુંબોને તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિના મૂલ્યે વિજળીના જોડાણો આપવામાં આવેલ છે,અને<br>(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૧) અને (૨)<br>તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા વડોદરા જિલ્લાના ૩૨૩૫ કુટુંબોને રૂપિયા ૯૪૭.૪૭ લાખના ખર્ચે વિના મૂલ્યે વિજળીના જોડાણો આપવામાં આવેલ છે. આ ઉપરાંત રાજય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ૨૨૮ કુટુંબોને રૂપિયા ૫.૦૨ લાખના ખર્ચે વિના મૂલ્યે વિજ જોડાણ આપવામાં આવેલ છે. |

---------

## મુખ્યમંત્રીશ્રી સદ્ ભાવના મીશન હેઠળ ઉપવાસના કાર્યક્રમ અન્વયે કલેકટરશ્રીને ફાળવવામાં આવેલ રકમ

૨૪૯૧૫ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૧૧થી તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા દરેક જિલ્લામાં સદ્ ભાવના મીશન હેઠળ ઉપવાસના કાર્યક્રમ અન્વયે પ્રોટોકોલ વિભાગ દ્વારા જિલ્લાવાર કલેકટરશ્રીઓને કેટલી રકમ કાર્યક્રમ માટે ફાળવી, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | ફાળવેલ રકમ |
|---|---|
| (૧) જામનગર | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| (૨) નવસારી | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| (૩) પાટણ | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| (૪) તાપી (સોનગઢ) | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| (૫) નર્મદા (રાજપીપળા) | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| (૬) કચ્છ (ભચાઉ) | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| (૭) ભાવનગર (મ્યુ. કોર્પો.) | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| (૮) વડોદરા (બોડેલી) | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| (૯) પોરબંદર | રૂા. ૪,૦૦,૦૦૦/- |
| **કુલ** | **રૂા. ૪૪,૦૦,૦૦૦/-** |

**પ્રશ્ન** (૨) આવી ફાળવેલ રકમ બજેટના કયા હેડે મંજૂર થયેલ હતી?

**જવાબ** (૨)આવી ફાળવેલ રકમ માગણી નં. ૩૩, મુખ્ય સદર-૨૦૫૨, સચિવાલય સામાન્ય સેવાઓ, ગૌણ સદર-૮૦૦, અન્ય ખર્ચ પેટા સદર-૦૪ સદ્ ભાવના મિશન સંલગ્ન કાર્યક્રમો (આયોજન બહાર-મતપાત્ર) ચાર્જેબલ ૨૦૫૨ ૦૦ ૮૦૦ ૦૪ હેઠળ ઉધારવાની જોગવાઈ કરેલ છે.

---------

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**જંબુસર તાલુકાવાર અગરિયાઓને આવાસની સુવિધા**

૨૪૯૩૯ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર): માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ જંબુસર તાલુકામાં મીઠું પકવતા અગરિયાઓની સંખ્યા કુલ કેટલી છે, અને | (૧) ૨,૫૫૦ |
| (૨) કુલ કેટલા અગરિયાઓને આવાસની સુવિધા પૂરી પાડવામાં આવી છે? | (૨) ૧,૦૦૨ અગરિયાઓને ૫૦૧ આવાસની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. |

---------

**સુરત અને નવસારી જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ**

૨૪૨૯૦ **શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ( મહુવા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત અને નવસારી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતર પડેલી છે? | તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં ૮૨૫૧ અને નવસારી જિલ્લામાં ૮૯૩૬ અરજીઓ પડતર છે. |

---------

**ખેડૂતોને ખેતી માટે દિવસે વીજળી આપવા બાબત**

૨૫૧૦૧ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્ય ખેડૂતોને ખેતી માટે ૮ કલાક વીજળી આપવાનો જે કાર્યક્રમ ચાલે છે, તેમાં મોટાભાગનો સમય રાત્રીનો હોઈ સરકાર આમાં સુધારો કરી ખેડૂતોને પિયત માટે દિવસે વીજળી આપવા માંગે છે કે કેમ,<br>(૨) જો ના, તો એના કારણો શાં છે, અને<br>(૩) જો હા, તો કેટલા કલાક દિવસે વીજળી આપવા માંગે છે? | (૧), (૨) અને (૩) રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જળવાય તે રીતે તમામ ખેતીવાડી ફીડરોનું બે ગૃપમાં વિભાજન કરીને દરેક ગૃપને દર અઠવાડીયે વારાફરતી દિવસે અને રાત્રે દરરોજ સાતત્યપૂર્ણ ૮ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.<br>વધુમાં, વીજળીનો સંગ્રહ થઈ શકતો નથી. આથી વીજ ઉત્પાદન ક્ષમતા, વીજ પ્રવહન અને વિતરણ વ્યવસ્થાને તમામ ક્ષેત્રની વિજ માંગ સાથે સંતુલિત રાખવા કૃષિ ક્ષેત્રે ગૃપવાર દિવસે અને રાત્રીના સમયે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. |

**ભરૂચ જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૩૬૬૧ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારીઓની આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની વાત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં – ૧૨૫૨<br>(૨) વર્ષ ૨૦૧૧માં – ૧૬૨૪ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ**

૨૩૮૭૯ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલાં લાભાર્થીઓને લાભ | (૧) વર્ષ ૨૦૧૦–૧૧ ૩૯૬૪ લાભાર્થીઓ<br>વર્ષ ૨૦૧૧–૧૨ ૨૨૯૧ લાભાર્થીઓ<br>(તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી) |

આપવામાં આવેલ છે,

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે?

(૨) વર્ષ ૨૦૧૦-૧૧ રૂ।. ૧૫૦.૬૨ લાખ

વર્ષ ૨૦૧૧-૧૨ રૂ।. ૧૦૪.૮૨ લાખ

(તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધી)

---------

**અમદાવાદ જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૩૬૫૪ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારીઓની આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની વાત ખરી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) વર્ષ ૨૦૧૦માં – ૬૦૦
(૨) વર્ષ ૨૦૧૧માં – ૫૧૦

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ – ૨૦૧૧માં ભાગ લેનાર દેશો**

૨૩૬૯૩ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧માં કેટલા દેશોના લોકોએ ભાગ લીધો,

(૨) કેટલા દેશોમાંથી મુખ્યત્વે ડેલીગેશનો આવેલા, અને

(૩) આમાં કયા દેશોમાંથી તેમના વડા અથવા દેશના પ્રતિનિધિ આવ્યા હતા?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧માં કુલ ૧૦૧ દેશોના લોકોએ ભાગ લીધો હતો.

(૨) તે પૈકી ૧૫ દેશોમાંથી ૨૬ ઉચ્ચસ્તરીય ડેલીગેશનો આવેલા હતા.

(૩) ૧૫ દેશોમાંથી નીચે જણાવેલ દેશોમાંથી તેમના વડા અથવા પ્રતિનિધિ આવ્યા હતા.

*કેનેડા
*જાપાન
*રવાન્ડા
*ગેબોન
*યુ.કે.
*ત્રિનિદાદ એન્ડ ટોબાગો
*યુગાન્ડા
*બ્રાઝીલ

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ**

૨૪૪૦૯ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાલા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતરમાં છે?

**જવાબ**

જૂનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ ૩૧૬૪૩ અને ડાર્કઝોન હેઠળની ૭૪૮૯ અરજીઓ જ્યારે પોરબંદર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળની ૨૪૪૨ અને ડાર્કઝોન હેઠળની ૨૭૪૯ અરજીઓ પડતર છે.

---------

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ અને દાહોદ જિલ્લામાં પૂર્ણ કરવામાં આવેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો**

૨૪૧૭૬ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) પંચમહાલમાં ૧૧૨ અને દાહોદમાં ૩૧૪ |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) પંચમહાલમાં કુલ રૂા. ૬૦૨.૯૧ લાખ અને દાહોદમાં કુલ રૂા. ૨૬૪૧.૬૩ લાખ. |

**નર્મદા કચ્છ બ્રાન્ચની ભચાઉ સુધીની નવી એલાઈમેન્ટ**

૨૫૦૮૨ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નર્મદા કચ્છ બ્રાન્ચની ભચાઉ સુધીની નવી એલાઈમેન્ટ આડેસરથી પલાંસવા–ગાગોદર–શીકારપુરા–વાંઢીયા–જંગી, વોંધ થઈ ભચાઉ બદલી સબબ્રાન્ચ (પેટા શાખા) કંમાઈશેટ બ્રાન્ચ કરવાનો નિર્ણય લેવાયો છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી |
| (૨) નર્મદા કચ્છ બ્રાન્ચની ભચાઉ સુધીની આડેસર–સણવા – ફતેગઢ – ગેડી – નંદાસર – ચાખારીની નવી એલાઈનમેન્ટ કરવાનો નિર્ણય ક્યારે અને કયા કારણોસર લેવાયો, | (૨) નવી એલાઈનમેન્ટ કરવાનો નિર્ણય તા. ૨૪–૩–૨૦૦૦ના રોજ લેવાયો. કચ્છ વિસ્તારને નીચે દર્શાવેલ કારણોસર નવી એલાઈનમેન્ટનો નિર્ણય કરવામાં આવેલ.<br>(અ) કચ્છમાં સિંચાઈ માટે પાણીની ફાળવણી ૦.૨૪ મી. એ. ફૂટથી વધારીને ૦.૪૯૬ મી. એ. ફૂટ કરવામાં આવી.<br>(બ) કચ્છ જિલ્લાનો સિંચાઈ વિસ્તાર ૧,૪૧,૫૫૮ એકર (૫૭,૩૦૦ હેકટરથી) વધારીને ૨,૭૮,૬૭૪ એકર (૧,૧૨,૭૭૮ હેકટર) કરવામાં આવ્યો. |
| (૩) આ નવી એલાઈન મેન્ટમાં રાપર–ભચાઉ તાલુકાની મૂળ એલાઈનમેન્ટમાં કયા કયા ગામોના માટે નક્કી કરાયો, અને | (૩) નવી એલાઈનમેન્ટમાં મૂળ એલાઈનમેન્ટનાં લાભિત તમામ જુના ૧૭ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. ગામોની યાદી સામેલ પત્રક–૧ માં સામેલ છે. |

**પત્રક–૧**

| અનુ. નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | લાભિત ગામોનું નામ |
|---|---|---|---|
| ૧ | કચ્છ | રાપર | નંદાસર |
| ૨ | કચ્છ | રાપર | લખપત–બામોસણ |
| ૩ | કચ્છ | રાપર | આડેસર |
| ૪ | કચ્છ | રાપર | ટગા |
| ૫ | કચ્છ | રાપર | વરનુ |
| ૬ | કચ્છ | રાપર | સુખપર |
| ૭ | કચ્છ | રાપર | વીજાપર |
| ૮ | કચ્છ | રાપર | માખેલ |
| ૯ | કચ્છ | રાપર | પલાસવા |
| ૧૦ | કચ્છ | રાપર | ઘાણીયાલ |
| ૧૧ | કચ્છ | રાપર | કાનમેર |
| ૧૨ | કચ્છ | રાપર | ગાગોદર |
| ૧૩ | કચ્છ | રાપર | ભીમદેવકા |
| ૧૪ | કચ્છ | રાપર | થોરીયાળી |
| ૧૫ | કચ્છ | રાપર | પેથાપર |
| ૧૬ | કચ્છ | રાપર | કુંભારીયા |
| ૧૭ | કચ્છ | રાપર | માણાબા |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કચ્છ બ્રાન્ચ કે/અને પેટા શાખામાં કચ્છમાં કેટલું ખર્ચ કરવામાં આવ્યાં ? | (૪) રૂા. ૫૮.૯૩ કરોડ |

## બનાસકાંઠા જિલ્લામાં યોજવામાં આવેલ લોક દરબાર

૨૩૬૪૩ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૧) હા,જી

(૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ?

(૨) વર્ષ ૨૦૧૦માં ૧૭૯ અને વર્ષ ૨૦૧૧માં ૨૦૨ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

## નવસારી જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત

૨૪૧૬૮ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા રહેણાંક અને બિન રહેણાંકના મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને

(૧) ૭૦ રહેણાંક અને ૦૫ બિન રહેણાંકના મકાનો

(૨) આ કામગીરી પાછળ કૂલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ રૂા. ૩૪.૭૬ લાખ

---------

## વડોદરા અને પંચમહાલ જિલ્લામાં નર્મદા યોજનાના નહેરના બાકી કામો

* ૨૪૯૯૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વડોદરા અને પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજનાની નાની–મધ્યમ અને ખેતરોમાં પાણી લઈ જવા માટેની કેટલા કી. મી. ની નહેરોના કામો બાકી છે, અને

(૧) વડોદરા અને પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વિશાખા નહેર (મધ્યમ) માઈનોર નહેર (નાની) અને ખેતરોમાં પાણી લઈ જવા માટેની સબ માઈનોર નહેરોની નીચે દર્શાવેલ લંબાઇમાં કામ બાકી છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | બાકી રહેતી લંબાઈ કી.મી.માં | |
|---|---|---|---|
| | | વડોદરા જિલ્લો | પંચમહાલ જિલ્લો |
| ૧ | વિશાખા નહેર | ૦.૫૦ | ૦ |
| ૨ | માઈનોર નહેર | ૬૮.૩૮ | ૦ |
| ૩ | સબ માઈનોર નહેર | ૧૮૧૦.૬૬ | ૩.૫ |

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૨) બાકી રહેતી વિશાખા નહેરો, માઈનોર નહેરો અને સબ–માઈનોર નહેરોના કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## મહેસાણા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ

૨૩૭૩૪ **શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસાણા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે,

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ ૧૯૫૧ લાભાર્થીઓ
વર્ષ ૨૦૧૧–૧૨ ૧૬૩૨ લાભાર્થીઓ
(તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી)

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) વર્ષ ૨૦૧૦–૧૧ રૂા. ૯૭.૫૫ લાખ
વર્ષ ૨૦૧૧–૧૨ રૂા.૮૧.૬૦ લાખ
(તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી)

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**નર્મદા યોજના અંતર્ગત અમરાવપુરા શાખાના નહેરોના કામો**

૨૩૭૦૪ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા):માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) નર્મદા યોજના અંતર્ગત અમરાવરા શાખા નહેરના કામો તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કામાં છે, અને

(૧) નર્મદા યોજના અંતર્ગત તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ અમરાવપુરા શાખા નહેરની કુલ લંબાઈ ૫૫.૩૧ કી.મી. પૈકી ૫૪.૦૦ કી. મી. ની લંબાઈમાં માટીકામ અને ૨૨.૪૦ કી.મી.ની લંબાઇમાં અસ્તરકામ પૂર્ણ થયેલ છે. બાકી રહેલ કામો પ્રગતિમાં છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં અમરાપુરા શાખા નહેરના કામો પાછળ રૂા. ૫.૮૭ કરોડનો ખર્ચ થયેલ છે.

---------

**રાજ્ય અનામત પોલીસદળ જુથ–૨ના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની હાથ ધરાયેલ કામગીરી**

૨૪૧૬૫ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય અનામત પોલીસ દળ જુથ–૨ માટે પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિન રહેણાંકના મકાનોની કામગીરી હાથ પર લેવામાં આવી છે, અને

(૧) કુલ ૨૮૨ રહેણાંકના અને ૦૨ બિન રહેણાંકના કામો

(૨) આ કામગીરી પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ રૂા. ૧૭૫૮.૧૮ લાખ

---------

**જોડિયા બંદરની સમસ્યાઓના ઉકેલ માટે આયોજન**

૨૫૧૪૦ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જોડિયા બંદર ડીસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ સુવિધાની વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલ છે તે હકીકત સાચી છે,

(૧) બંદરની ચેનલમાં રેતી અને કાંપના ભરાવાના કારણે વહાણો લાંગરવા માટે જરૂરી પાણીની ઉંડાઈ ઉપલબ્ધ નથી.

(૨) જો હા, તો કઈ કઈ સમસ્યાઓ છે, અને

(૩) તેના ઉકેલ માટે રાજ્ય સરકારે શું આયોજન કર્યુ છે ?

(૨) અને (૩) (૧) બંદરને ખાનગી મૂડીરોકાણથી વિકસાવવા અર્થે મે–૧૯૯૭, ડીસેમ્બર–૧૯૯૮ માં જાહેર નિવિદા આપી. તેમજ વર્ષ–૨૦૦૨માં ખાનગી કંપનીઓ અને ટ્રેડ સાથે મીટીંગ કરી બંદર વિકસાવવાના પ્રયત્નો કરવા છતાં યોગ્ય પ્રતિસાદ મળેલ નથી.

(૨) ગુજરાત મેરીટાઇમ બોર્ડે વર્ષ–૨૦૧૦ માં તજજ્ઞ મારફતે જે શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરાવેલ છે તેમાં જોડીયા બંદરને વિકસાવવાનો હકારાત્મક અભિપ્રાય મળેલ નથી.

**ભાવનગર જિલ્લામાં યોજવામાં આવેલ લોક દરબાર**

૨૩૬૪૧ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૧) હા,જી

(૨) જો હા, તો ભાવનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ?

(૨) વર્ષ ૨૦૧૦માં ૧૨૨ અને ૨૦૧૧માં ૧૮૮ લોક દરબાર યોજવામાં આવેલ છે.

---------

**સન ૨૦૦૯ તથા ૨૦૧૧ ના વાયબ્રન્ટ ગુજરાતમાં પાવર પ્રોજેક્ટના એમ.ઓ.યુ.**

૨૫૩૭૩ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સન ૨૦૦૯ અને ૨૦૧૧ ના વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત

(૧) પરંપરાગત ઉર્જા ક્ષેત્રે ૨૦૦૯માં ૩૧ અને ૨૦૧૧માં ૫૫ એમ.ઓ.યુ. થયા અને બિનપરંપરાગત ઉર્જા

દરમ્યાન કુલ કેટલા પાવર પ્રોજેક્ટ માટેના એમ.ઓ.યુ. થયાં હતા અને

(૨) આ એમ.ઓ.યુ. પૈકી તા. ૧-૧-૨૦૧૨ની સ્થિતિએ કેટલા પાવર પ્રોજેક્ટ કાર્યાન્વિત થયા ?

ક્ષેત્રે ૨૦૦૯માં ૬૪ અને ૨૦૧૧માં ૩૦ એમ.ઓ.યુ. થયા.

(૨) તા. ૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ૨૦૦૯માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ ૩૧ એમ.ઓ.યુ. પૈકી ૬ પ્રોજેક્ટ અમલીકરણની સ્થિતિએ અને બાકીના ૨૫ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કે છે. ૨૦૧૧માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ તમામ ૫૫ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કે છે. બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. પૈકી સન ૨૦૦૯માં થયેલ એમ.ઓ.યુ.માંથી ૧૮ અને ૨૦૧૧માં થયેલ એમ.ઓ.યુ. માંથી ૫ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ છે.

---------

## સુરત અને નવસારી જિલ્લામાં પશુઓની હેરફેર માટે પકડવામાં આવેલ વાહનો

૨૫૦૦૫ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ૦૩ વર્ષમાં સુરત અને નવસારી જિલ્લામાં ઘેંટાંબકરાઓથી ભરેલા કેટલા ટેમ્પા અને ટ્રકો પકડ્વામાં આવી,

**જવાબ**

(૧) સુરત શહેર

| સમયગાળો | ટેમ્પો | ટ્રક | અન્ય વાહન |
|---|---|---|---|
| તા.૧-૨-૨૦૦૯થી તા. ૩૧-૧-૨૦૧૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તા.૧-૨-૨૦૧૦થી તા. ૩૧-૧-૨૦૧૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તા.૧-૨-૨૦૧૧થી તા. ૩૧-૧-૨૦૧૨ | ૦૪ | ૦૦ | ૦૧- રીક્ષા |

**સુરત ગ્રામ્ય**

| સમયગાળો | ટેમ્પો | ટ્રક | અન્ય વાહન |
|---|---|---|---|
| તા.૧-૨-૨૦૦૯થી તા. ૩૧-૧-૨૦૧૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તા.૧-૨-૨૦૧૦થી તા. ૩૧-૧-૨૦૧૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તા.૧-૨-૨૦૧૧થી તા. ૩૧-૧-૨૦૧૨ | ૦૩ | ૦૦ | ૦૦ |

**નવસારી**

| સમયગાળો | ટેમ્પો | ટ્રક | અન્ય વાહન |
|---|---|---|---|
| તા.૧-૨-૨૦૦૯થી તા. ૩૧-૧-૨૦૧૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તા.૧-૨-૨૦૧૦થી તા. ૩૧-૧-૨૦૧૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તા.૧-૨-૨૦૧૧થી તા. ૩૧-૧-૨૦૧૨ | ૦૦ | ૦૦ | ૦૧ પીક અપ વાહન |

(૨) આ પ્રવૃત્તિ ગેરકાયદેસર હોઈ આ બાબત ગુનો બને છે કે કેમ, અને

(૨)હા/-

(૩) ગુનેગારો સામે શાં પગલાં લેવામાં આવ્યા?

(૩)મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ- ૫,૭,૮,૯,૧૦ તથા પશુ ઘાતકીપણાની કલમ-૩,૧૧, ડી મુજબ તથા એમ.વી. એકટ કલમ-૬૬ (૧) ૧૯૨, એ, ૧૭૭ મુજબના ગુનાઓ નોંધવામાં આવેલ છે.

આરોપીઓ વિરૂદ્ધ ગુના દાખલ કરી અટક કરવામાં આવે છે. અને કોર્ટ રાહે પગલાં લીધેલ છે.

---------

**ટાટા કંપનીની નેનોકાર એકમ દ્વારા અપાયેલ લાભો અંગે શરતભંગ**

૨૫૩૫૨ **શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(ધોરાજી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણવર્ષમાં ટાટા કંપનીને નેનો કાર માટે આપવામાં આવેલા લાભોના સંદર્ભમાં મુકવામાં આવેલી શરતનો ભંગ થઈ રહ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કઈ કઈ શરતોનો ભંગ કરવામાં આવ્યો છે, અને

(૩) સરકારે તે અન્વયે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) શરતભંગની આવી કોઈ બાબત ધ્યાનમાં આવી નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહેસાણા જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે અરજીઓ**

૨૩૭૩૫ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) આ અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે?

**જવાબ**

(૧) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહિત નીચે મુજબ વર્ષવાર અરજીઓ મળેલ છે.

વર્ષ ૨૦૧૦–૧૧ ૩૦૨૪
વર્ષ ૨૦૧૧–૧૨ ૨૪૧૬
(તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં)

(૨) તે પૈકી બેંકોને ભલામણ થયેલ પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય મંજૂર કરવામાં આવી

| વર્ષ | મંજૂર થયેલ અરજીઓ | કેસો | ચૂકવાયેલ સહાય ` લાખમાં |
|---|---|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૧૬૨૩ | ૧૩૩૯ | ૧૨૯.૯૨ |
| વર્ષ ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં) | ૧૦૨૭ | ૧૬૨૨ | ૧૫૯.૯૦ |

(૩) નીચે મુજબ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
|---|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૫૩૦ | ૯૮૪ |
| વર્ષ ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં) | ૩૪૬ | ૫૦૯ |

(૪) અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

**<u>જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ</u>**

૧. અરજદાર દ્વારા ખુટતી વિગત રજુ ન કરતા
૨. ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવાથી
૩. અરજદાર સગીર હોવાથી

૪. અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી
૫. અરજદારે અગાઉ લાભ મેળવેલ હોવાથી
૬. અરજદારે જણાવેલ ધંધાનો સમાવેશ યોજનામાં ન હોવાથી
૭. લક્ષ્યાંક પુરો થવાથી

**બેંક કક્ષાએ**

૧. ધંધો પોષણક્ષમ ન હોવાથી
૨. ધંધાનું સ્થળ બેન્કના સર્વીસ એરીયામાં ન હોવાથી
૩. કુટુંબના સભ્યએ લોન લીધેલ હોવાથી
૪. અરજદારની લોન લેવાની ઈચ્છા ન હોવાથી
૫. અરજદાર બેન્કના ડીફોલ્ટર હોવાથી
૬. અરજદારે અગાઉ બીજી યોજનાઓમાં સબસીડી મેળવેલ હોવાથી
૭. બેન્કનો લક્ષ્યાંક પૂર્ણ થવાથી

---------

**નર્મદા યોજનાની ગૌરૈયા શાખા નહેર દ્વારા આવરી લેવાયેલ પિયત વિસ્તાર**

૨૩૭૦૨ **શ્રી હનુભાઇ ધોરાજીયા(લાઠી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત ગૌરૈયા શાખા નહેરથી કેટલા વિસ્તારને પિયત માટે આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ શાખા નહેરના કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) તે ક્યારે પૂરા કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત ગૌરૈયા શાખા નહેરથી ૪૧,૪૯૨ હેકટર (૧૦૨૪૮૫.૨૪ એકર) વિસ્તારને પિયત માટે આવરી લેવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ શાખાના ૬ કામો પ્રગતિમાં છે

(૩) આ કામો વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**ભાવનગર જિલ્લામાં કિસાન હિત ઉર્જા શકિત યોજના હેઠળ કામગીરી**

૨૩૮૪૧ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર(ઉત્તર)): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લામાં કિસાન હિત ઉર્જા શકિત યોજના અંતર્ગત સન ૨૦૦૯–૧૦ સન ૨૦૧૦–૧૧ અને સન ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન શી કામગીરી કરવામાં આવી?

**જવાબ**

કિસાન હિત ઉર્જા શકિત યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં સન ૨૦૦૯–૧૦, સન ૨૦૧૦–૧૧માં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલી છે.

| કરવામાં આવેલી કામગીરી વિગતો | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ |
|---|---|---|
| ૧૦ કેવીએ ટ્રાન્સફોર્મર બદલવાની કામગીરી | ૫૯૫ | ૪૧૬ |
| ૧૬ કેવીએ ટ્રાન્સફોર્મર બદલવાની કામગીરી | ૧૧૫ | ૭૭ |
| ૨૫ કેવીએ ટ્રાન્સફોર્મર બદલવાની કામગીરી | ૨૮ | ૨૯ |

જ્યારે વર્ષ ૨૦૧૧–૧૨માં નવા વિજ જોડાણ મંજૂર થયેલ છે તેમાં ૧૦ કેવીએ ના ૧૯૩૫, ૧૬ કેવીએના ૫૧, ૨૫ કેવીએના ૨૨ અને ૬૩ કેવીએના ૩ ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા છે.

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વિદ્યુતીકરણ કરવા યોજના અન્વયે મળેલ અરજીઓ**

૨૫૦૪૬ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વિદ્યુતીકરણ યોજના અંતર્ગત સબડીવીઝન વાર તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળેલ છે.

(૨) તે પૈકી કેટલાને વીજ જોડાણ વર્ષવાર આપવામાં આવેલ છે, અને

(૩) બાકીના અરજદારોને કેટલા સમયમાં વીજ જોડાણ આપવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં સબ ડીવીઝનવાર મળેલ અરજીઓ અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણની વિગતો પત્રક ક્ષઅ‰ માં સામેલ છે.

(૩) બાકી રહેતા તમામ અરજદારોને ડીસેમ્બર ૨૦૧૨ના અંત સુધીમાં વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

**પત્રક–અ**

| અ.નં. | પેટા વિભાગીય કચેરીનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | | | આપવામાં આવેલ વીજ જોડાણની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ |
| ૧ | આણંદ–નોર્થ | ૮૩ | ૪૬૮ | ૩૯૪ | ૭૫ | ૪૧૯ | ૨૯૪ |
| ૨ | મોગરી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | બોરસદ–રૂરલ | ૭૮૪ | ૪૮૯ | ૨૯૫ | ૫૧૯ | ૩૮૬ | ૧૦૩ |
| ૪ | રાસ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | આંકલાવ | ૫૪૯ | ૯૬૯ | ૧૪૦૬ | ૪૯૦ | ૫૮૬ | ૭૮૯ |
| ૬ | આણંદ–સાઉથ | ૧૦૨૧ | ૨૪૮ | ૩૫૯ | ૮૫૬ | ૨૧૮ | ૧૫૩ |
| ૭ | બોરસદ ટાઉન | ૨૬૮ | ૧૮૫ | ૫૦ | ૧૯૫ | ૧૪૦ | ૩૫ |
| ૮ | ઉમરેઠ–રૂરલ | ૧૨૪૩ | ૯૫૯ | ૫૮૮ | ૯૩૫ | ૫૭૧ | ૧૩૬ |
| ૯ | ભાલેજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઉમરેઠ–એસ.ઓ. | ૧૦૦ | ૫૭ | ૦ | ૮૭ | ૩૮ | ૦ |
| ૧૧ | પેટલાદ–રૂરલ | ૧૪૭ | ૨૬૯ | ૪૨૦ | ૧૨૦ | ૧૫૯ | ૧૮૦ |
| ૧૨ | ખંભાત–રૂરલ | ૫૭૧ | ૫૮૯ | ૩૪૫ | ૪૮૨ | ૨૩૪ | ૧૪૮ |
| ૧૩ | સોજીત્રા | ૩૨૦ | ૪૨૧ | ૨૧૫ | ૩૦૮ | ૨૩૭ | ૬૫ |
| ૧૪ | પેટલાદ ટાઉન | ૩૫ | ૧૦ | ૧૬ | ૩૫ | ૧૦ | ૧૬ |
| ૧૫ | તારાપુર | ૧૫૦ | ૯૨ | ૭૮ | ૧૨૫ | ૫૫ | ૪૩ |
| ૧૬ | ખંભાત શહેર | ૧૬૨ | ૭૨ | ૧૦૭ | ૧૬૨ | ૭૦ | ૧૯ |
| ૧૭ | નડીઆદ રૂરલ | ૫૨ | ૦ | ૧૩ | ૩૬ | ૦ | ૦ |
| ૧૮ | ચકલાસી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | વસો | ૩૪૯ | ૩૦૮ | ૨૮૫ | ૨૪૧ | ૨૪૪ | ૬૨ |
| ૨૦ | સરદાર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | વિ.વિ. નગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | શાસ્ત્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં હાથશાળના કારીગરોને તાલીમ**

૨૩૮૬૪ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કેટલા હાથશાળના કારીગરોને તાલીમ આપવામાં આવી, અને

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ૧૪૦ કારીગરોને.

(૨) ` ૮.૧૦ લાખ.

---------

**ટાટા કંપનીની નેનો કાર એકમ દ્વારા લાભોમાં શરતભંગ**

૨૫૩૪૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ( બાલાસિનોર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટાટા કંપનીને નેનો કાર માટે આપવામાં આવેલ લાભોના સંદર્ભમાં મુકવામાં આવેલી શરતનો ભંગ થઈ રહ્યો છે તે હકીકત સાચી છે, | (૧) શરતભંગની આવી કોઈ બાબત ધ્યાનમાં આવી નથી. |
| (૨) જો હા, તો કઈ કઈ શરતોનો ભંગ કરવામાં આવ્યો છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારે તે અન્વયે શાં પગલાં લીધા ? | |

---------

**સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં બદલવામાં આવેલ જર્જરિત વીજ વાયરો**

૨૩૬૭૧ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૦–૧૧ દરિમયાન જૂનાગઢ કેટલો જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા, અને (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૧) અને (૨) નાણાંકીય વર્ષ ૨૦૧૦–૧૧ દરિમયાન જૂનાગઢ જિલ્લામાં સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત રૂપિયા ૧૧૨૫ લાખના ખર્ચે ૨૧૭૬ કીલોમીટર જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે. |

---------

**રાજ્ય અનામત પોલીસ જૂથ–૫ ના રહેણાંક /બિન રહેણાંકના મકાનોની પૂર્ણ કામગીરી**

૨૪૧૬૨ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય અનામત પોલીસ જૂથ–૫ માટે પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિન રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, અને | (૧) બિન–રહેણાંકનું ૧ મકાન. |
| (૨) આ કામગીરી પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૫૭.૧૬ લાખ |

---------

**વલસાડ અને નવસારી જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પૂરવઠો પૂરો પાડવા બાબત**

૨૩૬૮૨ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના ક્યારથી અમલમાં મૂકવામાં આવી, | (૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના વર્ષ ૨૦૦૭–૨૦૦૮ થી અમલમાં આવેલ છે. |
| (૨) તે અંતર્ગત વલસાડ અને નવસારી જિલ્લામાં સન–૨૦૧૦–૧૧ અને સન ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ શું કામગીરી થઈ, અને | (૨) આ યોજના અંતર્ગત વલસાડ અને નવસારી જિલ્લામાં સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ થયેલ કામગીરીની વિગતો પત્રક ક્ષ્અષ માં સામેલ છે. |
| (૩) તે માટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ? | (૩) આ યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં (સન ૨૦૧૦ –૧૧ માં રૂા. ૧૨૦ લાખ અને સન ૨૦૧૧–૧૨માં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૧૫૫ લાખનો ખર્ચ થયેલ છે. નવસારી જિલ્લામાં ૨૦૧૦–૧૧ માં રૂપિયા ૭૨ લાખ અને સન ૨૦૧૧–૧૨માં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૨૮ લાખનો ખર્ચ થયેલ છે. |

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**પત્રક –અ**

**વલસાડ અને નવસારી જિલ્લામાં સન ૨૦૧૦–૧૧ માં તથા સન ૨૦૧૧–૧૨માં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતએ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ થયેલ કામગીરીની વિગતો**

| કામગીરીની વિગતો | એકમ | વલસાડ | | નવસારી | |
|---|---|---|---|---|---|
| બદલવામાં આવેલ સાધન સામગ્રી | | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ) | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ) |
| જર્જરિત વીજ વાયરો | કિ. મી. | ૧૮ | ૨૧ | ૫ | ૧૧ |
| થાંભલા | નંગ | ૨૭૭ | ૩૯૮ | ૧૦૮ | ૧૧૪ |
| ડીસ્ક ઈન્સ્યુલેટર | નંગ | ૨૭૭ | ૩૦૫ | ૩૭૭ | ૩૧૩ |
| પીન ઈન્સ્યુલેટર | નંગ | ૭૪૩ | ૬૫૮ | ૫૦૫ | ૪૭૭ |
| ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ | નંગ | ૨૫૮ | ૩૨૫ | ૧૪૨ | ૧૦૧ |
| સર્વીસ વાયર | કિ.મી. | ૩૯ | ૪૬ | ૨૫ | ૨૨ |
| એ.બી.સી. કન્ડકટર | કિ.મી. | ૩૪ | ૭૪ | ૧૪ | ૮ |

---------

**રાજ્યમાં ફોરેન્સિક યુનિવર્સિટીની સ્થાપના**

૨૩૬૪૯ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના ક્યારે કરવામાં આવી, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોર્સ વાઈઝ અને વર્ષ વાઈઝ કેટલા વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધેલ છે ?

**જવાબ**

(૧) ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના સપ્ટેમ્બર–૨૦૦૮માં કરવામાં આવી.

(૨) માહિતી નીચે મુજબ છે.

**માહિતી નીચે મુજબ છે.**

| ક્રમ | ઈન્ટીટ્યુટનું નામ | કોર્ષનું નામ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ |
|---|---|---|---|---|---|
| ૧ | ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન્સીક સાયન્સ | એમ.એસ.સી. ઈન ફોરેન્સીક સાયન્સ | ૨૫ | ૩૫ | ૩૫ |
| | | સર્ટીફીકેટ કોર્ષ ઈન સાયબર સીક્યુરીટી એન્ડ કોમ્પ્યુટર ફોરેન્સિક | – | – | ૧૨ |
| | | ઓનલાઈન કોર્ષીસ | ૧૪ | ૮૮ | ૪૨ |
| | | પી.એચ.ડી. | ૬ | ચાલુ | ચાલુ |
| ૨ | ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ | એમ.એસ. ઈન ફોરેન્સીક નેનો ટેકનોલોજી | ૭ | ૧૦ | ૧૦ |
| | | એમ.એસ. ઈન ફોરેન્સીક ફાર્મસી | ૧૫ | ૧૫ | ૨૦ |
| | | પી.એચ.ડી. | ૧૧ | ચાલુ | ચાલુ |
| ૩ | ઈન્સ્ટીટ્યુટ ઓફ બિહેવીયરલ સાયન્સ | માસ્ટ ઈન ક્લીનીકલ સાયકોલોજી | – | ૬ | – |
| | | પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન ફોરેન્સીક સાયકોલોજી | ૧૪ | ૧૪ | ૫ |
| | | એમ.ફીલ (ક્લીનીકલ સાયકોલોજી) | – | – | ૯ |
| | | પી.એચ.ડી. | ૩ | ચાલુ | ૨ |
| | | કુલ | ૯૫ | ૧૬૮ | ૧૩૫ |
| | | કુલ સરવાળો | | | ૩૯૮ |

---------

**રાજ્યમાં સ્થાપિત વીજ પ્રોજેક્ટોની વીજ ઉત્પાદન ક્ષમતા**

૨૩૬૭૨ **શ્રીમતી જશુબેન સ. કોરાટ(જેતપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત વીજ પ્રોજેક્ટોની વીજ ક્ષમતા કેટલા મેગાવોટ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત વીજ પ્રોજેક્ટોની વીજ ક્ષમતા ૧૩૯૧૪ મેગાવોટ છે. આ ઉપરાંત તા. ૩૧–૧૨–૨૦૧૧ના રોજ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૨૫૬૦ મેગાવોટ અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૧૭૫ મેગાવોટ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં યોજવામાં આવેલ લોક દરબાર**

૨૩૬૪૭ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની વાત ખરી છે, અને | (૧) હા,જી |
| (૨) જો હા, તો અમદાવાદ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૦માં ૧૭૮ અને વર્ષ ૨૦૧૧માં ૧૧૨ લોક દરબાર યોજવામાં આવેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં માટીકામના કારીગરોને તાલીમ**

૨૩૮૬૩ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા પંચમહાલ જિલ્લામાં કેટલા માટીકામના કલાકારોને વર્ષ ૨૦૧૦–૧૧માં તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૬૪ |
| (૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ` ૫.૭૭ લાખ |

---------

**વલસાડ જિલ્લામાં વીજ બિલ ન ચૂકવનાર ડીફોલ્ટર ઔદ્યોગિક એકમો**

૨૫૩૬૩ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા એક કરોડ કે તેથી વધુ રકમના વીજ બીલ ન ચુકવ્યા હોય તેવા વલસાડ જિલ્લામાં ક્યા ક્યા ઔદ્યોગિક એકમોના ડીફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસુલ કરવાની થાય છે. | (૧), (૨) અને (૩)<br>તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ રૂપિયા એક કરોડ કે તેથી વધુ રકમના વીજ બિલ ન ચુકવ્યા હોય તેવા વલસાડ જિલ્લામાં એક પણ ઔદ્યોગિક એકમ નથી. |
| (૨) ઉક્ત ડીફોલ્ટરો સમયસર વીજ બીલની રકમ ચુકવતા ન હોય તો રાજ્ય સરકાર વીજ પુરવઠો બંધ કરવા માંગે છે કે કેમ, અને | |
| (૩) ઉક્ત ડીફોલ્ટરો પાસેથી વસુલાત કરવા માટે ક્યા ક્યા પ્રકારનાં પગલાં લેવાયા ? | |

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠો પૂરો પાડવા બાબત**

૨૩૬૮૪ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના ક્યારથી અમલમાં મૂકવામાં આવી, | (૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના વર્ષ ૨૦૦૭–૦૮ થી અમલમાં આવેલ છે. |
| (૨) તે અંતર્ગત અમરેલી અને ભાવનગર જિલ્લામાં સન–૨૦૧૦–૧૧ અને સન–૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ શી કામગીરી થઇ, અને | (૨) આ યોજના અંતર્ગત અમરેલી અને ભાવનગર જિલ્લામાં સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ થયેલ કામગીરીની વિગતો પત્રક "અ" માં સામેલ છે. |
| (૩) તે માટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ? | (૩) આ યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ રૂપિયા ૫૨૯ લાખ અને ભાવનગર જિલ્લામાં કુલ રૂપિયા ૧૦૩૧ લાખનો ખર્ચ થયેલ છે. |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૩૬૮૪**

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**પત્રક "અ"**

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં સન ૨૦૧૦-૧૧માં તથા સન ૨૦૧૧-૧૨ માં તારીખ ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ થયેલ કામગીરીની વિગતોઃ**

| કામગીરીની વિગતો | એકમ | અમરેલી જિલ્લો | | ભાવનગર જિલ્લો | |
|---|---|---|---|---|---|
| બદલવામાં આવેલ સાધન સામગ્રી | | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ) | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ) |
| જર્જરિત વીજ વાયરો | કિ.મી. | ૫૮૪ | ૩૨૧ | ૧૨૯૫ | ૬૧૧ |
| થાંભલા | નંગ | ૯૯ | ૪૨૨ | ૫૯૦ | ૮૧ |
| ડીસ્ક ઇન્સ્યુલેટર | નંગ | ૧૫૨ | ૪૯૮ | ૧૬૪૬ | ૨૬૦ |
| પીન ઇન્સ્યુલેટર | નંગ | ૮૦૦ | ૨૧૯૭ | ૬૮૯૩ | ૧૪૫૦ |
| ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ | નંગ | ૦ | ૧ | ૬૯ | ૭૦ |
| સર્વીસ વાયર | કિ.મી. | ૦ | ૦ | ૮ | ૦ |

---------

**દાહોદ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૨૪૩૦૧ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ સુધીમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ખૂન-લૂંટ-ધાડ-ચોરી-અપહરણ અને બળાત્કારના કેટલા કિસ્સાઓ પોલીસ દફતરે નોંધાયા, અને

(૨) કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી ?

**જવાબ**

(૧) પત્રકઃ ૧ સામેલ છે.

(૨) ૨૬૧.

**પત્રક - ૧**

| અ.નં. | તાલુકા | ખૂન | લૂંટ | ધાડ | ચોરી | અપહરણ | બળાત્કાર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩ | ૧૨ | - | ૧૭૪ | ૧૧ | ૧ |
| ૨ | ગરબાડા | ૫ | ૩ | - | ૧૫ | ૬ | ૨ |
| ૩ | ધાનપુર | ૫ | ૫ | ૬ | ૧૦ | ૨ | - |
| ૪ | દે.બારીયા | ૪ | - | ૨ | ૨૮ | ૭ | - |
| ૫ | લીમખેડા | ૧૦ | ૧ | ૧ | ૧૯ | ૭ | ૩ |
| ૬ | ઝાલોદ | ૯ | ૭ | ૪ | ૪૮ | ૧૨ | - |
| ૭ | ફતેપુરા | ૫ | ૧ | ૨ | ૨૪ | ૮ | - |

---------

**કે.જી. બેઝીનમાંથી રાજ્યને મળેલ ગેસ**

૨૪૪૦૦ **શ્રી રામસિંહ પ્ર. પરમાર( ઠાસરા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રો.) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંધ્ર પ્રદેશના દરીયામાં ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાંથી તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલો ગેસ રાજ્યને મળ્યો, તેની અંદાજીત કિંમત શું છે, અને

(૨) આ ક્રિષ્ના ગોદાવરી બેઝીન પાછળ રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) આંધ્ર પ્રદેશના દરીયામાં ક્રિષ્નાગોદાવરી બેઝીનમાં કે.જી./ઓએસએન/૨૦૦૧/૩ બ્લોકમાંથી ઉત્પાદન હજુ શરૂ થવાનું છે.

(૨) ક્રિષ્ના ગોદાવરી બેઝીન પાછળ રાજ્ય સરકારે કોઇ ખર્ચ કરેલ નથી.

---------

**રક્ષાશકિત યુનિવર્સિટીમાં ચલાવવામાં આવતા અભ્યાસક્રમ**

* ૨૩૬૫૦ **શ્રીમતિ ગીતાબેન યો. પટેલ(સાબરમતી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં સ્થાપવામાં આવેલ રક્ષાશકિત યુનિવર્સિટીમાં ૨૦૧૧-૧૨ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ક્યા-ક્યા પ્રકારના અભ્યાસક્રમો હાથ ધરવામાં આવેલ છે ?

**જવાબ**

રાજ્યમાં સ્થાપવામાં આવેલ રક્ષાશકિત યુનિવર્સિટીમાં ૨૦૧૧-૧૨ શૈક્ષણિક વર્ષ દરમ્યાન નીચે મુજબના અભ્યાક્રમો હાથ ધરવામાં આવેલ છે.

૧. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન પોલીસ સાયન્સ.

૨. ડિપ્લોમા ઇન પોલીસ સાયન્સ.

**અમરેલી જિલ્લા પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૩૬૫૯ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કમર્ચારી-અધિકારીઓના આરોગ્યના ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા,જી |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં – ૮૪૦<br>(૨) વર્ષ ૨૦૧૧માં – ૩૭૨ |

---------

**ફોર્ડ, પ્યુજોટ મારૂતિ મોટર કંપનીઓને ઉદ્યોગ સ્થાપવા માટે અપાયેલ રાહતો/લાભો**

૨૪૩૨૨ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦/૧/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફોર્ડ ઇન્ડિયા પ્રા. લી. પ્યુજોટ કે મારૂતિ કંપનીને તેઓના ઉદ્યોગ રાજ્યમાં સ્થાપવા માટે કોઈ રાહતો/લાભો આપવામાં આવ્યા છે, અને | (૧) ફોર્ડ અને પ્યુજોટ સાથે સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટ કરેલ છે જ્યારે મારૂતિ ની દરખાસ્ત વિચારણામાં છે. |
| (૨) જો હા, તો કેવા કેવા પ્રકારની રાહતો/લાભો કેટલા સમય માટે આપવામાં આવી ? | (૨) (૧) સ્ટેમ્પ ડયુટીમાં મુક્તિ.<br>(૨) રજીસ્ટ્રેશન ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે. તદઉપરાંત **ફોર્ડ કંપનીને** તેઓના મૂડીરોકાણની મર્યાદામાં તેઓએ ચૂકવેલ વેટ સામે પંદર વર્ષ સુધી ભરેલ વેટની રકમનું રીફંડ આપવામાં આવશે. જ્યારે **પ્યુજોટ કંપની** ને તેઓના મૂડીરોકાણની મર્યાદામાં, ભરેલ વેટ સામે ૧૫ વર્ષ માટે લોન આપવામાં આવશે. |

---------

**ભાવનગર જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબ સ્ટેશનો બાબત**

૨૩૬૭૦ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા ? | ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૨૦ (વીસ) નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે. |

| **વર્ષ** | **૬૬ કેવી** | **૨૨૦ કેવી** | **કુલ** |
|---|---|---|---|
| ૨૦૦૯ | ૭ | – | ૭ |
| ૨૦૧૦ | ૩ | ૧ | ૪ |
| ૨૦૧૧ | ૯ | – | ૯ |
| **કુલ** | **૧૯** | **૧** | **૨૦** |

---------

**મારૂતિ મોટર કંપનીને આપવામાં આવેલ લાભો/રાહતો**

૨૪૩૬૧ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મારૂતિ કંપનીને તેમના ઉદ્યોગ રાજ્યમાં સ્થાપવા માટે કયા કયા પ્રકારની રાહતો/લાભો આપવામાં આવ્યા છે, અને<br>(૨) તે અન્વયે કેવા પ્રકારની રાહતો/લાભો કેટલા સમય માટે આપવામાં આવ્યા ? | (૧) અને (૨) રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ મુજબ લાભ આપવાની બાબત વિચારણામાં છે. |

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

---------

**ઉદ્યોગો માટે સંપાદીત થતી જમીનના મુળ માલિકોને રક્ષણ આપવા માટે યોજના**

૨૩૮૭૩ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્થાપિત થતા ઉદ્યોગો માટે સંપાદિત થતી જમીનોના મૂળ માલિકોનું રક્ષણ આપવા માટે સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં મુકવામાં આવી છે તે હકીકત સાચી છે ? અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઉદ્યોગો માટે તથા એસ્ટેટ બનાવવા માટે સંપાદિત થતી જમીનોના મુળ માલિકોને વિકાસના ભાગીદાર બનાવવા માટે નિગમ દ્વારા તા.૧૫/૧૨/૧૦ થી નીતિ ઘડવામાં આવેલ છે.

(૨) જમીન માલિકોને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બનાવવા અંગેની નીતિ તા.૧૫/૧૨/૧૦ થી ઘડવામાં આવી છે દેશમાં પ્રથમ વખત આ પ્રકારની નીતિ દ્વારા જમીન માલિકોને લાંબા ગાળા માટે આર્થિક સહાય અને નફામાં હિસ્સો ઉપલબ્ધ બને તે પ્રકારનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. આ નીતિ અંતર્ગત જમીનનો સંમતિ દર સ્વતંત્ર સંસ્થા દ્વારા નિષ્પક્ષ રીતે નક્કી થશે. જમીનના વિતરણમાંથી જમીન માલિકોને હિસ્સો પણ ઉપલબ્ધ થશે. વાણિજ્ય પ્લોટ ` ૧/– પ્રતિ ચો.મી.ના ટોકન દરથી ફાળવવામાં આવશે. તાલીમ દ્વારા જમીન માલીકોને કૌશલ્ય વૃધ્ધિ કરી તેઓને ઉદ્યોગોમાં રોજગારની તક ઉપલબ્ધ કરવામાં આવશે અને ગ્રામ પંચાયત ને પણ જમીનના વિતરણથી ઉપલબ્ધ બનતી રકમમાં ભાગ આપી સામુહિક સુવિધાઓ વિકસે તેનું ધ્યાન નીતિમાં રાખવામાં આવ્યું છે.

---------

**આણંદ જિલ્લામાં ઘરફોડ ચોરીની ફરિયાદો**

૨૫૧૯૩ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં વર્ષવાર તાલુકાવાર કેટલી ઘરફોડ ચોરી અંગે ફરિયાદો આવી, અને

(૨) આવેલ ફરિયાદો સામે વર્ષવાર તાલુકાવાર કેટલી ઘરફોડ ચોરીઓ પકડવામાં આવી ?

**જવાબ**

(૧)

| તાલુકો | વર્ષ–૨૦૧૦ | વર્ષ–૨૦૧૧ |
|---|---|---|
| આણંદ | ૩૮ | ૪૪ |
| ઉમરેઠ | ૧૦ | ૭ |
| પેટલાદ | ૧૭ | ૧૩ |
| બોરસદ | ૬ | ૧૫ |
| આંકલાવ | ૪ | ૧૦ |
| ખંભાત | ૯ | ૮ |
| સોજીત્રા | ૬ | ૪ |
| તારાપુર | ૨ | ૧ |

(૨)

| તાલુકો | વર્ષ–૨૦૧૦ | વર્ષ–૨૦૧૧ |
|---|---|---|
| આણંદ | ૧૨ | ૧૪ |
| ઉમરેઠ | ૦ | ૧ |
| પેટલાદ | ૫ | ૧૦ |
| બોરસદ | ૧ | ૩ |
| આંકલાવ | ૩ | ૪ |
| ખંભાત | ૫ | ૪ |
| સોજીત્રા | ૧ | ૧ |
| તારાપુર | ૧ | ૧ |

---------

**રાજ્ય સરકારના હેલિકોપ્ટર અને વિમાનનો જાળવણી ખર્ચ**

૨૪૨૬૨ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર( મહુધા): માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન–૨૦૧૧માં રાજ્ય સરકારના હેલિકોપ્ટર અને વિમાનની મરામત જાળવણી ફ્યુઅલ અને સ્ટાફ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ વિમાન અને હેલિકોપ્ટર તા.૩૧/૧૨/૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલા કિલોમીટરની મુસાફરી કરેલ છે ?

**જવાબ**

(૧) સન–૨૦૧૧માં રાજ્ય સરકારના હેલિકોપ્ટર અને વિમાનની મરામત જાળવણી, ફ્યુઅલ અને સ્ટાફ પાછળ રૂપિયા ૧,૭૩,૪૮,૮૨૭/– ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) હેલિકોપ્ટર અને વિમાનની મુસાફરી કિલોમીટરમાં ન ગણાતાં ઉડ્ડયન કલાકોમાં ગણવામાં આવે છે.

---------

**વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે કોમ્યુનિટી હોલ**

૨૩૬૫૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા(ગ્રામ્ય)): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનિટિ હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા તો તા.૩૧/૧૨/૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તે માટે કેટલા કોમ્યુનિટિ હોલ ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વડોદરા જિલ્લામાં ૧ (એક) કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

---------

**સુરત જિલ્લામાં પૂર્ણ કરવામાં આવેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો**

૨૪૧૭૨ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલિસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૧૯ કામો.

(૨) કુલ ` ૧૫૫.૮૧ લાખ.

---------

**સ્વ. અમિત જેઠવાના હત્યારાને સાબરમતી જેલમાં ગેરકાયદેસર સવલતો**

૨૪૪૨૦ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વ. અમીત બી. જેઠવાના હત્યારાને સાબરમતી જેલમાં ગેરકાયદેસર સવલતો મળે છે તેવી તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી ફરિયાદ સરકારને મળેલ છે, અને

(૨) આવી મળેલ ફરિયાદો બાદ જવાબદારો સામે શું પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) ૦૩(ત્રણ).

(૨) ઉક્ત અરજીઓમાં કરવામાં આવેલ આક્ષેપો અંગે થયેલ તપાસમાં કોઈ તથ્ય જણાયેલ નથી, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**સને ૨૦૦૯ તથા ૨૦૧૧ના વાયબ્રન્ટ સમિટોમાં થયેલ વાસ્તવિક મૂડી રોકાણ**

૨૫૩૪૭ **શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર( સંતરામપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સન ૨૦૦૯ અને ૨૦૧૧ના વર્ષમાં યોજાયેલ ત્રણ વાયબ્રન્ટ સમિટોમાં વાસ્તવિક મૂડી રોકાણ કુલ કેટલું થયું છે?

**જવાબ**

એમ.ઓ.યુ. થયા બાદ રોકાણકારે પ્રોજેક્ટ માટે જમીન ઉપલબ્ધ કરવી, નાણાકીય વ્યવસ્થા કરવી, જુદા જુદા પ્રકારની મંજૂરીઓ મેળવવાની પ્રક્રીયામાંથી પસાર થવાનું રહે છે. સામાન્ય રીતે નાના પ્રોજેક્ટને ઉત્પાદનમાં જતા બેથી ત્રણ વર્ષનો સમયગાળો લાગે છે. મોટા પ્રોજેક્ટને વિવિધ પ્રક્રિયા જેવી કે નાણાકીય મંજૂરી, પર્યાવરણ મંજૂરી વિગેરેમાંથી પસાર થવું પડે છે. તેથી ઉત્પાદનમાં જતાં પાંચથી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે. તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વાયબ્રન્ટ સમીટ અને ૨૦૦૭માં ૬૭.૪૦ ટકા પ્રોજેક્ટ, સને ૨૦૦૯માં ૬૮.૦૫ ટકા પ્રોજેક્ટ તથા સને ૨૦૧૧માં ૩૯.૬૪ ટકા પ્રોજેક્ટ કાર્યાન્વીત થયેલ છે અથવા તો અમલીકરણ હેઠળ છે. વાયબ્રન્ટ સમીટ સને ૨૦૦૭માં રૂ. ૧,૦૫,૩૫૫.૧૧ કરોડ, સને ૨૦૦૯માં રૂ. ૯૧,૬૩૯,૬૪ કરોડ તથા સને ૨૦૧૧માં રૂ. ૫૭,૦૫૦.૫૫ કરોડ મળી કૂલ વાસ્તવીક મૂડીરોકાણ રૂ. ૨,૫૪,૦૪૫.૩૧ કરોડનું થયેલ છે. મુડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રીયા છે.

**નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં પિયત હેઠળનો વિસ્તાર**

૨૩૬૯૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના કેટલા વિસ્તારોને પિયત હેઠળ સમાવેશ કરવામાં આવ્યા છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ધોળકા તાલુકાના કેટલા પિયત વિસ્તારમાં નહેરોના કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં ૫૦૬૯૫ એકર, ધોળકા તાલુકામાં ૧૧૫૨૩૦ એકર, સાણંદ તાલુકામાં ૬૩૩૧૭ એકર, વિરમગામ તાલુકામાં ૧૦૯૫૮૮ એકર, બાવળા તાલુકામાં ૨૨૧૯૨ એકર, દેત્રોજ–રામપુરા તાલુકામાં ૫૭૪૬૭ એકર, માંડલ તાલુકામાં ૯૫૮૫૭ એકર, ધંધુકા તાલુકામાં ૧૮૦૭૯૮ એકર, બરવાળા તાલુકામાં ૬૮૨૪૪ એકર, રાણપુર તાલુકામાં ૩૯૨૩૯ એકર, આમ કુલ મળી ૮૦૨૬૨૭ એકર જમીનને નર્મદા યોજનાનીથી પિયતનો લાભ મળવાનો છે.

(૨) ખેડૂતોને વહેલીતકે સિંચાઇનો લાભ મળે તે માટે નર્મદા નિગમ દ્વારા જમીન સંપાદનની કામગીરી ઝડપી બનાવી, નહેરોના કામો વહેલીતકે પૂર્ણ થાય તે માટે કામગીરી હાથ ધરેલ છે. ધોળકા તાલુકાના ૧,૧૫,૨૩૦ એકર પિયત વિસ્તાર પૈકી વિશાખા નહેરોના ૬૬,૭૧૭ એકર, પ્રશાખા નહેરોના ૫૯,૭૦૪ એકર અને પ્રપ્રશાખા નહેરોના ૫૩,૫૮૪ એકર વિસ્તારોમાં કામો પૂર્ણ થયેલ છે.

---------

**પાટણ જિલ્લામાં પૂર્ણ કરવામાં આવેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો**

૨૪૧૭૫ **શ્રી ભાવસિંહભાઇ ડા. રાઠોડ(સમી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલાં રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે.

**જવાબ**

(૧) કુલ ૨૪૭ કામો.

(૨) આ કામો પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) કુલ રૂ. ૧૫૩૬.૦૩ લાખ.

**સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠો પૂરો પાડવા બાબત**

૨૩૬૮૫ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના ક્યારથી અમલમાં મૂકવામાં આવી,

(૨) તે અંતર્ગત જૂનાગઢ અને જામનગર જિલ્લામાં સન ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ શી કામગીરી થઈ, અને

(૩) તે માટે વર્ષવાર કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી અમલમાં આવેલ છે.

(૨) આ અંતર્ગત જૂનાગઢ અને જામનગર જિલ્લામાં સન ૨૦૧૦- ૨૦૧૧- અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ થયેલ કામગીરીની વિગતો પત્રક "અ "માં સામેલ છે.

(૩) આ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં સન ૨૦૧૦-૧૧માં રૂપિયા ૧૧૨૫ લાખ અને સન ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૫૩૯ લાખનો ખર્ચ થયેલ છે. જામનગર જિલ્લામાં ૨૦૧૦-૧૧માં રૂપિયા ૬૯૮ લાખ અને સન ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૨૮૭ લાખનો ખર્ચ થયેલ છે

**પત્રક "અ "**

| કામગીરીની વિગતો બદલવામાં ~~આવેલ~~ સાધન-સામગ્રી | એકમ | જૂનાગઢ જિલ્લો | | જામનગર જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ) | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ) |
| જર્જરિત વીજ વાયરો | કિ.મી. | ૨૧૯૩ | ૧૧૮૬ | ૭૪૫ | ૨૫૪ |
| થાંભલા | નંગ | ૩૦૩૩ | ૧૦૦૨ | ૨૪૪૬ | ૮૬૫ |
| ડીસ્ક ઈન્સ્યુલેટેર | નંગ | ૨૫૯૬ | ૨૧૮૮ | ૪૧૭૫ | ૧૩૩૫ |
| પીન ઈન્સ્યુલેટર | નંગ | ૮૩૪૮ | ૫૫૭૦ | ૮૨૪૦ | ૪૦૩૯ |
| ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ | નંગ | ૨૦૫ | ૧૫૬ | ૨૯૩ | ૨૧૮ |
| સર્વીસ વાયર | કિ.મી. | ૧૧૨ | ૪૬ | ૧૦૯ | ૮૩ |
| એ.બી.સી. કન્ડકટર | કિ.મી. | ૦ | ૭૩ | ૦ | ૪૦ |
| એક્ષ.એલ.પી.ઈ. કેબલ | કિ.મી. | ૦ | ૦ | ૦ | ૩ |

---------

**નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં પિયત હેઠળનો વિસ્તાર**

૨૩૮૩૨ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના કેટલા વિસ્તારોને પિયત હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૨) જે પૈકી ઉક્ત સ્થિતિએ ધોળકા તાલુકાના કેટલા પિયત વિસ્તારમાં નહેરોના કામો પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં ૫૦૬૯૫ એકર, ધોળકા તાલુકામાં ૧૧૫૨૩૦ એકર સાણંદ તાલુકામાં ૬૩૩૧૭ એકર, વિરમગામ તાલુકામાં ૧૦૯૫૮૮ એકર, બાવળા તાલુકામાં ૨૨૧૯૨ એકર, દેત્રોજ-રામપુરા તાલુકામાં ૫૭૪૬૭ એકર, માંડલ તાલુકામાં ૯૫૮૫૭ એકર, ધંધુકા તાલુકામાં ૧૮૦૭૯૮ એકર, બરવાળા તાલુકામાં ૬૮૨૪૪ એકર, રાણપુર તાલુકામાં ૩૯૨૩૯ એકર, આમ કુલ મળી ૮૦૨૬૨૭ એકર , આમ કુલ મળી ૮૦૨૬૨૭ એકર જમીનને નર્મદા યોજનાથી પિયતનો લાભ મળવાનો છે.

(૨) ખેડૂતોને વહેલી તકે સિંચાઇનો લાભ મળે તે માટે નર્મદા નિગમ દ્વારા જમીન સંપાદનની કામગીરી ઝડપી

બનાવી, નહેરોના કામો વહેલીતકે પૂર્ણ થાય તે માટે કામગીરી હાથ ધરેલ છે. ધોળકા તાલુકાના ૧,૧૫,૨૩૦ એકર પિયત વિસ્તાર પૈકી વિશાખા નહેરોના ૬૬,૭૧૭ એકર, પ્રશાખા નહેરોના ૫૯,૭૦૪ એકર અને પ્રપ્રશાખા નહેરોના ૫૩,૫૮૪ એકર વિસ્તારોમાં કામો પૂર્ણ થયેલ છે.

---------

**ફોરેન્સીક સાયન્સ ડાયરેકટર દ્વારા અન્ય રાજ્યોને પૂરી પાડવામાં આવેલી સહાય**

૨૩૬૫૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા રાજ્યોને કેટલા કેસોમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવી?

**જવાબ**

(૧) હા,જી

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દેશના જે રાજ્યોને સહાયતા પૂરી પાડવામાં આવેલ છે. તે કેસો તથા નમૂનાની સંખ્યા નીચે મુજબ છે.

**સને ૨૦૦૯**

| ક્રમ | રાજ્યનું નામ | કેસ | નમુના |
|---|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | ૧ | ૧ |
| ૨ | ઉત્તરપ્રદેશ | ૯ | ૧૨ |
| ૩ | કર્ણાટક | ૮ | ૧૦ |
| ૪ | ગોવા | ૧૪ | ૧૮ |
| ૫ | તામિલનાડુ | ૧ | ૧૯ |
| ૬ | પંજાબ | ૧૦ | ૧૧ |
| ૭ | હરિયાણા | ૬ | ૯ |
| ૮ | બિહાર | ૧ | ૧ |
| ૯ | મધ્યપ્રદેશ | ૫ | ૭ |
| ૧૦ | મહારાષ્ટ્ર | ૮ | ૨૯ |
| ૧૧ | રાજસ્થાન | ૪૪ | ૧૯૪ |
| ૧૨ | જમ્મુ-કાશ્મીર | ૯ | ૧૦ |
| ૧૩ | કેરાલા | ૮ | ૧૧ |
| ૧૪ | હિમાચલ પ્રદેશ | ૫ | ૫ |
| ૧૫ | દિલ્હી | ૯૦ | ૩૧૨ |
| ૧૬ | ઉત્તરાંચલ | ૧ | ૩ |
| ૧૭ | ઝારખંડ | ૩ | ૧૩૫ |
| ૧૮ | દાદરાનગર હવેલી | ૪૯ | ૩૧૬ |
| ૧૯ | દમણ | ૧૪ | ૬૧ |
| ૨૦ | દીવ | ૩ | ૧૦ |
| | **(૧) કુલઃ** | **૨૮૯** | **૧૧૭૪** |

**સને ૨૦૧૦**

| ક્રમ | રાજ્યનું નામ | કેસ | નમુના |
|---|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | ૪ | ૫ |
| ૨ | ઉત્તરપ્રદેશ | ૫ | ૬ |
| ૩ | કર્ણાટક | ૮ | ૧૩૯ |
| ૪ | ગોવા | ૫ | ૨૨ |
| ૫ | તામિલનાડુ | ૪ | ૭ |
| ૬ | પંજાબ | ૭ | ૧૫ |
| ૭ | હરિયાણા | ૭ | ૭ |
| ૮ | બિહાર | ૧ | ૨ |
| ૯ | મધ્યપ્રદેશ | ૧૪ | ૧૬૨ |
| ૧૦ | મહારાષ્ટ્ર | ૩ | ૮ |
| ૧૧ | રાજસ્થાન | ૨૭ | ૧૪૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | જમ્મુ-કાશ્મીર | ૧૬ | ૪૨ |
| ૧૩ | કેરાલા | ૩ | ૩ |
| ૧૪ | દિલ્હી | ૧૩૪ | ૪૭૨ |
| ૧૫ | ઉત્તરાંચલ | ૨ | ૧૧ |
| ૧૬ | છત્તીસગઢ | ૨ | ૧૬૦ |
| ૧૭ | ઝારખંડ | ૬ | ૧૯૮૭ |
| ૧૮ | આસામ | ૧ | ૨૦ |
| ૧૯ | દાદરાનગર હવેલી | ૪૨ | ૨૨૭ |
| ૨૦ | દમણ | ૧૬ | ૧૫૯ |
| ૨૧ | દીવ | ૮ | ૨૫ |
| | **(૧) કુલઃ** | **૩૧૫** | **૩૬૧૯** |

**સને ૨૦૧૧**

| ક્રમ | રાજ્યનું નામ | કેસ | નમુના |
|---|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | ૨ | ૧૧ |
| ૨ | ઓરીસ્સા | ૨ | ૬ |
| ૩ | ઉત્તરપ્રદેશ | ૮ | ૧૭ |
| ૪ | કર્ણાટક | ૨ | ૪ |
| ૫ | ગોવા | ૮૯ | ૪૮૭ |
| ૬ | તામિલનાડુ | ૧ | ૧૦ |
| ૭ | પંજાબ | ૧૨ | ૧૩ |
| ૮ | હરિયાણા | ૨૪ | ૨૫ |
| ૯ | બિહાર | ૫૦ | ૭૮ |
| ૧૦ | મધ્યપ્રદેશ | ૨૬ | ૩૦૧ |
| ૧૧ | મહારાષ્ટ્ર | ૬ | ૩૪ |
| ૧૨ | રાજસ્થાન | ૯ | ૧૯ |
| ૧૩ | જમ્મુ-કાશ્મીર | ૭ | ૭ |
| ૧૪ | કેરાલા | ૪ | ૮ |
| ૧૫ | હિમાચલ પ્રદેશ | ૪ | ૧૯ |
| ૧૬ | દિલ્હી | ૧૬૮ | ૫૭૪ |
| ૧૭ | છત્તીસગઢ | ૮ | ૩૬ |
| ૧૮ | ઝારખંડ | ૭ | ૧૦૨૦ |
| ૧૯ | દાદરાનગર હવેલી | ૫૬ | ૩૦૮ |
| ૨૦ | દમણ | ૨૩ | ૮૮ |
| ૨૧ | દીવ | ૩ | ૬ |
| | **(૧) કુલઃ** | **૫૧૧** | **૩૦૭૧** |

---------

## વલસાડ જિલ્લામાં પોલીસ ખાતાના હાથ ધરવામાં આવેલ બિન રહેણાંકના મકાનો

૨૪૧૭૯ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૨ કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૫૯.૩૬ લાખ. |

---------

## વાયબ્રન્ટ સમિટ હેઠળ અમદાવાદ જિલ્લામાં થયેલ એમ.ઓ.યુ.

૨૫૯૩૯ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાયબ્રન્ટ સમિટ હેઠળ અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા ઉદ્યોગોના એમ.ઓ.યુ. થયા, | (૧) વાયબ્રન્ટ સમિટ ૨૦૦૯ અને ૨૦૧૧ હેઠળ સેકટરનું પત્રક-અ સામેલ છે. |
| (૨) આમાંથી તાલુકાવાર કેટલા અને કયા કયા ઉદ્યોગો શરૂ થયા અને કેટલું મુડીરોકાણ થયું, અને | (૨) ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટની તાલુકાવાર સેકટરવાર માહિતી આ સાથે પત્રક-બ માં સામેલ છે. |
| (૩) એમ.ઓ.યુ. થયેલા ઉદ્યોગોમાંથી કેટલા | (૩) વાયબ્રન્ટ સમિટ ૨૦૦૯ હેઠળ અમદાવાદ |

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

ઉદ્યોગોએ પીછેહઠ કરી અને તેનાં શાં કારણો છે?

જિલ્લામાં ૪૮ પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે. તથા વાયબ્રન્ટ સમિટ ૨૦૧૧ હેઠળ થયેલ ૯ પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે. રોકાણકારો ઘણા બધા પરીબળો જેવા કે બજારની પરિસ્થિતિ, બિઝનેસ પ્લાનમાં ફેરફાર વિગેરે કારણોસર ઉદ્યોગો ડ્રોપ કરતા હોય છે.

**પત્રક–અ**

| **અનુ.નં.** | **સેકટરનું નામ** |
|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ |
| ૨ | બાયોટેકનોલોજી |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ |
| ૪ | એજ્યુકેશન |
| ૫ | એંજીનીયરીંગ |
| ૬ | એન્વારમેન્ટ એન્ડ ફોરેસ્ટ |
| ૭ | જેમ્સ એન્ડ જ્વેલરી |
| ૮ | મિનરલ બેઈઝ (GMDC પ્રોજેક્ટ) |
| ૯ | હેલ્થકેર |
| ૧૦ | ઈન્ફોરમેશન ટેકનોલોજી |
| ૧૧ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાટ્રકચર |
| ૧૨ | મિનરલ બેઈઝ (સિમેન્ટ) |
| ૧૩ | ઓઈલ એન્ડ ગેસ |
| ૧૪ | અધર |
| ૧૫ | પેપર |
| ૧૬ | પી.સી.પી.આઈ.આર. |
| ૧૭ | ફાર્માસુટીકલ |
| ૧૮ | પોર્ટ |
| ૧૯ | પાવર |
| ૨૦ | પાવર–રીન્યુએબલ |
| ૨૧ | રોડ એન્ડ રેલ |
| ૨૨ | સેઝ |
| ૨૩ | સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીઅન |
| ૨૪ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ |
| ૨૫ | ટુરીઝમ |
| ૨૬ | અર્બન ડેવલોપમેન્ટ |

**પત્રક–અ**
**અમદાવાદ જિલ્લો**

| **અનુ.નં.** | **સેકટરનું નામ** |
|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ |
| ૨ | બાયોટેકનોલોજી |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ |
| ૪ | સિવીલ એવીએશન |
| ૫ | એજ્યુકેશન |
| ૬ | એંજીનીયરીંગ |
| ૭ | એન્વારમેન્ટ એન્ડ ફોરેસ્ટ |
| ૮ | ફાયનાશીયલ સર્વીસ |
| ૯ | જેમ્સ એન્ડ જ્વેલરી |
| ૧૦ | હેલ્થકેર |
| ૧૧ | ઈન્ડ્ટ્રીયલ પાર્ક |
| ૧૨ | ઈન્ફોરમેશન ટેકનોલોજી |
| ૧૩ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાટ્રકચર |
| ૧૪ | મિનરલ બેઈઝ (સિમેન્ટ) |
| ૧૫ | મિનરલ બેઈઝ (GMDC પ્રોજેક્ટ) |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ |
| ૧૭ | અધર |
| ૧૮ | પેપર |
| ૧૯ | પી.સી.પી.આઈ.આર. |

| અનુ.નં. | સેકટરનું નામ |
|---|---|
| ૨૦ | ફાર્માસુટીકલ |
| ૨૧ | પાવર |
| ૨૨ | પાવર–રીન્યુએબલ |
| ૨૩ | સેઝ |
| ૨૪ | સ્કીલ ડેવલોપમેન્ટ |
| ૨૫ | સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન |
| ૨૬ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ |
| ૨૭ | ટુરીઝમ |
| ૨૮ | અર્બન ડેવલોપમેન્ટ |
| ૨૯ | વોટર રીસોસીસ |
| ૩૦ | પોર્ટ |
| ૩૧ | રોડ એન્ડ રેલ |

**એનેકચર–બ**

**વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૦૯–કમિશન્ડ પ્રોજેકટ**

**અમદાવાદ જિલ્લો, તા. અમદાવાદ સીટી ૩૧–૧૨–૨૦૧૧ અંતિત**

| અનુ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટની સંખ્યા | અંદાજીત મૂડીરોકાણ (` કરોડમાં) | ખરેખર મૂડીરોકાણ (` કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ | ૧૦ | ૨૬.૮૩ | ૩૦.૨૮ |
| ૨ | બાયોટેકનોલોજી | ૨ | ૨૯૦. | ૨૯૫.૦૦ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૪૧ | ૭૬.૫૨ | ૭૬.૯૩ |
| ૪ | એંજીનીયરીંગ | ૮૩ | ૩૧૭.૨૫ | ૨૮૯.૬૬ |
| ૫ | ઈન્ફોરમેશન ટેકનોલોજી | ૧ | ૨૩૦૦. | ૩૦૦૦.૫૦ |
| ૬ | ઓઈલ એન્ડ ગેસ | ૨ | ૫.૦૪ | ૫.૦૦ |
| ૭ | અધર | ૪૫ | ૨૨૧.૬૯ | ૨૪૪.૭૬ |
| ૮ | પેપર | ૪ | ૭.૩૫ | ૭.૯૪ |
| ૯ | પી.સી.પી.આઈ.આર. | ૨ | ૨ | ૨.૦૦ |
| ૧૦ | ફાર્માસુટીકલ | ૫ | ૯.૦૫ | ૯.૦૫ |
| ૧૧ | પોર્ટ | ૧ | ૧૫૦૦૦ | ૨૦૦.૦૦ |
| ૧૨ | રોડ એન્ડ રેલ | ૧ | ૨.૫૪ | ૨.૫૩ |
| ૧૩ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૨૬ | ૧૬૭.૧૧ | ૫૫.૭૦ |
| ૧૪ | અર્બન ડેવલોપમેન્ટ | ૪ | ૨૮૫. | ૨૮૫.૦૦ |
| | **કુલઃ** | **૨૨૭** | **૧૮૭૧૦.૩૮** | **૪૫૦૪.૩૫** |

**પત્રક–બ**

**વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૦૯–વિ.સ.પ્ર.ક. ૨૫૯૩૯ કમિશન્ડ પ્રોજેકટ**

**અમદાવાદ જિલ્લો, તા. સીટી ૩૧–૧૨–૨૦૧૧ અંતિત**

| અનુ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટની સંખ્યા | ખરેખર મૂડીરોકાણ (` કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ | ૧૦ | ૩૦.૨૮ |
| ૨ | બાયોટેકનોલોજી | ૨ | ૨૯૫.૦૦ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૪૧ | ૭૬.૯૩ |
| ૪ | એંજીનીયરીંગ | ૮૩ | ૨૮૯.૬૬ |
| ૫ | ઈન્ફોરમેશન ટેકનોલોજી | ૧ | ૩૦૦૦.૫૦ |
| ૬ | ઓઈલ એન્ડ ગેસ | ૨ | ૫.૦૦ |
| ૭ | અધર | ૪૫ | ૨૪૪.૭૬ |
| ૮ | પેપર | ૪ | ૭.૯૪ |

| | | | |
|---|---|---|---|
| ૯ | પી.સી.પી.આઈ.આર. | ૨ | ૨.૦૦ |
| ૧૦ | ફાર્માસુટીકલ | ૫ | ૯.૦૫ |
| ૧૧ | પોર્ટ | ૧ | ૨૦૦.૦૦ |
| ૧૨ | રોડ એન્ડ રેલ | ૧ | ૨.૫૩ |
| ૧૩ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૨૭ | ૫૫.૯૫ |
| ૧૪ | અર્બન ડેવલોપમેન્ટ | ૪ | ૨૮૫.૦૦ |
| | **કુલઃ** | **૨૨૮** | **૪૫૦૪.૬૦** |

## અમદાવાદ જિલ્લો, તા. બાવળા ૩૧-૧૨-૨૦૧૧ અંતિત

| અનુ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટની સંખ્યા | ખરેખર મૂડીરોકાણ (` કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | એંજીનીયરીંગ | ૨ | ૨૩૫.૦૦ |
| ૨ | ફાર્માસુટીકલ | ૧ | ૨૪.૦૦ |
| ૩ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ | ૧ | ૦.૩૦ |
| | **કુલઃ** | **૪** | **૨૫૯.૩૦** |

## અમદાવાદ જિલ્લો, તા. ધોળકા ૩૧-૧૨-૨૦૧૧ અંતિત

| અનુ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટની સંખ્યા | ખરેખર મૂડીરોકાણ (` કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | અધર | ૧ | ૦.૨૫ |
| ૨ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૧ | ૦.૨૫ |
| | **કુલઃ** | **૨** | **૦.૫૦** |

**અમદાવાદ જિલ્લો, તા. સાણંદ ૩૧-૧૨-૨૦૧૧ અંતિત**

| અનુ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટની સંખ્યા | મૂડીરોકાણ (` કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ફાર્માસુટીકલ | ૧ | ૩૨ |
| ૨ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ | ૩ | ૪.૯૩ |
| ૩ | બાયોટેકનોલોજી | ૧ | ૪૨.૦૦ |
| ૪ | એંજીનીયરીંગ | ૨ | ૧૦૬.૦૦ |
| ૫ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૧ | ૩૨.૦૦ |
| | **કુલઃ** | **૮** | **૨૧૬.૯૩** |

**પત્રક-બ**
**વિ.સ.પ્ર.ક. ૨૫૯૩૯ વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૧- કમિશન્ડ પ્રોજેકટ**
**અમદાવાદ જિલ્લો, તા. ધોળકા ૩૧-૧૨-૨૦૧૧ અંતિત**

| અનુ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટની સંખ્યા | મૂડીરોકાણ (` કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૧ | ૧૨. |
| | **કુલઃ** | **૧** | **૧૨.૦૦** |

**અમદાવાદ જિલ્લો, તા. સાણંદ ૩૧-૧૨-૨૦૧૧ અંતિત**

| અનુ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટની સંખ્યા | ખરેખર મૂડીરોકાણ (` કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૨ | ૫. |
| ૨ | અધર | ૧ | ૧. |
| ૩ | ઓઈલ એન્ડ ગેસ | ૧ | ૦.૬ |
| ૪ | વોટર રીસોસીસ | ૧ | ૮ |
| | **કુલઃ** | **૫** | **૧૪.૧૦** |

**અમદાવાદ જિલ્લો, તા. સીટી ૩૧-૧૨-૨૦૧૧ અંતિત**

| અનુ.નં. | સેકટરનું નામ | પ્રોજેકટની સંખ્યા | ખરેખર મૂડીરોકાણ (` કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ | ૪ | ૩૨.૮ |
| ૨ | એંજીનીયરીંગ | ૨ | ૦.૪ |
| ૩ | અધર | ૨ | ૦.૮૫ |
| ૪ | પેપર | ૧ | ૪. |
| ૫ | ફાર્માસુટીકલ | ૧ | ૧૦. |
| ૬ | સ્કીલ ડેવલોપમેન્ટ | ૧ | ૦.૬ |
| ૭ | હેલ્થકેર | ૧ | ૭. |
| | **કુલઃ** | **૧૨** | **૫૫.૬૫** |

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વીજ બિલ ન ચુકવનાર ડીફોલ્ટર ઔદ્યોગિક એકમો**

૨૫૩૬૬ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૨ની સ્થિતિ રૂપિયા એક કરોડ કે તેથી વધુ રકમના વીજ બિલ ન ચુકવ્યા હોય તેવા બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કયા કયા ઔદ્યોગિક એકમોના ડીફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસુલ કરવાની થાય છે,

(૨) ઉકત ડીફોલ્ટરો સમયસર વીજ બિલની રકમ ચુકવતા ન હોય તો રાજ્ય સરકાર વીજ પુરવઠો બંધ કરવા માંગે છે કે નહીં, અને

(૩) ઉકત ડીફોલ્ટરો પાસેથી વસુલાત કરવા માટે કયા કયા પ્રકારના પગલાં લેવાયાં?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧-૧૨ની સ્થિતિ રૂપિયા એક કરોડ કે તેથી વધુ રકમના વીજ બિલ ન ચુકવ્યા હોય તેવા બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાના ઔદ્યોગિક એકમોના ડીફોલ્ટરો પાસેથી વસુલ કરવાની થતી રકમ, આ એકમોની વીજ જોડાણની સ્થિતિ તથા તેઓની સામે વસુલાત માટે લેવાયેલ પગલાંની વિગતો પત્રક-'અ'માં સામેલ છે.

**પત્રક-અ**

| અ.નં. | જિલ્લો | ગ્રાહકનું નામ | ગ્રાહક નંબર | તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ બાકી નીકળતી રકમ | વીજ જોડાણ કાપેલ છે કે કેમ | વસુલાત માટે લેવામાં આવેલ પગલાં |
|---|---|---|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | એસ.કે.જિલ્લા સ્પીનીંગ મીલ્સ | એચ.ટી.-૩૩૨૦૩ | ૧,૭૦,૫૨,૦૫૮/- | કાયમી ધોરણે વીજ જોડાણ કાપેલ છે. | હિંમતનગર ડીસ્ટ્રીકટ કોર્ટમાં દાવો દાખલ કરેલ હતો. પરંતુ નામ.કલેકટર દ્વારા ગ્રાહકની જમીન ખાલસા કરેલ હોઈ, અને લીકવીડેટરની નિમણૂંક કરવામાં આવેલ હોઈ, તેની સામે પક્ષકાર તરીકે નાણાં વસુલાત માટે ક્રમાંક ૩૦/૨૦૦૦ દાવો નોંધાવેલ છે. |
| ૨ | બનાસકાંઠા | રાધાક્રિશ્ના સિમેન્ટ લી. | એચ.ટી.-૨૯૦૧૨ | ૧,૦૭,૯૯,૮૯૬.૯૦ | કાયમી ધોરણે વીજ જોડાણ કાપેલ છે. | પાલનપુરની ડીસ્ટ્રીકટ કોર્ટમાં ક્રમાંક ૫૫/૯૭ દાવો દાખલ કરવામાં આવેલ છે. |
| ૩ | બનાસકાંઠા | લાલન પલ્પ એન્ડ પેપર મીલ્સ | એચ.ટી.-૨૯૦૪૩ | ૧,૫૧,૩૯,૮૧૮.૪૭ | કાયમી ધોરણે વીજ જોડાણ કાપેલ છે. | પાલનપુરની ડીસ્ટ્રીકટ કોર્ટમાં ક્રમાંક ૬/૨૦૦૫ દાવો દાખલ કરવામાં આવેલ છે. |
| ૪ | બનાસકાંઠા | બાલારામ સિમેન્ટ લી. | એચ.ટી.-૨૯૦૧૭ | ૨,૧૭,૦૦,૭૯૪.૬૧ | નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ પાલનપુરના હુકમ મુજબ વીજ જોડાણ કાપેલ નથી. | નામદાર કોર્ટના હુકમ સામે હાઈકોર્ટમાં ક્રમાંક ૫૦૪૭/૨૦૦૯થી અપીલ દાખલ કરેલ છે. |

**રાજ્યમાં પોલીસદળ માટે તાલીમી સંસ્થાઓ**

૨૩૬૫૨ **શ્રી ભૂષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં દ્વારા પોલીસદળ માટે કઈ કઈ તાલીમી સંસ્થાઓ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ દળ માટે કાર્યરત રાજ્ય કક્ષાની તાલીમી સંસ્થાઓ

| | |
|---|---|
| અને | નીચે મુજબ આવેલ છે.<br>૧. ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ<br>૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા<br>૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ<br>૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ). |
| (૨) આ સંસ્થાઓને અદ્યતન બનાવવા માટે વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી રકમ ફાળવવામાં આવેલ છે? | (૨) વર્ષ-૨૦૧૧-૧૨માં કુલ મંજૂર થયેલ ` ૬૭.૯૬/-કરોડની રકમ પૈકી તારીખ -૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં ` ૪૪.૪૮/- કરોડ ફાળવવામાં આવેલ છે. |

---------

## ભાવનગર જિલ્લા પોલીસદળના આરોગ્યની ચકાસણી

૨૩૬૬૦ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત ખરી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં કેટલાં પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્યની ચકાસણી થઈ ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં-૪૩૩<br>(૨) વર્ષ ૨૦૧૧માં-૩૩૨ |

---------

## નર્મદા જિલ્લામાં વીજ બિલ ન ચૂકવનાર ડીફોલ્ટર ઔદ્યોગિક એકમો

૨૫૩૬૫ **શ્રી વજેસિંહભાઇ પા. પણદા( દાહોદ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ રૂપિયા એક કરોડ કે તેથી વધુ રકમના વીજ બિલ ન ચૂકવ્યા હોય તેવા નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કયા કયા ઔદ્યોગિક એકમોના ડીફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસુલ કરવાની થાય છે, | (૧) તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ રૂપિયા એક કરોડ કે તેથી વધુ રકમના વીજ બિલ ન ચૂકવ્યા હોય તેવા નર્મદા જિલ્લાના ૧(એક) ડીફોલ્ટર ગુજરાત સ્પીનર્સ લીમીટેડ પાસેથી રૂપિયા ૩,૪૦,૩૫,૩૭૫.૬૬ વસુલ કરવાના થાય છે. |
| (૨) ઉક્ત ડીફોલ્ટરો સમયસર વીજ બિલની રકમ ચૂકવતા ન હોય તો રાજ્ય સરકાર વીજ પુરવઠો બંધ કરવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી આ ઔદ્યોગિક એકમનું વિજ જોડાણ કાયમી ધોરણે રદ કરેલ છે. |
| (૩) ઉક્ત ડીફોલ્ટરો પાસેથી વસુલાત કરવા માટે કયા- કયા પ્રકારના પગલાં લેવાયાં ? | (૩) આ ઔદ્યોગિક એકમ દ્વારા બી.આઈ.એફ.આર. માં કેસ દાખલ કરવામાં આવેલ જે તેઓની વિરૂદ્ધમાં આવતાં એકમે એપેલેટ ઓથોરીટી ફોર ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ફાયનાન્સીયલ રીકન્સ્ટ્રકશન (આઈફર)માં અપીલ કરેલ તે પણ તેઓની વિરૂદ્ધ આવેલ.<br>ત્યારબાદ ગ્રાહકે રજુઆત કરતાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. એ એકમને રૂપિયા ૧.૨૫ કરોડ ભરવા અને બાકીની રકમ ૩૬(છત્રીસ) હપ્તામાં ભરવાની મંજૂરી આપેલ. દરમિયાન અન્ય શ્રીજી કૃપા સ્પીનર્સ દ્વારા જણાવવામાં આવેલ કે, તેઓએ ગુજરાત સ્પીનર્સ ખરીદી લીધેલ હોઈ, બાકી નીકળતા વીજ બીલના નાણાં તેઓ લોક અદાલતમાં સમાધાન કરી રકમ ભરશે. આથી સદર શ્રીજી કૃપાને તા.૨૩-૦૮-૨૦૧૧ના રોજ સમન્સ બજાવવામાં આવેલ પરંતુ, તેઓ તા.૨૮-૦૮-૨૦૧૧ની લોક અદાલતમાં હાજર રહેલ નહીં તેથી હાલ ગુજરાત સ્પીનર્સ સામે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.દ્વારા રાજપીપળા કોર્ટમાં દીવાની દાવો દાખલ કરવાની |

કાર્યવાહી હાથ પર છે.

---------

**અમરેલી જિલ્લામાં યોજવામાં આવેલ લોક દરબાર**

૨૩૬૪૪ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો અમરેલી જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં ૧૮૧ અને વર્ષ ૨૦૧૧માં ૧૭૨ લોકદરબાર યોજવામાં આવેલ છે.

**ભાવનગર જિલ્લામાં સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ વિષયક સેવાઓ**

૨૩૬૭૪ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજ વિષયક સેવાઓ સુદ્રઢ બનાવવાના હેતુસર અમલમાં સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ યોજના હેઠળ તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) ભાવનગર જિલ્લામાં દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજ વિષયક સેવાઓ સુદ્રઢ બનાવવાના હેતુસર સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ રકમ અને થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રકમ ` લાખમાં)

| વર્ષ | મંજુર થયેલ રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૭૭૭ | ૭૭૭ |
| ૨૦૧૧–૧૨ (તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ) | ૨૫૪ | ૨૫૪ |

---------

**ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખેતી વિષયક વીજ જોડાણો**

૨૩૮૮૨ **શ્રી ઇકબાલભાઇ પટેલ( વાગરા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

| (૨) આ એમ.ઓ.યુ. પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલા પાવર પ્રોજેક્ટ કાર્યાન્વિત થયા ? | (૨) તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ૨૦૦૯માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ ૩૧ એમ.ઓ.યુ. પૈકી ૬ પ્રોજેક્ટ અમલીકરણની સ્થિતિએ અને બાકીના ૨૫ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કે છે. ૨૦૧૧માં પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ તમામ ૫૫ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કે છે. બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. પૈકી સન ૨૦૦૯માં થયેલ એમ.ઓ.યુ.માંથી ૧૮ અને ૨૦૧૧માં થયેલ એમ.ઓ.યુ.માંથી ૫ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોનાં કામો**

૪૪૪૨ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૧૦૭ કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૭૯૧.૮૩ લાખ. |

---------

## માહિતી પ્રસારણ વિભાગ દ્વારા જાહેરાતો પાછળ થયેલ ખર્ચ

૨૩૮૮૩ **શ્રી ઇકબાલભાઇ પટેલ( વાગરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૧૧માં માહિતી પ્રસારણ વિભાગ દ્વારા સરકારી ઉત્સવ અને કાર્યક્રમો તેમજ વિવિધ યોજનાના કામો અન્વયે કેટલી જાહેરાતો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | સન–૨૦૧૧માં માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આ હેતુઓ પાછળ કુલ–૧૯ જાહેરાતો આપવામાં આવી જેની પાછળ રૂપિયા ૨૮૬૪.૫૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

## અમદાવાદ શહેરમાં લઘુમતી અને અનુસૂચિત જાતિના વ્યક્તિઓની ગૃહરક્ષક દળમાં ભરતી

૨૪૯૬૪ **શ્રી સાબીરભાઇ અ. ખેડાવાલા(જમાલપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૧૧માં અમદાવાદ શહેરમાં લઘુમતી અને અનુસૂચિત જાતિના કેટલા લોકોને ગૃહરક્ષક દળમાં ભરતી કરવામાં આવી ? | હોમગાર્ડસ એક્ટ–૧૯૪૭ની જોગવાઇઓ હેઠળ હોમગાર્ડસની સેવાઓ માનદ્ નિમણૂંક હોવાથી, ભરતી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં બી.પી.એલ. કુટુંબોને વિના મૂલ્યે વીજળીના જોડાણો

૨૩૯૬૩ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો પૈકી કેટલા કુટુંબોને તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિના મૂલ્યે વીજળીના જોડાણો આપવામાં આવેલ છે,<br>(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને<br>(૩) આ વ્યવસ્થાથી ક્યા પ્રકારના લાભો ખેડૂતોને મળશે? | (૧), (૨) અને (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા ૯૦૬ કુટુંબોને રૂપિયા ૭૧.૩૭ લાખના ખર્ચે વિના મૂલ્યે વીજળીના જોડાણો આપવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકારની ઝૂંપડા વીજળી કરણ યોજના અંતર્ગત ૯૫ કુટુંબોને રૂપિયા ૧૯.૬૭ લાખના ખર્ચે વિના મૂલ્યે વીજ જોડાણ આપવામાં આવેલ છે. આ વ્યવસ્થાથી ગરીબી રેખા નીચે જીવતા ખેડૂતોને વિજળીની સુવિધા મળતાં તેઓનું જીવન ધોરણ ઉંચુ આવશે. તેમના બાળકોને અભ્યાસ માટે સુવિધા ઉપલબ્ધ થશે તથા આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિમાં પણ વૃદ્ધિ થશે. |

---------

## સન ૨૦૦૯ તથા ૨૦૧૧ ના વાયબ્રન્ટ સમિટમાં થયેલ વાસ્તવિક મૂડી રોકાણ

૨૫૩૬૨ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સન ૨૦૦૯ અને ૨૦૧૧ના વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ સમિટોમાં વાસ્તવિક મૂડી રોકાણ કુલ કેટલું થયું છે? | એમ.ઓ.યુ. થયા બાદ રોકાણકારે પ્રોજેક્ટ માટે જમીન ઉપલબ્ધ કરવી, નાણાકીય વ્યવસ્થા કરવી, જુદા જુદા પ્રકારની મંજૂરીઓ મેળવવાની પ્રક્રીયામાંથી પસાર થવાનું રહે છે. સામાન્ય રીતે નાના પ્રોજેક્ટને ઉત્પાદનમાં જતા બેથી ત્રણ વર્ષનો સમયગાળો લાગે છે. મોટા પ્રોજેક્ટને વિવિધ પ્રક્રિયા જેવી કે નાણાકીય મંજૂરી, પર્યાવરણ મંજૂરી વિગેરેમાંથી પસાર થવું પડે છે. તેથી ઉત્પાદનમાં જતાં પાંચથી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે. તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વાયબ્રન્ટ સમીટ સને ૨૦૦૯માં |

૬૮.૦૫ ટકા પ્રોજેક્ટ, તથા સને ૨૦૧૧માં ૩૯.૬૪ ટકા પ્રોજેક્ટ કાર્યાન્વીત થયેલ છે અથવા તો અમલીકરણ હેઠળ છે. વાયબ્રન્ટ સમીટ સને ૨૦૦૯માં ` ૯૧,૬૩૯.૬૪ કરોડ, તથા સને ૨૦૧૧માં ` ૫૭,૦૫૦.૫૫ કરોડ મળી કૂલ વાસ્તવીક મૂડીરોકાણ ` ૧૪૮૬૯૦.૧૯ કરોડનું થયેલ છે. મુડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રીયા છે.

---------

## રાજ્યમાં પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન

૨૩૬૮૮ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન મેળવવા સારું કેટલા મેગાવોટ ક્ષમતાના પ્લાન્ટ કાર્યરત છે?

**જવાબ**

૨૫૫૯.૩૦૫ મેગાવોટ.

---------

## વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટમાં એમ.ઓ.યુ. કરીને ખસી જનાર રોકાણકારો

૨૪૩૮૭ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૧૫–૧–૨૦૧૨ની સ્થિતિએ સને ૨૦૦૯ અને ૨૦૧૧ની વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટમાં એમ.ઓ.યુ. કરનાર કુલ કેટલા રોકાણકારોની સમીક્ષા અન્વયે રોકાણમાંથી ખસી ગયા છે અથવા તો તેમના નામ સરનામા જ નથી?

**જવાબ**

તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ, વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૯માં કુલ ૮૬૬૦ એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતા, જેમાં ૩૮૯ એમ.ઓ.યુ. ડ્રોપ થયેલ છે. જેની ટકાવારી ૪.૪૯ થાય છે. તથા વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૧માં કુલ ૮૩૮૦ એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતા, જેમાં ૨૮૬ એમ.ઓ.યુ. ડ્રોપ થયેલ છે. જેની ટકાવારી ૩.૪૧ થાય છે. આમ, રાજ્યમાં યોજાયેલ બાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટમાં ડ્રોપ પ્રોજેક્ટનું પ્રમાણ સતત ઘટતું રહેલ છે.

---------

## અમદાવાદ જિલ્લામાં હસ્તકલા કારીગરી ક્ષેત્રે કાર્યરત મહિલાઓના વિકાસ માટે ખર્ચ

* ૨૩૮૬૭ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હસ્તકલા કારીગરી ક્ષેત્રે કાર્યરત મહિલાઓના વિકાસ માટે સને ૨૦૧૦–૧૧ ના વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

હસ્તકલા કારીગરી ક્ષેત્રે કાર્યરત મહિલાઓ માટે અલગ રકમ મંજુર કરવામાં આવતી નથી.

ગુજરાત હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા મહિલાઓને તાલીમ માટે ` ૧૧૦.૫૪ લાખ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા હસ્તકલા ક્ષેત્રે કાર્યરત મહિલા મંડળીઓને સહાય પેઠે ` ૭.૧૮ લાખ એમ કુલ ` ૧૧૭.૭૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાઓમાં વીજળીકરણની કામગીરી

૨૪૨૧૨ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાના કેટલા ગામ તેમજ પેટાપરામાં વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન વિજળીકરણની કામગીરી થઇ છે ?

(૨) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઉક્ત તાલુકામાં કોઇ ગામ કે પેટાપરા વીજળીકરણથી વંચિત છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે. અને તા.૩૧–૦૧–૨૦૧૨ સ્થિતિએ વીજળીકરણ પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

વર્ષ ૨૦૧૦–૧૧ દરમિયાન કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના ૧ અને લખપત તાલુકાના ૩ પેટાપરાનું વીજળીકરણ ` ૨૫.૫૨ લાખના ખર્ચે કરવામાં આવેલ છે.

૨૦૦૧ ના સેન્સસ મુજબ કચ્છ જિલ્લાના અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાના તમામ ગામોનું વીજળીકરણ થયેલ છે. તે જ રીતે જિલ્લા વિકાસ અધિકારીની બુકલેટ મુજબના આ તાલુકાઓના તમામ પેટાપરાનું પણ વીજળીકરણ થયેલ છે. જ્યારે બુકલેટ સિવાયના અબડાસા તાલુકાના ૨ અને લખપત તાલુકાના ૧ પેટાપરા વીજળીકરણથી વંચિત છે જેનું વીજળીકરણ તારીખ ૩૧–૦૩–૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં બી.પી.એલ. કુટુંબોને વિના મૂલ્યે વીજળીના જોડાણો

૨૩૯૬૫ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો પૈકી કેટલા કુટુંબોને તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિના મૂલ્યે વીજળીના જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા નવસારી જિલ્લાના ૧૧૭ કુટુંબોને ` ૯.૪૦ લાખના ખર્ચે વિના મૂલ્યે વીજળીના જોડાણો આપવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ૨૮૨ કુટુંબોને ` ૬.૨૦ લાખના ખર્ચે વિના મૂલ્યે વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## સન ૨૦૦૯ તથા ૨૦૧૧ ના વાયબ્રન્ટ સમિટોમાં થયેલ વાસ્તવિક મૂડી રોકાણ

૨૫૩૬૦ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સન ૨૦૦૯ અને ૨૦૧૧ ના વર્ષમાં યોજાયેલ ત્રણ વાયબ્રન્ટ સમિટોમાં વાસ્તવિક મૂડી રોકાણ કુલ કેટલું થયું છે ?

**જવાબ**

એમ.ઓ.યુ. થયા બાદ રોકાણકારે પ્રોજેક્ટ માટે જમીન ઉપલબ્ધ કરવી, નાણાકીય વ્યવસ્થા કરવી, જુદા જુદા પ્રકારની મંજૂરીઓ મેળવવાની પ્રક્રીયામાંથી પસાર થવાનું રહે છે. સામાન્ય રીતે નાના પ્રોજેક્ટને ઉત્પાદનમાં જતા બેથી ત્રણ વર્ષનો સમયગાળો લાગે છે. મોટા પ્રોજેક્ટને વિવિધ પ્રક્રિયા જેવી કે નાણાકીય મંજૂરી, પર્યાવરણ મંજૂરી વિગેરેમાંથી પસાર થવું પડે છે. તેથી ઉત્પાદનમાં જતાં પાંચથી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે. તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વાયબ્રન્ટ સમીટ સને ૨૦૦૭માં ૬૭.૪૦ ટકા પ્રોજેક્ટ, સને ૨૦૦૯માં ૬૮.૦૫ ટકા પ્રોજેક્ટ તથા સને ૨૦૧૧માં ૩૯.૬૪ ટકા પ્રોજેક્ટ કાર્યાન્વીત થયેલ છે અથવા તો અમલીકરણ હેઠળ છે. વાયબ્રન્ટ સમીટ સને ૨૦૦૭ માં

` ૧,૦૫,૩૫૫.૧૧ કરોડ, સને ૨૦૦૯માં ` ૯૧,૬૩૯.૬૪ કરોડ તથા સને ૨૦૧૧માં ` ૫૭,૦૫૦.૫૫ કરોડ મળી કૂલ વાસ્તવીક મૂડીરોકાણ રૂ. ૨,૫૪,૦૪૫.૩૧ કરોડનું થયેલ છે. મુડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રીયા છે.

---------

**નર્મદા યોજનાના વીજ મથકો દ્વારા વીજ ઉત્પાદન**

૨૪૪૩૦ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા યોજનાનાં બંને વીજ મથકમાંથી કેટલું વીજ ઉત્પાદન થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા યોજનાના બંને વીજ મથકમાંથી વર્ષ ૨૦૦૯માં ૨ અબજ ૧૨ કરોડ યુનીટ, વર્ષ ૨૦૧૦ માં ૩ અબજ ૫૯ કરોડ યુનીટ વર્ષ ૨૦૧૧માં ૪ અબજ ૪૬ કરોડ યુનીટ મળી કુલ ૧૦ અબજ ૧૭ કરોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૧ દરમ્યાન ઉત્પન્ન થયેલી વીજળીમાંથી રાજ્ય સરકારને કેટલી આવક થયેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૧ દરમ્યાન ઘટ બાદ કરતાં વીજ ઉત્પાદનની કુલ ૧૭ અબજ ૧૧ કરોડ રૂપિયાની આવક થયેલ છે (` ૪.૦૦ પ્રતિ યુનિટ મુજબ) તેમાંથી ગુજરાતને ૧૬ ટકા હિસ્સા પ્રમાણે ૨ અબજ ૭૪ કરોડ, મહારાષ્ટ્રને ૨૭ ટકા હિસ્સા પ્રમાણે ૪ અબજ ૬૨ કરોડ અને મધ્યપ્રદેશને ૫૭ ટકા પ્રમાણે ૯ અબજ ૭૫ કરોડની આવક થયેલ છે. |

---------

**ટાટા કંપનીને નેનો કાર એકમ દ્વારા લાભોમાં શરતભંગ**

૨૫૩૫૪ **શ્રી સિદ્ધાર્થભાઇ ચી. પટેલ( ડભોઇ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટાટા કંપનીને નેનો કાર માટે આપવામાં આવેલ લાભોના સંદર્ભમાં મુકવામાં આવેલી શરતનો ભંગ થઇ રહ્યો છે. તે હકીકત સાચી છે, | (૧) શરતભંગની આવી કોઇ બાબત ધ્યાનમાં આવી નથી. |
| (૨) જો હા, તો કઇ કઇ શરતોનો ભંગ કરવામાં આવ્યો છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારે તે અન્વયે શાં પગલાં લીધા ? | |

**બનાસકાંઠા જિલ્લામાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનોનાં કામો**

૨૪૪૪૮ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૩૦ કામો |
| (૨) આ કામો પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૯૧.૪૫ લાખ |

**રાજકોટ જિલ્લામાં પૂર્ણ કરવામાં આવેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનોના કામ**

૨૪૪૪૧ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૧૯૨ કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૦૨૨.૨૪ લાખ. |

---------

**સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિ હેકટર દીઠ થતો ખર્ચ**

૨૪૪૩૧ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નર્મદા યોજના અંતર્ગત સુક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ટપક અને ફુવારા પધ્ધતિમાં એક હેકટર દીઠ કેટલો ખર્ચ આવે છે ? | નર્મદા યોજના અંતર્ગત સુક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ટપક પધ્ધતિમાં સરેરાશ એક હેકટરે ` ૮૨૫૨૩ અને ફુવારા પધ્ધતિમાં સરેરાશ એક હેકટરે ` ૧૯૫૦૫ નો ખર્ચ આવે છે. |

---------

**ગૌણ સેવા પસંદગી મંડળમાં સમગ્ર રહેમરાહે નોકરીની પડતર દરખાસ્તો**

૨૫૩૭૪ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગૌણ સેવા પસંદગી મંડળ પાસે રહેમરાહે નોકરી મેળવવા માટે મોકલાયેલી દરખાસ્તો પૈકી તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, અને | (૧) ૨(બે) |
| (૨) જો હા, તો આ પડતર દરખાસ્તોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૨) આ બન્ને દરખાસ્તોનો મંડળ દ્વારા નિકાલ થઇ ગયેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામ**

૨૪૪૩૮ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૭ કામો |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૨૯૮.૮૦ લાખ. |

---------

**ગૌણ સેવા પસંદગી મંડળ સમગ્ર રહેમરાહે નોકરીની પડતર દરખાસ્તો**

૨૫૨૩૩ **શ્રી દેવજીભાઇ ગો. ફતેપરા(હળવદ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગૌણ સેવા પસંદગી મંડળ પાસે રહેમરાહે નોકરી મેળવવા માટે મોકલાયેલી દરખાસ્તો પૈકી તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, અને | (૧) ૨ (બે) |
| (૨) આ પડતર દરખાસ્તોનો નિકાલ કેટલાં સમયમાં કરવામાં આવશે ? | (૨) આ બન્ને દરખાસ્તોનો મંડળ દ્વારા નિકાલ થઇ ગયેલ છે. |

## દાહોદ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ

૨૫૦૫૨ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ચોરી, લૂટ, બળાત્કાર, અપહરણ અને વાહન ચોરીના કુલ કેટલા ગુના નોંધાયા, અને

(૨) આ પૈકી કેટલા ગુનાઓમાં કેટલા આરોપીઓ પકડાયા ?

**જવાબ**

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) ૭૮૦ ગુનાઓમાં ૮૦૩ આરોપીઓ પકડાયેલ છે.

**પત્રક-૧**

| અ.નં. | પોલીસ સ્ટેશન | ચોરી | લૂંટ | બળાત્કાર | અપહરણ | વાહનચોરી |
|---|---|---|---|---|---|---|
| ૧. | દાહોદ ટાઉન | ૧૭૮ | ૬ | ૧ | ૧૪ | ૧૧૮ |
| ૨. | દાહોદ રૂરલ | ૧૨૮ | ૨૯ | ૨ | ૧૪ | ૪૧ |
| ૩. | ગરબાડા | ૨૭ | ૭ | ૨ | ૭ | ૭ |
| ૪. | ધાનપુર | ૧૭ | ૧૭ | - | ૫ | ૨ |
| ૫. | દેવગઢબારીયા | ૪૮ | ૯ | - | ૧૬ | ૨૧ |
| ૬. | લીમખેડા | ૩૨ | ૧૨ | ૩ | ૨૦ | ૬ |
| ૭. | લીમડી | ૩૯ | ૧૧ | - | ૭ | ૧૨ |
| ૮. | ઝાલોદ | ૪૮ | ૬ | ૧ | ૧૦ | ૧૭ |
| ૯. | ફતેપુરા | ૧૫ | ૪ | - | ૯ | ૨ |
| ૧૦. | સુખસર | ૨૫ | ૪ | - | ૫ | ૨ |
| | **કુલ** | **૫૫૭** | **૧૦૫** | **૯** | **૧૦૭** | **૨૨૮** |

---------

## પ્યુજોટ મોટર કંપનીને ઉદ્યોગ સ્થાપવા માટે અપાયેલ રાહતો/લાભો

૨૪૨૫૬ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ પ્યુજોટ કંપનીને તેઓના ઉદ્યોગ રાજ્યમાં સ્થાપવા માટે ક્યા ક્યા પ્રકારની રાહતો/લાભો આપવામાં આવ્યા છે, અને

(૨) તે અન્વયે કેવા પ્રકારની રાહતો/લાભો કેટલા સમય માટે આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પ્યુજોટ કંપની સાથે સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટ કરેલ છે.

(૨) (૧) સ્ટેમ્પ ડ્યુટીમાં મુક્તિ
(૨) રજિસ્ટ્રેશન ચાર્જમાંથી મુક્તિ
(૩) કંપનીએ કરેલ મૂડી રોકાણની મર્યાદામાં તેઓએ ચૂકવેલ વેટ સામે ૧૫ વર્ષ માટે લોન આપવાનું નક્કી કરેલ છે.

---------

## નવસારી અને વલસાડ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ અન્વયે મળેલ અરજીઓ

૨૪૨૬૯ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ આપવાની જાહેરાત ક્યારે કરી,

(૨) આ યોજના અન્વયે નવસારી અને વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તત્કાલ વીજ જોડાણ માટે કેટલી અરજીઓ મળી,

(૩) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી વીજ જોડાણ અપાયા, અને

(૪) આ વીજ જોડાણ માટે ખેડૂતોને કેટલા વધારાના

**જવાબ**

(૧) રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ આપવાની જાહેરાત જાન્યુઆરી ૨૦૧૧માં કરી.

(૨) અને (૩) : તત્કાલ યોજના અન્વયે નવસારી જિલ્લામાં મળેલ ૪૧૬ અરજીઓ પૈકી નાણાં ભરપાઇ થયેલ ૬૨ અરજીઓ પૈકી ૫૭ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે. બાકીના ૫ અરજદારો દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજૂ થયેથી તેમના વીજ જોડાણ ચાલુ કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં મળેલ ૧૩૫ અરજીઓ પૈકી ૧૩૧ અરજીઓમાં નાણાં ભરપાઇ થયેલ નથી જ્યારે નાણાં ભરપાઇ થયેલ ૪ અરજદારોને વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૪) તત્કાલ વીજ જોડાણ યોજના એ સ્વૈચ્છિક

રૂપિયા ભરવા પડ્યા ? | યોજના છે. આ યોજનામાં વીજ જોડાણ મેળવવા ઇચ્છતા અરજદારે તત્કાલ યોજનામાં નક્કી કરવામાં આવેલ ધારા ધોરણ મુજબ જ રકમ ભરવાની થાય છે. વધારાની કોઇ રકમ ભરવાની થયેલ નથી.

---------

**કચ્છ જિલ્લામાં પૂર્ણ કરવામાં આવેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો**

૨૪૫૫૧ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૧૩ કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` **૬૯૯.૩૧** લાખ. |

---------

**આણંદ જિલ્લામાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનોનાં કામો**

૨૪૪૪૭ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૫૧ કામો |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ૩૪૪.૪૧ લાખ |

---------

**રાજ્ય અનામત પોલીસ જૂથ–૪ ના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની પૂર્ણ કામગીરી**

૨૪૧૮૮ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય અનામત પોલીસ જૂથ–૪ માટે પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિન રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને | (૧) કુલ ૨૮૮ રહેણાંક કામો |
| (૨) આ કામગીરી પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૨૨૪૭.૯૪ લાખ |

---------

**અમદાવાદ જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ**

૨૪૯૧૭ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ અમદાવાદ જિલ્લામાં પડતર પડેલી છે ? | અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ ૫૦૮૧ અને ડાર્કઝોન હેઠળની ૯૧૭ અરજીઓ પડતર છે. |

-------

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

## સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાં વીજ બિલ ન ચુકનાર ડીફોલ્ટર ઔદ્યોગિક એકમો

૨૫૩૬૭ **શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ( મહુવા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ રૂપિયા એક કરોડ કે તેથી વધુ રકમના વીજ બિલ ન ચુકવ્યા હોય તેવા સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કયા કયા ઔદ્યોગિક એકમોના ડીફોલ્ટરો પાસેથી રકમ વસુલ કરવાની થાય છે,

(૨) ઉકત ડીફોલ્ટરો સમયસર વીજ બીલની રકમ ચુકવતા ન હોય તો રાજ્ય સરકાર વીજ પુરવઠો બંધ કરવા માંગે છે કે કેમ, અને

(૩) ઉકત ડીફોલ્ટરો પાસેથી વસુલાત કરવા માટે કયા–કયા પ્રકારના પગલાં લેવાયાં ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ રૂપિયા એક કરોડ કે તેથી વધુ રકમના વીજ બિલ ન ચુકવ્યા હોય તેવા પાટણ જિલ્લામાં એક પણ ઔદ્યોગિક એકમ નથી જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ઔદ્યોગિક એકમોના ડીફોલ્ટરો પાસેથી વસુલ કરવાની થતી રકમ, આ એકમોની વિજ જોડાણની સ્થિતિ તથા તેઓની સામે વસુલાત માટે લેવાયેલ પગલાંની વિગતો પત્રક ''અ'' માં સામેલ છે.

**પત્રક – અ**

| ક્રમ | ઔદ્યોગિક એકમનું નામ | એચટી ગ્રાહક નં. | ગામ | બાકી રકમ (રૂ કરોડમાં) | વીજ કનેકશનની સ્થિતી | વસુલાત માટે કરેલ દિવાની દાવા નં. |
|---|---|---|---|---|---|---|
| ૧ | કેટીકોટ સીન્થ ઇન્ડસ્ટ્રીઝ લી. | ૨૫૭૧૮ | ચરાડવા | ૧.૭૬ | બંધ | વસુલાત માટે દિવાની દાવા નં.૫૭/૨૦૦૧ દાખલ કરવામાં આવેલ જેનો ચુકાદો પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની તરફેણમાં આવતા વસુલાત માટે પ્રિન્સીપાલ સિનિયર જજશ્રી ધ્રાંગધ્રા જિલ્લા સુરેન્દ્રનગરમાં નંબર ૧૧/૨૦૦૮થી દરખાસ્ત કરેલ છે જે પડતર છે. |
| ૨ | મરડીયા કેમીકલ્સ લી. | ૧૭૪૩૫ | સીતાગઢ | ૨.૪૩ | બંધ | દાવા નંબર ૯./૦૫ સુરેન્દ્રનગર જીલ્લા કોર્ટમાં પેન્ડીંગ છે |
| ૩ | મરડીયા સ્ટીલ લી. | ૧૭૪૪૩ | સીતાગઢ | ૪.૭૫ | બંધ | દાવા નંબર ૭૯/૯૮ સુરેન્દ્રનગર જીલ્લા કોર્ટમાં પેન્ડીંગ છે |
| ૪ | મરડીયા કેમીકલ્સ લી. | ૧૭૪૪૭ | સીતાગઢ | ૧૨૫.૨૭ | બંધ | દાવા નંબર ૧૦૪/૦૪ સુરેન્દ્રનગર જીલ્લા કોર્ટમાં પેન્ડીંગ છે |
| ૫ | સૌરાષ્ટ્રા કો. ઓ. સ્પીનીંગ મીલ | ૧૭૪૦૫ | લીંબડી | ૧.૮૪ | બંધ | દાવા નંબર ૨૬/૦૦ સુરેન્દ્રનગર જીલ્લા કોર્ટમાં પેન્ડીંગ છે |
| ૬ | સૌરાષ્ટ્રા સ્ટીલ ઇન્ડ મીલ | ૧૭૪૧૨ | લીંબડી | ૨.૩૭ | બંધ | દાવા નંબર ૧૬/૯૧ સુરેન્દ્રનગર જીલ્લા કોર્ટમાં પેન્ડીંગ છે |

---------

## સાબરકાંઠા જિલ્લામાં વીજ અકસ્માતના બનાવો

૨૫૧૦૦ **ડાૅ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ત્રણ વર્ષમાં વર્ષવાર કર્મચારીઓ, વ્યકિતઓ અને પશુઓ સાથે અને પાક બળવાના વીજ અકસ્માતના બનાવો બન્યા,

(૨) અને આવા અકસ્માતો વારંવાર બનવાના કારણો શાં છે, અને

(૩) સરકારે આવા બનાવો ન બને એના માટે શાં

**જવાબ**

(૧) વિગતો ''પત્રક–૧'' મુજબ છે.

(૨) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતાં હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ, કુદરતી આફતો/આકસ્મિક કારણોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી કર્મચારીઓ, વ્યકિતઓ અને પશુઓના મૃત્યુ થતા હોય છે. કેટલીક વાર વીજ ગ્રાહકોના આંતરિક વાયરો, ખામી ભરેલા ઇલેકટ્રીક ઉપકરણોના કારણે પણ વીજ અકસ્માત થતા હોય છે.

(૩) સરકારે આવા બનાવો ન બને એના માટે

પગલાં લીધા છે ? લીધેલ પગલાંની વિગતો આ સાથેના પત્રક-૨ મુજબ છે.

**પત્રક-૧**

| અકસ્માતોની વિગતો | તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ | તા.૧-૧-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ | તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૧૨-૨૦૧૧ | કુલ અકસ્માતોની સંખ્યા |
|---|---|---|---|---|
| કર્મચારીઓને નડેલ અકસ્માતો | ૫ | ૫ | ૩ | ૧૩ |
| વ્યક્તિઓને નડેલ અકસ્માતો | ૧૬ | ૨૦ | ૨૦ | ૫૬ |
| પશુઓને નડેલ અકસ્માતો | ૪૮ | ૪૨ | ૨૫ | ૧૧૫ |
| પાક બળવાના કિસ્સાઓ | ૦ | ૨ | ૫૫ | ૫૭ |

**પત્રક-૨**

**વીજ અકસ્માતોના બનાવો ન બને તે માટે સરકારે લીધેલ પગલાંઓ નીચે મુજબ છે.**

(૧) દરેક લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતીના સાધનો જેવા કે, સેફટીબેલ્ટ, હેલ્મેટ, હેન્ડગ્લોઝ, ગમબુટ, પકકડ, ટેસ્ટર, સ્કુડ્રાઇવર વગેરે ફાળવવામાં આવે છે.

(૨) લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની તાલીમ આપવામાં આવે છે.

(૩) દરેક લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગેની સીડી ''જીંદગી છે કિંમતી અમાનત, રાખો અકસ્માતથી સલામત'' કુટુંબ સાથે દર્શાવવામાં આવે છે.

(૪) દરેક પેટા વિભાગીય કચેરીએ સેફટી ચેમ્પીયનની નિમણૂક કરવામાં આવેલ છે. તેઓને લાઇન સ્ટાફ સલામતીના સાધનો તથા નિયમોનો અવશ્ય ઉપયોગ કરે, તે જોવાની જવાબદારી સોંપવામાં આવેલ છે.

(૫) લાઇન સ્ટાફ લાઇન પર કામ કરતી વખતે સલામતીના સાધનો તથા નિયમોનો ચુસ્તપણે અમલ થાય તેના માટે ''આકસ્મિત તપાસ સેફટી સ્કવોર્ડ'' ની રચના કરવામાં આવેલ છે.

(૬) લાઇન સ્ટાફ સાથે સેફટી સાધનોનો ઉપયોગ કરવા માટે મીટીંગ તથા સેમિનાર યોજી સલામતી અંગે જરૂરી માર્ગદર્શન સારૂ ક્ષેત્રિય કચેરીને સૂચના પાઠવવામાં આવેલ છે.

(૭) વીજ અકસ્માત થાય ત્યારે તેની તપાસ કરી કંપનીના કોઈ કર્મચારીની જવાબદારી પ્રસ્થાપિત થતી હોય ત્યારે કંપનીના નિયમોનુસાર જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૮) દરેક લાઇન સ્ટાફ કર્મચારીને સલામતીના સૂચનોવાળી પુસ્તિકા/કાર્ડ આપવામાં આવેલ છે.

(૯) પશુઓને અકસ્માત ન થાય તે માટે ટ્રાન્સફોર્મર સેન્ટરની આજુબાજુ ફેન્સીંગ કરવામાં આવે છે.

(૧૦) બહારની વ્યક્તિઓને વીજ અકસ્માત ન થાય તે માટે જાહેરસ્થળોએ સલામતી અંગેના પોસ્ટરો તથા સલામતી અંગેની રેલીઓ યોજીને જનજાગૃતિ અભિયાન કરવામાં આવે છે.

(૧૧) વીજ લાઇનોનું સમયાંતરે મરામત કામ કરવામાં આવે છે.

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખાણ ખનીજની ચોરી પકડવા માટે દરોડા**

૨૪૫૫૭ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાલા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખાણ ખનિજની ચોરી અન્વયે કેટલી રેડ પાડવામાં આવી, કેટલી કિંમતની ખનીજ ચોરી પકડવામાં આવી,

(૨) આવી ખનીજ ચોરી કરનાર કયા કયા ઇસમો છે, અને

(૩) તેમની સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**જવાબ**

(૧) જૂનાગઢ તથા પોરબંદર જિલ્લામાં અનુક્રમે ૩૭ અને ૩૨ મળી કુલ ૬૯ રેડ પાડવામાં આવી, જુનાગઢ જીલ્લામાં ૫.૦૧ કરોડ અને પોરબંદર જીલ્લામાં ૧૫.૭૩ કરોડ મળી કુલ ૨૦.૭૪ કરોડની ખનિજ ચોરી પકડવામાં આવી

(૨) અને (૩)

જુનાગઢ જીલ્લાનું *પત્રક-૧ અને પોરબંદર જીલ્લાનું *પત્રક-૨ મુજબ.

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નર્મદા નહેરોના નવા કામો**

૨૪૪૨૮ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નર્મદા નહેરના કામો શરૂ કરવાનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ બાબત કયા તબકકે છે ? | (૨) બંને જીલ્લાઓમાં નર્મદા યોજના પાછળ ૧૧ કામો રૂ।.૧૬૦.૦૯ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. તથા ૪૫ કામો માટે રૂ।.૧૭૭૩.૫૧ કરોડના ખર્ચનું આયોજન છે. તે પૈકી ૩૨ કામો રૂ।.૧૩૯૫.૧૬ કરોડના ચાલુ છે. અને બાકીના ૧૩ કામો રૂ।.૩૭૮.૩૫ કરોડના આયોજન હેઠળ છે. |

---------

**કે.જી.બેઝિનમાં ઓઇલ ગેસ મેળવવા અંગે ડી. જી. હાઇડ્રો કાર્બનનું સર્ટીફીકેટ**

૨૪૯૯૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કે. જી. બેઝિનમાં ઓઇલ ગેસ મેળવવા અંગે ડાયરેકટર જનરલ ઓફ હાઇડ્રોકાર્બન (ડી. જી. હાઇડ્રો કાર્બન) મારફત કેટલા ટ્રીલીયન કયુબીકફીટ(ટી. સી. એફ.) નું સર્ટીફીકેટ છેલ્લા ત્રણ વર્ષમાં કયારે મળેલ છે ? | કે. જી. ઓએસએન–૨૦૦૧/૩ બ્લોકના ગેસ સંગ્રહની બાબત ૨૦૦૫ની ડીસ્કવરીના સંદર્ભમાં જોવાની રહે છે. જી.એસ.પી.સી. ને કે. જી. ઓએસએન–૨૦૦૧/૩ બ્લોકમાં જુન–૨૦૦૫ માં ગેસ મળ્યો.<br>કે. જી. બેઝીનના હાલ જીએસપીસી હસ્તકના કુલ લગભગ ૫૩૦.૫ ચો. કિ.મી. ના વિસ્તાર પૈકી માત્ર ૧૭ ચો. કિ.મી. ના વિસ્તારમાં ૧.૯૫ ટ્રીલીયન કયુબીક ફીટ (ટીસીએફ) ના ગેસના વિકાસ માટે ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાન (ડી. ડી. વેસ્ટ ભાગનો) ને ડાયરેકટર જનરલ હાઇડ્રોકાર્બન એ નવેમ્બર ૨૦૦૯ માં મંજૂરી આપેલ છે.<br>વિશેષમાં ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય રીઝર્વોયર ઓડીટ સંસ્થાઓ/ટેકનિકલ સંસ્થાઓ ગેફની કલાઇન એસોસિએટસ,, પેટ્રોટેલ અને સ્લમબરજરએ સમગ્ર કે. જી. બેઝીનમાં નોંધપાત્ર ગેસની શકયતાઓનો નિર્દેશ કરેલ છે. |

---------

**નર્મદા યોજના અંતર્ગત અમરાવપુરા શાખા નહેરોના કામો**

૨૪૪૨૯ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત અમરાવપુરા શાખા નહેરના કામો તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કયા તબકકામાં છે, અને | (૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ અમરાપુરા શાખા નહેરની કુલ લંબાઇ ૫૫.૩૧ કી.મી. પૈકી ૫૪.૦૦ કી.મી.ની લંબાઇમાં માટીકામ પૂર્ણ થયેલ છે અને ૧૬.૩૨ કી.મી.ની લંબાઇમાં અસ્તરકામ પૂર્ણ થયેલ છે. બાકી રહેલ કામો પ્રગતિમાં છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં અમરાપુરા શાખા નહેરના કામો પાછળ રૂ।.૫.૮૭ કરોડનો ખર્ચ થયેલ છે. |

---------

### જામનગર જિલ્લામાં કાયમી બંધ થયેલા (પી.ડી.સી.) ખેતી વિષયક વીજ જોડાણ માટેની અરજીઓ

૨૫૧૪૨ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડિયા, ધ્રોલ–કાલાવાડ અને જામનગર તાલુકામાં કાયમી બંધ થયેલા (પી.ડી.સી.) ખેતી વિષયક વીજ જોડાણો ચાલુ કરવાની અરજીઓ સન ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલી મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં તા. ૩૧મી ડીસેમ્બર ૨૦૧૧ની સ્થિતિએ પુનઃ જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) બાકીની અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) (૨) અને (૩) જામનગર જિલ્લાના જોડિયા, ધ્રોલ–કાલાવાડ અને જામનગર તાલુકામાં કાયમી બંધ થયેલા (પી.ડી.સી.) ખેતી વિષયક વીજ જોડાણો ચાલુ કરવાની મળેલ અરજીઓ અને આપવામાં આવેલ પુનઃજોડાણની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ | | આપવામાં આવેલ પુનઃ વીજ જોડાણ |
|---|---|---|---|
| | ૨૦૧૦ | ૨૦૧૧ | |
| જોડીયા | ૦ | ૮ | ૫ |
| ધ્રોલ | ૧૩ | ૪૪ | ૩૧ |
| કાલાવાડ | ૧૦ | ૭૯ | ૪૩ |
| જામનગર | ૧ | ૧ | ૨ |

બાકી રહેલા અરજદારોને બનતી ત્વરાએ પુનઃ વીજ જોડાણ કરી આપવામાં આવશે.

---------

### ભાવનગર જિલ્લામાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો

૨૪૪૩૫ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ – **૧૩૫** કામો.

(૨) કુલ ` **૮૧૦.૫૧** લાખ.

---------

### ગૌણ સેવા પસંદગી મંડળ સમક્ષ રહેમરાહે નોકરીની પડતર દરખાસ્તો

૨૫૩૭૬ **શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(ધોરાજી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગૌણ સેવા પસંદગી મંડળ પાસે રહેમરાહે નોકરી મેળવવા માટે મોકલાયેલી દરખાસ્તો પૈકી તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, અને

(૨) જો હા, તો આ પડતર દરખાસ્તોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૨ (બે).

(૨) આ બન્ને દરખાસ્તોનો મંડળ દ્વારા નિકાલ થઈ ગયેલ છે.

---------

### આણંદ જિલ્લામાં ખાણ–ખનીજ વિભાગ દ્વારા દરોડા

૨૫૦૪૮ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આણંદ જિલ્લામાં ખાણ ખનીજ વિભાગ દ્વારા કેટલી તપાસ કે દરોડા પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **તપાસ તથા દરોડાની સંખ્યા** |
|---|---|
| આણંદ | ૮૮ |
| આંકલાવ | ૩૫ |
| બોરસદ | ૨૨ |
| પેટલાદ | ૨૮ |

| | |
|---|---|
| તારાપુર | ૨૧ |
| ઉમરેઠ | ૧૫ |
| ખંભાત | ૩ |
| સોજીત્રા | ૦ |

(૨) તે પૈકી કેટલી વ્યકિત પાસે કેટલી રકમ કયા કયા કારણસર દંડ પેટે વસુલ કરવામાં આવી, અને

(૨) તે પૈકી ૨૦૫ વ્યકિત પાસે ` ૫૬,૨૭,૮૦૩/- ગેરકાયદે સંગ્રહ, વહન અને ખોદકામ ના કારણોસર દંડ પેટે વસૂલ કરવામાં આવી.

(૩) ભવિષ્યમાં ખનીજ ચોરી અટકાવવા માટે કોઈ ખાસ આયોજન છે કે કેમ?

(૩)
- સમયાંતરે તથા ફરીયાદ મળ્યેથી કામગીરી કરવાનું આયોજન રાખેલ છે.
- ટાસ્ક ફોર્સ અને જિલ્લા ગ્રીવાન્સ રીડ્રેસલ કમીટીની રચના કરવામાં આવેલ છે તથા મુખ્ય કચેરી, ગાંધીનગર ખાતે કંટ્રોલ રૂમમાં ઓટોમેટીક વોઈસ રેકોર્ડીંગ સીસ્ટમ દ્વારા કે મેન્યુઅલ અરજદારની ફોન પર ફરીયાદ લેવામાં આવે છે અને તે અન્વયે ચેકીંગ કરાવવામાં આવે છે.

---------

**ગૌણ સેવા પસંદગી મંડળ સમક્ષ રહેમરાહે નોકરીની પડતર દરખાસ્તો**

૨૫૩૭૮ **શ્રી માનસિંહ કો. ચૌહાણ( બાલાસિનોર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગૌણ સેવા પસંદગી મંડળ પાસે રહેમરાહે નોકરી મેળવવા માટે મોકલાયેલી દરખાસ્તો પૈકી તા.૧-૧-૨૦૧૨ની સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, અને

(૨) જો હા, તો આ પડતર દરખાસ્તોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૨ (બે).

(૨) આ બન્ને દરખાસ્તોનો મંડળ દ્વારા નિકાલ થઈ ગયેલ છે.

---------

**ડાંગ જિલ્લામાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામ**

૨૪૪૪૬ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ - ૨ કામો.

(૨) કુલ ` ૧૭૮.૫૨ લાખ.

---------

**દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર ચલાવવામાં આવતા ખાનગી વાહનો**

૨૪૩૦૩ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં દાહોદ શહેરમાં અને જિલ્લામાં ગેરકાયદેસર રીતે ખાનગી વાહનોમાં વધુ મુસાફરો ભરી આવ જા કરતા કેટલા વાહનો પકડવામાં આવ્યા,

(૨) તેમની પાસેથી કેટલી દંડની રકમ વસુલ કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં દાહોદ શહેર વિસ્તારમાં ૧૦૯૭ વાહનો અને જિલ્લામાં ૨૯૬૮ વાહનો વધુ મુસાફરો ભરીને આવ જા કરતા પકડવામાં આવેલ.

(૨) દાહોદ શહેર વિસ્તારમાંથી પકડવામાં આવેલ વાહનોના કિસ્સામાં ` ૨૧,૧૯,૭૯૩ અને જિલ્લામાંથી પકડવામાં આવેલ વાહનોના કિસ્સામાં ` ૩૭,૧૦,૦૪૨ એમ

મળી કુલ ` ૫૮,૨૯,૮૩૫ની રકમ દંડ પેટે વસુલ કરવામાં આવી

(૩) આ રીતે ગેરકાયદેસર મુસાફરોને લઈ જતા ખાનગી વાહનો સામે સરકાર સખ્તાઈથી પગલાં ભરવા માંગે છે કે કેમ?

(૩) ગેરકાયદેસર રીતે મુસાફરોને લઈ જતા વાહનો સામે નિયમો મુજબના કાયદેસરના પગલાં લેવામાં આવે છે.

---------

**રાજ્યમાંથી મળતું કાર્બોસેલ ખનીજ**

૨૪૩૨૪ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કાર્બોસેલ ખનીજ રાજ્યમાંથી કયા કયા જિલ્લામાંથી મળી આવેલ છે.

(૨) ઉક્ત ખનીજને કેવા પ્રકારનું ખનીજ ગણવામાં આવે છે તે રાજ્ય સરકારે ક્યારે જાહેર કર્યું અને કાર્બોસેલ ખનીજ કેટલી ઉંડાઈએથી મળી આવે છે?

**જવાબ**

(૧) તા.૩૦-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કાર્બોસેલ ખનીજ રાજ્યમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાંથી મળી આવેલ છે, અને

(૨) આ ખનિજ સબબીટુમીનસ કોલ હોવાથી મુખ્ય ખનિજની કક્ષામાં ગણાય પરંતુ તારીખ ૩-૪-૧૯૯૩ થી ગૌણ ખનિજની કવોરીલીઝ આપવાનું ઠરાવવામાં આવેલ છે. આ ખનિજ ૫.૪૯ મીટર થી ૨૩.૭૭ મીટરની ઉંડાઈએ થી મળી આવે છે.

---------

**રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પૂર્ણ કરવામાં આવેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો**

૨૪૪૪૫ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ ૫ કામો.

(૨) કુલ ` ૫૭૧.૮૮ લાખ.

---------

**ટાટા કંપનીની નેનો કાર એકમ દ્વારા લાભોમાં શરતભંગ**

૨૫૩૫૧ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટાટા કંપનીને નેનો કાર માટે આપવામાં આવેલા લાભોના સંદર્ભમાં મૂકવામાં આવેલી શરતનો ભંગ થઈ રહયો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ કઈ શરતોના ભંગ કરવામાં આવ્યો છે, અને

(૩) સરકારે તે અન્વયે શાં પગલાં લીધાં છે?

**જવાબ**

(૧) શરતભંગની આવી કોઈ બાબત ધ્યાનમાં આવી નથી.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબોને મફત વીજ જોડાણો**

૨૫૫૮૮ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા(ગ્રામ્ય)): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિના મૂલ્યે વીજળીના જોડાણો આપવામાં આવેલ છે?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા વડોદરા જિલ્લાના ૩૨૩૫ કુટુંબોને વિના મૂલ્યે વીજળીના જોડાણો આપવામાં આવેલ છે, આ ઉપરાંત રાજ્ય સરકારની

ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ૨૨૮ કુટુંબોને વિના મૂલ્યે વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

**સરકારી કાર્યક્રમોના પ્રચાર માટે માહિતી ખાતા તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો**

૨૫૯૪૬ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા(ગ્રામ્ય)): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની યોજનાઓ અને રાષ્ટ્રીય કાર્યક્રમોના પ્રચાર અર્થે માહિતી ખાતા તરફથી દરેક જિલ્લામાં તાલુકા મથકો અને ગામોમાં કલાકારોના કાર્યક્રમો યોજવામાં આવે છે જે અંતર્ગત તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કયા કયા સ્થળો પર કયા કયા કલાકારોના કાર્યક્રમો યોજવામાં આવ્યા અને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી હતી, અને | (૧) રાજ્યની યોજનાઓ અને રાષ્ટ્રિય કાર્યક્રમોના પ્રચાર અર્થે માહિતી ખાતા તરફથી તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સામેલ રાખેલ *યાદી મુજબના ૨૮૧ સ્થળોએ ૧૩૬ કલાકારોના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા અને કુલ રૂ઼ા. ૯,૬૩,૮૦૦/– ની રકમ ચૂકવવામાં આવી હતી. |
| (૨) યોજાયેલા કાર્યક્રમોનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો ? | (૨) યોજાયેલા કાર્યક્રમોનો ૧,૬૪,૨૫૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. |

(*પત્રકની યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**અમદાવાદ શહેરમાં નકલી પોલીસ ધ્વારા દાગીના ઉતારી લેવાના બનાવો**

૨૪૯૬૫ **શ્રી સાબીરભાઇ અ. ખેડાવાલા(જમાલપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૧માં અમદાવાદ શહેરમાં વૃધ્ધાઓનાં દાગીના નકલી પોલીસ દ્વારા ઉતરાવી લેવાનાં કેટલા બનાવો બન્યા, | (૧) ૫૫ |
| (૨) તે પૈકી કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી, અને | (૨) ૭૫ |
| (૩) આવી ઘટનાઓ ન બને તે માટે સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૩) આવા બનાવો અટકાવવા માટે અસરગ્રસ્ત વિસ્તારમાં વધુ અસરકારક પોલીસ પેટ્રોલીંગ રાખવામાં આવે છે તેમજ આવા ગુના કરતા આરોપીઓ વૃધ્ધાઓને નિશાન બનાવતા હોય તેઓને ચેતતા રહેવા ટીવી ચેનલો, સમાચાર પત્રોમાં જાહેરાતો આપી તેમજ જાહેર જગ્યાઓએ બેનરો મૂકી પત્રિકાઓ વહેંચી બહોળો પ્રચાર કરવામાં આવે છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનોનાં કામો**

૨૪૧૯૧ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૩૦ કામો |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ઼ા. ૧૯૧.૪૫ લાખ |

---------

**ગૌણ સેવા પસંદગી મંડળમાં સમગ્ર રહેમરાહે નોકરીની પડતર દરખાસ્તો**

૨૫૩૭૫ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગૌણ સેવા પસંદગી મંડળ પાસે રહેમરાહે નોકરી મેળવવા માટે મોકલાયેલી દરખાસ્તો પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, અને | (૧) ૨ (બે) |
| (૨) જો હા, તો આ પડતર દરખાસ્તોનો નિકાલ કેટલાં સમયમાં કરવામાં આવશે ? | (૨) આ બન્ને દરખાસ્તોનો મંડળ દ્વારા નિકાલ થઈ ગયેલ છે. |

---------

**સુક્ષ્મ સિંચાઈ પધ્ધતિ હેઠળ હેક્ટર દીઠ થતો ખર્ચ**

૨૪૪૩૩ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નર્મદા યોજના અંતર્ગત સુક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ટપક અને ફુવારા પધ્ધતિમાં એક હેક્ટર દીઠ કેટલો ખર્ચ આવે છે ? | નર્મદા યોજના અંતર્ગત સુક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ટપક પધ્ધતિમાં સરેરાશ એક હેક્ટરે રૂ઼ા. ૮૨૫૨૩ અને ફુવારા પધ્ધતિમાં સરેરાશ એક હેક્ટરે રૂ઼ા. ૧૯૫૦૫ નો ખર્ચ આવે છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ અન્વયે મળેલ અરજીઓ**

૨૪૩૮૮ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ આપવાની જાહેરાત ક્યારે કરી, | (૧) રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ આપવાની જાહેરાત જાન્યુઆરી ૨૦૧૧માં કરી. |
| (૨) આ યોજના અન્વયે પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તત્કાલ વીજ જોડાણ માટે કેટલી અરજીઓ મળી, | (૨) તત્કાલ યોજના અન્વયે પંચમહાલ જિલ્લામાં ૨૧૬૫ અરજીઓ મળેલ છે. |
| (૩) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૩) ૩૪૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જે પૈકી નાણાં ભરપાઈ થયેલ ૩૨૦ અરજીઓમાંથી ૨૬૮ને વીજ જોડાણ આપવામાં આવેલ છે. ૩૯ અરજદારોને ટેસ્ટ રીપોર્ટ રજુ થયેથી વીજ જોડાણ આપવામાં આવશે. જ્યારે બાકીના ૩૫ અરજદારોના કામો પ્રગતિમાં છે. |
| (૪) આ વીજ જોડાણ માટે ખેડૂતોને કેટલા વધારાના રૂપિયા ભરવા પડ્યાં ? | (૪) તત્કાલ વિજ જોડાણ યોજના એ સ્વૈચ્છિક યોજના છે. આ યોજનામાં વિજ જોડાણ મેળવવા ઈચ્છતા અરજદારે તત્કાલ યોજનામાં નક્કી કરવામાં આવેલ ધારા ધોરણ મુજબ જ રકમ ભરવાની થાય છે. વધારાની કોઈ રકમ ભરવાની થયેલ નથી. |

---------

**નવસારી જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત**

૨૪૪૩૭ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) ( ગણદેવી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિન રહેણાંકના મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને | (૧) ૭૦ રહેણાંક અને ૦૫ બિન રહેણાંકના મકાનો |

| | |
|---|---|
| (૨) આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂા. ૩૪.૭૬ લાખ |

---------

**ગૌણ સેવા પસંદગી મંડળ સમક્ષ રહેમરાહે નોકરીની દરખાસ્તો**

* ૨૫૩૭૭ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગૌણ સેવા પસંદગી મંડળ પાસે રહેમરાહે નોકરી મેળવવા માટે મોકલાયેલી દરખાસ્તો પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, અને | (૧) ૨ (બે) |
| (૨) આ પડતર દરખાસ્તોનો નિકાલ કેટલાં સમયમાં કરવામાં આવશે ? | (૨) આ બન્ને દરખાસ્તોનો મંડળ દ્વારા નિકાલ થઈ ગયેલ છે. |

---------

**ગૌણ સેવા પસંદગી મંડળમાં સમગ્ર રહેમરાહે નોકરીની પડતર દરખાસ્તો**

૨૫૩૭૧ **શ્રી સિદ્ધાર્થભાઇ ચી. પટેલ( ડભોઇ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગૌણ સેવા પસંદગી મંડળ પાસે રહેમરાહે નોકરી મેળવવા માટે મોકલાયેલી દરખાસ્તો પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, અને | (૧) ૨ (બે) |
| (૨) જો હા, તો આ પડતર દરખાસ્તોનો નિકાલ કેટલાં સમયમાં કરવામાં આવશે ? | (૨) આ બન્ને દરખાસ્તોનો મંડળ દ્વારા નિકાલ થઈ ગયેલ છે. |

---------

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રીઃ** મારે એક અગત્યની જાહેરાત કરવાની છે, પ્લીઝ, અંદરોઅંદર ચર્ચા ના કરો પ્લીઝ, અર્જુનભાઇ પ્લીઝ, મારે એક અગત્યની જાહેરાત કરવી છે. પ્લીઝ, પ્લીઝ, ગઇકાલે દિવંગત મહાનુભાવોના શોકદર્શક ઉલ્લેખ વખતે માનનીય સભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલે ખેડબ્રહ્મા મત વિસ્તારના પૂર્વ ધારાસભ્યશ્રી માલદેવજીભાઇ ડાભીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવા ગૃહમાં ચિઠ્ઠી લખીને મારું ધ્યાન દોર્યું હતું અને શોકદર્શક ઉલ્લેખો દરમ્યાન આ બાબતનો ઉલ્લેખ પણ કર્યો હતો, આ બાબતમાં મારે સૌ સભ્યશ્રીઓના ધ્યાન પર લાવવાનું કે જ્યારે પણ આ સન્માનનીય ગૃહના કોઈ સભ્યના અવસાનના સમાચાર મળે છે ત્યારે વિધાનસભા સચિવાલય દ્વારા તેની અધિકૃતતાની ખાતરી કરવામાં આવતી હોય છે અને ત્યારબાદ જ તે અંગેનો શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવતો હોય છે. શોકદર્શક ઉલ્લેખ કરવા માટેની આ એક પ્રસ્થાપિત પ્રણાલિકા છે. ભૂતકાળમાં પણ સત્ર ચાલુ હોય ત્યારે આ રીતે સમાચાર મળતા તેની ખાતરી અને ચકાસણી કરાવ્યા બાદ જ સત્રમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે આમ શ્રી કોટવાલે સભ્યશ્રી માલદેવજીભાઇ ડાભીના અવસાન અંગે જે ઉલ્લેખ કર્યો હતો તે પ્રસ્થાપિત કાર્ય પદ્ધતિ સાથે સુસંગત ના હોઈ ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે અને યોગ્ય સમયે સભ્યશ્રીના અવસાનનો શોકદર્શક ઉલ્લેખ વર્તમાન સત્રમાં તમામ માહિતી સાથે સંપૂર્ણ વિગત આવશે ત્યારબાદ સન્માનપૂર્વક કરવામાં આવશે સૌ સભ્યશ્રીઓને આ બાબતે ભવિષ્યમાં ધ્યાન રાખવા માટે મારી નમ્ર વિનંતી છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**દિલીપભાઇ ન. સંઘાણી** ઃ (માનનીય સંસદિય બાબતોના મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના સત્ર દરમ્યાન સભ્યશ્રીઓના અધિકારો બાબતે સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું. જેમાં વિધાનસભાના નિયમોના નિયમ–૯૨માં જણાવ્યું છે કે તારાંકિત પ્રશ્નોત્તરી દરમ્યાન કોઇ પૂરક માહિતી મેળવવાની સભ્યશ્રીને જરૂરિયાત ઉપસ્થિત થાય તો સોમવાર અને બુધવારે હાઉસ પૂરું થયાં પછી અરધા કલાકની ચર્ચા કરવા દેવામાં આવશે આજે પ્રશ્ન નંબર–૭માં જે પ્રશ્ન ઉપસ્થિત થયો એમાં મંત્રીશ્રી જવાબ આપે ત્યારે શાંતિથી સાંભળવું જોઇએ અને આમ છતાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો નિયમ–૯૨માં સ્પષ્ટપણે સભ્યશ્રીનો અધિકાર છે તો એ બાબતમાં સભ્યશ્રી માહિતી વિષયક ચર્ચા માગી શકે છે આમ છતાં પણ, સમગ્ર કોંગ્રેસપક્ષે સામૂહિક રીતે સૂત્રોચ્ચાર કરીને મંત્રીના જવાબનો વિરોધ વ્યક્ત કરીને ખલેલ પહોંચાડી છે જેથી આપના દ્વારા સમગ્ર કોંગ્રેસપક્ષને આ બાબતમાં સૂચના આપવામાં આવે કે ભવિષ્યમાં કાળજી રાખે અને આ નિયમનો ભંગ ના કરે, હાઉસ નિયમોથી ચાલે સૂત્રોચ્ચારથી ના ચાલે એવી કડક સૂચના આપવામાં આવે એવી મારી માગણી છે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** (વિરોધપક્ષના નેતા) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એમાં પ્રશ્નોત્તરીનો કાળ એ અમારા સૌના માટે અત્યંત મહત્વનો અને ગંભીર કાળ છે. છેલ્લા કેટલાક સમયથી જે રીતે ચાલે છે ભૂતકાળની પરંપરા માનનીય અધ્યક્ષશ્રીએ મંત્રીશ્રીઓને પણ વારંવાર ટોકીને કહ્યું છે કે સવાલને સમજો ના હોય તો માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું છે કે રિપિટ કરીને પૂછો અને જવાબ હા અથવા ના માં આપો માગણી પરની ચર્ચાના જવાબમાં લાંબુ ભાષણ કરજો ચાલશે લાંબુ ભાષણ પ્રશ્નોત્તરીમાં ના હોઇ શકે માનનીય મંત્રીશ્રીની વાત સાથે હું સહમત છું પ્રશ્નોત્તરીનો કાળ બન્ને પક્ષો માટે મહત્વનો છે. પરંતુ જયારે પૂર્વ માનનીય અધ્યક્ષશ્રીઓના, આજે બજેટ છે અને સમય બચાવવા માટે આપને હું એક લિસ્ટ જે જે ભૂતકાળના જજમેન્ટ છે તેનું મોકલી આપીશ. મંત્રીશ્રીની જવાબદારી છે પૂરક માહિતી માગી હોય એટલી જ આપવાની અને જો હા કે નાથી જવાબ પતતો હોય તો એક લીટી પણ નહીં બોલવી મંત્રીશ્રીઓએ જવાબ આપતી વખતે કાળજી લેવાની એટલું જ નહીં લાંબુ લિસ્ટ હોય ત્યારે સભ્ય ગમે તે લાંબો પ્રશ્ન પૂછે અધ્યક્ષશ્રીએ કહ્યું છે સભ્યએ પૂછયું છે એટલે તેનો જવાબ આપું છું તેમ ના હોય, તેમને લેખિત મેજ ઉપર મૂકવા માટે કહેવું જોઇએ કે આ હું મેજ ઉપર પૂરું પાડીશ. એક જ તાલુકાના આજની જ પ્રશ્નોત્તરીમાં કીટની કેટલી કેટલી વ્યવસ્થાનું લાંબુ લચ પ્રવચન પાંચ મિનિટ સુધી ચાલ્યું તે આ ગૃહનો સમય બગડે છે, બન્ને પક્ષના સભ્યોનો સમય બગડે છે. હું આપની ચિંતા સાથે સહમત છું આપ માત્ર આ પક્ષે નહીં અને જયારે વિરોધપક્ષમાં ગણગણાટ, ચચળાટ કે સૂત્રોચ્ચારની નોબત શા માટે આવે છે કયારેય આત્મસંશોધન કર્યુ છે આપણે ? માનનીય અધ્યક્ષશ્રી, આપનો આદેશ હોય તે આદેશનું પાલન કરવા માટે આ ગૃહના તમામ સભ્યો બંધાયેલા છે. આપે વારંવાર કહ્યું ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીઓએ કહ્યું કે પ્રશ્નોત્તરી દરમિયાન પ્રસંશાના પુષ્પો કે અભિનંદન ના આપી શકાય. સભ્ય આપે પાછાં મંત્રી તેમના પ્રવચનમાં આપે અને પ્રશ્નોત્તરીનો કાળ લંબાય શું આ વાજબી પ્રથા પાડવા આપણે જઇ રહ્યાં છીએ, શું આ પરંપરાઓનું પાલન કરીએ છીએ ? અને તેમ છતાં માનનીય અધ્યક્ષશ્રી, હું કહું છું કે મારા પક્ષે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન કયારેય ઉત્તેજના આવી હોય તો તેનું કારણ આપ તપાસજો. અને તેમ છતાં જો આપને લાગે માનનીય અધ્યક્ષશ્રી, કે મારા પક્ષે ઉત્તેજના ઇરાદાપૂર્વક થઇ હતી પ્રશ્નોત્તરીમાં તો આપ કહેજો, આ ગૃહની માફી માગતા પણ હું નહીં અચકાઉં. પરંતુ ઉશ્કેરણી કરવા માટેનું એક સુયોજિત પ્રયોજન થાય સરકાર પક્ષે લેખિત પ્રશ્નો મોકલીને સરકાર પક્ષે અમારા પ્રશ્નોત્તરીકાળ ઉપર તરાપ મરાતી હોય ત્યારે આપના તરફથી રક્ષણ હું ઇચ્છું છું. હું માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલિપભાઇનો આપના મારફતે આભાર માનું છું કે તેમણે ગૃહને પ્રશ્નોત્તરીના કાળની ચિંતા માટેનો અને મારી આ વાત મૂકવા માટેનો મોકો આપ્યો છે તે માટે આપના મારફતે હું તેમનો આભાર માનું છું.

**અધ્યક્ષશ્રીઃ** માનનીય સંસદીય મંત્રીશ્રી દિલિપભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવ્યો છે અને શક્તિસિંહભાઇએ પણ એમની વાત રજૂ કરી છે ત્યારે સમગ્ર ગૃહનું મારે ધ્યાન દોરવું છે કે પ્રશ્નોત્તરીનો કાળ તમામ સભ્યો માટે અગત્યનો છે, પૂરક પ્રશ્નો પૂછતી વખતે અભિનંદન, આવકાર, વિશેષણો કે ટીકાઓ વગેરે શબ્દોના ઉલ્લેખ કરવામાં આવે છે. આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે સંસદીય કાર્યરીતિમાં પ્રશ્નકાળ તે એક ખૂબ જ જીવંતકાળ છે અને તે દરમિયાન સભ્યો પોતાના મત વિસ્તારના પ્રશ્નોને વાચા આપીને પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર કરવાની સાથે સાથે સરકારની કામગીરીથી પ્રજાને વાકેફ કરવાની પણ ફરજો બજાવે છે ગૃહના દરેક સભ્યનો આ સંસદીય ધર્મ છે અને તેથી જ પ્રશ્નકાળ આપણા સૌના માટે અગત્યનો છે. પ્રશ્નકાળની અગત્યતાને ધ્યાને રાખીને મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આ કાળ દરમિયાન પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો નહીં તેવા ધોરણો પણ પ્રસ્થાપિત કર્યા છે. જેથી આ કાળનો મહત્તમ સદ્ઉપયોગ થઇ શકે વિધાનસભાના નિયમ ૭૮(૪)થી પણ ઠરાવાયું છે. છેલ્લા કેટલાક લાંબો સમયથી આપણે જોઇએ છીએ કે પ્રશ્ન પૂછનાર પણ પ્રશ્ન ખૂબ લંબાણથી પૂછતા હોય છે અને જવાબ આપનારના જવાબ પણ લંબાણથી અપાતા હોય છે ત્યારે અન્ય સભ્યશ્રીઓના પ્રશ્નો રહી જતા હોય છે તેથી આપણે આ કાળનો સદ્ઉપયોગ કરવો જોઇએ, જયારે પ્રશ્ન સભ્યશ્રીઓ તરફથી પૂછવામાં આવે છે ત્યારે મંત્રીશ્રીઓ જવાબ આપતા હોય છે તો મંત્રીશ્રીનો જવાબ સાંભળવાની પણ સભ્યશ્રીઓની ફરજ બને છે. નિયમોની જોગવાઇ અનુસાર મંત્રીશ્રીને હું ફરજ પાડી શકતો નથી કે આવો જ જવાબ આપે. એમાં સભ્યશ્રીઓનો પણ અધિકાર છે કે જવાબથી એમને સંતોષ ના થાય તો વિધાનસભાના નિયમો અનુસાર કાર્યવાહી માનનીય સભ્યશ્રીઓ કરી શકે છે. તો આ બન્ને બાબતોમાં બન્ને પક્ષ તરફથી ભવિષ્યમાં ધ્યાનમાં રાખવામાં આવે એવી મારી વિનંતી છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**શ્રી નરોત્તમભાઇ પટેલ (ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી)** ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૨-૧૩ના વર્ષનું અંદાજપત્ર તેમજ સન ૨૦૧૧-૧૨ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર તથા સન ૨૦૧૦-૨૦૧૧ ના વાર્ષિક હિસાબો અને તે ઉપરની ઓડિટ રિમાર્કસ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અંદાજપત્ર, હિસાબો અને ઓડિટ રિમાર્કસ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

**શ્રી દિલીપભાઇ સંઘાણી (પશુપાલન મંત્રી)** ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેંટા અને ઉન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૦૮-૨૦૦૯ અને સન ૨૦૦૯-૨૦૧૦ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રી રણજીતભાઇ ગીલીટવાલા (રાજય કક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રી)**ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રી)** ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ

અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, ટિપ્પણ, તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી) ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**શ્રી વજુભાઇ વાળા (નાણામંત્રી)ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવિર્દ્યત વેરા અધિનિયમ અન્વયેની તા. ૧–૧૨–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક–(જીએચએન–૪૧) વીએઆર–૨૦૧૧–(૩૨)–ઠ ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી વજુભાઇ વાળા (નાણામંત્રી) ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગની સન ૧૯૫૮ની મુંબઇ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની

(૧) તા. ૮–૩–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક ઃ પીટી–૧૪–૨૦૧૧–એમટીએ.–૧૧૨૦૧૦–૧૬૫–ખ

(૨) તા. ૨૧–૪–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક ઃ પીટી–૨૦૧૧–૨૬–એમટીએ.–૧૧૨૦૧૧–૮૩૬–ખ

(૩) તા. ૩૦–૮–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ પીટી––૨૦૧૧–૫૪–એમટીએ.–૧૧૨૦૧૧–એમ–૧૦૪–ખને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રી)ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ અન્વયેની

(૧) તા. ૨૯–૧–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૦૧–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૦૯–૩૮૯૩–એસ

(૨) તા. ૧૯–૩–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૦૭–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૦૯–૩૮૯૩–એસ

(૩) તા. ૨૦–૪–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૧૨–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૦૮–૧૩૧૭–એસ

(૪) તા. ૩–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૧૩–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૦૮–૧૩૧૭–એસ

(૫) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૧૪–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૬) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૧૫–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૭) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૧૬–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૮) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૧૭–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૯) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૧૮–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૧૦) તા. ૧૬–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૧૯–૨૦૧૧–એમબીએ–૧૦૨૦૦૮–૬૩૩–એસ

(૧૧) તા.૩૦–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૨૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૬–એસ

(૧૨) તા.૩૦–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૨૨–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૬–એસ

(૧૩) તા. ૩–૬–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૨૩ પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૧૪) તા. ૩–૬–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૨૪–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૧૫) તા. ૨૧–૬–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૨૯–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૦–૫૪૩–એસ

(૧૬) તા. ૧૫–૭–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૩૨–૨૦૧૧– પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૧૭) તા. ૧૩–૯–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૪૯–૨૦૧૧– પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૧૮) તા. ૧૭–૯–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૫૦–૨૦૧૧ પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૧૯) તા.૧૦–૧૦–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૫૨–૨૦૧૧– પીવીએસ–૧૦૨૦૧૧–૧૩૧૩–એસ

(૨૦) તા.૧૦–૧૦–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૫૩–૨૦૧૧– પીવીએસ–૧૦૨૦૧૧–૧૩૧૩–એસ

(૨૧) તા.૧૦–૧૦–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૫૪–૨૦૧૧– પીવીએસ–૧૦૨૦૧૧–૧૩૧૩–એસ

(૨૨) તા.૧૮–૧૦–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૫૭–૨૦૧૧– પીઆરસી–૧૦૨૦૧૧–૧૩૫૮–એસ

(૨૩) તા. ૩–૮–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૩૯–૨૦૧૧– પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૨૪) તા. ૫–૮–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૪૦–પીવીએસ–૧૦૨૦૦૯–૩૩૫–એસ

(૨૫) તા. ૬–૮–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક જીએચ–એસએચ–૪૫–૨૦૧૧– પીવીએસ–૧૦૨૦૦૯–૫૫૩–એસ

ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો

**સચિવશ્રીઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી વિધાનસભાના પાંચમા સત્રમાં પુનઃ વિચારણા કરી પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૪ અને નવમાં સત્રમાં પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળેલ છે તેવાં સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક–૯, ૨૭, ૩૯ અને ૪૦ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત

શ્રી વજુભાઇ વાળા (નાણા મંત્રીશ્રી) ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૯૬–૯૭, ૧૯૯૭–૯૮ અને ૧૯૯૮–૯૯ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવાની રજા લઉં છું.

વર્ષ ૧૯૯૬–૯૭, ૧૯૯૭–૯૮ અને ૧૯૯૮–૯૯ના વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવામાં આવ્યા.

ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા (નાણા મંત્રીશ્રી)** ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧–૧૨ ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

વર્ષ ૨૦૧૧–૧૨ના વર્ષના ખર્ચનું પૂરક પત્ર રજૂ કરવામાં આવ્યું.

# અંદાજપત્રની રજૂઆત

## સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત

**શ્રી વજુભાઇ વાળા (નાણા મંત્રીશ્રી) :** આદરણીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી હિન્દુસ્તાનની સદી કેવી રીતે બને તે જોવાની આપણા બધાની સામૂહિક જવાબદારી છે. એકવીસમી સદીના પ્રથમ દશકમાં રાષ્ટ્રના આ સપનાને સાકાર કરવા માટે ગુજરાતે સક્રિય યોગદાન આપી આ જવાબદારી નિભાવવાનો પ્રયાસ કર્યો છે. વિકાસ **સર્વજનહિતાય** હોય, વિકાસ **સર્વજનસુખાય** હોય, વિકાસ છેવાડાના માનવીને માટે **કલ્યાણકારી** હોય આ વાતને ચરિતાર્થ કરવાનો સરકારે સન્નિષ્ઠ પ્રયાસ કર્યો છે.

આજે જ્યારે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ૧૮મી વખત અંદાજપત્ર રજૂ કરવા જઈ રહ્યો છું, ત્યારે વ્યક્તિગત રીતે મને આનંદ થાય તે સ્વાભાવિક છે. પરંતુ તેનાથી પણ સવિશેષ આનંદ એ વાતનો છે કે ગુજરાતના વિકાસની દિશા, ગુજરાતે વિકાસના ક્ષેત્રે ભરેલી હરણફાળ, આજે સમગ્ર દેશમાં સર્વસ્વીકૃત બની છે. ગયા વર્ષે આપણે સ્વર્ણિમ જયંતી ઉજવી રહ્યા હતા. ૫૦ વર્ષના લેખાજોખા કરતા હતા ત્યારે એ વાત સ્પષ્ટ થતી હતી કે ગુજરાતના વિકાસનો આ દસકો સમગ્ર દેશના વિકાસ માટે પ્રાણવાન પુરવાર થયો છે.

જ્યાં સુધી કોઈપણ બાબતને સમગ્રતયા જોવાનું સામર્થ્ય ન આવે ત્યાં સુધી નાની મોટી દરેક વાત એકલદોકલ, છૂટીછવાઈ નજરે પડતી હોય છે અને તેમાંથી સમગ્રપણાનો ક્યાસ ન નીકળે એ સ્વાભાવિક છે. પરંતુ, આજે જ્યારે વીતેલા દસ વર્ષ તરફ જોઈએ ત્યારે વિકાસનું દરેક ડગલું સમગ્રતયાનો કેવો અતૂટ હિસ્સો હતો તે સમજી શકાય છે. જ્યોતિગ્રામ યોજના જ્યારે આવી, ત્યારે બહુ ઓછાને અંદાજ હોઈ શકે કે વિકાસની આ યાત્રા બ્રોડબેન્ડ કનેક્ટિવિટી સુધી જોડી જશે અને ટેકનોલોજીના માધ્યમથી રાજ્ય છેવાડાના માનવીની સુખસુવિધા માટે સેટેલાઈટના સર્વાંગી ઉપયોગની દિશામાં આગળ ધપશે.

૧૯૬૦ થી ૨૦૦૨ સુધીમાં જુદીજુદી સાત જેટલી પંચવર્ષીય યોજનામાં કુલ ` **૫૫,૩૯૮ કરોડ**ની રકમના આયોજનની સામે ` **૫૫,૫૩૪ કરોડ**ના વિકાસના કામો થયા. જ્યારે વિકાસના આ દસકામાં ૧૦મી અને ૧૧મી પંચવર્ષીય યોજનામાં કુલ ` **૧,૫૮,૧૧૧ કરોડ**ના આયોજનની સામે ` **૧,૭૭,૯૧૬ કરોડ**ના વિકાસના કામો હાથ ધરવામાં આવેલ છે. વીતેલા ૪૦ વર્ષમાં આ આયોજન અને તેના ખર્ચની સામે આ દસકામાં આયોજન અને ખર્ચની રકમમાં માતબર વધારો થયો છે. છેલ્લી બે પંચવર્ષીય યોજનામાં નક્કી કરેલ લક્ષ્યાંક કરતાં પણ રાજ્ય સરકારે વધારે સિદ્ધિ હાંસલ કરેલ છે.

એટલું જ નહીં, **આખો દસકો એવો રહ્યો કે જેમાં રાજ્યનો સરેરાશ વિકાસદર ૧૦ ટકા કરતાં વધારે** રહ્યો. તદુપરાંત, ગુજરાત જે દુષ્કાળગ્રસ્ત રાજ્ય કહેવાતું હતું, ત્યાં કૃષિ ક્ષેત્રે છેલ્લા દસકામાં **દેશના ૩.૩ ટકા કૃષિ વિકાસદર સામે ગુજરાતમાં કૃષિવિકાસ દર ૧૦.૮ ટકા** મેળવીને આપણે વિક્રમ સર્જ્યો. આવી સંગીન આર્થિક પૃષ્ઠભૂમિ પર આપણે ૨૦૧૨–૧૩નું વિકાસની હરણફાળ ભરનારૂ બજેટ રાજ્યની છ કરોડની જનતાના ચરણોમાં ધરવા જઈ રહ્યા છીએ.

લોકશાહીની ભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરવી હોય તો લોકભાગીદારીને પ્રાથમિકતા આપવી રહી. ગુજરાતની વિકાસયાત્રાનો આત્મા છે – **સૌનો સાથ સૌનો વિકાસ– પ્રત્યેક ગુજરાતીને એમ લાગે છે કે તે પોતે ગુજરાતનો ઘડવૈયો છે, પ્રત્યેક ગુજરાતીને એમ લાગે છે કે ગુજરાતના વિકાસમાં તેનો પોતાનો વિકાસ સમાયેલો છે.**

પ્રશાસનને સુશાસન બનાવવું હોય તો લોકશક્તિને જોડવી જ રહી. મારે ગૌરવ સાથે કહેવું છે કે સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાત સફળ રહ્યું છે અને લોકભાગીદારીએ આ સ્વપ્નને સાકાર કરી બતાવ્યું છે.

**સ્વામી વિવેકાનંદ**ના શબ્દોમાં કહું તો ......

**«આપણને જરૂર છે એ ઊર્જાની, એ સ્વાતંત્ર્યપ્રેમની, એ સ્વાવલંબનની વિભાવનાની, એ અડગ હિંમતની, એ કાર્યકુશળતાની..... એ એકસમાન ઉદ્દેશ્યોની અને તેનાથી પેદા થતા ઐક્યની. આપણને જરૂર છે વધુને વધુ બહેતર બનવાના પ્રયાસની, અનંત સુધી વિસ્તૃત દ્રષ્ટિની..... અને આપણે જરૂર છે, માથાથી પગ સુધી નસેનસમાં વહેતાં પ્રબળ કાર્યજુસ્સાની.»**

**નરેન્દ્રનાથ દત્તના વિચારો નરેન્દ્રભાઈ મોદી માટે પ્રેરક બન્યા છે,** અને તેના પરિપાકરૂપે આજે બધા જ ક્ષેત્રોમાં વિકાસ અને પ્રગતિ ઊડીને આંખે વળગે છે. તેનાથી પણ વધુ, સામાન્ય માનવીમાં, પ્રગતિ કરી શકાય, વિકાસ સાધી શકાય, મુશ્કેલીઓનો અંત આણી શકાય, તેવો આત્મવિશ્વાસ પ્રગટ્યો છે. અમારે મન **દરિદ્ર–નારાયણની સેવા એ જ રાષ્ટ્ર સેવાનો ઉત્તમ માર્ગ** છે.

ગુજરાતની પ્રગતિના મૂળમાં શાંતિ, એકતા અને ભાઈચારાની શક્તિ પડેલી છે, એ વાતનો અહેસાસ આપણે સૌ કરીએ છીએ. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીના **સદભાવના મિશન**માં સમગ્ર હિન્દુસ્તાને ગુજરાતની એ આગવી ઓળખના દર્શન કર્યા છે. અમારે મન દરેક બાબત કે દરેક કાર્યક્રમ વિકાસ તરફ દોરી જતાં હોય છે અને તેથી જ સદભાવના મિશન દરમ્યાન મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાના વિકાસને વેગ આપવાની વાત કરી હતી.

**રાજ્યની વાર્ષિક યોજના**

વિશ્વની આર્થિક મહાસત્તાઓ મંદીમાં સપડાયેલી છે. ભારત પણ અનેક આર્થિક વિટંબણાઓમાંથી પસાર થઈ રહ્યું છે. મોંઘવારી અને બેરોજગારીમાં પીસાતું ભારતનું અર્થકારણ ગુજરાતની વિકાસ યાત્રામાં અવરોધક બન્યું છે. આવી વિષમ પરિસ્થિતિમાં પણ ગુજરાતે અડગ રીતે વણથંભી વિકાસકૂચ જારી રાખી છે.

૧૨મી પંચવર્ષીય યોજનાના આ પ્રથમ વર્ષે ભૂતકાળ તરફ નજર કરવાનું ઉપયોગી થશે. ૧૯૬૦ થી ગુજરાતે સ્વતંત્ર રીતે તેની વિકાસ યાત્રા શરૂ કરી. અત્યાર સુધી કુલ નવ પંચવર્ષીય યોજનાઓમાં ગયા ૫૦ વર્ષમાં ગુજરાતમાં વિકાસને માટે કુલ ` **૨,૩૦,૦૦૦ કરોડ**નું આયોજન થયું. તેમાં ગત દસકાનું ` **૧,૫૮,૧૧૧ કરોડ**નું આયોજન સામેલ છે. ૫૦ વર્ષના આ હિસાબ સામે આગામી પાંચ વર્ષનું લક્ષ્ય વિકાસના અર્થકારણને જાણનાર પ્રત્યેક ગુજરાતીને ગૌરવ આપનારૂ અને વિકાસની યાત્રામાં ભાગીદાર બનવા માટેની નવી પ્રેરણા આપનારું બની રહેશે. મને આ સન્માનનીય સભાગૃહને જણાવતાં ગૌરવ થાય છે કે **૫૦ વર્ષના ` ૨,૩૦,૦૦૦ કરોડના આયોજન સામે ગુજરાતમાં આવનાર પાંચ વર્ષનું ` ૨,૫૧,૦૦૦ કરોડનું આયોજન** સમૃદ્ધ અને મજબૂત આર્થિક સ્થિતિનો જીવતો જાગતો પુરાવો છે.

વર્ષ ૨૦૧૨–૧૩ માટેની વાર્ષિક વિકાસ યોજનાનું કદ ` **૫૦૫૯૯ કરોડ**નું નિયત કરવામાં આવેલ છે, જેની સદરવાર ફાળવણી નીચે મુજબ છે.

| ક્રમ | સદર | જોગવાઈ (` કરોડમાં) |
|---|---|---|
| ૧ | કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ | ૩૦૭૫.૫૮ |

| | | |
|---|---|---|
| ૨ | ગ્રામિણ વિકાસ | ૧૪૭૯.૮૦ |
| ૩ | ખાસ વિસ્તાર કાર્યક્રમ | ૧૪૭.૧૦ |
| ૪ | સિંચાઈ અને પૂર નિયંત્રણ | ૧૧૭૦૦.૨૦ |
| ૫ | ઉર્જા | ૩૭૯૦.૩૬ |
| ૬ | ઉદ્યોગ અને ખનિજ | ૨૪૭૩.૫૭ |
| ૭ | પરિવહન (વાહન વ્યવહાર) | ૪૯૬૧.૪૬ |
| ૮ | સંદેશા વ્યવહાર | ૬૫૦.૩૫ |
| ૯ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી | ૪૦૧.૭૪ |
| ૧૦ | સામાન્ય આર્થિક સેવાઓ | ૧૫૨૭.૮૮ |
| ૧૧ | સામાજિક સેવાઓ | ૨૦૩૦૭.૭૫ |
| ૧૨ | સામાન્ય સેવાઓ | ૮૩.૨૧ |
| **કુલ** | | **૫૦૫૯૯.૦૦** |

વર્ષ ૨૦૧૨–૧૩ના ઉપરોક્ત આયોજનથી એ વાત સ્પષ્ટ થાય છે કે આપણે સર્વાંગીણ વિકાસને વરેલા છીએ. ગામડું હોય કે શહેર, ખેડૂત હોય, મહિલા હોય, યુવાનો હોય કે પછી દલિત, પીડિત, શોષિત સમાજ હોય કે આદિવાસી હોય– સમાજના સૌ વર્ગોને વિકાસની યાત્રામાં ભાગીદાર બનાવવા છે. આ દ્રષ્ટિથી આવું આયોજન કેટલું ઉપકારક બનશે અને વિકાસની બાબતે કેટલી મોટી હરણફાળ ભરી શકાશે, તેના સ્પષ્ટ દર્શન થાય છે. જે પૈકી, સૌપ્રથમ કૃષિ અને ખેડૂતો માટે આયોજન રજૂ કરું છું.

**કૃષિવિકાસ અને કિસાનકલ્યાણ**

ભારત કૃષિપ્રધાન દેશ છે. કૃષિ વિકાસક્ષેત્રે દેશ ધાર્યા પરિણામો મેળવી શક્યો નથી. પરંતુ, દેશના ત્રણ ટકા જેટલા કૃષિવિકાસ દર સામે **૧૦ વર્ષમાં ગુજરાતનો ૧૦ ટકા કરતાં વધારે કૃષિવિકાસ દર,** ગુજરાતના અર્થકારણની કરોડરજ્જુ સમાન પુરવાર થયો છે. એટલું જ નહીં, પરંતુ દેશના સમગ્ર વિકાસમાં પણ ગુજરાતના ખેડૂતોનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. કૃષિ મહોત્સવ જેવા અનેક નવતર પ્રયોગોને કારણે ગુજરાત સમગ્ર દેશમાં કૃષિ વિકાસક્ષેત્રે મોખરે રહ્યું છે.

ગુજરાતની ઓળખ એક વ્યાપારી રાજ્ય તરીકે હતી. સમયાંતરે ઔદ્યોગિક રાજ્યમાં આપણે પરિવર્તિત થયા. પરંતુ ગુજરાત કૃષિક્ષેત્રે નામ કાઢે એવું ભૂતકાળમાં કોઈએ કલ્પ્યું ન હતું. ગયા દસ વર્ષમાં કૃષિક્ષેત્રે જે ક્રાંતિકારી પરિવર્તનો આવ્યા છે અને ગુજરાતે કૃષિક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે, તે જોતાં આ સરકારે ગુજરાતના કૃષિક્ષેત્રને હજુ વધુ વેગવાન બનાવવા તેમજ ખેડૂતોને વધુ લાભ થાય, તે **માટે જુદાજુદા બધા જ વિભાગોની યોજનાઓ ખેડૂતલક્ષી કેવી રીતે બનાવાય તેવો એક નવતર અભિગમ હાથ ધર્યો છે**. આમ ખેડૂતોના લાભાર્થે અને કૃષિવિકાસ ક્ષેત્રે થનાર વિવિધ વિભાગો હેઠળના આયોજનની સંકલિત રકમ ` **૬૦૦૦ કરોડથી વધુ** થવા જાય છે.

રાજ્ય સરકારની કૃષિવિષયક નીતિઓ અને યોજનાઓ રાજ્યના ખેડૂતમિત્રોના પરિશ્રમ અને સાહસિકતાને પૂરક બને છે. આ દિશામાં આગળ વધતાં, કૃષિક્ષેત્રે ઉત્પાદકતા વધે, જમીન અને પાકની ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો થાય તેમજ ખેતી આધારિત આવકમાં નિશ્ચિતતા જળવાઈ રહે, તે સરકારની નીતિઓના ત્રણ મુખ્ય આધારસ્તંભ રહેશે.

ખેડૂતને **કૃષિ વેલ્યુ ચેઈન**ના તમામ તબક્કે મદદરૂપ થવાના આશયથી સરકારે જમીન સુધારણા અને સિંચાઈની વ્યવસ્થાથી માંડીને ઉત્પાદનમાં વધારો, ઈનપુટ સપોર્ટ, પાકની ગુણવત્તાની જાળવણી તેમજ બજાર વ્યવસ્થા સુધી સમગ્ર વેલ્યુ ચેઈનને આવરી લેતાં સંકલિત અને વિકાસશીલ અભિગમ અપનાવેલ છે. તેના મુખ્ય પાસાઓ આ મુજબ છેઃ–

- **એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર,**
- **એગ્રોટેક,**
- **પ્રોડક્ટિવ એગ્રીકલ્ચર,**
- **સસ્ટેનેબલ એગ્રીકલ્ચર અને**
- **વાએબલ એગ્રીકલ્ચર**

એટલે કે, **કૃષિક્ષેત્રને સમૃદ્ધ, સાતત્યપૂર્ણ અને સક્ષમ** બનાવવાનું સંપૂર્ણ તેમજ સુવ્યવસ્થિત આયોજન સૂચવવામાં આવેલ છે.

**એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર** એટલે કૃષિક્ષેત્રે જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

- ખેતી માટે અગત્યનું આંતરમાળખું એટલે સિંચાઈ વ્યવસ્થા, જેને વિકસાવવા
  - નર્મદા આધારિત **નહેરોના વિસ્તરણ** હેઠળ **જોગવાઈ ` ૩૧૯૫ કરોડ.**
  - હયાત સિંચાઈ યોજનામાં **નહેર સુધારણા તેમજ જળસંચયના કામો** માટે **જોગવાઈ ` ૬૫૩ કરોડ**.
  - નહેર સુધારણા સાથે સિંચાઈનું વ્યવસ્થાપન **ખેડૂત પિયત મંડળી** દ્વારા કરાવવા માટે **જોગવાઈ ` ૩૫ કરોડ**.
- કુદરતી સંજોગો અને બારમાસી નદીઓના અભાવને કારણે ગુજરાતનો ખેડૂત મુખ્યત્વે આકાશી ખેતી પર ગુજરાન ચલાવતો હતો. ખેતીક્ષેત્રે કાંઈપણ કરવું હોય, તો ભૂગર્ભ જળ ઉપર જ નિર્ભર રહેવું પડે અને વીજ જોડાણ વગર આ શક્ય ન બને.
  - ભૂતકાળમાં ખેડૂત વીજ જોડાણ માટે વલખા મારતો હતો. આંકડો પૂરવાર કરે છે કે **અગાઉના ૪૦ વર્ષમાં ગુજરાતના ખેડૂતોને માત્ર ૬ લાખ ૭૦ હજાર વીજ જોડાણ મળ્યા હતા. જ્યારે વર્તમાન દસકામાં ૪ લાખ જેટલા નવા વીજ જોડાણ આપી** કૃષિવિકાસની યાત્રામાં ખેડૂતોને ભાગીદાર બનાવવામાં આ સરકાર સફળ રહી છે.
  - ભૂતકાળમાં ખેડૂતોને વીજળી પેટે વાર્ષિક સબસીડી **માત્ર ` ૩૦૦ કરોડ** અપાતી હતી, જેની સામે વર્તમાન સરકાર ખેડૂતો માટે ` **૩૦૦૦ કરોડ** પ્રતિવર્ષ વીજળી પેટે સબસીડી આપે છે.
  - ૧૯૮૬–૮૭માં વીજળીની પ્રતિ યુનિટ ૮૭ પૈસાની પડતર કિંમત સામે ખેડૂત પાસેથી સરેરાશ મળતર ૫૮ પૈસા હતી અને ૨૧૯ કરોડ યુનિટ વીજળી ખેડૂતોને મળતી હતી. જ્યારે આજે વીજળીની ` ૪.૪૧ ની પડતર કિંમતે આપણે ૧૩૨૮ કરોડ યુનિટ વીજળી ખેડૂતને આપીએ છીએ અને તેની સામે સરેરાશ મળતર માત્ર ૪૯ પૈસાની રહે છે.
    આમ, ૨૫ વર્ષ પહેલાની અને આજની સ્થિતિની તુલના કરીએ તો સ્પષ્ટ દેખાય છે કે અગાઉ ખેડૂતોને સરેરાશ ૫૮ પૈસે વીજળી મળતી હતી, જે આજે ઘટીને ૪૯ પૈસે આપવામાં આવે છે. ભૂતકાળમાં માંડ ૨૦૦ કરોડ યુનિટ વીજળી મળતી હતી, જ્યારે અત્યારે ૧૩૦૦ કરોડ યુનિટ વીજળી આપવામાં આવે છે. અને આ જ તો દીવા જેવું સત્ય છે કે કૃષિવિકાસ અને ખેડૂતોના કલ્યાણના માર્ગે આપણે આગળ વધી રહ્યા છીએ.
  - ખેડૂતોના કલ્યાણને વરેલી આ સરકારે તમામ બાકી રહેતા કૃષિ વીજ જોડાણોની કામગીરી આવતાં ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનો ક્રાંતિકારી નિર્ધાર કરેલ છે, જેના પ્રથમ તબક્કે આગામી વર્ષે કુલ ` **૧૭૦૦ કરોડ**ના ખર્ચે **નવા એક લાખ વીજ જોડાણો** આપવા માટે **જોગવાઈ ` ૫૦૦ કરોડ**.
  - કિસાન હિત ઉર્જા શક્તિ યોજના (ખુશી) દ્વારા રાજ્યના ખેડૂતોને પૂરતા વોલ્ટેજથી કૃષિના વપરાશ માટે વીજ પુરવઠો પૂરો પાડવા **જોગવાઈ ` ૧૫૦ કરોડ.**

- જમીન કિસાનનું સર્વસ્વ હોય છે. જમીનના હક સંબંધે ચોકસાઈપૂર્વકના આયોજનોમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ખેડૂતને મોટી સહાય કરી શકાય. મહેસૂલ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં ખેતીની **જમીનનો રી–સર્વે** કરી જમીન સાથે હિત ધરાવતા તમામને અદ્યતન, ચોક્કસ અને ડિજિટલ રેકર્ડ પૂરો પાડવા **જોગવાઈ ` ૫૩ કરોડ.**

- ગુજરાતનો ખેડૂત હવે બાગાયતક્ષેત્રે આગળ ધપી રહ્યો છે, ત્યારે ખેડૂતની સુખાકારી માટે ફળફળાદિના પાકની સુરક્ષા પણ એટલી જ મહત્વની છે. આ માટે આધુનિક માળખાકીય સુવિધાઓ, જેવી કે **ગોડાઉન તેમજ શીતાગાર** અને કેળા રાઈપનીંગ ચેમ્બર માટે **જોગવાઈ ` ૨૦ કરોડ.**

- ખેડૂતોને જરૂરિયાતના સમયે ખાતર મળી રહે તે હેતુથી **સંગ્રહ વ્યવસ્થા** માટે સહાયની **જોગવાઈ ` ૨૦ કરોડ.**

- કૃષિ ક્ષેત્રે તાંત્રિક માનવબળ તૈયાર કરવા શિક્ષણ આપતી **કૃષિ વિશ્વ વિદ્યાલયોના બાંધકામ**, શિક્ષણ અને સંશોધન પ્રવૃત્તિ માટે **જોગવાઈ ` ૮૦ કરોડ.**

- ખેડૂતને તેના ઉત્પાદનનું પૂરતું વળતર મળે તે માટે મૂલ્યવૃદ્ધિની દિશામાં યોજનાબદ્ધ રીતે આગળ વધવું જોઇએ. ખેડૂતોએ ઉત્પન્ન કરેલ પાકોમાં મૂલ્યવૃદ્ધિ કરવાના ઉદ્દેશથી ફૂડ પ્રોસેસીંગ કરાય તો આ હેતુ બર આવે. ગુજરાતમાં આ પ્રકારના પાકોનું ઉત્પાદન દિન–પ્રતિદિન વધી રહ્યું છે, ત્યારે રાજ્ય કક્ષાના **મિશન ઓન ફૂડ પ્રોસેસીંગ**ની રચના કરવા માટે **જોગવાઈ ` ૩.૭૫ કરોડ.**

- ખેડૂતોના પાક આધુનિક ઢબે બજાર સુધી પહોંચાડવા માટે અને ખેડૂતોને વ્યાજબી ભાવ મળે તે માટે રાજ્યમાં **બે મેગા ફૂડપાર્ક** શરૂ કરવા માટે **જોગવાઈ ` ૧૦ કરોડ.**

**એગ્રો–ટેક ફાર્મિંગ** એટલે કૃષિક્ષેત્રે જરૂરી એવા આધુનિક ઉપકરણો અપનાવવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા, ખાસ કરીને વિવિધ આધુનિક યંત્રો અને ખેતપદ્ધતિઓ દ્વારા **પ્રિસીઝન ફાર્મિંગ (ચોક્કસાઈ પૂર્વકની ખેતપદ્ધતિ)**દ્વારા ખેડૂતને ઓછા ખર્ચે વધુ આવક મળે તે આપણું ધ્યેય છે.

- ખેડૂતને વ્યક્તિગત ધોરણે મશીનરી ખરીદવા માટેની સહાય ઉપરાંત, એગ્રો સર્વિસ પ્રોવાઈડર દ્વારા **નાના અને સીમાંત ખેડૂતોને યાંત્રિક સેવાઓ** પૂરી પાડવા માટે સહાય પેટે **જોગવાઈ ` ૪૮.૫૦ કરોડ.**

- બાગાયત ક્ષેત્રે **જોગવાઈ ` ૧૫૫ કરોડ,** જે પૈકીઃ
    - શાકભાજી પાકોને પ્રોત્સાહન આપવા **ગ્રીનહાઉસ, પોલીહાઉસ, નેટહાઉસ અને ટ્રેલીઝ** માટે **` ૨૨ કરોડ**.
    - રાજ્યના દસ જિલ્લાઓમાં નેશનલ હોર્ટિકલ્ચર મિશનના ધોરણો ઉપરાંત **૧૫ ટકા સહાય** માટે **` ૩૫ કરોડ.**
    - **હાઈ–ટેક ગ્રીન હાઉસ** માટે વધારાના ૭.૫ ટકા સહાય પેટે **જોગવાઈ ` ૨ કરોડ**.

- બાગાયતની ખેતીમાં **ટપક સિંચાઈ પદ્ધતિ** અપનાવનાર ખેડૂતોને **જળસંગ્રહ** માટે સહાય પેટે **જોગવાઈ ` ૧.૫૦ કરોડ.**

- ગુજરાતને મળનાર ટ્રાન્સપોન્ડર આધારિત **સેટેલાઈટ ચેનલમાંથી** એક ચેનલ **કૃષિ તાલીમ અને પ્રચાર** માટે ઉપલબ્ધ કરાવવાનું આયોજન.

**પ્રોડક્ટિવ એગ્રીકલ્ચર** એટલે કે ખેડૂતને પોતાના ખેતરમાંથી મહત્તમ ઉત્પાદકતા અને ઉત્પાદન મેળવવા માટે સક્ષમ બનાવવા.

- જમીન ખેડૂતની અમૂલ્ય મૂડી છે, જેને સાચવવી જરૂરી હોઇ ગુજરાત જમીન વિકાસ નિગમ દ્વારા **જમીન સુધારણા, ખારાશ નિયંત્રણ, ખેત તલાવડી અને જળસંચયના** કામો માટે **જોગવાઈ ` ૩૫૯ કરોડ.**

- ભૂમિ અને ભેજ સંરક્ષણ, વનીકરણના કામો માટે સાબરમતી અને દાંતીવાડાના **રીવર વેલી પ્રોજેક્ટ હેઠળ જોગવાઇ ` ૧૯.૩૨ કરોડ.**
- વરસાદના પાણીનો ખેડૂતો પોતાના ખેતરમાં સંગ્રહ કરી શકે તે હેતુથી **ખેત તલાવડી** માટે **જોગવાઈ ` ૬૦ કરોડ.**

➢ ખેતીની ઉત્પાદકતા માટે બીજની ગુણવત્તા અને ઉપલબ્ધતા વધારવા જરૂરી છે. કૃષિક્ષેત્રે સફળતાના પાયામાં બિયારણનું મહત્વ સવિશેષ છે. કૃષિવિકાસની યાત્રામાં ગુજરાતનું એક નવું ઘરેણું ઉમેરાયું છે. તાજેતરમાં કેન્દ્ર સરકારની મંજૂરી મળતા સંકર કપાસની જાતનું ઊંચી ઉત્પાદકતાવાળું **બી.ટી. બિયારણ** ખેડૂતોને વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવી શકાશે.

➢ સાથે, મહત્વના પાક **કપાસ, જીરું અને દિવેલા**ની ગુણવત્તા સુધારવા રાજ્ય સરકાર દ્વારા પ્રથમ વખત, મોટાપાયા પર **પ્રમાણિત બીજ ઉત્પાદન** માટે ખેડૂતોને સહાય કરવા **જોગવાઈ ` ૪૭ કરોડ**. અન્ય પાકોના બીજ ઉત્પાદન સહાય માટે ક્ષેત્રફળની મર્યાદા **૨૦ ગુંઠાથી વધારીને બે હેક્ટર** સુધી કરવાનું આયોજન છે.

➢ આ ઉપરાંત, ઘઉં જેવા **અગત્યના પાકના બીજ ઉત્પાદન**માં ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે **જોગવાઈ ` ૩ કરોડ.**

➢ જ્યારે નર્મદા આધારિત સિંચાઈ વ્યવસ્થા રાજ્યના મોટાભાગમાં ખેડૂતોને બારમાસી ખેતીની સવલત કરી આપવામાં સફળ થઈ રહેલ છે, ત્યારે સિંચાઈને અનુરૂપ **ક્રોપીંગ પેટર્ન** અપનાવવા માટે ક્લસ્ટર એપ્રોચ દ્વારા ખેડૂતોને તાલીમ આપવા અને યોગ્ય પાક અંગેની ઈનપુટ સહાય આપવા માટે **જોગવાઈ ` ૬ કરોડ**.

**સસ્ટેનેબલ એગ્રીકલ્ચર** એટલે કે જમીન અને જળના સંરક્ષણ સાથે પર્યાવરણલક્ષી પદ્ધતિઓ અપનાવી ગુણવત્તાવાળું ઉત્પાદન મેળવવું.

➢ **ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની**ને ૧.૮૫ લાખ હેક્ટર ખેતીની જમીનને ટપક સિંચાઇ અને સ્પ્રીંકલર હેઠળ આવરી લેવા માટે **જોગવાઈ ` ૪૦૦ કરોડ.**

➢ પારંપરિક ખેતી પ્રયોગો પરથી આધુનિક અને **સાતત્યપૂર્ણ ખેતપદ્ધતિ** અપનાવવા માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવી અને તાલીમ આપવી ખૂબ જરૂરી હોઈ, **"કૃષિના ઋષિ"** એવા પ્રગતિશીલ ખેડૂતોને પસંદ કરી તેમના **મોડેલ ફાર્મ** પર અન્ય ખેડૂતોને તાલીમ આપવા માટે **જોગવાઈ ` ૫ કરોડ**.

➢ ગ્રામ્ય પર્યાવરણ સુધારણાના ભાગરૂપે ૫૦,૦૦૦ જેટલા **બાયોગેસ પ્લાન્ટ** ઊભા કરવા માટે **જોગવાઈ ` ૪૧ કરોડ.**

➢ સઘન ખેતી પદ્ધતિઓના પરિણામે ઉત્પાદકતા વધે છે, પરંતુ જમીનની ગુણવત્તા જળવાઈ રહે તે પણ એટલું જ અગત્યનું છે. **સોઈલ ટેસ્ટીંગ** આપણે ખુબ સફળતાપૂર્વક છેલ્લા ચાર વર્ષથી કરતાં આવ્યા છીએ. હવે તેમાં આગળ વધીને સમગ્ર રાજ્યની ખેતીની જમીનોની **માઈક્રોન્યુટ્રીયન્ટ આધારિત ચકાસણી**ની ક્ષમતાને વધારવા માટે ૧૫ જેટલી પ્રયોગશાળામાં સુવિધા ઉભી કરી પ્રથમ તબક્કે લગભગ **૮૦૦૦ ગામોના સોઈલ મેપ** તૈયાર કરવા માટે **જોગવાઈ ` ૫ કરોડ.**

➢ માઈક્રોન્યુટ્રીયન્ટની ઉણપવાળી જમીનમાં ખેડૂતને **માઈક્રોન્યુટ્રીયન્ટ** વાપરવા પ્રોત્સાહનરૂપે સહાય આપવાનું આયોજન.

➢ જમીનની ગુણવત્તાની જાળવણી માટે પ્રવાહી ફર્ટિલાઇઝર તેમજ સેન્દ્રિય ખાતરના વપરાશને પ્રોત્સાહન આપવા માટે **જોગવાઇ ` ૮.૮૦ કરોડ.**

**વાયેબલ એગ્રીકલ્ચર** એટલે ખેડૂતને તેની મહેનત અને રોકાણનું પૂરતું વળતર મળી રહે તેવું આયોજન.

- ખેતી આધારિત આવકની નિશ્ચિતતા અને ખેડૂતની આર્થિક સુરક્ષા માટે **પાક વીમા યોજના** હેઠળ **જોગવાઈ ` ૨૩૬ કરોડ.**
- કપાસ પાકના પ્રિમિયમના દર ઉંચા હોવાને કારણે ખેડૂતો પાક વીમો લેતા નથી, તેથી **કપાસના વીમા પ્રિમિયમ પર ત્રણ લાખ ખેડૂતોને સહાય** આપવા માટે **જોગવાઈ ` ૨૦ કરોડ.**
- ક્રેડીટ પોલિસિ મુજબ રાજ્યના **ખેડૂતોને ૭ ટકાના દરે ધિરાણ** પ્રાપ્ત થાય તે માટે સહકારી ધિરાણ માળખા મારફત ખેતી વિષયક ટૂંકી મુદતના ધિરાણ પર બે ટકા વ્યાજ રાહત પેટે **જોગવાઈ ` ૬૦ કરોડ.**
- ખેડૂત માટે લાંબા ગાળાની આવક ઊભી કરવા ખેતરના **શેઢા ઉપર** સાગ, સેવન, મેહોગની, વાંસ જેવા **વૃક્ષ ઉછેરને પ્રોત્સાહન આપવા** તેમજ **ઓઈલ પામ** જેવા વાણિજ્યિક વૃક્ષોના ઉછેર માટે **જોગવાઈ ` ૧૦ કરોડ.**

**પશુપાલન**

- રાજ્યમાં પશુપાલન અને ડેરી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ૪૨ લાખ જેટલા કુટુંબો માટે પશુઆરોગ્ય સેવાઓ અને માળખાકીય સુવિધાઓ માટે કુલ **જોગવાઈ ` ૩૪૩.૭૫ કરોડ.**
  - રાજ્યમાં ઉત્પાદીત દૂધનું એકત્રીકરણ તેમજ ગુણવત્તાની જાળવણી વૈજ્ઞાનિક ઢબે થાય તે માટે ૧૧ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો મારફતે ૧૪૦૦થી વધુ **પ્રાથમિક દૂધ મંડળીઓને જરૂરી માળખાકીય સુવિધાઓ** પુરી પાડવા માટે **જોગવાઈ ` ૫૩.૨૮ કરોડ.**
  - ગુજરાતની પશુ ઓલાદની ગુણવત્તામાં ઉત્તરોત્તર સુધારો લાવવાના હેતુથી અને વર્ષે લગભગ ૧૮ લાખથી વધુ પશુઓને વૈજ્ઞાનિક પશુ સંવર્ધન હેઠળ આવરી લેવા, રાજ્યમાં ગીર ગાય, જાફરાબાદી અને બન્ની ભેંસ માટેના ત્રણ **નવા બુલ મધર ફાર્મ** સ્થાપવા માટે **જોગવાઈ ` ૩૫.૯૫ કરોડ.**
  - ગીર ગાયના સંવર્ધન માટે **નવું ફ્રોઝન સીમેન સ્ટેશન** સ્થાપવા તેમજ **એમ્બ્રીયો ટ્રાન્સફર યોજના** માટે કુલ **જોગવાઈ ` ૧૭.૪૦ કરોડ.**
  - રાજ્યમાં પશુ સંવર્ધન સુવિધાઓના વિસ્તાર માટે ચાર (જામનગર, સુરેન્દ્રનગર, દાહોદ અને નર્મદા) જિલ્લામાં ગ્રામ્ય કક્ષાના ૮૦ જેટલા નવા **કૃત્રિમ બીજદાન કેન્દ્ર** સ્થાપવા માટે **જોગવાઈ ` ૨.૪૨ કરોડ.**
  - પશુપાલનના વૈજ્ઞાનિક ઢબે વિકાસ માટે સ્થપાયેલી કામધેનુ યુનિવર્સિટીના કામો માટે **જોગવાઈ ` ૨૦ કરોડ.**
  - પશુપાલન ક્ષેત્રે નવીનતા લાવવાના હેતુથી ગ્રામ્યકક્ષાએ **સામૂહિક પશુ હોસ્ટેલ** ઊભી કરવાનું નક્કી કર્યું છે, જેમાં પશુઓને એકસાથે રાખવાથી માવજત અને પોષણ પાછળનો ખર્ચ ઘટાડી શકાશે અને પશુઓના છાણમાંથી ગોબર ગેસ પ્લાન્ટ ઊભા કરી ઘરોમાં નિર્ધૂમ ચુલા અને ખેતરો માટે સેન્દ્રિય ખાતર મળી શકશે. આ નવતર પ્રયોગ અન્વયે પાંચ નવી પશુ હોસ્ટેલ ઊભી કરવા માટે **જોગવાઈ ` ૨૦.૭૫ કરોડ.**
  - રાજ્યમાં ૧૦૦ થી વધુ પશુ દવાખાનાના **મકાનોના બાંધકામ** અને સમારકામ માટે **જોગવાઈ ` ૧૭.૮૦ કરોડ**.
  - ૫૦ **નવા સ્થાયી પશુ દવાખાના** સ્થાપવા તેમજ ૫૭ નવા **મોબાઈલ પશુ દવાખાના** કાર્યરત કરવા **જોગવાઈ ` ૯.૪૮ કરોડ.**
  - ગૌ–સેવા બોર્ડનું ફલક વધારી તેને **ગૌ–સેવા અને ગૌચર વિકાસ બોર્ડ** તરીકે કાર્યરત કરવાનું આયોજન. તેમજ પશુપાલકોને પૂરતી માત્રામાં લીલો ઘાસચારો મળે તે હેતુથી ગામની પડતર

ગૌચર જમીનોમાં બોર્ડ મારફતે **ઘાસચારા ઉત્પાદનની નવી યોજના** શરૂ કરવા **જોગવાઈ ` ૪.૮૦ કરોડ.**

આમ, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રે ખેડૂતોને પ્રોત્સાહન અને સહાય આપવા સર્વાંગી અને સંકલિત આયોજન કરવામાં આવેલ છે.

**વંચિતોનો વિકાસ**

અમારે મન આ રાજ્યનો પ્રત્યેક નાગરિક રાજ્યની વિકાસયાત્રામાં ભાગીદાર બને એ મહત્વની બાબત છે. ખાસ કરીને એવા નાગરિકો જેમને સામાજિક અથવા ભૌગોલિક કારણોસર વિકાસની પૂરતી તકો મળી ન હતી. જ્યાં સુધી સમાજના પ્રત્યેક અંગનો સુયોગ્ય વિકાસ ન થાય ત્યાં સુધી એને સર્વાંગી વિકાસ કહી શકાય નહિ.

આપણા આવા બાંધવોને અનુલક્ષીને અમે **વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અને શહેરી ગરીબ સમૃદ્ધિ યોજનાની ત્રિવેણી** રજૂ કરી હતી. સરકાર નોધારાનો આધાર હોય છે. ગરીબોની બેલી આ સરકાર માટે વંચિતોનો વિકાસ એ ઈશ્વરની સેવા સમાન છે. અગાઉના વર્ષોમાં છૂટીછવાઈ યોજનાઓના કારણે ધાર્યા પરિણામ મળી શક્યા ન હતા. તેથી એક એવા સુગ્રથિત વ્યૂહની જરૂર હતી કે જેમાં દલિત, પીડિત અને શોષિત સમાજ પ્રત્યેની સંવેદના અભિવ્યક્ત થાય. આ ત્રિવેણીના અમલીકરણ બાદ આજે જ્યારે પાંચ વર્ષનું સરવૈયું કરીએ ત્યારે ખાતરી થાય છે કે ઈશ્વરે આપણને વંચિતોના કલ્યાણ માટેનો ઉત્તમ માર્ગ સૂઝાડ્યો છે.

આજે તેના સુફળ આપણે જોઇ શકીએ છીએ. આપણા આ બાંધવોમાં એવો આત્મવિશ્વાસ અને ધગશ પેદા થયેલી દેખાય છે કે સરકારના સહકારથી ગરીબીની ચુંગલમાંથી છૂટી શકાય છે, વિકાસના સુફળ ચાખી શકાય છે, વિકાસના પથ પર આપણું પણ યોગદાન હોઈ શકે છે. આ બંધુત્વની ભાવનાને વધુ બળ આપવા અને સમાજના આ બહોળા વર્ગની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે વંચિતોના કલ્યાણકારી આયોજનમાં માતબર વધારો કરવામાં આવેલ છે. ગરીબીમાંથી મુક્તિ મેળવવા માટે શિક્ષણ અને આરોગ્ય સૌથી અગત્યનું સાધન બની શકે છે. તેથી વંચિતો માટે શિક્ષણલક્ષી સહાયને વધુ અગ્રિમતા આપી છે. મુખ્યત્વે **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**, **આદિજાતિ વિકાસ વિભાગ**, **ગ્રામ ગૃહનિર્માણ પ્રભાગ**, **ગ્રામ વિકાસ પ્રભાગ,** વિગેરે દ્વારા અમલવારી કરવામાં આવતી યોજનાઓનો સમાવેશ અહીં કરવામાં આવેલ છે.

- આશરે ૫૦ લાખ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી ગણવેશ સહાયની રકમમાં,
  - અનુસૂચિત જાતિ માટે હાલના ` ૨૦૦ થી વધારીને ` ૩૦૦
  - અનુસૂચિત જનજાતિ માટે હાલના ` ૨૦૦ થી વધારીને ` ૩૦૦
  - વિકસતિ જાતિ માટે હાલના ` ૨૦૦ થી વધારીને ` ૩૦૦ કરવા સહિત

  **કુલ જોગવાઇ ` ૧૪૯.૨૫ કરોડ.**
- પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં,
  - અનુસૂચિત જાતિ માટે ` ૧૫૦ થી વધારીને ` ૨૫૦
  - અનુસૂચિત જનજાતિ માટે ` ૧૫૦ થી વધારીને ` ૨૫૦
  - વિકસતિ જાતિ માટે ` ૧૫૦ થી વધારીને ` ૨૫૦ કરવામાં આવશે.

  તદ્ઉપરાંત માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં,
  - અનુસૂચિત જાતિ માટે ` ૩૦૦ થી વધારીને ` ૪૦૦

- ○ અનુસૂચિત જનજાતિ માટે ` ૩૦૦ થી વધારીને ` ૪૦૦
- ○ વિકસતિ જાતિ માટે ` ૩૦૦ થી વધારીને ` ૪૦૦ કરવામાં આવશે.

  ૫૦ લાખ ૫૩ હજાર વિદ્યાર્થીઓને લાભ આપતી ઉપરોક્ત બંન્ને યોજના માટે **કુલ જોગવાઇ ` ૬૧.૬૬ કરોડ.**

- ➢ આઇ.ટી.આઇ.ના ૩૬ હજાર વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં,
  - ○ અનુસૂચિત જાતિ માટે ` ૨૫૦ થી વધારીને ` ૪૦૦
  - ○ અનુસૂચિત જનજાતિ માટે ` ૨૫૦ થી વધારીને ` ૪૦૦
  - ○ વિકસતિ જાતિ માટે ` ૨૫૦ થી વધારીને ` ૪૦૦

  **યોજનાકીય કુલ જોગવાઇ ` ૧૪.૬૮ કરોડ.**

- ➢ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પૈકીની અતિપછાત જાતિના ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી ` ૬૫૦ની શિષ્યવૃત્તિમાં વધારો કરીને ` ૭૫૦, તેમજ ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ` ૬૫૦ થી વધારીને ` ૧૦૦૦ ની શિષ્યવૃત્તિ આપવામાં આવશે. જેનો લાભ ૩,૮૩,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને મળશે. જે માટે **કુલ જોગવાઇ ` ૩૨.૮૯ કરોડ.**

- ➢ અનુસૂચિત જાતિની કન્યાઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, તેમાં હોસ્ટેલરને આપવામાં આવતી શિષ્યવૃત્તિની મહત્તમ રકમ ` ૭૪૦થી વધારી ` ૧૨૦૦ અને ન્યૂનતમ રકમ ` ૨૩૫ થી વધારીને ` ૩૮૦ કરવામાં આવશે. તદુપરાંત, ડે સ્કોલરને આપવામાં આવતી મહત્તમ રકમ ` ૩૩૦ થી વધારીને ` ૫૫૦ અને ન્યૂનતમ રકમ ` ૧૪૦ થી વધારીને ` ૨૩૦ કરવામાં આવશે. તેના પરિણામે અનુસૂચિત જાતિની ૧૨,૫૦૦ કન્યાઓને સીધો લાભ મળશે. જેના માટે **કુલ જોગવાઈ ` ૮ કરોડ.**

ગુજરાતે ગયા દસ વર્ષમાં પ્રાથમિક શિક્ષણ, અને તેમાંય કન્યા કેળવણી તરફ સિમાચિહ્નરૂપ જે કામગીરી કરી તેના સુફળ હવે દેખાઈ રહ્યા છે. સમાજના વંચિતોમાં પણ હવે શિક્ષણની ભૂખ જાગી છે. આ બાળકો ઉચ્ચ શિક્ષણ તરફ વળ્યા છે. તેથી તેમના માટે નવા છાત્રાલયોનું મોટું માળખું ઊભું કરવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

- ➢ ગરીબ પરિવારોમાંથી આવતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો માત્ર એક રહેણાંકની સગવડ નથી, પરંતુ બાળકોના શૈક્ષણિક ઉત્કર્ષ માટે તે મૂળાધાર બની રહેતા હોય છે. આ વિચારને ધ્યાને રાખીને તમામ જરૂરી આધુનિક સુવિધાઓથી સજ્જ નવા છાત્રાલયોના બાંધકામ માટે ` **૧૦૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે.** ગયા પચાસ વર્ષમાં ક્યારેય આટલી માતબર રકમ સમાજના નબળા વર્ગોના યુવક–યુવતિઓના છાત્રાલયો માટે નહીં ખર્ચાઈ હોય.

- ➢ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિના છાત્રાલયોમાં ૧૦,૦૦૦ બેઠકોનો વધારો કરવામાં આવશે, જેના માટે **જોગવાઇ ` ૧૦ કરોડ.**

- ➢ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટેના ગ્રાન્ટ–ઇન–એઇડ છાત્રાલયો અને આશ્રમશાળાઓને હાલમાં ચુકવવામાં આવતી નિભાવ ગ્રાન્ટ ` ૬૦૦ થી વધારીને ` ૧૦૦૦ કરવામાં આવશે. કુલ યોજનાકીય **જોગવાઇ ` ૮૪ કરોડ**. આના પરિણામે સમાજ કલ્યાણની વિવિધ સંસ્થાઓના આશરે બે લાખ વિદ્યાર્થીઓ અને ગ્રાન્ટ–ઇન–એઇડના આશરે ૯૦૦૦ લાભાર્થીઓને સેવા પૂરી પાડી શકાશે.

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિ પૈકીની અતિપછાત જાતિઓના યુવકો અને યુવતિઓમાં રહેલા કુદરતદત્ત કલા–કૌશલ્યોને વિકસવાની તક મળે અને તે જ તેમની આજીવિકા પણ બની રહે તેવા ઉદ્દેશ સાથે તેમને તાલીમ માટે ` ૫૦,૦૦૦ સુધીની સહાયનું આયોજન, જેના માટે **જોગવાઇ ` ૩ કરોડ.**
- વિચરતી અને વિમુક્ત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકીની અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ અને ફી આપવામાં આવશે. જે માટે **જોગવાઈ ` ૨.૫૦ કરોડ.**
- કોમર્શીયલ પાયલોટ લાયસન્સ ટ્રેનીંગ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓને સમાન ધોરણે ` ૨૦ લાખની લોન ચાર ટકાના રાહત દરે આપવામાં આવશે.
- ટી.બી., રકતપિત્ત અને કેન્સરના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિના દર્દીઓને અપાતી સહાયમાં પ્રમાણસર વધારો કરીને અનુક્રમે `૫૦૦, ` ૮૦૦ અને ` ૧૦૦૦ આપવામાં આવશે. જે માટે કુલ **જોગવાઈ ` ૧૦ કરોડ.**
- કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ
  - અનુસૂચિત જાતિની કન્યાઓને આપવામાં આવતી ` ૫૦૦૦ ની સહાય બમણી કરી ` ૧૦,૦૦૦
  - અનુસૂચિત જનજાતિની કન્યાઓને આપવામાં આવતી ` ૫૦૦૦ ની સહાય બમણી કરી ` ૧૦,૦૦૦
  - વિકસતિ જાતિની કન્યાઓને આપવામાં આવતી ` ૫૦૦૦ ની સહાય બમણી કરી ` ૧૦,૦૦૦ કરવા સહિત **કુલ જોગવાઇ ` ૯.૬૫ કરોડ.**
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિના સમુહલગ્નોને પ્રોત્સાહન તરીકે આપવામાં આવતી હાલની સહાય ` ૫૦૦૦ થી વધારીને `૧૦,૦૦૦ કરવામાં આવશે. જ્યારે આયોજક સંસ્થાને આપવામાં આવતી યુગલદીઠ સહાય પણ ` ૧૦૦૦ થી વધારીને ` ૨૦૦૦ કરવામાં આવશે. જે માટે કુલ **જોગવાઈ ` ૨.૯૫ કરોડ.**
- સમાજ સુરક્ષાના વ્યાપને વધારતાં, વૃધ્ધોને આપવામાં આવતી આર્થિક સહાય યોજનામાં આવક મર્યાદામાં ફેરફાર કરી ગરીબી રેખા હેઠળના તમામ વૃધ્ધોને સહાય માટે **જોગવાઈ ` ૧૮.૭૫ કરોડ.**
- સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ જુવેનાઇલ જસ્ટિસને લગતા વિષયો, બાળલગ્ન પ્રતિબંધક ધારા અને બાળકોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ માટે **જોગવાઈ ` ૫.૬૭ કરોડ.**
- આદિજાતિના કલ્યાણ માટે રાષ્ટ્ર કલ્યાણના વિચારોથી પ્રેરાઈને કાર્યરત ભેખધારી સમાજસેવકોને અને અનુસૂચિત જનજાતિ ક્ષેત્રમાં વસતા વનબંધુઓના વિકાસ અને કલ્યાણ માટે વિશિષ્ટ પ્રદાન કરનાર સંસ્થાઓને **સ્વામી વિવેકાનંદ દરિદ્ર–નારાયણ સેવા એવોર્ડ** એનાયત કરવાની યોજના.
- દલિત સમાજમાં અતિપછાત વર્ગોની વિશેષ કાળજી લેવા માટે કાર્યરત બેચરસ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ હવેથી નિગમ તરીકે કાર્યરત કરવા માટે **જોગવાઇ ` ૨.૫૦ કરોડ.**

**ગરીબને ઘર**

ગરીબમાં ગરીબ માનવીનું સ્વપ્ન હોય છે પોતાનું ઘર**,** સ્થાયી જીવન અને સંતાનોના વિકાસ માટેની ભાવિ શક્યતાઓ. એ વાત દીવા જેવી સ્પષ્ટ છે કે ગરીબને ઘર મળે તો તે પોતે જ ઘરને અનુરૂપ આર્થિક પ્રવૃત્તિ કરવા પ્રેરાતો હોય છે. આ વિચારને સાકાર કરવા માટે આપણે શૂન્ય થી ૧૬ આંકના કુટુંબોને જમીનના પ્લોટ અને આવાસ સહાય આપવાનું કામ લગભગ પૂર્ણ કરી દીધું છે. એક અર્થમાં ગરીબો માટે

કરેલું આ કામ સિમાચિહ્ન બની રહેશે. હવેના તબક્કામાં ગરીબીની રેખા નીચે જીવતા ૧૭ થી ૨૦ આંકમાં આવતા પરિવારો પર ધ્યાન કેન્દ્રિત કરી આવા બધા જ કુટુંબો પોતાના ઘરના માલિક થાય તે માટે મકાન સહાય આપવાનું ` **૫૦૦ કરોડ**નું આયોજન કરી વંચિતોના વિકાસની દિશામાં આપણે મજબૂત ડગ માંડ્યું છે.

- જેના ભાગરૂપે **સરદાર પટેલ આવાસ યોજના** હેઠળ ` **૩૫૪ કરોડ, ડૉ.બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના** હેઠળ ` **૪૫ કરોડ**, **પંડિત દીનદયાલ આવાસ યોજના હેઠળ** ` **૪૫ કરોડ** અને **હળપતિ શ્રમિકોના આવાસ** માટે **જોગવાઈ` ૫૦ કરોડ.**
- આ ઉપરાંત, ઈન્દિરા આવાસ યોજના હેઠળ એક લાખ લાભાર્થીઓને રાજ્ય સરકારની સહાય માટે **જોગવાઈ` ૧૧૨.૫૦ કરોડ.**
- વધુમાં, ૩૦,૦૦૦ શહેરી ગરીબ કુટુંબોને આવાસ પૂરા પાડવા માટે **જોગવાઈ` ૧૫૦ કરોડ.**

રાજ્યના વિકાસમાં શ્રમિક બાંધવોના યોગદાનનું ઋણ સ્વીકાર આપણે કરવું રહ્યું. તેથી આ તમામ વ્યક્તિલક્ષી કલ્યાણકારી યોજનાઓના અમલીકરણને એક નવા સ્તરે લઈ જતાં, કુટુંબલક્ષી અભિગમ અપનાવી, વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ, એક સાથે ગામના સૌથી વધુ ગરીબ **કુલ દોઢ લાખ કુટુંબોને** આપી, તેઓને **શ્રમયોગી યોજના** દ્વારા ગરીબીની રેખાથી ઉપર લાવવાનું આયોજન છે.

**મહિલા સશક્તિકરણ અને બાળકલ્યાણ**

**૧૯૬૦ થી ગુજરાતની વિકાસયાત્રા આરંભાઈ. પરંતુ કમનસીબે કુલ જનસંખ્યાનો ૭૫ ટકા હિસ્સો જે મહિલાઓ અને બાળકો છે, તેમના માટે સ્વતંત્ર રીતે વિચાર ન થયો. તેમની સુખાકારી અને વિકાસનો વિચાર ન થયો. ગુજરાતમાં પહેલીવાર ૧૦ વર્ષ પૂર્વે ૨૦૦૨ માં મહિલા અને બાળવિકાસનો સ્વતંત્ર વિભાગ શરૂ કરવામાં આવ્યો અને તેના સુફળ આજે જોવા મળી રહ્યા છે. આજે જ્યારે સમાજ જીવનના અનેક ક્ષેત્રોમાં નારીનું યોગદાન નોંધપાત્ર જોવા મળી રહ્યું છે, ત્યારે સશક્ત નારી રાજ્યની શક્તિનું પ્રતિક બની શકે તેમ છે, રાજ્યની સર્વાંગી ઉન્નતિનો આધારસ્તંભ બની શકે તેમ છે અને સુસંસ્કૃત સમાજની ઓળખ બની શકે તેમ છે. કોઈપણ સરકારનું કામ માત્ર વર્તમાનની ચિંતા કરવા પૂરતું સીમિત નથી હોતું. શાસન વ્યવસ્થા દીર્ઘદ્રષ્ટિનું દર્શન કરાવનારી હોવી જોઈએ. બાળકોના કલ્યાણની અગ્રિમતા, એ ભાવિ પેઢી અને ગુજરાતના ઉજ્વળ ભવિષ્યનો આધાર છે અને તેથી સરકારે બાળ કલ્યાણને પણ એટલું જ મહત્વ આપ્યું છે.**

**આ જ વિભાવનાને વહીવટી સ્વરૂપ આપ્યું તે આપણી** નારી ગૌરવ નીતિ**. મહિલાઓના સર્વગ્રાહી વિકાસ માટે રાજ્ય સરકારે મહિલા સુરક્ષા, કિશોરીઓમાં કુપોષણ મુક્તિ, ચિરંજીવી યોજના, કન્યા કેળવણી અને મહિલા સશક્તિકરણ જેવા પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.**

**ગુજરાતે કુપોષણ મુક્તિ માટે આયોજનબદ્ધ રીતે તબક્કાવાર કામગીરી હાથ ધરી છે. સદનસીબે ગુજરાતે ૨૦૦૧ ના સેન્સસના આધારે મળેલ માહિતીને ગંભીરતાથી લઈ ૨૦૦૪ના વર્ષથી જ કુપોષણ મુક્તિ માટેનું અભિયાન હાથ ધર્યું છે અને સફળતાપૂર્વક આયોજન આગળ ધપી રહ્યું છે. તાજેતરમાં ભારતના માનનીય વડાપ્રધાનશ્રીએ પણ સમગ્ર ભારતમાં ઘર કરી ગયેલ કુપોષણ બાબતે દુઃખ પ્રગટ કરતા કહ્યું કે કુપોષણની સમસ્યા રાષ્ટ્રીય શરમ છે.**

**ગુજરાત જનસેવાના ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે. અનેક સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંગઠનો સમાજ સેવાના કામો કરતા હોય છે. ગયા થોડા વર્ષોના અનુભવથી એમ લાગે છે કે કુપોષણની મુક્તિ એક જન આંદોલન બની રહ્યું છે અને તેમાં અનેક સંસ્થાઓ-સંગઠનો ભાગ ભજવી રહ્યા છે, જેની સુખદ નોંધ આ સન્માનનીય સભાગૃહ લે છે.**

**મહિલા સશક્તિકરણના મહાયજ્ઞમાં આપણે પોષણ, શિક્ષણ અને આર્થિક તથા સામાજિક સશક્તિકરણને અગ્રતા આપી છે, જેમાં મુખ્યત્વે** મહિલા અને બાળવિકાસ વિભાગ**,** આરોગ્ય વિભાગ**,** ગ્રામ વિકાસ પ્રભાગ**ની અનેક યોજનાઓનો સમાવેશ થાય છે.**

પોષણ

- કુપોષણ સામે અભિયાન મુખ્યત્વે આંગણવાડીના માળખા દ્વારા ચલાવવામાં આવી રહેલ છે. સમાજના છેવાડાના કુટુંબના બાળકોમાં સંસ્કાર સિંચન થાય, આરોગ્યની કાળજી લેવાય તે હેતુથી આંગણવાડીને અનેક રીતે સક્ષમ બનાવવી જરૂરી છે. તે આયોજન અંતર્ગત ૧૨,૦૪૫ **નંદઘરના બાંધકામ** માટે **જોગવાઈ ` ૪૧૧.૯૧ કરોડ.**
- અંતરિયાળ વિસ્તારોમાં અનેક જૂના આંગણવાડી મકાનોને વધુ સારા બનાવવા માટે **સમારકામ તેમજ સાધનસુવિધા** માટે વધારાની **જોગવાઈ ` ૩૦.૩૨ કરોડ.**
- આંગણવાડીમાં બાયો–મેટ્રીક સિસ્ટમ ઉભી કરવા **જોગવાઈ ` ૨૦ કરોડ.**
- રાજ્યમાં કાર્યરત ૫૦ હજાર જેટલી આંગણવાડીમાં કામ કરતાં વર્કર અને હેલ્પર બહેનોને આપવામાં આવતા માનદવેતનમાં અનુક્રમે ` ૨૫૦ અને ` ૧૦૦ નો વધારો કરવામાં આવશે, જે માટે **જોગવાઈ ` ૨૧ કરોડ.**
- એક જાગૃત માતા કુપોષણથી મુક્તિ મેળવવા માટે સૌથી મોટી આશા છે. તેથી કોલેજો અને કૌશલ્યવર્ધન કેન્દ્ર દ્વારા **ન્યુટ્રીશન વિષય ઉપર સર્ટીફીકેટ કોર્સની** વ્યવસ્થા તેમજ તાલીમાર્થીઓને પ્રોત્સાહન માટેનું આયોજન.

**આરોગ્ય અને સુરક્ષા**

- અંતરિયાળ વિસ્તારમાં રહેતી મહિલાઓને પ્રસૂતિના સમયે ખૂબ જ ઉપયોગી બનેલ ૧૦૮ સેવાના વિસ્તરણ માટે **૫૦ નવી એમ્બ્યુલન્સ** વસાવવા માટે **જોગવાઈ ` ૭.૫૦ કરોડ.**
- **નિરાધાર વિધવા સહાય યોજના** હેઠળ બે બાળકોની મર્યાદામાં અપાતી ` ૮૦ ની સહાય વધારીને બાળક દીઠ ` ૧૦૦, તથા વિધવા બહેનોને મળતી ` ૫૦૦ ની સહાયમાં વધારો કરીને ` ૭૫૦ આપવામાં આવશે. કુલ **જોગવાઈ ` ૬૧.૪૬ કરોડ.**
- ગુજરાતમાં ૫૦ વર્ષમાં ૩૫ નારી અદાલતો કાર્યરત થઈ છે. મહિલા સશક્તિકરણની દિશામાં હરણફાળ ભરી મહત્વપૂર્ણ કદમ ઉઠાવી **૧૭ જિલ્લામાં, ૪૨ નવી નારી અદાલતો** ઊભી કરવા માટે **જોગવાઇ ` ૩.૫૮ કરોડ.**

**આર્થિક–સામાજિક સશક્તિકરણ**

- ખૂબ જ ટૂંકા ગાળામાં મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવતી મિશન મંગલમ યોજનાને અભૂતપૂર્વ સફળતા મળી છે. અભણ અને ગરીબ બહેનો પણ ઉમળકાભેર મિશન મંગલમ અંતર્ગત આર્થિક વિકાસમાં સક્રિય ભાગીદાર બની છે અને સ્વબળે લાભાર્થી બની છે. મિશન મંગલમની અભૂતપૂર્વ સફળતાથી પ્રેરાઇને ગુજરાતની ગરીબ બહેનો મોટી સંખ્યામાં આર્થિક પ્રવૃત્તિમાં ભાગીદાર બને તે હેતુથી ૨૪ લાખ સભ્ય સંખ્યા ધરાવતા બે લાખ કરતાં વધારે **સખી મંડળોને બેંકોના માધ્યમથી ` ૧૦૦૦ કરોડના ધિરાણની વ્યવસ્થા** ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમાં વધુ સહાયરૂપ બનવા માટે બેંક લોન ઉપર પાંચ ટકા **વ્યાજ સહાય** માટે **જોગવાઈ ` ૪૫ કરોડ.**
- **શહેરી વિસ્તારોમાં** પણ સખી મંડળોની રચના અને વિકાસ માટે **જોગવાઈ ` ૧૦ કરોડ.**
- મિશન મંગલમના ઉપક્રમે ૪૦,૦૦૦ મહિલાઓને **સ્વરોજગાર માટે તાલીમ** તથા ૨૦,૦૦૦ વ્યકિતગત રોજગારીનું નિર્માણ કરવા તેમજ ૧ લાખ ૨૦ હજાર **કિસાન મહિલા સશકિતકરણ પરિયોજના** હેઠળ

આવરી લેવા માટેનું આયોજન. આ કાર્યક્રમ કૃષિ ક્ષેત્ર અને બિનકૃષિ ક્ષેત્રની પ્રવૃત્તિ માટે જરૂરી એવી કાર્યકુશળતા વધારવા માટે, આધુનિક કૃષિ પધ્ધતિના માધ્યમથી મહિલાઓના શ્રમમાં ઘટાડો થાય, જમીન તથા પર્યાવરણ જાળવણી વિગેરેને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે.

- સમૃદ્રતટ વિસ્તારના સખી મંડળોને ખાનગી ઉદ્યોગો સાથે સાંકળીને **પીસી કલ્ચર તથા સી–વીડ કલ્ટીવેશન** જેવી પ્રવૃત્તિઓમાં જોડવાનું આયોજન છે.
- સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત **દૂધ મંડળીઓને જરૂરી માળખાકીય સુવિધાઓ** પૂરી પાડવાનું આયોજન.
- નવી પેઢીની યુવતિઓના આર્થિક સશક્તિકરણના ભાગરૂપે તેઓને શિક્ષણ ઉપરાંત વ્યવસાયિક તાલીમ આપવાના હેતુથી રાજ્યમાં **પાંચ નવી મહિલા આઈ.ટી.આઈ.** સ્થાપવા માટે **જોગવાઈ ` ૧.૨૫ કરોડ.**
- મહિલા સશક્તિકરણક્ષેત્રે ગુજરાતે અનેક નવતર યોજનાઓ દ્વારા ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. સમગ્ર દેશમાં પ્રથમ વાર એક નવતર પ્રયોગ કરવાની દિશામાં આપણે અગ્રેસર થયા છીએ, જેમાં માત્ર અને માત્ર મહિલાઓ દ્વારા સંચાલિત સ્વતંત્ર ઔદ્યોગિક વસાહત કાર્યરત કરવામાં આવશે. જી.આઈ.ડી.સી. દ્વારા સાણંદ વિસ્તારમાં ૯૦ હજાર ચોરસ મીટરના વિસ્તારમાં **મહિલાઓ માટે ઈકોનોમિક ઝોન**માં આ પ્રવૃત્તિ ધમધમતી થશે.
- લોકશાહીના ઈતિહાસમાં ગુજરાતે એક સ્વર્ણિમ પૃષ્ઠ ઉમેર્યું છે. સમગ્ર વિશ્વમાં ક્યાંય ન બની હોય તેવી ઘટના એટલે ૨૫૧ મહિલા સમરસ પંચાયતો. કહેવાતા પુરૂષપ્રધાન સમાજમાં આટલી મોટી સંખ્યામાં માત્રને માત્ર મહિલા સમરસ ગ્રામપંચાયતો બનાવીને ગુજરાતે એક પ્રેરક ઈતિહાસની રચના કરી છે. માતૃશક્તિનું અનોખું ગૌરવ કરનાર આ ગામોના ગ્રામવાસીઓ વિશેષ અભિનંદનના અધિકારી છે. આવી ૨૫૧ મહિલા સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન માટે ` **૭.૫૬ કરોડ** ચૂકવવામાં આવેલ છે, તે ઉપરાંત ૨૦૧૨–૧૩માં **જોગવાઈ ` ૧.૫૦ કરોડ.**

યુવા શક્તિ

ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે. ભારતમાં ૬૫ ટકા જેટલી જનસંખ્યા ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. આર્થિક વિશ્વમાં **Demographic Dividend** એક મહત્વના પરિબળ તરીકે સ્વીકારાયું છે. વર્તમાનમાં આ સૌભાગ્ય ભારતને મળ્યું છે. પરંતુ જ્યાં સુધી યુવાશક્તિને સામર્થ્યવાન ન બનાવવામાં આવે, જ્યાં સુધી યુવાશક્તિને રાષ્ટ્રના વિકાસની અગ્રિમ હરોળમાં મૂકવામાં ન આવે, ત્યાં સુધી યુવાશક્તિનો લાભ મેળવી ન શકાય. મુખ્યમંત્રીશ્રીના શબ્દોમાં કહીએ તો, **skill + will + zeal = win.** અર્થાત, કૌશલ્ય, દ્રઢ ઇચ્છાશક્તિ અને ઉત્સાહનો સુમેળ એટલે વિજય.

આ વર્ષે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતીને ગુજરાતમાં **યુવાશક્તિ વર્ષ** તરીકે ઉજવીએ છીએ ત્યારે યુવાનોના સ્કીલ ડેવલપમેન્ટ–"હુન્નર"–ને પ્રાથમિકતા આપી છે. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતીનો શુભારંભ તારીખ ૧૨ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામના શુભાશિષ સાથે શરૂ થયેલ છે. રાજ્યના યુવાનો સ્વામી વિવેકાનંદને આદર્શ તરીકે સ્વીકારે અને જીવનમાં ચારિત્ર ઘડતર, રાષ્ટ્ર ઘડતર જેવા આદર્શોને મૂર્તિમંત કરવા પ્રવૃત્તિશીલ થાય તેવા આયોજનો માટે જોગવાઈ ` **૭૫ કરોડ**.

યુવા શક્તિને સામર્થ્યવાન બનાવવાના સ્વપ્ન સાથે કૌશલ્યવર્ધન, ભાવિલક્ષી શિક્ષણ, ખેલદીલીની ભાવનાની કેળવણી અને વ્યવસાયલક્ષી સંવર્ધનને કેન્દ્રસ્થાને રાખી આયોજનો કરવામાં આવ્યા છે, જેમાં મુખ્યત્વે **શિક્ષણ વિભાગ**, **શ્રમ અને રોજગાર વિભાગ**, **રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ**ની યોજનાઓનો સમાવેશ કરેલ છે.

**કૌશલ્યવર્ધન**

- ગુજરાતના અપ્રતિમ ઔદ્યોગિક વિકાસના ફળ ગુજરાતના યુવાનોને મળે તે માટે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ૪.૫ લાખ યુવાનોને વિશેષ તાલીમ આપવાની યોજના સરકારે ઘડેલ છે. જેના ભાગરૂપે **૧૦ નવી આઈ.ટી.આઈ**. શરૂ કરવા, **૫૦ આઈ.ટી.આઈ.ના નવા મકાન**નું નિર્માણ તેમજ ૨૭ આઈ.ટી.આઈ.ના વિસ્તરણ માટે **જોગવાઈ ` ૧૩૦ કરોડ.**
- **ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટને યુનિવર્સિટી** તરીકે વિકસાવવા માટે **જોગવાઈ ` ૯ કરોડ.**
- હાલની આઈ.ટી.આઈ.માં ૧૨,૭૮૦ બેઠકોની ક્ષમતા વધારવા **જોગવાઈ ` ૧૧.૬૦ કરોડ.**
- સાણંદ ખાતે ઓટોમોબાઈલ તાલીમ કેન્દ્ર બનાવવા **જોગવાઈ ` ૧૦ કરોડ.**
- ૩૫ નવા કૌશલ્યવર્ધન કેન્દ્રો શરૂ કરવામાં આવશે તે પૈકી પાંચ કૌશલ્યવર્ધન કેન્દ્રો વિકલાંગો માટે શરૂ કરવામાં આવશે, જે માટે **જોગવાઈ ` ૭ કરોડ.**
- **ઉમ્મીદ યોજના** હેઠળ ૬૦,૦૦૦ શહેરી યુવક–યુવતિઓને **વ્યવસાયલક્ષી તાલીમ** આપવા **જોગવાઈ ` ૧૩.૬૯ કરોડ**.
- **ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસિ –૨૦૦૯** હેઠળ **૧૦૦ નવા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર** શરૂ કરવાનું આયોજન. જેમાં ૬૦,૦૦૦ યુવાનોને તાલીમ આપી ઉદ્યોગલક્ષી માનવબળ તૈયાર કરવામાં આવશે.
- તકનિકી સંસ્થાઓના વિદ્યાર્થીઓને રાજયની નગરપાલિકાઓ, અને મહાનગરપાલિકાઓમાં પ્રત્યક્ષ તાલીમ આપી શકાય અને સર્જનશીલ યુવાધનનો વહીવટને પણ લાભ મળે તેવા ઉમદા હેતુથી **ટેકનો–સેવા**ની યોજના.
- એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓને વાસ્તવિક કાર્યાનુભવનો લાભ આપવા અને સાથોસાથ ગ્રામ વિકાસમાં તકનિકી જ્ઞાનને સાંકળી લેવા માટે **વિશ્વકર્મા યોજના** ઘડવામાં આવશે, જે અંતર્ગત ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી હેઠળની એન્જિનીયરીંગ કોલેજો દ્વારા ર્રબન વિસ્તારના ગામ દત્તક લઈ તે ગામના વિકાસમાં ટેકનોલોજી કેવી રીતે સંકલિત અને સર્વગ્રાહી વિકાસ સિદ્ધ કરી શકે તેની ભલામણો આપશે અને તેના અમલીકરણ સુધી તેમની સેવા આપશે. **ડિઝાઈન ટુ ડીલીવરી**નો આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.
- સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીમાં સ્કીલ ડેવલપમેન્ટ એક કેન્દ્રવર્તી વિચાર છે. ભૂતકાળામાં યુવાનોની અંદર જીવનલક્ષી આવડત (સોફ્ટ સ્કીલ્સ) અને તે પૈકી ખાસ કરીને તેમનામાં અંગ્રેજી ભાષાનો વિકાસ કરવા માટે સ્કોપ (SCOPE) કાર્યક્રમથી ૨.૫૬ લાખથી વધુ યુવાનોને સોફ્ટ સ્કીલ્સની તાલીમ આપવામાં આવી છે. વર્તમાન યુગ ટેકનોલોજીનો યુગ છે. આવનાર વર્ષોમાં માનવ સમાજની વિકાસયાત્રામાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક મહત્વનું ચાલક બળ બનવાનું છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી અંગેની આવડત અને તેનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે અને તેઓ વિશ્વના પ્રવાહ સાથે ચાલી શકે તે હેતુથી ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં યુવાનોને તાલીમબદ્ધ કરવા માટે એક વ્યાપક અભિયાન શરૂ કરવાની સરકારની નેમ છે. આ કાર્યક્રમને **ઈમ્પાવર** (**eMPOWER**) એટલે કે **ઈલેક્ટ્રોનિક મેનપાવર** તરીકે ઓળખવામાં આવશે. આ કાર્યક્રમ થકી દરેક તાલુકામાં લગભગ ૧૦૦૦ યુવાનોને કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીની પાયાની તાલીમ આપવામાં આવશે અને ત્યાર પછી રસ ધરાવનારા યુવાનોને વધુ તાલીમની પણ વ્યવસ્થા કરવામાં આવશે. આવનારા દિવસોમાં લાખો યુવક–યુવતિઓને આ કાર્યક્રમ થકી તાલીમ આપી તેમને વૈશ્વિક હરોળમાં ઉભા રહેવા માટે સુસજ્જ કરવામાં આવશે, જે માટે **જોગવાઈ ` ૨૫ કરોડ.**
- સંસ્કૃત ભાષા આપણા અમૂલ્ય વારસાની વાહક તો છે જ. તદુપરાંત ભારતની પૌરાણિક સંસ્કૃતિ, પરંપરાઓ, જીવન સંસ્કાર અને પ્રાચીન મૂલ્યોનો અખૂટ જ્ઞાન–ભંડાર સંસ્કૃત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ

ગ્રંથોના અભ્યાસથી આજના યુવાનો ઘણુ શીખી શકે તેમ છે. સ્વામી વિવેકાનંદ જેવા આધુનિક ભારતના સંતો એ પણ આ જ ભંડારના જ્ઞાનને પ્રેરણા તરીકે લઈ રાષ્ટ્ર નિર્માણ માટે યુવાનોને હાકલ કરી છે. **સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતીના અવસરે સંસ્કૃતના અભ્યાસમાં જોડાયેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન** પૂરું પાડવાના હેતુથી સંસ્કૃત પાઠશાળામાં આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં વધારો કરતાં, મધ્યમા કક્ષામાં ` ૨૫ થી વધારીને ` ૧૫૦, શાસ્ત્રી કક્ષામાં ` ૩૫ થી વધારીને ` ૨૦૦ અને આચાર્ય કક્ષામાં ` ૫૦થી વધારીને ` ૪૦૦ કરવામાં આવશે. વધુમાં, સરકારી તેમજ અનુદાનિત સંસ્કૃત પાઠશાળાઓમાં પ્રાચીન ગ્રંથો, સંસ્કૃતના પુસ્તકો તેમજ વેદ પૂરા પાડવાનું અને તેમની જાળવણી અને સંરક્ષણ માટે સહાય આપવાનું આયોજન છે.તદુપરાંત, સંસ્કૃત પાઠશાળામાં શાસ્ત્રોક્ત અભ્યાસ માટે વધારાના આઠ અનુદાનિત વર્ગો શરૂ કરવાનું આયોજન છે.

- દેશ–વિદેશના પ્રવાસીઓનું ગુજરાત તરફ ધ્યાન કેન્દ્રિત થયું છે. ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ ઝડપથી વિકસી રહ્યો છે, ત્યારે પારંપરિક શિક્ષણ ઉપરાંત કૌશલ્ય આધારિત અભ્યાસક્રમો થકી યોગ્ય માનવબળ તૈયાર કરવા **ટુરિસ્ટ ગાઇડ** જેવા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોનું આયોજન.
- **રક્ષાશક્તિ યુનિવર્સિટીના** માધ્યમથી ગુજરાતના યુવક–યુવતિઓ વધુને વધુ પ્રમાણમાં સૈન્યની ત્રણે પાંખોમાં પ્રવેશ મેળવી શકે તે માટે વેકેશનમાં **વિશેષ તાલીમ** કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

**ભાવિલક્ષી શિક્ષણ**

- આધુનિક અર્થતંત્રને જરૂરી એવા માનવબળ તૈયાર કરવા **અમદાવાદ ખાતે** ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઇજનેરી તેમજ મેનેજમેન્ટ માટે અલાયદી સ્વાયત્ત **યુનિવર્સિટી** સ્થાપવા માટે **જોગવાઇ ` ૬૭ કરોડ.**
- સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધારવા માટે આર્ટસ, કોમર્સ અને સાયન્સની **નવી ૧૫ કોલેજો** શરૂ કરવામાં આવશે.
- અસંગઠિત શ્રમયોગીઓને વ્યાવસાયિક તાલીમ આપવા તેમજ તેમના બાળકોને અભ્યાસ માટે **જોગવાઈ ` ૪.૫૦ કરોડ.**

**રમતગમત પ્રવૃત્તિ**

- **"જે ખેલે તે ખીલે"** ની સંકલ્પનાને ચરિતાર્થ કરતાં ખેલ મહાકુંભની સફળતા બાદ સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીમાં ખાસ વિભાગ તેમજ **પ્રતિભા સંવર્ધન કેન્દ્રો** દ્વારા શ્રેષ્ઠ ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની વિશેષ તાલીમ આપવાની યોજના માટે **જોગવાઈ ` ૧૦ કરોડ.**
- ગિરનાર, સાપુતારા અને માઉન્ટ આબુ ખાતે યોજાતા પર્વતારોહણ **તેમજ સાહસિક રમતો માટે તાલીમ કેન્દ્ર**નું આયોજન**.**

**સાહસવૃત્તિનું સંવર્ધન**

- ભારતમાં પ્રતિભાવાન યુવાનોની ખોટ નથી. યુવાનોમાં પડેલી સર્જનશીલતા અને પ્રયોગશીલતાને યોગ્ય વાતાવરણ પૂરૂ પાડવામાં આવે તો વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે માનવકલ્યાણકારી અનેક નવા સંશોધનો પ્રાપ્ત થાય. આ ઉમદા હેતુને પાર પાડવા વિશ્વકક્ષાના સંકુલ **"ઇન–ક્રીએટ"**ના નિર્માણ થકી આવી તક પૂરી પાડવાનું મહત્વાકાંક્ષી પગલું ભર્યું છે.
- યુવા વ્યાવસાયિકો વિદેશમાં પણ ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે અને ડોક્ટર અને એડવોકેટ જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને લોન અને આર્થિક સહાય આપવાની વ્યવસ્થા પણ છે.
- આદિવાસી વિસ્તારમાં આદિજાતિના એમ.બી.બી.એસ. ડોક્ટરને પોતાનું દવાખાનું સ્થાપવા માટે ` **૫૦ લાખની** મર્યાદામાં લોન પર **છ ટકા વ્યાજ સહાય** આપવાનું આયોજન.

આમ, રાજ્ય સરકારે વિવિધ વિભાગોની યોજનાઓના લાભ થકી મહિલાઓ, બાળકો અને યુવાધનને તેમની જરૂરિયાત અનુસારની આર્થિક મદદ, માર્ગદર્શન અને તમામ પ્રકારની સહાય મળી રહે તેવું સર્વગ્રાહી આયોજન કર્યું છે. સરકારના અન્ય વિકાસલક્ષી આયોજનની રૂપરેખા આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરૂ છું.

**રાજ્યમાં આંતરમાળખાકીય વિકાસ**

ગુજરાત રાજ્યની સુદ્રઢ અને સબળ આંતરમાળખાકીય વ્યવસ્થા રાજ્યના આર્થિક વિકાસની સફળતાનું મુખ્ય પાસું રહેલ છે, જેમાં માર્ગ, સિંચાઇ, પાણી પુરવઠા અને ઉર્જાનું વિસ્તૃત માળખું તેમજ વાહનવ્યવહાર, બંદરો, વિગેરેનો સમાવેશ થાય છે.

**વિરામનો સમય રદ કરી અંદાજપત્ર પ્રવચનનું વાચન પૂરું તેમજ સભાગૃહનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી પંકજકુમાર વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી રિસેસનો સમય રદ કરીને માનનીય નાણામંત્રીશ્રીના અંદાજપત્ર પ્રવચનનું વાંચન પૂરું થાય અને અંદાજપત્ર રજૂ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવા પ્રસ્તાવ રજૂ કરું છું.

**શ્રી ઇકબાલ પટેલ ( કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી**: સભાગૃહ સંમત છે? ( થોડી વાર બાદ ) વિરામનો સમય રદ કરી, અંદાજપત્રનું પ્રવચન ચાલુ રહે અને અંદાજપત્ર રજૂ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી વજુભાઇ વાળા (નાણા મંત્રીશ્રી) ઃ જળસંપત્તિ અને કલ્પસર વિભાગ હેઠળ જોગવાઈ ` ૨૩૦૦ કરોડ.**

- ઘરોઇ, કડાણા, પાનમ, મહી, ઉકાઇ, શેત્રુંજી, મચ્છુ–૧, ઉંડ, ભાદર, સુખી, કચ્છની મધ્યમ સિંચાઇ યોજનાઓ સહિત રાજયની સિંચાઇ યોજનાઓમાં નહેર સુધારણાના કામો માટે ` **૨૧૯ કરોડની જોગવાઇ** કરેલ છે.
- તદ્ઉપરાંત સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના તેમજ અન્ય યોજનાઓ હેઠળ નવા ચેકડેમો, તળાવો, પાતાળ કૂવાઓ અને ભૂગર્ભ જળ રીચાર્જનાં કામો માટે **જોગવાઇ ` ૪૩૯ કરોડ.**
- સુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદા આધારિત પાઈપલાઈન દ્વારા રાજ્યના વિવિધ જળાશયોને ભરવાના કામો જેવા કે,
    - સાબરકાંઠા જિલ્લાના વાત્રક, માઝમ તથા મેશ્વો ડેમ માટે **જોગવાઇ ` ૧૪૦ કરોડ.**
    - બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા અને સીપુ જળાશયો માટે **જોગવાઇ ` ૧૦૦ કરોડ.**
    - પાટણ થી સિધ્ધપુર તાલુકાના ડીંડરોલ સુધી નવી પાઇપ લાઇન માટે **જોગવાઇ ` ૪૫ કરોડ.**
    - સુરેન્દ્રનગર તથા ભાવનગર જિલ્લાના સુખભાદર, ગોમા, કાનીયાડ અને બોટાદનું કૃષ્ણસાગર તળાવ ભરવા માટે **જોગવાઇ ` ૧૨૫ કરોડ.**
    - કડી તાલુકાના કરણનગરથી મહેસાણા તાલુકાના ધાંધુસણ સુધીની પ્રથમ તબક્કાની ૩૧ કિલોમીટર લાંબી પાઇપલાઇન ` **૧૭૦ કરોડ**ના અંદાજિત ખર્ચે પીપીપી ના ધોરણે હાથ ધરવાનું આયોજન.
- દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર– કચ્છ વિસ્તારમાં દરિયાઇ ધોવાણ અટકાવવા તથા ક્ષાર પ્રવેશ રોકવા **જોગવાઇ ` ૧૧૩.૩૭ કરોડ.**
- ઈન્દ્રોડા પાસે સંત સરોવર બૅરેજના કામ માટે **જોગવાઇ ` ૪૦ કરોડ.**
- કલ્પસર પ્રભાગ માટે ફાળવણી ` **૪૦ કરોડ** જે પૈકી ભરૂચ પાસે ભાડભૂત વિયર માટે જોગવાઈ ` **૧૧.૮૦ કરોડ**.

- રાજયના આદિજાતિ વિસ્તારના ખેડૂતો માટે સિંચાઇ સુવિધાઓ વધારવા હયાત જળાશયો આધારિત પાનમ હાઇ લેવલ કેનાલ, ઉકાઇ–પૂર્ણા હાઇ લેવલ કેનાલ, જળસંચયના કામો જેવા કે, નવા ચેકડેમ, તળાવો ઉંડા કરવા, લીફ્ટ ઇરીગેશન યોજનાઓ, હયાત યોજનાની નહેર સુધારણા વિગેરે માટે **જોગવાઇ ` ૪૩૪ કરોડ સૂચવવામાં આવે છે.**
- અંબાજી થી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારના ખેડૂતો માટે સિંચાઈની સગવડ વધારવા માટે સેટેલાઈટની મદદથી કંટુર સર્વે કરાવી તળાવોનું વિસ્તૃતિકરણ અને નવા તળાવોના નિર્માણના વ્યાપક મહત્વાકાંક્ષી કાર્યો હાથ ધરવા માટે **જોગવાઈ ` ૨૭ કરોડ.**

**(અંદાજપત્રની રજૂઆતના અંતિમ ચરણ દરમ્યાન વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)**

**સરદાર સરોવર યોજના હેઠળ જોગવાઇ ` ૯૦૦૦ કરોડ.**

- આઝાદ ભારતના ઐક્યના ઘડવૈયા અને ગુજરાતના પનોતા પુત્ર **સરદાર વલ્લભભાઈ પટેલ**ની પ્રતિમા– **સ્ટેચ્યુ ઓફ યુનિટી** – વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા હોવા ઉપરાંત દેશની એકતાનું અડીખમ પ્રતિક બની રહેશે. ભારતના ગૌરવ સમા આ **સ્ટેચ્યુ ઓફ યુનિટી** માટે **જોગવાઈ ` ૧૦૦ કરોડ.**
- અગાઉ કૃષિ વિષયક આયોજનમાં નર્મદા આધારિત નહેરના કામોનો ઉલ્લેખ કરેલ છે, જે પૈકી ` **૧૫૧૪ કરોડ**ની જોગવાઈ સાથે સૌરાષ્ટ્ર વિસ્તારમાં ` **૨૬૦૦ કરોડ**ના ખર્ચે બોટાદ શાખા નહેર, મોરબી શાખા નહેર, ધ્રાંગધ્રા શાખા નહેર અને લીંમડી શાખા નહેરના કામો પૂર્ણ કરવાનું આયોજન છે. તદુપરાંત બોટાદ, મોરબી, ધ્રાંગધ્રા, માળિયા, લીંમડી અને વલ્લભીપુરના વિતરણ પદ્ધતિના કામો દ્વારા સુરેન્દ્રનગરના સાત તાલુકા, રાજકોટ જિલ્લાના બે તાલુકા, ભાવનગર જિલ્લાના પાંચ તાલુકા અને અમદાવાદ જિલ્લાના ચાર તાલુકામાં મળીને લગભગ ૬.૨૫ લાખ એકરમાં પિયતની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનું આયોજન.
- તે જ રીતે સાંતલપુર, વારાહી, રાપર અને ભચાઉ તાલુકાના ખેડૂતોને સિંચાઈની સવલત પૂરી પાડવા માટે ` **૭૧૩ કરોડની** તેમજ બનાસકાંઠા જિલ્લાના રાધનપુર, વાવ, થરાદ તાલુકાના વિસ્તારની છ શાખા નહેરો અને તેના ૮ લાખ એકરના પિયત વિસ્તારમાં કામો પૂર્ણ કરવા માટે ` **૪૪૭ કરોડની જોગવાઈ કરેલ છે.** ઉત્તર ગુજરાતના કડી, દેત્રોજ, વિરમગામ, સમી, હારીજ તાલુકાના વિસ્તારોને શાખા નહેરોના કામો અને તેના ૮ લાખ એકરના પિયત વિસ્તારોમાં કામો પૂર્ણ કરવા માટે **જોગવાઈ ` ૫૨૧ કરોડ.**
- નર્મદા મુખ્ય નહેર તથા તેને સંલગ્ન વડોદરા અને સાંકરદા શાખા નહેરના કેનાલ ઓટોમેશનની કામગીરી હાથ ધરવાનું આયોજન જેના માટે **જોગવાઈ ` ૧૦૪ કરોડ.**
- સરદાર સરોવર બંધના ડાઉન સ્ટ્રીમમાં ૧૧ કિલોમીટર સુધીના ૩૦,૮૦૦ લાખ ઘનફૂટ પાણીનો સંગ્રહ અને વધારાનું વીજ ઉત્પાદન થાય તે માટે ગરૂડેશ્વર પાસે ` **૩૦૦ કરોડ**ના ખર્ચે વીયર બાંધવા માટે **જોગવાઈ ` ૫૦ કરોડ.**

**પાણી પુરવઠા પ્રભાગ હેઠળ જોગવાઈ ` ૨૫૦૦ કરોડ.**

- રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં ૯૦૦ ગામોને પાણી પૂરું પાડવા માટે નાવડાથી બોટાદ, નાવડાથી બુધેલ, ઢાંકીથી નાવડા, ઢાંકીથી માળીયા અને ઢાંકીથી રતનપર વચ્ચે કુલ ૪૬૭ કિલોમીટર લાંબી બલ્ક પાઇપલાઇના કામો માટે **જોગવાઈ ` ૧૪૨૫ કરોડ.**

- રાજકોટ, મોરબી, મહેસાણા, અંકલેશ્વર, ભરૂચ, વાપી, વલસાડ જેવા ઔદ્યોગિક વિકાસ ધરાવતા અને ઝડપથી વિકસતા જતા શહેરોની આજુબાજુના વિસ્તારોમાં રહેતા નાગરિકો માટે શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા કરવા **જોગવાઇ ` ૧૫૦ કરોડ.**
- રાજ્યના સાગરકાંઠાના વિસ્તારોમાં પાણી પુરવઠાની વ્યવસ્થા સુદૃઢ કરવા માટે સાગરખેડૂ વિકાસ યોજના હેઠળ **જોગવાઇ ` ૧૮૦ કરોડ.**
- રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પાણી પુરવઠાની વ્યવસ્થા સુદૃઢ કરવા માટે **જોગવાઇ ` ૩૧૬.૧૦ કરોડ.**
- અનુસુચિત જાતિ પેટા યોજના માટે **જોગવાઇ ` ૫૭ કરોડ.**
- વિવિધ જિલ્લાના લગભગ ૧૬૦૦ ફળિયાઓમાં પાણીના સ્રોતોનો આવરો વધારવા **જોગવાઇ ` ૫૦ કરોડ.**
- વાસ્મો યોજના હેઠળ પાણી સમિતિઓ દ્વારા ૧૨૦૦ ગામોમાં આંતરિક વિતરણ વ્યવસ્થા ઉભી કરવા માટે **જોગવાઇ ` ૧૫૦ કરોડ.**
- દાહોદ અને ભાવનગર શહેરોમાં પીવાના પાણીની સુવિધા આપવા માટે **જોગવાઇ ` ૧૫૦ કરોડ.**

**માર્ગ અને મકાન વિભાગ હેઠળ જોગવાઇ ` ૪૨૬૦ કરોડ.**

- રાજ્યના શહેરો અને ગામોને જોડતા ૫૮૦૦ કિલોમીટરના રસ્તાઓના અપગ્રેડેશન માટે ` **૧૪૦૦ કરોડ**નું આયોજન.
- ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનને જોડતા ૧૧૭ કિલોમીટર લંબાઇના અમદાવાદ–ધોલેરા એકસપ્રેસ હાઇ–વે ના નિર્માણ માટે **જોગવાઈ` ૧૩૩ કરોડ.**
- વિકાસપથ યોજના અન્વયે ૧૮૦ કિલોમીટરના રસ્તાઓને રિ–સરફેસીંગનું ` **૧૩૩ કરોડ**ના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે, જેના માટે **જોગવાઈ` ૬૦ કરોડ.**
- બગોદરા–વટામણ–તારાપુર–વાસદ રસ્તાને છ માર્ગીય કરવા, સુરત–કડોદરા–બારડોલી અને અંજાર–ચીરાઈ રસ્તાને ચાર માર્ગીય કરવા તેમજ ભૂજ–ભચાઉ, વિગેરે રસ્તાઓને અંદાજે ` **૩૦૮૦ કરોડના** ખર્ચે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ પધ્ધતિથી સુદૃઢ અને વધુ પહોળા કરવાનું આયોજન.
- નવલખી, ઘોઘા તેમજ ઓખા બંદરો અને ઉમરગામ, સાવલી અને હાલોલ જેવા ઔદ્યોગિક વિસ્તારોને જોડતા કુલ ૩૪૦ કિ.મી.ના રસ્તાઓને ૧૦ મીટર પહોળા કરવા ` **૭૪૬ કરોડની** કિંમતે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ પધ્ધતિએ કામનું આયોજન.
- આણંદ, પાલનપુર, મહેસાણા અને સોભાસણ (જિ.મહેસાણા) પાસે ` **૧૫૦ કરોડની** અંદાજીત રકમના રેલ્વે ઓવરબ્રીજ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ પધ્ધતિએ બાંધવાનું આયોજન.
- સાણંદ અને મહેસાણાના અત્યંત મહત્વના બાય–પાસ માર્ગો **અંદાજે ` ૨૦૦ કરોડના** ખર્ચે નિર્માણ કરવાનું આયોજન.
- વિકાસપથ, કિસાનપથ તેમજ પ્રવાસીપથની યોજનાઓ આગળ ધપાવવા **જોગવાઇ ` ૨૯૪.૪૫ કરોડ.**
- જિલ્લા સેવા સદન તેમજ તાલુકા સેવા સદનના મકાનોના બાંધકામ માટે **જોગવાઈ` ૮૮.૫૦ કરોડ.**
- આદિવાસી વિસ્તારોમાં ૨૫૦ થી ઓછી તેમજ અન્ય વિસ્તારોમાં ૫૦૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામોને પાકા ડામર માર્ગોથી સાંકળી લેવા માટે **જોગવાઈ` ૧૫૦ કરોડ.**

- ડાંગ જિલ્લામાં મળેલી સફળતાને ધ્યાને લેતાં આદિવાસી વિસ્તારના અતિપછાત વિસ્તારોના ગામોને પાકા માર્ગોથી જોડવાનું આયોજન છે. જે અંતર્ગત સાગબારા, દાહોદ અને વિજયનગરના જંગલ વિસ્તારના ગામોને માર્ગોથી જોડવા માટે **જોગવાઈ ` ૫૦ કરોડ.**
- પાટનગર ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં મીઠા ખડક, ગાંધી ઉપવન, દાંડી પુલ, ગાંધી મ્યુઝીયમ સહિત સ્વર્ણિમ પાર્ક માટે **જોગવાઈ ` ૮૦ કરોડ.**
- કુલ ૧૫૭૬ કિલોમીટર ના રસ્તાઓના મજબૂતીકરણ **માટે ` ૨૨૦૦ કરોડના** ખર્ચે વિશ્વ બેંક સહાયિત ગુજરાત સ્ટેટ હાઇવે પ્રોજેક્ટનું આયોજન.
- અમદાવાદ–ખેડા જિલ્લાને વૌઠા પાસે જોડતા પુલના નિર્માણ માટે **જોગવાઈ ` ૧૬.૩૫ કરોડ.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હેઠળ જોગવાઈ ` ૧૦૮૧ કરોડ.**

ગુજરાત જે ઝડપથી વિકાસ સાધી રહ્યું છે તેને રેલ અને રોડ ઉપરાંત વૈકલ્પિક યાતાયાતથી જોડવામાં આવે તે અનિવાર્ય બની ગયું છે. ગુજરાત પાસે જ્યારે સક્ષમ વિકલ્પ છે ત્યારે પરંપરાગત યાતાયાત પ્રણાલિથી આગળ વધી ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો આપણી તાકાત બની રહે તેવા આયોજનો કરવા રહ્યા. દરિયાકિનારાના આવા મહત્વના શહેરોને જોડીને જળમાર્ગ યાતાયાતનું વિસ્તૃત નેટવર્ક સાગરકાંઠાના વિકાસને વેગ આપવા ઉપરાંત અર્થકારણને પણ વેગ આપશે, સામાન્ય માનવી માટે સમય અને ખર્ચ બંને દ્રષ્ટિએ કીફાયતી વ્યવસ્થા બની રહેશે અને પર્યાવરણના ક્ષેત્રે માનવજાતની મોટી સેવા થશે.

- ખંભાતના અખાતમાં ઘોઘા અને દહેજ વચ્ચે રો–રો ફેરી સેવા શરૂ કરવાના પહેલા તબક્કે **ફેરી ટર્મિનલ પરિયોજના** બાંધકામ માટે **જોગવાઈ ` ૨૫૫ કરોડ.**
- ઘોઘા અને દહેજ વચ્ચે રો–રો ફેરી સેવાની જેમ હજીરા, પીપાવાવ, જાફરાબાદ, ઓખા, જામનગર, મુન્દ્રા અને માંડવી જેવા બંદરો પર રો–રો ફેરી સર્વિસના ટર્મિનલ સ્થાપવા શક્યતાદર્શી અભ્યાસનું આયોજન.
- દરિયાઈ સીમાની સલામતી માટે પેટ્રોલીંગ કરતાં નૌ સેનાના જહાજો તેમજ વાણિજિયક વહાણોની સવલત માટે પોરબંદર ખાતે જેટીનું બાંધકામ કરવા **જોગવાઈ ` ૨૫૫ કરોડ.**
- ૧૬૦૦ નવી એસ.ટી.બસોની ખરીદી કરવા માટે **જોગવાઈ ` ૨૯૦ કરોડ.**
- સુરત, વડોદરા અને બાવળા ખાતે નવી આર.ટી.ઓ કચેરીના નિર્માણ માટે **જોગવાઈ `૧૩.૮૬ કરોડ.**

વર્તમાન યુગમાં માળખાકીય સુવિધાઓની સંકલ્પના રોડ અને રેલ પુરતી સીમિત રહી નથી. ઉર્જા ક્ષેત્રે માળખાકીય સુવિધાઓનું વૈજ્ઞાનિક અભિગમ સાથેનું નેટવર્ક જરૂરી બન્યું છે. લાંબાગાળાના લાભ માટે ઉર્જા ક્ષેત્રની માળખાકીય સુવિધાઓને અમે પ્રાથમિકતા આપી છે.

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ ૫૦ ટકા જેટલા વધારા સાથે જોગવાઈ ` ૩૭૩૧ કરોડ.**

- તા.૦૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ **૧૩૯૧૪** મેગાવોટની વીજ સ્થાપિત ક્ષમતામાં **એક જ વર્ષમાં ૩૩ ટકા** એટલે કે **૪૫૮૩** મેગાવોટ નો વધારો કરી તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ **૧૮૪૯૭** મેગાવોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવાનું આયોજન.
- વીજ પ્રવહનના માળખાને સુદૃઢ બનાવવા માટે કાલાવડ, કેશોદ, ધંધુકા, આંચલીયા(ભરૂચ) અને સાંતલપુર ખાતે ૪૦૦ કે.વી.ના પાંચ સહિત ૧૪૦ નવા સબ સ્ટેશનો ` **૭૬૫ કરોડના** ખર્ચે તૈયાર કરવાનું આયોજન.
- ૩૦૬૭ સર્કીટ કિલોમીટરની લંબાઇમાં નવી વીજ પ્રવહન લાઇન ઉમેરવાનું અને જૂની લાઈનોને બદલવાનું ` **૧૧૪૫ કરોડના** ખર્ચે આયોજન.

- ઝૂંપડા વીજળીકરણ યોજના, કુટિર જયોતિ યોજના, અનુસૂચિત જાતિ વિસ્તારમાં વીજળીકરણ યોજના અન્વયે એક લાખ ગરીબ પરિવારોને ઘરેલુ વીજ જોડાણ પૂરું પાડવાનું ` **૪૭ કરોડનું** આયોજન.
- ગ્રીન હાઉસ સિસ્ટમ માટે **૨૪ કલાક વીજળી** પૂરી પાડવાનું આયોજન.
- સાગરકાંઠા વિસ્તારમાં ભેજવાળા હવામાનને લીધે થતાં વીજ વિક્ષેપને નિવારવા માટે ડીસ્ટ્રીબ્યુશન લાઈનોની સુધારણા તથા ટ્રાન્સમિશન લાઈનોના સમારકામ માટે **જોગવાઈ ` ૨૨૭ કરોડ.**
- રાજ્યના દીર્ઘદ્રષ્ટિભર્યા આયોજનના ભાગરૂપે બિન પરંપરાગત ઉર્જા શક્તિનો વિકાસઃ
    - **એશિયામાં સૌથી મોટું અને દેશમાં એકમાત્ર,** પાટણ જિલ્લામાં આવેલ "સ્વર્ણિમ સોલર પાર્ક" ની વીજળીનું પ્રવહન માળખું ઉભુ કરવાનું આયોજન, જે માટે એશિયન ડેવલપમેન્ટ બેન્કે ` **૫૦૦ કરોડ**ની રકમ મંજૂર કરેલ છે.
    - પાટનગર ગાંધીનગરને સોલર સિટી બનાવવાના હેતુથી **રૂફટોપ સોલાર પાવર જનરેશન યોજના** હેઠળ ગાંધીનગર શહેરમાં પાંચ મેગાવોટે જેટલી ક્ષમતા ટૂંક સમયમાં ઊભી થશે અને રાજકોટ, મહેસાણા, સુરત, ભાવનગર અને વડોદરા ખાતે દરેક શહેરમાં યોજનાને વિકસાવવાનું આયોજન.
    - સમગ્ર વિશ્વ જ્યારે ઉર્જાના ભયંકર સંકટ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે સૌર ઉર્જા જેવા માધ્યમો થકી જ આપણે આપણી આવશ્યકતાઓ પૂર્ણ કરી શકીશું. ગુજરાતે જમીન પણ બચે, પાણી પણ બચે, ટ્રાન્સમીશન લોસ પણ બચે તેવા વિચારથી નવતર આયોજન હાથ ધર્યું છે. દેશમાં પ્રથમવાર, નર્મદા કેનાલની સાણંદ શાખા નહેર પર સોલર પેનલ ઊભી કરી વીજ ઉત્પાદન કરવામાં આવશે.
    - પવન ઉર્જાની કુલ ૫૦૦ મેગા વોટ ક્ષમતા ઉમેરવાનું આયોજન.
    - ગ્લોબલ વોર્મિંગના કારણે આખા વિશ્વ માટે બિનપરંપરાગત ઉર્જા તરફ જવું અનિવાર્ય બન્યું છે. ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર સમુદ્રકિનારાના ઉછળતા મોજાને સમૃદ્ધિની લહેરોમાં કેવી રીતે ફેરવવા, તે માટે હિન્દુસ્તાનમાં સૌ પ્રથમવાર ટાઇડલ ઉર્જાના ઉત્પાદનમાં ગુજરાત ડગ માંડવા જઈ રહ્યું છે. એ જ રીતે તુલસીશ્યામ, ઉનાઈ, ટુવાટીમ્બા જેવા સ્થળોએ આવેલા ગરમ પાણીના ઝરા જીઓ–થર્મલ ઉર્જાની ગુજરાતમાં વિશાળ સંભાવનાઓ હોવાનો સંકેત છે. પ્રાયોગિક ધોરણે તેના અભ્યાસ માટે સંશોધનનું આયોજન કરવા **જોગવાઈ ` ૫૦ કરોડ.**
    - ગુજરાતમાં જે રીતે સૌર–ઉર્જા, પવનઉર્જા અને બાયોમાસ દ્વારા વીજ ઉત્પાદન અવિરત ઝડપથી વિકસી રહ્યું છે ત્યારે વૈકલ્પિક ઉર્જાક્ષેત્રે તાલીમબદ્ધ યુવાધનની ગામેગામ જરૂર પડશે. તેના માટેનું પ્રાથમિક ટેકનિકલ શિક્ષણ આપી તાંત્રિક માનવશક્તિ તૈયાર કરવા તાલીમ સંશોધન સંસ્થાની સ્થાપના માટે **જોગવાઈ ` ૧૦ કરોડ.**
- આંતરમાળખાકીય સુવિધાઓની દ્રષ્ટિએ જુઓ તો **ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય** છે, જેણે ગેસગ્રીડ દ્વારા સેંકડો કિલોમીટરની પાઈપલાઈનો રાજ્યના ખૂણેખૂણે પાથરી છે. ગુજરાત માટે ગૌરવની બાબત એ છે કે ગેસ પ્રવહન ક્ષેત્રે કામ કરતી ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લી. કંપની આજે સમગ્ર દેશમાં સૌથી મોટી બે કંપનીઓ પૈકીની એક છે. માર્ચ–૨૦૧૩ સુધીમાં અંદાજે ૫૪૪ કિ.મી.ની લંબાઇ ધરાવતી પાઇપ લાઇનનું કામ પૂર્ણ કરવાનું આયોજન છે.
- ગુજરાતની જી.એસ.પી.સી ગેસ કંપની માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળામાં દેશની સૌથી મોટી પીએનજી ગેસ વિતરણ કંપની બની ચુકેલ છે. આ કંપની તેમજ સાબરમતી ગેસ કંપની દ્વારા લગભગ એક લાખ નવા રહેણાંકના જોડાણો આપવામાં આવશે, જેના પરિણામે ગેસ જોડાણની સંખ્યા લગભગ પાંચ લાખ સુધી પહોંચશે અને લગભગ ૫૧૫ ગામો અને શહેરોને પાઇપગેસ પહોંચાડતી દેશની પ્રથમ કંપની બનશે.

તદુપરાંત ૫૦ નવા સી.એન.જી. સ્ટેશન ઉમેરી કુલ **૨૦૫ સી.એન.જી. સ્ટેશન** દ્વારા વાહનો માટે ગેસ પૂરો પાડવામાં આવશે.

- ગેસ સિલીન્ડર પાછળ તેમજ ડીઝલ અને પેટ્રોલ ઉપર ભારત સરકારે કરોડોની સબસીડી ચૂકવવી પડે છે. ગુજરાતના ગેસ પાઈપલાઈનના આયોજનના કારણે ગામેગામ પાઈપ નેચરલ ગેસનો પુરવઠો વધ્યો છે જેનો રાજ્ય સરકાર સ્થાપિત એકમો પર તો ભારણ આવ્યું છે, પરંતુ તેનાથી કેન્દ્ર સરકારે આપવી પડતી સબસીડીમાં પ્રતિ વર્ષ લગભગ ` **૫૦૦ કરોડ**ની બચત થાય છે. આમ, ગુજરાતની આ સિદ્ધિ દેશના હૂંડીયામણ માટે પણ ઉપકારક સિદ્ધ થઈ છે.
- ૫૦ વર્ષ પૂર્વે તેલનો પ્રથમ કૂવો રાષ્ટ્રના ચરણે ધરવાનું સૌભાગ્ય ગુજરાતને મળ્યું હતું. આજે ગુજરાત દેશનું પેટ્રો–કેપિટલ બની ગયું છે. ગઈ કાલ સુધી ગુજરાત તેલના કૂવા, ગેસના સંશોધનો, ઓઈલ રિફાઈનરીના ક્ષેત્રે આગવું યોગદાન આપતું હતું. હવે સમગ્ર દેશમાં ગેસ અને ઓઈલ ક્ષેત્રે માળખાકીય સુવિધા ઊભી કરવાની દિશામાં ગુજરાતે ખૂબ ઊંચી ઉડાન ભરવાનું કામ માથે લીધું છે. પેટ્રો–કેમિકલના ક્ષેત્રે ગુજરાતની શાખને જોતાં ભારત સરકારે પણ આપણી સાથે ભાગીદારી કરવાની પહેલ કરી છે. ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લી. કંપની અને ભારત સરકારના જાહેર સાહસોની ભાગીદારીથી ` **૧૨,૫૦૦ કરોડ**ના ખર્ચે મલ્લાવરમ (આંધ્રપ્રદેશ) થી ભીલવારા (રાજસ્થાન) સુધી ૧૬૧૧ કિલોમીટરની, મહેસાણા (ગુજરાત) થી ભટ્ટીન્ડા (પંજાબ) સુધી ૧૬૮૮ કિલોમીટરની તેમજ ભટ્ટીન્ડા થી જમ્મુ સુધી ૭૨૦ કિલોમીટરમાં આંતરરાજ્ય પાઈપ લાઈન નાંખવાનો રાષ્ટ્રીય મહત્વનો પ્રોજેક્ટ આવતા ત્રણ વર્ષમાં હાથ ધરવામાં આવનાર છે. તેના પરિણામે દેશના ત્રીજા ભાગના ભૌગોલિક વિસ્તારને આવરી લેતું વિશાળ આંતરમાળખુ ઊભું કરવાનું સૌભાગ્ય ગુજરાતને મળશે.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ** હેઠળ **૫૦ ટકા** જેટલા વધારા સાથે **જોગવાઈ` ૫૬૭૦ કરોડ.**

ભૂતકાળમાં શહેરોનો વિકાસ, તેનું આયોજન – સઘળું જે–તે નગરોની પોતાની ક્ષમતા અને નાણાની ઉપલબ્ધતા પર નિર્ભર રહેતું હતું. ગુજરાતમાં જ્યારે ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે ત્યારે વિકાસની બાબતે વિશ્વના સમૃદ્ધ દેશોની સાથે સ્પર્ધા કરવાનું ગુજરાતે મન બનાવી લીધું છે, તેવા સંજોગોમાં સુનિયોજીત શહેરી વિકાસ અનિવાર્ય બન્યો છે. ટાંચા સાધનોથી નાના–નાના નગરો માટે આ સિદ્ધિ હાંસલ કરવી એ અઘરું કામ છે. તેથી રાજ્યે સ્વર્ણિમ જયંતી વર્ષે ` **૭૦૦૦ કરોડ**ના આયોજન સાથે **મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**નો આરંભ કર્યો હતો.

- **સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના**ની સફળતા જોતાં આ યોજનાને વધારે વ્યાપક બનાવી વધુ વેગવાન બનાવવાની સરકારની નેમ છે. આ કામ એટલુ વિરાટ છે કે આગામી પાંચ **વર્ષમાં ` ૧૮,૦૦૦ કરોડના ખર્ચનું આયોજન** છે. જેની સામે ચાલુ વર્ષે અંદાજપત્રમાં ` **૩૦૦૦ કરોડ**ની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. મુખ્યત્વે બાંધી આવકમાં જીવતા મધ્યમ વર્ગના શહેરીજનો માટે તે ઉપકારક થશે. આ યોજના અંતર્ગત અનેકવિધ કામો હાથ ધરાશે.
  - મધ્યમ વર્ગના માનવીનું એક સ્વપ્ન હોય છે કે તેનું ઘરનું ઘર હોય. રાજ્ય સરકારે ` **૨૦૦૦ કરોડ** જેટલી માતબર રકમના ખર્ચે મધ્યમવર્ગના માનવીને પોસાય તેવા લાખો મકાનોના નિર્માણની યોજના ઘડી છે.
  - સ્લમ વિસ્તારમાં રહેતાં શહેરીજનોનો માનવવિકાસ આંક ઉંચો લાવવા, પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય તથા પોષણને સઘન બનાવવાની નેમ.
  - શહેરી યુવાનોને તાલીમ આપી તેમનું કૌશલ્યવર્ધન કરવા તેમજ નવી વિકસતી આર્થિક પ્રવૃત્તિને અનુરૂપ રોજગારીનો લાભ આપવાનું લક્ષ્ય.

- શહેરોમાં આંતર માળખાકીય સુવિધાને સુદૃઢ બનાવવા તેમજ શહેરી પરિવહનનું નેટવર્ક ઉભું કરી શહેરીજનો માટે ઝડપી અને સસ્તી પરિવહન સેવા પૂરી પાડવાનું આયોજન.
- શહેરોની શેરીઓ તથા સોસાયટીઓના આંતરિક વિકાસ માટે આંતરિક રસ્તા, પેવીંગ તથા સ્ટ્રીટ લાઇટ જેવી પાયાની સગવડો ઉપલબ્ધ કરાવવા ` **૨૦૦૦ કરોડનું આયોજન.**
- શહેરોમાં પાણી પુરવઠા, ગટર વ્યવસ્થાનું સુદૃઢીકરણ માટે ` **૪૦૦૦ કરોડ**નું આયોજન.
- શહેરોમાં સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા નવીન શાળાઓના મકાન બાંધકામ તથા હાલની શાળાઓના મજબૂતીકરણ માટે ` **૭૫૦ કરોડ**, અર્બન હેલ્થ સેન્ટર માટે ` **૫૦૦ કરોડ**નું આયોજન**.**
- શહેરી વિસ્તારના નાના ભૂલકાંઓને અનુકૂળ વાતાવરણ મળી રહે તે પ્રકારે નંદઘર (આંગણવાડી)ની સુવિધાઓ ઊભી કરવામાં આવશે.
- **વાંચે ગુજરાત**ના અભિયાનને મળેલી અભૂતપૂર્વ સફળતાને જોતાં પુસ્તકાલયોનું આધુનિકરણ કરવાનો સમય પાકી ગયો છે. સમગ્ર ગુજરાતમાં ઇ–લાઇબ્રેરીનું માળખું ઊભું કરવામાં આવે તો ગામોગામ વાંચન માટે લાખો ઇ–પુસ્તકો અને હજારોની સંખ્યામાં ઇ–મેગેઝીન વિદ્યાર્થીઓ અને નાગરિકોને ઉપલબ્ધ થાય. તેથી રાજ્યભરમાં ઈ–લાઇબ્રેરીના આયોજન માટે વિશેષ જોગવાઈ.
- ખેલ મહાકુંભની સફળતાએ ગુજરાતમાં રમત–ગમતના વિકાસના એક નવા યુગના મંડાણ કર્યા છે, ત્યારે શહેરોમાં રમત–ગમતના વિકાસ માટે ખાસ જોગવાઇ.
- શહેરોને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ` **૫૦૦ કરોડ**, શહેરોમાં શાક માર્કેટ, સિઝનલ ધંધા તથા નાના વેપારીઓ માટે માર્કેટ, શહેરોમાં પાર્કીંગ તેમજ જાહેર શૌચાલયની સુવિધા પૂરી પાડવા માટે ` **૫૦૦ કરોડની જોગવાઇ.**

➢ **અમદાવાદ–ગાંધીનગર**ને જોડી ` **૧૫૦૦૦ કરોડના** ખર્ચે મોટા શહેરોમાં સસ્તી, સુરક્ષીત અને ઝડપી વાહનવ્યવસ્થા દ્વારા નાગરિકોને પૂરતી સગવડ મળી રહે તે હેતુથી મહત્વાકાંક્ષી **મેટ્રો પ્રોજેક્ટ** નિમિત્તે મેગા કંપનીને શેર ભંડોળ પેટે **જોગવાઇ ` ૫૦૦ કરોડ.**

➢ રેલ્વે ઓવરબ્રીજ/અંડરબ્રીજના બાંધકામ માટે **જોગવાઈ ` ૪૫ કરોડ.**

➢ પાંચ લાખ કરતા વધુ વસતી ધરાવતા શહેરોમાં ઘરવિહોણા ગરીબો માટે નાઈટ શેલ્ટર બાંધવાનું આયોજન.

## આર્થિક સેવાઓ

ધબકતું ગુજરાત અને ધમધમતું અર્થતંત્ર એ ગુજરાતની આગવી ઓળખ બની ગયા છે. ખાસ કરીને ઔદ્યોગિકક્ષેત્રે હજુ ઘણી નવી સંભાવનાઓ રહેલી છે. આર્થિક પ્રવૃત્તિઓમાં અનેક નવા ફલક સુધી વિસ્તરી શકાય તેમ છે. તે જ રીતે આર્થિક સેવા ક્ષેત્રે ગુણાત્મક પરિવર્તન બાબતે વૈશ્વિક અર્થતંત્રમાં પણ આપણે મજબૂતીનો અહેસાસ કરાવી શકીએ તેમ છીએ. આ બધી બાબતોને ધ્યાને લેતાં અનેક નવી બાબતો પરત્વે આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માંગું છું.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ જોગવાઈ ` ૨૮૦૦ કરોડ.**

- રાજ્યના GSDP માં ગુણવત્તાવાળી રોજગારી પૂરી પાડતો ઉત્પાદકીય ક્ષેત્રનો ફાળો ૨૦૧૭ સુધીમાં ૨૭ ટકા થી ૩૨ ટકા સુધી વધારવાનું ધ્યેય છે. તેથી રાજ્યની ઔદ્યોગિક પોલિસિ–૨૦૦૯ હેઠળ ચોક્કસ ક્ષેત્રોને પ્રાધાન્ય આપવા માટે **જોગવાઈ ` ૨૦૦ કરોડ.**
  - મુખ્ય ક્ષેત્રોમાં ટેકનિકલ ટેક્ષટાઇલ, ફુડ અને એગ્રો બીઝનેસ પાર્ક, ઓટો અને કોમ્પોનન્ટસ, સ્પેશ્યાલિટી અને ફાઇન કેમિકલ્સ, સોલર અને વીન્ડ ઇક્વીપમેન્ટ મેન્યુફેક્ચરીગ અને ઇલેક્ટ્રોનિક સિસ્ટમ ડિઝાઇન એન્ડ મેન્યુફેક્ચરીગ (ESDM)જેવા અનેક નવા ક્ષેત્રોમાં પદાર્પણ કરવાનું સુવિચારીત આયોજન છે.
- કપાસ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાતે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે અને હવે તો કપાસ બીજ ઉત્પાદન ક્ષેત્રે આપણે દેશમાં ઘણું યોગદાન આપી શકીએ તે સ્થિતિએ પહોંચી શક્યા છીએ. પરંતુ કપાસના ઉત્પાદનમાં મૂલ્યવૃદ્ધિ કરીને ઉત્પાદનની સંપૂર્ણ ચેઇનની દિશામાં આગળ ધપીએ તો જ રાજ્યને અને દેશને લાભ થાય. તેના માટે **જોગવાઇ ` ૭૦ કરોડ,** જેમાં,
  - **ફાર્મ ટુ ફેબ્રીક એટલે કે કપાસ થી તાંતણા, તાંતણાથી કાપડ અને કાપડથી રેડીમેઈડ ગાર્મેન્ટ** સુધીની ઉત્પાદનની સર્વગ્રાહી સાંકળ ઉભી કરવાનું આયોજન. જેનાથી કપાસ ઉત્પાદન કરનાર ખેડૂતોને ખૂબ મોટો લાભ મળશે.
  - રાજયની હાલની સ્પીંનીંગની ૨૫ લાખ સ્પિન્ડલની ક્ષમતાને વધારીને આગામી પાંચ વર્ષમાં બમણી કરવાના ઉદ્દેશથી કોટન સ્પીનીંગ એકમોને પ્રોત્સાહન.
  - સ્પીનીંગ પાર્કની રચનામાં આંતર માળખાકીય સવલતો.
- ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ અને પ્રવાસનના વિકાસને ધ્યાને લેતાં સ્ટેટ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની દ્વારા અંબાજી, પાલીતાણા, અંકલેશ્વર અને દ્વારકા ખાતે ચાર નવી એરસ્ટ્રીપનું નિર્માણ અને ઉડ્ડયન ઇન્સ્ટીટયુટને પ્રોત્સાહન આપવા માટે **જોગવાઇ ` ૬૦ કરોડ.**
- ધોલેરા ખાતે ઇન્ટરનેશનલ એરપોર્ટની સ્થાપના માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા શેર મૂડી પેટે **જોગવાઇ ` ૨૫ કરોડ.**
- મહાત્મા મંદિર પરિસરના વિસ્તૃતિકરણના ભાગરૂપે ફેઝ–૧–બી માં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંમેલનોને અનુરૂપ સુવિધાઓ ઊભી કરવા માટે **જોગવાઇ ` ૧૧૭.૫૦ કરોડ.**

**કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ**

- કુટીર ઉદ્યોગ દ્વારા રાજયના બે લાખ પંદર હજાર યુવાનો માટે પૂરક રોજગારીની તકો ઉભી કરવા તેમજ અસંગઠિત ક્ષેત્રના કારીગરોના વિકાસ માટેની યોજનાઓ માટે **જોગવાઈ ` ૧૬૫ કરોડ.**

**પ્રવાસન અને યાત્રાધામ પ્રભાગ**

ગયા થોડા વર્ષના આયોજનબદ્ધ પ્રયાસોના પરિણામે ગુજરાતે પ્રવાસનક્ષેત્રે એક ઓળખ ઉભી કરી છે. તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં એક જ વર્ષમાં લગભગ ત્રણ લાખ પ્રવાસીઓનો નોંધપાત્ર વધારો થયો છે. દેશમાં પ્રવાસીઓમાં થયેલ ૧૦ ટકા વધારાની તુલનામાં ગુજરાત ૧૬ ટકાના વધારા સાથે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગુજરાતને પ્રવાસનક્ષેત્રે રાષ્ટ્રીય એવોર્ડ પણ એનાયત થયેલ છે. પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે પ્રવાસનને વિકસાવવાની સરકારની નેમ છે. પ્રવાસન ક્ષેત્રે કચ્છ અને જૂનાગઢ જિલ્લા શિરમોર છે. આગામી સમયમાં સ્પીરીચ્યુઅલ ટુરિઝમ, હેરીટેજ ટુરિઝમ, હીસ્ટોરીકલ ટુરિઝમ, એડવેન્ચર ટુરિઝમ, ઈકો ટુરિઝમ, વોટર સ્પોર્ટસ જેવા વિવિધ આયામોની દિશામાં આપણે હજી આગળ વધીએ તે માટે નવી પ્રવાસન નીતિ રાજ્ય સરકાર દ્વારા લાવવાનું આયોજન પણ છે. જેમાં ટુરિસ્ટ ગાઈડ, ટુરિસ્ટ પોલીસ, ટુરિસ્ટ પબ્લીકેશન જેવી અનેક નવી પહેલ પ્રવાસનક્ષેત્રમાં ગુણાત્મક પરિવર્તન

લાવશે. એ દીવસો દૂર નહીં હોય જ્યારે ગુજરાત ઉત્તમ યજમાન તરીકે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઉભી કરશે. વિશેષ જોગવાઈઓ પૈકીઃ–

- સોમનાથ, દ્વારકા, જૂનાગઢ, પાલીતાણા, અંબાજી અને ડાકોર પવિત્ર યાત્રાધામ અને અન્ય ધાર્મિક સ્થળોના વિકાસ માટે **જોગવાઈ ` ૩૯ કરોડ.**
- સાબરકાંઠા જિલ્લામાં વિશાળ સંતનગરી માટે જોગવાઈ ` **૩.૫ કરોડ.**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ જોગવાઈ ` ૨૦૦ કરોડ.**

- સાયન્સ સીટી ખાતે ફેઝ–૨ ની કામગીરી માટે **જોગવાઈ ` ૩૫ કરોડ.**
- પાટણમાં વિજ્ઞાન મ્યુઝીયમ સ્થાપવા માટે **જોગવાઈ ` ૮.૩૩ કરોડ.**
- શાળા કક્ષાએ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે ૨૦૦૦ ગુજકોસ્ટ સાયન્સ ક્લબ અને તાલુકા કક્ષાએ ૫૦ લોક વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના સહિત વિજ્ઞાનના પ્રસાર માટે **જોગવાઈ ` ૧૦ કરોડ.**
- વિજ્ઞાન સંશોધનને પ્રોત્સાહન આપવા પાંચ સેન્ટર ઓફ એકસલન્સ અને ૨૦ માઈનોર રીસર્ચ પ્રોજેકટ સ્થાપવાનું આયોજન.
- સેટકોમની ડિજીટલ અપલીંકની ક્ષમતા વધારવાના હેતુથી ૧૧ મિટર કેયુ બેન્ડ અપલીંક એન્ટેના સ્થાપિત કરવા આયોજન.
- રાજ્ય સરકારના સઘન પ્રયત્નોથી ઈન્ડીયન કોમ્યુનિકેશન સેટેલાઈટ દ્વારા ૩૬ મેગા હર્ટઝ ટ્રાન્સપોન્ડર ઉપલબ્ધ થતાં ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણને અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડવા માટે પ્રથમ તબક્કે ૧૨ ચેનલો શરૂ કરવાનું આયોજન.

**સામાન્ય સેવાઓ**

રાજયભરમાં જાહેર વ્યવસ્થા અને વહીવટી માળખાકીય સેવાઓ પૂરી પાડીને ગુજરાત રાજ્યે વિવિધ ક્ષેત્રે ગુડ ગવર્નન્સ માટે રાષ્ટ્રીય અને આંતર રાંષ્ટ્રીય સ્તરે નામના મેળવેલ છે.

**વિકેન્દ્રિત આયોજન અને તાલુકા કેન્દ્રિત વિકાસ માટે જોગવાઈ ` ૯૭૮.૯૮ કરોડ.**

- વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમને તાલુકા કક્ષાએ સંગીન બનાવવા માટે **આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો** (A.T.V.T)યોજના હેઠળ ગામ, નાના શહેર અને છેવાડાના લોકોનું જીવનધોરણ સુધારવા તથા મૂળભૂત જરૂરિયાતો જેવી કે, ગ્રામ્ય આંતરીક રસ્તાઓ, ગટર વ્યવસ્થા, ઘન કચરાનો નિકાલ, પીવાના પાણીની વ્યવસ્થા જેવા પ્રશ્નોના નિરાકરણ માટે પ્રાન્ત અધિકારીના નેજા હેઠળની કાર્યવાહક સમિતિને ફાળવણી પેટે **જોગવાઈ ` ૪૦૩.૨૫ કરોડ**.
- વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ દરેક જિલ્લાના સંતુલિત વિકાસ માટે અનેક યોજનાઓ જેવી કે, વિવેકાધિન જોગવાઈ, પ્રોત્સાહક ખર્ચ જોગવાઈ, ૧૨ જિલ્લાના ભૌગોલિક રીતે પછાત વિસ્તારોના વિકાસ, જિલ્લા ઈનોવેશન ફંડ હેઠળ અસ્કમાયતોના સમારકામ, ૪૧ વિકાસશીલ તાલુકાના સર્વાંગી વિકાસ માટે ફાળવણી તથા સ્થાનિક મહત્વના સામૂહિક કામો માટે ફાળવણી કરવામાં આવે છે. આ વિવિધ યોજનાઓ માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ **જોગવાઈ ` ૫૭૫.૭૨ કરોડ.**

**ગૃહ વિભાગ હેઠળ જોગવાઈ ` ૧૦૩૪ કરોડ.**

કાયદો અને વ્યવસ્થા ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાતની આબરૂ ખૂબ ઊંચી છે. પરંતુ કાયદો અને વ્યવસ્થા ક્ષેત્રે જૂનીપુરાણી પદ્ધતિમાંથી ગુજરાત બહાર આવવા માંગે છે. આવનારી પેઢીને લાભ થાય તે માટે ગુજરાતે ત્રણ મહત્વની નવી **રક્ષાશક્તિ યુનિવર્સિટી**, **ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી** અને **ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે. આ ત્રણે એકમો ખાતે તૈયાર થનાર માનવબળ કાયદો અને વ્યવસ્થા

માટે ઉત્તમ ફોર્સ બની રહેનાર છે, જે ગુજરાતને આગામી પેઢીઓ સુધી સેવા પૂરી પાડશે. સમગ્ર દેશમાં આ પ્રકારે સંકલિત પ્રયાસનો પ્રયોગ પહેલવહેલો થઇ રહ્યો છે. સુરક્ષા ક્ષેત્રે કોસ્ટલ પોલીસ અને પ્રવાસન ક્ષેત્રે ટુરિસ્ટ પોલીસ જેવા સ્પેશલાઇઝડ એકમોના મહત્વને આપણે સ્વીકાર્યું છે.

આપણે ગર્વ સાથે કહી શકીએ કે પોલીસ બેડામાં છેલ્લા છ વર્ષમાં લગભગ ૨૬,૦૦૦ પોલીસકર્મીઓની નવી ભરતી થઇ છે, તેના કારણે ગુજરાતના પોલીસ બેડામાં ઉચ્ચ શિક્ષણ ધરાવતાં અને કોમ્પ્યુટરના જાણકાર ટેકનો–સેવી યુવાનો ખૂબ મોટી સંખ્યામાં મળ્યા છે. આટલા ટૂંકા ગાળામાં આટલી મોટી સંખ્યામાં ભરતીના કારણે ગુજરાતનો પોલીસ બેડો સરેરાશ ઉંમરની દ્રષ્ટિએ દેશનો સૌથી યુવા પોલીસ બેડો બનેલ છે.

- પોલીસતંત્રમાં આધુનિકરણ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પાયાની જરૂરિયાત હોય છે. કોમ્યુનીકેશન સિસ્ટમ સહિતના આધુનિકરણ માટે **જોગવાઇ ` ૫૦ કરોડ.**
- પોલીસ તંત્રને આધુનિક હથિયારો અને સાધન સામગ્રીની ખરીદી માટે **જોગવાઇ ` ૭૨.૫૦ કરોડ.**
- પોલીસ દળ માટે રહેણાંકના ૧૦૦૦ મકાનો તથા વિવિધ કચેરીઓના મકાનોના બાંધકામ માટે **જોગવાઇ ` ૧૦૦ કરોડ.**
- પોલીસતંત્રને ૫૦૦થી વધુ વાહનોથી સજ્જ કરવા માટે **જોગવાઇ ` ૨૯ કરોડ.**
- પોલીસતંત્રના વ્યાપને વધારતાં, ૧૭ નવા પોલીસ સ્ટેશન, ૧૧ પોલીસ સ્ટેશનના અપગ્રેડેશન, ૧૩ પોલીસ આઉટ પોસ્ટ માટે **જોગવાઈ ` ૨૨.૪૭ કરોડ.**
- શહેરી વિસ્તારોમાં ટ્રાફીક પોલીસની ૧૦૦૦ નવી જગ્યાઓ ઊભી કરવાનું આયોજન.
- કાયદા અને વ્યવસ્થાની જાળવણીમાં સમાજનો સહકાર મેળવવાના અભિગમના ભાગરૂપે કોમ્યુનીટી પોલીસીંગ માટે **જોગવાઇ ` ૧ કરોડ.**
- ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પામી છે. આપણા આ જમા પાસાને વધુ સબળ બનાવવાના નક્કર આયોજનો કરવામાં આવ્યા છે. ગુનાની વૈજ્ઞાનિક ઢબે તપાસને પ્રોત્સાહન આપવા FSL ને આધુનિક યંત્રો અને સાધનસામગ્રીથી સજ્જ કરવા **જોગવાઇ ` ૧૩.૨૦ કરોડ.**
- ન્યાય સહાયક વિજ્ઞાન (FSL) યુનિવર્સીટીના બાંધકામ માટે **જોગવાઈ ` ૧૭.૬૬ કરોડ.**
- પોલીસના જવાનોને સમયાંતરે યોગ્ય તાલીમ તેમને પડકાર ઝીલવાને સજ્જ કરે છે. મહેસાણા જિલ્લાના સુઢિયા ખાતે હોમ ગાર્ડની તાલીમ માટે અને પોલીસ કોન્સ્ટેબલ અને લોકરક્ષકોને તાલીમ આપવા માટે એક અલાયદા કેન્દ્રની સ્થાપના કરવાનું આયોજન.
- સમયની સાથે બદલાતી જતી ગુના–નિવારણની રાજ્યની સજ્જતાના ભાગરૂપે એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ સેલ સ્થાપવાનું તેમજ રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં તાલીમ આપીને કોસ્ટલ પોલીસ તેમજ ટુરિસ્ટ પોલીસ તૈયાર કરવાનું આયોજન.
- જેલ ખાતાના બાંધકામના કામો માટે **જોગવાઇ ` ૨૯.૩૪ કરોડ.**
- જેલોના અપગ્રેડેશન માટે સાધન સામગ્રી, સીસીટીવી સિસ્ટમ અને વાહનોની ખરીદી માટે **જોગવાઇ ` ૧૮ કરોડ.**

**મહેસૂલ વિભાગ હેઠળ જોગવાઈ ` ૭૬૦ કરોડ.**

- મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યની જમીનને લગતું તમામ રેકર્ડ આધુનિક ઢબે જાળવવા માટે નવતર અભિગમ અપનાવેલ છે, જેને આગળ ધપાવવાનું આયોજન છે. જિલ્લા કક્ષાએ આવેલ સીટી સર્વે કચેરીના રેકર્ડ રૂમ અદ્યતન કરવા **જોગવાઈ ` ૧૪ કરોડ.**

- હક્કપત્રક નોંધોના રજીસ્ટર સ્કેન કરી ડેટા બેઝ તૈયાર કરવા **જોગવાઈ` ૧૦ કરોડ.**
- ઈ–જમીન પ્રોજેક્ટ હેઠળ ખાતેદારોના ફોટોગ્રાફ અને ફીંગર પ્રિન્ટ સાથે ડેટા બેઝ તૈયાર કરવા **જોગવાઈ` ૧૦ કરોડ.**
- આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો અંતર્ગત તમામ તાલુકાઓની કચેરીઓની કામગીરી સુદૃઢ કરવા માટે **જોગવાઈ` ૧૭ કરોડ.**
- ભૂકંપની ભયંકર હોનારત પછી ગુજરાતે આપત્તિ સામે વધુ સક્ષમ બનવાની દિશામાં ઉત્તરોત્તર અનેક નવી પહેલ કરી છે. આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે વધુ આધુનિક બનવા, વધુ સુદૃઢ બનવા માટે **જોગવાઈ` ૧૯૦ કરોડ.**

**અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ હેઠળ જોગવાઈ` ૨૪૦ કરોડ.**

ગરીબોના કલ્યાણને પ્રાધાન્ય આપતી આ સરકાર જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા ખરેખર જરૂરિયાતમંદ નાગરિકોને ખાદ્યાન્ન પહોંચાડવા માટે ટેકનોલોજીનો સચોટ ઉપયોગ કરે છે. ખાદ્યપદાર્થો સૌથી અસરકારક રીતે ગરીબ લાભાર્થીઓ સુધી પહોંચે તે માટે બાર–કોડેડ રાશનકાર્ડ તેમજ બાયો–મેટ્રીક પદ્ધતિ જેવા પગલા અપનાવવામાં આવે છે.

- અનાજની જાળવણી માટે પુરવઠા નિગમના ગોડાઉનોની હાલની સંગ્રહ ક્ષમતા ૨.૪૪ લાખ મેટ્રીક ટન છે, તેમાં **૧ લાખ મેટ્રીક ટનનો વધારો** કરવા માટે **જોગવાઈ` ૪૨.૭૫ કરોડ.**
- વાજબી ભાવની દુકાનના સંચાલકો સુધી અનાજને ડોર સ્ટેપ ડીલીવરીની અમલવારી માટે **જોગવાઈ` ૪૫.૬૨ કરોડ.**

**કાયદા વિભાગ હેઠળ જોગવાઇ` ૪૬૫ કરોડ.**

- વિવિધ જિલ્લાઓ અને તાલુકાઓમાં નવા કોર્ટ બિલ્ડીંગ બાંધકામના નવા કામો માટે કુલ **જોગવાઈ` ૬૯.૧૦ કરોડ.**
- ડાંગ જિલ્લાને ન્યાયિક જિલ્લો જાહેર કરવાના અનુસંધાને જિલ્લા અને સત્ર ન્યાયાધીશની કોર્ટથી માંડીને વધારાના સીવીલ જજની કોર્ટ સુધીની છ નવી કોર્ટો સ્થાપવા માટે **જોગવાઇ` ૨.૯૦ કરોડ.**
- કલોલ, વિસનગર, જેતપુર અને લીંબડી ખાતે પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશોની કુલ ચાર કોર્ટો સ્થાપવા માટે **જોગવાઇ` ૧.૬૮ કરોડ.**
- હાલોલ, લુણાવાડા, કેશોદ અને લીંબડી ખાતે પૂર્ણ સમયની સીનીયર સીવીલ જજની કુલ ચાર કોર્ટો સ્થાપવા માટે **જોગવાઇ` ૧.૬૯ કરોડ.**
- ન્યાયિક ક્ષેત્રે માળખાકીય સુવિધાઓના વિકાસ માટે **જોગવાઇ` ૨૯૪ કરોડ.**
- ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના કેમ્પસના વિકાસ માટે **જોગવાઇ` ૧૯.૪૫ કરોડ.**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગ હેઠળ જોગવાઈ` ૯૧૫ કરોડ.**

આજે ૨૪મી ફેબ્રુઆરી છે. ગુજરાતે હિન્દુસ્તાનને પંચાયતી રાજ વ્યવસ્થાની ભેટ આપી હતી તે ઐતિહાસિક ઘટનાનું સુવર્ણ જયંતી વર્ષ આપણે ઉજવવા જઇ રહ્યા છીએ. ત્યારે ગ્રામ્ય કક્ષાની પંચાયતોને વધુ સુદ્રઢ બનાવવા માટે આપણી કટિબદ્ધતાને પુનઃ વાચા આપતું આયોજન કર્યું છે.

- ગુજરાતના અનેક ગામડાઓનું કદ આજે શહેરોની લગોલગ પહોંચી રહ્યું છે, ત્યારે ગુજરાતે રર્બનની કલ્પના સાથે વિકાસની એક નવી અવધારણા હાથ ધરી છે, **જેમાં આત્મા ગામડાનો હોય અને સુવિધા શહેરની હોય.** રર્બનની યોજનાને સાકાર કરવા માળખાકીય સુવિધા માટે **જોગવાઇ` ૧૨૦ કરોડ.**

- રાજ્યની ૧૩,૬૮૫ ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામ યોજનાને સુદ્દઢ બનાવવા અને વધુ લોકોપયોગી બનાવવા માટે **જોગવાઇ ` ૯૦ કરોડ.**
- પંચાયત ઘર તથા તલાટી કમ મંત્રીના આવાસો માટે **જોગવાઇ ` ૧૦ કરોડ.**
- વર્ષ ૨૦૧૨–૧૩ પંચાયતી રાજની સ્થાપનાનું સ્વર્ણિમ જયંતી વર્ષ હોઈ, પંચાયતી રાજની વિભાવનાને વધુ પ્રાણવાન બનાવવાના હેતુથી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વધુ લોકાભિમુખ બનાવવા વિવિધ કાર્યક્રમો માટે **જોગવાઇ ` ૫૦ કરોડ.**

**ગ્રામ વિકાસ પ્રભાગ હેઠળ જોગવાઈ ` ૮૦૦ કરોડ.**

ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકા માટે રોજગારીનું સર્જન, જળ વ્યવસ્થાપન, ઘરવિહોણા ગરીબ કુટુંબો માટે આવાસ સહાય તથા સંપૂર્ણ સ્વચ્છતા દ્વારા નિર્મળ ગામની વ્યવસ્થા ઉભી કરવા **જોગવાઈ` ૮૦૦ કરોડ.**

- ૨૭૦૦ ગ્રામ સચિવાલયના નિર્માણ માટે **જોગવાઈ` ૧૨૫.૫૯ કરોડ.**
- ૫૦૦૦ ગામોને **"સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ"** બનાવવા માટે તેમજ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ **જોગવાઇ ` ૧૩૨ કરોડ.**
- ૩૦૦૦ ગામોને આવરી લેતાં ૪૫૦ વોટર શેડ પ્રોજેકટ માટે **જોગવાઇ ` ૩૭ કરોડ.**

**કલાઇમેટ ચેન્જ વિભાગ હેઠળ જોગવાઇ ` ૧૧૦ કરોડ.**

કલાઈમેટ ચેન્જના પડકારને ઓળખીને તેની સામે ઔપચારિક પ્રતિભાવ તૈયાર કરવામાં ગુજરાત અગ્રસર રહેલ છે. તે જ પ્રક્રિયાના ભાગરૂપે,

- ગાંધીનગરને સોલર સીટી અને કાર્બન ન્યુટ્રલ સીટી તરીકે વિકસાવવા ખાસ પ્રોજેક્ટ માટેની સહાય પેટે **જોગવાઈ` ૨૮ કરોડ.**
- કાર્બનનું ઉત્સર્જન ઘટે અને આ અંગે પ્રજાકીય જાગૃતિ કેળવવા ઉપરાંત લોકોને ઉર્જા બચાવતાં સાધનોનો વપરાશ વધારવાની પ્રેરણા મળે તે પ્રકારની ટેકનોલોજીના વિકાસને વેગ આપવા માટે **જોગવાઈ` ૨૩ કરોડ.**

**વન અને પર્યાવરણ વિભાગ હેઠળ જોગવાઈ` ૫૪૯ કરોડ.**

- વન અને વન્ય જીવનના સંરક્ષણ અને વિકાસ માટે **જોગવાઈ` ૫૨૬ કરોડ**. જે પૈકીઃ
  - આદિજાતિ વિસ્તાર માટે જોગવાઈ` **૧૯૨ કરોડ**
  - અનુસૂચિત જાતિ માટેની ખાસ અંગભૂત યોજના માટે જોગવાઈ` **૨૪ કરોડ**.
- દરિયા કિનારે પર્યાવરણલક્ષી મેપીંગ અને ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટનું આયોજન.
- પર્યાવરણ સંરક્ષણ માટે **જોગવાઈ` ૧૮ કરોડ.**
- ગુજરાતના ગૌરવસમા સિંહોના સંરક્ષણ માટે **જોગવાઈ` ૧૨ કરોડ.**

**સામાજિક સેવાઓ**

**શિક્ષણ વિભાગ હેઠળ જોગવાઈ` ૨૭૦૦ કરોડ.**

- પ્રાથમિક શિક્ષણ માટે ૧૫,૬૦૦ વર્ગખંડો, ૭૬૮૮ કમ્પાઉન્ડ વોલ, ૧૨૦૦ શાળાના મકાનોના સમારકામ તેમજ શિક્ષક ક્વાર્ટર માટે **જોગવાઈ ` ૫૫૧ કરોડ.**
- ધોરણ ૮નો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થતાં ૧૦,૦૦૦ શિક્ષકોની ભરતી કરવાનું આયોજન.
- ૩૨ હજાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષણોપયોગી સાધનો આપવા માટે **જોગવાઈ ` ૩૨ કરોડ.**
- પ્રાથમિક શાળાઓમાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે તેમની આવશ્યકતાને અનુરૂપ ૧૦૦૦ શૌચાલયો બનાવવા **જોગવાઈ ` ૧૨.૫૦ કરોડ.**
- પ્રાથમિક શિક્ષણમાં બુટ પદ્ધતિ (BOOT) મુજબ કોમ્પ્યુટરાઈઝેશન માટે **જોગવાઈ ` ૭૮ કરોડ.**
- ૩૫૦ નવી માધ્યમિક શાળાઓ, ૭૩ નવી મોડેલ સ્કૂલ તેમજ ગર્લ્સ હોસ્ટેલનાં મકાનો બનાવવા માટે **જોગવાઈ ` ૮૨ કરોડ.**
- ૯ જેટલી નવી સરકારી શાળાઓના બાંધકામ તેમજ ૬૦ સરકારી શાળાઓના આધુનિકરણ માટે **જોગવાઈ ` ૧૯.૮૫ કરોડ.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ જોગવાઈ ` ૩૦૬૦ કરોડ.**

- કુટુંબના એકાદ સભ્યની જીવલેણ બિમારી ઘણીવાર સમગ્ર કુટુંબ માટે જીવલેણ પુરવાર થતી હોય છે. આવી બિમારીનો ભોગ બનેલ ગરીબ કુટુંબમાં મોત સામે મુકાબલો કરવાની કોઈ તાકાત હોતી નથી. ગરીબીની રેખા નીચે જીવતા આવા કુટુંબોને **કેન્સર, કીડની, ન્યૂરો અને બર્ન્સને લગતી જીવલેણ** દરદોમાં વિના મૂલ્યે સારવાર માટે "**અમૃતમ"** યોજના હેઠળ રૂપિયા બે લાખની મર્યાદામાં સહાય આપવા માટે પ્રથમ તબક્કે **જોગવાઈ ` ૨૦૦ કરોડ**.
- ન્યુટ્રીશન મિશન દ્વારા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને કુપોષણ સામે રક્ષણ આપવા માટે **જોગવાઈ ` ૬૦ કરોડ.**
- પ્રાથમિક તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને સુદ્દઢ કરવા અને માનવબળ પૂરૂં પાડવા માટે **જોગવાઈ ` ૪૨૧ કરોડ.**
- ગુણવત્તાસભર તબીબી સેવાઓ અને આંતર માળખાકીય સુવિધાઓ માટે **જોગવાઈ ` ૩૨૯ કરોડ.**
- ગત વર્ષની સરખામણીએ માતબર વધારા સાથે તબીબી શિક્ષણ માટે **જોગવાઈ ` ૧૩૬૭ કરોડઃ**
  - સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર મુકામે નવી મેડીકલ કોલેજ બનાવવા **જોગવાઈ ` ૪૩ કરોડ.**
  - રાજયમાં સોલા (અમદાવાદ) અને ગોત્રી (વડોદરા) ખાતે નવી મેડીકલ કોલેજોનો શુભારંભ થયેલ છે. આ બંને કોલેજો અને અન્ય પાંચ નવી મેડીકલ કોલેજો ગાંધીનગર, પાટણ, વલસાડ, વડનગર અને જુનાગઢ ખાતે આંતર માળખાકીય સવલતો વિકસાવવા માટે **જોગવાઈ ` ૫૩૩ કરોડ.**
  - આદિજાતિ વિસ્તારમાં નવી બે આર્યુવેદીક કોલેજ અને એક હોમીયોપેથીક કોલેજ શરૂ કરવા માટે **જોગવાઈ ` ૭૫ કરોડ.**
  - અમદાવાદની સિવિલ હોસ્પીટલ ગુજરાતના ગરીબોનું આરોગ્ય મંદિર છે. રાજયના ગરીબમાં ગરીબ માણસને ઉત્તમમાં ઉત્તમ અને આધુનિકમાં આધુનિક સારવાર મળી રહે તે હેતુથી અમદાવાદ સિવિલ હોસ્પીટલની સુવિધા અને સેવામાં સુધાર કરવા **જોગવાઈ ` ૧૦૦ કરોડ.**
  - સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ટ્રોમા સેન્ટર કાર્યાન્વિત કરવા **જોગવાઈ ` ૪૩.૧૮ કરોડ.**
  - રાજકોટ ખાતે કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટયુટ બનાવવા માટે **જોગવાઈ ` ૩ કરોડ.**

- કીડની, કેન્સર અને કાર્ડીયોલોજીની સંસ્થાઓ ખાતે ગરીબ અને જરૂરિયાતમંદ મધ્યમવર્ગના દર્દીઓ માટે રાહત દરે સારવાર પૂરી પાડવા માટે **જોગવાઇ ` ૯ કરોડ.**
- અમદાવાદ ખાતે ઇન્સ્ટીટયુટ ઓફ કીડની એન્ડ રીસર્ચ સેન્ટરના વિસ્તરણ માટે **જોગવાઇ ` ૨૦ કરોડ.**

- ખોરાક અને ઔષધ નિયમન તંત્રને સુદઢ કરવા તથા માનવબળ પૂરું પાડવા માટે જોગવાઇ **` ૧૯.૮૩ કરોડ.**
- ગરીબ અને મધ્યમવર્ગના માનવીને દવાઓ ખૂબ મોંઘી પડે છે. ઘણીવાર દવાની ગુણવત્તા બાબતે પણ આશંકા રહે છે. આ સંજોગોમાં ગરીબ અને મધ્યમવર્ગના માનવીને ગુણવત્તાયુક્ત દવાઓ પૂરતા પ્રમાણમાં મળી શકે તે હેતુથી સ્વતંત્ર કોર્પોરેશનની રચના કરવા **જોગવાઇ ` ૨.૫૦ કરોડ.**

## સુખી–સમૃદ્ધ ગુજરાતના નિર્માણનું ભાવિ આયોજન

ગરીબી કે પછાતપણું એ સમાજની શક્તિની પારાશીશી છે. સુખી–સમૃદ્ધ સમાજનું સ્વપ્ન સાકાર કરવું હોય તો ગરીબી અને પછાતપણાથી સમાજને મુક્ત કરાવવો રહ્યો. દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધીમાં અરબો અને ખરબો રૂપિયા ખર્ચાઇ ગયા, પરંતુ ધાર્યા પરિણામો હાથ ન લાગ્યા. ગુજરાતના સંદર્ભમાં સમગ્ર સ્થિતિની વિષદ છણાવટ કરીએ તો પાંચ વર્ષ પૂર્વે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ત્રણ જુદી જુદી વિકાસ યોજનાના પાંચ વર્ષના પેકેજ અને વિકાસ માટેના મુદ્દાસર આયોજન અને તબક્કાવાર અમલીકરણની જાહેરાત કરી હતી. તે પૈકી,

## વનબંધુ કલ્યાણ યોજના

**વનબંધુ કલ્યાણ યોજના** માટે જુદા જુદા દસ આયામોને કેન્દ્રમાં રાખીને આદિવાસીઓના સર્વાંગી વિકાસ અને આદિવાસી વિસ્તારોની માળખાકીય સુવિધાઓ માટે ` **૧૫,૦૦૦ કરોડ**ની જોગવાઇ કરેલ હતી. આજે મારે ગૌરવ સાથે કહેવું છે કે પાંચ વર્ષના નિર્ધારિત સમયગાળામાં એ રકમ ` **૧૫,૦૦૦ કરોડ**ને વટાવી ગઇ અને આપણે ` **૧૭,૦૦૦ કરોડ** વાપરી શક્યા છીએ. વિકાસના અર્થકારણની પરિભાષામાં કહીએ તો આઉટપુટ નહિ પણ આઉટકમની દ્રષ્ટિએ પણ આ પ્રયોગ સફળ પૂરવાર થયો છે. આદિજાતિના કલ્યાણ માટેના ગયા પાંચ વર્ષના અનુભવને જોતાં ભૂતકાળના ` **૧૫,૦૦૦ કરોડ**ના આયોજન સામે આશરે ` **૪૦,૦૦૦ કરોડ**નું આયોજન છે. અર્થાત, આગામી સમયમાં બમણાં કરતાં પણ વધારે ખર્ચ આ ક્ષેત્રે કરવાનું આયોજન, જે પૈકી પ્રથમ વર્ષે **વનબંધુ કલ્યાણ યોજના** અંતર્ગત ` **૬૬૦૦ કરોડ** વાપરવાનું આયોજન છે.

## સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના

ગુજરાતના સમુદ્ર કિનારે વસતો સમાજ ગુજરાતની વિકાસયાત્રામાં ભાગીદાર બને, વિકાસના ફળ તેના સુધી પહોંચે અને દરિયા કાંઠાની જીવનશૈલીને અનુરૂપ વિકાસનું આયોજન થાય તેવા નવતર અભિગમથી આ યોજનાની શરૂઆત કરી હતી. એક ચોક્કસ વિસ્તારના ચોક્કસ પ્રકારની જીવનશૈલી જીવતા સમાજના વિકાસનું લક્ષ્ય હોવાના કારણે આપણે તેમને કેન્દ્રમાં રાખી આયોજનો કરી શક્યા. ભિન્ન–ભિન્ન વિભાગોમાં પણ ઉત્તમ સમન્વય સધાયો અને પરિણામે ધાર્યા ફળ મળ્યા. ગત પાંચ વર્ષ માટે આપણે ` **૧૧,૦૦૦ કરોડ**નું આયોજન કરી તે આંકને આપણે વટાવી ચૂક્યા છીએ. વનબંધુ કલ્યાણ યોજનાની જેમ જ આ યોજનાને પણ આગામી પાંચ વર્ષ માટે કાર્યરત રાખતાં સાગરખેડૂ ભાઇઓના કલ્યાણના હેતુથી આગામી પાંચ વર્ષ માટે ` **૨૧,૦૦૦ કરોડ**નું આયોજન, જેમાંથી ` **૪૦૦૦ કરોડ**નું આયોજન આ વર્ષ માટે છે.

## શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના

ગુજરાતના વિકાસના લાભોથી આકર્ષાઇને ગુજરાત અને ગુજરાત બહારથી દેશભરના લોકો રોજીરોટી કમાવા માટે ગુજરાતમાં આવે છે. ઘણું કરીને આમાંનો મોટો વર્ગ ગરીબીની રેખા નીચે જીવનારો હોય છે, પ્રાથમિક સુવિધાઓથી વંચિત હોય છે. સમાજની સુખશાંતિ માટે સમાજની નાની–મોટી સેવા કરનાર આ વર્ગનું કલ્યાણ અનિવાર્ય છે. સ્વસ્થ સમાજની રચના માટે પણ શહેરી ગરીબોના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું એ સમયની તાતી જરૂરિયાત છે. આવા મૂળ વિચારથી **શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના**નો આરંભ થયો, જેમાં યુવાનોને રોજગારીની તક હોય, માતાઓને સન્માનજનક જીવન મળે અને કુટુંબને આવાસ, આરોગ્ય અને શિક્ષણની પ્રાથમિક સુવિધા હોય તેવા ઉમદા હેતુઓ સામેલ છે. અગાઉ, પાંચ વર્ષ માટે આપણે `**૧૩,૦૦૦ કરોડ**નું આયોજન કરીને તેની સામે લક્ષ્યાંક પણ સિદ્ધ કર્યો. કૂદકેને ભુસકે વિકસી રહેલ ગુજરાતના શહેરોમાં રોજીરોટીની આશામાં લોકો આવી રહ્યા હોય ત્યારે આવા ગરીબોની ચિંતા કરવાની નોધારાના આધાર એવી આ સરકારની પ્રાથમિકતા છે. આ બાબતને ધ્યાને લઇને, આગામી પાંચ વર્ષ માટે ` **૨૫,૦૦૦ કરોડનું** આયોજન, જેમાંથી ` **૪૫૦૦ કરોડ**નું પ્રથમ વર્ષમાં આયોજન.

ગરીબી અને પછાતપણાની સ્થિતિમાંથી બહાર નીકળવા માટે ગરીબ પોતે પણ એક લડવૈયો બને, ગરીબીને પરાસ્ત કરવાની તેનામાં હામ આવે અને સ્વમાનભેર જિંદગી જીવવાનો તેને સંતોષ મળે તેવી આ યોજનાઓ છે. ભવિષ્યનો ઈતિહાસ આ વાતની નોંધ લેશે કે આ ગૃહના સન્માનનીય સભ્યોએ સમાજના નબળા વર્ગ માટે એક દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અભિગમની અને સમાજ પ્રત્યેની સંવેદનાની અભિવ્યક્તિનું ઉમદા કાર્ય કર્યું છે.

આમ, ઉપરોક્ત ત્રણે યોજનાઓમાં ગત પાંચ વર્ષની સરખામણીમાં આવતાં પાંચ વર્ષમાં – સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ` **૧૧,૦૦૦ કરોડ**ની સામે ` **૨૧,૦૦૦ કરોડ**, શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ ` **૧૩,૦૦૦ કરોડ**ની સામે ` **૨૫,૦૦૦ કરોડ** તેમજ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ` **૧૫,૦૦૦ કરોડ**ની સામે ` **૪૦,૦૦૦ કરોડ**નું આયોજન કરી ગુજરાતના દરેક નાગરિક સુધી વિકાસનું સુફળ પહોચાડવાનું આયોજન છે.

## રાજવિત્તીય વ્યવસ્થાપન

રાજ્ય સરકાર આર્થિક વિકાસના ઊંચા દરને સિદ્ધ કરવામાં અને જાળવી રાખવામાં સફળ રહેલ છે. **"ગુજરાત–ભારતનું ગ્રોથ એન્જીન"** ના વિચારને આપણે સાર્થક કર્યો છે. સમગ્ર વિશ્વનું અર્થતંત્ર ચિંતાજનક સ્થિતિમાં છે. તેની અસર ભારતના અર્થતંત્ર ઉપર પણ પડી છે. આવું પડકારજનક આર્થિક વાતાવરણ હોવા છતાં, વિકાસની ગતિને અવિરત રાખવા અને નાણાપંચ દ્વારા સૂચિત રાજવિત્તીય સુધારણાના પથને વળગી રહેવાની નેમ છે.

રાજ્ય સરકાર ઉચ્ચ વિકાસ ક્ષમતા ધરાવતા ક્ષેત્રોને તેમજ સામાજિક અને માળખાકીય વિકાસને અસરકર્તા ક્ષેત્રોના વિકાસ માટે જરૂરી વેગ મળી રહે તેવી ઉચિત નાણાકીય ફાળવણી કરેલ છે. રાજ્યનો ઉંચો વિકાસ દર આપણે મજબૂત રાજવિત્તીય પાયા પર હાંસલ કરેલ છે, જે આ સરકારના સંગીન નાણાકીય વ્યવસ્થાપનનું પરિણામ છે. સરકાર રાજવિત્તીય નાણાકીય શિસ્ત સહિતના ઉચ્ચ આર્થિક વિકાસ તેમજ ગરીબોના કલ્યાણની વિભાવનાને સમર્પિત છે.

## વર્ષ ૨૦૧૦–૧૧નો હિસાબ

હવે હું ૨૦૧૦–૧૧ ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ. વર્ષ દરમ્યાન ચોખ્ખી લેવડ–દેવડ ના કારણે ` **૧૫૯૮.૧૩ કરોડ**ની પુરાંત રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી, પરંતુ ૨૦૧૦–૧૧ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ દેવડના કારણે ` **૨૫૩.૨૦ કરોડ**ની પુરાંત દર્શાવે છે.

**(` કરોડમાં)**

| | | **૨૦૧૦–૧૧ ના સુધારેલા અંદાજ** | **૨૦૧૦–૧૧ ના હિસાબ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૫૨૪૫૩.૬૪ | ૫૨૩૬૩.૬૪ |
| | મહેસૂલી ખર્ચ | ૫૮૦૧૪.૮૩ | ૫૭૪૪૦.૦૨ |
| | મહેસૂલી હિસાબ પર ખાધ | (–) ૫૫૬૧.૧૯ | (–) ૫૦૭૬.૩૮ |
| | મૂડીની આવક | ૧૯૧૮૨.૭૧ | ૧૭૦૫૫.૬૧ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૪૫૨૩.૩૯ | ૧૪૧૮૯.૦૬ |
| | મૂડી હિસાબ પર પુરાંત | (+) ૪૬૫૯.૩૨ | (+) ૨૮૬૬.૫૫ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું )** | **(–) ૯૦૧.૮૭** | **(–) ૨૨૦૯.૮૩** |
| **(૨)** | **આકસ્મિક ફંડ ( ચોખ્ખું )** | **–––** | **(+) ૪૬.૪૬** |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+) ૨૫૦૦.૦૦** | **(+) ૨૪૧૬.૫૭** |
| | **સરવાળો: ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩)** | **(+) ૧૫૯૮.૧૩** | **(+) ૨૫૩.૨૦** |

## વર્ષ ૨૦૧૧–૧૨ ના સુધારેલા અંદાજ

૨૦૧૧–૧૨ના અંદાજમાં ચોખ્ખી લેવડ–દેવડના કારણે ` **૪૯.૬૯ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા હતી, પરંતુ વર્ષના અંતે ચોખ્ખી લેવડ દેવડના કારણે સુધારેલા અંદાજમાં ` **૨૭૪૫.૪૬ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા છે.

**(` કરોડમાં)**

| | | **૨૦૧૧–૧૨ ના અંદાજ** | **૨૦૧૧–૧૨ ના સુધારેલા અંદાજ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૫૯૮૮૫.૭૫ | ૬૨૨૯૨.૨૨ |
| | મહેસૂલી ખર્ચ | ૫૯૪૪૨.૩૧ | ૬૦૩૭૧.૬૭ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૪૪૩.૪૪ | (+) ૧૯૨૦.૫૫ |
| | મૂડીની આવક | ૨૧૩૯૪.૨૩ | ૧૮૭૭૮.૨૨ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૯૭૯૪.૯૮ | ૧૯૭૬૩.૩૧ |
| | મડી હિસાબ પર ખાધ/પુરાંત | (+) ૧૫૯૯.૨૫ | (–) ૯૮૫.૦૯ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું )** | **(+) ૨૦૪૨.૬૯** | **(+) ૯૩૫.૪૬** |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું )** | **---** | **---** |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(–) ૧૯૯૩.૦૦** | **(+) ૧૮૧૦.૦૦** |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩)** | **(+) ૪૯.૬૯** | **(+) ૨૭૪૫.૪૬** |

## વર્ષ ૨૦૧૨–૧૩ નો અંદાજ

વર્ષ ૨૦૧૨–૧૩ ના અંદાજ નીચે પ્રમાણે ` **૭૨૭.૨૨ કરોડ**ની એકંદર પુરાંત દર્શાવે છે.

**(` કરોડમાં)**

| | | **૨૦૧૨–૧૩ ના અંદાજ** |
|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૭૫૯૦૩.૩૭ |
| | મહેસૂલી ખર્ચ | ૭૨૨૮૮.૦૫ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૩૬૧૫.૩૨ |
| | મૂડીની આવક | ૨૨૩૩૧.૬૪ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૨૮૧૧૯.૭૪ |
| | મૂડી હિસાબ પર ખાધ | (–) ૫૭૮૮.૧૦ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું )** | **(–) ૨૧૭૨.૭૮** |
| **(૨)** | **આકસ્મિક ફંડ ( ચોખ્ખું )** | -- |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+) ૨૯૦૦.૦૦** |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩)** | **(+) ૭૨૭.૨૨** |

ગુજરાત **સ્વામી વિવેકાનંદ**ની ૧૫૦મી જન્મજયંતી, **સયાજીરાવ ગાયકવાડ**ની ૧૫૦મી જન્મજયંતી, દીર્ઘદ્રષ્ટા **સર પ્રભાશંકર પટ્ટણી**ની ૧૫૦મી જન્મજયંતી, **મહારાજા કૃષ્ણકુમારસિંહજી**ની શતાબ્દી અને **પન્નાલાલ પટેલ** જેવા સાક્ષરની શતાબ્દી ઉજવી રહ્યું છે. આવા મહાપુરૂષોમાંથી પ્રેરણા લઈને રચેલ વર્ષ ૨૦૧૨–૧૩નું અંદાજપત્ર ગુજરાતીઓના કલ્યાણ અને સમૃદ્ધિ માટેનું સિમાચિહ્ન બની રહેશે તેવું મારું માનવું છે.

ફાલ્ગુન ૫, ૧૯૩૩ શાકે
અંદાજપત્રની રજૂઆત

આદરણીય અધ્યક્ષશ્રી, **સૌનો સાથ સૌનો વિકાસ**–નો મંત્ર ગુજરાતની ગરવી પ્રજાના સામર્થ્યથી સિદ્ધ થશે તેવા દૃઢ વિશ્વાસ સાથે આ અંદાજપત્ર દ્વારા આપણા રાજ્યના દરેક નાગરિકનો વિકાસ અને દરેક કુટુંબનું કલ્યાણ સુનિશ્ચિત થાય તેવી આશા વ્યક્ત કરૂં છું.

હવે હું મારા પ્રવચનનો ભાગ–ખ રજૂ કરીશ.

## સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેના અંદાજપત્ર (ભાગ–ખ)ની રજૂઆત

**શ્રી વજુભાઇ વાળા (નાણા મંત્રીશ્રી) ઃ આરદણીય અધ્યક્ષશ્રી,** સને ૨૦૧૨–૨૦૧૩ના વર્ષના અંદાજો અનુસાર પુરાંત રૂ. ૭૨૭.૨૨ કરોઠની રહેશે.

અમારી સરકારના સાતત્ય પૂર્ણ પ્રયાસો થકી રાજયનું કરવેરાનું માળખું સરળ, તર્કસંગત, ચેતનવંતુ, મજબુત અને સવિશેષ તો માનવીય સંવેદનાથી ભરપૂર બન્યું છે. રાજયની છ કરોઠની જનતાને વિકાસની સમાન તકો પૂરું પાડતા અર્થતંત્રનું સર્જન કરવું એ અમારી સરકારનો ધ્યેય અને અભિગમ છે. રાજયની વેરાકીય આવકના સંસાધનો ખૂબ જ મર્યાદતિ છે અને રાજયની વિકાસની યોજનાઓ માટે વેરાકીય આવકો અગત્યની છે. પરંતુ સાથે સાથે રાજયની પ્રજા પરનો કરવેરાનો બોજ બિનજરૂરી વધે નહિ તે નિશ્ચતિ કરવું પાણ તેટલું જ જરૂરી છે. રાજયની પ્રજાને કરવેરાના બોજમાં રાહત થાય, રાજયના બાળકો, દીકરીઓ–મહિલાઓ, વૃદ્ધો, સ્વરોજગારી મેળવતા કારીગરો, રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોના દરેક ઘર, દરેક કુટુંબ, દરેક વિદ્યાર્થી, દરેક શૈક્ષણિક સંસ્થા, વિદ્યાર્થીઓ માટે દરેક હોસ્ટેલ સહિત રાજયનાં તમામ પ્રજાજનોને રાહત થાય તેમજ સાથે સાથે રાજયના ધંધાઉદ્યોગને પાણ પ્રોત્સાહન પ્રાપ્ત થાય તે હેતુને ધ્યાનમાં રાખીને હવે હું સને ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેની કરવેરાની દરખાસ્ત રજૂ કરૂં છું.

### હાર્ડવેર

રાજયના દરેક નાગરિકને ઘરનું ઘર, પ્રાપ્ત થાય એ માટે અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે. ઘર બનાવવામાં અનેક ચીજવસ્તુઓની જરૂરિયાત પડે છે જેમાં સ્ટીલ, કોપર, ,પિત્તળ, એલ્યુમિનિયમ જેવી જુદી જુદી ધાતુમાંથી બનતા હાર્ડવેરનો પણ સમાવેશ થાય છે. રાનયના નાગરિકોને ઘર બનાવવામાં સરળતા થાય અને આર્થિક રાહત થાય તે હેતુથી દરવાજા, બારીઓ અને ફર્નચિર માટેનાં ફીર્ટિંગ્સમાં વપરાતાં શીંજીસબટ, ટી, લોક હેન્ડલ, ફર્નિચર હીંજીસ, સ્વિટસ, સ્ટેમ્પલ્સ, પેનલ પીન, સ્ટડ, તમામ પ્રકારની સાંકળો તમામ પ્રકારના મેટલ સેકશન્સ, સ્લોટેડ એન્ગલ્સ, શેસ્વસ અને એસેરરિઝ, રોઠસ, રેઇલ્સ, ચેનલ્સ અને કર્ટેઇન ફીર્ટિંગ્સ હેન્ડલ્સ, અસ્ડ્રોપ્સ, વિન્ડો સ્ટે, ગેટ હૂક ડોર સ્ટોપર, બ્રેકટસ, કલીપ્સ, કોર્નસ, વોશર્સ, હૂકસ એન્ડ આઇઝ, હેન્ગર્સ, પેલમેટ ફીર્ટિંગ્સ સ્ટોપર્સ, સસ્પેન્ડર્સ, વાયર બ્રીશીસ, વાયરમેશ, મેટલમેશ, વાયર નેર્ટિંગ પરનો હાલનો વેરાનો દર વધારાના વેરાસહિત ૧૫ા ટકાથી ઘટાડી વધારાના વેરાસિહત ૫ ટકા કરવા દરખાસ્ત કરૂં છું.

### ઇ–બાઇક (બેટરી ઓપરેટેડ ટુ વ્હીલર્સ)

સમગ્ર વિશ્વમાં પ્રદૂષણમુકત વાહનોનું મહત્વ વધતું જાય છે. બેટરી ઓપરેટેડ વાહનો ઇકોફ્રેન્ડલી હોય છે. બેટરી ઓપરેટેડ ટે વ્હીલર્સનો રાજયમાં દીકરીઓ દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આ વાહનો ફ્રેન્ડલી હોઇ, નાગરિકો દ્વારા આ વાહનોના વધુ ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે બેટરી ઓપરેટેડ ટુ વ્હીલર્સ પરનો **હાલનો વેરાનો દર વધારાના વેરા સહિત ૧૫ ઝકાથી ઘટાડી વધારાના વેરા સહિત ૫ ટકા** કરવા દરખાસ્ત કરૂં છું.

### મેડિકલ ઇમ્પ્લાન્ટસ (હદયરોગ માટેના)

દર્દીઓની સારવારમાં ઉપયોગી એવા ઓર્થોપેડિક ફૂટવેર, ઓર્થોપેડિક ઇમ્પ્લાન્ટસ, સ્પ્લીન્ટસ, નેત્રમણિ, શ્રાવ્ય સાધનો, કૃત્રિમ અવયવો, શ્રવણયંત્ર જેવા મેડિકલ ઇમ્પ્લાન્ટસ તેમજ હદયરોગ માટે વપરાતા હાર્ટ વાલ્વ હાલ સંપૂર્ણ વેરામાફ છે. હદયરોગમાં વપરાતાં અન્ફ ઇમ્પ્લાન્ટસ કે જેની કિંમત ઉંચી હોય છે તે હાલમાં વેરાપાત્ર છે. હદયરોગના દર્દીઓને સારવાર ખર્ચમાં આર્થિક રાહત મળી રહે તે હેતુથી

તેમજ હાલમાં કેટલાંક મેડિકલ ઇમ્પ્લાન્ટસ પરની સંપૂર્ણ વેરામાફી સાથેની સુસંગતતા જાળવવા માટે મેડિકલ ઇમ્પ્લાન્ટસ (હૃદયરોગ માટેના) પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી અપવા દરખસ્ત કરૂં છું.

**બ્લડબેંગ**

દર્દીની સારવાર દરમ્યાન ચઢાવવામાં અવતાં માનવલોહી અને તેના કોમ્પોનન્ટલ હાલમાં સંપૂર્ણ વેરામાફ છે. બ્લડબેગનો ઉપયોગ માનવલોહીના સંગ્રહ માટે તેમજ તેની હેરફેર માટે થાય છે. દર્દીઓને આર્થિક રાહત થાય તેમજ માનવલોહી અને બ્લડબેગ એ બન્ને ચીજો પરના વેરાના દર બાબતે એકસૂત્રતા જળવાઈ રહે તે માટે બ્લડબેગ પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂ છું.

**હેલ્મેટ**

રાજયમાં દ્રિચક્રી વાહનોનો વપરાશ દિનપ્રતિદિન વધી રહયો છે. વાહનના વપરાશકારોને અકસ્માત સામે રક્ષણ મળે તે માટે હેલ્મેટ પહેરવી જરૂરી છે. દ્રિચક્રી વાહનોના ચાલકો દ્રારા સલામતી માટે હેલ્મેટના વપરાશને પ્રોત્સાહન મળે તે હેતુથી હેલ્મેટ પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૧૫ ટકાથી ઘટાડી વધારાના વેરા સહિત ૫ ટકા** કરવા દરખાસ્ત કરૂં છું.

**મેન્ગલોરી નળિયાં**

રાજયમાં વિશેષ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ઘર બનાવવા માટે નળિયાનો ઉપયોગ થાય છે. અને તેથી રાજય સરકારે દેશી નળિયાં ઉપર સંપૂર્ણ વેરામાફી આપેલી છે. હાલમાં મકાનનાં બાંધકામમાં મેન્ગલોરી નળિયાંનો વપરાશ પણ વધ્યો છે. રાજયના નાગરિકોને ઘર બનાવવામાં રાહત આપવાના હેતુથી મેન્ગલોરી નળિયાંનો પણ હાલના વજેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફીની દરખાસ્ત કરૂં છું.

**એકવેટિક ફીડ**

એકવેટિક ફીડ એ, માછલીઓ અને દરિયાઇ જવોનો ખોરાક છે. પાશુ આહાર અને પા ોલ્ટ્રી ફીડ સંપૂર્ણ વેરા મફ છે. આથી, માછલીઓ માટેના ખોરાક **પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૧૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફીની** દરખાસ્ત કરૂં છું.

**રકમડાં (ઈલેકટ્રોનિક અને બેટરી ઓપરેટેડ સિવાયના)**

ળકોને રમકડાં ખૂબ પ્રિય હોય છે. બાળકોના આનંદ માટે રમકડાં અગત્યની ચીજવસ્તુ છે. વિવિધ રમકડાંના ઉપયોગથી બુદ્‌ધિમત્તામાં વધારો થાય છે.રમકડાંનું ઉત્પા ાદન મહદઅંશે ખૂબ જ નાના ઉદ્યોગકારો કરે છે. બાળકો દ્વારા રમકડાંના ઉપયોગને પ્રોત્સાહન મળે, તેમના વિકાસમાં સહાયરૂપા બને તેમજ તેમની બુદ્‌ધિમત્તામાં વધારો થાય તે હેતુથી રમકડાં (ઈલેકટ્રોનિ અને બેટરી ઓપરેટેડ સિવાયનાં) પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**અગરબત્તી**

ગુજરાત રાજયની પ્રજા ખૂબ ધર્મપ્રેમી છે. પજામાં અગરબત્તીનો ઉપયોગ થાય છે. વધુમાં, અગરબત્તી ઉદ્યોગ નાના પાયે ચાલતો ગૃહઉદ્યોગ છે. જેમાં મોટાપાયે સામાન્યજનને રોજગારી મળે છે. પૂજા માટેની કેટલીક સામગ્રી જેવી કે, પવિત્ર હાર, કલગી, મુગટ, મોડ વગેરે વેરામાફ છે. પૂજા માટેની તમામ સામગ્રી પરની વેરાકીય એકસૂત્રતા જળવાઇ રહે તેમજ સ્વરોજગારીને પણ પ્રોત્સાહન મળે તે માટે અગરબત્તી પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**પૂજાસામગ્રી (દીવો, ઘંટડી, પૂજાથાળી, શંખ, અગરબત્તી સ્ટેન્ડ, તરભાણું)**

પૂજા માટેની કેટલીક સામગ્રી જેવી કે, પવિત્રા, હાર, કલગી, મુગટ, મોડ વગેરે સંપૂર્ણ વેરામાફ છે. જયારે પૂજા માટે વપરાતા દીવા, અગરબત્તી સ્ટેન્ડ, ઘંટડી, પજાની થાળી, તરભાણું, શંખ વેરાપાત્ર છે. આથી પૂજા માટેની તમામ સામગ્રી પરની વેરાકીય એકસૂત્રતા જળવાઈ રહે તે માટે પૂજાસામગ્રી માટેના દીવા, ઘંટડી, પૂજાથાળી, શંખ, અગરબત્તી સ્ટેન્ડ, તરભાણું પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૧૫**

**ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**પ્રસાદ–ભોગ**

કેટલાંક ધાર્મિક સ્થાનોમાં અમુક રકમ લઇને પ્રસાદ આપવાની પ્રથા છે. આ વ્યવહારોમાં નાણાંની તેમજ પ્રસાદની લેવડ–દેવડ થતી હોઇ તેના પર વેરાકીય જવાબદારીના અર્થઘટનની પરિસ્થિતિ નિવારવા માટે ધાર્મિક સ્થાનો દ્વારા આપવામાં આવતા પ્રસાદ–ભોગ પર **સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**લોબાન અને ગૂગળ**

લાબાન અને ગૂગળનો ઉપયોગ ધાર્મિક ક્રિયાઓમાં થાય છછે. લોબાન અને ગૂગળ વાતાવરણને શુધ્ધ કરે છે અને સુગંધમય બનાવે છે. પૂજા માટેની તમામ સામગ્રી પરના વેરાના દર બાબતે એકસૂત્રતા જળવાય તે હેતુથી લોબાન અને ગૂગળ પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**પતંગના દોરા, ફીરકી**

ઉત્તરાયણનો તહેવાર રાજયની પ્રજા હર્ષ અને ઉલ્લાસથી ઉજવે છે તથા તેની ઉજવણીમાં બાળકો, યુવાનો–યુવતીઓ, મહિલાઓ તેમજ વડીલો એમ સૌં કોઇ જોડાય છે. રાજયમાં આ તહેવારને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે. વિદેશી પતંગબાજ મહેમાનો પણ ઉત્તરાયણની ઉજવણી માટે રાજયમાં આવે છે. પતંગ સંપૂર્ણ વેરામાફ છે ત્યારે આ તહેવારની લોકપ્રિયતાને ઘ્યાને રાખતાં પતઢગના દોરા અને ફીરકી પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**દાળિયા ચીકી, રેવડી**

ચણાના લોટ, મેંદા, ઘઉંના લોટ, બ્રેડ જેવી ચીજોમાંથી બનતા અનબ્રાન્ડેડ ફરસાણ હાલમાં સંપૂર્ણ વેરામાફ છે. સામાન્યજન દ્વારા રોજબોરજના નાસ્તામાં આ ચીજોનો વ્યાપક ઉપયોગ છે. રાજયના કેટલાક વિસ્તારમાં નાસ્તા તરીકે દાળિયા, ચીકી, રેવડીનો પણ ઉપયોગ થાય છે. આથી દાળિયા, ચીકી, રેવડી પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**યોગર્ટ, માખણ, ચીઝ, પનીર**

રાજયમાં સહકારી ક્ષેત્રે ડેરી ઉદ્યોગનો ખૂબ વિકાસ થયો છે. જેને પરિણામે પશુપાાલનને પ્રોત્સાહન મળ્યું છે. રાજયના ગ્રામ્ય વિસ્તારનાં ઘણાં કુટુંબો પશુપાલન પર આધારિત છે. દૂધ, દહીં, છાશ, લસ્સી સંપૂર્ણ વેરામાફ છે જયારે ઘી અને ચોકલેટો પર વેરાનો દર વધારાના વેરા સહિત ૫ ટકા છે. પશુપાલન સાથે સંકળાયેલા કુટુંબોને પ્રોત્સાહન મળે તે હેતુથી યોગર્ટ, માખણ, ચીઝ, પનીર પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૧૫ ટકાથી ઘટાડી વધારા સહિત ૫ ટકા** કરવા દરખાસ્ત કરૂં છું.

**સાબુદાણા**

ખોરાક તરીકે ઉપયોગમાં લેવાતા ઘઉં, બાજરી, જુવાર, મકાઇ, તમામ કઠોર તેમજ મમરા–પૌંઆ વેરામાફ છે. સાબુદાણા પણ એક પ્રકારનો ખાદ્ય પદાર્થ છે. તેમજ તેનો મહત્તમ ઉપયોગ રાજયની પ્રજા દ્વારા વ્રત–ઉપવાસમાં ફરાળી ચીજોની બનાવટમાં થાય છે. આથી સાબુદાણા પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૧૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**મહિલાઓ માટેનાં બોરિયાં, બકકલ, રિબન, સાડી પીન, બ્રોચ, કાજલ**

રાજય સરકારે મહિલાઓ માટેની તમામ પ્રકારની બંગડીઓ, હેકપીન, કાંસકા, ચાંદલા, કંકુ, સિંદૂર જેવી ચીજોને સંપૂર્ણ વેરામાફી આપેલી છે. જયારે બોરિયાં, બકકલ, રિબન, સાડી પીન, બ્રોચ, કાજલ વેરાપાત્ર છે. આથી વેરાકીય એકસૂત્રતા જળવાઇ રહે તે માટે મહિલાઓ માટના મહિલાઓ માટેનાં બોરિયાં, બકકલ, રિબન, સાડી પીન, બ્રોચ, કાજલ પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૧૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા માટે દરખાસ્ત કરૂં છું.

**સેનિટરી નેપકિન અને ડાયપર**

સેનિટરી નેપકિન અને ડાયપર્સ એ દરેક કુટુંબની દીકરીઓ, મહિલાઓ, બાળકો તેમજ વૃધ્ધો માટે રોજબરોજની શારીરિક સ્વચ્છતા તેમજ સ્વાસ્થ્ય માટે ખૂબ જરૂરી છે. તેમના દ્વારા આ ચીજોના વપરાશને પ્રોત્સાહન મળે તેમજ સ્વચ્છ અને સ્વસ્થ ગુજરાતનું નિર્માણ થાય તે માટે સેનિટરી નેપકિન અને ડાયપર પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૧૫ ટકાથી ઘટાડી વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**ગ્લાસ બ્રીડ (કાચના મોતી)**

રાજયમાં કાપડ ઉદ્યોગ ખૂબ મોટાપાયે વિકસેલો છે અને તેને આનુષંગિક સાડીઓ, ડ્રેસ મટિરિયલ, કુર્તા, ઝભ્ભા વગેરે પર હેન્ડીક્રાફટ પણ ખૂબ પ્રચલિત છે. હેન્ડીક્રાફટની ચીજોની બનાવટમાં કાચના મોતી સુશોભન માટે ઉપયોગી છે. હેન્ડીક્રાફટ આર્ટિકલ્સ હાલ સંપૂર્ણ વેરામાફ છે. આથી ગ્લાસ બીડ પરના **હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી** આપવા દરખાસ્ત કરૂં છું.

**દરજીકામનાં ઓજારો અને હજામતનાં ઓજારો (શેવિંગ બ્લેડ સિવાયના)**

હાલમાં સુથારીકામ અને લુહારીકામ દ્વારા સ્વરોજગારી મેળવતા કારીગરો માટેનાં ઓજારો પરનો વેરાનો દર ૫ ટકા છે. આથી દરજીકામ અનુ હજામતકામ દ્વારા સ્વરોજગારી મેળવતા કારીગરો માટેનાં ઓજારો પરની વેરાકીય એકસૂત્રતા જળવાઈ રહે તે માટે દરજીકામનાં ઓજારો અને હજામતનાં ઓજારો (શેવિંગ બ્લેડ સિવાયના) પર **હાલનો વેરાનો દર વધારાના વેરા સહિત ૧૫ ટકાથી ઘટાડી વધારાના વેરા સહિત ૫ ટકા** કરવા દરખાસ્ત કરૂં છું.

ઉપરોકત ચીજવસ્તુઓના વેરાના દરમાં ઘટાડો તેમજ સંપૂર્ણ વેરામાફીને પરિણામે **રાજયની પ્રજાને અંદાજિત રૂ. ૨૦૦ કરોડની જંગી રાહત પ્રાપ્ત થશે.**

**સ્ટેમ્પ ડયુટી**

રાજયમાં હાલ અંદાજિત ૨ લાખ જેટલાં સેલ્ફ હેલ્પ ગ્રુપ/ સખીમંડળો કાર્યરત છે. સેલ્ફ હેલ્પ ગ્રુપ / સખી મંડળો દ્વારા મંડળો દ્વારા કરવામાં આવતા લોન / ધિરાણના રૂ ૧ લાખ સુધીના લેખોમાં રાજય સરકારે સ્ટેમ્પ ડયુટીમાંથી મુકિત આપી છે. સેલ્ફ હેલ્પ ગ્રુપ / સખી મંડળોની સ્વરોજગારની પ્રવૃત્તિઓ થકી રાજયની મહિલાઓનું સામાજિક અને આર્થિક સશકિતકરણ થાય તે હેતુસર તેમના દ્વારા કરવામાં આવતા લોન / ધિરાણના લેખોમાં **સ્ટેમ્પ ડયુટીની મુકિતની મર્યાદા રં ૨ લાખ** સુધીની કરવા માટે હું દરખાસ્ત કરંુ છું. **સ્ટેમ્પ ડયુટીમાંની આ મુકિત મર્યાદામાં વધારાને પરિણામે સેલ્ફ હેલ્પ ગ્રુપ / સખી મંડળોના અંદાજિત ૨૫ લાખ જેટલા સભ્યોને અંદાજિત રૂ ૧૦ કરોડની રાહત પ્રાપ્ત થશે.**

**વીજકર**

રાજયના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં તમામ પ્રજાજનોને સતત વીજળી ઉપલબ્ધ થાય તે અંગેની સુદઢ આંતરમાળખાકીય સુવિધાઓનું નિર્માણ રાજય સરકારે કર્યું છે. વીજળીકરણના વ્યાપને કારણે રાજયનાં પ્રજાજનોની ભૌતિક સુવિધાઓમાં વધારો થયો છે અને પરિણામે સુખાકારી વધી છે. વીજળીના અભાવે પડતી મુશ્કેલીઓનું નિરાકરણ થયું છે. રાજયનાં તમામ પ્રજાજનોને સતત વીજળી ઉપલબ્ધ બને તેટલું જ નહિં, પરંતુ વાજબી દરે ઉપલબ્ધ બને તે માટે રાજય સરકાર સતત પ્રયત્શીલ છે.

રાજયમાં હાલ ગ્રામ્ય તથા શહેરી રહેણાં( વિસ્તારોમાં શૈક્ષણિક સૂસ્થાઓ સહિત અંદાજતિ એક કરોડ જેટલા વીજ ગ્રાહકો છે. રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોના દરેક ઘરને, દરેક કુટુંબને, દરેક વિદ્યાર્થીને, દરેક શૈક્ષણિક સંસ્થાને, વિદ્યાર્થીઓ માટેની દરેક હોસ્ટેલને, વીજકરના ભારણમાં રાહત થાય, દરેકની ભૌતિક સુવિધાઓમાં વધારો થાય, રાજયના પ્રત્યેક પ્રજાજનની સુખાકારીમાં વધારો થાય, તે પ્રજાહિતને ધ્યાનમાં રાખીને આ વર્ગને લાગુ પડતા **હાલના વીજકરના દરમાં ૨૫ ટકા ઘટાડો કરવાની હું** દરખાસ્ત કરૂં છું. **આ ઘટાડાને પરિણામે રાજયની પ્રજાને અંદાજિત રૂ. ૨૦૦ કરોડની જૈંગી રાહત પ્રાપ્ત થશે.**

**સમાપન**

સને ૨૦૧૨–૨૦૧૩ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

(રકમ રૂ. કરોડમાં)

(૧) અંદાજ અનુસારની પુરાંત

(૨) કરવેરામાં સૂચિત રાહતો

| | |
|---|---|
| વેલ્યુએડેડ ટેકસ | ૨૦૦.૦૦ |
| સ્ટેમ્પ ડ્યુટી | ૧૦.૦૦ |
| વીજ કર | ૨૦૦.૦૦ |
| **કુલ** | **૪૧૦.૦૦** |

એકંદર અંદાજિત પુરાંત

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરૂ છું.

**સને ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## સભ્યશ્રીની ધરપકડ અને છૂટકરા અંગે

**અધ્યક્ષશ્રીઃ મારે એક જાહેરાત કરવાની છે.** પોલીસ અધિક્ષક, ગાંધીનગરે તારીખ ૨૩/૨/૨૦૧૨ના ફેકસ મેસેજથી મને જાણ કરેલ છે કે તારીખ ૨૩/૨/૧૨ના રોજ ગાંધીનગર ઘ–૩ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપક્રમે યોજાયેલ જાહેરસભા દરમ્યાન ઘ–૩ ઉપવાસી છાવણીથી ઘ–૪ તરફ જતા પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવા બદલ સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા તથા સભ્યશ્રી સુરેશભાઇ પટેલની અન્ય કોંગ્રેસના કાર્યકરો સાથે ૧૩–૩૦ કલાકે બી.પી.એકટની કલમ ૬૮ મુજબ અટકાયત કરવામાં આવી હતી. અને તે અંગેની પોલીસ સ્ટેશન સેકટર–૭ની સ્ટેશન ડાયરી એ. નં. ૧૧/૧૨ થી નોંધ કરવામાં આવી હતી. બનાવ બન્યા બાદ બી.પી.એકટની કલમ–૬૯ મુજબ સ્ટેશન ડાયરી એ.નં. ૧૨/૧૨થી નોંધ કરી એ જ દિવસે ૧૫–૧૫ વાગ્યે મુકત કરવામાં આવ્યા હતા.

**સભાગૃહની બેઠકનું કામકાજ બપોરના ૧૨–૧૩ કલાકે પૂરું થતાં સભાગૃહ સોમવાર તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૨**
**ફાલ્ગુન ૮, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

***શ્રી 24245 ઇશ્વરભાઇ વહીઆ (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશો કે–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વરસમાં વર્ષવાર સુરત જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઇ સહાય/વળતર/ રાહત ચૂકવવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઇ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉકત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીઃ

(૨) હા, જી.

(૩) સામેલ*પત્રકો મુજબ.

(૩) ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનેં કલ્યાણ અને ૨૨૩૫ સમાજ સુરક્ષા અને કલ્યાણ

*(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી ઇશ્વરભાઇ વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી ગરીબ કલ્યાણ મેળાઓની અંદર અમારા ગરીબોને આપ સાહેબ બોલાવો છો એમના પ્રત્યે સદભાવના દાખવો એવી વિનંતી કરવા ઉભો થયો છું. પ્લોટ હોલ્ડરોને ૫૦ હજારના આમંત્રણ સાથેનું કાર્ડ લખ્યું હતું. આમંત્રણ આપ્યું એમાં લખ્યું હતું કે તમને ૫૦ હજાર રૂપિયા મળશે. પરંતુ હજુ સુધી ૫૦ હજાર રૂપિયા મળ્યા નથી એમાં સદભાવના થાય તેવી મારી આપ સાહેબને વિનંતી છે. ગરીબ કલ્યાણ મેળાની અંદર તમે બોલાવ્યા...

શ્રી ફકીરભાઇ વાઘેલા : આ પ્રશ્નમાં ગરીબ કલ્યાણ મેળાઓમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને લાગુ પડે છે એના માટેના પ્રશ્નો મેં સ્વીકારેલ છે. એટલે મારા વિભાગને લગતા જે કંઇ પ્રશ્નો હશે એનો જવાબ હું આપીશ.

અધ્યક્ષશ્રી : માનનીય ઇશ્વરભાઇ, આ વિભાગને લગતા જ પ્રશ્નો પૂછો.

શ્રી ઇશ્વરભાઇ વહીઆ : ગરીબ કલ્યાણ મેળાનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રીઃ આપે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને પ્રશ્ન પૂછયો છે તેથી આ વિભાગને લગતો જ પ્રશ્ન પૂછજો નહિતર પ્રશ્ન આગળ ચાલશે.

શ્રી ઇશ્વરભાઇ વહીઆ : મારો પ્રશ્ન દાખલ કરેલો છે તો ન્યાયનું શું?

અધ્યક્ષશ્રીઃ માનનીય મંત્રીશ્રીના વિભાગને લગતો જ પ્રશ્ન પૂછો,

શ્રી ઇશ્વરભાઇ વહીઆ: માનનીય મંત્રીશ્રીએ જવાબ તો આપ્યો છે ? હેડ ૨૨૨૫, ૨૨૩૫માં જવાબ છે. આ આદિવાસીઓને છેતરવાનો ધંધો છે એ સિવાય બીજુ કશું નથી.

અધ્યક્ષશ્રી : એમના વિભાગને લગતો પ્રશ્ન હશે એટલા પૂરતો જ જવાબ મંત્રીશ્રી આપશે.

શ્રી ઇશ્વરભાઇ વહીઆ : આદિવાસીઓને બોલાવો અને એને તમે કંઇ આપો નહિ.

અધ્યક્ષશ્રી : માનનીય ઇશ્વરભાઇ, ચર્ચા કરવાનો સવાલ નથી. નહિતર તમને તક નહિ અપવામાં આવે. આપનો સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો પ્રશ્ન હશે એટલા પૂરતો જ જવાબ મંત્રીશ્રી આપશે.

શ્રી ઇશ્વરભાઇ વહીઆ : જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે જે બેંકેબલ સ્કીમ નીચે અરજી કરી હોય એ બધાને બોલાવવામાં આવે એમને લોન અને સબિસડી આપવામાં આવી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સંભાળતા નથી.

શ્રી ઇશ્વરભાઇ વહીઆ : ગરીબોને બોલાવ્યા હતા એનું શું? ન આપવાનું હોય તો ગરીબોને બોલાવો છો શું કામ?

અધ્યક્ષશ્રી : સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળનો પ્રશ્ન પૂછશો એટલા નો જ જવાબ આપવા મંત્રીશ્રી બંધાચેલા છે. આપ તો અનુભવી સભ્ય છો, આ રીતે ગૃહનો સમય ન લો. એમના વિભાગને લગતો જ પ્રશ્ન પૂછો, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને લગતો પ્રશ્ન હશે એટલાનો જ જવાબ મળશે.

શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, માનનીય સભ્યશ્રી પ્રશ્ન પૂછે એનો જવાબ આપી દેવા દો ને?

શ્રી ઇશ્વરભાઇ વહીઆ : મારા મત વિસ્તારમાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે નવી ૧૦૮ એમ્બ્યુલન્સ આપવામાં આવશે એવું કહ્યું હતું.

અધ્યક્ષશ્રી : માનનીય ઇશ્વરભાઇ, આપને છેલ્લી તક આપુ છું. બીજા સભ્યશ્રીઓને પણ પ્રશ્નો પૂછવાના છે. આપ આરોગ્ય વિભાગના, મહેસૂલ વિભાગના કે બીજા વિભાગના પ્રશ્નો પૂછશો તો આપને તક આપવામાં નહિ આવે.

શ્રી ઇશ્વરભાઇ વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનું શું?

અધ્યક્ષશ્રી : આપ અલગથી નોટિસ આપીને આપ પૂછી શકશો. આમાં નહીં આવે. સામાજીક ન્યાય અને અધિકારિતા સિવાય બીજો જવાબ મંત્રીશ્રી આપી શકશે નહીં પ્લીઝ. તેમનો જવાબ સાંભળો પ્લીઝ.

શ્રી ઇશ્વરભાઇ વહીઆ : ગરીબ કલ્યાણનું હેડ આપ્યું છે. તે હેડના આ પ્રશ્નો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપના વિભાગનો આપ જવાબ આપો પ્લીઝ.

શ્રી ફકીરભાઇ ર.વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે ગરીબ કલ્યાણ મેળા માટે કહ્યું, મેં એમને એમ કહ્યું કે મારા વિભાગના જે પ્રશ્ન પૂછયા છે તેના મેં જવાબ આપ્યા છે. તેમાં જેને જેને લાભ આપ્યો છે તેના પત્રકો આપ્યા છે. તેમાંથી કોઇ પ્રશ્ન પૂછે તો તેનો જવાબ ચોક્કસ આપી શકું. પણ તેમની જાણ માટે કહું કે આ ગરીબ કલ્યાણ મેળામાં ૬૪ર ગરીબ કલ્યાણ મેળા થયા તેમાં ૫૭, ૪ર, ૦૯૧ લાભાર્થીઓને ૭૯૧૦ કરોડ રૂપિયા અપાયા છે. એ કહેતા હોય કે નથી અપાયા તો પછી..

અધ્યક્ષશ્રી : આપ સુરત જિલ્લા પૂરતો મર્યાદિત જવાબ આપો. (અંતરાય) માનનીય કિરીટભાઇ. સુરત જિલ્લા પૂરતો પ્રશ્ન છે પ્લીઝ.

શ્રી કિરીટભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગરીબ કલ્યાણ મેળામાં સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ અપાઇ?

શ્રી ફકીરભાઇ વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી સાધના સાયકલ સહાય યોજનામાં કુલ ૨૦૧૦માં ૨૪૫ લાભાર્થી અને ૨૦૧૧માં ૫૮ એમ ૩૦૩ વિદ્યાર્થીઓને ૬,૮૧,૦૦૦ની સાયકલો અપાઇ.

શ્રીમતી ભારતીબેન રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે હું મારા વિભાગને લગતા જે પ્રશ્નો છે તેનો જવાબ આપીશ. આપનો વિભાગ જ હું માનું છું ત્યાં સુધી આ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરે છે. અમને ફરિયાદો એવી મળી છે કે આ ગરીબ કલ્યાણ મેળામાં જે રાજય સહકારી બેંકો છે તેના ધિરાણના પત્રકો તેમાં આપવામાં આવ્યા..

શ્રી વજુભાઇ રૂ.વાળા : સાહેબ, આ સહકારમાં આવે. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : વજુભાઇ, આ સાંભળો તો ખરા. હું તેનો જ પ્રશ્ન પૂછું છું, સાંભળો તો ખરા. પહેલા સાંભળવાની તૈયારી રાખો.

અધ્યક્ષશ્રી : આપ જે તે વિભાગ ઉપર જ આવી જાવ. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આખા રાજયની માહિતી આપી. અમે સાંભળી. તો આ ગરીબ કલ્યાણ મેળાની માહિતી નહીં સાંભળો આપ. માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે આ જે રાજય સરકારના વિભાગો છે તેના જે કંઇ લાભો આપેલા હોય એ લાભોની વાત અથવા તો એ લાભો આ ગરીબ કલ્યાણ મેળામાં અપાય એ બરાબર છે પણ નેશનલાઇઝ બેંકોના કોઇ કાગળ આપ્યા હોય તો કાગળનું ડિસ્ટ્રીબ્યુશન પણ ત્યાં કરવાનું, સહકારી બેંકોનું પણ ત્યાં કરવાનું, ભારત સરકારની સ્કોલરશીપ આવી હોય તો તેનું પણ ત્યાં કરવાનું..

અધ્યક્ષશ્રી : આપ તેમાં સમય ન બગાડો. પ્લીઝ. એમના વિભાગનું હોય તો કહો નહીંતર હું પ્રશ્ન–૨ ઉપર આવી જઇશ. ૯ મિનિટ થઇ ગઇ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માત્ર પત્રો છે. એ પત્રોનું ડિસ્ટ્રીબ્યુશન કરીને ગરીબ લોકોને ત્યાં બોલાવીને માનનીય મુખ્યમંત્રીશ્રીના ભાષણો સંભળાવે એ વ્યાજબી નથી.

અધ્યક્ષશ્રી : આપ સામાજીક ન્યાય અને અધિકારીતા ઉપર કોઇ પ્રશ્ન હોય તો પૂછો પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : જેને ખરેખરા અર્થમાં લાભ આપવા જોઇએ એ લાભો અપાયા નથી.

અધ્યક્ષશ્રી : સામાજિક ન્યાય અને અધિકારીતા પૂરતો આપ પ્રશ્ન પૂછો પ્લીઝ..(અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે.મોઢવાડીયા : હું એ જ કરું છું.

અધ્યક્ષશ્રી : તેમના વિભાગ ઉપર હોય તો કહો અને સુરત જિલ્લા પૂરતો જ મર્યાદિત છે પ્લીઝ.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : ગરીબ કલ્યાણ મેળા એ વિષય પંચાયત વિભાગનો છે.

એ એને લગતા વિભાગને લખે. મારો વિભાગ એ ફક્ત સામાજિક ન્યાય અંગેનો છે. માનનીય સભ્યશ્રી ઇશ્વરભાઇનો જે પ્રશ્ન હતો એનો મેં જવાબ આપ્યો છે. મારા વિભાગને લગતા જેટલા પ્રશ્નો હોય એના જવાબ આપવા હું તૈયાર છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સુરત જિલ્લાની જે ગરીબોની આવાસ યોજના છે એમાં ૧૦૦ વારના પ્લોટ ઉપલબ્ધ નથી.

અધ્યક્ષશ્રી : એ આમાં આવતું નથી. પ્લીઝ. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આંબેડકર યોજના એમાં આવે છે. વજુભાઇ આપને ખબર હોવી જોઇએ. બીજી રીતે નથી આવતું.

શ્રી વજુભાઇ રૂ. વાળા : આંબેડકર યોજના અલગ છે. એ એના બજેટમાં જ નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એમને ના પાડવા દો.

અધ્યક્ષશ્રી : એમને જવાબ આપવા દો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સો વારના પ્લોટ ઉપલબ્ધ નથી. એમના મકાન બનાવી શકાતા નથી. *(**xxxx**) તો આ ગરીબોને પણ આપવી જોઇએ.

શ્રી વજુભાઇ રૂ. વાળા : આ શબ્દો એમણે પાછા ખેંચવા જોઇએ. ( અંતરાય )

અધ્યક્ષશ્રી : એમના શબ્દો દૂર કરું છું. પ્લીઝ, આપને સંતોષ ન હોય તો અલગથી નોટીસ આપજો. હું રેકર્ડ જોઇ લઇશ પછી એનો નિર્ણય કરીશ.

---

*(**xxxx**) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અમદાવાદ જિલ્લામાં આવેલ કામદાર કલ્યાણ કેન્દ્રો**

* ૨૪૯૨૦ **શ્રી ગ્યાસુદીન હ. શેખ**(શાહપુર) **: માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ –

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા કામદાર કલ્યાણ કેન્દ્રો છે અને તે પૈકી કેટલા કામદાર કલ્યાણ કેન્દ્રો બંધ છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ક્યા હેતુ માટે ફાળવવામાં આવી, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રીઃ**

(૧) કુલ કામદાર કલ્યાણ કેન્દ્રો–૧૫ (પંદર) બંધ કામદાર કલ્યાણ કેન્દ્રો – શૂન્ય.

(૨) વર્ષવાર કોઇ રકમની ફાળવણી કરવામાં આવી નથી. પરંતુ કામદાર કેન્દ્રો દ્વારા વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૧–૧–૧૦ થી ૩૧–૧૨–૧૦ | ૩.૨.૯૪ |
| ૨ | ૧–૧–૧૧ થી ૩૧–૧૨–૧૧ | ૩.૨.૩૬ |

**શ્રી ગ્યાસુદીન હ. શેખ ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે , મારા સવાલના જવાબમાં કહ્યું છે કે, કોઇ કામદાર કલ્યાણ કેન્દ્ર બંધ કરવામાં આવ્યું નથી. છેલ્લા ૧૫ વર્ષથી મારા મત વિસ્તાર શાહપુરમાં કામદાર કલ્યાણ કેન્દ્ર બંધ છે. એ જ રીતે દરિયાપુરમાં પણ બંધ છે. બીજો પ્રશ્ન એ છે કે, કામદાર કલ્યાણ કેન્દ્રમાં હાલ કઇ પ્રવૃત્તિઓ ચાલે છે? એમના સંકલનની શું વ્યવસ્થા છે? છેલ્લા બે વર્ષમાં આ કેન્દ્રો માટે વર્ષવાર કેટલી ફાળવણી કરવામાં આવી?

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, કામદાર કલ્યાણ કેન્દ્ર કોઇ બંધ કરવામાં આવ્યા નથી. ૨૦૦૧ની સાલમાં વિનાશક ભૂકંપ આવ્યો અને એના કારણે કેટલાક કેન્દ્રના મકાનો જર્જરીત થઇ ગયા. એ ચલાવવા લાયક નહોતા. જેના કારણે કોઇ કેન્દ્ર બંધ નથી કર્યા પણ એની પ્રવૃત્તિ બંધ કરી છે અને એ પ્રવૃત્તિ ગમે ત્યારે ચાલુ કરી શકાય તેમ છે. એટલે જ્યારે પરિસ્થિતિ કલીયર થશે અને મકાનોની વ્યવસ્થા થઇ જશે ત્યારે કેન્દ્રો ચાલુ કરી શકાશે. નં.૨ બજેટ ફાળવવામાં આવતું નથી. પણ એ કેન્દ્રોમાં જે ખર્ચ કરીએ છીએ એ ખર્ચના બિલ મૂકીએ છીએ એ બિલ ચૂકવવામાં આવે છે. એની કામગીરીમાં માત્ર પુરુષો અને સ્ત્રીઓ બન્ને હોય છે. પુરુષોને લગતા વ્યવસાય અને રમત–ગમત, બહેનોને માટે જુદી જુદી યોજનાઓ છે એ યોજનાઓની અંદર ખાસ કરીને ભરતગૂંથણ, મોજશોખના સાધનો તૈયાર કરવા, તોરણો તૈયાર કરવા આ બધી પ્રવૃત્તિ છે આ પ્રવૃત્તિ આજે પણ ચાલુ છે અને ત્યાંનું કેન્દ્ર બંધ કર્યુ છે એ અશોકપુરાની અંદર ફાળવ્યું છે. અને ત્યાં એ પ્રવૃત્તિ ચાલુ છે.

શ્રીમતી ગીતાબેન ચો. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા જાણવા માગુ છું કે અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ કેટલા કામદાર કલ્યાણ કેન્દ્રો હતા અને એ કામદાર કલ્યાણ કેન્દ્રોમાંથી કેટલા કામદાર કલ્યાણ કેન્દ્રો ચાલુ હાલતમાં છે અને કેટલા બંધ છે?

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલાઃ માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લા અને શહેરની અંદર ૧૫ કેન્દ્રો ચાલુ હતા. એ ૧૫માં રાયપુર શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, બહેરામપુરા શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, શાહપુર શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, અશોકપુરા શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, મેઘાણીનગર શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, ચમનપુરા શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, અસારવા શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, સરસપુર શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, રખિયાલ શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, બાપુનગર શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, બાપુનગર–૧, બાપુનગર–૨ અને બાપુનગર–૩, હીરપુરા શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, અમરાઇવાડી શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, વિરમગામ શ્રમયોગી

કલ્યાણ કેન્દ્ર-૧૫ અને બાવળા ઉપકેન્દ્ર એમ કુલ ૧૬ કેન્દ્ર હતા અને એમાં ૫ કેન્દ્રો તદન હંગામી ધોરણે સ્થગિત કરાયા છે બાકીના બધા કેન્દ્રો ચાલુ છે.

શ્રી મહંમદફારૂક હુ. શેખઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એમ પૂછવું છે કે ૨૦૦૧થી સ્થગિત કરવામાં આવ્યા છે, હવે દસ વર્ષ થઇ ગયા છે તો હવે કયારે ચાલુ કરશે?

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલાઃ આ કેન્દ્રો બધી રીતે ચાલુ છે, એની પ્રવૃત્તિ બીજા કેન્દ્રોને ફાળવેલી છે.

શ્રી વલ્લભભાઇ કાકડીયાઃ માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત પૂછવા માગુ છું કે અમદાવાદ જિલ્લા શહેરના જે કામદાર કલ્યાણ કેન્દ્રોછે એના મકાનો પૈકી કયા કેન્દ્રના મકાનોના માલિક કોણ કોણ છે?

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલાઃ માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેર અને જિલ્લાના લગભગ ૧૫ અને ૧ ઉપકેન્દ્ર એમ મળીને ૧૬ છે એ ૧૬માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના ૩ છે, રાયપુર, બહેરામપુરા અને અમરાઇવાડી, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હાઉસિંગ બોર્ડની માલિકીના ૬ છે, મેઘાણીનગર ચમનપુરા, સરસપુર, બાપુનગર-૧, ૨ અને ૩, ખાનગી માલિકીના ૪ છે, શાહપુર, અશોકપુરા, અસારવા અને બાવળા. ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના પોતાના ૨ છે. રખિયાલ અને હીરપુરા. માર્ગ અને મકાનનું ૧ છે. વિરમપુર, આમ ૧૬ કેન્દ્રો જૂદીજૂદી માલિકીના છે અને અત્યારે ચાલુ છે.

શ્રી અજુનભાઇ દે. મોઢવાડીયાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ જે કામદાર કલ્યાણ કેન્દ્રો છે એમાં મોટાભાગે ગરીબ અને મજૂર વર્ગના બાળકો અને મહિલાઓ માટેની પ્રવૃત્તિ થતી હતી અને આ કામદાર કલ્યાણ કેન્દ્રો એટલું સારું કામ કરતા હતા, કે એમાં રમગતમતમાં જે બાળકો રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેતા. આ કામદાર કલ્યાણ કેન્દ્રો મારા શહેરમાં પણ આવેલા છે. આ કામદાર કલ્યાણ કેન્દ્રો જે છે એ પી.ડબલ્યુ.ડી. હસ્તક નથી અથવા તો રાજય સરકાર એની સારસંભાળ નથી રાખતી એના કારણે રીપેર થતા નથી નંબર એક, બીજું આ જે કામદાર કલ્યાણ કેન્દ્રોના જે સંચાલકો છે એ ખૂબ સારું કામ કરતા હતા પણ રીટાયર્ડ થયા પછી આ સરકારે એની નિમણૂક આપવાની બંધ કરી એટલે આ કામદાર કલ્યાણ કેન્દ્રોમાં સંચાલક અને બીજા કર્મચારીઓ રીટાયર્ડ થઇ જાય એટલે ભલે સરકારે બંધ જાહેરાત ન કરી હોય પણ ઓલમોસ્ટ બંધ જેવા છે, આ માત્ર અમદાવાદ નહીં આખા રાજયની સ્થિતિ છે. એમાં હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવા માગુ છું કે આ બહુ નાનો ખર્ચો છે, રાજયના એક લાખ કરોડના બજેટની સામે અને બીજા બીજા લોકોને જે રાહતો આપીએ છીએ એના પ્રમાણમાં પણ ખૂબ નાની એમાઉન્ટ આવે છે.મેં માનનીય વજુભાઇ માનનીય મંત્રીશ્રી હતા ત્યારે પણ એમને વિનંતી કરી હતી કે આ સંચાલકો છે એની ભરતી કરવી જોઇએ અને એ મકાનો રિપેર થવા જોઇએ અને સારી રીતે ચાલવા જોઇએ. એમાં બજેટનો બહુ મોટો હિસ્સો નથી વપરાતો માત્ર એપ્રોચનો કે આપણા કમિટમેન્ટનો અભાવ છે. (અંતરાય) માનનીય મુખ્યમંત્રીશ્રી સૂચના આપતા હોય તો સલાહ લઇ લેવી જોઇએ. (અંતરાય) આપે તો લેવી પડે. મારે નહીં લેવી પડે. (અંતરાય) માનનીય મંત્રીશ્રીને વિનંતી એટલી જ છે કે આ જે જગ્યાઓ મોટા ભાગના કેન્દ્રોમાં ખાલી પડેલ છે ત્યારે આ કામદાર કલ્યાણ કેન્દ્રોના મકાનો છે એમાં કાયમી સંચાલકો કેટલામાં નથી અને હું બીજા કોઇનો પ્રશ્ન પૂછતો નથી પણ અમદાવાદનો પ્રશ્ન પૂછું છું કે આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માગો છો અને બીજો પ્રશ્ન છે કે આ મકાનો છે એ માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર કર્યો છે કે જર્જરિત થઇ ગયા છે તો એને રિપેર કરવા માગો છો કે કેમ? અને એના માટે ફાળવણી કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઇ રૂ. વાળા**: માનનીય અર્જુનભાઇએ જે વાત કરી એમાં સૂચન પણ એમણે કર્યું છે કે આ કલ્યાણ કેન્દ્રોનું શું કરવું? કારણ કે જે તે વખતે મજદુર એરિયામાં આ બધા કલ્યાણ કેન્દ્રો ૧૯૬૫ અને ત્યાર પછી શરૂ થયા હતા. એને કેવી રીતે એનું સ્વરૂપ આપવું, કેટલા બંધ કરવા અને કેટલા ચાલુ રાખવા અને ચાલુ રાખવા તો નવી પ્રવૃતિ શું કરવી એના માટે કમિટીની રચના પણ કરી છે અને એનો અહેવાલ પણ આવી ગયો છે. એની સાથે ચર્ચા કરવાની વાત છે. જેટલા ભૂકંપના કારણે મકાનો જર્જરિત થઇ ગયા હતા એ

મકાનો માટે બે રીતે કરવાનું થાય. આપણા હશે એનું રિપેરીંગ સરકાર કરશે અને ભાડાના મકાનમાં મોટાભાગના ચાલતા હતા એવી જગ્યાઓ હશે તો એને બીજી જગ્યાએ મિક્સ કરી દઇએ છીએ. આજની તારીખે જે બધા કેન્દ્રો છે એની અંદર પૂરતી સંખ્યામાં લાભાર્થીઓ ઓછા મળે છે. ભૂતકાળમાં એક કેન્દ્રમાં ૩૦૦ થી ૪૦૦ લાભાર્થીઓ હતા. એના બદલે અત્યારે સંખ્યા પ્રમાણમાં ઓછી છે. મિક્સ કર્યા સિવાય સંચાલકોનો પ્રશ્ન છે એમાં સવાલ એ છે કે જૂની પ્રદ્ધતિ મુજબ કોર્સ ચાલતા હતા એ જમાના પ્રમાણે બદલાતું જાય અને ટોટલ સ્ટડી કરે અને જે જગ્યાએ જરૂરિયાત હશે એવા વિસ્તારમાં અમે ફરીથી શરૂ કરવા માટેની શક્યતા તપાસી જઇશું. એટલે આ પ્રવૃતિ બંધ કરી નથી. બોર્ડ છે એમાં ચેરમેનો પણ છે અને તેઓ એની નિયમિત મુલાકાત પણ લે છે અને મજદૂર, સ્ત્રીઓ અને બાળકોની આ પ્રવૃતિ એમના હિતમાં આજે પણ ચાલું છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મારા પ્રશ્નનો જવાબ આવ્યો જ નહીં. આ ૧૫ કેન્દ્રો છે એમાં કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી ભરાયેલી છે. કાયમી સ્ટાફ કેટલો છે એનો જ જવાબ માગું છું.

**શ્રી વજુભાઇ રૂ. વાળા**: આ બધા કેન્દ્રોમાં જે રીતની પ્રવૃતિઓ છે એ પ્રમાણે કરીએ છીએ. આની પ્રવૃતિઓ બહુ લિમિટેડ છે. એક એક કેન્દ્ર વાળો કર્મચારી બે ત્રણ જગ્યાએ કામ કરે, આના કોઇ નોમ્સ નથી કે આ કેન્દ્રોમાં આટલા આટલા લોકોની નિમણૂંક હોવી જોઇએ. પ્રવૃતિઓ બધી ચાલુ છે. જોઇતા હોય એટલા સંચાલકો છે. શીખવાડવાવાળા લોકો છે, કાર્ય ચાલુ છે. કોઇ વ્યક્તિના કારણે કાર્ય સફળ થાય છે એવું નથી.

## વડોદરા જિલ્લામાં વેટની આવક

***૨૩૭૭૯ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ**(વડોદરા(ગ્રામ્ય) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સન ૨૦૧૧ના વર્ષમાં વડોદરા જિલ્લામાં વેટની આવક કેટલી થઇ,

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**નાણા મંત્રીશ્રી :**

(૧) રૂ. ૨૨૧૧.૫૫ કરોડ

(૨) રૂ. ૬૦૫.૫૩ કરોડ

(૩) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ:** માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧ના વર્ષમાં વડોદરા જિલ્લામાં વેટની આવક રૂ.૨૨૧૧.૫૫ કરોડ છે. એની વસૂલાતની આવક રૂ.૬૦૫.૫૩ કરોડ છે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બાકી રહી છે એ કેટલા સમયમાં વસૂલ થશે અને કોની કોની બાકી છે?અને બીજો પ્રશ્ન, આ રકમ કેટલા વખતમાં વસૂલ કરી શકીશું? ત્રીજો પ્રશ્ન, આવક વધે તેમજ બાકી વસુલાત ઝડપથી થાય તેના માટે શું પગલા લેવા માગો છો?

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રકમ બાકી છે કુલ ૨૨૧૧.૧૫ કરોડ ૨૦૧૧ ની અંદર વસુલ થયા. જે તે વર્ષની અંદર માંગણું ઉભું થતું જાય એ માંગણું એ જે તે વર્ષ વાઇઝ ભરપાઇ થઇ જાય છે પણ જે બાકી રકમ રહી ગઇ હોય એવી રૂ.૬૦૫.૫૩ કરોડ છે. આ રૂ.૫૦૨.૫૩ કરોડની અંદર ૧૦૭૫ કેઇસીસ પાસે આ રકમ બાકી છે એમાં કુલ રકમ જે ૬૦૫ કરોડ બાકી છે એમાંથી મનાઇહુકમના ૧૩ કેઇસ બાકી છે એના કારણે ૬૦૫માંથી ૫૫૩ કરોડ છે એ આ મનાઇહુકમના જ બાકી છે. ૫૫૩માંથી પણ ૫૨૭ કેસ છે એ એવા કેસ છે કે એના પ્રમાણમાં ઠેઠ લીટીગેશન સુધી જાય તેવા છે. કારણ કે, આ ૫૨૭ છે એ ગેઇલ ઇન્ડિયા અને ઓએનજીસી પાસે આ રકમ બાકી છે. એટલે ગેઇલ ઇન્ડિયા પાસે ૧૦૩ કરોડ બાકી છે અને ઓએનજીસી પાસે ૪૨૩ કરોડ બાકી છે. એટલે આ પ્રમાણે ૫૨૭ કરોડ રૂપિયા એ ફકત બે કંપની પાસે બાકી છે. એટલે ૬૦૫ કરોડમાંથી ૫૨૭ કરોડ બાદ કરી નાંખીએ તો ૭૮ કરોડ રૂપિયા જ બાકીના ૧૦૭૩ લોકો પાસે બાકી રહે છે. આની પાસે જે રીતે છે એ સૈદ્ધાતિક રીતે Central Government એને

retrospective effect થી જે લાભ આપ્યો એ આપેલા લાભને જે ઓલરેડી બિલ બની ગયા હતા એની અંદર ઓછા કર્યા એટલે આ બે dispute ના કારણે આ બેની અંદર મનાઇહુકમ છે અને ૧૩ની અંદર પણ મનાઇ હુકમ છે. એ સિવાય BIFRઅને AIFR એના પ્રમાણે ૯ કરોડ ૩૬ લાખ રૂપિયા ૫ જણા પાસે બાકી છે અને liquidator એક વ્યક્તિ છે એની પાસે ૬ કરોડ ૨૭ લાખ બાકી છે. ધંધો બંધ કે લાપતા હોય એવા ૬૩ લોકો છે એની પાસે ૪ કરોડ ૫૬ લાખ બાકી છે અને જેની હરાજી કરવાની છે એવા ૬ કેસ છે. જેની પાસે ૯ લાખ ૭૭ હજાર બાકી છે વસુલાતની કાર્યવાહી ચાલુ હોય એવા ૯૮૭ કેઇસીસ છે એટલે ૨૦૧૧ની અંદર જેનું ભરણું ઉભું થતું હોય એ ૨૦૧૨ની અંદર આવી જતા હોય છે આવા ૩૧.૯૯ એટલે ૩૨ કરોડ રૂપિયા આવા છે એટલે આ બધી ચાલુ પ્રક્રિયા છે એની અંદર ૯૮૭ કેઇસીસ છે એના પૈસા એ લગભગ આવી જાય એવા છે અને મનાઇહુકમના છે એમાં તો કોર્ટનું પુરું થાય ત્યારે એના પૈસા ભરપાય થાય અને હરાજી કરવવાનું કામ છે એ રેવન્યુ રાહે પગલા અમે લઇએ છીએ એના માટેની વાત છે અને બાકી જે એમણે કહ્યું કે આ આવક આપણે ભરપાય થાય એના માટે શું પગલા લ્યો છો? આ આવક તાત્કાલિક ભરપાય થાય તેના માટે કાયદેસરની તમામ કાર્યવાહી એ વેટ ડિપાર્ટમેન્ટ તરફથી કરવામાં આવે છે.

### જૂનાગઢ નવાબના અમૂલ્ય ખજાનાને જાહેર જનતા સમક્ષ મૂકવા બાબત

* ૨૩૭૪૫ શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જૂનાગઢ ખાતે જૂનાગઢ નવાબના અમૂલ્ય ખજાનાને જાહેર જનતા સમક્ષ મૂકવા માટે યોજના છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**રમતગમત મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) જૂનાગઢ ખાતેના ઓલ્ડ નવાબની જ્વેલરી કલેકટરશ્રી, જૂનાગઢ હસ્તક તિજોરી કચેરીમાં છે. આ જ્વેલરીને જાહેર જનતા સમક્ષ પ્રદર્શિત કરવા જૂનાગઢ ખાતેના સરદાર બાગમાં આવેલ તાજમંઝિલ બીલ્ડંગમાં સંગ્રહાલય શરૂ કરવાનું આયોજન છે અને સંગ્રહાલય વિકાસ નામની યોજના હેઠળ આ સંગ્રહાલય શરૂ કરવામાં આવી રહ્યું છે.

આ અમૂલ્ય જ્વેલરી સાચવવા સ્ટ્રોંગ રૂમ બનાવવાની આવશ્યકતા છે. જ્વેલરી જાહેર જનતા માટે પ્રદર્શિત કરવા બુલેટપ્રુફ રેઝીસ્ટન્ટ શોકેસો તૈયાર કરાયેલ છે. સ્ટ્રોંગ રૂમની કામગીરી તેમજ અનુષંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી જ્વેલરી જાહેર જનતા સમક્ષ મૂકી શકાશે.

શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત પૂછવા માગું છું કે રાજ્ય સરકારે જૂનાગઢના નવાબના ખજાનાને જાહેર જનતા માટે ખુલ્લું મૂકવાનું નક્કી કર્યું છે તો એ બાબતમાં મારા બે પૂરક પ્રશ્નો છે કે આ ઓલ્ડ નવાબની જ્વેલરી કેટલાક વખતથી કલેકટર કચેરીમાં પડેલી છે? નંબર–૨ બુલેટ પ્રુફ શોકેસ તૈયાર કરવાની વાત પણ માનનીય મંત્રીશ્રીએ જણાવી છે ત્યારે આ બુલેટપ્રુફ શોકેસ શું વસ્તુ છે એની મારે જાણકારી જોઇએ છે.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢની અંદર આપણે બધા જાણીએ છીએ કે ૧૯૪૭ માં જ્યારે ભારત આઝાદ થયું ત્યારે જૂનાગઢ ત્રણેય બાજુથી ભારતની હદમાં આવવા છતાં ત્યાંના નવાબ હતા, મહંમદ ખાન ત્રીજા એ ભારતમાં જોડાવવાની ના પાડેલી અને સરદાર વલ્લભભાઇ પટેલે એક (અંતરાય) નહીં, આ જરૂરી છે આ, નહીં, નહીં જરૂરી છે વિરોધપક્ષના નેતાશ્રી, કારણ કે, આ ખજાનાની જે અગત્યતા છે અને એના માટે જે લશ્કરી પગલાં લીધાં અને નવાબ ૧૯૪૭ની ૨૪મી, ઓકટોબરે પાકિસ્તાન ભાગી ગયા અને જે જ્વેલરી હતી એ જ્વેલરી, ગુજરાત રાજ્યની સ્થાપના થઇ એટલે કે, ૧૯૬૦થી આજસુધી કલેકટર હસ્તક રાખવામાં આવી છે. એમણે જે બુલેટપ્રુફ રેઝિસ્ટન્ટ શો કેસોની વાત કરી છે એ ૨,૧૩૫ એમ.એમ.લંબાઇ, ૨,૨૨૦

એમ.એમ.પહોળાઇ અને ૧,૦૬૦ એમ.એમ. ઉંડાઇવાળા, ૩૪ બુલટેપ્રુફ રેઝિસ્ટેન્ટ શો કેસો બનાવેલા છે. જેમાં એક શો કેસનો ખર્ચો લગભગ ૨ લાખ, ૫૫ હજાર અને આવા ૩૪ શો કેસો ૮૬ લાખ ૭૦ હજારના ખર્ચે બનાવવામાં આવેલ છે.

શ્રી રાજસીભાઇ વિ. જોટવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, આ અમૂલ્ય ખજાનામાં શું શું છે તેમજ આ અગાઉ કયારે જાહેર જનતા સમક્ષ પ્રદર્શીત થયેલ છે કે કેમ અને જો થયેલ હોય તો કયારે ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જે ઉપલબ્ધ માહિતી છે એ પ્રમાણે આ અમૂલ્ય ખજાનામાં ૨૧૯ નંગ સોનાના નમૂના અને ૨૪૨૬ જેટલા ચાંદીના નમૂના અને અન્ય કિમતી વસ્તુઓ છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં બે વાર, ૨૦૦૩માં જયારે નવરાત્રીનો ઉત્સવ હતો એ વખતે ૨૬-૯ થી ૨૮-૯ એમ ત્રણ દિવસ સુધી ૩૫ નમૂનાઓ ગ્રાન્ડ ભગવતી એમ્પોરિયમ, અમદાવાદ ખાતે અને તા.૨-૬ થી ૪-૬-૨૦૦૬ સુધી જયારે રોયલ એસ્ટેટ એકઝીબીશન કરવામાં આવ્યું એ વખતે જુનાગઢમાં પ્રદર્શીત કરવામાં આવ્યા હતા.

શ્રી ભગવાનભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આ જે નવાબનો જવેલરીનો ખજાનો છે એ અંદાજીત કેટલી કિમતનો ખજાનો છે એક અને બીજો જે નવાબની અત્યાર સુધીની જુનાગઢ જિલ્લામાં અને જુનાગઢમાં જે કોઇ પણ મિલકતો છે એમાંથી સરકાર હસ્તક કેટલી છે અને ત્રીજો પ્રશ્ન કે એ મિલ્કતોની જાળવણી માટે સરકારશ્રીએ કોઇ વિચારણા કરી છે કે કેમ ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપ્યો કે, આ જે અમૂલ્ય ખજાનો છે એ અત્યારે કલેકટરશ્રી હસ્તક તીજોરીમાં છે અને એના માટે આપણે જુદી વ્યવસ્થા કરીને એક એકઝીબીશન બનાવી રહયા છીએ અને એ એકઝીબીશન તૈયાર થઇ જાય એના પછી એ આપણે ત્યાં મૂકવામાં આવશે.

શ્રીમતી વંદનાબેન મ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જુનાગઢ જિલ્લામાં હાલ કેટલા મ્યુઝીયમો છે, તેનું એકીકરણ કરવાનું કોઇ આયોજન છે કે કેમ અને એકીકરણ કરવાનું કારણ શું છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લામાં હાલમાં બે મ્યુઝીયમો છે, એક દરબાર હોલ મ્યુઝીયમ અને બીજું શકકરબાગ મ્યુઝીયમ, આ બન્ને મ્યુઝીયમોનું એકીકરણ કરવા માટે આયોજન કરવામાં આવી રહયું છે. કારણ કે, તાજમંઝિલ જે બિલ્ડીંગ છે, સરદાર પેલેસમાં એ જુનાગઢ શહેરની મધ્યમાં આવેલું છે અને એટલા માટે મુલાકાતીઓ એનો વધારેમાં વધારે લાભ લઇ શકે એટલા માટે આ મ્યુઝીયમોનું એકત્રીકરણ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપતી વખતે એમ કહયું કે, જુનાગઢના નવાબને ભારત સાથે ભેળવવામાં ન આવ્યા, અને (અંતરાય) સોરી, અને મિલેટરીએ જુનાગઢમાં દરમ્યાનગીરી કરી અને નવાબને ભાગી જવું પડયું. માનનીય અધ્યક્ષશ્રી, જે આરઝી હકુમતની સેના, પ્રજા જાગૃત અવસ્થામાં આવી અને જુનાગઢ અને અમરેલીના લોકોએ આર.જી. હકુમત કરી અને ભારતની અંદર એકાત્મતા રહે, એનો ભંગ ન થાય એટલા માટે થઇને લડત ચલાવી. આ આર.જી. હકુમતને કારણે નવાબને ભાગી જવું પડયું હતું એ વાતનો સ્વીકાર કરશે કે કેમ? અને આર. ઝી. હકુમતના જે સૈનિકો છે એને સ્વાતંત્ર્ય સૈનિક ગણી અને એમને ગોવાના અને અન્ય ધોરણે સ્વાતંત્ર્ય સૈનિક તરીકે સ્વીકારવા માટેની રજૂઆત સરકાર પાસે ગઇ છે એ માનનીય મંત્રીશ્રી સ્વીકારવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : ફકત ખજાના પૂરતી વાત છે બાબુભાઇ.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આર.ઝી. હકુમતનો કોઇ ઇનકાર કરી શકે તેમ નથી. જે ઐતિહાસિક ઘટનાઓ છે એની તો સ્વીકૃતિ જ હોય. (અંતરાય) એમાં સરદાર પટેલના નામ સાથે વાંધો છે કાંઇ? સરદાર વલ્લભભાઇ પટેલના નામ સાથે કાંઇ વાંધો છે કોંગ્રેસને?(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આઇ એમ સોરી, એમને, સરદાર વલ્લભભાઇ પટેલના નામ સાથે કોંગ્રેસને વાંધો છે કાંઇ? (અંતરાય) કેમ સ્વીકારતા નથી? (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ. પ્રશ્ન ક્રમાંક ઃ ૫

**વિકલાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા અંગે**

***૨૩૭૯૨ શ્રી ભૂષણભાઈ ભટ્ટ (ખાડીયા) ઃ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) રાજયના વિકલાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ આરવી લેવા અંગે કોઈ યોજના છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો તેમાં વિકલાંગોને કેટલી રકમનો વીમો આપવામાં આવે છે, અને

(૩) તેમાં કેટલું પ્રિમિયમ ભરવાનું હોય છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ–**

(૧) હા જી.

(૨) રૂ. ૧.૦૦ લાખ ( એક લાખ)

(૩) રૂ. ૨૭.૫૦ ( અંકે રૂપિયા સત્યાવીસ અને પચાસ પૂરા) લાખની રકમનું પ્રિમિયમ ચાલુ વર્ષ માટે વીમા નિયામકશ્રીને ચૂકવવામાં આવેલ છે.

શ્રી ભૂષણભાઈ ભટ્ટ ઃ માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એક લાખ રૂપિયાનો વીમો એ પૂરેપૂરો કયા કિસ્સામાં મળે છે અને બાકીના કિસ્સામાં શું હોય છે એ આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી ફકીરભાઈ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જે વીમા યોજનાની વિવિધ જુથ યોજનાઓ અકસ્માતની ચાલતી હતી. ૨૦૦૭માં એને એકત્રિત કરીને એક જુથ અકસ્માત વીમા યોજના રાજય સરકારે શરૂ કરી છે અને એની અંદર જે જુદાજુદા લાભાર્થીઓ હતા એ પૈકી વિકલાંગ પણ એ લાભાર્થી છે એમને અકસ્માતને કારણે મૃત્યુ પામે અથવા તો કાયમી સંપૂર્ણ અપંગતા હોય તો સો ટકા, બે આંખ, બે પગ, અથવા તો હાથ–પગ ગુમાવવાના કિસ્સામાં સો ટકા, એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં સો ટકા અથવા બાકીના કિસ્સામાં એક આંખ અથવા એક અંગ હોય તો પચાસ ટકા એટલે કે પચાસ હજારની સહાય આપવામાં આવે છે.

શ્રી રાકેશભાઈ શાહ ઃ માનનીય અધ્યક્ષશ્રી, રાજયના જયાં વિકલાંગ સ્વજનોને વીમા સુરક્ષા કવચ પૂરું પાડતી આ સંવેદનશીલ સરકારના આ પ્રયત્નમાં મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે વીમા સહાય મેળવવા દાવો રજૂ કરવાની પ્રક્રિયા શું છે?

શ્રી ફકીરભાઈ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મૃત્યુના ૯૦ દિવસમાં અને જયારે અપંગતાનો કેસ હોય ત્યારે અકસ્માતના ૯૦ દિવસની અંદર વિભાગના નોડલ અધિકારી જે સક્ષમ અધિકારી હોય એને અરજી કરવાની હોય છે અને એની અંદર વિકલાંગતા ઓળખ કાર્ડ, જો અકસ્માત થયો હોય તો એની એફ.આઈ.આર., અધિકૃત તબીબનો પોસ્ટમોટમ રિપોર્ટ, જન્મ મરણ નોંધણીનું જયાં જરૂરી હોય ત્યાં સર્ટીફીકેટ, કાયમી અપંગતાના કિસ્સામાં સિવિલ સર્જન અથવા તો સ્થાનિક તબીબનું પ્રમાણપત્ર વગેરે મળ્યા પછી નોડલ અધિકારી ૩૦ દિવસની અંદર વીમા કંપનીને મોકલી આપે છે.

શ્રી આત્મારામભાઈ પરમાર ઃ માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે રાજયના કુલ કેટલા વિકલાંગોને આ યોજનાનો લાભ મળે છે? અથવા તો કેટલા વિકલાંગોનો આ યોજનામાં સમાવેશ થયો છે?

શ્રી ફકીરભાઈ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, બે લાખ પાંસઠ હજાર જેટલા વિકલાંગ કાર્ડ ઈસ્યુ થયા છે લગભગ એ બધા જ વિકલાંગોને આ યોજનાનો લાભ મળે છે.

શ્રીમતી ગીતાબેન પટેલ ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે આ યોજના અંતર્ગત લાભાર્થીઓના વારસદાર કેવી રીતે નકકી કરવામાં આવે છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, વારસદાર માટે અરજદાર અથવા તો લાભાર્થીના પતિ અથવા પત્ની અને તેની ગેરહયાતીમાં તેના બાળક પુત્ર કે પુત્રી અને એ પણ ન હોય.તો તેના મા–બાપ અને એ પણ ન હોય, તો પૌત્ર કે પૌત્રી અને બધા ન હોય ત્યારે લાભાર્થી આધારિત તેની સાથે રહેતા અપરણિત વિધવા કે ત્યકતા બહેનને આ લાભ આપવામાં આવે છે. એટલે કે વારસદાર તરીકે સ્વીકારવામાં આવે છે.

શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વર્ષ–૨૦૧૧–૧૨ માં અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી અને કેટલી અરજીઓ મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ અને નામંજૂર થઇ હોય તો તેનાં કારણો શાં હતાં?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : સન ૨૦૧૧–૧૨ માં કુલ ૧૧ અરજીઓ આપણને મળી હતી. એમાંથી ૪ મંજૂર કરવામાં આવી છે. ૨ નામંજૂર થઇ અને નામંજૂરીની અંદર પણ એક તો એ ૯૦ દિવસની સમય મર્યાદા બહાર એ અરજી આવેલ હતી. બીજી નામંજૂર થઇ એમાં પોસ્ટમોર્ટમ અને પોલિસ કમ્પ્લેઇન ન હોવાથી નામંજૂર થઇ છે.

## અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની આવક

***૨૩૭૮૨ શ્રીમતી ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ

(૧) અમદાવાદ આર.ટી.ઓ. કચેરીને સન ૨૦૧૧ ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઇ,
(૨) વર્ષ ૨૦૧૦ ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો,
(૩) આવકમાં જો વધારો થયો હોય તો કેટલી રકમનો વધારો થયો અને
(૪) ઘટાડો થયો હોય તો તેનાં કારણો શાં છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રીઃ**

(૧) રૂપિયા ૩૩૩.૮૦ કરોડ
(૨) વધારો.
(૩) રૂપિયા ૪૫.૭૦ કરોડનો વધારો થયો.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રીમતી ગીતાબેન ચો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા વિસ્તારમાં જ આવેલી આર.ટી.ઓ. કચેરીની આવક કેવા કેવા પ્રકારના ટેક્સથી મળે છે? બીજો પ્રશ્ન આર.ટી.ઓ.ની આવક વધે એ માટે કેવાં પગલાં લેવાય છે? અને ત્રીજો પ્રશ્ન આર.ટી.ઓ.ની અંદર આધુનિક પદ્ધતિ અપનાવવામાં આવે છે કે કેમ?

શ્રી વજુભાઇ રૂ. વાળા: માનનીય અધ્યક્ષશ્રી, જે રૂ. ૩૩૩.૮૦ કરોડ રૂપિયાની આવક થઇ છે એ આવક ખાસ કરીને મોટા ભાગની આવક તો બોમ્બે મોટર વ્હીકલ ટેક્સની છે, એમાં ૨૦૧૦–૧૧ માં બોમ્બે મોટર વ્હીકલ ટેક્સ નીચે ૨૮૧.૧૮ કરોડની આવક થઇ. ત્યારપછી ઇન્ડિયન મોટર વ્હીકલ્સ ફી છે એની અંદર લાઇસન્સ ફી, વાહનની નોંધણી, પરમીટ ફી વગેરે પ્રકારની ફી લેવામાં આવે છે. આ ફીની આવક ૨૮.૪૩ કરોડ અને બીજા ડિપાર્ટમેન્ટલ કેસીસ કરે છે. ઓવરલોડ, ટ્રાફિક ભંગ, વગર પરમીટ કે લાઇસન્સ વગરના વાહનો ચાલતા હોય એના માટે થઇને પેનલ્ટી કરીને ૬.૬૭ કરોડ એટલે આ પ્રમાણે જે આવક ૩૧૬.૨૮ કરોડ ૨૦૧૦–૧૧ માં થઇ. એમણે જે કહ્યું આવક વધારવા માટે થઇને શું કરવું. આવક બે રીતે નેચરલી વધે છે. જે પ્રમાણે મોટર, ટ્રક, વ્હીકલ એનું વેચાણ વધે તો વેચાણ વધે તો ઓટોમેટિક રજિસ્ટ્રેશન ફી મળે છે અને જે લોકોએ વર્ષે ટેક્સ ભરવાનો છે. એમાં બે પ્રકારના ટેક્સીસ લમસમ ટેક્સ એક વખત ભરી

દે. અને દર વર્ષે ટેક્સ ભરવાનો. છતાં નથી ભર્યો એવા લોકોને નોટિસ આપીને કડક ઉઘરાણી કરીને એમની પાસેથી પૈસા લેવાના એવી વ્યવસ્થા કરીને એમાંથી પૈસા આવે છે. પછી બીજું જે વાહનોકમાં ઓવરલોડનું પ્રમાણ હતું, એને દંડ કરીને ઓવરલોડ કેમ બંધ થાય એના માટે થઇને વાત કરી છે. બહારથી આવતી બસો પરમીટ વગરની આવતી હોય તો પરમીટના પૂરેપૂરા પૈસા લઇને પેનલ્ટી લઇ એની પાસેથી વસૂલાત કરીને બોમ્બે મોટર વ્હીકલ એક્ટ, ઇન્ડિયન મોટર વ્હીકલ એક્ટ અને ડિપાર્ટમેન્ટલ કેસીસ એ પ્રમાણે મુખ્ય ૩ આવકના સ્ત્રોત છે. બીજું કહ્યું કે આર.ટી.ઓ. ઓફિસ છે એને લેટેસ્ટ કરવા માટે થઇને શરૂઆત કરી દીધી છે. અમદાવાદની અંદર, રાજકોટની અંદર કે બીજે કોઇપણ વ્યક્તિએ લાઇસન્સ કઢાવવું હોય તો ઓન લાઇન સમય માગી લે અને સમય મળી જાય એટલે જે તે સમયે આવી જાય અને ત્યાં જે તે ઓફિસની મર્યાદાની અંદર ક્યાંક ૧૦ બારી, ૧૨ બારી કે ૧૮ બારી રાખી છે. જેની અંદર જેને લાઇસન્સ જોઇએ છીએ એ આવી જાય અને લાઇસન્સ તરત જ મળી જાય છે. પાકું લાઇસન્સ લેવાનું હોય એના માટે ટેસ્ટ લેવાનો હોય.

શ્રી વજુભાઇ વાળા : ત્યાર પછી જો એને પાકું લાઇસન્સ લેવાનું હોય તો એનો જે ટેસ્ટ લેવાનો છે એ ટેસ્ટ પણ કેમેરા મારફત લેવામાં આવે છે, કોઇ વ્યકિતનો અધિકાર નથી એટલે ટેસ્ટમાં એ પાસ છે કે નાપાસ છે એ આપણને કોમ્પ્યુટર અને કેમેરા કહે છે એના આધારે એ પાસ થયો હોય તો એને જે લાઇસન્સ લેવાનું હોય છે એ લેવા માટે એને ઓફિસે ન આવવું પડે એને ઘેર બેઠાં સ્પીડ પોસ્ટ મારફત લાઇસન્સ આપી દેવામાં આવે છે એટલે વધુમાં વધુ ઓફિસોના મોર્ડનાઇઝેશન થયેલ છે અને વસુલાત પણ તાત્કાલિક કરવામાં આવે છે, જૂની વસુલાત છે તેમાં વધુને વધુ સખ્તાઇથી પૈસા વસુલ કરવામાં આવે છે અને દર વર્ષે આરટીઓની આવક વધતી જાય છે. ૨૦૦૮-૦૯માં ૧૬૮ કરોડ હતી, એ ૨૦૦૯-૧૦ની અંદર ૨૧૪ કરોડ થઇ, ૨૦૧૦-૧૧માં ૩૧૬ કરોડની થઇ, અને ત્યાર પછી ૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ સુધીમાં ૩૩૩.૮૦ કરોડની થઇ, હજી ત્રણ માસ જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ બાકી છે એની અંદર પણ આવક સારી એવી વધશે એટલે આરટીઓની અંદર મોર્ડનાઇઝેશન કર્યું છે અને ટેકસની વસુલાત પણ અમે સખ્તાઇથી કરીએ છીએ.

**શ્રી મોહંમદફારૂક હુ.** શેખઃ માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેર મેગાસીટી છે અને બીજા બોમ્બે, કલકત્તા છે ત્યાં આરટીઓ કચેરી ચારથી પાંચ કે છ હોય છે અને આપણા ત્યાં અમદાવાદની અંદર અત્યાર સુધી એક જ હતી, હવે આ એક ચાલુ થઇ છે, તો બીજી વધારવા માગો છો કે કેમ?

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે કામનો ભરાવો હશે એ પ્રમાણે અમે આ વધારીએ જ છીએ. કારણ કે અમે જો તાત્કાલિક કામ ન કરીએ તો તાત્કાલિક આપણને પૈસા ન મળે, અમારો ધ્યેય એ છે કે, પૈસા કેમ મળે એના માટે એક નહીં બે કરી અને હજુ જરૂર પડશે તો જરૂરિયાત પ્રમાણે જે શહેરની અંદર જેટલી વધારવાની જરૂર પડશે એ બધી વધારશું અને આપશ્રીનું કોઇ સૂચન હોય તો આપ ગમે ત્યારે કહેજો.

**રાજકોટ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

***૨૩૭૮૯ શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા ( ઉપલેટા) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે સન ૨૦૧૧માં કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને

(૪) કેલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧) ૧૧૦૮.

(૨) ૩૫૪

(૩) ૩૯૯

(૪) રૂપિયા ૨,૩૪,૪૦૦/-

શ્રી પ્રવિણભાઇ માકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને ૨૦૧૧ની સ્થિતિએ કેટલી અરજીઓ આવી, એમાંથી કેટલી મજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કુલ કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાની વિગતો તો મે જવાબમાં આપી છે પણ એમાં ખાસ કરીને જે ૩૫૫ અરજીઓ પડતર હતી એ છેલ્લે જવાબ આપ્યા પછી એમાંથી ૧૨૭ મંજૂર થઇ, ૭૩ નામંજૂર થઇ અને હવે ૧૫૫ અરજીઓ પડતર છે અને આ ૧૫૫માં પણ ૧૩૪ તપાસ માટે બાકી છે અને ૨૧ ક્ષતિપૂર્તતા માટે બાકી છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયાઃ માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં કુલ કેટલી અરજીઓ આવી, એમાંથી કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ અને નામંજૂર થઇ એના કારણો શું છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી તાલુકામાં કુલ ૮૪ અરજીઓ આવી, ૧૭ મંજૂર થઇ અને ૩૧ નામંજૂર થઇ, અને નામંજૂર થવાના કારણોમાં એક તો પુખ્તવયના પુત્ર હોવાથી અને ઉંમર ઓછી હોવાના કારણે આ અરજીઓ નામંજૂર થઇ છે.

શ્રીમતી જશુબેન સ. કોરાટઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જેતપુર તાલુકામાંથી કેટલી અરજીઓ મળી એમાંથી કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ, અને નામંજૂર થવાના કારણો શું છે? અને બીજો મારો પ્રશ્ન એ છે કે, આમાં વયમર્યાદા કેટલા વર્ષની છે કે જેમાં વૃધ્ધા પેન્શન મંજૂર કરવામાં આવે છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, બીજા પ્રશ્નનો જવાબ પહેલાં આપું. સામાન્યતઃ રાજય સરકારની જે યોજના છે એ ૬૦ વર્ષ વૃધ્ધાવસ્થા પેન્શનની છે અને જો વિકલાંગતા ૭૫ ટકા હોય તો ૪૫ વર્ષની ઉંમરે વૃધ્ધ પેન્શન આપીએ છીએ. એમનો પહેલો જે પ્રશ્ન હતો જેતપુર તાલુકા માટેનો તો એમાં ૭૧ અરજીઓ મળી, ૧૮ મંજૂર થઇ અને ૨૫ નામંજૂર થઇ છે, નામંજૂરીની અંદર એક તો આવક મર્યાદા, પુખ્તવયનો પુત્ર, ઉંમર ઓછી હોવાથી અને જયારે તપાસ કરવા ગયા હોય ત્યારે એ સ્થળે લાભાર્થી ન મળતા હોવાથી આવાં જુદા જુદા કારણોસર નામંજૂર થઇ છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ૨૦૧૧માં રાજકોટ જિલ્લામાંથી મારા મત વિસ્તારમાં આવતો રાજકોટ તાલુકો, લોધીકા અને કોટડા સાંગાણી આ ત્રણેય તાલુકામાંથી કેટલી અરજીઓ મળી, કેટલી નામંજૂર થઇ અને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, કોટડા સાંગાણીમાં કુલ ૯ અરજીઓ મળી ૬ મંજૂર થઇ, લોધીકામાં ૬ અરજીઓ મળી ૪ મંજૂર થઇ અને રાજકોટ તાલુકામાં ૧૧૦ અરજીઓ મળી ૩૩ મંજૂર થઇ અને ૪૮ નામંજૂર થઇ.

## વડોદરા મ્યુઝિયમની સલામતી માટેની યોજના

***૨૩૭૪૬ શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા(વડોદરા શહેર): માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા મ્યુઝિયમની સુંદરતા અને સલામતી માટે રાજ્ય સરકારે યોજના અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**રમતગમત મંત્રીશ્રીઃ**

(૧) હા,જી.

(૨) વડોદરા મ્યુઝિયમની સુંદરતા અને સલામતી માટે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ કામો થયેલ છે.

૧) સંગ્રહાલયના કમ્પાઉન્ડમાં સુંદર સ્કલ્પચર ગાર્ડન બનાવેલ છે.

૨) ગાર્ડનમાં માર્બલનો સુંદર ફુવારો બનાવેલ છે.

૩) એલ.સી.ડી. ઇન્ડીકોર ડીસ્પ્લે ગોઠવવામાં આવેલ છે.

૪) ઇલેક્ટ્રોનીક મુવીંગ ડીસ્પ્લે દ્વારા સંગ્રહાલયની માહિતી પ્રદર્શિત કરેલ છે.

૫) આધુનિક સીસીટીવી કેમેરા વીથ એનેલીટીક સીક્યુરીટી સિસ્ટમ સાથે ગોઠવવામાં આવેલ છે.

૬) સીક્યુરીટી ગાર્ડ વોકીટોકી તથા આર્મ્સથી સજ્જ છે.

૭) સયાજીબાગમાંથી દૂરથી સંગ્રહાલયની કલાત્મકતા જોઇ શકાય તેવી નવી કમ્પાઉન્ડ વોલ બનાવવાની ચાલુ છે.

૮) સંગ્રહાલયનાં ઓડીટોરીયમ હોલ અને પ્રદર્શન હોલને વાતાનુકૂલિત બનાવેલ છે.

૯) કમ્પાઉન્ડમાં લેન્ડસ્કેપીંગ સાથે ગાર્ડન વિકસાવેલ છે.

૧૦) રોલીંગ ટ્રાન્સલાઇડ દ્વારા સંગ્રહાલયના નમૂનાઓનું ફોટોગ્રાફ્સનું ડિસ્પ્લે કરવામાં આવેલ છે.

૧૧) કમ્પાઉન્ડમાં બાળકો માટે ચિલ્ડ્રનપાર્ક બનાવેલ છે.

શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા મ્યુઝિયમનું બાંધકામ ૧૮૮૭માં શરૂ થયું અને ૧૮૯૪માં આ બાંધકામ પૂરું થયું. હવે આ ઐતિહાસીક મ્યુઝિયમની સલામતી માટે કોઇ ખાસ વ્યવસ્થા છે ખરી?અને બીજો પ્રશ્ન એ છે કે સુંદર અને સ્કલ્પચર ગાર્ડન બનાવેલ છે. તો સ્કલ્પચર ગાર્ડન શું છે તે જાણવું છે?

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમને કહ્યું તે બરાબર છે ૧૮૮૭ માં આ મ્યુઝિયમ બનાવવાની શરૂઆત થઇ હતી અને મ્યુઝિયમ ૧૮૯૪માં ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. એમણે જે પહેલો પ્રશ્ન પૂછ્યો કે સલામતી માટે કોઇ વિશિષ્ટ વ્યવસ્થા છે કે કેમ? તો ૨૪ કલાક ફુલપ્રુફ સિક્યુરીટી સિસ્ટમ સાથે આધુનિક ૪ર સીસી કેમેરા ત્યાં ગોઠવાયેલા છે સાથે સાથે સિક્યુરીટી ગાર્ડ વોકીટોકી તથા એલાર્મથી સજ્જ છે. ડોરમેટલ ડિરેક્ટર ગોઠવવામાં આવેલ છે અને અનધિકૃત વ્યકિત કે વસ્તુ જણાય તો એલાર્મ સિસ્ટમ પણ ત્યાં ગોઠવવામાં આવી છે. બીજો એમનો પ્રશ્ન હતો સ્કલ્પચર ગાર્ડન માટેનો તો આપણી પાસે સંગ્રહાલયની અંદર અમૂલ્ય જે નમૂના હતા એ સ્ટોરમાં પડ્યા હતા કારણ કે રાખવા માટેની જગ્યા ન હતી અને પ્રજા અને બાળકો આપણો જે સાંસ્કૃતિક વારસો છે એ જાણી અને માણી શકે તે માટે એક સુંદર ગાર્ડન ૮ લાખના ખર્ચે એમાં બનાવવામાં આવ્યો છે અને એમાં જે શિલ્પ હતા એ શિલ્પને એમાં ગોઠવવામાં આવ્યા છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફતે પૂછવા માગું છું કે, છેલ્લા બે વરસમાં વડોદરા મ્યુઝિયમની કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી? વડોદરા મ્યુઝિયમમાં કેટલા પ્રકારની ગેલેરીઓ આવેલી છે, કઇ કઇ, અને એમાં કેટલા પ્રકારના નમૂના રખાયેલ છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વરસમાં વડોદરા મ્યુઝિયમની વર્ષ ૨૦૧૦-૧૧માં ૩,૮૦,૫૨૫ મુલાકાતીઓએ મુલાકાત લીધી છે અને ૨૦૧૧-૧૨માં ૩૧ જાન્યુઆરી સુધીના આંકડા છે મારી પાસે ૩,૭૩,૦૮૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો કે, એમાં કેટલી ગેલેરીઓ આવેલી છે અને કેટલા નમૂના છે? વડોદરા સંગ્રહાલય ખાતે કુલ ૨૦ ગેલેરીઓ આવેલી છે અને કુલ નમૂના ૭૨,૪૯૪ જેટલા અને અને એમાંય મૌર્ય કાળથી ૧૫મી સદીની જે માટી હતી અને ઇ. સ. ૮ની સદીના શિલ્પો તેમાં મૂકાયેલા છે સાથે સાથે એ જગ્યાએ જે ઇજીપ્શીયન ગેલેરી છે એની અંદર ૨૩૦૦ વરસ પૂરાણી ઇજીપ્શીયન મમી કે જે આજે વડોદરા મ્યુઝિયમનું સૌથી મોટું આકર્ષણનું કેન્દ્ર છે. બીજું આધુનિક આપણી મોર્ડન ઇન્ડીયન પેઇન્ટીંગ ગેલેરી છે તે ચિત્ર ગેલેરીની અંદર આધુનિક ભારતના

એન.એસ. બેંદરે, બી. સાનિયાલ, કામિની રોય, રસીકલાલ પરીખ, સોમાલાલ શાહ, કે. એચ. આરા, શ્વેતોશ્વા ઓરીક, સુઝા જેવા અનેક કલાકારોના ચિત્રો એમાં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે.

શ્રી સી.કે. રાઉલજીઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે એ જાણવા માગું છું કે, આ મ્યુઝિયમના કમ્પાઉન્ડની અંદર કમ્પાઉન્ડ લેન્ડ સ્કેપીંગ માટેની જે જોગવાઇ અત્યારસુધી કરવામાં આવી છે તો લેન્ડ સ્કેપીંગ અત્યારસુધી થયું હતું કે કેમ અને એના માટે શું જોગવાઇ કરવામાં આવેલી છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલાઃ માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં ઓલરેડી વ્યવસ્થા છે અને ત્યાં જે કમ્પાઉન્ડ વોલ હતી એના લીધે મ્યુઝિયમનો દેખાવ બરાબર નહોતો લાગતો એના માટે કમ્પાઉન્ડ વોલ પણ એ રીતે બનાવવામાં આવેલી છે કે ત્યાંથી લોકો પસાર થાય એને પણ એનો નજારો જોઇ શકે.

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૯

**હ્યુમન રાઇટ કમિશનના હુકમ મુજબ મૃત્યુ પામેલા અકિક કામદારોને વળતર**

***૨૫૪૬૯ શ્રી માનસિંહ ચૌહાણ : (બાલાસિનોર) માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ**

(૧) શું એ હકીકત ખરી છે કે, તા.૩૧–૩–૨૦૧૧ની સ્થિતિએ અકીકના કામદારોનું મૃત્યુ થાય તો વળતર પેટે રૂપિયા એક લાખ ચૂકવવા નેશનલ હ્યુમન રાઇટ કમિશન દ્વારા હુકમ થયેલો છે, અને

(૨) જો હા, તો આ હુકમનું અમલીકરણ ક્યારથી શરૂ કરવામાં આવ્યું અને ડિસેમ્બર, ૨૦૧૧ની સ્થિતિએ કેટલા કામદારોને હુકમ મુજબ વળતર ચૂકવવામાં આવ્યું?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રીઃ**

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણઃ** માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અકીકમાં કામ કરતા કામદારોના ફેફસાં ખરાબ થઇ જાય છે, બીજા અનેક રોગો થઇ જાય છે અને એના કારણે મૃત્યુ પામે છે અને એના માટે માનવ અધિકાર પંચે સરકાર સમક્ષ કોઇ રજૂઆત અથવા માગણીઓ આવી છે કે કેમ? વળતર ન ચૂકવવામાં આવ્યું હોય તો તેના કારણો શું છે અને એના માટે કોઇ ચોક્કસ ધોરણો છે કે કેમ?

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : હ્યુમન રાઇટ કમિશન દ્વારા કોઇ સૂચન મળેલું નથી. માનનીય સભ્યશ્રીના કહેવા પ્રમાણે આ અકીકના કામદારોની વચ્ચે માત્રને માત્ર આજની તારીખે ૧૩ કેન્દ્રો એવા છે કે જે ફેકટરી એક્ટ નીચે નોંધાયેલા છે અને એ પૈકીના ૭ બંધ છે અને માત્ર ૬ કેન્દ્રો ચાલુ છે અને એ ૬ કારખાનાઓની તપાસ આપણે અવારનવાર કરાવતા રહીએ છીએ અમારા ફેકટરી ઇન્સ્પેક્ટરો એમાં જાય છે એની તપાસ કરે છે સાથે સાથે સર્જનને પણ મોકલીને કામદારોની તપાસ કરાવીએ છીએ આ ૬ કેન્દ્રોની અંદર જેટલા કારીગરો કામ કરે છે એ કારીગરો પૈકીમાંથી આજે એકપણ કામદારને આવો કોઇ રોગ લાગુ પડેલો નથી અને જેને પરિણામે કોઇ એવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો અકીકની બાબતમાં એ ફેકટરી એકટ હેઠળ નોંધાયેલા યુનિટોનો છે પણ અકીક એનું ફેકટરી એકટ હેઠળ ન નોંધાયેલા હોય એવી જગ્યાએ પણ કામ થાય છે અને આપણને બધાને ખબર છે રાજય સરકાર પણ જાણે છે કે ઓકયુપેશનલ હેલ્થના બહુ મોટા પ્રશ્નો આના કારણે દરેક જગ્યાએ થાય છે એમાં અકીક હોય તો એ ચોકક્સ વિસ્તારમાં ખંભાતમાં એક યુનિટ હોય તો ગોધરાની અંદર બીજું યુનિટ હોય તો રાજય સરકાર જાણે છે કે આમાં આના કારણે મૃત્યુ થાય છે એમાં એક સૂચન એવું પણ થયેલું છે કે અકીકનું કામ કરતાં હોય એમાં સિંગલ કામદાર હોય તો પણ એને ફેકટરી એકટ હેઠળ લઇ આવવા જોઇએ એ બાબતની અંદર કોઇ કાર્યવાહી થઇ નથી અને એને કારણે મૃત્યુ પણ થયાં છે તો આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું અને પુછવા માગું છું કે જે ઓકયુપેશનલ હેલ્થના જે પ્રશ્નો ઉભાં થાય છે એવા ઉદ્યોગો, એમાં અકીકનો પણ સમાવેશ

થાય છે તો એમાં સિંગલ કામદાર હોય એને પણ ફેક્ટરી એક્ટ હેઠળ લાવી અને એના હેલ્થની રાજય સરકાર કાળજી લેવા માગે છે કે કેમ?

શ્રી વજુભાઇ રૂ. વાળા : સભ્યશ્રીએ જે વાત કરી તો જે કારખાનામાં ફકત એકજ કામદાર કામ કરતો હોય તો પણ એને ફેકટરી એકટ લાગુ પડે જ છે અને એ ફેકટરી એકટ તારીખ ૧૯–૧૧–૨૦૦૮થી આપણે લાગુ કરી દીધેલ છે અને આવા ફકત માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું એ પ્રમાણે ૧૩ કારખાનામાંથી ૭ તો બંધ થઇ ગયેલા છે અને છ કારખાના ચાલુ છે એમાં ૧૮ કામદારો જ છે. પણ આપે કહ્યું એ પણ વાત સાચી કે જે ફેકટરી એકટ નીચે કવર ના થતાં હોય પણ જે માણસ પોતે રોજગારી કરે છે ત્યાં વેપારી પાસેથી નંગ લઇ આવે ઘસવા માટે..

**અધ્યક્ષશ્રીઃ** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### નવસારી જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય

૨૩૭૫૬ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)નવસારી જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૬૦૬૩૦. |
| (૨)તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે? | (૨) ` ૧,૦૪,૮૧,૦૦૦/-. |

---------

### નવસારી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૩૮૦૦ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)નવસારી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૬૩ |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૧૪૮ |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૭૪ |
| (૪)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૧,૦૧,૮૦૦/– |

## ખંભાળીયા તાલુકામાં મંજુર થયેલ આઈ.ટી.આઈ.

૨૩૭૭૬ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં નવી આઈ.ટી.આઈ. મંજુર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો આઈ.ટી.આઈ.ના મકાન માટે સરકારે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) આઈ.ટી.આઈ.નું મકાન સામાન્ય રીતે ` ૩૦૦/– લાખમાં તૈયાર થતું હોઈ નિયમોનુસાર તેના ` ૩૩.૩૩% લેખે ૨૦૧૧–૧૨ માં ૯૧.૭૫ લાખ + સેસ ` ૮.૨૫ લાખ મળી કુલ ` ૧.૦૦ કરોડ મંજુર કરેલ છે. |
| (૩)આ મકાનનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી, એજન્સી નક્કી કરી બનતી ત્વરાએ બાંધકામ શરૂ કરવાનું આયોજન છે. |

---------

## રાજ્ય સરકારનું જાહેર અને બાહ્ય દેવું

૨૪૨૪૭ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારનું જાહેર અને બાહ્ય દેવું કેટલું છે, અને | (૧) જાહેર દેવું : ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત)<br>બાહ્ય દેવું : શૂન્ય |
| (૨)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ દેવા ઉપર વર્ષવાર કેટલું વ્યાજ ચૂકવ્યું અને કેટલી મુદ્દલ રકમ ચૂકવવામાં આવી ? | (૨) |

(` કરોડમાં)

| નાણાકીય વર્ષ | જાહેર દેવા ઉપર ચૂકવાયેલ | |
|---|---|---|
| | વ્યાજ | મુદ્દલ |
| ૨૦૦૯–૧૦ | ૭૭૦૩ | ૩૨૪૫ |
| ૨૦૧૦–૧૧ | ૮૫૬૩ | ૩૮૧૭ |
| ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી અંદાજીત) | ૭૧૨૦ | ૩૪૭૯ |

---------

## પાટણ એ.આર.ટી.ઓ. કચેરીની આવક

૨૩૭૮૪ **શ્રી ભાવસિંહભાઇ ડા. રાઠોડ(સમી): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ એ.આર.ટી.ઓ. કચેરીને સન–૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ, | (૧) રૂપિયા ૧૮૦૬૯ કરોડ . |
| (૨) વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો. |
| (૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો વધારો થયો, અને | (૩) રૂપિયા ૪.૮૭ કરોડનો વધારો થયો. |
| (૪) ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વલસાડ જિલ્લામાં વેટની આવક

૨૩૭૮૦ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન–૨૦૧૧ના વર્ષમાં વલસાડ જિલ્લામાં વેટની આવક કેટલી થઈ, | (૧) ` ૪૨૬.૮૦ કરોડ . |
| (૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૨૪૬.૪૦ કરોડ. |
| (૩) બાકી રકમ વસૂલ કરવા માટે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

## સુરત જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન માટે મળેલ અરજીઓ

૨૩૭૫૮ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૩. |
| (૩) કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી ? | (૩) ૧૧. |

---------

## ખેડા જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૩૭૫૭ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ખેડા જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૬૧. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૭૫૦. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૩૧૧. |
| (૪)કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૪) ૨૮૭૦૧૭૫/–. |

---------

## રાજ્યમાં ` ૧/– કરોડથી વધુ વેટ બાકી હોય તેવા ઔદ્યોગિક એકમો

૨૪૩૨૫ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં વેટ અન્વયે રૂપિયા એક કરોડ કે વધુની રકમ વસુલવાની બાકી હોય તેવા કોઈ ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો છે, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો જિલ્લાવાર ક્યાં ક્યાં ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કેટલી રકમ કેટલા સમયથી વસુલ કરવાની બાકી છે, અને | (૨) *પત્રક–૧ મુજબ |
| (૩)ઉક્ત એકમો સમયસર વેટ ચુકવતા ના હોય તો કયા કયા એકમો સામે શી શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ક્યારે ક્યારે કરવામાં આવી ? | (૩) *પત્રક–૨ મુજબ |

*(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## રાજ્યના બજેટમાં વિકાસલક્ષી અને વહીવટલક્ષી ખર્ચ

૨૫૪૫૪ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સને ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ના વર્ષમાં રાજ્યના બજેટમાં વિકાસલક્ષી ખર્ચ કેટલો અને વહીવટલક્ષી ખર્ચ કેટલો થયો છે ? | |

| | વિકાસલક્ષી ખર્ચ | વહીવટલક્ષી ખર્ચ |
|---|---|---|

| | (` કરોડમાં) | (` કરોડમાં) |
|---|---|---|
| વર્ષ ૨૦૦૯–૧૦ | ૪૦૪૧૮.૪૦ | ૧૯૮૩૩.૩૧ |
| વર્ષ ૨૦૧૦–૧૧ (સુ.અં.) | ૪૯૨૨૫.૩૭ | ૨૩૧૨૭.૫૫ |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં મંજુર કરેલ મફત તબીબી સહાય**

૨૩૮૨૦ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરેન્દ્રનગર જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ કયા કયા દર્દો માટે વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવી, અને ? | (૧)<br>રોગ — લાભાર્થી<br>ટી.બી. — ૭૩૪<br>કેન્સર — ૧૫૬<br>રક્તપિત્ત — ૧૦<br>એઈડ્ઝ — ૩૧૬<br>કુલ — ૧૨૧૬ |
| (૨)તેમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ` ૨૮,૦૭,૯૧૧/– |

---------

**વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૮૦૧ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૫૩૨. |
| (૨)તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૧૩૦૭. |
| (૩)કેટલી ના મંજૂર કરવામાં આવી, અને | (૩) ૨૨૫. |
| (૪)કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૪) ` ૧૫,૭૩,૫૦૦/-. |

---------

**પાટણ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૮૨૨ **રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પાટણ જિલ્લામાં ગણવેશ સહાય યોજના | (૧) ૨,૭૦,૮૫૭ /-. |

હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૨૦૧૨ માં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨)તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ?

(૨) ૪,૭૦,૬૭,૬૫૦/-.

---------

**જૂનાગઢ જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૪૨૩૦ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)જૂનાગઢ જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ડૉ. આંબેડકર આવાસ યોજના નીચે તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૩૪૩ (એક હજાર ત્રણસો તેતાલીશ) સામેલ પત્રક મુજબ |
| (૨)ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓમાંથી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) ૫૯૮ (પાંચસો અઠ્ઠાણું) સામેલ પત્રક મુજબ |
| (૩)ઉક્ત સ્થિતિએ મંજુર થયેલ અરજીઓમાંથી તાલુકાવાર કેટલી સહાય ચૂકવાયેલ છે ? | (૩) ` ૨૦૮.૩૪ લાખ (રૂપિયા બસો આઠ લાખ ચોત્રીસ હજાર પૂરા) સામેલ પત્રક મુજબ |

**પત્રક**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **મંજુર કરેલ અરજીઓ** | **મંજુર અરજીઓની ચુકવેલ સહાય ` લાખમાં** |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | જુનાગઢ | ૧૧૨ | ૭૭ | ૨૩.૭૫ |
| ૨ | વંથલી | ૧૧૨ | ૨૦ | ૬.૩૮ |
| ૩ | માણાવદર | ૫૩ | ૨૪ | ૭.૬૩ |
| ૪ | કેશોદ | ૧૪૦ | ૨૯ | ૧૧.૩૧ |
| ૫ | માંગરોળ | ૬૫ | ૪૮ | ૧૭.૪૩ |
| ૬ | માળીયા | ૭૨ | ૩૮ | ૧૩.૬૦ |
| ૭ | વેરાવળ | ૯૫ | ૫૬ | ૧૯.૫૪ |
| ૮ | ઉના | ૧૫૬ | ૬૨ | ૨૧.૦૬ |
| ૯ | કોડીનાર | ૨૨૦ | ૧૦૪ | ૩૭.૧૨ |
| ૧૦ | સુત્રાપાડા | ૧૨૩ | ૬૯ | ૨૩.૭૭ |
| ૧૧ | તાલાળા | ૬૪ | ૨૬ | ૧૦.૦૧ |
| ૧૨ | મેંદરડા | ૨૨ | ૭ | ૨.૬૦ |
| ૧૩ | વિસાવદર | ૭૦ | ૩૧ | ૧૧.૧૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | ભેંસાણ | ૩૯ | ૭ | ૩.૦૦ |
| | કુલ | ૧૩૪૩ | ૫૯૮ | ૨૦૮.૩૪ |

---------

**ખેડા જિલ્લામાં ચૂકવાયેલ મરણોત્તર સહાય**

૨૩૭૫૧ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ખેડા જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી સહાય ચૂકવાવમાં આવી ? | ` ૯,૦૭,૫૦૦/-. |

---------

**રાજકોટ જિલ્લામાં નોંધાયેલ વાહનો**

૨૫૫૧૪ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ): માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા કેટલી છે, અને | (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા ૧૨,૫૨,૯૧૦ છે. |
| (૨)સન–૨૦૧૦ની સરખામણીએ વાહનોની નોંધણીમાં કેટલો વધારો થયો ? | (૨) સન ૨૦૧૦ની સરખામણીએ વાહનોની નોંધણીમાં ૧,૨૪,૨૩૫ વાહનોનો વધારો થયો. |

**ભાવનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૩૭૭૪ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)ભાવનગર જિલ્લા રોજગાર કચેરીમાં સન–૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૧૩૪૨૯ |
| (૨)નોંધણી થયેલ ઉમેદવારો પૈકી ૨૦૧૧ના વર્ષમાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ૧૯૮૦ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં વેટની આવક**

૨૩૭૭૮ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)સન –૨૦૧૧ના વર્ષમાં સાબરકાંઠા | (૧) ` ૧૯૧.૫૯/– કરોડ. |

જિલ્લામાં વેટની આવક કેટલી થઈ,

(૨)કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને — (૨) ` ૮.૪૪/- કરોડ.

(૩)બાકી રકમ વસૂલ કરવા માટે શાં પગલાં લેવામાં આવ્યા ? — (૩) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

## મહેસાણા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૩૮૨૩ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)મહેસાણા જિલ્લામાં ટ્યુશન સહાય યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૬૫. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૧૩. |
| (૩)કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૩. |

---------

## પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૩૭૬૨ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૮૨૫૩. |
| (૨)તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી છે, અને | (૨) ૭૭૫૭. |
| (૩)તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી છે ? | (૩) ` ૧૬૩,૮૯,૭૯૭/-. |

---------

## અમદાવાદ જિલ્લામાં આવેલ શિક્ષિત બેરોજગારો

૨૪૯૬૧ **શ્રી સાબીરભાઇ અ. ખેડાવાલા(જમાલપુર): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ શિક્ષિત બેરોજગારોની કેટલી | (૧) ૬૯૨૮૧. |

| | |
|---|---|
| સંખ્યા છે, અને | |
| (૨) તે પૈકી કેટલા અનુસૂચિત જાતિના છે અને કેટલા લઘુમતિના છે ? | (૨) અનુસૂચિત જાતિ ૨૨૨૮૫.<br>લઘુમતિ ૫૯૬૦. |

---------

**કચ્છ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૩૭૮૭ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં રોજગાર કચેરીમાં સન–૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૧૬૫૫૪. |
| (૨) વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ૧૨૨૬૨. |

---------

**જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૭૬૦ **શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૮૪૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૬૨૬. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચુકવવામાં આવી? | (૩) ૧૬૨૬ |

---------

**ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૭૯૦ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ સન ૨૦૧૦માં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૫૬૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૨૫૧. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૨૨૮. |
| (૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૪) ` ૩,૪૪,૦૦૦/–. |

---------

## એસ્સાર કંપની પાસેથી વસુલાત કરેલ રકમ

૨૫૩૮૩ **શ્રી વજેસિંહભાઇ પા. પણદા( દાહોદ): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)એસ્સાર કંપની દ્વારા ચોક્કસ લાભો મેળવવા માટે કરવામાં આવેલી અરજીનું સુપ્રિમ કોર્ટ દ્વારા સરકારની તરફેણમાં તાજેતરમાં નિકાલ થયેલો છે તે વાત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨)જો હા, તો આ હુકમ બાદ સરકારશ્રીએ એસ્સાર કંપની પાસેથી કેટલી રકમની વસુલાત કરી? | (૨) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમની જોગવાઈઓ અનુસાર વસુલાત અંગે કાર્યવાહી શરૂ કરેલ છે, એસ્સાર કંપની દ્વારા ચાલુ વેરાકીય જવાબદારી પેટે ` ૧૦૯.૩૯ કરોડ ભરેલ છે. |

---------

## પોરબંદર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૩૭૯૭ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પોરબંદર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૮૫. |
| (૨)તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૩૫૪. |
| (૩)કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૩૧. |
| (૪)કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૪) ` ૪,૭૫,૦૦૦/-. |

---------

## રાજ્યમાં સરકારી ગ્રાન્ટ લેતા વૃધ્ધાશ્રમો

૨૩૭૯૫ **શ્રી કિશોર વાંકાવાલા( સુરત શહેર(પશ્ચિમ)): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજ્યમાં સરકારની ગ્રાન્ટ લેતાં વૃધ્ધાશ્રમોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૨૦ . |
| (૨)કેટલા અંતેવાસીઓ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વૃધ્ધાશ્રમોમાં રહે છે ? | (૨) ૧૨૬૨. |

---------

## સરકારી વાહનવ્યવહાર (જી.ટી.એસ.)માં ડ્રાઈવરોની ઘટ

૨૪૨૩૨ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સરકારી વાહનવ્યવહાર નિગમ (જી.ટી.એસ.) ગાંધીનગર ખાતે ડ્રાઈવરોની કેટલી સંખ્યા છે, અને કેટલી ઘટ છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નહી, પરંતુ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ડ્રાઈવરોની કુલ–૩૦ (ત્રીસ) સંખ્યા પૈકી ૨૨ (બાવીસ) ની ઘટ છે. |
| (૨)ડ્રાઈવરોની આ ઘટ નિવારવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પ્રયાસો કર્યા? | (૨) આ ઘટ પુરવા સરકારે ૧૦ (દસ) ડ્રાઈવરો સીધી ભરતીથી ભરવા માટે મંજૂરી આપેલ છે. |

---------

## દલિત સમાજની મહિલાઓના યોગદાન માટે એવોર્ડની યોજના

૨૩૮૨૧ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર(ઉત્તર)): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)દલિત સમાજની મહિલાના મહત્વના યોગદાન માટે એવોર્ડ આપવાની યોજના સરકારે ક્યારથી અમલમાં મૂકી, અને | (૧) તા. ૨૦–૮–૨૦૦૯થી. |
| (૨)આ યોજના અંતર્ગત એવોર્ડમાં કેટલી રકમ આપવામાં આવે છે? | (૨) રૂા. ૫૦,૦૦૦/–. |

---------

## એસ્સાર કંપની પાસેથી વસુલાત કરેલ રકમ

૨૫૩૮૫ **રામસિંહ પ્ર. પરમાર( ઠાસરા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)એસ્સાર કંપની દ્વારા ચોક્કસ લાભો મેળવવા માટે કરવામાં આવેલી અરજીનું સુપ્રિમ કોર્ટ દ્વારા સરકારની તરફેણમાં તાજેતરમાં નિકાલ થયેલો છે તે વાત ખરી છે,અને | (૧) હા, જી. |
| (૨)જો હા, તો આ હુકમ બાદ સરકારશ્રીએ એસ્સાર કંપની પાસેથી કેટલી રકમની વસુલાત કરી? | (૨) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમની જોગવાઇઓ અનુસાર વસુલાત અંગે કાર્યવાહી શરૂ કરેલ છે, એસ્સાર કંપની દ્વારા ચાલુ વેરાકીય જવાબદારી પેટે ` ૧૦૯.૩૯ કરોડ ભરેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૩૭૫૨ **શ્રી આત્મારામભાઇ મ. પરમાર(ગઢડા): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૫,૮૦,૯૯૫. |
| (૨)તે પૈકી કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ` ૧૦,૧૪,૬૬,૨૦૦/–. |

---------

**વડોદરા જિલ્લામાં સંતસુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૮૨૬ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે સન ૨૦૧૧માં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૨,૧૯૯ લાભાર્થીઓને. |
| (૨)તે અન્વયે કૂલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ` ૬૨,૭૬,૬૦૦/–<br>(અંકે રૂપિયા બાસઠ લાખ છોત્તેર હજાર છસ્સો પુરા). |

---------

**રાજકોટ જિલ્લામાં પ્રીમેટ્રીક શિષ્યવૃત્તિ માટે મળેલ અરજીઓ**

૨૩૮૦૩ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૫૩ | માંડલ | મહાત્માગાંધી વિદ્યાલય, માંડલ |
| ૫૪ | બાવળા | મામલતદાર કચેરી, બાવળા |
| ૫૫ | ધોળકા | તાલુકા પંચાયત આરામ ગૃહ, ધોળકા |
| ૫૬ | ધંધુકા | તાલુકા પંચાયત કચેરી, ધંધુકા |
| ૫૭ | ધંધુકા | તાલુકા પંચાયત કચેરી, ધંધુકા |
| ૫૮ | ધંધુકા | તાલુકા પંચાયત કચેરી, ધંધુકા |
| ૫૯ | દેત્રોજ | મામલતદાર કચેરી, દેત્રોજ |
| ૬૦ | દેત્રોજ | મામલતદાર કચેરી, દેત્રોજ |
| | **કુલઃ** | **૬૦** |

(૩)તેમાં કેટલા ઉમેદવારોએ નોંધણી કરાવી હતી, અને

(૩) આવી કોઈ અલગથી નોંધણી કરવામાં આવતી નથી પરંતુ રોજગાર કચેરીમાં નોંધણી કરાવેલ એવા **૨૬૦૨૦** ઉમેદવારોને કોલ લેટર લખી શિબિરમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ હતી.

(૪)નોંધણી કરાવેલ પૈકી કેટલા ઉમેદાવારો માર્ગદર્શન મેળવવા માટે હાજર રહ્યા હતા ?

(૪) ઉપર જણાવ્યા મુજબ અલગથી નોંધણી કરવામાં આવતી નથી. **૭૪૩૩** ઉમેદવારો માર્ગદર્શન મેળવવા હાજર રહેલ હતા.

---------

## મહેસાણા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૪૫૭૬ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)મહેસાણા જિલ્લા રોજગાર કચેરીમાં સન–૨૦૧૧ ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૧૫૫૦૨ |
| (૨)વર્ષ દરમ્યાન કેટલા ઉમેદાવારોને રોજગારી મળી? | (૨) ૫૯૩૪ |

---------

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

## અમદાવાદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

૨૫૫૨૮ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)અમદાવાદ જિલ્લામાં અને શહેરમાં સન–૨૦૧૧ના વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

(૨)આ શિબિર કયા કયા સ્થળે યોજવામાં આવી હતી,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં – ૧૧
અમદાવાદ શહેરમાં – ૪૯
કુલ – ૬૦

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | યોજવામાં આવેલ શિબિરનું સ્થળ |
|---|---|---|
| ૧ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૨ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૩ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૪ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૫ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૬ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૭ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૮ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૯ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૦ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૧ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૨ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૩ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૪ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૫ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૬ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૭ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૮ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૧૯ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૨૦ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૨૧ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૨૨ | સીટી | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ |
| ૨૩ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૨૪ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૨૫ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૨૬ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૨૭ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૨૮ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૨૯ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૦ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૧ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૨ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૩ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૪ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૫ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૬ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૭ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૮ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૩૯ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૪૦ | સીટી | મહિલા માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ |
| ૪૧ | સીટી | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમદાવાદ |
| ૪૨ | સીટી | ઈન્ડીયન લેમીનેટ મેન્યુફેકચર્સ એસોસીયેશન, વસ્ત્રાપુર, અમદાવાદ |
| ૪૩ | સીટી | ઈન્ડીયન લેમીનેટ મેન્યુફેકચર્સ એસોસીયેશન, વસ્ત્રાપુર, અમદાવાદ |
| ૪૪ | સીટી | ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સરખેજ |

| | | |
|---|---|---|
| ૪૫ | સીટી | ઔધોગિક તાલીમ સંસ્થા, સરખેજ |
| ૪૬ | સીટી | ઔધોગિક તાલીમ સંસ્થા, સરખેજ |
| ૪૭ | સીટી | ઔધોગિક તાલીમ સંસ્થા, સરખેજ |
| ૪૮ | સીટી | ઔધોગિક તાલીમ સંસ્થા, કુબેરનગર |
| ૪૯ | સીટી | રોજગાર સહાય કેન્દ્ર, માણેકચોક, અમદાવાદ |
| ૫૦ | સાણંદ | ઔધોગિક તાલીમ સંસ્થા, સાણંદ |
| ૫૧ | વિરમગામ | તાલુકા પંચાયત કચેરી, વિરમગામ |
| ૫૨ | રાણપુર | તાલુકા પંચાયત કચેરી, રાણપુર |
| ૫૩ | માંડલ | મહાત્માગાંધી વિધાલય, માંડલ |
| ૫૪ | બાવળા | મામલતદાર કચેરી, બાવળા |
| ૫૫ | ધોળકા | તાલુકા પંચાયત આરામ ગૃહ, ધોળકા |
| ૫૬ | ધંધુકા | તાલુકા પંચાયત કચેરી, ધંધુકા |
| ૫૭ | ધંધુકા | તાલુકા પંચાયત કચેરી, ધંધુકા |
| ૫૮ | ધંધુકા | તાલુકા પંચાયત કચેરી, ધંધુકા |
| ૫૯ | દેત્રોજ | મામલતદાર કચેરી, દેત્રોજ |
| ૬૦ | દેત્રોજ | મામલતદાર કચેરી, દેત્રોજ |
| | **કુલઃ** | **૬૦** |

(૩) તેમાં કેટલા ઉમેદવારોએ નોંધણી કરાવી હતી, અને

(૩) આવી કોઈ અલગથી નોંધણી કરવામાં આવતી નથી પરંતુ રોજગાર કચેરીમાં નોંધણી કરાવેલ એવા **૨૬૦૨૦** ઉમેદવારોને કોલ લેટર લખી શિબિરમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ હતી.

(૪) નોંધણી કરાવેલ પૈકી કેટલા ઉમેદાવારો માર્ગદર્શન મેળવવા માટે હાજર રહ્યા હતા ?

(૪) ઉપર જણાવ્યા મુજબ અલગથી નોંધણી કરવામાં આવતી નથી. **૭૪૩૩** ઉમેદવારો માર્ગદર્શન મેળવવા હાજર રહેલ હતા.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૨૫૫૦૨ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા (પાલનપુર) જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ પેન્શનરોની કૂલ સંખ્યા કેટલી છે, | (૧) ૯૩૦૧ પેન્શનર. |
| (૨) ઉકત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફતે પેન્શન મેળવે છે, અને | (૩) ૯૩૦૧ પેન્શનર. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

---------

**દાહોદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૫૦૫૫ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લા રોજગાર કચેરીમાં કુલ કેટલા શિક્ષિત | (૧) ૧૯૭૯૨. |

બેરોજગારોની નોંધણી થયેલ છે,

(૨)ઉપરોકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી થયેલ છે, અને

(૨)

| વર્ષ-૨૦૧૦ | વર્ષ-૨૦૧૧ |
|---|---|
| (તા.૧-૧-૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦) | (તા.૧-૧-૨૦૧૧ થી ૩૧-૧૨-૨૦૧૧) |
| ૫૨૮૫ | ૪૬૧૯ |

(૩)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

(૩) ૧૩૪૧.

---------

## અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની આવક

૨૫૫૨૦ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)આર.ટી.ઓ. અમદાવાદ કચેરીની સન ૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ, | (૧) રૂપિયા ૩૩૩.૮૦ કરોડ. |
| (૨)વર્ષ-૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો. |
| (૩)આવકમાં જો વધારો થયો હોય તો કેટલી રકમનો, અને | (૩) રૂપિયા ૪૫.૭૦ કરોડનો વધારો થયો. |
| (૪)જો ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાઓમાં ચૂકવાયેલ સહાય

૨૪૨૪૧ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય/વળતર/રાહત ચૂકવવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨)જો, હા તો વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને | (૨) સામેલ *પત્રકો મુજબ. |
| (૩)ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉઘારવામાં આવેલ છે ? | (૩) ૨૨૨૫: અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અન અન્ય પછાતપર્ગોનું કલ્યાણ અને<br>૨૨૩૫: સમાજ સુરક્ષા અને કલ્યાણ |

*(પત્રકો સચિલશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## અમદાવાદ જિલ્લામાં મંજૂર કરેલ મફત તબીબી સહાય

૨૪૫૮૧ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ કયા દર્દો માટે વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવી, અને | (૧) ટી.બી ૧૪૧૩<br>કેન્સર ૩૯૯<br>રક્તપિત્ત ૦૮<br>એઈડઝ ૪૩૯<br>**કુલ ૨૨૪૯** |
| (૨)તેમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ` ૬૫.૭૫ લાખ. |

---------

## મહેસાણા જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૫૯૩ **શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)મહેસાણા જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી અરજીઓ મળી. | (૧) ૧૯૭૯. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, | (૨) ૭૫૧. |
| (૩)કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને | (૩) ૧૨૨૮. |
| (૪)કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૪) કુલ ` ૨૮,૦૧,૯૯૫/–. |

## નાણા વિભાગને છઠ્ઠા પગાર પંચની મળેલ દરખાસ્તો

૨૪૨૫૨ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૨૫–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નાણા વિભાગ પાસે છઠ્ઠા પગાર પંચની દરખાસ્તો કેટલી આવી અને | (૧)તા. ૨૫–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નાણા વિભાગ પાસે ૩૧ દરખાસ્તો આવી અને |
| (૨)તે અન્વયે કેટલી દરખાસ્તોનો યોગ્ય નિકાલ લાવવામાં આવ્યો અને કેટલી દરખાસ્તો પડતરમાં છે. | (૨) તે અન્વયે ૧૬ દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ છે, ૧૫ દરખાસ્તો વહીવટી વિભાગ દ્વારા નાણા વિભાગના પરામર્શમાં મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. |

## આર.ટી.ઓ કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સના અરજદારો માટે સુવિધા

૨૫૫૦૬ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજ્યમાં આર.ટી.ઓ. કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સના કામો માટે અરજદારને સુવિધા રહે તે માટે કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨)જો હા, તો ૩૧–૧૨–૧૧ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરજદારોની સુવિધા માટે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) ડ્રાઈવીંગ લાયસન્સનાં કામો માટે અરજદારોને એકજ બારી પરથી બધી સેવાઓ મળે તે માટે સિંગલ વિન્ડો સિસ્ટમ દાખલ કરવામાં આવેલ છે. જેના પરિણામે લોકોની હાલાકીમાં ઘટાડો થશે અને સેવાઓ સુદ્રઢ થશે. આ સુવિધા હાલમાં અમદાવાદ, ગાંધીનગર, અમદાવાદ(પૂર્વ), સુરત અને રાજકોટ ખાતે ચાલુ કરવામાં આવેલ છે.<br>વધુમાં, રાજ્યની તમામ આર.ટી.ઓ. એ.આર.ટી.ઓ. કચેરીઓમાં લાયસન્સનાં દસ્તાવેજો સ્પીડપોસ્ટથી અરજદારોના ઘેર મોકલવામાં આવે છે. |

---------

## કચ્છ આર.ટી.ઓ. કચેરી એ આપેલ ડ્રાઈવીંગ લાયસન્સો

૨૫૫૧૧ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૧ના વર્ષમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા કુલ કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા, | (૧) ૪૩,૯૭૦ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા. |
| (૨)ડ્રાઈવીંગ લાયસન્સ/ રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે શાં સુધારા કરવામાં આવ્યા છે, અને | (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે તે સ્માર્ટ કાર્ડના સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા છે. |
| (૩)વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે આઇ.ટી. ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઇઝેશન સીસ્ટમ વિકસાવીને ક્લાઇન્ટ બેઇઝ સરવરમાં રાખવા અંગેના પગલા લેવામાં આવ્યા છે. |

## વડોદરા જિલ્લામાં શ્રમ યોગીઓને જાગૃતિ માટે યોજાયેલ શિબીરો

૨૫૫૩૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ઔદ્યોગિક શ્રમયોગીઓને, શ્રમ કાયદાની જાણકારી આપવા માટે સને–૨૦૧૧ ના વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી જાગૃતિ શિબીરો યોજવામાં આવી, | (૧) ૦૨ (બે). |
| (૨)આ જાગૃતિ શિબીરોમાં કુલ કેટલા ઔદ્યોગિક શ્રમયોગીઓેએ હાજરી આપી, | (૨) ૭૦. |
| (૩)આ જાગૃતિ શિબીરોમાં ઔદ્યોગિક શ્રમયોગીઓના મંડળને બોલાવવામાં આવે છે કે કેમ, અને | (૩) ના જી. |
| (૪)આવી જાગૃતિ શિબીરોમાં સામાન્યતઃ શી જાણકારી આપવામાં આવે છે ? | (૪) શ્રમ કાયદાઓની માહિતી. |

---------

## રાજકોટ આર.ટી.ઓ. કચેરીએ આપેલ ડ્રાઈવીંગ લાયસન્સો

૨૫૫૧૦ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૧ ના વર્ષમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા કુલ કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા, | (૧) ૪૧,૪૩૦ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા. |
| (૨)ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે શા સુધારા કરવામાં આવ્યા છે, અને | (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે તે સ્માર્ટ કાર્ડના સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા છે. |
| (૩)વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે આઈ.ટી. ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઈઝેશન સીસ્ટમ વિકસાવીને ક્લાઈન્ટ બેઈઝ સરવરમાં રાખવા અંગેના પગલા લેવામાં આવ્યા છે. |

## જામનગર જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.

૨૪૫૭૦ **શ્રી મેઘજીભાઈ ડા. કણઝારીયા(ખંભાલીઆ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ | (૧) જામનગર જિલ્લાના તમામ તાલુકામાં |

| | |
|---|---|
| જામનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. છે, | સરકારી આઇ.ટી.આઇ. છે. |
| (૨)ક્યા ક્યા તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)જે તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## બસોના ભાડામાં કે ટોલટેક્સ ના વધારા માટે મળેલ દરખાસ્તો

૨૪૩૨૭ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૦–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બસોના ભાડામાં કે ટોલ ટેક્ષ અંગેના વધારો કરવાની કેટલી દરખાસ્તો રાજ્ય સરકારને મળી, અને | (૧) બસોના ભાડામાં વધારો કરવાની ૦૧ (એક) અને ટોલ ટેક્ષ અંગેના વધારો કરવાની ૦૧ (એક) દરખાસ્ત મળી. |
| (૨)તે અન્વયે ઉક્ત દરખાસ્તને કેટલા ભાવ વધારાની ક્યારે ક્યારે મંજૂરી આપવામાં આવી ? | (૨) બસોના ભાડામાં ૧૦.૮૬% નો વધારો તા.૨૮–૯–૨૦૧૧ ના રોજથી તથા પ્રવાસી દીઠ ટોલ દીઠ રૂા. ૧/– નો ટોલ ટેક્ષ વસુલવામાં આવતો હતો તેના બદલે તા.૦૭–૦૧–૨૦૧૨ ના રોજથી ટોલ બુથ દીઠ રકમના પ્રમાણમાં મુસાફર પાસેથી રૂા. ૧/– થી રૂા. ૭/– ટોલ ટેક્ષ વસુલવા મંજૂરી આપવામાં આવી. |

## સુરેન્દ્રનગર એ.આર.ટી.ઓ. કચેરીની આવક

૨૫૪૯૨ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)એ.આર.ટી.ઓ. સુરેન્દ્રગરની કચેરીને સન–૨૦૧૧ ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઇ, | (૧) રૂપિયા ૩૩.૨૯ કરોડ. |
| (૨)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો. |
| (૩)જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો વધારો થયો, અને | (૩) ` ૧૧.૦૬ કરોડનો વધારો થયો. |
| (૪)ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓને જાગૃતિ માટે યોજાયેલ શિબીરો

૨૫૫૩૬ **શ્રી ગુલસીંગભાઇ રં. રાઠવા( છોટાઉદેપુર): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ઔદ્યોગિક શ્રમયોગીઓને, શ્રમ કાયદાની | (૧) ૦૨ (બે) |

જાણકારી આપવા માટે સને-૨૦૧૧ ના વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી જાગૃતિ શિબીરો યોજવામાં આવી,

(૨)આ જાગૃતિ શિબીરોમાં કુલ કેટલા ઔદ્યોગિક શ્રમયોગીઓએ હાજરી આપી, — (૨) ૭૦

(૩)આ જાગૃતિ શિબીરોમાં ઔદ્યોગિક શ્રમયોગીઓના મંડળોને બોલાવવામાં આવે છે કે કેમ, અને — (૩) ના. જી

(૪)આવી જાગૃતિ શિબીરોમાં શી જાણકારી આપવામાં આવે છે ? — (૪) શ્રમ કાયદાઓની માહિતી.

---------

## જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લામાં સિમેન્ટ કંપનીઓ પાસેથી વેટ/વેચાણ વેરાની વસુલાત

૨૪૨૨૯ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાની કઇ કઇ સિમેન્ટ કંપનીઓ પાસે કેટલા વેટ/વેચાણવેરાની વસુલાતો તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી બાકી છે,

(૧)

| જિલ્લો | સિમેન્ટ કંપનીનું નામ | વેટ-વેચાણવેરાની બાકી (` કરોડમાં) |
|---|---|---|
| રાજકોટ | સરદાર સીમેન્ટ પ્રા.લી. | ૪.૩૬ |
| રાજકોટ | કાંગારૂ સીમેન્ટ પ્રા.લી. | ૦.૪૮ |
| જુનાગઢ | ગુજરાત હાઈટેક ઈન્ડ લી. | ૫.૦૫ |
| જુનાગઢ | મે.સિધ્ધિ સીમેન્ટ લી. | ૪.૪૩ |
| જુનાગઢ | કામદાર સીમેન્ટ લી. | ૧.૨૧ |
| પોરબંદર | સૌરાષ્ટ્ર સીમેન્ટ લી. | ૯૯.૨૯ |
| પોરબંદર | એચ.એમ.પી. સીમેન્ટ લી. | ૪૪.૫૯ |
| પોરબંદર | ગુજરાત હિમાલયા સીમેન્ટ લી. | ૧.૩૬ |

(૨)આ કંપનીઓ પાસેથી કુલ કેટલી રકમની વસુલાતો બાકી છે, અને — (૨) ` ૧૬૦.૭૭ કરોડ.

(૩)આ રકમો વસુલ કરવા અંગે રાજ્ય સરકારે કયા કયા પગલા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લીધા ? — (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ વાહનો

૨૫૫૧૫ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા — (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા

| | |
|---|---|
| કેટલી છે, અને | ૪,૧૪,૮૫૯ છે. |
| (૨)સન–૨૦૧૦ની સરખામણીએ વાહનોની નોંધણીમાં કેટલો વધારો થયો ? | (૨) સન–૨૦૧૦ની સરખામણીએ વાહનોની નોંધણીમાં ૪૭,૮૦૩ વાહનોનો વધારો થયો. |

---------

**ભાવનગર જિલ્લામાં વેટની આવક**

૨૫૪૯૫ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)સન ૨૦૧૧ના વર્ષમાં ભાવનગર જિલ્લામાં વેટની આવક કેટલી થઇ, | (૧) ` ૭૩૧.૯૮ કરોડ. |
| (૨)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨) ` ૪૮.૭૯ કરોડ. |
| (૩)બાકી રકમ વસુલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૨૯૮/page>૨૫૫૦૧ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૫૦૭૪ પેન્શનર. |
| (૨)ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩)કેટલા પેન્શનરો બેંક મારફતે પેન્શન મેળવે છે, અને | (૩) ૧૫૦૭૪ પેન્શનર. |
| (૪)કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય. |

---------

## રાજકોટ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા

૨૫૫૦૦ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૨૪,૫૧૧ પેન્શનર. |
| (૨)ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩)કેટલા પેન્શનરો બેંક મારફતે પેન્શન મેળવે છે, અને | (૩) ૨૪,૫૧૦ પેન્શનર. |
| (૪)કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) ૧ (એક). |

---------

## આણંદ જિલ્લામાં ડૉ.આંબેડકર ભવનની મંજુરી

૨૫૦૪૩ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ડૉ.આંબેડકર ભવન બનાવવાની મંજૂરી આપેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો ક્યારે મંજૂરી આપવામાં આવેલ છે, | (૨) વર્ષ ૨૦૦૭-૦૮. |
| (૩)તેના બાંધકામ માટે કેટલી રકમ કયા હેડે મંજુર કરવામાં આવેલ છે, અને | (૩) મૂડી સદરે ` ૧૮.૦૦ લાખની જોગવાઈ. |
| (૪)તે પૈકી કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ? | (૪) શૂન્ય. |

---------

## આણંદ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા

૨૫૫૦૩ **શ્રી શિરીષકુમાર મ. શુકલ( ખંભાત): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૩૪૧૪ પેન્શનર. |
| (૨)ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩)કેટલા પેન્શનરો બેંક મારફતે પેન્શન મેળવે છે, અને | (૩) ૧૩૪૧૪ પેન્શનર. |
| (૪)કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય. |

## બનાસકાંઠા આર.ટી.ઓ. કચેરીએ આપેલ ડ્રાઈવીંગ લાયસન્સો

૨૫૫૧૭ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૧ના વર્ષમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા કુલ કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા, | (૧) ૨૦૯૩૯ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા. |
| (૨)ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે શાં સુધારા કરવામાં આવ્યા છે, અને | (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે તે સ્માર્ટ કાર્ડના સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા છે. |
| (૩)વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે આઇ.ટી. ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઈઝેશન સીસ્ટમ વિકસાવીને કલાઈન્ટ બેઈઝ સરવરમાં રાખવા અંગેના પગલા લેવામાં આવ્યા છે. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો.

૨૫૫૨૭ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરેન્દ્રનગર જિલ્લા રોજગાર કચેરીમાં સન–૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૭૨૮૬. |
| (૨)ઉક્ત વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવોરોને રોજગારી મળી? | (૨) ૨૪૩૧. |

---------

## અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક શ્રમયોગીઓને લઘુત્તમ વેતન કરતા ઓછા વેતનની ચૂકવણી

૨૫૫૩૩ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ જિલ્લામાં સન ૨૦૧૧ ના વર્ષ દરમ્યાન લઘુત્તમ વેતન કરતાં ઓછા વેતનની ચૂકવણી કરવામાં આવી હોય તેવા કેટલા કિસ્સાઓ સરકારના ધ્યાન પર આવ્યા, | (૧) ૩૮૪ |
| (૨)ધ્યાન પર આવેલા કિસ્સાઓને કારણે કેટલા ઔદ્યોગિક શ્રમયોગીઓને લઘુત્તમ વેતનની | (૨) ૬૦૮૫ |

ચૂકવણી કરવામાં આવી, અને

(૩)શ્રમયોગીઓને કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

(૩) ` ૪૫,૯૪,૧૮૫-૬૦ પૈસા

---------

## સાબરકાંઠા જિલ્લામાં વેટની આવક

૨૫૪૯૬ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સન ૨૦૧૧ના વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વેટની આવક કેટલી થઈ, | (૧) ` ૧૯૧.૫૯ કરોડ. |
| (૨)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૮.૪૪ કરોડ. |
| (૩)બાકી રકમ વસૂલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવ્યા? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

## આણંદ જિલ્લામાં વેટની આવક

૨૫૧૯૨ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં વર્ષવાર, તાલુકાવાર, વેટ દ્વારા સરકારને કેટલી આવક આવી, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨)વર્ષવાર તાલુકાવાર વેટ ચોરીની કેટલી ફરિયાદો કરવામાં આવી, અને | (૨) પત્રક-૨ મુજબ |
| (૩)વર્ષવાર તાલુકાવાર કેટલો વેટ ચોરીની ફરિયાદો સામે વસુલ કરવામાં આવ્યો? | (૩) પત્રક-૩ મુજબ |

**પત્રક-૧**

**આણંદ જિલ્લાની તાલુકાવાર વેટની આવક**

**(રૂપિયા કરોડમાં)**

| તાલુકો | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ |
|---|---|---|
| આણંદ | ૧૭૪.૮૬ | ૨૨૦.૮૨ |
| ઉમરેઠ | ૨.૫૧ | ૨.૮૫ |
| સોજિત્રા | ૦.૬૬ | ૦.૮૩ |
| પેટલાદ | ૪.૩૦ | ૫.૪૧ |
| બોરસદ | ૫.૩૫ | ૬.૭૫ |
| આંકલાવ | ૧.૭૮ | ૨.૨૪ |
| ખંભાત | ૩.૮૧ | ૪.૮૨ |

**પત્રક-૨**

**આણંદ જિલ્લામાં તાલુકાવાર વેટ ચોરીની ફરીયાદો**

| | ૨૦૧૦ | ૨૦૧૧ |
|---|---|---|
| તાલુકો | મળેલ | મળેલ ફરીયાદ |

| | **ફરીયાદ** | |
|---|---|---|
| આણંદ | ૬ | ૩ |
| ઉમરેઠ | ૧ | ૦ |
| બોરસદ | ૧ | ૧ |

**પત્રક–૩**

**તા.૧/૧/૨૦૧૦ થી ૩૧/૧૨/૨૦૧૦**

| તાલુકો | વેટ ચોરીની મળેલ ફરીયાદ | વસુલ કરેલ વેરો | વસુલ કરેલ દંડ | વસુલ કરેલ વ્યાજ | કુલ વસુલ કરેલ રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ઉમરેઠ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | કાર્યવાહી ચાલુ |
| આણંદ | ૬ | ૩૭૩૮૯૧ | ૫૬૦૮૬૩ | ૦ | ૯૩૪૭૫૪ | |
| બોરસદ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | વેપારીશ્રીની વેરાકીય જવાબદારી ઉપસ્થિત થતી ન હોવાથી અરજી દફતરે કરેલ છે |

**તા.૧/૧/૨૦૧૧ થી ૩૧/૧૨/૨૦૧૧**

| તાલુકો | વેટ ચોરીની મળેલ ફરીયાદ | વસુલ કરેલ વેરો | વસુલ કરેલ દંડ | વસુલ કરેલ વ્યાજ | કુલ વસુલ કરેલ રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| આણંદ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | કાર્યવાહી ચાલુ |
| બોરસદ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | કોઈ ક્ષતિ નથી |

---------

**ભાવનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૫૫૨૯ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)ભાવનગર જિલ્લામાં રોજગાર કચેરીમાં સન ૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૧૩૪૨૯ |
| (૨)ઉક્ત વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવોરોને રોજગારી મળી? | (૨) ૭૬૬૮ |

**જામનગર જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.**

૨૫૫૪૩ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લાના કયા કયા તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે, | (૧) જામનગર જિલ્લાના તમામ તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે. |
| (૨)કયા કયા તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## રાજ્ય સરકારનું કુલ દેવું

૨૪૯૯૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારનું કુલ દેવું કેટલું છે, | (૧) ` ૧૧૮૨૯૯ કરોડ (અંદાજીત) |
| (૨)આ દેવા ઉપર છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલી રકમનું વ્યાજ ચૂકવવામાં આવ્યું, અને | (૨) અને (૩) (` કરોડમાં) |
| (૩)છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન દેવા પેટે લીધેલ રકમ અન્વયે કેટલી મુદ્દલ રકમ વર્ષવાર ચૂકવવામાં આવી? | |

| નાણાકીય વર્ષ | ચૂકવાયેલ વ્યાજ | ચૂકવાયેલ મુદ્દલ |
|---|---|---|
| ૨૦૦૯–૧૦ | ૭૭૦૩ | ૩૨૪૫ |
| ૨૦૧૦–૧૧ | ૮૫૬૩ | ૩૮૧૭ |
| ૨૦૧૧–૧૨ તા.૩૧–૧૨–૨૦૧૧ સુધી અંદાજીત) | ૭૧૨૦ | ૩૪૭૯ |

---------

## વડોદરા જિલ્લામાં વેટની આવક

૨૫૫૩૭ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સન ૨૦૧૧ના વર્ષમાં વડોદરા જિલ્લામાં વેટની આવક કેટલી થઈ, | (૧) ` ૨૨૧૧.૫૫ કરોડ. |
| (૨)કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૬૦૫.૫૩ કરોડ. |
| (૩)બાકી રકમ વસૂલ કરવા માટે શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

## અમદાવાદ આર.ટી.ઓ. કચેરીએ આપેલ ડ્રાઈવીંગ લાયસન્સો

૨૫૫૦૭ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૧ના વર્ષમાં આર.ટી.ઓ. તંત્ર દ્બારા કુલ કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા, | (૧) ૧,૬૯,૪૦૭ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા. |
| (૨)ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે શા સુધારા કરવામાં આવ્યા છે, અને | (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/ રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે તે સ્માર્ટ કાર્ડના સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા છે. |

(૩)વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા છે?

(૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે આઈ.ટી. ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઈઝેશન સીસ્ટમ વિકસાવીને કલાઈન્ટ બેઈજ સરવરમાં રાખવા અંગેના પગલા લેવામાં આવ્યા છે.

## મહેસાણા આર.ટી.ઓ. કચેરીની આવક

૨૫૫૨૨ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)આર.ટી.ઓ. મહેસાણા કચેરીની સન ૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ, | (૧) ` ૫૩.૫૪ કરોડ. |
| (૨)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો. |
| (૩)આવકમાં જો વધારો થયો હોય તો કેટલી રકમનો, અને | (૩) ` ૯.૧૭ કરોડનો વધારો થયો. |
| (૪)જો ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## અમદાવાદ જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ

૨૫૫૩૧ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતએ અમદાવાદ જિલ્લાના કયા કયા તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે, | (૧) અમદાવાદ જિલ્લાના તમામ તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે, |
| (૨) જિલ્લામાં કયા કયા તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## મહેસાણા જિલ્લામાં એપ્રેન્ટીશીપ એક્ટ હેઠળ આવરી લીધેલ એકમો

૨૫૫૩૪ **શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ એપ્રેન્ટીશીપ એક્ટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી હતી, | (૧) ૧૮૯. |
| (૨) આ એકમોમાં કુલ કેટલી બેઠકોની ફાળવણી થયેલ હતી, | (૨) ૧૧૭૩. |
| (૩) ફાળવણી થયેલ બેઠકો પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ હતી, અને | (૩) ૯૯૨. |
| (૪) જગ્યાઓ ખાલી રહેલ હોય તો ખાલી રહેવાના કારણો શાં છે? | (૪) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતાં નથી. |

**સરકારી વિધેયકો**

**સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ ૧.**

# ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ  વિધેયક, ૨૦૧૨

**ઇન્ફ્રાસ્ટ્રકચર, (માળખાકીય સુવિધા), સાયન્સ વિજ્ઞાન, ટેકનોલોજી (પ્રોદ્યોગિકી) અને મેનેજમેન્ટ એજયુકેશન (વ્યવસ્થાપન શિક્ષણ) ના ક્ષેત્રમાં અભ્યાસ, સંશોધન, ટેકનોલોજી ઇન્કયુબેશન (પ્રોદ્યોગિકી વર્ધન), પ્રોડકટ ઇનોવેશન (નવતર બનાવટો) અને વિસ્તરણ કાર્યને સરળ બનાવવા અને તેને ઉત્તેજન આપવા માટે  ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર,, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ  નામે ઓળખાતી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે અને ઉચ્ચ  ટેકનિકલ શિક્ષણમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બીજી બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.**

**શ્રી રમણલાલ  વોરા  (શિક્ષણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ૧, સન ૨૦૧૨નું ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયકને આપની પરવાનગીથી હું  દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી  : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ  વોરા  (શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ૧, સન ૨૦૧૨નું ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ  વોરા  (શિક્ષણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ગુણવત્તાસભર ટેકનિકલ શિક્ષણ પૂરું પાડવાના હેતુસર અને આ પ્રથાને ઝડપી અને જવાબદારીવાળી બનાવવા માટે સરકારે સ્વાયત્ત યુનિવર્સિટીનો અભિગમ અપનાવ્યો છે. આ અગાઉ પંડિત દીનદયાળ યુનિવર્સિટી અને ધર્મસિંહ દેસાઇ યુનિવર્સિટી જેવી અનેક યુનિવર્સિટીઓને આપણે મંજૂરી આપી છે અને તે જ પ્રમાણે હાલમાં સમગ્ર દેશમાં થઇ રહેલાં ઇન્ફ્રાસ્ટ્રકચર જે વિકાસની તકોને ધ્યાનમાં લઇને શિક્ષણ વિભાગ હસ્તકના ટેકનિકલ શિક્ષણની અંદર નવી સૂચિત ઇજનેરી સંસ્થા શરૂ કરવાનું રાજય સરકારે નિર્ણય કરેલો છે. આ ઇજનેરી સંસ્થા Institute of Infrastructure, Technology Research and Management Centre ના સ્વરૂપમાં વિકસાવી તેને યુનિવર્સિટીનો દરજજો આપવાનું રાજય સરકારે નકકી કર્યુ છે. વિશેષ કરીને આ યુનિવર્સિટી એ ઇન્ફ્રાસ્ટ્રકચર અને મેનેજમેન્ટના શ્રેષ્ઠ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવવા માટે , રાજય અને દેશના શ્રેષ્ઠ ઉદ્યોગોને ઇન્ફ્રાસ્ટ્રકચર એજન્સીઓ સાથે સંકળાઇને તેમની જરૂરિયાત મુજબ ઇજનેરી, ઇજનેરો મળી રહે તે માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી ઇન્ફ્રાસ્ટ્રકચર અને મેનેજમેન્ટ ક્ષેત્રે સંશોધન અને વિકાસ માટેની શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

* વિધેયક તારીખ ૧૪મી ફ્બ્રુઆરી, ૨૦૧૨ના રોજ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૨માં આ સંસ્થાની વિદ્યાશાખામાં અંદાજે ૧૮૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું શરૂ કરવાનું છે. અનુક્રમે ૬૦૦, ૧૧૦૦, ૧૭૦૦ અને ૨૦૧૬-૧૭માં સંસ્થા પૂર્ણ રીતે કાર્ય વિકસિત થાય ત્યારે બે હજાર વિદ્યાર્થીઓને સમાવી શકાય તેવું આયોજન કરવામાં આવેલ છે. આ પૈકીના ૫૦ ટકા ઇજનેરી સ્નાતકો, ૩૦ ટકા ઇજનેરી અનુસ્નાતકો અને બાકીના અન્ય મેનેજમેન્ટ વિદ્યાર્થીઓ તૈયાર કરવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્નાતક ઇજનેરી કક્ષાએ સિવિલ અને ઇન્ફ્રાસ્ટ્રકચર ઇજનેરી, ઇલેકટ્રીકલ અને પાવર ઇજનેરી, આર્કિટેક અને બિલ્ડીંગ ઇજનેરી, મિકેનીકલ અને ઇન્ડસ્ટ્રીયલ ઇજનેરીના અભ્યાસક્રમો શરૂ કરવાનું આયોજન છે. એ જ પ્રમાણે અનુસ્નાતક કક્ષાએ મ્યુનિસિપલ ઇન્ફ્રાસ્ટ્રકચર, પાવર ઇન્ફ્રાસ્ટ્રકચર, Waste amd Environment Management તથા સિવિલ અને ઇલેકટ્રીક ઇજનેરીના વિશિષ્ટ અભ્યાસક્રમો શરૂ કરવાનું આયોજન છે. આ સંસ્થાની અંદર પચાસ ટકા ગુજરાતના વિદ્યાર્થીઓ અને પચાસ ટકા ગુજરાત બહારના વિદ્યાર્થીઓને AIEEEના મેરિટ આધારે પ્રવેશ આપવાનું આયોજન છે. આ અંગેની નીતિની અમલવારી કરવામાં આવશે. અમદાવાદ ખાતેની બંધ મીલ રોહિત મીલની જગ્યાએ ૨૦ હજાર ચોરસ મીટર જમીનની અંદર આનું આયોજન કરવામાં આવે છે હાલ ૮ વર્ષમાં અંદાજે ૨૬૦ કરોડ રૂપિયાની જરૂરિયાત ઉભી થશે. આ માટેના શૈક્ષણિક ભવનો, હોસ્ટેલ, સ્ટાફ કવાટર્સ આ બધા માટે સંસ્થા માટે ૧૮ કરોડ રૂપિયાની અને ૨૦૧૨-૧૩માં ૬૭ કરોડ રૂપિયાની સૂચિત જોગવાઇ કરવામાં આવેલી છે. એ સાથે સાથે આ ઇજનેરી યુનિવર્સિટીની દોઢ કિલોમીટરના અંતરે સારંગપુર કોટન યુનિટ બે છે ત્યાં પણ ૧૫ એકર જમીન આ સંસ્થાના હેતુઓ માટે લેવાની રાજય સરકારે નકકી કર્યુ છે. કેપિટલ ગ્રાન્ટ બજેટમાંથી પૂરું પાડવાનું આ અંગેનું સૂચન છે.

રીકરીંગ ખર્ચમાં વિદ્યાર્થીઓની ફી, ટ્રેઇનિંગ અને સંશોધનની આવકમાંથી મેળવવાની છે. આમ છતાં શરૂઆતના ૮ વર્ષોમાં જે ખાધ પડવાની છે તે રાજય સરકારે આપવાની રહેશે. આ સૂચિત ખરડામાં પ્રકરણ ૧ થી ૬ માં વિવિધ કલમો મુકીને આ યુનિવર્સિટી શરૂ કરવાનું રાજય સરકારે આ બિલ જયારે રજૂ કર્યું છે ત્યારે ઇન્ફ્રાસ્ટ્રકચર અને સાયન્સ ટેકનોલોજી, મેનેજમેન્ટ એજયુકેશન, અભ્યાસ સંશોધન ટેકનોલોજી, ઇનોવેશન, આ કાર્યને સરળતા બનાવવા માટે ઇન્સ્ટીટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટના નામે ઓળખાતી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટેનું બિલ હું આ સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું, અપેક્ષા છે કે બધા જ મિત્રો આ બિલને સર્વાનુમતે મંજૂર કરશે તેવી વિનંતી કરું છું.

**શ્રી શકિતસિંહ ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)ઃ** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનની શરૂઆતમાં As a mover of the bill જે વાત કરી કે અમે એક સ્વાયત યુનિવર્સિટીની રચના કરવા જઇ રહ્યા છીએ Basic principle is that each and every university shall be an autonomous body, સ્વાયતતા જ્યારે સિધ્ધાંત તરીકે મસ્ટ હોય, ત્યારે પહેલો સવાલ એ થાય કે શું વાઇસ ચાન્સેલર વગરની યુનિવર્સિટી હોઇ શકે ખરી? આપ શું કરવા માગો છો? આપ કઇ દિશામાં જવા માગો છો? કઇ સ્વાયતતાની વાત કરો છો? હું જોતો હતો યુનિવર્ષિટી ગ્રાન્ટ કમીશનની કેટલીક સૂચનાઓ. યુ.જી.સી.ની સૂચનાઓ આપણા માટે ગીતા સમાન હોય. આપણે તેને અનુસરવું ફરજિયાત હોય. એટલાથી નહીં પણ આપણું પોતાનું બિલ ગુજરાત એકટ ૮/૨૦૦૯, એમાં પણ આપણે કેટલીક મૉડેલ વસ્તુઓ સ્વીકારી છે. આ વિધેયકમાં માનનીય મંત્રીશ્રીના Object & Rasions, ઉદેશ અને કારણો હું જોતો હતો, શું આ શબ્દો ઉદેશ અને કારણોમાં અને પરિપૂર્તતા વચ્ચે આપણે ઘણું બધું કરવું પડે, જયારે આપણે એ ચૂકીએ છીએ ત્યારે અહિત કોનું થાય છે? અહિત એ ગુજરાતના વિદ્યાર્થીનું થાય છે. આ ટેકનિકલ યુનિવર્સિટીની કદાચ નવી રચના કરીને, બિલ પસાર કરાવીને, શબ્દોની સજાવટ કરી અને આપણે જે વાત મૂકીએ, યુનિવર્ષિટી પણ કદાચ બનાવી દઇએ, પણ આપણે તેના માટેનું પુરતું ઇન્ફ્રાસ્ટ્રકચર આજે જે એકઝીસ્ટીંગ ટેકનિકલ ક્ષેત્રની

સંસ્થાઓ છે, એ જી.ટી.યુ. સાથે જોડાયેલી હોય, ગુજરાત ટેકનિકલ યુનિવર્ષિટી સાથે કે અન્ય જગ્યાએ એફીલીએટેડ હોય આપે કયારેય એ વિચાર કર્યો છે ખરો કે આપણા ટેકનિકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓ જે ભણે છે તે બેરોજગાર કેમ રહે છે? આપે આ બિલ લઇને આવતા પહેલા આપણી એકઝીસ્ટીંગ સંસ્થાઓના વિદ્યાર્થીઓની ચિંતા કરી હોત, કારણ કે આપે જે ચિંતા કરી છે આઇ વીલ રીમેઇન વીધીન ધ સ્કોપ, આપનો આશય ખાસ કરીને ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રીસર્ચ અને મેનેજમેન્ટના એન્જિનિયરોની માંગ, ડિમાન્ડ એન્ડ સપ્લાય, યસ, આઇ ડુ એગ્રી, ધેર ઇઝ એ ડિમાન્ડ.ડિમાન્ડ હોવા છતાં ગુજરાતનો ગ્રેજયુએટ થયેલો વિદ્યાર્થી, ટેકનોલોજી ક્ષેત્રનો વિદ્યાર્થી ડિમાન્ડ હોવા છતાં શા માટે select થતો નથી. આપણે એની ચિંતા કરી છે ખરી? આપણે કયારેય એના માટેનો અભિગમ વિકસાવ્યો છે ખરો? મારી પાસે રાજય સરકારે આપેલા આંકડા છે. મારી પાસે એક ચોપડી છે, અંદાજપત્ર પ્રકાશન ૩૪, આ વખતના બજેટના જ છે. ચાલુ વરસના બજેટના જ છે. આપે અહીંયા જે ચિંતા સેવી છે એને અનુરૂપ પરિસ્થિતિ નથી એના નિર્માણની હું વાત કરવા માગું છું. ગુજરાતમાં સરકારના ચોપડે નોંધાયેલા બેરોજગારોની વાત છે. આજકાલ તો ગુજરાતનો યુવાન રોજગાર કચેરીમાં નામ નોંધાવા જવાનું પણ ટાળે છે. કારણ કે ત્યાં નોંધાયા પછી નોકરી કયાંય મળવાની નથી. આપણે આ બેરોજગાર યુવાનોને કંઇ આપી શકતા નથી. હું આ તબક્કે ગુજરાત સરકારના આંકડા આપવા માગું છું. સન ૧૯૯૦માં સિવિલ એન્જિનિયરીંગમાં ૨૩૬૮ નોંધાયેલા હતા. હું આ બધા ફિગર્સ જોઇ ગયો છું. એ વખતે રાજય સરકારમાં દર વરસે રોજગાર કચેરીમાંથી સિવિલ એન્જિનિયરીંગમાં નોકરીઓમાં તકો ઉપલબ્ધ હતી. જયારે આજે બી.ઇ. સિવિલના ઇન્ટરવ્યું રાજય સરકારની નોકરીઓમાં ભાગ્યે જ થાય છે. હવે તો વિભાગોમાં શું ચાલે છે આપણે સૌ જાણીએ છીએ. હું આપને ૨૦૦૯ના ફિગર આપવા માગું છું, સન ૨૦૦૯માં સિવિલ એન્જિનિયરીંગમાં બેરોજગાર ૧૦૭૪, જયારે ચાલુ વરસે આંકડાઓ એમ કહે છે, હજી વરસના અંતે સાચો ફિગર આવશે. ચાલુ વરસે સિવિલ એન્જિનિયરીંગ થયેલા ૧૦૪૪ ઉમેદવારો રોજગાર કચેરીમાં નોંધાયેલા છે. એ જ રીતે મિકેનિકલ એન્જિનિયરીંગમાં ૧૯૯૦માં ૬૮૧ રોજગાર કચેરીમાં નોંધાયેલા બેરોજગારો હતા, ૧૯૯૫માં ૬૩૦ હતા એ આજનો ફિગર જોઇએ તો ૨૧૩૩ છે. ચાલુ વરસનો આંકડા જોઇએ તો હજી વરસ પણ પૂરું થયું નથી સન ૨૦૧૧ના પૂરા આંકડા આવ્યા નથી ત્યારે ૨૧૦૮ મિકેનિકલ ઇજનેરો બેરોજગાર નોંધાયેલા છે. એ જ રીતે ઇલેકિટ્રક ઇજનેરોના ભૂતકાળના આંકડા જોઇએ તો ૧૯૯૦માં માત્ર ૩૭૦ હતા ગયા વરસે સરકારી ચોપડે નોંધાયેલા ૨૩૨૧ અને ચાલુ વરસે હજી ફાઇનલ ફિગર નથી તેમ છતાં ૨૩૮૦ નોંધાયેલા બેરોજગાર ઉમેદવારો છે. આ ત્રણ સિવાયની અન્ય ઇજનેરી શાખાઓમાં ભૂતકાળમાં જોઇએ તો ૬૬૬ હતા જે ગયા વરસે સરકારી ચોપડે નોંધાયેલા ઇજનેરોની સંખ્યા ૪૪૫૧ અને ચાલુ વરસે હજી ફાઇનલ આંકડા નથી હજી આંકડો વધવાનો છે એ આજે ૫૦૬૮ અન્ય ઇજનેરો બેરોજગાર છે જે આપને ત્યાં નોંધાયેલા છે. આ ચિંતાનો વિષય છે. હું સમજી શકું છું માનનીય મંત્રીશ્રી, પણ આ ચિંતા કરે. આપણાં સૌની, ગૃહના આ પક્ષ કે આ પક્ષના તમામ સભ્યોની આ ચિંતા હોય, સ્નાતક થયો છે, કામ મળતું નથી. અનુસ્નાતકની પરિસ્થિતિ આપણે જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસ્નાતકમાં પણ ટેક્નીકલ ક્ષેત્રના જે વિદ્યાર્થીઓ છે એ અનુસ્નાતક થયા પછી પણ કામ વગર આપણે ત્યાં ફાંફા મારે છે. ઉદ્યોગ નાખો છો તેમાં શું શું નાખો છો, નરોત્તમભાઇ, એટલે આ પરિસ્થિતિ થાય છે એ કહું છું. માનનીય નરોત્તમભાઇની વાત સાચી છે. આપ અહીં ઉદ્યોગો નાખો છો. આપ તેને રીસોર્સીસ આપો છો ગુજરાતના, આપ એને તમામ સુવિધાઓ આપો છો. ભલું થજો આર.ટી.આઇ.નું કે મારી પાસે નોંધ આવી, આર.ટી.આઇ.માં, મંત્રીમંડળમાં વહેંચાયેલી નોંધ, કે એક ઉદ્યોગપતિને ૩૩૦ ટકા વધારે નાણાં આપીને અહીં લાવ્યા. ૨૦ વર્ષ પછી લોનની પહેલો હપતો ભરવાનો. ૦.૧ ટકા વ્યાજ. ૨૭૦૦ કરોડના રોકાણ સામે ૯૫૭૦ કરોડની લોન..

અધ્યક્ષશ્રી : શકિતસિંહભાઇ, આપણે આ બિલ ઉપર જ વાત કરીએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : બિલ ઉપર છે. આ ઉદ્યોગો આવે છે. એન્જીનિયર બેકાર થાય છે. એની વાત છે. This is to reply to the Honourable Minister. When the Honourable Minister is making

comment I have to say. It is my duty. I wil certainly reply to the Honourable Minister. I respect him. He is an elderly nice person. How can I run away.

અધ્યક્ષશ્રી : આપણે બિલ ઉપર આવીએ. પ્લીઝ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : He is a nice person. સજ્જન માણસ છો એમ હું કહું છું અને સજ્જન માણસથી હું દૂર કેમ ભાગી શકું? એની આ સજ્જનતાના ભાગ રૂપે જ છે ગુજરાતનું હિત કરનાર માણસ ગૃહમાં ન હોય, બહાર હોય તો પણ એ સાંભળે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેતો હતો કે આ ઉદ્યોગપતિને આટલું આપ્યા પછી what was his duty? બધું જ લૂંટાવ્યા પછી એની ફરજ હતી કોંગ્રેસના શાસને બનાવેલી નીતિ કે બહારથી આવેલો ઉદ્યોગપતિ ગુજરાતમાં ઉદ્યોગ નાખે તો તેણે પહેલી પસંદગી ગુજરાતીઓને આપવી પડે અને ગુજરાતીને નોકરીમાં સમાવવા પડે. કલાસ-૩ કલાસ-૪ નહીં, ટેકનિકલ એકસપર્ટ માણસ પણ એણે ભરવાનો હોય, special reservation for Gujaratis, we can take proud for it. કે મારા ગુજરાતમાં બહારનો આવેલો માણસ મારા ગુજરાતીને કામ ન આપે એવું ન ચાલે આ નીતિ. હું જે વાત કરતો હતો આ બિલ ઉપરની એ કે objects and reasonsમાં આપની ચિંતા એટલી જ છે, આપને ચિંતા છે કે અમને ટેકનિકલ જ્ઞાન આપીને ગુજરાતીઓને વધારે રોજી આપવી. આ પેલો ઉદ્યોગપતિ આપના મંત્રીમંડળની નોંધ મારી પાસે છે એમાં એમ કહે છે કે I will take everything from you હું બધું જ લઇશ આપનું પરંતુ ગુજરાતીઓને જ નોકરીમાં રાખવાના એ તમારી નીતિને સ્વીકારવા માગતો નથી. આ તો મેં કહ્યું ને કે ભલું થજો આર.ટી.આઇ.નું નહીં તો ખબર પણ ન પડત ગુજરાતને પણ કે મંત્રીમંડળમાં શું નોંધ ગઇ હતી? એ કહે છે કે ગુજરાતમાં તમે જે વિકાસની વાત કરો છો, એ વિકાસમાં આપણા રીસોર્સીસ લઇ જનારો માણસ આપણા એન્જીનિયરને નોકરીએ ન રાખે અને શા માટે આ મુકિત માગે છે? હું માત્ર એને દંડા મારું એમ નહીં પણ વાસ્તવિકતાની વાત પણ મારે કરવી છે. બહારથી આવેલો ઉદ્યોગપતિ એમ કહે કે હું તમારા ગુજરાતીને નોકરીમાં નહીં રાખું (અંતરાય) This is purely, Honourable Minister, if you go through the objects and reasons, આપ ઉદ્ધેશ અને કારણોમાં ઉતરશો તો આ આખા ઉદ્ધેશ અને કારણોની ચિંતા આ નવી યુનિવર્સિટી શું કામ તમે આ બિલ લઇને આવ્યા એ તો ઉદ્ધેશ અને કારણો છે. I am on legs, and within the scopeમને બરાબર વિશ્વાસ છે કે તબિયત નાદુરસ્ત હોય તો પણ મારા મિત્ર જયનારાયણભાઇ જો હું સ્કોપ બહાર જાઉં તો પેલા બેઠાં બેઠાં ઇશારો કરે તો ફડાક દઇને ઉભા થઇ જાય. પેલા બેઠા બેઠા ઇશારો કરે એમને કાંઇ નથી થયું એટલું તો સમજો. આપ ઉદ્શો અને કારણો વાંચી લો અને પછી પાર્લામેન્ટ્રી મિનિસ્ટર તરીકે આપનો આત્મા પણ કહેશે કે આપની વાત સાચી છે. વિધિન સ્કોપ. દા.ત. આ પરિસ્થિતિ નિર્માણ શું કામ થઇ છે? આપણે નવી યુનિવર્સિટી આપીએ, નવા કોર્ષ આપીએ, આપણે બેઠકો વધારીએ અને આમ કરીને ભાષણો કરીએ અને આપણી વાતમાં એક મધ્યમવર્ગનો પરિવાર, આપણા વાઇબ્રન્ટના વિકાસની વાતમાં માથે દેવું કરશે, મારો દિકરો એન્જિનિયર થાય, જો એન્જિનિયર થશે તો એને નોકરી મળી જશે, આપણે માલામાલ થઇ જઇશું. એક સમય હતો, માનનીય અર્જુનભાઇ કહેતા હતા કે હવે તો કોથળા ભરીને રૂપિયા આપવા પડે છે. પહેલાં નહોતા આપવા પડતા, સરકાર સાવ મફતમાં એન્જિનિયર બનાવતી હતી. અમરસિંહભાઇ પણ નહોતા ગયા, અનિલભાઇ જોષીયારા પણ ડોકટર થયા એ પણ એકપણ પૈસો આપ્યા વગર. એ તમારા જેવા જ્ઞાની હોય, આપને ક્યાંથી ખબર હોય. આ સજ્જન માણસો ભણતા હતા. એના દાખલા આપણી પાસે છે. જીવતા જાગતા દાખલા છે. આ બાજુ પણ બેઠા છે. (અંતરાય) તમે તમારું કરો તો સારું, આપણે બાપુ રેગીંગમાં પડવા જેવું નથી. આમ પણ બદનામ અને રાજ્ય કક્ષાના ગૃહમંત્રીનો ઇતિહાસ છે. એમાં ના પડો તો સારું. સામાજિક પ્રતિભાવ આપો. અને ન આપો તો કહેશે કે પ્રતિભાવ નથી આપતા. બાપુ બાપુને નહીં કહે તો કોણ કહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યંત ગંભીરતા સાથે કહુ છું અને માનનીય મંત્રીશ્રી આપ પણ આ વાતને જરા ઉંડાણથી જો જો. બહારથી આવેલા ઉદ્યોગપતિ એવી માગણી કરે છે કે, મારે ગુજરાતીઓને નોકરી નથી આપવી, એના માટે જવાબદાર કોણ? હું તો એમ કહું છું કે, બહારથી આવેલા માણસો છે એ આપણી નીતિ હોય કે ન હોય એ ગુજરાતી સિવાયનાને બહારનાને નોકરી ન આપે એવી પરિસ્થિતિ થાય. ભૂતકાળમાં જો જો,

એ સરકારી કોલેજમાંથી, ટેકનીકલ, મેડિકલ કે બીજા ક્ષેત્રમાં આપણો ભણેલો વિદ્યાર્થી છે એની એક્સ્ટ્રા ડિમાન્ડ રહેવાના કારણે આપણા શિક્ષણનું સ્તર ઉંચું હતું. આજે પણ હું ગર્વ સાથે કહી શકું કે, ગુજરાતના વિદ્યાર્થીઓ ઇન્ટેલીજન્સમાં આખી દુનિયામાં  ચઢી જાય છે. હું કહું છું એટલે એવું નથી. અમેરિકાના કોલમીસ્ટ થોમસે એની બુકમાં લખ્યુ છે કે, after travelling various countries, એકવીસમી સદીનું ભવિષ્ય ભારતનું હશે. એના યુવાનો એ રીતે વિચારે છે. અમેરિકાના ડોકટરો એમ.આર.આઇ. અને સીટી સ્કેનના ટેકનીકલ ક્ષેત્રના નિષ્ણાતોના રિપોર્ટને બદલે આઉટ સોર્સીંગથી ભારતમાં થયેલ એમ.આર.આઇ. અને સીટી સ્કેનના રિપોર્ટને વધારે મહત્વ આપે છે. કારણ કે આપણે ત્યાં બૌદ્ધિક સ્તર વધારે ઉંચું છે.આ ગર્વ છે આપણને, બટ ટુ મોલ્ડ ધેટ બ્રેઇન  એ દિમાગને યોગ્ય દિશામાં લઇ જવા માટેનું કામ કોણ કરે, આપની કોલેજોમાં રહેલા આપણા  પ્રિન્સીપાલ , આપણા પ્રોફેસર્સ, આપણા ટ્યુટર્સ  જે એને ભણાવે છે અને એ જે ભણતર આપે છે એ ભણતર આપણો વિદ્યાથી લઇ  અને ગ્રેજયુએટ થાય છે.  મારો સવાલ એ છે કે આપણે ગયા વખતે  વિધાનસભામાં મુદો ઉપિસ્થત કર્યો કે ટેકનિકલ ક્ષેત્રે એન્જીનીયરીંગ કોલેજ, આપણી પોલીટેકનિકસ એમાં પ્રિન્સિપાલ્સની, પ્રોફેસર્સની કેટલી જગ્યાઓ ખાલી,  જૂદી જૂદી કેડરમાં ૬૦ ટકાથી લઇને ૯૨ ટકા સુધીની જગ્યાઓ ગુજરાતમાં ખાલી હતી એ આ વિધાનસભાગૃહમાં માહિતી અપાયેલ છે. ભણાવનાર જ ન હોય તો ગમે તેટલો હોશિયાર વિદ્યાર્થી ભણશે શું?  અને એને જ્ઞાન નથી આપી શકયા એની ક્રીમીનલ નેગલીજન્સી કોની?  એ ગુનાહિત બેદરકારી છે.  અને આપણે એને યોગ્ય જ્ઞાન નથી આપી શકતા પરિણામે શું થાય છે  વેન હી ગોઝ ફોર કોમ્પીટીટીવ એકઝામ્સ,  જયારે એ સ્પર્ધાત્મક પરીક્ષામાં જાય છે એ વિદ્યાર્થી એ વખતે એ વિદ્યાર્થી બીજી જગ્યાએથી, બીજા રાજયોમાંથી જે વિદ્યાર્થીને ૯૦ ટકા, ૧૦૦ ટકા પ્રોફેસર્સે ભણાવેલા છે અને એને જ્ઞાન આપેલુ છે એ પાસ થયા અને એની સામે ૬૦ થી ૯૦ ટકા ખાલી પ્રિન્સીપાલ કે પ્રોફેસરની જગ્યામાંથી  ભણેલ વિદ્યાર્થી  એની સ્પર્ધા કરે, કયાંથી ટકવાનો?  પરિણામે આપણા બેરોજગારના આંકડા વધે છે પરિણામે આપણી પાસેથી બધું જ લઇ જનાર ઉદ્યોગપતિ હિંમત કરે છે કે મને તમારી નીતિ મંજૂર નથી.  મારે ગુજરાતીઓને નોકરી નથી આપવી.  હું તમારી આ નોકરી માટે તમારી આ નીતિનો અસ્વીકાર કરુ છું.  અને એ સંદર્ભમાં આખરે અહિત કોનું થાય છે?   જે હું કહેતો કહો કે પેલો ગરીબ પરિવાર જમીન ગીરવે મૂકે, મકાન ગીરવે મૂકે, વ્યાજે પૈસા લાવે કારણ  કે  આપણે સરકારી ટેકનિકલ સંસ્થાઓ વધારવાના બદલે સેલ્ફ ફાઇનાન્સ તરફ દોટ મૂકી છે.  હું એનો વિરોધી નથી.  પરંતુ શિક્ષણનું વ્યવસાયિકરણ કરવા માટે અથવા તો એવી દલીલ આપણે નહીં કરી શકીએ  કે ગુજરાતમાંથી કરોડો બહાર જતા હતા અને હવે નથી જતા.  જુઓ એ ગુજરાતમાં કેટલી વસ્તીએ કેટલી સરકારી કોલેજો આપણે આપી શકતા હતા અને મફતમાં વિદ્યાર્થીને ભણાવતા હતા અને આજે કયાં છીએ?  એક ધનપતિ માણસનો દીકરો અહીંયા ધનનો ઢગલો કરીને ભણે કે કયાંય સાઉથમાં ધનનો ઢગલો કરીને ભણે એ ઉદ્યોગપતિના દીકરાને ઘરનું શાક રોટલી ખાવા  એને જો આપણે વિકાસ કહેતા હોઇએ,  એને શૈક્ષણિક સુવિધા કહેતા હોઇએ તો એ આપસૌને મુબારક.  મારો ગરીબના ઝુંપડામાંથી આવતો ભાઇ સરકારી શાળા, સરકારી એન્જિયરીંગ કોલેજ સરકારી ઇન્ફ્રાસ્ટ્રકચરની ઇન્સ્ટીટયૂટ એવી બને કે જયાં એને માત્ર ફોર્મ ભરીને આપો  અને  એ નજીવા પૈસામાં  ભણતો હોય  એ જરૂરી છે.  ઓબ્જેકશન રીઝન્સની  વાત ઉપરની  બેઠકોની પરિસ્થિતિ ઉપરથી આપ વાત કરો છો  ૨૦૦૦, ૫૦૦૦ ભવિષ્યમાં લાવવાની વાત કરીએ છીએ.   આપના  નાણાકીય પ્રાવધાનની વાત કરી,    યુનિવર્સિટી એ બિલાડીનો ટોપ ના હોઇ શકે.   યુનિવર્સિટી એ વિશ્વ વિદ્યાલય કહીએ છીએ અને વિશ્વ વિદ્યાલય બનાવવા માટેના  કેટલાક આધારસ્તંભો છે.I am sure હું નથી માનતો કે કાયદા વિભાગમાં બેઠેલા લોકો at the time of  drafting the bill યુ.જી.સી.ની ગાઇડલાઇનને વિસરી ગયા હોય. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની ગાઇડલાઇન, યુનિવર્સિટી કેવી બનાવવી જોઇએ એના માટેની યુનિવર્સિટીની ગાઇડલાઇન નિશ્ચિત છે. આ ગાઇડલાઇન મુજબ યુનિવર્સિટી બને એ જોવાની જવાબદારી એ સરકારની છે. Yes Minister સિરિયલની માફક બધા જ yes કરશે તો વ્યક્તિ ખુશ થઇ શકશે. (અંતરાય) શું થયું આત્મારામભાઇ? સોગંદવિધિ વખતનો કોટ પહેર્યો લાગે છે. મારા મિત્ર, સોગંદવિધિ થવા માટેનો કોટ પહેર્યો છે પણ નહીં મેળ પડે. બે-ત્રણ વખત એવું લાગતું હતું પણ એમના નસીબમાં અમસ્થા, અમસ્થા

ફકીરભાઇ જીત્યા અને તમને ફકીર બનાવ્યા. અહીંયા માટેની આંખ હતી પણ હે તકદીર...મારી બાજુમાં આવ્યા હોત, ત્યાં પણ નજર હતી. અમે એક જ જિલ્લાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે સ્વાયત્ત યુનિવર્સિટી જ્યારે આપણે યુનિવર્સિટીને Autonomus Body તરીકે સ્વીકારતા હોઇએ છીએ ત્યારે સરકારી યુનિવર્સિટીમાં આપણે Vice Chancellor રાખી ન શકીએ? What is your logic? યુ.જી.સી. એમ કહે કે યુનિવર્સિટીમાં કેવી પરિસ્થિતિ હોવી જોઇએ? I have numbers of circulars. યુ.જી.સી. કહે છે કે વાઇસ ચાન્સેલર યુનિવર્સિટીમાં જોઇએ. ગવર્નર એ ચાન્સેલર હોય છે. Constitutional Head કોણ હોય છે? ગવર્નરને Constitutional Head તરીકે વાઇસ ચાન્સેલર નક્કી કરવાના અધિકાર હોય છે. આપણે આ યુનિવર્સિટીમાં Vice Chancellor નથી રાખવા માગતા. સમજું છું ત્યાં સુધી અધ્યક્ષ રાખવા માગીએ છીએ. એમની નિમણૂંક કોણ કરશે? અને એ શું શું કરશે? બિલના સેકશન–૧૦ મુજબ રાજ્ય સરકાર યુનિવર્સિટીના અધ્યક્ષની નિમણૂંક કરશે. આને આપ સ્વાયત્તા કહેશો? આ પક્ષમાં પણ સત્તાધારી પક્ષમાં બેઠા હોય કે અહીંયા પણ બેઠા હોય એવા મારા અને વજુભાઇ જેવા ઘણા મિત્રો હશે કે જે બન્ને બાજુ બેઠા હશે. આપણે એ ન ભૂલવું જોઇએ કે કોઇ યાવત્ ચંદ્રો દિવાકરો નથી. એ ચાહે સિકંદર એમ માનતો હોય કે ચાહે હિટલર એમ માનતો હોય કે ચાહે મુર્શફ એમ માનતો હોય. ચાહે રાવણ એમ માનતો હોય, ચાહે કંસ એમ માનતો હોય, ચાહે આજનો કોઇ માણસ માનતો હોય ''યાવત ચંદ્રો દીવા કરો'' હું છું. (અંતરાય) જે

અધ્યક્ષશ્રી : બેન, અંદરો અંદર ચર્ચા ના કરો, પ્લીઝ. મંત્રીશ્રી જવાબ આપશે પ્લીઝ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : આતંકવાદીની તટસ્થ તપસ થાય તો અહીંયા રેલો આવે છે, એટલે વાંધો લે છે. તમે સમજો વિભારીબેન (અંતરાય)

અધ્યક્ષશ્રી : શક્તિસિંહભાઇ, પ્લીઝ

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : આતંકવાદના નામે રાજનીતિ કરનાર માણસ (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ બેઠાં બેઠાં કોમેન્ટ કરે એનો જવાબ ના આપો. પ્લીઝ, આપ એમના તરફ જવાબ ના આપો પ્લીઝ. (અંતરાય) એમના તરફ ધ્યાન ના આપો પ્લીઝ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : હું નામ લઇને કહી શકું. હું વિવેક ચુકતો નથી. નહિ તો મને ત્યાં સુધી જતા આવડે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બિલ ઉપર બોલો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર નક્કી કરશે. હું એ કહેતો હતો કે બિલ આવે છે ને I can understand, બીજા પ્રશ્નો છેને એ અલ્પજીવી હોય છે. આપ કોઇ સ્ટેટમેન્ટ કરો છો, આપ કોઇ જવાબ આપો છો, આપ કોઇ અન્ય બિઝનેસમાં ભાગ લો છો એ અલ્પજીવી હોય છે. We are legislators, આપણે ધારા ઘડનારા છીએ એટલે ધારાસભ્યો કહેવાઇએ છીએ અને એટલા માટેજ legislation - ધારા ઘડવાનો બિઝનેસ એની ગંભીરતા સમજવી જોઇએ. ''યાવત ચંદ્રો દીવા કરો'' કોઇજ અહીંયા નહીં રહી શકે. આપણે અહીંયા બધાના શોક પ્રસ્તાવો લાવીએ છીએ. નિશ્ચિત છે કે આપણા પૈકીના દરેકનો એક દિવસ આ વિધાનસભા ગૃહમાં શોક પ્રસ્તાવ આવવાનો છે. એ વાત આપણે ના ભૂલવી જોઇએ. કોઇનો આજે કોઇનો કાલે. બિલકુલ સાચી વાત તમને લાગીને? એજ એક જગ્યાએ સમજાવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેતો હતો કે, પરંતુ આ કાયદો, આપણે ચિરંજીવી નથી but when we pass a bill, જે કાયદો બનશે એની far-fetched effect થશે. એ ચિરંજીવ રહેશે. આપણે આવીશું ને જઇશું. આ કાયદો હંમેશા રહેશે જ્યારે આપ કાયદો ઘડો છો ત્યારે આપ એવું નહિ વિચારો we are permanent. આ કાયદા મુજબ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર નહિ યુનિવર્સિટીના અધ્યક્ષ અને અધ્યક્ષની નિમણૂક કોણ કરે? ગર્વનર સાહેબ નહિ રાજ્ય સરકાર નિયુકત કરશે. Let me read section ૧૦. કામ લાગશે. (અંતરાય) આમ પણ વાત સાચી છે કે લોકાયુક્તનો કાયદો કોંગ્રેસ લાવી હતી. એ સરકારમાં હતું કે વિરોધપક્ષનો નેતા નક્કી કરશે અને ગર્વનર નક્કી કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૧૦, રાજય સરકાર યુનિવર્સિટીના અધ્યક્ષની નિમણૂક કરશે. જે માનવીય સાધન સંપત્તિના વિકાસ માટે દૂરંદેશી ધરાવતા હોય તેવા નામાંકીત શિક્ષણશાસ્ત્રી, પ્રયોગવિદ્ અથવા ઉદ્યોગપતિ. where are we heading ? ... અથવા તો વહીવટદાર હોવા જોઇએ. પોલીસમાં એક વહિવટદાર શબ્દ બહુ પ્રખ્યાત છે. કલમ–૧૦ પેટાકલમ (૧)(ક) આપ શા માટે હું કહું છું કે એક ફિલ્ડ તો આપણે છોડી દઇએ. When you are in power, you are head of executives. આપનો અધિકાર છે. આપ સત્તાઓ ભોગવો છો. બંધારણે આપને કહ્યું છે પ્રજાનો mandate છે yes. આપ કરો વાંધો નહિ. પરંતુ હું જ કરું બધામાં અને શિક્ષણક્ષેત્રમાં જયાં autonomy હોવી જોઇએ. જયાં સ્વાયત્તા હોવી જોઇએ. જયાં UGC એ કહ્યું હોય ત્યાં પણ તટસ્થ માણસ નહિ. હું નક્કી કરીશ, રાજય સરકાર નક્કી કરશે અને એમાં વહીવટદાર પણ ચાલશે અને ઉદ્યોગપતિ ચાલશે, કયાં લેવા જઇએ છીએ. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ કલમનો હું વિરોધ કરું છું અને હું પ્રપોઝ કરું છું કે, U.G.C. ની ગાઇડ લાઇન પ્રમાણે આ યુનિવર્સિટી નથી. જયારે આપણે કાયદો ઘડવા બેસીએ ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, બે વખત આપણે વિચાર કરવો જોઇએ કે આપણો કાયદો અલ્ટ્રાવાયર્સ તો કયાંય નથી થતો ને, આપણે જે કાયદો બનાવીએ છીએ, Within rules frame છે કે કેમ ? We are in a federal structure, We may have dreams , and no one can say no to dreams. સ્વપ્ના જોવાની કોઇને ના, ન હોય પરંતુ બંધારણીય વાસ્તવિકતા એ છે કે, આપણે એક સમવાયી તંત્ર છીએ, એક federal structure માં છીએ. We have a national government, we have state government અને એમાં જે કેટલીક બાબતો છે એનું સન્માન કરવા આ કાયદામાં જયારે આપ લઇને આવો છો ત્યારે રાજય સરકાર યુનિવર્સિટીના અધ્યક્ષ નિમણુંક કરશે ત્યાં સ્વાયત્તા રહેતી નથી અને આ કોઇ પણ સંજોગોમાં કાયદાનું સ્વરૂપ લઈ શકે નહીં. Still we have a time હજી સમય છે. મારું સૂચન છે, વારંવાર આપ જોજો, જીવંત લોકશાહી કોને કહેવાય ? જયાં Tight compartment, dictatorial approach ના હોય, ખુલ્લું મન હોય અને ખુલ્લું દિમાગ હોય, yes, we are here, અમે અહીંયા છીએ, પરંતુ પ્રજા ટ્રસ્ટી તરીકે છીએ અને એટલા માટે પ્રજા હિતમાં સુચનો મેળવવાનો, માંગવાનો અમારો ધર્મ છે. ચાલો અમે આ જનમત માટે મોકલીશું બિલ, ચાલો અમે આ બિલ એ પ્રવર સમિતિને સોંપીશું. બન્ને પક્ષના સભ્યો હશે પ્રવર સમિતિમાં એ અભ્યાસ કરશે, અમને સૂચનો કરશે, નિષ્ણાંતોને પણ અમે પૂછીશું અને આપ જોજો દેશની, ગુજરાતનો પણ ઈતિહાસ છે, પ્રવર સમિતિમાં બિલો ગયા હોય, દેશની સંસદમાં કેટલીય વખત પ્રવર સમિતિને બિલો સોંપાય છે કેટલીય વખત બિલો જનમત માટે મૂકાય છે કે આ દેશની જનતા કેન્દ્ર સરકાર આવો કાયદો લાવવાનું વિચારે છે. આ દેશની જનતાના શું સૂચન છે, આ દેશના નિષ્ણાતોના શું સૂચન છે અને એ સૂચનોના આધાર પર મોડિફીકેશન, સુધારા–વધારા કરવામાં આવે છે અને બિલ લઇને આવવામાં આવે છે. આપ આજે જે બિલ લઇને આવો છો એમાં ક્ષતિઓની પરંપરાઓ છે. માનનીય અધ્યક્ષશ્રી, U.G.C. શું કહે છે ? U.G.C. કહે છે, સંચાલક મંડળની અધ્યક્ષતા એ Vice Chancellor કરે. આપની કલમ–૧૨ શું કહે છે કે, યુનિવર્સિટીનું સંચાલક મંડળ નીચેના સભ્યોનું રહેશે. આમાં કોણ છે? અધ્યક્ષસ્થાને અધ્યક્ષ, મહાનિયામક, ગુજરાત સરકારના સચિવ, શિક્ષણ વિભાગના હોદાની રૂએ અથવા એમના પ્રતિનિધિ એટલે સચિવશ્રીને અનુકૂળ નહીં હોય તો ગમે તે પ્રતિનિધિ, ગુજરાત સરકારના સચિવ નાણાં વિભાગ અથવા તો એમના પ્રતિનિધિ, કમિશ્નર ટેકનિકલ એજયુકેશન અથવા એમના પ્રતિનિધિ, સબ સેકશન–૬ રાજય સરકારે નામ નિયુકત કરવાના રાજય અથવા રાષ્ટ્રીય યુનિવર્સિટીના કુલપતિ, ભૂતપૂર્વ કુલપતિ એટલે બે ટર્મ સુધી કોઇ રહી ગયા હોય અને પછી કાંઇ આમ તેમ કર્યું હોય એનેય પછી અહીંયા ગોઠવણ કરવી હોય તો આપણે કરી શકીએ. રાષ્ટ્રીય પ્રતિભા ધરાવતી સંસ્થાના નિયામક અને સમકક્ષ વ્યકિત, બોર્ડ નામ નિયુકત કરવાના બે તજજ્ઞો હ્you are already in majority in Board કે, અમારે બીજા કોણ વહીવટદાર લાવવા એ નકકી કરશે. બોર્ડ નામ નિયુકત કરવાના કે નાણા, કાયદો વ્યવસ્થા, માનવ વિજ્ઞાન, ઉદ્યોગ જેવા પ્રતિનિધિઓના ત્રણ નામ. આપને કયાંય એમ ન થયું કે જે વિધાનસભાગૃહમાં આપ કાયદો લઇને આવો છો. આપ જોજો ભૂતકાળમાં આવી યુનિવસિટી આપ બનાવો છો. આપને એમ ન સુજયું કે ચાલો આ વિધાનસભાગૃહમાં જે બેસે છે એ આ પક્ષના હોય કે આ પક્ષના હોય

પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિઓ છે. આ યુનિવર્સિટીના બોર્ડમાં બે કે ત્રણ ધારાસભ્યો પ્રતિનિધિ તરીકે બેસશે બોર્ડમાં એવું આપને ન સુજયું? એવું નહીં માનતા કે ઉધોગપતિ જ બહુ બુદ્ધિશાળી હોય છે એની બુદ્ધિ જે છે એ એના સ્વાર્થના સમીકરણની હોય છે. અહીં આવનારો જનપ્રતિનિધિ જે છે એ પ્રાઈવેટ ક્ષેત્રમાં આટલા કલાકો કામ કરતો હોય તો આપના ઓનેરેરીયમ કરતાં અનેક ગણું કમાય છે. અહીંયા બેઠા છે આપણી પાસે ડોકટર્સ, આપણી પાસે એડવોકેટસ છે, આપણી પાસે પ્રોફેસર્સ છે. આપણી પાસે પ્રિન્સિપાલ્સ છે, આપણી પાસે ડબલ ગ્રેજયુએટસ છે. ગ્રેજયુએટસ છે. કમ સે કમ આપણે તો જાણીએ છીએ તો લોક પ્રતિનિધિનું સન્માન કરતાં તો શીખીએ? રાજકારણમાં આવ્યો એ ચોર. હા, હોય છે એમાં પણ ચોર અને આપણામાંના ચોરને સાથ આપવાના બદલે દુર કરવાની જવાબદારી પણ આપણી જ હોવી જોઇએ. એ દ્રઢતા પણ હોવી જોઇએ કે માનવતાનું દિલ રાખનારો માણસ જાહેર જીવનમાં હોવો જોઇએ. માનવ સંહાર કરનારો નહીં હું એ કહેતો હતો કે આમાં આપે ધારાસભ્યશ્રીઓમાંથી બે કે ત્રણ અને હજી સમય છે હું સરકારને વિનંતી કરીશ આપના મારફતે માનનીય અધ્યક્ષશ્રી, કે સાહેબને પુછવાથી રસ્તો નહીં નીકળે એકાદ વખત હિંમત કરીને સાહેબને પુછયા વગર, એકાદ વખત એ પણ મુકો આપ. હું એવું નહીં કહું. હું તો એમ કહું છું કે એ પણ સરકાર પાસે અબાધિત અધિકાર રાખો. ત્રણે ત્રણ તમારા પક્ષના મુકજો. પ્રૉરેટા પણ નહીં રાખતા પરંતુ જનપ્રતિનિધિ બેઠો હશે ને ત્યાં તો એ જનપ્રતિનિધિનું દિલ કયાંક દુભાશે ખોટું થતું હશે તો. એ માણસનો કયારેક આત્મા બોલશે અને ઈતિહાસ છે એ વાતનો કે જનપ્રતિનિધિને જયાં બેસાડયો હશે ત્યાં એણે કયાંક રોકવાનો પ્રયત્ન પણ કર્યો હશે. (અંતરાય) ચોકકસ, કનુભાઇ કલસરીયાને હું સલામ કરીશ કે ખેડૂતોના પ્રશ્ન માટે સર્વસ્વ મુકીને એ માણસ લડે છે. એના સ્વાર્થ માટે નથી લડતો. ભલે સામા પક્ષના છે. ભારતીય જનતા પક્ષના છે. સારા માણસ છે. ડોકટર માણસ છે એની પ્રેકટીસ મહુવામાં ધમાકેદાર ચાલી છે. એ ત્યાંથી સેક્રીફાઇસ કરીને આ ગૃહમાં આવ્યા છે. આપણું ઓનેરેરીયમ એના એક દિવસની પ્રેકટીસ જેટલું પણ ન હોય. આપણા માનદ વેતન જેટલી રોજની એની પ્રેકટીસ હોઈ શકે પરંતુ એ છોડીને એ આવ્યા છે. અહીંયા મારા પક્ષે ઘણા બેઠા છે અને એટલા માટે આમાં કમસે કમ એ ઉમેરો થાય એવી હું અપેક્ષા રાખું છું. આ યુનિવર્સિટીમાં એક મહા નિયામક મુકવાની જોગવાઈ કરવામાં આવી છે. આપણે ગુજરાત સરકારે પણ એક જે વિચારણા કરેલી. શીડયુલ પણ બનાવવાનો પ્રયત્ન કરેલો. એમાં કયાંક કોઈ જગ્યાએ સ્વાયત્તા કેમ અપાય એની આશા, અપેક્ષાઓ અને ચિંતા જે રાખેલી એ આમાં દ્રિષ્ટગોચર નથી થતી. એ સ્વાયત્તાની વાત નથી આવતી. જુદાજુદા ક્ષેત્રની અનેક વ્યકિતઓની નિમણૂકની આપણે વાત કરીએ છીએ, to save the time of this Honorable House, મારા બીજા આ પક્ષના સભ્યશ્રીઓ આ ચર્ચામાં ભાગ લેવાના છે. નહીં તો જે કલમવાર ચર્ચા કરવાની મેં વિચારણા કરી હતી એ આજે સવા પાંચ થાય તો પણ પૂરી ન થાય એટલી છે પરંતુ કામકાજ સલાહકાર સમિતિમાં આપણે નકકી કર્યુ છે કે ચાર બિલ આજે લેવાના છે અને પૂરા કરવાના છે એટલે હાઉસનો સમય બચાવવા માટે. મારા પક્ષના સભ્યશ્રીઓ અને સામેના પક્ષના સભ્યશ્રીઓ પણ આ બીલની ચર્ચામાં મહત્તમ ભાગ લે અને બીલની મર્યાદામાં જેટલું બોલે એને આપ બોલવા દો. બીલની બહાર જશે નહીં. મારા પક્ષના સભ્યશ્રીઓ તો અને આ એક એવું વિધેયક છે. જેમાં આપણી ચિંતા જે રીતની હોવી જોઇએ એ બરાબર રીતે રહે એવી એપેક્ષા રાખું છું અને લાગે છે કે આપણી સિસ્ટમને પ્રોબ્લેમ લાગે છે. હાઉસની વ્યવસ્થાનો પ્રશ્ન છે. જે સભ્ય બોલતા હોય તેને બદલે સ્પીકર સામે ફિક્સ થઈ જાય છે. There is something wrong. હમણા શું થયું. એટલે હું પૂર્ણ કરતા કરતા પાછું પૂર્ણાધ્યાય હોય છે, એના પણ કેટલાક શ્લોકો હોયને, એ પૂર્ણતાના અધ્યાયના છેલ્લા શ્લોકો ચાલુ છે એ પૂરા થયા પછી...હું ફરી વખત માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરું છું કે આપે પહેલા જેટલી ટેકનિકલ કોલેજીસ છે એમાં ૧૦૦ ટકા સ્ટાફને ભરો. એનું સ્તર ઉંચું લાવવાનો પ્રયત્ન કરો. સરકારી કોલેજ, ઈન્સ્ટિટયૂટની સંખ્યામાં વધારો કરો. આ રીતે યુનિવર્સિટીના સુંવાળા શબ્દ સાથેની જાહેરાતથી આપણા ગુજરાતનું હિત નહી થાય. જે હિત માટેની વાત છે. શિક્ષણનું સ્તર ઉંચું આવે. આખા દેશમાંથી એવી ડિમાન્ડ થાય. ગુજરાતનો એન્જીનિયર એને અમે બીજા કરતા ૧૦ ટકા વધારે સેલરી આપીશું. We will give best package.આ જાતનો ગુજરાતનો વિદ્યાર્થી અમારે નોકરીમાં જોઇએ છીએ. અને આ પરિસ્થિતિ દૂર થાય કે જયાં ઉદ્યોગપતિ એમ કહે

હું ગુજરાતીને નોકરી નહિ આપું. એના માટેનું શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટેનો પ્રયત્ન થાય. એવી અપેક્ષાઓ સાથે અને ત્યાં સુધી આ વિધેયકને પ્રવર સમિતિ પાસે રાખવામાં આવે એ શબ્દ સાથે વિરમું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમંત્રીશ્રી જે ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ અને મેનેજમેન્ટ વિધેયક લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે, ત્યારે હું જ્યારે વિરોધ પક્ષના માનનીય નેતાશ્રીને આ બિલ ઉપર બોલતા સાંભળતો હતો, ત્યારે મને એમ લાગતું હતું કે હું પોલિટિકલ સાયન્સના પ્રોફેસરના વર્ગમાં બેઠો છું અને બિલ ઉપરના બદલે પોલિટિકલ સાયન્સ ઉપરના વિધાન સાંભળયા આ એવી સરકાર છે જેણે યુનિવર્સિટીને માત્ર જનરલ યુનિવર્સિટીઓ તરીકે ન રાખતા એને સ્પેશ્યલાઇઝ યુનિવર્સિટીઓમાં રૂપાંતર કરવાનું એક ખૂબ જ અભિનંદનીય, પ્રશંસનીય કાર્ય કર્યુ છે.  યુનિવર્સિટીઓ પછી એ ટીચર્સ યુનિવર્સિટી હોય, ચિલ્ડ્રન યુનિવર્સિટી હોય, ફોરેન્સિક યુનિવર્સિટી હોય કે આજે  ઇન્ફ્રાસ્ટ્રકચરને લગતી યુનિવર્સિટી અંગેનું બિલ લઇને સરકાર આવી છે. એનું મહત્વ  કેમ છે. એ આજના  આ સભાગૃહને જણાવવું છે.  કોઇપણ રાજ્ય કે દેશની પ્રગતિનો આધાર એ રાજ્ય કે દેશનું ઇન્ફ્રાસ્ટ્રકચર હોય છે એના અર્થતંત્રનું જે ચાલકબળ છે એ એનું ઇન્ફ્રાસ્ટ્રકચર હોય છે. એ આ ભૌતિક સુવિધાઓ જે રાજ્યના અર્થતંત્રને ચલાવવા માટેની જરૂરિયાત છે એમાં સમાવેશ થાય છે,  એને જો આપણે જોઇએ તો હાઇ–વે, ટ્રાન્સ્પોર્ટેશન, બસ સ્ટેન્ડ, પૂલ, રેલ્વે જેને માટે પુલ આપણે મેટ્રો રેલ જોઇતી હોય, બંદરો અને બંદરોનો વિકાસ, પાવર પ્રોજેકટ જે વીજળી અને એનું જનરેશન એનું ટ્રાન્સમિશન ડીસ્ટ્રીબ્યુશન આ બધું જ એના  ઇન્ફ્રાસ્ટ્રકચરના ભાગરૂપે ગણાતું હોય છે.  સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિઝિયન, એસ.ઇ.ઝેડ.  આજે આ રાજ્યની અંદર એરટેક્સની સર્વિસ પૂરી પાડીને રાજ્યના જુદા જુદા ભાગોમાં એરપોર્ટ ઉભા કરવા જઇ રહ્યા છીએ.  જુદી જુદી કનેક્ટિવિટી, ઇવન ઇન્ટરનેટ કનેક્ટિવિટી.  આ રાજ્ય ગામે ગામને કોમ્પ્યૂટરના માધ્યમથી  ઇ–કોમ્પ્યૂટરથી જી–સ્વાન નેટવર્કથી જોડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગેસ  ગ્રીડ  સિસ્ટમ ૩૦૦૦ કિલોમીટરની  આખા દેશમાં સર્વપ્રથમ ગેસ  ગ્રીડ સિસ્ટમ એ પણ એક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો હિસ્સો છે.  ઘેર ઘેર પાઇપલાઇન દ્વારા જે ગેસ પ્રોવાઇડ કરવામાં આવે એ પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો હિસ્સો છે. એજ્યુકેશન  અને સ્કીલ ડેવલપમેન્ટ  એ પણ એક પ્રકારનો ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો અંશ ગણવામાં છે. આ રાજયમાંથી ચાલીસ ટકા દિલ્હી– મુંબઇ  ફ્રેટ કોરીડોર અને દિલ્હી– મુંબઇ  ઇન્ડસ્ટ્રિયલ  કોરીડોર જે પસાર થઇ રહ્યો છે એ દિલ્હી–મુંબઇ  ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરને  ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ડેવલપમેન્ટ મારફતે જ  અર્થતંત્રને મોટાભાગનો લાભ આપી શકાશે.  કલ્પસર પ્રોજેકટ જે આપણે આવતા વર્ષોમાં અહીં કરવા માગીએ છીએ એ કલ્પસર પ્રોજેકટ પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો એક  હિસ્સો છે. માનનીય અધ્યક્ષશ્રી, એસએસએનએલ,  સરદાર સરોવર નર્મદા નિગમ પ્રોજેકટ  એનું ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક એ પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો હિસ્સો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે એન્જીનિયરીંગ કે ટેકનોલોજીના જે  વિદ્યાર્થીઓ છે  એ સિવિલ એન્જિનિયર થાય કે મિકેનીકલ  એન્જીનિયર થાય કે ઇલેક્ટ્રિકલ  એન્જીનિયર થાય એનું જે સ્પેશિયાલાઇઝેશન છે એ જયાં સુધી એના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં સ્પેશિયાલાઇઝેશન માટેનું જ્ઞાન ન મેળવે ત્યાં સુધી એ જેટલો અસરકારક બનવો જોઇએ એટલો બની શકતો નથી અને એટલા માટે આ પ્રકારની યુનિવર્સિટીની તાતી જરૂરિયાત હતી. હું માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિશેષ ધન્યવાદ આપું છું કે એમણે યોગ્ય સમયે જયારે રાજયને આ પ્રકારની યુનિર્વસિટીની જરૂરિયાત છે ત્યારે આ યુનિવર્સિટી બિલ લાવી રાજયમાં આવતા સત્રથી યુનિવર્સિટીઓ શરૂ કરવાનો સંકલ્પ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી,  યુનિવર્સિટીને ડિલે કરવા માટે પ્રવર સમિતિ કે જે બીજાં સૂચનો છે એના કારણે આપણે હવે પછી જયારે વિધાનસભા મળે ત્યારે આવતા સત્રમાં આ પ્રકારનું બિલ પાસ ન કરી શકીએ અથવા સત્રમાં શરૂઆત ન કરી શકીએ. કોઇપણ જરૂર પડે જરૂર પડે ત્યારે વિધેયકમાં સુધારા કરી શકાતા હોય છે, એટલે સુધારાને ધ્યાને  લઇને તાત્કાલિકપણે જો આ જ સત્રમાં આ બિલ પસાર થશે એ ગુજરાતના એન્જિનિયરિંગના અને અન્ય ક્ષેત્રના વિદ્યાર્થીઓને માટે ખૂબ જ લાભદાયક બનવાનું છે . આમાં બે  હજાર વિદ્યાર્થીઓ માં પચાસ ટકા અન્ડર ગ્રેજ્યુએટ સ્ટુડન્ટસ અને પચાસ ટકા પોસ્ટ ગ્રેજયુએટ સ્ટુડન્ટ્સ, માનનીય અધ્યક્ષશ્રી, આજે સિવિલ એન્જિનિયરિંગનો જે વિષય છે આપણા વિદ્વાન જે એન્જિનિયરો છે આપણા  વિપક્ષના નેતાશ્રી છે એમને ખબર  છે કે સિવિલ એન્જિનિયરિંગમાં કોઇ સ્પેશિયાલાઇઝેશનને લગતું હોય તો એને પોસ્ટ ગ્રેજયુએટ કક્ષાએ  જવું પડે  અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર એક એવી બાબત છે કે જેની અંદર પ્લાનિંગ પણ આવી જાય, architect  અને અર્બન  પ્લાનિંગ આવી જાય  આપણે જેમ કે રિવર ફ્રન્ટ પ્રોજેકટ છે તો એ પણ એક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો

હિસ્સો છે. ત્યારે એ જુદા જુદા પ્રકારના ક્ષેત્રનું જ્ઞાન એમાંય એ જયારે એને કિલિયરન્સ માટે gestation period, પિરિયડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં જે વધાર્યો હોય છે એમાં environmental clearance ને લગતી બાબતો અંગેની સમજ, કાયદાકીય સમજ વગેરે નું જ્ઞાન અને મેનેજમેન્ટ ઓફ ધ પ્રોજેકટ જેને construction management કહેવામાં આવે છે અથવા પ્રોજેકટ મેનેજમેન્ટ કહેવામાં આવે છે અથવા logistic મેનેજમેન્ટ કહેવામાં આવે છે આવા વિષયોને પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના પોસ્ટ ગ્રેજયુએશન સ્ટડીની અંદર સમાવેશ કરી શકાય અને એટલા માટે આજની તારીખે આ સમગ્ર ગુજરાતમાં આ પ્રકારનું એન્જિનિયરિંગ કે ટેકનિકલી જ્ઞાન આપી શકે એવી એક પણ યુનિવર્સિટી કે એક પણ શિક્ષણ સંસ્થા નથી ત્યારે રાજય સરકારે આ જે initiative લીધો છે એ સાચે જ ગુજરાતના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બનવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક કોમેન્ટ એવી થઇ કે રાજયના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓમાં બેકારી વધી છે, મને બેઠાં બેઠાં રમૂજ થતી હતી કે સિવિલ એન્જિનિયર માટે કોન્ટ્રાકટર હોય કે નગરપાલિકા હોય કે ડિપાર્ટમેન્ટ જાહેરાત આપે કે કોઇ શૈક્ષણિક સંસ્થા જાહેરાત આપે કે અમારે બી.ઇ.સિવિલની જરૂર છે તો ભાગ્યે જ કોઇ અરજી નોકરી માટે મળે છે એનો અર્થ એ છે કે આજે સિવિલ, મિકેનિકલ કે ઇલેકટ્રીકલ તમામ એન્જીનિયરો નોકરીઓમાં જોડાયેલા છે. આજે જે રીતે રાજય સરકાર ટેકનીકલ અને પ્રોફેશનલ એજયુકેશનને જે રીતે રાજયમાં વેગ આપ્યો છે એના માટે યુવાધન માટે અને આજે જે વાયબ્રન્ટ ગુજરાતને લીધે જે ઉદ્યોગો આ રાજયમાં આવી રહયા છે બીજા રાજયોમાં ઉદ્યોગો નાખવા માટે ઉદ્યોગપતિઓ પાછળ પડે છે જયારે આ રાજયમાં ઉદ્યોગપતિઓ આપણા રાજયની અંદર પડાપડી કરે છે કે મારે આ ગુજરાતની અંદર ઉદ્યોગ સ્થાપવો છે એની પાછળનું કારણ ગુજરાતનનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે ગુજરાતનો ટેલેન્ટેડ જે ટેકનિકલ એજયુકેશન પ્રાપ્ત જે યુવાધનની જે ઉપલબ્ધી છે.એને લઇને આ ઉદ્યોગપતિઓ ગુજરાતની અંદર નવા ઉદ્યોગો સ્થાપવાનું વિચારે છે. આ બિલની અંદર જે જોગવાઇઓ છે એ સમગ્રપણે જે પ્રકારની યુનિવર્સિટીમાં જેમાં રાજ્ય સરકારની જે પ્રકારની વ્યવસ્થા હોય કારણ કે આ રાજ્ય સરકારની યુનિવર્સિટી નથી એટલા માટે રાજ્ય સરકાર દ્વારા જે સપોર્ટેડ યુનિવર્સિટી છે જેમ પેટ્રોલિયમ યુનિવર્સિટી છે એ મુજબનું આ યુનિવર્સિટીનું સંચાલન છે અને એટલા માટે એમાં અધ્યક્ષશ્રીની જોગવાઇ કરવામાં આવી છે એવી મારી સમજ છે. વાઇસ ચાન્સેલર–ડાયરેકટર જનરલની પોસ્ટ છે એ વાઇસ ચાન્સેલર સમકક્ષ છે. સમગ્ર માળખું આજની તારીખે જે પ્રકારની આપણે ત્યાં યુનિવર્સિટીઓ–સેલ્ફફાઇનાન્સ યુનિવર્સિટીઓમાં ચાલે છે એ યુનિવર્સિટીઓની એકટની જોગવાઇઓ મુજબ એનો રજિસ્ટ્રાર હોય, ડીન હોય કે એકેડેમિક કાઉન્સિલ હોય એ જે પ્રકારના સત્તામંડળો છે દરેક યુનિવર્સિટીઓને જુદા જુદા પ્રકારના પોતાના સત્તામંડળો હોય અને એ સત્તામંડળોની રચનાની જોગવાઇઓ સાથેનું આ બિલ છે એટલે હું એમ માનુ છું કે, આ પ્રકારની યુનિવર્સિટીની સ્થાપના થવાથી રાજ્યના યુવાનોને માટે માત્ર ગુજરાતમાં જ નહીં પણ આ પ્રકારનું જ્ઞાન મેળવીને જેમ કે પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં ગુજરાતનો વિદ્યાર્થી જે અભ્યાસ કરીને ગુજરાત બહાર કે વિદેશમાં પણ રોજગારી અને નોકરીની એને સારી તકો મળી શકે એવી શક્યતા છે ત્યારે આ પ્રકારની ઇન્ફ્રાસ્ટ્રક્ચર યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને ગુજરાતનો યુવાન માત્ર ગુજરાતમાં જ નહીં પણ દેશના અન્ય ભાગમાં અને વિદેશમાં પણ સારી તક નોકરીની મેળવી શકે એ પ્રકારની શક્યતા આમાંથી ઉભી થવાની છે એટલે આ પ્રકારનું જે ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રીસર્ચ અને મેનેજમેન્ટ વિધેયક લઇને માનનીય શિક્ષણમંત્રીશ્રી આ સન્માનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે એને હું સમર્થન આપુ છું અને હું જરૂરથી માનુ છું કે ગુજરાતના યુવાનોના ભવિષ્યની ઉજ્જવળ કારિકર્દી માટે આ યુનિવર્સિટી એક સિમાચિહ્નરૂપ બની રહેશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રીસર્ચ અને મેનેજમેન્ટ વિધેયક ૨૦૧૨ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ જીવનની સુખાકારી વધારવી હોય તો એ રાજ્યની અંદર ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાયન્ટીફીક ધોરણે એસ્ટાબ્લીસ થયેલું હોવું જોઇએ અને એની ગુણવત્તા પણ પૂરતી હોવી જોઇએ અને અત્યારે જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી ખૂબ જ આગળ વધ્યા છે ત્યારે ગુજરાતની અંદર પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના, ટેકનોલોજીના રીસર્ચની અંદર યોગ્ય ઇન્સ્ટીટ્યુશનો આવે એની યોગ્ય ફેકલ્ટીઓ મળે અને એમાંથી જે વિદ્યાર્થીઓ તૈયાર થાય અને એ વિદ્યાર્થી દેશનો એક વિશ્વસ્તરનો એન્જિનિયર કે સામ પિત્રોડા જેવો વૈશ્વિક પ્રતિભા ધરાવતો ટેલિકોમ્યુનિકેશનના નિષ્ણાત કે એના જેવા કોઇ નિષ્ણાતો તૈયાર કરવાના છે એ તૈયાર થઇ શકે એ ગુજરાતમાં અને આખા દેશમાં જરૂરી છે. એક ટેકનોલોજીના વિદ્યાર્થી તરીકે કોઇ ઇન્સ્ટીટ્યુટ ઓફ એક્સલન્ટ રાજ્યમાં આવતી હોય તો સ્વભાવિકપણે એમ થાય એ આપણા રાજ્યમાં જરૂરિયાત છે અને કદાચ એની ગુણવત્તાની અંદર સુધારો લાવશે અને રાજ્યને સારા ઇન્ફ્રાસ્ટ્રકચરના નિષ્ણાતો મળશે એમ કહેવાનું મન જરૂર થાય. માનનીય અનિલભાઇ જ્યારે વાત કરતા હતા ત્યારે એમણે બહુ સારી વાત કરી કે ગુજરાતની અંદર ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થયેલા છે તેમજ નવા આવી રહ્યા છે ગુજરાતમાં જરૂરિયાત પણ છે આ એ જ રાજ્ય છે કે જ્યાં દેશનો સૌથી મહત્વનો ડેમ ઉકાઇ ડેમ એ આ રાજયના ઇજનેરોએ બાંધ્યો છે આપ તો એ ક્ષેત્રમાંથી આવો છો એનાથી જે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ક્રાંતિ આ વિસ્તારની અંદર કેવી થઇ એ બધાએ જોયું છે અને એ પ્રકારના ડેમ રાજયની અંદર આવ્યાં અને એને કારણે આપણે ત્યાં

કૃષિ ક્રાંતિ થઇ તો એ આ સુવિધાઓને કારણે થઇ છે.

ડો. કુરિયન જેવા ટેકનોલોજીસ્ટ આપણે ત્યાં આવ્યા અને સ્વ. ત્રિભોવનદાસ પટેલ જેવા એક દષ્ટા આગેવાને એમને સપોર્ટ કર્યો અને એને કારણે દૂધની ક્રાંતિ થઇ અને આજે માત્ર રાજય ગૌરવ લઇ શકે એવું નહિ આખો દેશ ગૌરવ લઇ શકે અને થર્ડ વર્લ્ડ કન્ટ્રી ગૌરવ લઇ શકે એવું મિલ્કનું કલેકશન, પ્રોસેસીંગ અને ડિસ્ટ્રીબ્યુશનનું જે નેટવર્ક ઉભું થયું એ એક વિશ્વની અંદર આજે મોડેલ બની ચૂક્યું છે અને એને કારણે આપણે જે બીજી રીતે ન કરી શકીએ એવી મહિલા સશક્તિકરણનું કામ કરી શક્યા એના કારણમાં પણ જો હોય તો ડો. કુરિયન જેવા સ્વપ્નદષ્ટા હતા એને કારણે થયું છે ભલે આ રાજય એને સાચવી ન શક્યા,ભલે ડો. સામ પિત્રોડાને આપણે સાચવી નથી શકતા પરંતુ એ વૈશ્વિક પ્રતિભા છે એનો સ્વીકાર કર્યા વગર ચાલે એમ નથી. માનનીય અનિલભાઇ વાત કરતા હતા પોતે પણ ટેકનોલોજીના માણસ છે શિક્ષણના માણસ છે અને એમની પાસે એ પ્રકારની દષ્ટિ પણ છે અને કહ્યું કે હાઇવે આવ્યા આપણા રાજયની અંદર અને આવી પણ રહ્યા છે. રોડ નેટવર્કની અંદર આપણું રાજય નમૂનેદાર રાજ્ય છે. ૧૯૭૯-૮૦માં આપણા રોડ નેટવર્કની લંબાઇ હતી ૪૫૧૦૮ કિ.મી. એ વખતે અને એમાંથી ૧૪૩૫ કિ.મી. નેશનલ હાઇવે હતા. ૧૯૯૪-૯૫માં નેશનલ હાઇવેની લંબાઇ ૧૫૭૦ કિ.મી. થઇ અને કુલ જે રસ્તાની લંબાઇ છે એ ૭૦૬૦૯ કિ.મી. એટલે ૨૬૦૦૦ કિ.મી.નો વધારો થયો ૨૦૦૨-૦૩માં આપણા રોડનું નેટવર્ક છે એ ૭૩૯૦૩ કિ.મી. થયું અને ૨૦૦૮-૦૯ના ફિગર જે સોશિયો અને ઇકોનોમિક સરવેમાં અત્યાર સુધીમાં અપાયા છે એમાં ૭૪૧૧૭ કિ.મી. અનિલભાઇ આપે નહિ કહયું આપને તો ખબર જ હશે બધી, પણ આ શાસનની અંદર ૨૧૪ કિ.મી.નો વધારો થયો અને રાજયના નેશનલ હાઇવે છે એ છેલ્લાં સાત વર્ષની અંદર ૧૦૦૦ કી.મી.ના બન્યા. માનનીય અનિલભાઇ રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી રહ્યા છે તમારા રાજમાં ૨૧૪ કિ.મી. રોડની લંબાઇ વધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમારું ચાલે તો તમે એમ પણ લખાવો કે ગુજરાત રાજયની સ્થાપના ૨૦૦૧-૦૨માં થઇ હતી. માનનીય અનિલભાઇ ઉદ્યોગ વિભાગના મંત્રી હતા, ભલે અત્યારે તેનો ઉપયોગ ના થયો હોય પણ ગુજરાતની અંદર ૧૮૨ જી.આઇ.ડી.સી. છે અને આખા એશિયા ખંડની સૌથી મોટી જી.આઇ.ડી.સીઓ વાપી અને અંકલેશ્વર બનેલી છે. આ કયારે બની તેની સાલ આપવાની મારે જરૂર નથી પણ ૧૮૨માંથી ૧૮૦ જી.આઇ.ડી.સી. ૨૦૦૧-૦૨ પહેલાં બની ગઇ. માત્ર બે જી.આઇ.ડી.સીઓ બની અને તેમાં દાવો કરીએ કે બહુ ઔદ્યોગિક મૂડીરોકાણ આવી રહ્યું છે. શકિતસિંહભાઇ વાત કરતા હતા .. અંતરાય .. પોરબંદરનો ફોર લેન્ડ તેના ઉદ્દ્ઘાટનમાં હું હતો અને નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડિયાએ બનાવેલો છે.

અધ્યક્ષશ્રી : આપને ચર્ચામાં ભાગ લેવો હોય તો હું તક આપીશ, બેઠા બેઠા કોમેન્ટ નહીં કરો પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયાઃ ૧૮૨ માંથી ૧૮૦ જી.આઇ.ડી.સી. કોંગ્રેસના શાસનમાં બની આ શાસન આવ્યું ત્યારે ૫૭ હજાર નાના ઉદ્યોગો બંધ થઇ ગયા. ચાલો તે ભૂલી જઇએ બીજી વાત કરું, કે ઉદ્યોગો બહુ આવી રહ્યા છે. ઉદ્યોગો આવવા જોઇએ, તેને આવકારવા પણ જોઇએ. પણ મારા નેતા શકિતસિંહભાઇએ કહ્યું ૨૭૦૦ કરોડના મૂડીરોકાણ અને તેમાં ૩૩ હજાર કરોડ ના અપાય (અંતરાય) એક નીરા રાડીયા આવે કે બે નીરા રાડીયા આવે કોઇ સંજોગોમાં ના દેવાય. એક આ ટાટાની વાત નથી થતી સુઝુકી હોય આ જ ધોરણે આ બધાને રાહતો અપાય છે. (અંતરાય) અને માનનીય મંત્રીશ્રીએ ચિંતા જરૂર કરી કે આપણા નિષ્ણાતો તૈયાર થાય અને તે તૈયાર થયેલા નિષ્ણાતોને રાજયમાં નોકરીઓ મળે પણ આ ઉદ્યોગો આવે તે શરત એવી રાખે છે કે અમે રાહતો લઇશું પરંતુ તમારા યુવાનો અને યુવતીઓને નોકરીએ નહીં રાખીએ. (અંતરાય) કોણે રાખ્યા છે આરટીઆઇમાં પણ માહિતી આપવાનો ઇન્કાર થાય છે એટલા માટે કહું છું. અમે એમ કહીએ કે તેની સાથે મેમોરેન્ડમ શું કરેલું છે તેની કોપીઓ તમે આપો. તો એમ કહે કે આ ઉદ્યોગપતિઓની ખાનગી બાબત છે. અરે ભાઇ, એવું તો શું સિક્રેટ છે કે સરકારી દસ્તાવેજો આપવાની તમે ના પાડો છો. માનનીય અધ્યક્ષશ્રી, રોડની વાત થઇ, ઉદ્યોગોની પણ વાત થઇ ગુજરાત પાસે આખા દેશનો સૌથી લાંબામાં લાંબો દરિયા કિનારો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે. અને આ દરિયા કિનારાની અંદર સૌથી વધારેમાં વધારે પોટેન્શીયલ ગુજરાત પાસે છે અને ત્યારે દરિયા કિનારો એકસપલોર થવો જ જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર ટેકનોલોજીનો વિદ્યાર્થી છું એવું નહીં મને ગૌરવ છે કે જે ગુજરાત મેરી ટાઇમ બોર્ડની સ્થાપના કોંગ્રેસ સરકારે કરેલી તેનો હું નવ વર્ષ સુધી એન્જીનીયર પણ હતો. મને ખબર છે કે તેનું એકસપ્લોરેશન થાય અને અમારા પોરબંદર રાજય નાનું હતું છતાં સૌથી વધારે પૈસાદાર હતું એટલા માટે કે તેની બંદરની કમાણી સૌથી મોટી હતી. અને તેના કારણે જ બંદર ઉપરથી વિદેશમાં લોકો ગયા અને આખું સાઉથ આફ્રિકા, આખું ઇસ્ટ આફ્રિકા, કેન્યા, ટ્રાન્ઝાનિયા, યુગાન્ડા વગેરે દરિયા કિનારાના દેશોમાં ગુજરાતના લોકોએ જઇને ઉદ્યોગો સ્થાપ્યા અને ત્યાં જઇને ક્રાંતિ પણ કરી. માનનીય વાસણભાઇ, ખોટો હોઉં તો કહેજો, આપણા કચ્છી લોકો પણ ત્યાં ગયા હતા. આપણા સાહેબ નહોતા ત્યારે પણ ગુજરાતનું વહાણવટું આખા વિશ્વમાં વખણાતું હતું. એટલે એમ ન કહેતા કે ૨૦૦૧થી શરૂઆત થઇ છે. એમના આવ્યા પછી થયું શું? ઉદ્યોગપતિઓને દરિયા કિનારો પધરાવી દીધો. એમાં જે સારામાં સારી ફીશ મળતી હતી, સારામાં સારી મેન્ગ્રોવ્ઝ હતા તે બધાનો વિનાશ થયો. આ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં જરૂરિયાત હતી કે આપણે ફિડીંગ કરી શકીએ. આ ગુજરાતના દરિયા કિનારાની ચિંતા વખતે અમે વારંવાર કહેતા હતા કે અહીંયા દરિયા કિનારાને લગતી શીપીંગ યુનિવર્સિટી બનાવવી જોઇએ. પણ શિપિંગ યુનિવર્સિટી બનાવી નહીં.

પણ ભારત સરકારનાં શીપીંગ મંત્રાલયે, ચેન્નઇ બેઇઝ જે મરીન યુનિવર્સિટી છે તેવી મરીન યુનિવર્સિટીની સ્થાપના કંડલામાં કરવાનો નિર્ણય ચાર મહિના પહેલાં લીધો છે અને એ શરૂ થઇ ગઇ છે. અહીં ગુજરાતમાં એકાદ કોલેજની આપણા માટે જરૂરિયાત હતી કે વૈશ્વિક કક્ષાનો દરજ્જો આપી શકીએ તે રીતની અપગ્રેડ કરી હોત તો મને એવું થાત કે આ સરકારે પાયાનું કામ કર્યું છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન, વિશ્વ કક્ષાની જયારે કેન્દ્ર સરકાર ગુજરાતના ગાંધીનગરમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી ભારત સરકાર બનાવતી હોય, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ગુજરાતની અંદર, ભલે આપે તેને જમીન આપવામાં ત્રણ ચાર વર્ષ કર્યા, અને ઉદ્યોગપતિઓને છ દિવસમાં આપી દેતા હો, છતાં ભારત સરકારે શરૂ કરી. તો આવી ઇન્સ્ટિટ્યૂટનો દરજજો એલ.ડી. એન્જિનિયર કોલેજને અપગ્રેડ કરીને કેમ ન આપી શકીએ? એ કેમ ન કરી શકયા? ૧૯૫૨માં શરૂ થયેલ લખધીરજી એન્જિનિયરીંગ કોલેજને અપગ્રેડ કેમ ન કરી શકાય? જો એ કર્યું હોત તો વિદ્યાર્થીઓ ઓછી ફી માં ભણી શકયા હોત. પરંતુ આ તો સરકારી કોલેજો છે એન્જિનિયરીંગ અને મેડિકલ, મેડિકલનાં આંકડામાં હું નથી પડતો. પણ એન્જિનિયરીંગ અને ડિપ્લોમાં એમાં ૩૩ ટકા જગ્યાઓ આવી સંસ્થાઓમાં ખાલી રાખવામાં આવે છે. ૫૦ ટકા કરતા વધારે પ્રિન્સિપાલની જગ્યાઓ ચાર્જથી ચલાવાય છે. અને પછી કહો કે અમારા વિદ્યાર્થીઓ વૈશ્વિક કક્ષાના વિદ્યાર્થીઓ બને તો એ શક્ય નથી. તેને એવો દરજ્જો આપી શકાયો હોત, પણ નથી આપી શકાયો. ગુજરાતના દરિયા કિનારાની વાત કરી તો શીપ બ્રેકિંગ ઉદ્યોગ અલંગનો જેની ૧૯૮૨માં સ્થાપના થઇ અને આજે વિશ્વ કક્ષાનો ઉદ્યોગ થયો છે. તેને ઇન્ફ્રાસ્ટ્રકચર આપવું જોઇએ, તેને વિશ્વ કક્ષાના કે બીજા જે પર્યાવરણની ચિંતા કરનારા દેશો છે તે દેશો પણ અહીં શીપ મોકલે તેવું કંઇ કરતા નથી. થઇ શકે એમ છે. નવી યુનિવર્સિટી આપણે બનાવી જી.ટી.યુ. , ૪૦૦ ઉપર કોલેજો છે. નાની મોટી ડિપ્લોમા અને બીજી, શું વ્યવસ્થા છે? યુનિવર્ષિટીનું આપણું સ્વપ્ન કેવું હતું કે ૨૦૦, ૩૦૦ કે ૪૦૦ એકર જમીન હોય, એ કેમ્પસમાં રીસર્ચ સેન્ટર ચાલતું હોય, આધુનિક લેબોરેટરી હોય, રાષ્ટ્રીય કક્ષાની લેબોરેટરી હોય, લાયબ્રેરી હોય, રાષ્ટ્રીય કક્ષાના અને ઇન્ટરનેશનલ લોકો ત્યાં એક્સ્પર્ટ તરીકે લેકચર આપવા આવતા હોય એના માટેની વ્યવસ્થા બરાબર હોતી નથી. હું અને માનનીય અનિલભાઇ બંને હૈદરાબાદમાં ઇન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટમાં ગયા હતા, એકાદ વખત આપણા સાહેબે એમને બોલાવીને કહ્યું હોત કે ગુજરાતમાં કેવું ઇન્ફ્રાસ્ટ્રકચર જોઇએ તો માર્ગદર્શન જરૂરથી એમણે આપ્યું હોત. મને ન બોલાવે એ સ્વાભાવિક છે પરંતુ એમને તો બોલાવી શકતને? સાણંદમાં ૧૧૦૦ એકર જમીન ઉદ્યોગોને અપાય એના બદલે આવી યુનવર્સિટીને ૧૧૦૦ એકર જમીન ઇન્ફ્રાસ્ટ્રચર બનાવવા માટે આપી હોત તો ગુજરાતના યુવકો સામ પિત્રોડા કે ડો. કુરિયન જરૂરથી બન્યા હોત. પરંતુ આપણી દ્રષ્ટિ નથી, આપણે તો બહારના લોકોને બોલાવીને ટોકન એક રૂપિયે જમીન આપીશું, ઉદ્યોગો સ્થાપો, કમાણી કરો, ફંડ આપો અને મજા કરો આવી વૃત્તિથી ગુજરાતનો વિકાસ થવાનો નથી. ગુજરાતમાં મેં કહ્યું એમ નાના અને મધ્યમ કક્ષાના ૪૧ બંદરો છે. આ તમામ બંદરો ગુજરાતમાં મેરી ટાઇમ બોર્ડે વિકસાવ્યા છે અને એ બધા જ અગાઉની સરકારોમાં થયા છે. આ સરકારે ખાનગી બંદરોનો વિકાસ શરૂ કર્યો છે. એવી જ રીતે વીજળી ક્ષેત્રનું ઇન્ફ્રાસ્ટ્રકચર છે. વીજળી ક્ષેત્રની અંદર પણ ઓછું ઇન્ફ્રાસ્ટ્રકચર હોવા છતાં આપણે દેશને નિષ્ણાતો આપ્યા છે. ઓકટોબર, ૨૦૧૧ સુધીના આંકડા આપવામાં આવ્યા છે એ એવા છે કે પબ્લિક સેકટર છે, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ એની જનરેશન કેપેસિટી ૪૯૯૬ મેગાવોટ છે. ખાનગી ક્ષેત્રની જનરેશન કેપેસિટી ૫૩૧૮ મેગાવોટ અને સેન્ટ્રલ સેકટર છે એની જનરેશન કેપેસિટી ૩૦૦૦ મેગાવોટ જે ગુજરાતનો હિસ્સો છે એની વાત કરુ છું. ગુજરાત રાજય એમ કહે છે કે અમે ઉર્જાની અંદર ક્રાંતિ કરી છે, ક્રાંતિ કોની થઇ ઉદ્યોગપતિઓની. સેન્ટ્રલ સેકટર ૩ હજાર મેગાવોટ ગુજરાતને આપી શકતું હોય તો ગુજરાત ઉર્જા વિકાસ નિગમ ૪૯૯૬ મેગાવોટ જ આપે છે. આમાં કોનો વિકાસ થયો છે એ જોઇ શકાય છે. આંકડા આપે આપેલા છે, મેં નથી આપેલા. (સમય સૂચક ઘંટડી) સાહેબ મારે હજી બોલવાનું છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, હજી ચાર બિલ છે.

શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે હજી બોલવાનું છે?

અધ્યક્ષશ્રી : બોલવા ઉપર કોઇ પ્રતિબંધ નથી પરંતુ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી કરેલ છે કે આજે ચાર બિલો પૂરા કરવાના છે ત્યારે હું બધા સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે આપના મુખ્ય મુદાઓ સમયસર પૂરા થાય તો કામકાજ પણ સમયસર પૂરું થશે.

શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા : ભારત સરકારે સન ૨૦૦૫-૦૬ની અંદર મેટ્રો રેલ મંજૂર કરેલો અને કહ્યું કે અમારા હિસ્સાની સબસિડીના પૈસા અમે આપીશું ત્યારે એ થઇ ગયો હોત તો આજથી અડધા ભાવામાં કામ થયું હોત, આજે મોડું થયું, ચૂંટણી નજીક આવી એટલે જાહેરાત કરી એની મારે વાત નથી કરવી.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## બિલના સ્કોપથી બહાર બોલવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : (રાજયકક્ષાના સંસદીય બાબતોન મંત્રીશ્રી)ઃ** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આખા બિલના વિષયમાં જયારે કોઇ વિભાગની ચર્ચા થતી હોય એ પ્રમાણે આખે આખા આનુષાંગિક ક્રમમાં કે એના સંદર્ભમાં માનનીય અર્જુનભાઇ એનો વિષય મૂકે તો બરાબર છે, પરંતુ અહીંયા તેઓ સ્કોપની બહાર બોલે છે. અહીંયા આખે આખો વિષય આ માનવ સંપદા તૈયાર કરવા માટેની યુનવર્સિટીની વાત છે. આખે આખા વિભાગની ચર્ચા થતી હોય એવું લાગે છે. આપે માર્ગદર્શન અવશ્ય આપવું જોઇએ.

**શ્રી શકિતસિંહ ગોહિલઃ (વિરોધપક્ષના નેતાશ્રી)ઃ** માનનીય અધ્યક્ષશ્રી, બિલના ઉદ્દેશ અને કારણોને આપણે સમજવા જોઇએ. બિલના ઉદ્દેશ અને કારણોમાં ઇન્ફ્રાસ્ટ્રકચર અને ટેકનોલોજી આ મેઇન વસ્તુ છે. શું આપ મેટ્રો ટ્રેઇનને ઇન્ફ્રાસ્ટ્રકચરમાં નથી ગણતા? શું આપ એને ટેકનોલોજીમાં નથી ગણતા? એ થાય તો એનાથી વિદ્યાર્થીઓને કેવી રીતે ક્યાં ઉપયોગી થઇ શકાય એમના મુખ્ય ઉદ્દેશ અને કારણોમાં છે અને એટલા જ માટે હું આપનું ધ્યાન દોરું છું. બિલના ઉદ્દેશ અને કારણો તરફ આપ એક નજર કરશો તો માનનીય અર્જુનભાઇની વાત છે એને નકારી નહીં શકાય અને બિલકુલ within the scope of Objects & Reasons page-૨૪ ગુજરાતીમાં જોઇએ તો, તાજેતરના વર્ષોમાં ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રીસર્ચ અને મેનેજમેન્ટ ક્ષેત્રે એન્જીનિયરોની માંગમાં વધારો. હવે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ક્ષેત્રે હવે ઇન્ફ્રાસ્ટ્રકચર મેટ્રો ટ્રેઇનને નહીં ગણવાના હો, એમની વાત એ જ છે કે તમે જો ઇન્ફ્રાસ્ટ્રકચર યુનિવર્સિટીની જયારે વાત કરો છો ત્યારે કમસેકમ ૨૦૦૫-૦૬ની વાત આપણે વર્ષ ૨૦૧૨નું ચૂંટણીનું આવે ત્યાં સુધી ન કરવાના હોઇએ તો આમાં આપે આગળ આખું એન્જિનિયરીંગ ક્ષેત્રે સંશોધન આધારિત સંસ્થા માટે, તેનો તખ્તો પૂરો પાડવા માટે યુનિવર્સિટીની સ્વાયત્ત સંસ્થાની રચના કરવાનું જરૂરીજણાય છે. This is your Objects & Reasons. (અંતરાય) આવે ને? અને આ સુધારા વિધેયક નથી. મુખ્ય વાત શું છે માનનીય અધ્યક્ષશ્રી, સુધારા વિધેયકમાં ..yesw, I do understand. જો સુધારા વિધેયક હોય તો હજી એના કમ્પાસને આપણે નેરો કરવાનો પ્રયત્ન કરીએ. પણ જયારે વિધેયક એ સુધારા વિધેયક નથી, વજુભાઇ, આ સુધારા વિધેયક નથી. આ આખો કાયદો છે અને કાયદો પણ યુનિવર્સિટી લાવવાનો કાયદો છે અને ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીઓએ પણ આવું થયું છે ત્યારે પોતાની અસહાયતા દર્શાવીને કહ્યું છે કે થોડું ઘણું આમ તેમ થાય એ મારા માટે પણ એકદમ કમ્પાસ રાખવો, ફૂટપટ્ટી રાખવી, (અંતરાય) આક્ષેપ કર્યો થયો? ૨૦૦૫-૦૬ની મેટ્રો ચાલુ નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપણી કેટલીક સંસદીય પ્રણાલિકાઓ અને સંસ્કારિતા છે. પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા પર એક સભ્ય ઉભા હોય ત્યારે વચ્ચે તૂટી પડવાનો મંત્રીશ્રીઓ તરફથી અભિગમ પણ બરાબર ન કહેવાય.

**શ્રી દિલીપભાઇ સંઘાણી (સંસદીય બાબતોન મંત્રીશ્રી) ઃ** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે તેના સમર્થનમાં બિલના ઉદ્દેશ અને કારણોમાં એક પ્રિએમ્બલ તરીકે જે ઇન્ફ્રાસ્ટ્રકચરના આધારે એન્જીનિયરીંગ કોલેજ. જો એન્જિનિયરીંગ વિષય ઉપર વાત થાય તો બરાબર છે. ઇન્ફ્રાસ્ટ્રકચરના આધારે એન્જિનિયરીંગ બનાવવાનું છે એમાં ૨૦૦૫-૦૬ની મેટ્રો રેલ આ બાકીની વાતો કોઇ સુસંગત નથી. મને લાગે છે કે જે ઉદ્દેશો અને કારણો સાથે કલમના મુદ્દાઓમાં કહે કે આટલો સુધારો કરવો જોઇએ તો સુસંગત ગણાશે. આપણે જાતે જ થોડું આમ તેમ માનનીય વિપક્ષના નેતાશ્રીએ કહ્યું તેમ ચલાવી પણ લઇએ છીએ. એનો કોઇ સવાલ નથી પણ મેઇન જે સબ્જેકટ છે એના સ્કોપ બહાર ન જાય એટલી આપણે સૌ કાળજી લઇએ તો સારું.

**અધ્યક્ષશ્રીઃ** માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે અને વિપક્ષના નેતાશ્રી અને મંત્રીશ્રી દિલીપભાઇએ એમના વિચારો પણ વ્યકત કર્યા છે. ચર્ચા છે અગત્યની સમય મર્યાદા

બાબતની. વિધાનસભાના નિયમ–૩૩ અનુસાર ગૃહમાં વકતવ્ય માટે સમય મર્યાદા ઠરાવવાનો અધ્યક્ષને અધિકાર મળે છે. હકીકતમાં અધ્યક્ષ પોતાના આ અધિકારનો ઉપયોગ કામકાજ સલાહકાર સમિતિની ભલામણને ધ્યાનમાં રાખીને કરે છે. અધ્યક્ષે દાખલ કરેલા પ્રસ્તાવ/વિધેયકો પર ચર્ચા માટેનો સમય  ફાળવવા કામકાજ સલાહકાર સમિતિમાં રજૂ કરવામાં આવે છે. પ્રસ્તાવની બાબતમાં સમિતિ ચોકકસ સમય ફાળવે છે. જયારે વિધેયકની બાબતમાં સમિતિ કોઇ એક દિવસ કે બેઠકમાં કેટલા વિધેયકો ચર્ચા વિચારણા કરીને પસાર કરવા તે રીતે સમય ફાળવે છે. પ્રસ્તાવની બાબતમાં  સમિતિએ તે પ્રસ્તાવ માટે ચોકકસ સમય ફાળવ્યો હોવાથી વકતવ્યો પર સમયમર્યાદા બાંધવાનું અધ્યક્ષ માટે સરળ બને છે. પરંતુ વિધેયકની બાબતમાં સમિતિ કોઇ એવા વિધેયક ઉપર કેટલો સમય ફાળવવો તેની ભલામણ કરતી નથી. તે વિધેયકની ચર્ચામાં કેટલો સમય લેવો તેમજ તેવા વિધેયકો ઉપર કેટલા સભ્યોને બોલવા દેવા તેનો નિર્ણય કરવાનું કામ અધ્યક્ષ માટે કઠીન છે. સામાન્ય રીતે ભૂતકાળની પ્રેકટીસ મુજબ વિધેયકની બાબતમાં કેટલા સભ્યો બોલશે તે નક્કી કરતા નથી. વિધેયક ઉપર કોઇ સભ્ય બોલવા માગતા હોય તો તેને તક આપવામાં આવે છે. વિધેયક ઉપર વધુ સભ્યો બોલનાર હોય તો અધ્યક્ષ સમિતિની ભલામણને ધ્યાનમાં રાખીને દરેક સભ્યને વકતવ્ય માટે ૩થી ૫ મિનિટનો સમય ફાળવી શકે છે. જેથી બન્ને પક્ષના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, બિલ ઉપર સમય મર્યાદામાં જ આપ સૌ ચર્ચા કરો. વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરી બપોરના ૩.૧૫ વાગ્યે ફરી મળશે. શ્રી અર્જુનભાઇ આપનું વકતવ્ય ચાલુ રહેશે.

**વિરામ ૨.૩૧થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક, ૨૦૧૨ (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા**ઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ , બિલ પાયલોટ કરતી વખતે એના ઉદ્દેશો અને કારણોમાં જણાવ્યું છે કે યુનિવર્સિટીની સત્તા ધરાવતી વચનબદ્ધ સ્વાયત્ત સંસ્થાની રચના કરવાનું જરૂરી જણાયુ છે.  આ ઉદ્દેશો છે એમાં માનનીય મંત્રીશ્રીએ બહુ સ્પષ્ટ વાત કરી છે કે યુનિવર્સિટીની સત્તા ધરાવતી વચનબદ્ધ સ્વાયત્ત સંસ્થાની રચના કરવાનું જરૂરી છે.  પરંતુ જે મેં આ બિલની જુદી જુદી કલમો વાંચી એમાં કોઇ જગ્યાએ એવું પ્રતિપાદિત થતું નથી કે જેનાથી એની વચનબદ્ધ સ્વાયત્તા જળવાઇ રહે.  અમારા નેતાએ જે વાત કરી જે કલમ–૧૦ છે એમાં  રાજય સરકાર આ યુનિવર્સિટીના અધ્યક્ષની નિમણૂક કરશે.  અને એમાં એમણે એમ કીધું કે કોની નિમણૂક કરી શકાય તો આમાં નામાંકિત શિક્ષણશાસ્ત્રી, અથવા ટેકનોલોજીસ્ટ અથવા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ અથવા એડમીનીસ્ટ્રેટર, હવે આની અંદર જનરલ એડમીનીસ્ટ્રેશન કરવાનું હોય એ રીતનો આનો આટલો બધો લાંબો સ્કોપ રાખવામાં આવ્યો છે.  અને એના અધ્યક્ષની નિમણૂક સંપૂર્ણ રીતે રાજય સરકારના પ્રવ્યુમાં મૂકવામાં આવ્યું છે. હવે જો વચનબદ્ધ સ્વાયત્તા જોઇતી હોય તો એના કવોલીફીકેશન પ્રીસ્ક્રાઇબ થવા જોઇએ, અને એની એપોઇન્ટમેન્ટની પ્રોસીઝર પણ સ્વાયત્ત રહેવી જોઇએ એને બદલે રાજય સરકાર એની નિમણૂક કરશે.  અગાઉના વખતની અંદર આપના મારફત અમે વારંવાર ધ્યાન દોર્યુ છે કે યુનિવર્સિટીઓ સ્વાયત્ત હોવી જોઇએ અને એની નિમણૂંકની પ્રોસીઝર પણ એવી હોવી જોઇએ કે એમાં પણ સ્વાયત્તતા જળવાય.  એને કારણે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન છે, યુ.જી.સી. એમણે પોતે એના માટેના ટાઇમ ટુ ટાઇમ એના ધોરણો પ્રીસ્ક્રાઇબ કરીને નોટીફીકેશન આપીને રાજય સરકારને વારંવાર સૂચનાઓ પણ આપતા હોય છે અને રાજય સરકાર એના માટે બંધાયેલી પણ છે.  રાજય સરકારે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને ૧૮મી સપ્ટેમ્બર ૨૦૧૦ના ગેઝેટમાં પ્રસિદ્ધ કર્યુ અને એમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને જે સૂચનાઓ આપી છે એના કલોઝ–૭ની અંદર એમણે પ્રો–વાઇસ ચાન્સેલરની નિમણૂક કરવાની પણ પદ્ધતિ આપી છે અને એનું કવોલીફીકેશન આપેલું છે કે એકઝીકયુટીવ કાઉન્સીલર છે એ વાઇસ ચાન્સેલરની ભલામણ મુજબ સરકાર નહીં, એકઝીકયુટીવ

કાઉન્સીલર છે એ પ્રો–વાઇસ ચાન્સેલરની ભલામણ કરશે. અને મિનિમમ ક્વોલિફિકેશન એનું પ્રોફેસર હોવું જોઇએ. વાઇસ ચાન્સેલરની નિમણૂંક માટે પણ એમણે મિનિમમ ક્વોલિફિકેશન પ્રોફેસરનું અને એ સિવાય એણે રીસર્ચમાં એક્સેલન્સી મેળવેલ હોય, એડમિનિસ્ટ્રેટીવ એક્સપરિઅન્સ હોય અને એમીનન્ટ સ્કોલર હોય એ મિનિમમ ક્વોલિફિકેશન છે એ પ્રિસ્ક્રાઇબ કર્યું છે. સૌથી મહત્વની વાત એ છે કે એની નિમણૂંક ત્રણ સભ્યોની જે સર્ચ કમિટી બનાવવાની છે એ ભલામણ કરે એ પછી ચાન્સેલર એટલે કે ગવર્નરે એને એપોઇન્ટમેન્ટ આપવાની છે. આ ગેઝેટ પ્રસિદ્ધ થયા પછી રાજ્ય સરકારને યુ.જી.સી.એ પરિપત્ર કર્યો છે કે તમારે છ મહિનામાં તમામ યુનિવર્સિટીઓ એના એક્ટ અમેન્ડ કરી આની અંદર જે ધોરણો સૂચિત કરેલ છે એ મુજબના એક્ટ બનાવી દેવાના અને નવી કોઇપણ યુનિવર્સિટી બને તો એમાં પણ રાજ્ય સરકાર વાઇસ ચાન્સેલર કે પ્રો વાઇસ ચાન્સેલરની નિમણૂંક નહીં કરે. એના અધિકારો એ ગવર્નરને અને વાઇસ ચાન્સેલર બન્નેને મળવાના છે. પ્રો વાઇસ ચાન્સેલર હોય તો એની નિમણૂંક વાઇસ ચાન્સેલર કરે અને વાઇસ ચાન્સેલરની નિમણૂંક એ ચાન્સેલર એટલે કે ગવર્નર કરે અને ત્રણ સભ્યોની સર્ચ કમિટી બનાવેલી છે એના આધારે. અત્યારે આપણે ત્યાં કચ્છ, ઉત્તર ગુજરાત અને ભાવનગર આ ત્રણ યુનિવર્સિટીઓ છે. બાકીની યુનિવર્સિટીઓ છે એની અંદર નિમણૂંકના અધિકારો સર્ચ કમિટી પણ કોઇ નહીં, કોઇ જગ્યાએ એપોઇન્ટમેન્ટના અધિકારો છે ત્યાં નિષ્ણાંતોની સલાહ લેવાની નહીં, સીધી રાજ્ય સરકાર કરશે. યુ.જી.સી.એ નિર્ણય એટલા માટે લીધો છે કે કેટલાક રાજ્યોમાં રાજકીય એપોઇન્ટમેન્ટો થતી હતી અને ગુજરાતમાં તો જે પ્રો વાઇસ ચાન્સેલરની નિમણૂંક કરી એમાં મોટાભાગે ભા.જ.પ.ના શહેર પ્રમુખ તરીકે રહેલા લોકો હતા એને પ્રો વાઇસ ચાન્સેલર તરીકે નિમણૂંક કરી. એકાદ બે યુનિવર્સિટી એવી છે કે જેમાં વાઇસ ચાન્સેલર, કુલપતિની નિમણૂંક પણ ભા.જ.પ.ના અધ્યક્ષ રહેલા હોય એવા લોકોની કરી.

**શ્રી વજુભાઇ રૂ. વાળા** : આ બિલ બહુ સ્પષ્ટ છે. આની અંદર ચાર વસ્તુ છે. ઈન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ એની અંદર વધુ વિશાળતા આવે એના માટેની યુનિવર્સિટી છે. આખા ગુજરાતની યુનિવર્સિટીઓનો ઈતિહાસ કાઢવો અને એપોઇન્ટમેન્ટ કેવી રીતે કરવી, માનનીય આદરણીય ધારાસભ્યશ્રી જે વાત કરે છે એ બધું આને રીલેવન્ટ નથી. બિલ ઉપર આવે. આ બધું બિલના સ્કોપની બહાર છે. કલમ મને બતાવે. મેં આખું બિલ વાંચ્યું છે. આ ફલાણી યુનિવર્સિટીમાં ભા.જ.પ.ના કરે છે, કોની એપોઇન્ટમેન્ટ ક્યાં કરી એ કોઇ આની સાથે રીલેવન્ટ નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ યુનિવર્સિટીના કલોઝ ૧૦માં વાઇસ ચાન્સેલરની જગ્યાએ યુનિવર્સિટીના અધ્યક્ષની નિમણૂંકની વાત છે અને નિમણૂંકો કેવી રીતે કરવી એની સૂચના મારી પાસે છે, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને આપી છે. એની સૂચનાઓ આપેલ છે. સૂચના શા માટે આપવી પડે એની વાત પણ મેં કરી છે. મેં એટલા માટે વાત કરી છે. (અંતરાય) આ કઇ યુનિવર્સિટી છે? સરકારી યુનિવર્સિટી નહીં પણ યુનિવર્સિટી યુનિવર્સિટી જ હોય છે. ભલે ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર એવા હોય કે જેની પાછળ પોલીસ ફરતી હોય. બધાને યુ.જી.સી. લાગે. હું યુનિવર્સિટીમાંથી આવેલો છું. આપ બીજી યુનિવર્સિટીમાંથી આવેલા હોય તો મને ખબર નથી. બધી જ યુનિવર્સિટીઓ ગ્રાન્ટ કમિશનના રૂલ્સ રેગ્યુલેશન મુજબ જ ચાલે તો જ તમે એને યુનિવર્સિટી કહી શકો. નહિ તો યુનિવર્સિટી જ ના કહેવાય. (અંતરાય)

શ્રી દિલીપભાઇ સંઘાણી : આ રાજ્યની ઇમેજ વધારવા (અંતરાય) રાજ્ય સરકાર કેમ કામ કરવું એ બંધારણીય આધારે ચાલે છે. બંધારણે આપલા અધિકારો છે. કાયદો બનાવવાના અધિકારો સંપૂર્ણ રાજ્ય સરકારને આપેલા છે. આ એક માત્ર યુનિવર્સિટી બનાવવાનો કાયદો છે. UGC માત્ર એના નોર્મ્સ નક્કી હોય તો ગ્રાન્ટ આપે, એના નોર્મ્સમાં ના આવતું હોય તો ગ્રાન્ટ ના આપે. આ રાજ્ય સરકાર એટલી સક્ષમ શક્તિશાળી છે. એના એકેએક કાર્યકરતા વાઇસ ચાન્સેલર થઇ શકે એવો શક્તિમાન છે, એટલા માટે કાર્યકરતા વાઇસ ચાન્સેલર થાય, શિક્ષણમંત્રી થાય તેવા સક્ષમ છે. એટલે હું વિનંતી કરું છું કે હવે જે ચર્ચા થાય તે કાયદાની મર્યાદાઓમાં એની ચર્ચા થાય. બાકી વ્યાપ વધારવો હશે તો અનેક વ્યાપ થઇ શકે તેમ છે. માટે UGC આધારિત UGC સરકારને કોઇ ગાઇડલાઇન આપી જ ના શકે. સરકારને યુનિવર્સિટીની

અનુકૂળતા હોય તો નોર્મ્સમાં ના હોય તો ગ્રાન્ટ ના આપે. બીજું UGC ને ડિટેકટ કરવાની સત્તા નથી. માત્ર બંધારણમાં રાજ્ય સરકારને આ અધિકારો આપ્યા છે એ પ્રમાણે કામ કરે છે. આ કાયદો એ પ્રમાણે જ લાવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મને એમ હતું કે મારા મિત્ર દિલીપભાઇ છે એ પણ મારી સાથે યુનિવર્સિટીમાં સેનેટ મેમ્બર હતા. એટલે કાંઇક સારું સંશોધન કરશે પણ આપના પાસે તો બધા અધિકારો છે,

* (xxxxx) કેમ કરવી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અર્જનભાઇ આપ વિધેયકની મૂળ જોગવાઇઓ ઉપર ટૂંકમાં વાત કરો, આપે ખૂબ ચર્ચા કરી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હું તો બિલ ઉપર વાત કરતો હતો. વજુભાઇ બોલ્યા, દિલીપભાઇ બોલ્યા. (અંતતરાય)

અધ્યક્ષશ્રી : જ્યાં બિલમાં જે સુસંગત નથી એવા શબ્દોનો આપ પ્રયોગ ના કરો, પ્લીઝ. (સતત અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : શું કરવા પાછા ખેંચું. તમે તો મારું ભાષણ પાછું ખેંચાવો. (અંતરાય) (સતત ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : (xxxxx)મુદ્દો સબજ્યુડિશ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : (અંતરાય) ત્રાસવાદીઓની છાતીમાં ગોળી મારી. (અંતરાય, સતત ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : (xxxxx) મુદ્દો સબજ્યુડિશ છે એટલે એનો આપ અહીંયા ઉપયોગ ના કરો. એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. પ્લીઝ. (સતત અંતરાય )

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ, એ લોકો તો મારું ભાષણ પણ રદ કરાવી દેશે. એમનું ચાલે તો ભાષણય રદ કરાવી દે. (અંતરાય)..

અધ્યક્ષશ્રી : બિલ ઉપર આવી જાવ પ્લીઝ. બિલ ઉપર જ ટૂંકમાં વાત કરો. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) કહોને ઘણાં રદ થઇ ગયા અને ઘણાં જેલમાં બેઠા છે અને ઘણાં તૈયારી રાખીને બેઠાં છે અને આપની જગ્યાએ બેસવાવાળા બીજા લોકો હતા એ એમ કહેતા હતા. ત્રાસવાદીની છાતીમાં ગોળી મારી દઇશું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બિલ ઉપર આવી જાવ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હજી ઘણાં દિલ્હીમાં બેઠા છે અને કેટલાંક જેલમાં બેઠા છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પોપટ જુદું જુદું બોલે (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે આપ સામે જુઓને. અર્જનભાઇ આપ મારી સામે ધ્યાન આપો. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : વજુભાઇ આપ આવોને પોપટો આવે અને આપ આવો. (અંતરાય) અમે રોક્યા નથી. મારા પછી આપ બોલજો. (અંતરાય) આપને વાંધો ઉઠાવતા.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અર્જનભાઇ, આપ ટૂંકમાં બિલ ઉપર આવી જાવ. હજુ ઘણાં બધા સભ્યોના નામ પ્રવચનમાં બાકી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો એ પ્રમાણે યુનિવર્સિટી UGCની ગાઇડ લાઇન પ્રમાણે આ બિલ નથી. અને આ સરકારે આ પ્રકારે ઘણાં બિલ બનાવ્યા હતા. (અંતરાય) અને એને કારણે જેઠાભાઇ આપણે પછી બહાર જઇને વાત કરીશું. આ પ્રકારે બિલ બનાવ્યા હતા, બિલ પાછા આવ્યાં અને સરકારે સુધારો કરીને મૂકવા પડ્યા છે દિલીપભાઇ, એટલા માટે હું કહું છું. આ આપની સરકારે જ સુધારા કર્યા, આપની સરકારે જ બહાર જઇને આંદોલનો કર્યા હતા અને પછી સુધાર્યું જે

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

રીતે સુચનાઓ આવી હતી એ રીતે એટલે આને સુધારવું ના પડે એટલા માટે હું કહું છું કે, આ પ્રકારનો સુધારો કરે, સુધારો કરેલું બિલ લઇ આવે, લઇ આવ્યા પછી આજ ગૃહ એની ચર્ચા-વિચારણા કરે માનનીય અધ્યક્ષશ્રી. યુનિવર્સિટીઓ છે એ બનાવતી વખતે એમાં ખૂબ ગંભીરતા રાખવી જોઇએ અને એના માટેના જે રીતે આપણે વચનબદ્ધ સ્વાયત્તાની વાત કરીએ છીએ તો વચનબદ્ધ રીતે એને સ્ટાફની નિમણૂંકો કરવાથી માંડી, ખર્ચ કરવાની સ્વાયત્તા પણ એમને આપવી જોઇએ. આની અંદર આવી કોઇ જ સ્વાયત્તા છે નહીં એટલે આ યુનિવર્સિટી નથી. જે રીતે અગાઉ રક્ષા શકિત યુનિવર્સિટીનું બિલ આ સરકાર લઇ આવી હતી અને ત્યારે અમે ચિંતા કરી હતી એ વખતે પણ, કે યુનિવર્સિટીનું ફલક કેટલું મોટું હોવું જોઇએ. આજે રક્ષા શકિત યુનિવર્સિટી છે એ માત્ર બે કોર્સ ચલાવે છે, ડિપ્લોમાના બે કોર્સ ચલાવે છે અને હું વાઇસ ચાન્સેલરની ચિંતા એટલા માટે કરું છું કે, એના વાઇસ ચાન્સેલર કેવા બનાવેલા છે ? એતો બધું સરકારના રેકોર્ડ ઉપર છે એના ઉપર કયા પ્રકારની એફ.આઇ.આર. થયેલી છે, બહેનો સાથે કેવા પ્રકારનો વ્યવહાર થયેલો છે (અંતરાય) ભાવનગર નહીં, રક્ષા શકિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર કોણ છે એ જાણી લે જો. બહેનોની સાથે વ્યવહાર કેવો કર્યો હતો ?(અંતરાય)

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ આપણે કોઇની ટીકામાં ન પડીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મેં નામ નથી લીધું સાહેબ એટલા માટે(અંતરાય)

અધ્યક્ષશ્રી : છતાં પણ એ યોગ્ય નથી. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : હું એમ કહું કે, ગુજરાતના કોંગ્રેસ પક્ષના નેતા આવો છે, એનો અર્થ શું થાય ? તો સીધી જ વાત છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાંભળવાની થોડીક તૈયારી રાખવી જોઇએ. આપે નિમણૂંક કરેલી હોય, મેં તો નિમણૂંક કરેલી નથી. આપે શું કરવા કરી હશે મને ખબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ પ્રકારની નિમણૂંકો ના થાય એટલા માટે હું જે વચનબદ્ધ સ્વાયત્તાની વાત છે એ વચનબદ્ધ સ્વાયત્તા લઇ આવવી હોય તો ઈન્ડીપેન્ડન્ટ એક્ષપર્ટ હોય એ ફિલ્ડના એ નામ સજેસ્ટ કરે, ત્રણ સભ્યોની પેનલ બનાવે અને એમાંથી એક વાઇસ ચાન્સેલરની નિમણૂંક કરે તો હું માનું કે, એ નિમણૂંક બરાબર કરી છે. આતો જે રીતે સરકારી યુનિવર્સિટીઓ એક-બે બનાવી આપે અને યુનિવર્સિટીઓ કરતાં ખાલી બોર્ડ જ લાગ્યું બાકી કશું જ થયું નહીં. એની જગ્યાએ એવું ના થાય એટલા માટે આપના મારફત માનનીય શિક્ષણ મંત્રીશ્રી વિચારણા કરી શકે એવી શકિત ધરાવે છે, થોડુંક વિચારણા કરી અને આ પ્રકારનું બિલ લઇ આવે તો ચોકકસપણે અમે એમને ટેકો આપીશું. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનું જે પ્રકારનું કન્સટ્રકશન છે એમાં અમે સંમત થઇ શકતા નથી.

**શ્રી #M/આત્મારામ મ. પરમાર(ગઢડા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના શિક્ષણ મંત્રીશ્રી રમણભાઇ વોરાએ ઈન્સ્ટિયૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક આ ગૃહમાં જે રજૂ કર્યું છે એ અંગેના હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના અનેક પ્રયત્નો છે કે, ગુજરાત તમામ ક્ષેત્રે નંબર-વન રહે. એ ઉદ્યોગ હોય, એ શિક્ષણ હોય, કાયદો-વ્યવસ્થા હોય, રોજગારી હોય કે વીસ મુદ્દા અમલીકરણ કાર્યક્રમ હોય. માનનીય અધ્યક્ષશ્રી, અમારી મુશ્કેલી એ છે કે, કેન્દ્રમાં જે સરકાર બેઠી છે એને અમે આંકડા પૂરા નથી પડતા સાહેબ. ઉદ્યોગોની વાત આવે, રોજગારીની વાત આવે, આપણે સાંભળવાની બધી પાછી તૈયારી રાખવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કહેવી છે કે ગુજરાતમાં જે રીતે ઉદ્યોગોનો વિકાસ થઇ રહ્યો છે, જે રીતે અલગ અલગ પ્રકારના ઉદ્યોગો ગુજરાતમાં સ્થપાઇ રહ્યા છે અને ગુજરાત આજે દેશમાં ડેવલપમેન્ટનું ગ્રોથ કહી શકાય, ગ્રોથ એન્જીન કહી શકાય એ પ્રકારની પરિસ્થિતિએ ગુજરાત છે. માનનીય શકિતસિંહે પણ એમના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો એમણે એક આંતરરાષ્ટ્રીય આગેવાનના લેખનો ઉલ્લેખ કરીને કહ્યું કે આવનારા દિવસોમાં આ દુનિયાનું નેતૃત્વ કરી શકે એવી કોઇ તાકાત હોય તો હિન્દુસ્તાન છે, ભારત છે પણ બીજા શબ્દો એમણે ચોરી લીધા કે એની જો તાકાત હોઇ શકે તો એ માત્ર ને માત્ર ગુજરાત છે. જે ભારતનું

નંબર વન આજે વિકાસ પામતું રાજય છે ત્યારે આપણે ભારત સુધી પહોંચ્યા છીએ પણ ગુજરાતનું નામ કયાં લેવામાં આવે છે એ મને સમજ પડતી નથી. તમે નામ લો કે નામ ન લો તમારા નામ લેવા કે ન લેવાની સાથે ગુજરાતના વિકાસને કયાંય લાગેવળગતું નથી. ગુજરાતના વિકાસની આજે દેશ અને દુનિયાએ એની નોંધ લીધી છે અને એટલા માટે મને એમ હતું કે શકિતસિંહે જયારે ભારતનો ઉલ્લેખ કર્યો છે ત્યારે કમ સે કમ એક ગુજરાતી હોવાના ગૌરવના નાતે એ એમ કહેશે કે ના, ના આગામી દિવસોમાં આ ગુજરાત દેશ અને દુનિયાનું નેતૃત્વ કરવાનું છે પણ મને અફસોસ એ વાતનો થયો કે ગુજરાતના વિકાસને (અંતરાય) આપની હાજરીમાં બોલું છું ભાઇ, આપ બહાર હો અને બોલતો હોઉં તો વાત જુદી છે.

અધ્યક્ષશ્રી : આત્મારામભાઇ, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી આત્મારામભાઇ પરમાર ઃ એમાં નથીંગ સાહેબ, ધેર ઇઝ નો પોઇન્ટ ઓફ ઓર્ડર. વોટ ઇઝ પોઇન્ટ ઓફ ઓર્ડર.

અધ્યક્ષશ્રી : બેસી જાવ પ્લીઝ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : તમને કદાચ અધ્યક્ષ બનાવી દીધા એવા ખ્વાબમાં હો તો નહીં રહેતા એ નિર્ણય એમણે કરવાનો છે, આપે નથી કરવાનો. ઓહોહો, શું કરશું આ સ્વપ્નાઓનું? માનનીય અધ્યક્ષશ્રી, આપ આખી સ્પીચ મંગાવીને મારી જોઇ લેજો અને સવાલ એ શું બોલે છે એના કરતાં એ મારા મોઢામાં શબ્દો મુકી શકે નહીં. આપ અધ્યક્ષશ્રીના નિર્ણયો પણ જોઇ લેજો. એ મારા મોઢામાં એમના શબ્દો મુકે છે કે શકિતસિંહે ગુજરાતનું આમ ન કહયું. ગુજરાતનું આ કહયું. આપ એમની સ્પીચ પણ મંગાવજો, આપ મારી આખી સ્પીચ બોલાયેલી પણ જોઇ લેજો. મેં એમ કહ્યું કે ગુજરાતના વિદ્યાર્થીઓમાં એવું પ્રભુત્વ છે કે દેશ નહીં, દુનિયાનું નેતૃત્વ કરે અને મેં થોમસ ફ્રેડમેનને કોટ કરીને એની બુકના કોટ સાથે મારી વાત, ગુજરાતનું અને હિન્દુસ્તાનનું કેટલું પ્રભુત્વ છે એની વાત કરી છે અને પોતે અત્યારે મારા મોઢામાં જે શબ્દો મુકે છે જે હું બોલ્યો જ નથી. એમની વાત એ પોતે કરે એ બરાબર છે. એમના શબ્દો મારા મોઢામાં મુકવાનો પ્રયત્ન ન થઇ શકે.

અધ્યક્ષશ્રી : હું રેકોર્ડ જોઇ લઇશ. આત્મારામભાઇ,

શ્રી આત્મારામભાઇ પરમાર ઃ માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે કે જયારે ગુજરાતનો સર્વતોમુખી વિકાસ થઇ રહ્યો હોય ત્યારે ગુજરાતને એવું નેતૃત્વ મળ્યું છે અત્યારે અને આવનારા દિવસોમાં પણ એ નેતૃત્વ ગુજરાતનું છે કે જેની પાસે વિઝન છે અને વિઝનને પરિપૂર્ણ કરી શકવાની એની પાસે ઇચ્છાશકિત છે અને તાકાત છે એમાંથી આજનું આ બિલ આવ્યું છે. એમાં ખાસ કરીને જયારે વાત થઇ છે ત્યારે ઘણી યુનિવર્સિટીઓના બિલો આપણે જોયા છે. આ હાઉસમાં રજૂ પણ થયા છે પણ આના જે ઉદ્દેશો છે એ તરફ મારે ધ્યાન દોરવું છે. પહેલી વાર યુનિવર્સિટીના ઉદ્દેશોમાં પહેલો ઉદ્દેશ છે કે ટેકનીકલ કુશળતાવાળા માનવબળની બદલાતી જરૂરિયાતોને સંતોષવા માટે સક્ષમ ટેકનિકલ શિક્ષણના તંત્રની જોગવાઇ કરવી. કેવું માનવબળ જોઇએ છે? જરૂરિયાતો બદલાય છે. આપણે જે સાધનોનો ઉપયોગ કરીએ છીએ સમય જતાં એની પણ ઉપયોગિતા બદલાય છે. હું ફકત એક મોબાઇલનો દાખલો આપીશ. મોબાઇલ જયારે આવ્યો ત્યારે આપણા માટે ફકત વાત કરવા માટેનું એક સાધન માત્ર હતું કે આપણે બહાર ફરતા હોઇએ ત્યારે વાત કરી શકીએ. હાલતા ચાલતા વાત કરી શકીએ એ પ્રકારની એની સિસ્ટમ હતી અને ઘણી વાર હવે પરિસ્થિતિ એ આવી છે આ શાના માટે, અમે જે ચિંતા કરીએ છીએ ગુજરાતના વિકાસની, દેશના વિકાસની. એ એટલા માટે ચિંતા કરીએ છીએ કે અમારી પાસે વિઝન છે, અમારી પાસે દીર્ઘદ્રષ્ટિ છે અને એટલા માટે ચિંતા કરીએ છીએ અને મારે જે વાત કહેવી છે.પહેલા આપણને એમ હતું કે મોબાઇલ એટલે ખાલી વાત થાય. ફરવા નિકળ્યા હોય અને વાત થાય. મોબાઇલ દ્વારા મેસેજ મોકલી શકાય. મોબાઇલ દ્વારા ઇ-મેઇલથી પત્ર મોકલી શકાય છે. વેબબુકમાં ફોટા પણ મોકલી શકાય છે. આ બધી વસ્તું જ્યારે મોબાઇલ આવ્યો ત્યારે નથી આવી, પણ તેમાં તબક્કાવાર સુધારા થયા છે. જેમ જેમ જરૂરિયાતો બદલાતી ગઇ તેમ તેમ આ બધી વસ્તુઓમાં સુધારા તરીકે સ્વીકારી છે. અત્યારે વર્તમાન જીવનમાં જરૂરી પણ છે. પરિસ્થિતિ એ આવી છે કે આજે મોબાઇલ દ્વારા બેન્કનું એકાઉન્ટ ઓપરેટ કરી શકાય છે. મોબાઇલ દ્વારા રેલ્વેમાં બુકિંગ થાય છે. રેલ્વેનું,

ફ્લાઇટનું બુકિંગ થાય છે. ફ્લાઇટમાં કે ટ્રેઇનમાં બુકિંગમાં પી.એન.આર. બતાવીને ફ્લાઇટમાં કે ટ્રેઇનમાં એન્ટ્રી પણ લઇ શકાય તે પ્રકારના સુધારા પણ આપણે જોઇ શકીએ છીએ. એટલે કહું છું કે આવનારા દિવસોમાં કોમ્પ્યૂટર આવ્યું મારે એ વાત સમજાવવી છે કે અગાઉ કોમ્પ્યૂટર હતું જે માત્ર એક બોક્ષ હતું. પરિસ્થિતિ એ આવી કે કોમ્પ્યૂટરની જગ્યાએ લેપટોપનો ઉપયોગ શરૂ થયો. જ્યાં લઇ જવું હોય ત્યાં તે લઇ જઇ શકાય છે. ટ્રેઇનમાં, બસમાં, ગાડીમાં કે ફ્લાઇટમાં લઇ જવાય. ગમે ત્યારે સાથે લઇ જવાય છે. મારે વાત કરવી છે કે વિઝન વિના આ શક્ય નથી. આ બિલ એટલા માટે આવ્યું છે ઇન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ આ પ્રકારના જેટલા સંશોધનાત્મક સુધારા થવાના છે એના માટેનું નિમિત્ત આ યુનિવર્સિટી બને છે તે માટેની હર્ષ અને ગૌરવની અમને લાગણી છે. બીજી વાત કહેવી છે કે આવનારા દિવસોમાં અત્યાર સુધી એમ કહેવાતું કે ગુજરાતમાંથી જે રોજી–રોટી મળે છે એનો કયાંય ઉલ્લેખ કરવો નહિ. પહેલા ૧૦,૦૦૦ કે ૧૫,૦૦૦ એન્જિનિયરિંગની બેઠકો હતી. અત્યારે ૫૦,૦૦૦ જેટલી બેઠકો છે.કદાચ દાખલાઓ રજૂ થયા છે, તે હજારના થયા છે. મારે મારા દાખલો આપવો નથી. ગુજરાત સરકારનો કોઇ દાખલો નથી. ગુજરાત સરકારનો કોઇ રિપોર્ટ નથી. દિલ્હીમાં અમારી સરકાર નથી. દિલ્હીમાં ભાજપની સરકાર નથી. દિલ્હીમાં કોંગ્રેસની સરકાર છે. દિલ્હીમાં મનમોહનસિંહના વડપણ હેઠળની સરકાર છે. એ સરકારે કહ્યું શ્રમ મંત્રાલયના આંકડાઓ આપીને કે આ દેશમાં સ્વરોજગારી મળે છે. એમાં ૭૨ રોજગારીનું સર્જન ગુજરાતમાં થાય છે. સાહેબ, ગુજરાતનો જે ગ્રોથ છે. એને આપણે કયાંય ચર્ચામાં નહિ લેવાનું. હજાર એન્જિનિયરને કદાચ નોકરી ન મળે તો એ પાઇપલાઇનમાં હોય, ઇન્ટરવ્યુ આપ્યું હશે, અરજી આપી હશે. આવનારા દિવસોમાં કોઇપણ યુવાન બેકાર ન રહે એ માટેની સરકારની મથામણ છે. પ્રયત્ન છે. મારે વાત કરવી છે કે જ્યારે આ વાત થાય છે, ત્યારે શ્રમમંત્રાલયના આંકડા એમ કહે છે કે ૭૨ ટકા નોકરી ગુજરાતમાં મળે છે. માત્રને માત્ર ૨૮ ટકામાં આખા હિન્દુસ્તાનના રાજ્યની નોકરીઓ હોય છે. એમના આંકડા છે. અમે આંકડા નથી બનાવ્યા. ઉપરથી પ્રસિદ્ધ થયેલ આંકડા છે. અમલીકરણના વીસ મુદાના કાર્યક્રમમાં અમલીકરણની સમિતિથી માંડીને, સાંભળો, અમારે સાંભળી લેવાનું.

## પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશ

### આંકડાના આધાર અંગે

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. આપણી વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયો છે. માનનીય આત્મારામભાઇ જે વાત કરી રહ્યા છે, એનો સંદર્ભ દાખલા તરીકે હું કહેતો હતો. બજેટના પ્રકાશન પાના ૩૪ ઉપરથી હું કહેતો હતો. મારે એ જાણવું છે કે ૧૦૦ દેશની રોજગારીમાંથી ૭૨ ગુજરાતમાં મળે છે. એમ કેન્દ્રના શ્રમમંત્રાલયે કહ્યું એનો આધાર છે તો વિગતવાર આપે.

શ્રી દિલીપભાઇ સંઘાણી : ટેબલ ઉપર મુકવામાં આવશે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે. આમાં મુશ્કેલી એ છે કે સત્ય બહુ કડવું હોય છે. એ પચાવવું અઘરુ છે, એટલે આ મુશ્કેલી ઉભી થાય છે. મારે બીજી વાત કરવી છે. આમાં બે મહત્વના મુદાઓ એના ઉદેશમાં છે. એક ઉદેશનો ઉલ્લેખ કર્યો છે. એમાં એમ કહ્યું છે કે બદલાતી જરૂરિયાતના અનુસંધાને મેં દાખલો આપ્યો.કયા પ્રકારના માનવબળની જરૂરિયાત છે? આવનારા દિવસોમાં કુશળતાવાળા માણસોની જરૂરિયાત છે. કયા પ્રકારની કુશળતા તો ટેકનીકલ કુશળતાવાળા માનવબળની બદલાતી જરૂરિયાતોને સંતોષવા માટે આ નવી યુનિવર્સિટીની સ્થાપના માટેનું બિલ લઇને આવ્યા છે ત્યારે ગુજરાતનો વિકાસ જે શરૂ થયો છે, જે તેજ ગતિએ શરૂ થયો છે. એને કોઇની તાકાત અટકાવી શકે એમ નથી. એની સાથે હું બીજી પણ વાત કરું તો આ બિલના ઉદ્દેશોમાં એક ઉલ્લેખ છે ત્યારે ઘણી યુનિવર્સિટીઓના બિલો આ હાઉસમા રજૂ થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં આઠ નંબર ઉપર લખ્યું છે કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે જીવંત સંપર્ક રાખવાની વાત તેઓ સૂચવે એ કાર્યક્રમો વિકસાવવાની વાત, હું કદાચ એમ માનું છું કે, ધીસ ઇઝ ફર્સ્ટ ટાઇમ ઇન ધ હીસ્ટ્રી ઓફ યુનિવર્સિટી એક્ટ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને

સાંકળવાની વાત આ યુનિવર્સિટીની સાથે છે. એમના સલાહસૂચનો લેવાનાં એમની સાથે રહીને કામગીરી કરવાની, માનનીય અધ્યક્ષશ્રી આ જ બતાવે છે કે, ગુજરાતની સરકાર જે લોકોની પાસે શકિત છે જે લોકોની પાસે તાકાત છે એવા લોકોનો અભ્યાસ ભલે પૂરો થયો હોય પણ ગુજરાતના વિકાસ માટે એ જો દિશા આપી શકે એમ હોય તો એમની સાથે સલાહ મસલતો કરવા પણ ગુજરાતની આ યુનિવર્સિટીના માધ્યમથી સહમત થઇ રહયા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે કે,અહીંયાં વાત થઇ કે કોલેજોમાં જે સંખ્યાઓ વધી એમાં ઘણા લોકો તે દિવસોમાં બસો- પાંચસો- હજાર- બે હજાર એન્જીનિયરો યુનિવર્સિટીઓમાંથી નીકળતા હતા, પણ આ દેશની જે વસતિ વધી રહી છે, ગુજરાતમાં જે વસતિ વધી રહી છે તો હું આપણે એમ જ ઇચ્છીએ કે અહીંયાં જેમના નામનો ઉલ્લેખ થયો હતો એ જ લોકો એન્જીનીયરો બને, એ જ લોકો ડોકટરો બને ? બીજા કોઇને ડોકટર કે એન્જીનિયર બનવાનો અધિકાર નથી? આ એક બનતા હોય તો ગુજરાતની આ સરકારે સો એન્જીનીયરો બને એ પ્રકારની યોજનાઓ કરી છે અને આવનારા દિવસોમાં ગુજરાતના વિકાસની કૂચમાં જે હિસ્સેદારો છે, જે ભાગીદારો છે એ આ લોકો થવાના છે. એક એવી વાત થઇ કે ગુજરાતમાં કોલેજો શરૂ થવા નહોતી દેવાતી કેમ? તો કેટલાક લોકોની એન્જીનીયરીંગ કોલેજ મહારાષ્ટ્રમાં છે, કેટલાક લોકોની કર્ણાટકમાં છે, કેટલાક લોકોની એન્જીનિયરીંગ કોલેજ બેંગ્લોરમાં છે, અને એમને પૈસા મળે એ માટે જે લોકોએ આ ગુજરાતમાં ભૂતકાળમાં શાસકો હતા, અને ગુજરાતમાં કોલેજો ન શરૂ થઇ, એવા પ્રયત્નો કર્યા હતા અને એના પરિણામે ગુજરાતના લોકોને સહન કરવું પડયું છે. હું દાખલો એટલા માટે આપું છું કે અગાઉ કેટલી કોલેજો અને યુનિવર્સિટીઓ હતી. આજે અનેક પ્રકારની યુનિવર્સિટીઓ અને કોલેજો ગુજરાતમાં થઇ છે. અમે તો આવા જે બનાવો બન્યા છે ગુજરાતના જે ગરજાઉ આદિવાસીઓ છે એ રીતસરના લૂંટાય છે. એમના દીકરાઓને મોઘાભાવે એડમીશન અપાવીને ત્યાર પછી જે પ્રાન્તોમાં જે પ્રકારની પરિસ્થિતિ પેદા થઇ છે એમાં રેગિંગનો ભોગ બનવાથી માંડીને પરીક્ષાઓ વખતે જે પરિસ્થિતિ પેદા થાય છે અને એ માનસિક યાતનામાં જે વિદ્યાર્થી અને એનો વાલી પસાર થયો હોય એને ખ્યાલ આવે કે પરપ્રાંતમાં ભણવા જતાં કયા પ્રકારની પરિસ્થિતિ પેદા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલું કર્યા પછી પણ આ સરકાર ગરીબોને ભૂલી નથી, વિકલાંગોને ભૂલી નથી, જેની આવક ઓછી છે એવા લોકોને ભૂલ્યા નથી, અને ગરીબોને નથી ભૂલ્યા, એવા લોકોને આપણે ભૂલી શકયા નથી અને ત્યાર પછી ગુજરાત સરકારે ટ્યુશનમાં ફીમાં મુકિત આપવાની જોગવાઇ છે. અગાઉ આપણે જોઇએ તો પાંચ ટકા અનામત રાખવાની એવા લોકો માટેની જોગવાઇ છે કે જેની ફી વેવ કરવામાં આવી છે અને ગયા વર્ષનો આંકડો ૪૯૭૮ અમારા ગરીબ દીકરાઓ વગર ફી ભર્યે નોટ એ સીંગલ પેની, સાહેબ, એન્જીનિરીગ કોલેજોમાં અભ્યાસ કરતા હતા. વિકાસની વાત તો અમે કરીએ જ છીએ. પણ સમાજનો જયાં સુધી સર્વાંગી વિકાસ ન થાય, સર્વોતિમુખી વિકાસ ન થાય, સમાજના તમામ અંગનો વિકાસ ન થાય, છેવાડાના માણસ સુધી જયાં સુધી વિકાસ ન પહોંચે ત્યાં સુધી આ વિકાસ અધૂરો છે, અને એ જ માટે મારા ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી જયારે લઇને ચાલે છે ત્યારે કેટલાક લોકોને, ઘણા પ્રયત્નો કર્યા છે, સત્તા ભોગવવાના એમને કેવા કેવા શોખ હતા એની અમને ખબર છે, એના માટે કયા પ્રકારના પ્રયત્નો આ ગુજરાત વિધાનસભામાં થયા હતા એ પણ અમને ખબર છે, અને એટલા માટે અમે જાણીએ છીએ કે સત્તાથી દૂર નથી રહી શકતા, અને ગુજરાતની પ્રજાએ સત્તામાંથી વીસ વર્ષથી દેશવટો આપી દીધો છે ૨૦ વર્ષથી તમને સત્તાના સિંહાસનથી બહાર રાખ્યા છે ત્યારે આવનારા બીજા દિવસોમાં પણ, તમે માનનીય વજુભાઇ વાળાનું પ્રવચન સાંભળ્યુ હોય તો ખ્યાલ હશે એમણે એમ કહ્યું છે કે આવનારું બજેટ હું રજૂ કરવાનો છું, આવનારા પાંચ વર્ષની યોજના વજુભાઇ વાળાએ મૂકી છે ત્યારે આવનારા દિવસો તમારા માટે ક્યાંય અવકાશ નથી. ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ટેકનોલોજીની કેડી આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ અને ગુજરાતની સરકારે શરૂ કરી છે એમાં મહેરબાની કરીને * (xxxxx) (xxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપના શબ્દો પાછા ખેંચી લો.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. ગુજરાતમાં આ જે વિધેયક લઇને આવ્યા છે એનું નામ છે ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક એનું શોર્ટફોમ આઇ.આઇ.ટી. રા.મ. (અંતરાય) આમાં રામ આવે છે. આમાં રામ આવે જ ને ભાઇ, આ સંસ્કૃતિ રામની સંસ્કૃતિ છે રાવણની સંસ્કૃતિ નથી. અને આ જે યુનિવર્સિટી આવી છે એમાં કોઇ નવી કોલેજ બનાવવાની નથી બહુ ચિંતા નહીં કરશો. બીજી કોઇ સંસ્થાને જોડાણ આપવાના નથી. આ યુનિવર્સિટી પોતે જ પોતાની શાળા–કોલેજ–સ્કૂલ ભવન અને સેન્ટર શરૂ કરશે એટલે તમારી જે કાંઇ ચિંતા છે એ ચિંતા કરવાની જરૂર નથી. આ સરકારે વિકાસની કૂચ જે શરૂ કરી છે તેમાં ગુજરાતના ટેકનોલોજીના વિદ્યાર્થીઓને વિકાસની મહત્તમ શિક્ષા આપવાની કૂચ અને ગુજરાતનું જે માનવબળ છે તેને જોઇએ તેટલી ટેકનોલોજી પૂરી પાડવાના જે પ્રયત્નો શરૂ થયા છે એમાં આ એક વધારાનું છોગું છે એટલે આ બિલને સર્વાનુમતે પાસ કરીએ એવી મારી વિનંતી છે.

શ્રી **હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક ૨૦૧૨ લઇને આ ગૃહમાં આવ્યા છે ત્યારે એ વિશે મારા વિચારો વ્યકત કરીશ.

રાજ્યમાં સરકાર યુનિવર્સિટીઓની સંખ્યા વધારે અને તેના પરિણામે શિક્ષણની ગુણવત્તા સુધરી જશે અને ગુજરાતની જે જરૂરિયાતો છે એ જરૂરિયાતો પરિપૂર્ણ થશે એ વાત સાથે સંમત થઇ શકાય તેમ નથી. શિક્ષણનું સ્તર સુધારવા માટે સરકારની યુનિવર્સિટીઓ પરનો જે હસ્તક્ષેપ છે એનું પ્રમાણ ઓછું થાય યુનિવર્સિટીઓને સ્વાયત રીતે કામ કરવા દેવામાં આવે તો એનું પરિણામ આવી શકે. યુ.જી.સી.ના ધારા–ધોરણો પ્રમાણેની યોગ્ય વ્યકિતઓની યોગ્ય સ્થાને નિમણૂંકો થાય તો તેનાથી પણ શિક્ષણનું સ્તર ઉંચું આવી શકે તેમ છે. મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે, ગુજરાતની અંદર જે યુનિવર્સિટીઓ અત્યારે હયાત છે એ યુનિવર્સિટીઓની અંદર અભ્યાસ કરવા માટે સાયન્સ વિભાગમાં સંખ્યા વધવાના પરિણામે એક નવો વર્ગ આપવાનો હોય તો આ સરકાર એક નવો વર્ગ આપવા માટે પણ સંમત નથી. અને બીજી બાજું ગુજરાતના વિદ્યાર્થીઓનું હિત સાચવવાની જે વાત કરે છે એની સાથે પણ આના કારણે સંમત થઇ શકાય તેમ નથી, વધુમાં આજે ગુજરાતની અંદર ૩૭ કરતાં વધારે યુનિવર્સિટીઓ છે એમાં આ એકનો ઉમેરો થશે જે હયાત યુનિવર્સિટીઓ અત્યારે કામગીરી કરી રહી છે એમાં પણ જ્યારે અપૂરતો સ્ટાફ હોય, વરસો સુધી સ્ટાફની નિયુકિત જ કરવામાં આવતી ન હોય એના માટેની પરમીશનો આપવામાં ના આવતી હોય અનેકવખત માગણીઓ કરવા છતાં જ્યારે વર્ગ શરૂ થાય ત્યારે વિદ્યાર્થીઓની સંખ્યા માંગવામાં આવે અને છેક ડિસેમ્બરના એન્ડ સુધીમાં એ અંગે નક્કી ન કરવામાં આવે એની મિટિંગ રાખવામાં આવે અને જાન્યુઆરી કે ફેબ્રુઆરીમાં જ્યારે એનું વર્ષ પૂરું થવાની તૈયારી હોય ત્યારે ઇન્ટરવ્યુ માટેની જાહેરાત કરવામાં આવે અને પછી એમ કહેવામાં આવે કે હવે આવતા વરસે જ્યારે જરૂરિયાત ઉભી થશે ત્યારે તમારી આ જરૂરિયાત સંતોષવામાં આવશે. આવી વિચારસરણીવાળી સરકાર પાસે સારા શિક્ષણની, ગુણવત્તાસભર શિક્ષણની અપેક્ષા કઇ રીતે રાખી શકાય એજ મને સમજાતું નથી. આ ક્ષેત્રની અંદર આ અનુભવ થયેલો છે અમને જાતે અનુભવ થયેલો છે આ કોઇ વાહિયાત વાત નથી. તમારે જાણવું હોય તો માહિતી અધિકાર હેઠળ માંગો કે આ ગુજરાત રાજયની અંદર જુદા જુદા વિષયોમાં કેટલા તજજ્ઞ માણસોની નિમણૂંક કેટલા વરસોથી આ સરકારે કરી નથી. આ જાણો પછી તમને ખબર પડશે. દરેક ક્ષેત્રની અંદર આપણે જ્યારે કાર્યક્ષમતાની વાત કરતાં હોઇએ ત્યારે આ બિનકાર્યક્ષમ સરકાર આ વાત વરસોથી સ્વીકારતી નથી અને આ વાત સાચી ના હોય તો હજી પણ આપને કહુ છું કે માહિતી અધિકારના કાયદા હેઠળ આની માહિતી માંગો અને તપાસ કરો.

મુળ વાત એ છે કે, આ નવી યુનિવર્સિટી સરકાર કરવા જઇ રહી છે એમાં યુ.જી.સી.ના કોઇ ધારા–ધોરણનું પાલન કરવામાં આવેલું નથી. હમણાં છેલ્લાં દિવસોમાં આપણે જોયું છે કે યુનિવર્સિટીઓમાં અગ્ર સ્થાને બેઠેલા માણસોના પરાક્રમો કેવા હોય છે અને એમાં એક નવું છોગું ઉમેરાશે. આ નવી યુનિવર્સિટી થવાથી સરકાર પોતાનો હસ્તક્ષેપ છોડવા માગતી નથી. સ્વાયત્ત શિક્ષણની વાત કરે છે, સંપૂર્ણ સ્વાયત્ત શિક્ષણની વાત કરીને એ પોતાની સત્તાનો દુરૂપયોગ હંમેશા કરતી આવેલ છે અને કરતી રહેવાની છે બીજી

એક વાત એ કરવાની કે યુ.જી.સી.ના નિયમોને આધિન વરસો પહેલાં જે લોકોની સંખ્યાના અભાવે જરૂરિયાત પ્રમાણે નિમણુંકો કરવામાં આવેલી હોય એવા ખંડ સમયના પ્રાધ્યાપકોને પૂર્ણ સમયના વ્યાખ્યાતા બનાવવામાં પણ આ સરકાર આનાકાની કરે છે અને આવા ૩૦૦ જેટલા પ્રાધ્યાપકો છે જે નિવૃત્તિના આરે છે આખી જિંદગી પાર્ટટાઇમ નોકરી કરી છે અને અનેકવાર વિનંતી કરી હોવા છતાં એ લોકોની નિમણૂંક યુનિવર્સિટી અને સરકારના યુ.જી.સી.ના ધારા–ધોરણ મુજબની નિમણૂંક હોવા છતાં એને એની પોતાની કોલેજમાં જરૂરિયાત ઉભી થઇ હોવા છતાં પણ એને ત્યાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂંક આપવા તૈયાર નથી. સરકારની નિયત આના પરથી પ્રસ્થાપિત થાય છે કે સરકાર શું કરવા જઇ રહી છે. મારી સરકારને અને આ મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતમાં પૂરતું ધ્યાન આપે. તમારી પાસે શિક્ષણ વિભાગ છે અને કેવી આપત્તિઓ શિક્ષણ સંસ્થાઓને પડે છે એનું ધ્યાન રાખવાની જવાબદારી પણ આપની જ છે ગુજરાતમાં ભૂતકાળમાં મહાજનોએ શિક્ષણના ક્ષેત્રે અદ્વિતિય કામગીરી કરી છે અને એમાં રાજયએ કોઇ હસ્તક્ષેપ કર્યો નથી અને રાજયનો હસ્તક્ષેપ નહિ હોવાના કારણે શિક્ષણની વ્યવસ્થા અતિ સુંદર હતી દરેક યુનિવર્સિટીની અંદર રિસર્ચ સેન્ટર હોય જ છે. કોઇ યુનિવર્સિટી એવી નથી હોતી કે જેમાં રિસર્ચ સેન્ટર ના હોય અને એની પાસે તજજ્ઞો ના હોય. તે યુનિવર્સિટીની અંદર પ્રત્યેક યુનિવર્સિટીની અંદર આ જોગવાઇ હોય જ છે. જે પ્રકારનું શિક્ષણ યુનિવર્સિટી આપે છે જેટલા જેટલા વિષયો ત્યાં હોય છે તે તમામ વિષયોનું રિસર્ચ થાય તે માટેની વ્યવસ્થા યુનિવર્સિટીમાં હોય છે. આજે તમે નવી યુનિવર્સિટી કરવા જઇ રહ્યા છો તેમાં સરકારનો આશય છે કે, ઇન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ અને મેનેજમેન્ટ ક્ષેત્રે એન્જીનીયરોની માગમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે અને ડિમાન્ડ અને સપ્લાય તેની વચ્ચે જયાં અસંતુલન ઉભું થયું છે તે અસંતુલનને દૂર કરવું.આવું અસંતુલન આપણે જાતે જ પેદા કર્યુ છે. અસંતુલન પેદા કરવાનું કામ તે પણ સરકારે કર્યુ છે. આપણે ટકાવારી શું કામ ઘટાડીએ છીએ ? ૫૦ ટકાનું ધોરણ હોય ત્યાં આપણે ૩૫ ટકા સુધી નીચે ગયા અને મેનેજમેન્ટને લાગે કે હજુય મારે તો સીટો નથી ભરાય તો આપણે ૩૫ ટકાથી ૩૦ ટકા ઉપર જઇશું. અને પછી આપણે કહીએ કે શિક્ષણનું સ્તર ઉંચુ લઇ જવા માટે આ કાર્ય સરકાર કરી રહી છે. સરકારે બધી બાબતો પ્રત્યે ધ્યાન આપવું જોઇએ. આ કામ છે તે કામ આપણે એમ નહીં કહી શકીએ કે સમયની સાથે પરિવર્તન જરૂરી છે. સમયની માગ સાથે પરિવર્તન લાવવું પડશે. રાજયનો ઉત્તરોત્તર વિકાસ એક પ્રક્રિયા છે. વિકાસ સ્ટેગનન્ટ નથી હોતો. રાજયની સ્થાપના થઇ ત્યારથી ઘણું સુંદર કામ કર્યુ છે અને આવનાર દિવસોમાં સરકાર કામ કરે તો એ એની જવાબદારીનો એક ભાગ છે. એટલે જેટલું સારું કામ થાય એટલું કરવું જોઇએ. પણ મેં જે કહ્યું તે બાબતોનું ધ્યાન રખાય એવું કોઇ ધ્યાન આમાં રાખવામાં આવ્યું નથી અને સરકારનો હસ્તક્ષેપ વધતો જાય છે.

અધ્યક્ષશ્રી : આપ વાત રિપિટ ના કરો.

શ્રી હીરાભાઇ હ. પટેલ : સરકારના વિધેયક સાથે આ પરિસ્થિતિમાં હું સંમત થઇ શકતો નથી.

**શ્રી રાકેશ શાહ(એલિસબ્રિજ)** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧ સન ૨૦૧૨નું ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક લઇને આવ્યાં છે તેમાં મારો સૂર પૂરાવું છું.

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટમાં આપનું પ્રવચન પૂરું કરજો.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે મારી જાતને એટલી સદભાગ્યશાળી ગણું છું કે, વર્તમાન સમયમાં પણ આ બિલ ઉપર મને બોલવાની તક મળી છે. જયારે કંઇક અલગ કરવું હોય, કંઇક નવું કરવું હોય એ પ્રકારની જયારે વાત આવે છે ત્યારે આ ગૃહના સાથી સભ્ય અમારા વડીલ મુરબ્બી અનિલભાઇએ સાચી જ વાત કરી હતી કે આ પહેલાં પ્રકારની યુનિવર્સિટી છે. હું એ કહેવા માગું છું કે જયારે કંઇક અલગ થતું હોય,વિશિષ્ટ થવાનું હોય ત્યારે સર્વના મુખે ગુજરાતનું નામ આવે છે. જયારે ગુજરાતે એક એવી આગવી ઓળખ ઉભી કરી અને ગત દસકાના જે વિકાસના શિલ્પી આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને પણ આપણે આ તબકકે યાદ કરવા જોઇએ. (અંતરાય) સાંભળજો, હળપતિજી, તમે જયારે બોલતા હતા ત્યારે હું નહોતો બોલતો અને એવો આગ્રહ પણ તમારા પક્ષના નેતા રાખતા હોય છે. ભૂતકાળમાં જયારે

૧૯મી સદી હતી તે બાહુબળની હતી, વીસમી સદી કયાંક મૂડીવાદની હતી અને જયારે વર્તમાન એકવીસમી સદીમાં આપણે સૌ એકત્રિત થયા છીએ ત્યારે આ શિક્ષણની સદી તો છે જ પણ જ્ઞાન–વિજ્ઞાનની પણ સદી છે. સાથે સાથે શિક્ષણમાં ઉચ્ચ શિક્ષણની પણ સદી છે. મેં કહ્યું કે આ પ્રકારે આ ઉચ્ચ શિક્ષણની આવશ્યકતા શાના માટે ઉભી થઇ છે. હાલમાં જયારે વિશ્વ ગ્લોબેલાઇઝેશનમાં રાચી રહ્યું છે.સમગ્ર દેશોના વિકસિત દેશોની જયારે ચર્ચા થાય છે, વિકસિત રાજયોની ચર્ચા થાય છે, વિકસિત શહેરોની ચર્ચા થાય છે ત્યારે પણ ગુજરાતનું નામ અગ્રેસર છે. એ ગુજરાતનું આ મહાનગર હોય કે અમદાવાદ શહેર હોય, રાજકોટ હોય કે સુરત હોય એ સદાય અગ્રેસર રહે છે અને પ્રથમ પાંચ ક્રમાંકમાં તેમના નામો છે. એ સાથે સાથે આપણે તે પણ વિચારવું છે કે જયારે સમગ્ર વિશ્વમાં આથી વધુ યુવા વયના લોકો એશિયા ખંડમાં છે અને તેમાંય યુવા વસતિ ભારતની છે. તો યુવા વસ્તીને અનુરૂપ જયારે આ બિલ લઇને આવ્યા છે ત્યારે હું મારો સૂર પૂરાવા ઉપસ્થિત થયો છું.

છેલ્લા એક દશકામાં મેં કહ્યું કે આ વિકાસના આયામો સર કર્યા છે. જે રીતે ઇન્ફ્રાસ્ટ્રકચરની વાત થઇ હતી. કદાચ આ ગુજરાત એક એવું રાજય છે કે એની રોડ કનેકટીવિટી જૂઓ કે રેલ કનેકટીવિટી જૂઓ, એની એર કનેકટીવિટી જુઓ કે એની ઇલેકટ્રીકસિટીની કનેકટીવિટી જુઓ, પાણી પણ જુઓ ત્યારે સમગ્ર વિશ્વના ઉદ્યોગકારોની મીટ ગુજરાત તરફ મંડાઇ રહી છે. દર અઠવાડિયે કદાચ કોઇને કોઇ વિદેશનું ડેલીગેશન માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા વિચારણા કરવા આવે છે. આ બિલ ઉપર ચર્ચા કરીએ ત્યારે ઇન્ફ્રાસ્ટ્રકચરની વાત નીકળી છે ત્યારે વિશ્વની જે ૫૦૦ નામાંકિત કંપનીઓ છે એમાંની મોટા ભાગની કંપનીઓ ગુજરાતમાં આવી ચૂકી છે. અહીંયા ઉદ્યોગ સ્થાપવાની તૈયારી બતાવી છે. શું આ નથી બતાવતું કે ગુજરાત કઇ દિશામાં જઇ રહ્યું છે. વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલા એમ.ઓ.યુ. અને એની રકમ તો તમારી આંખ ઉઘાડી કાઢી છે. પણ એની જરૂરિયાતના ભાગ રૂપે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી બિલ લઇને આવે છે એટલા માટેની તાતી જરૂરિયાત છે. આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા એક દસકામાં આ બધું શકય કયારે બન્યું આ બધું શકય ત્યારે બનતું હોય છે કે સ્થિર શાસન હોય, કયાંક વહીવટમાં પારદર્શકતા હોય છે. શાંતિ અને સલામતીનો સમગ્ર રાજય અનુભવ કરતું હોય તો જ વિશ્વના પ્રતિષ્ઠિત લોકો આપણી તરફ આવે છે. અહીંયા આવનાર ઉદ્યોગકારની સંખ્યા જયારે જયારે વધી રહી છે ત્યારે ઉચ્ચ શિક્ષણ, ટેકનીકલ શિક્ષણ તરફ સૌથી અગત્યની સ્કીલ માનવની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. સાથી સભ્યશ્રી માંગ અને પુરવઠાની વાત કરતા હતા. પણ એમને ખ્યાલ નથી કે જે રીતે ઉદ્યોગકારોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે ચોક્કસ એમાં તફાવત પડવાનો છે મને ચોકકસ વિશ્વાસ છે કે જે રીતે આ બિલ આવ્યું છે એના લીધે માંગ અને પુરવઠાનો તફાવત પૂર્ણ થઇ જશે. આ બિલનો હાર્દ એટલા માટે છે કે ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી રીસર્ચ અને મેનેજમેન્ટ, એન્જિનિયરીંગ ક્ષેત્રની આગવી ઓળખ ઉભી થઇ છે. વર્તમાન સમયમાં આજે વિશ્વની છેલ્લામાં છેલ્લી ટેકનોલોજી સાથે અપટેડ રહીને વિકસીત દેશનો સાથે કદમ મીલાવવાની ગુજરાતને હવે ટેવ પડી ગઇ છે. હવે ગુજરાતનો યુવાન એ વિશ્વના યુવાનો સાથે સ્પર્ધા કરી શકે છે અને એ પ્રકારનું વાતાવરણ મળી શકે તેવા નિષ્ઠાવાન પ્રયત્નો જયારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું એને બિરદાવું છું.

બીજું હાર્દ છે રીસર્ચનું. રીસર્ચ અને મેનેજમેન્ટ, આવતા દિવસોમાં રીસર્ચ અને મેનેજમેન્ટ એટલા માટે છે કે વિશ્વની સ્પર્ધાત્મક હરિફાઇમાં પણ ઉદ્યોગકારે ટકી રહેવું પડશે. આ વિધેયક દ્વારા ગુજરાત રાજયમાં ટેકનિકલ શિક્ષણને ઉત્તેજન આપવાનું છે. આ ઇન્સ્ટિટયૂટ ૨૦૦૦ થી વધુ વિદ્યાથીઓનો સમાવેશ કરશે એમાંથી ૫૦ ટકા પૂર્વ સ્નાતક અને બાકીના ૫૦ ટકાઅનુસ્નાતક કક્ષાના હશે. આ ઇન્સ્ટિટયૂટમાંથી યુવાન અભ્યાસ પૂર્ણ કરીને બહાર નીકળશે ત્યારે એ દેશની એક મૂડી બનવાનો છે. જયારે ભારત દેશનો પ્રશિક્ષિત થયેલો યુવાન યુવાન વિદેશોના યુવાનો સાથે સ્પર્ધા કરશે ત્યારે ભારત વર્ષ અને ગુજરાતનું નામ રોશન કરશે. આપણે સૌ જાણીએ છીએ કે આ વર્ષ વિવેકાનંદની દોઢસોમી જન્મ જયંતિનું વર્ષ ઉજવી રહ્યા છીએ આ વરસમાં જયારે આ પ્રકારનું બિલ લાવ્યા ત્યારે આનાથી વધારે વિવેકાનંદજીને વધારે શ્રદ્ધાંજલિ ન હોઇ શકે. ત્યારે ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી અને

માનનીય શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. અંતમાં આ બિલ અંતર્ગત અમદાવાદ શહેર જે મગાસિટી બની રહ્યું છે આ શહેરે ગુજરાતને ઘણા નજરાણા આપ્યા છે ત્યારે એ શહેરમાંથી હું એક સભ્ય તરીકે ચૂંટાઇને આવું છું ત્યારે આ શહેરના એક મણીનગર જેવા વિકસીત વિસ્તારમાં આ ઇન્સ્ટિટયૂટ બની રહી છે ત્યારે ગુજરાતના સ્કીલ યુવાનો દેશને પૂરી પાડનાર ગુજરાતની સરકારની દીર્ઘદ્રષ્ટિ અને તેના આયોજન બદલ સમગ્ર સરકારનો આભાર માની આ વિધેયકમાં મારો સૂર પૂરાવું છું.

**શ્રી** ૩૨૯/page>**બાબુભાઇ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, આપને વિનંતી છે કે આપનું પ્રવચન પાંચ મિનિટમાં પૂરું કરજો.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૨નું ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર,ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક લઇને આવ્યા છે ત્યારે હું મારી વાત કરવા ઉભો થયો છું. મારી અગાઉ કેટલાક વિદ્વાન વ્યકિતઓ માનનીય શકિતસિંહજી, માનનીય અર્જુનભાઇએ વિસ્તૃત રીતે આ બિલ ઉપર વાત કરી છે.

આ બિલના ઉદેશો અને કારણોની અંદર રાજયની અંદર બે હજાર એન્જિનિયરીંગ ક્ષેત્રના તજજ્ઞ વિદ્યાર્થીઓ કાર્યદક્ષતાથી કામ કરી શકે એ માટેની એક સ્વાયત્તતા આપવા માટે અને રાજય સરકાર દ્વારા આ યુનિવર્સિટીની સ્થાપના થતી હોય એવું ફલિત થાય છે. ગુજરાતમાં માત્ર અમે જ કર્યું છે, અમે જ કરી રહ્યા છીએ એવા આભાસમાં આ સરકાર છે ત્યારે મારે નમ્રપણે કહેવું છે કે ગુજરાતના આપણાં અનેક ભૂમિપુત્રોએ બહાર વસતા હોય, વિશ્વભરમાં ગુજરાતી તરીકે ઓળખ હોય એવા મહાનુભાવોને આપણે આ પ્રસંગે યાદ કરવા જોઇએ. એ પુનાની ફરગ્યુસન કોલેજમાં ભણેલા ભાઇકાકા એ સકકર બરાજ બનાવવા માટેના પોતાના અનુભવ હોય અને પછી વિદ્યાનગરમાં આંબાના ઝાડ નીચે ખાટલો પાથરીને વલ્લભવિદ્યાનગરમાં સ્થપાયેલ વિશ્વકર્મા એન્જિનિયરીંગ ઇન્સ્ટીટ્યૂટ મારફતે અહીંના યુવાનોને તાલીમ આપી. સૌરાષ્ટ્ર સરકાર વખતે માનનીય અર્જુનભાઇએ હમણાં ઉલ્લેખ કર્યો, લખધીરસિંહજી એન્જિનિયરીંગ કોલેજના ઇજનેરો આ સન્માનનીય સભાગૃહમાં હોય, આપણાં ગુજરાતના એ ઇજનેરોમાં યુ.એન.મહિડા મુંબઇ રાજયના ઇરીગેશનના સેક્રેટરી તરીકે, રાજય સભાના મેમ્બર પણ, આ રાજયમાંથી પ્રતિનિધિત્વ કરેલું. સી.સી. પટેલ ભારત સરકારના સિંચાઇ વિભાગના સચિવશ્રી હતા, વી.બી. પટેલ એમના પછી સચિવ હતા, હમણાંની આપણે વાત કરીએ તો એસ.આઇ. પટેલ, એને આપણે ઓળખી શકીએ છીએ ખરા? કે જેણે આ રાજયની અંદર ફોર લાઇનની શરૂઆત આપણાં ફંડમાંથી કરી અને પછી ભારત સરકાર પાસેથી પૈસા આવ્યા અને નેશનલ હાઇવે ઓથોરિટીની રચના થઇ. બે વખત એ ડેપ્યુટેશન ઉપર ગયા અને પાછા આવ્યા પછી એના અનુભવનો તમે ઉપયોગ કરી શકો છો ખરા? માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આત્મારામભાઇએ કહ્યું કે ૭૦ ટકા રોજગારી ગુજરાત આપે છે. આપણે આ સોશિયોઇકોનોમી રીવ્યુના પાના નં. ૬૧, માનનીય આત્મારામભાઇ વાંચે તો ખબર પડે કે ગુજરાતની ૬ કરોડની પ્રજામાં આપણે ૨૧ લાખ રોજગારી આપી શકીએ છીએ તેમાં ૧૩ લાખ ખાનગી અને બાકીની સરકારી અને એમાં કોઇ એવો ઉડીને આંખે વળગે એવો સુધારો થયો હોય એવું દેખાતું નથી. સરકારી નોકરીઓમાં વધારો થતો નથી. એમાં આપણી ઇજનેરોની જગ્યાઓ ખાલી રહે છે તેને આપણે ભરીએ છીએ ખરા? આ યુનિવર્સિટીમાંથી જે તજજ્ઞો બહાર પડશે તેના અનુભવનો આપણે લાભ લઇએ એ પ્રકારની કોઇ વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માગે છે ખરી? આપણે પાણી પુરવઠા બોર્ડ છે એની અંદરના ટેકનોક્રેટ્સ છે એને જ મેમ્બર સેક્રેટરીનો હોદ્દો આપવાનો હોય, પરંતુ તેમાં કેટલાક શીડ્યુલ ટ્રાઇબના ઇજનેરો આ હોદ્દો ઉપર આગળ ન વધે એટલા માટે થઇને ટેકનોક્રેટ્સનું કાઢી નાખ્યું. અત્યારે પાણી પુરવઠાના ઉચ્ચ હોદ્દા ઉપર એક ફોરેસ્ટ કેડરના અધિકારી આવી ગયા. તો આપણે આપણી કેડરને તૈયાર કરવા માગીએ છીએ કે આપણે તેનો ઉપયોગ કરવા માગીએ છીએ એની સ્પષ્ટતા બિલનો જવાબ આપતી વખતે કરે.

માનનીય અધ્યક્ષશ્રી, રમણભાઇ જે બિલ લઇને આવ્યા છે એ પરામર્શ સમિતિને આ બિલ સોંપી અને ફરીથી આ સન્માનનીય સભાગૃહમાં લાવે. આ બિલનો અમે વિરોધ નથી કરતા. કારણ કે આવતા દિવસોમાં ગુજરાતમાં કોણ સત્તામાં હશે એની આપણે કલ્પના કરી શકતા નથી. ભૂતકાળમાં આ જે કંઇ થયું

છે તે પ્રમાણે નેશનલ હાઇ-વેના આટલા રસ્તાઓ થયા હોય, આટલી સિંચાઇની યોજનાઓ થઇ હોય એ કોંગ્રેસના વખતમાં થઇ છે. આપના વખતમાં જે થઇ એ આવતી પેઢીને કહેવા દો કે અમે કરી છે. અત્યારે કોઇ ઉડીને આંખે વળગે એવી કોઇ સિદ્ધિઓમાં તમે રાચતા નહીં, એટલા માટે કે તો તો આંકડો કહેત કે આટલા લોકોને રોજગારી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં જે રોજગારી આપણે ૧૯ લાખને આપતા હતા. એમાં માત્ર ૨ લાખ રોજગારીનો ત્રણ-ચાર વર્ષમાં વધારો કરી શકયા છીએ. એટલે જે વધારો રોજગારીનો દેશ આખામાં થતો હોય તેમાં ગુજરાતના કદાચ એકાદ ટકો વધુ હોઇ શકે. પણ ૭૦ અને ૩૦, બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી એ કહેતાં પહેલાં આંકડાઓ તપાસો. લીલા ચશ્મા આપણે પહેરાવીએ એટલે ઘાસ લીલું નથી થઇ જતું, ઘાસ સૂકું જ હોય છે. એટલે આ ચશ્મા પહેરાવવા માટેની જે વાત છે, અમે જ કર્યું છે, અમે જ કર્યું છે, એકની એક વાત કહેવાનો જે આ સન્માનનીય ગૃહમાં પ્રયત્ન થાય છે તેની સામે રૂકજાવ કહેવાની ફરજ બની જાય છે એટલા માટે ખોટા સ્વપ્નમાં રાચીએ નહીં, વાસ્તવિકતાની ધરતી ઉપર આપણે પગ માંડીએ.અને ગુજરાતમાં આપણે જે પ્રગતિ કરવા માગીએ છીએ એની અંદર આપણે માત્ર ૨૧ લાખને કુલ છ કરોડની પ્રજામાંથી રોજગારી આપી શકીએ છીએ. એની અંદર ખેત મજૂરોની સંખ્યા ઘણી મોટી છે અને આપણે ઇન્ફ્રાસ્ટ્રકચર-ઇન્ફ્રાસ્ટ્રકચર કરીએ છીએ. આ રૂપાળા શબ્દો બધાને ગમતા હોય છે. નાનકડા ગામડાના એક રસ્તાની લાઇન દોરી બનાવનાર સેકશન ઓફિસર હોય, એ ડિપ્લોમા થયેલ હોય, એન્જિનિયર હોય કે પાણી પુરવઠાના ટેકનોક્રેટ એન્જિનિયરીંગનું જ્ઞાન ધરાવતો હોય એને ઉતારી પાડીએ કે એની ક્ષમતા ઓછી આંકીએ એ બરાબર નથી.

અધ્યક્ષશ્રી : આપની વાત રિપિટ થાય છે. પ્લીઝ..

શ્રી બાબુભાઇ મે. શાહ : એટલા માટે ડેરી ટેકનોલોજીની અંદર ડો.કુરીયનને યાદ કરવા પડે. તેની સાથે વી.એચ.શાહનું નામ કેમ લેતા નથી. એમણે સો કરતાં પણ વધુ ડેરીઓ બનાવી છે. ખેતીવાડી મંત્રી એને બોલાવીને સલાહ લે છે? આમ ન થવાના કારણે ગુજરાતની અંદર ડેરી કાઢી નાખવી પડી. ગુજરાત ડેરી ઉદ્યોગમાં આગળ હોય તો આ ક્ષેત્રની અંદર એમના અનુભવનો વિચાર કરીને, પોતાના ધરતીપુત્રો છે એમણે વિશ્વની અંદર નામના મેળવી છે, એ બ્રહ્માના વંશજ છે. એ સામ પિત્રોડાએ ટીકર ગામના લુહાર કુટુંબની અંદર જન્મ લઇને વિશ્વની અંદર નામના મેળવીને ગુજરાતનું નામ રોશન કર્યું છે એમને બોલાવવામાં નાનમ કેમ અનુભવો છો? એટલા માટે હું વિનંતી કરું છું કે, આ બિલને ફરીથી સિલેકટ કમિટિમાં મોકલવામાં આવે અને સુધારા-વધારા સાથેનું બિલ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવવામાં આવે તેવી વિનંતી કરું છું.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બિલ ઉપર સાત જેટલા સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. શરૂઆત વિરોધપક્ષના નેતાએ કરી ત્યારે મને ખબર હતી કે, એમનું પ્રવચન શું હશે? આ બિલ ઉતાવળથી લાવવામાં આવ્યું છે, પરિપકવતાથી નિર્ણય થયેલ નથી, આ પ્રવર સમિતિને સોંપવું જોઇએ. આ એમના શબ્દો હશે. પ્રથમથી જ ખબર હતી અને છેલ્લે બાબુભાઇ શાહે એ વાતમાં સૂર પૂરાવ્યો. મારે એટલું જ કહેવું છે કે, કોઇપણ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર ન હોય એટલે એ ન ચાલે? આઇઆઇટીમાં વાઇસ ચાન્સેલર ન હોય, નિરમા યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર ન હોય , ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટયુટમાં વાઇસ ચાન્સેલરની જગ્યાએ ડાયરેકટર જનરલની પોસ્ટ મૂકીને આ યુનિવર્સિટીને સ્વાયત્ત કરવાનું કામ કર્યું છે અને એમાં નિમણૂંક કરવાની છે. એ નિમણૂંકની અંદર બિલમાં સ્પષ્ટતા કરી છે. સૌથી પહેલાં કોઇની નિમણૂંક થઇ હોય તો એ પ્રખર ટેકનોલોજીસ્ટની થશે, શિક્ષણવિદની થશે, વહીવટી ક્ષેત્રના નિષ્ણાતની થશે, એ કલમ-૧૦(૧)માં સ્પષ્ટતાપૂર્વક કહેવામાં આવ્યું છે. એની સાથે સાથે રોજગારીની અને યુવાનોની પણ ચિંતા કરવામાં આવી છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું છે, ભાઇશ્રી આત્મારામભાઇની વાતમાં એ પણ વિષય આવ્યો કે, રોજગારી આપવામાં ગુજરાત પ્રથમ નંબરે છે, છેલ્લે મુરબ્બીશ્રી બાબુભાઇએ પણ એ જ વાત કરી. મારે સન્માનનીય સભાગૃહને એ કહેવું છે કે, શ્રી આત્મારામભાઇએ એક વાત કરી એ ૨૦૦૩ના કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર વિભાગના અભિપ્રાય અને આંકડાકીય માહિતી માનનીય સભ્યશ્રીઓ જોઇ જાય. ૨૦૦૩થી આજ દિન સુધી રોજગારી આપવામાં

ગુજરાત પ્રથમ નંબરે છે. કેન્દ્ર સરકારના મેગેઝીનમાં આ એક–બે વર્ષની વાત નથી. છતાંય બાર–મણ, તેર–મણનું ચીભડું. ૭૨ ટકા રોજગારી ગુજરાત સરકાર આપે છે. છતાંય તમને ન ગમતું હોય તો આખા દેશના થઇને ૨૮ ટકા થાય છે તો બાકીના રાજ્યના યુવાનોનું શું થતું હશે? જરા વિચાર તો કરો. આ આંકડા મારા નથી, કેન્દ્ર સરકારના છે. કારણ આપવાની ખાતરી સાથે વાત કરું છું.જયારે આ બિલ લાવીએ છીએ ત્યારે યુનિવસર્સિટી ગ્રાન્ટ કમિશનની તમામ જે વિગતો છે એ પ્રમાણે આ બિલ લાવવામાં આવ્યું છે. માનનીય શકિતસિંહજી વાત કરતા હતા કે અહીંયા બેઠેલા તમામ લોકોનો શોકદર્શક ઠરાવ આવશે કોઇ સરકાર ચિરંજીવ નથી. કોઇ સરકાર કાયમી નથી. હું તો હા જ પાડુ છું કે કોઇ સરકાર કાયમી નથી પણ તમને અત્યારથી કેમ એમ થાય છે કે અમારો કયારેય મેળ ખાયા એવું લાગતું નથી. તમે આટલી બધી નિરાશા, કોઇકને ૫–૧૦ વર્ષની હોય તમને તો કયારેય એવું લાગતું નથી કે અમે સત્તા ઉપર આવીશું. એથી આગળ વધીને અમને વિશ્વાસ છે કે જે પણ સરકાર હશે એ શિક્ષણનું હિત કરશે, કરશે અને કરશે. ભૂતકાળ પણ તમારો શિક્ષણ માટેનો સારો નહોતો, ભવિષ્ય પણ તમારું સારું નહીં હોય એવી તમને પ્રતિબદ્ધતા છે અને એટલા માટે આ બિલમાં તમારી ટીકા હું જોઇ રહયો છું. ૧૧ સભ્યોની સમિતિ આમાં કામ કરવાની છે. એમાં એક ઉદ્યોગપતિ છે. ઉદ્યોગપતિનું નામ આવે અને આપણી આંખો ચાર થાય એવું શું કરવાને? નિરમા યુનિવર્સિટી ઉદ્યોગપતિ ચલાવે છે. ધીરુભાઇ અંબાણી યુનિવસર્સિટી ઉદ્યોગપતિ ચલાવે છે. મિત્રો આ દેશમાં ઉદ્યોગોના હોય, ઉદ્યોગપતિના હોય તો કયારે શિક્ષણ વિભાગ કે અન્ય કોઇ વિભાગ ચાલી શકવાનો નથી. માત્ર કહેવાના અહીંયા જુદી વાત, બહાર જુદી વાત એ મિત્રો ચાલી શકે એવું નથી અને એટલા માટે આ આખું બિલ પુખ્ત વિચારણાને અંતે રાજય સરકારે આગામી દિવસોમાં ગુજરાતના યુવાધનને ધ્યાનમાં રાખીને એક વિશિષ્ટ પ્રકારનું યુવાધન, આ ટેકનિકલ શિક્ષણમાં કામ લાગે, અનેકવિધ જગ્યાઓમાં આજે પણ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનમાં આજે પણ અમને જે જોઇએ છે એ પ્રમાણેના માણસો નથી મળતા. આજે પણ અમારી ઇન્ટરવ્યુની પ્રક્રિયા ચાલુ છે અને છતાં પણ કવોલીફાઇડ લોકો જયારે મળતા નથી ત્યારે આ યુનિવસર્સિટી જેવી યુનિવસર્સિટી જયારે ચાલુ થશે ત્યારે આ પ્રકારના વિશિષ્ટ માણસો આપણને જરૂરથી મળશે. ભાઇશ્રી અર્જુનભાઇએ વાત કરી હતી એ પ્રમાણે ત્રણ યુનિવસર્સિટીની અંદર મહામહીમ રાજયપાલશ્રી વાઇસ ચાન્સેલરની નિમણૂંક કરે છે. બાકીની તમામ યુનિવસર્સિટીઓમાં રાજય સરકાર નિમણૂક કરે છે જેને એના એકટની જોગવાઇ છે એ પ્રમાણે થાય છે. એનો મતલબ એવો છે કે આઇ.આઇ.ટી.રામની અંદર રાજય સરકાર એની રચના કરે એટલે યુનિવસર્સિટી કહેવાય નહીં આ કહેવું કેટલે અંશે વ્યાજબી છે? મારે તો આ સભાગૃહને એ પણ કહેવું છે કે મહામહીમ રાજયપાલશ્રીએ ત્રણ વાઇસ ચાન્સેલરોની નિમણૂંક કરવાની નીમવાના હોય છે. એમણે એમની રીતે પુખ્ત વિચારણાને અંતે નિર્ણય લીધો હશે છતાં પણ નામદાર કોર્ટમાં એમની ચેલેન્જ થઇ છે એટલે શું સન્માનનીય સભાગૃહે એમની ટીકા કરવી, એમણે એમની વિચારણાના અંતે કર્યુ છે અને કાલે કોર્ટનો જે પણ નિર્ણય આવે પરંતુ એ નિર્ણયને જો નામદાર કોર્ટમાં પડકારાતો હોય તો રાજય સરકાર જે નિર્ણય કરે છે એમાં કયાંય અવિશ્વાસ રાખવાની જરૂરીયાત મિત્રો મને દેખાતી નથી. એમણે યુનિવસર્સિટીના વાઇસ ચાન્સેલરોની પણ વાત કરી છે. યુનિવસર્સિટીના વાઇસ ચાન્સેલરો ઠીક નહીં હોય, કોર્ટ મેટર હશે તો એમની સામે કાર્યવાહી થશે, આ રાજય સરકાર માને છે કે આ કાર્યવાહી થવી જોઇએ. આ પ્રકારનો ભ્રષ્ટાચાર શિક્ષણમાં ન ચાલે આ રાજય સરકાર માને છે એના કારણે ૧,૭૬,૦૦૦ કરોડનું કૌભાંડ ભૂસાતું નથી. ૯૦૦ કરોડનો કોમનવેલ્થ ગેમનો ગોટાળો કંઇ જતો રહેતો નથી. તમારી જે આખી ગંગોત્રી ચાલે છે એમાં માત્ર એક વાઇસ ચાન્સેલરની વાત કરીને જયારે તમે ચાલતા હોય ત્યારે તમારે તમારો ભૂતકાળ અને તમારુ ભવિષ્ય પણ તમારે જોવાની જરૂર છે કે તમારી પાસે કેવા પ્રકારના માણસો છે અને કેવી રીતે કામ કરી રહયા છે (અંતરાય) માત્ર ને માત્ર હિન્દુસ્તાનમાં તપાસ કરવા માટે જયારે રોજ એક જણો જેલમાં જતો હોય, રોજ એક જણો જેલમાંથી બહાર આવતો હોય છે. આ પ્રકારની સ્થિતિનું નિર્માણ થયું છે. (સતત અંતરાય)

શ્રી શકિતસિંહજી ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, અમિતભાઇ હાજર નથી એમને (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ શકિતસિંહજી આપના તમામ સભ્યશ્રીઓને એમણે સાંભળ્યા છે. (સતત અંતરાય)

શ્રી શક્તિસિંહજી ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી આ રીતે વાત કરે છે એ યોગ્ય નથી(અંતરાય)

શ્રી રમણભાઇ વોરાઃ માનનીય અધ્યક્ષશ્રી, એ રાજા ૧ લાખ ૭૬ હજાર કૌભાંડમાં જેલમાંથી બહાર આવ્યા છે. કનીમોજી જેલમાંથી બહાર આવ્યા છે. સુરેશ કલમાડી જેલમાંથી બહાર આવ્યા છે. આ બધા જ લોકો ભ્રષ્ટાચારના આરોપસર જેલમાં જઇને બહાર આવ્યા છે. કેન્દ્રીય નાણામંત્રીશ્રી પણ જેલમાં જવાની રાહ જુએ છે. અહીંયા ભાઇશ્રી હીરાભાઇએ બે–ત્રણ પ્રશ્નોની ચિંતા કરી છે. મારે એમને સાનુકૂળ પ્રતિભાવો આપવા છે. એમણે ખંડ સમયના વ્યાખ્યાતાઓની ચિંતા કરી છે. એમણે એમ પણ કહ્યું છે કે બિચારા નિવૃત્ત થવા આવ્યા પણ હજુ સુધી એ કાયમી થતા નથી. એ નિવૃત્ત થવાના હતા તો એની ભરતી ક્યારે થઇ, કોની સરકારમાં થઇ, કેવી રીતે થઇ? હજુ સુધી નથી થતાં એ પાપ મારા માથે? નિવૃત્તિના આરે છે એનું પાપ મારા માથે? એથી પણ આગળ વધીને હીરાભાઇ (અંતરાય) એટલા માટે એન્જિનિયરીંગમાં ભરતીની અંદર ૫૦ ટકાનું ધોરણ હતું એ વાજબી હતું અને એમની વાત સાથે સંમત છું. ધોરણ કેટલું કર્યું? ૩૫ ટકા કોણે કર્યું? દિલ્હીની સરકારે લેખિત સ્વરૂપે પરિપત્ર કર્યો કે ૩૫ ટકાએ એડમિશન આપો. ૩૫ ટકા પાસીંગ માર્કસ છે. એનું ધોરણ નક્કી કરવાનું ન હોય. હીરાભાઇ, તમારી સરકારનો પરિપત્ર છે કે ૩૫ ટકા વાળાને એન્જિનિયરીંગમાં પ્રવેશ આપવો. આ રાજ્ય સરકારનો નિર્ણય નથી. બાબુભાઇએ ચિંતા વ્યક્ત કરી કે આ જગ્યાઓ ભરાતી નથી. મારે બે વાતો એમના ધ્યાન ઉપર મૂકવી છે. આજે ગુજરાત રાજ્યમાં ફેકલ્ટીની કમી છે એ વાત સ્વીકારું છું. પરંતુ એના માટે જી.પી.એસ.સી.માં પ્રોસિજર ચાલુ છે. મેં પહેલા કહ્યું એ પ્રમાણે અમને જે પ્રકારના માણસો જોઇએ છે, દિલ્હીની એ.આઇ.સી.ટી.ની ગાઇડલાઇન પ્રમાણેના માણસો આજે પણ ગુજરાતમાં અવેલેબલ નથી. એ જ પ્રમાણે આખા દેશમાં કોઇપણ રાજ્યમાં આજે પૂરતા પ્રમાણમાં ફેકલ્ટી નથી. કેન્દ્ર સરકારે જે નિયમો બનાવ્યા છે એ પ્રકારના ક્વોલિફાઇડ માણસો નહીં મળવાના કારણે આખા દેશમાં ટેકનિકલ શિક્ષણમાં જગ્યાઓ ખાલી છે. ગુજરાતમાં ખાલી છે એના માટે સરકાર કાર્યવાહી પણ કરી રહી છે. અનેકવિધ બાબતો આ યુનિવર્સિટીમાં છે. હું માનું છું ત્યાં સુધી આ દેશની પ્રથમ યુનિવર્સિટી છે કે આ પ્રકારના વિચારો આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્ત્વમાં અમે કર્યા છે અને આ યુનિવર્સિટીને આઠ વર્ષ સુધી એની જે પણ નાણાકીય જોગવાઇ કરવાની થશે એ રાજ્ય સરકાર સેપરેટ કરશે. એ પોતાને સ્વાયત્ત બનાવશે અને પોતાની આગવી ઓળખ કરીને આઇ.આઇ.ટી.ની કક્ષામાં આ યુનિવર્સિટી આવે એવા આ યુનિવર્સિટીના બિલને સર્વાનુમતે મંજૂર કરો એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક –૧ ૬ સન ૨૦૧૨ના ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪૧, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક –૧ ૬ સન ૨૦૧૨ના ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક –૧ સન ૨૦૧૨ના ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક:ર.

# ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયક, ૨૦૧૨

### ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૨૦૧૧ રદ કરવા બાબત વિધેયક.

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ *[1]રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયેલ સને ૨૦૧૨ નું વિધેયક ક્રમાંક ૯૨ સન ૨૦૧૨નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( કાયદો અને ન્યાય તંત્ર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક:ર. ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( કાયદો અને ન્યાય તંત્ર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક બાબતની ચર્ચા અગાઉ આ સન્માનનીય ગૃહમાં પસાર કર્યા પછી સમગ્ર ગુજરાતમાં આ અંગેની સાર્વત્રિક ચર્ચાઓ થઇ છે અને એવા સમયે રાજ્ય સરકારે આ બિલ પાછું ખેંચવાનો નિર્ણય કર્યો છે સભાગૃહ અનુમતિ આપે એવી વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધાપક્ષના નેતાશ્રી)** : (અંતરાય) એજ તકલીફ છે કે માનનીય મંત્રીશ્રીઓ પાસે સાચી માહિતી હોતી નથી. માનનીય નરોત્તમભાઇ કહે છે કે, તમે સમર્થન આપેલું. અમે ભરપૂર વિરોધ કર્યો હતો. માનનીય નરોત્તમભાઇ મારી પાસે હાઉસના પ્રોસીડિંગ્સ છે. અમારું માનતા નથી. પછી [2]* (xxxxx), માટે આ ના કરો તો સારું.

અધ્યક્ષશ્રી : (xxxxx)એ શબ્દો બરાબર નથી માટે આ શબ્દો પાછા ખેંચી લો. આ શબ્દો ગૃહને યોગ્ય નથી. પ્લીઝ, આપ પાછા ખેંચી લો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : આપના આદેશથી શબ્દો પાછા ખેંચું છું. અમારા સૌરાષ્ટ્રની કહેવત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પણ ના બોલત પણ તદન ગેરમાર્ગે દોરવાના હાઉસમાં બેઠા બેઠા પણ સિનિયર મંત્રીશ્રી કહે ત્યારે મારી પાસે બીજો કોઇ ઇલાજ નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમે ત્યારે કહ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, હું આભાર વ્યકત કરીશ પૂજ્યપાત્ર શંકરાચાર્ય મહારાજનો, આ રાજ્યના સાધુ-સંતો, ઓલિયા ફકીર, જૈન સાધુઓ અને જૈન સંગઠનો અને ગુજરાતની જનતાનો કે આ વિધેયક લઇને સરકાર જ્યારે આવી હતી ત્યારે અમે કહ્યું હતું કે તમે ટ્રસ્ટોને તમારા કબજામાં લેવા માટેનો આ એક ખોટો પ્રયત્ન કરો છો અને આ બિલ પસાર ન કરો. તે દિવસે અમારી વાત માની નહોતી અને આજે સ્વીકારવું પડ્યું છે એ વાતનો મને આનંદ છે. એ દિવસે મારા પક્ષના કેટલાક માનનીય સભ્યશ્રીઓએ જે વાત કરી હતી. આજે જ્યારે સરકારે ખૂબ પ્રયત્નો પછી બહાર પણ ઘણો બધો પ્રયત્ન કર્યો કે આ વિધેયક સર્વ સંમતિથી પસાર કર્યુ, કોંગ્રેસવાળાએ ટેકો આપ્યો છે અને હવે કોંગ્રેસ ખોટો જશ ખાટે છે ત્યારે પણ ખુલાસો કર્યો હતો. આજે પણ

[1] વિધેયક તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૨ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

[2] (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

On the floor of the House let me put the record straight and correct. કે અમારું તે દિવસે સ્ટેન્ડ શું હતું. અમારી સલાહ નહિ માની અધ્યક્ષશ્રી, માગવાનો આ સરકાર જે અનાદર કરે છે અને પછી આ પરિસ્થિતિ નિર્માણ થાય, કે લાવવું પડે. વાત સાચી છે કે, વાર્યો ન વળે એ હાર્યો વળે, એ અમારી સૌરાષ્ટ્રની કહેવત છે.

**સભાપતિશ્રી મહેન્દ્રભાઇ મશરૂ, અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ૧ લાખ, ૯૬ હજાર નાના મોટા ટ્રસ્ટો છે. આ ટ્રસ્ટોને આપણે નડી શકીએ કેમ, એના માટેનું વિધેયક લઇને આવ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક યોગાનુંયોગ છે, બરાબર એક વર્ષમાં એક દિવસ બાકી છે. ૨૮મી માર્ચ, ૨૦૧૧ના દિવસે આ વિધાનસભા ગૃહમાં આવ્યું હતું. આપણે આજે એક મહિનો અને એક દિવસ વહેલા એટલે પૂરું વર્ષ પણ ના થયું અને આખું બિલ આપણે રદ કરવું પડે એ સ્થિતિમાં આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ દિવસે મારા પક્ષના સિનિયર સાથી માનનીય અર્જુનભાઇ મોઢવાડિયાએ ચર્ચામાં ભાગ લીધો હતો. એ ચર્ચાની શરૂઆતમાં માનનીય અર્જુનભાઇએ કહ્યું હતું કે, ભાઇ તમે જુના વિધેયકની જગ્યાએ આ લઇને આવો છો પરંતુ જુના વિધયેકમાં માનનીય અર્જુનભાઇના આ શબ્દો છે, ‘જુના વિધેયકમાં જોગવાઇઓ ખૂબ સારી હતી, એમાંની મોટાભાગની આમાં દૂર થઇ જાય છે’. શું અમે સમર્થન આપ્યું હતું કે, આપને સમજણ આપી હતી કે, આ ના કરાય? માનનીય અધ્યક્ષશ્રી, એમણે અનેક દાખલાઓ, ભાવનગરની જીથરી ખાતેની અમરગઢ હોસ્પિટલથી લઇને, શારદા ગ્રામ સુધીની અનેક જગ્યાના ટ્રસ્ટોના કામો આ માનનીય અધ્યક્ષશ્રી, શરૂ કરીને સોમનાથનું મંદિર, સરદાર વલ્લભભાઇ પટેલની વિચારધારા, કોંગ્રેસના નેતા તરીકે સરદાર સાહેબનું ત્યાંનું કામ આ બધી વાત માનનીય અર્જુનભાઇએ ચર્ચામાં ભાગ લેતાં કરી હતી. માનનીય અર્જુનભાઇએ સ્પષ્ટ રીતે ઓન રેકોર્ડ કહ્યું, **I will quote the words.** હું એ વાત કરતો હતો કે, આની અંદર અમુક જોગવાઇઓ કરી છે એ જોગવાઇઓ સામે મારો વાંધો છે. જો આવી જોગવાઇઓ ન કરી હોત, બિલને આવકાર્યું હોત. ચેરિટી કમિશ્નર અને સંયુકત ચેરિટી કમિશ્નરની નિમણૂંકની વાતો કરી છે એમાં **or, or, or** માં લખ્યું છે કે, ડિસ્ટ્રીકટ સેશન્સ જજ અથવા બહારથી સનદી જજ જે નોકરીમાં હોય અથવા જેની નીચેની કેડરમાં જે ચેરિટી કમિશ્નર હોય જે ઉપર આવે. માનનીય અધ્યક્ષશ્રી, એની અંદર એમ મૂકયું હોય કે, સેશન્સ જજ અથવા ડિસ્ટ્રીકટ સેશન્સ જજ કક્ષાના અધિકારીઓ છે, ચેરિટી કમિશ્નર રહેશે. બિલની અંદર એક અવાજે આ વાત અમે સ્વીકારીને સહકાર આપ્યો હોત પરંતુ એમ કર્યું નથી એના બદલે વ્યવસ્થાની અંદર સરકારી હસ્તક્ષેપ કરવાનો માર્ગ મોકળો થાય આ શ્રી અર્જુનભાઇના શબ્દો હતા. એ પ્રકારની વ્યવસ્થા અને એ પ્રકારની નિમણૂંક આ વિધયેકમાં કરવામાં આવી છે. જે ઓબ્જેકશન છે, અમારા પક્ષનું ઓબ્જેકશન છે એ આ પૂરતું ઓબ્જેકશન છે. એની અંદર સરકારના દંડક આવા સુધારા લઇને અમે કહીએ છીએ લાવવા જોઇએ, નથી લાવતા. માનનીય અધ્યક્ષશ્રી, **I will skip couple of paragraphs and there after only relevant line would like to read** આજે સારા ટ્રસ્ટો છે અને સરકાર હસ્તક્ષેપ કરીને ચાલવા નથી દેતી અને જે લોકો જમીનો વેચવા માટેની વ્યવસ્થા ઉભી કરે છે એને રોકવાની આપણી ક્ષમતા નથી, આપણી ઇચ્છાશકિત નથી. કારણ કે, અમુક જોગવાઇઓ છે તે સ્પષ્ટ છે અને આ બિલની સાથે હું કે મારો પક્ષ સંમત થઇ શકતા નથી, આ માનનીય અર્જુનભાઇનું વકતવ્ય છે. કોઇ સહકાર નહોતો આપ્યો, કોઇ સર્વાનુમતે પસાર નહોતું કર્યું, કોઇ સમજણ વગર અમે ટેકો નહતો આપી દીધો ? અમે ત્યારે લાલ બત્તી બતાવી હતી. **Dont do this,** આ ન કરો, આ ન કરાય. અમે કહીએ છીએ, ભાઇ કયારેક સમજો, વિરોધપક્ષની વાત એને સ્વીકારતા શીખો. અમારી વાતને વજુદ આપતાં થોડુંક ચલાવીને કહો આપની પાસે મોટું તંત્ર છે. બાબુભાઇ શાહે પણ એ દિવસે આ બિલમાં ભાગ લીધો હતો. માનનીય બાબુભાઇએ ત્યારે અનેક મુદ્દાઓ જે પછી જૈન સંગઠનોએ ઉઠાવ્યા, પૂ. શંકરાચાર્યજી મહારાજે પણ ઉઠાવ્યા, અનેક સેવાભાવી સંસ્થાઓએ ઉઠાવ્યા એવા જ મુદ્દાઓ માનનીય બાબુભાઇએ આ વિધાનસભાગૃહમાં ઉઠાવ્યા હતા એટલું જ નહીં એ જે જે ખામીઓ છે કન્કલુઝન હતું માનનીય બાબુભાઇનું કે જે જે ખામીઓ છે એને સુધારવાની માનનીય મંત્રીશ્રી બીલમાં તો ખાત્રી આપે, એટલી તો વાત કરે એ

માનનીય બાબુભાઇના કન્કલુઝનના શબ્દો હતા. કોઇ સમર્થન નહોતું, ઉલટાની ચિંતા હતી કે આ બીલ તમે લઇને આવો છો એ ન લવાય. અનેક જોગવાઇઓ એ વખતના બીલમાં હતી. If I will speak on that I will be within the scope. હું કદાચ એ જુના બીલની એક એક બોલીશ તો પણ આજે હું સ્કોપની અંદર ગણાઇશ પરંતુ મારે એમાં વધારે ઉંડા ઉતરવું નથી કારણકે હું માનું છું કે આ સરકારને શંકરાચાર્યજી મહારાજ, સાધુ સંતો અને ગુજરાતની પ્રજાએ શાનમાં લાવવા પ્રયત્ન કર્યો છે અને આ વિધેયક પાછુ ખેંચવાનો નિર્ણય કર્યો છે. મને આનંદ એ વાતનો છે કે પ્રજાની તાકાત જે છે એ લોકશાહીમાં સર્વોપરી છે અને હું જ સાચો, હું જ આમ, હું જ નંબર વન, હું જ કરું તો એમાં ફેરફાર નહીં. એ હુંકાર નહીં પરંતુ નમસ્કાર પ્રજાને કરવા પડે. ચુંટણીનું વર્ષ છે અને ઉભી થયેલી હવાએ સરકારના અહમની હવા કાઢી નાખી છે એ વાતનો મને આનંદ છે કે જયારે અમે કહ્યું ત્યારે ના પાડી હતી. એ પછી શરૂઆત થઇ ત્યારે નિવેદન હતું કે કોઇ સંજોગોમાં નહીં, પ્રેશર ઉભું થયું ત્યારે વાત હતી થોડી કલમોમાં કાંઇક ફેરફાર વિચારી શકાય. જયારે જવાબ ઉભો થયો પ્રજાની તાકાતનો કે થોડીઘણી નહીં આખું બીલ નાબુદ કરો. અમે કહ્યું હતું કે અમે બીલ નાબુદ કરવાનો પ્રસ્તાવ લઇને આવીશું. પ્રાઇવેટ મેમ્બર બીલ લઇને આવીશું કે ૨૦૧૧નું આ બીલ રદ કરો અને નહીંતર અમારા ચુંટણી ઢંઢેરામાં અગ્રિમ વાત હશે કે સૌથી પહેલું કોંગ્રેસની સરકાર ૨૦૧૨માં પ્રજાના આશીર્વાદથી આવશે. અમે કોઇ વેઇટીંગવાળા નથી કે વેઇટીંગ કરીએ પરંતુ પ્રજા આશીર્વાદ આપે અને આવીએ તો અમારું પહેલું કામ આ બિલને નાબુદ કરવાનું હશે. એ પછી લાગ્યું કે ઓહોહો બહુ જ તકલીફ પડી જશે આ રેલો છેક પગ નીચે આવ્યો અને આવ્યો તો આવ્યો આ બિલ નાબુદ કરવાની ફરજ લઇને આવ્યો એ વાતથી મને ખૂબ આનંદની પ્રતિતિ થાય છે. હું આશા રાખું કે આમાંથી બોધપાઠ લઇને ભવિષ્યમાં જયાં અમે કહીએ છીએ કે તમે વિધાનસભાની બહાર જે * (xxxxx) કરો છો, કોઇપણ કરે, રાજકીય પક્ષો બધા જ કરે. વિધાનસભાની બહાર કોઇપણ પક્ષ અખાડા કરે (અંતરાય) એમાં પણ તમને વાંધો છે? અહીંયા પણ કરવા છે?

સભાપતિશ્રી : (xxxxx)શબ્દ પાછા ખેંચી લો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : શું થાય? (xxxxx)શબ્દ ખરાબ નથી. હું કયા સંદર્ભમાં કહું છું? (xxxxx) ન કરાય. મને બતાવો આપ. અસંસદીય શબ્દોની બુકલેટ છે અને મારો જે સંદર્ભ છે.
સંદર્ભ એટલો જ છે કે અખાડા ન કરાય.

સભાપતિશ્રી : ન બોલીએ તો સારું. નવા શબ્દ પ્રયોગ ન થાય તો સારું.પ્લીઝ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : હું આપની વાતને સ્વીકારું માનનીય અધ્યક્ષશ્રી, અને અમે તો એ વાતના આગ્રહી છીએ કે અહીંયા પણ ન કરે. બહાર તો જે કરે એ કરે. અહીંયા તો કમ સે કમ અને એમાં પણ જયારે બિલ છે, જયારે વિધેયક છે, ત્યારે આપણે કાયદો લઇને આવવાના છીએ. આપનો બહુમતીના જોરે કામ કરવાનો અધિકાર, પ્રજાનો મેન્ડેટ અને એ તો લોકશાહી વ્યવસ્થામાં કયારેક આખા દેશનો, આપણા રાજયનો ઇતિહાસ જોઇએ તો એનો અહંકાર આપણે ન કરવો જોઇએ. જનતા જનાર્દન છે અને એ ઇચ્છે ત્યારે આપણને બેસાડે છે. આપણે અહો રૂપમ, અહો દ્વનિમ કરીએ, શાઇનીંગ કરીએ, નંબર વન કરીએ તો પણ દિલ્હીમાં સરકાર અમારી આવી તો દેશની જનતાનો આભાર છે.એનો અહંકાર અમે ન કરી શકીએ. અમારે કારણે નહિ. જે અહંકાર કરે એને ક્યારેય દેશની જનતા કે રાજયની જનતા, આપને તક આપી છે, પુનઃ તક આપી છે. એ તકનો આપને અહંકાર ન હોવો જોઇએ. પ્રજાના મહેરબાનીના આશીર્વાદ હોવા જોઇએ. એ વાત નથી સ્વીકારતા ત્યારે આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ વિધેયકને સંપૂર્ણપણે સમર્થન આપું છું. જૂનું બિલ આવ્યું ત્યારે ન લાવો એમ કહેનારા અમે હતા. તે દિવસે નહિ તો આજે અમારી વાત સ્વીકારી છે, સ્વીકારવી પડી છે. એ માટે ફરી વખત શંકરાચાર્યજી મહારાજ, આ રાજયના સાધુસંતો, ફકીરો, જૈન સાધુ સંતો, જૈન સંગઠનો, બીજી સેવાભાવી સંસ્થાઓએ ગુજરાતમાં એક માહોલ ઉભો કરીને અહંકાર નહિ, લોકશાહીના વિજયની પરિસ્થિતિનું નિર્માણ કર્યુ છે. તે માટે ગુજરાતની જનતાને સલામ કરીને મારી વાત પૂરી

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કરું છું.

**શ્રી રાકેશ શાહ(એલિસબ્રિજ) :** માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૨ નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૨નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક રદ કરવા બાબતનું બિલ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારો સૂર પુરાવું છું.

જ્યારે આ વિધેયક ગઇ વખતે આવ્યું હતું અને સન્માનનીય સભાગૃહમાં જે પક્ષના નેતાશ્રીએ વાત કરી હતી. આશરે ૨ લાખ ટ્રસ્ટો ગુજરાતમાં છે, પણ જે અસરકારકતા હતી, તે ધાર્મિક ટ્રસ્ટો ઉપર જ હતી. એમાં ધાર્મિક ટ્રસ્ટોની મર્યાદા વધારે હતી. એ મંદિરો હોય, ઉપાશ્રયો હોય, જૈન દેરાસરો હોય કે તીર્થ સ્થાન હોય આ બધાના સંતો, મહંતો, ભગવંતો એક થઇને સરકાર સમક્ષ એક રજૂઆત કરી હતી. હું આ જૈન સમાજમાંથી આવું છું, ત્યારે સમાજના આચાર્યો જેવા કે રાષ્ટ્ર સંઘ આચાર્ય પદ્મસાગર મહારાજ સાહેબ, આચાર્યશ્રી શીલચંદ્ર સુરીસર મહારાજ સાહેબ હોય કે પછી યુવાનોમાં લોકપ્રિય અને જીતોના પ્રણેતા એવા નયપદ્મ મહારાજ સાહેબ હોય કે ધાર્મિક સંવેદનાના અનેક ભગવંતોએ પણ સરકાર સમક્ષ એક રજુઆત કરેલ હતી. આ એક્ટની સામે જૈન સમાજના ટ્રસ્ટીઓ, અને સમાજના ખ્યાતનામ ઓડિટર સાથે વ્યાપક ચર્ચા પણ થઇ હતી. અને સંભવિત સમસ્યા કે સૂચનોનો તાર્કિક અભ્યાસ કર્યો હતો. હું આ તબક્કે ગુજરાતના સન્માનનીય આદરણીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રી દિલીપભાઇ, આદરણીયશ્રી પ્રદીપસિંહે એમણે અમારી હાજરીમાં જૈન સમાજના કેટલાક શ્રેષ્ઠીઓ સાથે બેઠક કરી હતી. કેટલાક જૈન સાધુ મહાત્માઓએ તેની એક લેખિત રજુઆત સરકાર સમક્ષ કરી હતી. ગુજરાતના લાગણીશીલ મુખ્યમંત્રીએ અન્ય સમાજની સાથે જૈન સમાજની પણ લાગણીઓ સમજીને કોઇપણ પ્રકારનું મમત્વ રાખ્યા વગર તથા કોઇપણ પ્રકારની જીદ કર્યા વગર આ એક્ટને રદ કરતું વિધેયક આજે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે. અમે જાણીએ છીએ કે રાજસત્તા હંમેશા ધર્મસત્તાને જ મહાન ગણતી હોય છે. સંતો, મહંતો, ભગવંતો હંમેશા સમાજને રાહ ચીંધનારા સન્માનનીય સ્વજનો છે. ધાર્મિક ટ્રસ્ટો માત્ર ધર્મની જ નહિ, પરંતુ શિક્ષણ અને આરોગ્યને લગતી સેવાઓ પણ પૂરી પાડતા હોય છે. જેનાથી વર્તમાન સમયમાં જે સરકાર માનવ વિકાસ સૂચકાંકની ચિંતા કરે છે તે ધાર્મિક ટ્રષ્ટના ટ્રષ્ટીઓ અને સમાજની પણ ચિંતા કરતા હોય છે. આ પ્રકારે હું કહેવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીની અને તેના પરિવારની વિચારધારા એ પ્રકારની રહી છે કે ધર્મસત્તા હંમેશા સત્તાધીશોને માર્ગદર્શન કરી રહી છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જ્યારે જૂના કાયદાનો એક્ટ બન્યો હતો, ત્યારે ગુજરાતના સંતો મહંતો પાસે જઇને તેમને એક હાથા બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. હું હૃદયપૂર્વક આ સાધુ, સંતો, મહંતોને વંદન કરું છું કે તેઓએ ચલિત થયા વગર એમને પ્રવેશવા દીધા નહોતા. કયાંક વાદ નહિ, પણ સંવાદથી આ કાર્યક્રમ થાય. મને પણ ખબર છે હું ઘણી જગ્યાએ ગયો છું. આપ જે રીતે હાથ કરી રહ્યા છો મારી પાસે એના પણ પુરાવા છે. ગુજરાતના સાધુ સંતોને ચોક્કસ વિશ્વાસ હતો. કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી મેં કહ્યું તેમ વિવાદમાં નહિ, પણ સંવાદમાં માનનારા વ્યક્તિ છે. એના કારણે જ આ બિલ આ સભાગૃહમાં રજૂ થયું છે. એમને ચોક્કસ વિશ્વાસ હતો કે કયાંક ઉકેલ એમને મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તબકકે એ પણ કહેવું છે કે, એ વાત એટલી પણ સાચી છે અને આ સન્માનનીય સભાગૃહના ઘણા બધા મિત્રોએ સ્વીકારી પણ છે કે, ઘણા બધા ધાર્મિક ટ્રસ્ટ સિવાયના એવા ટ્રસ્ટો છે કે જેઓએ પોતાના હેતુ બર આવ્યા નથી, કદાચ એ વખતે એ પણ કારણ હોઇ શકે કે કાયદો ન હતો.

અંતમાં હું એટલું જ કહેવા માગું છું કે સમાજના શ્રેષ્ઠ સંતોની રાયને પંચોની રાય ગણીને ટ્રસ્ટ એક્ટ રદ કરવાનું ભગીરથ કાર્ય કર્યુ છે અને માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારો સુર પૂરાવું છું. વંદે માતરમ્.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા (દસાડા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની રાજય સરકાર અને માનનીય મુખ્ય મંત્રીશ્રી આજે જયારે ટ્રસ્ટ વિધેયક રદ કરવા બાબતનું વિધેયક લાવ્યા છે એને હું આવકારું

છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત સાંભળો, *(xxxxx) આજે હું માત્રને માત્ર...

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો પાછા ખેંચવા અંગે**

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા દરમિયાન જ બારમી વિધાનસભા દરમિયાન ભૂતકાળમાં તો ખરા જ, પરંતુ આ વિધાનસભામાં પણ વર્તમાન માનનીય અધ્યક્ષશ્રીએ અને એ પહેલાંના માનનીય સ્વ. અશોકભાઇએ આ વિધાનસભામાં, બારમી વિધાનસભામાં પણ એક કરતાં અનેક વખત કહ્યું છે કે કેન્દ્ર સરકાર કે અન્ય રાજયોની સરકારોની ટીકાઓ આપણે અહીંયાં કરી શકતા નથી, માનનીય સભ્યશ્રી બોલે છે એ બિલકુલ બહારના રાજયોની સરકારો વિરૂધ્ધની જે ટીકાના શબ્દો છે એ એમને પાછા ખેચાવીને રેકર્ડમાંથી દૂર કરવા જોઇએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એના સંદર્ભમાં માનનીય અશોકભાઇ ભટ્ટ સાહેબે પોતાના અધ્યક્ષ તરીકેના નિર્ણયમાં એવું કહ્યું હતું કે જે કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય લેવાયા હોય એ નિર્ણય ટીકાત્મક સ્વરૂપે ન કહેવાય, જયારે માનનીય (અંતરાય) મારી વાત તો પૂરી કરવા દો, મને અધિકાર છે વાત પૂરી કરવાનો, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઇ ભટ્ટના કહેવા પ્રમાણે કેન્દ્ર સરકારની જે નીતિઓ હોય એની ટીકા ન કરી શકાય પરંતુ એ વ્યાપક રીતે જો ગુજરાતનું હિત અથવા ગુજરાતના સંદર્ભમાં હોય તો સભ્યશ્રી એનો ઉલ્લેખ અવશ્ય કરી શકે છે, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત તો પૂરી કરવા દો. માનનીય અધ્યક્ષશ્રી, મારે હજુ કહેવાનું બાકી છે, માનનીય સભ્યશ્રી દ્વારા એવું કહેવામાં આવ્યું છે કે જયારે ગુજરાતની અંદર કેન્દ્ર સરકારના આવા દક્ષિણ ભારતમાં લીધેલા નિર્ણયના એની જે હિંદુ સમાજ ઉપર અસરો થઇ હતી એ હિંદુ સમાજ ઉપર થયેલી અસરોના સંદર્ભમાં એમણે ઉલ્લેખ કર્યો છે. એમણે ટીકા નથી કરી. એટલે આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો કોઇ મુદ્દો રહેતો નથી. એટલે એમની વાત અસ્થાને છે.

સભાપતિશ્રીઃ હવે આ સભ્યશ્રીઓ જે બોલ્યા છે એનો રેકર્ડ હું જોઇ લઉં છું અને જોઇને પછી નિર્ણય આપીશ. હવે માનનીય સભ્યશ્રી, આપ આ બિલ ઉપર જ આવી જાઓ.

શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત આ બિલ ઉપર જ કરવા જઇ રહયો છું પણ મારા સાથીપક્ષના મિત્રો દ્વારા ( અંતરાય) હું માત્રને માત્ર ધારાસભ્ય છું એવો વિષય નથી, હું એક આ ગુજરાતની નહીં પણ ભારત વર્ષની દલિત સંત પરંપરામાંથી આવતો ખૂબ મોટી ગાદીનો ધર્માચાર્ય છું ને મહંત પણ છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કહેવી છે કે, માનનીય અધ્યક્ષશ્રી આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી જે આ વિધેયક લઇને આવ્યા છે એના સંદર્ભમાં મારે વાત કરવી છે. ત્યારે એમણે જે અમે બધા જે સંતો, મહંતો, ધર્માચાર્યો છીએ એ બધા સતત એક બીજાના સાનિધ્યમાં રહેવાવાળા છીએ ત્યારે ઘણા સંતોએ આ બજેટ જે આવ્યું છે એ બજેટની અંદર ધાર્મિક ચીજવસ્તુઓના સંદર્ભમાં જે ટેક્ષમાં ઘટાડો કરી ખૂબ સરસ બજેટ રજૂ કરવામાં આવ્યું છે ત્યારે અમે સંતો બધા હમણા જ ટૂંકાગાળાના સમયમાં એકઠા થયા હતા ત્યારે બધા સંતોએ પોતાના હૃદયની લાગણી વ્યકત કરી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને આ પ્રકારનું બજેટ લાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

**ગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્યદંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ ચાર બિલો આજે છે એ જે બિલો છે એ બિલો પરની ચર્ચા અને એ બિલો પાસ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**સભાપતિશ્રીઃ** આજની કામકાજની યાદી પ્રમાણેનું કાર્ય પૂરું થાય (અંતરાય)

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં જે રીતે ચર્ચા થયેલી

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એનાથી વિપરીત રીતે ગૃહનું કામ ચાલી રહ્યું છે. અને બહું સ્પષ્ટ ચર્ચા થયેલી (અંતરાય) એક મિનિટ આમાં એવું છે કે રદ કરવાના બિલની ઉપર પણ આટલી બધી ચર્ચાઓ કરે એ બરાબર નથી કેમ કે મંત્રીશ્રી જવાબો આપવાના જ છે.

**સભાપતિશ્રીઃ** બાકીના બે બિલો છે એમાં આપણે લિમિટેડ ચર્ચા કરીશું. કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયું છે એ મુજબ આજે ચાર બિલ છે એ ચારેય બિલ પસાર કરવાના છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,એગ્રી વિથ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય સભ્યશ્રીએ બોલી લીધું હોય તો બહુ લાંબુ ના ખેંચાવો અને બને એટલું વહેલા પૂરું કરીએ. માનનીય બાબુભાઇ રહેશે અમારા પક્ષ તરફથી અને અમે પણ કોઓપરેટ કરીશું.

**સભાપતિશ્રીઃ** હા, જી. પણ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ આજે ચાર બિલ પસાર કરવાના છે એમાંથી બીજું બિલ ચાલુ છે અને એના પછી બીજા બે બિલ પસાર કરવાના છે એટલે એ બધા બિલ પસાર થાય ત્યાં સુધી આપણે ગૃહનો સમય લંબાવીએ છીએ.

શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં એ વાત મારે પુજ્ય સંતોની કહેવી છે. માનનીય મુખ્યમંત્રીએ માત્રને માત્ર પુજ્ય સંતોની લાગણીને અને સંતોની વાતને સન્માન આપી અને આદર આપી આ ટ્રસ્ટ વિધેયક પાછું ખેંચવાનો નિર્ણય લીધેલો છે અને મારે એ પણ કહેવું છે માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર એ વાત કરવી છે કે જે ગુજરાતના સંતો છે એ સંતોની નામાવલી મારે એટલા માટે કહેવી પડે છે કે, કોર્ટના નિર્ણયના આધારે બની બેઠેલા, કોઇ આચાર્યના આધારે કોઇ હિન્દુ સમાજની લાગણી જીતી ન શકાય. આ કાર્યની અંદર જેટલા પણ સંતો માનનીય મુખ્યમંત્રીશ્રીની સમક્ષ રજૂઆત કરવા આવ્યા ત્યારે એ ચિત્ર મને યાદ છે આ આપણા સચિવાલયના પરિસરમાં એ બધા પૂજ્ય સંતોના પવિત્ર ચરણ પગલાંઓનું આગમન થયું અને એ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમનો લાગણીસભર આદર સત્કાર કરીને એમની વાતને હ્રદયમાં સ્થાન આપ્યું છે ત્યારે મારે કહેવું છે કે, ગુજરાતની જનતાને ખ્યાલ છે પૂજ્ય કનકેશ્વરી દેવી માં, મહામંડલેશ્વર ખાખી બાપુ, પુજ્ય વિસંભર ભારતીજી મહારાજ સરખેજ આશ્રમના મહામંડલેશ્વરશ્રીના અધ્યક્ષ સ્થાને એક સંતોનું મંડળ અહીં મળવા આવ્યું અને એની અંદર સ્વામી પરમાત્મનંદ સરસ્વતીજી તેઓ અખિલ ભારતીય હિન્દુ ધર્મચાર્યસભાના ઓલ ઇન્ડિયાના જનરલ સેક્રેટરી છે એવા અનેક સંતો આવ્યા, પુજ્ય લાલદાસજી મહારાજ લિંમડી આવા બધા સંતો હતા આ સંતોની લાગણીને ધ્યાને રાખી અને આપણા આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી જે બિલને રદ કરતો પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું.

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી ગુજરાત પબ્લિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયક ૨૦૧૨ લઇને આવ્યા છે અને તેમાં આ બિલ રદ કરવાનું વિધેયક ૨૦૧૨ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. અમારા નેતા માનનીય શકિતસિંહજીએ કહ્યું એ પ્રમાણે આપણે વાર્યા ન રહીએ પણ હાર્યા રહીએ. માનનીય અધ્યક્ષશ્રી, કાયદા મંત્રીશ્રી સાથે મારે બહુ મતભેદ હોતો નથી. સામાન્ય રીતે અમે કહીએ એ ખેલદિલીપૂર્વક સ્વીકારે પરંતુ આમાં ક્યાંક ઉપરથી સૂચન હશે જેથી એની અંદર કોઇ વાત સ્વીકારી નહીં. મારે આજે આપના મારફતે કહેવાનું છે કે રાજ્યના ચેરીટેબલ કમિશનરની જગ્યા કેટલા વર્ષોથી ખાલી છે? માત્ર ચાર્જ ઉપર ચેરીટેબલ કમિશનર ક્યારેક સુરતમાં બેસતા હોય કયારેક રાજકોટમાં બેસતા હોય, ક્યારેક અહીં બેસતા હોય અને અનેક ટ્રસ્ટના વહીવટમાં રોજબરોજના જે નિર્ણયો હોય એ ચેરીટેબલ કમિશરની પરવાનગી લેવા માટે થઇને ટ્રસ્ટીઓ ધક્કા ખાતા હોય છેઆપણે ત્યાં ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ એ મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ નીચે ઘડાયેલો પછી ગુજરાત રાજયનો થયો. આ સન્માનનીય સભાગૃહ વી આર ધ કસ્ટોડિયન ઓફ ધ સ્ટેટ આપણે પણ આ રાજયના ટ્રસ્ટીઓ છીએ. મુંબઇ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટની નીચે ગુજરાત અર્થક્વેક રિકન્સ્ટ્રક્શન એન્ડ રીલીફ ફંડનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું એટલે આ ચેરીટી કમિશનરની જે ઓફિસ છે એ આ હિતોની જાળવણી માટેની છે પણ આજે આ ચેરીટી કમિશનરની ઓફિસમાં શું થઇ રહ્યું છે એનો માનનીય અધ્યક્ષશ્રી, કાયદા મંત્રી (અંતરાય) આ બિલની અંદર

આવે છે એટલા માટે કહુ છું આનો અમલ કઇ રીતે થાય એ ભયસ્થાનો મેં કીધેલા હતા અને ગયા વખતે માનનીય અર્જુનભાઇ મોઢવાડિયાએ ગયા વખતે બિલની અંદર ચર્ચામાં કહ્યું હતું કે આ ચેરીટેબલ કમિશનરે અમરગઢની જિંથરી હોસ્પિટલને કઇ રીતે રજા આપી. બીજા ટ્રસ્ટોને કઇ રીતે રજા આપી અને રાજયની અંદર ટ્રસ્ટોની લે–વેચ થતી હોય અને એના ભાવ બોલાતા હોય..

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાય તંત્ર) : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે ચેરીટી કમિશનર કે ચેરીટી કમિશનરની ઓફિસમાં શું ચાલી રહ્યું છે, ચેરીટી કમિશનર એ જ્યુડીશીયરીમાંથી આવતા ઓફિસરો હોય છે અને ચેરીટી કમિશનરમાં થતી પ્રક્રિયા એ અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોય છે એટલે એની પ્રક્રિયાના સંદર્ભમાં અને આ બિલના સંદર્ભમાં આલોચના કરવી એ યોગ્ય નથી અને તેઓ બિલ ઉપર જ બોલી શકે આ પ્રમાણેની અર્ધ ન્યાયિક પ્રક્રિયાની સામે આલોચના નહિ કરી શકાય.

સભાપતિશ્રીઃ માનનીય બાબુભાઇ આપ બિલ ઉપર આવી જાઓ.

શ્રી બાબુભાઇ મે. શાહ : આ બિલના સંદર્ભમાં જ મારે કહેવું પડે છે કારણકે એનો જેણે વહીવટ કરવાનો હોય એ ચેરીટેબલ કમિશનરની જગ્યા જ ના ભરાતી હોય તો આમાં કઇ રીતે કાર્યવાહી થઇ શકે?

**સભાપતિશ્રીઃ** માનનીય બાબુભાઇ આપ બિલ ઉપર આવી જાઓ પ્લીઝ.

શ્રી બાબુભાઇ મે. શાહ : આ રાજયની અંદર નહિ પણ સમગ્ર ભારતવર્ષની અંદર આ એકટની નીચે જે જે રાજ્યોની અંદર જે રજિસ્ટ્રેશન થયાં હોય એના ઉપર દેખરેખ સરકાર દ્વારા નિમાયેલ કમિશનર જે હોય છે એ રાખતા હોય છે અને એમાં માત્ર જૈન ટ્રસ્ટો કે કોઇ ધાર્મિક ટ્રસ્ટો નહિ સામાજિક સંસ્થાઓ પણ એટલા મોટા પ્રમાણમાં છે અને એનું રજિસ્ટ્રેશન કરાવવું પડતું હોય છે અને એની દરેક હિલચાલ હોય એના પૈસા ક્યાંથી આવ્યાં ક્યાં ગયા કઇ રીતે ખર્ચાયા એ એનું રિટર્ન જ્યારે ભરાતું હોય અને એની અંદરની ક્વેરીઝ પણ આ ચેરીટેબલ કમિશનર કાઢી શકતા હોય છે એટલા માટે મારે મંત્રીશ્રીને ત્યારે કહેવાનું હતું કે કેટલીક વસ્તુઓની અંદર અમે કહીએ છીએ તો તમે ધ્યાન આપો અને ખાતરી આપો. આ ચેરીટી કમિશનર દ્વારા અને ન્યાયતંત્ર સાથે ખૂબ આદરપૂર્વક કહીએ છીએ કે આજે પદ્મનાભન ટ્રસ્ટ કેરાલાની અંદર એક મંદિર છે એમાંથી ભારતના બજેટ જેટલી સંપત્તિ કે ખજાનો જ્યારે મળતો હોય ત્યારે એ કોઇની માલિકીનો નથી પણ રાષ્ટ્રની માલિકીનો છે આ રાજયની અંદર પણ ચેરીટીની અંદર પૈસા હોય એ રાજયની માલિકીના છે પ્રજાની માલિકીના છે એ પ્રસ્થાપિત થતું હોય એના વહીવટની અંદર કોઇપણ પ્રકારની ખામી હોય તો સરકાર ગમે ત્યારે એની અંદર દરમ્યાનગીરી કરી શકે છે આ પ્રકારની એક્ટની અંદર જોગવાઇ છે ત્યારે આ બિલ લાવવાની જરૂર નહોતી પણ તેમ છતાં અમે જ કંઇક છીએ અમે જ કંઇક કરી શકીએ છીએ એવા અહંકારીભાવથી આ ટ્રસ્ટ બિલ લાવવામાં આવેલું આખરે ઘીના ઠામમાં ઘી પડી રહેશે પણ એના ઉપરથી બોધપાઠ લેવો જોઇએ કે આપણે પણ આ રાજયના કસ્ટોડિયન છીએ આપણી પણ કાર્યવાહી ઉપર પણ કોઇ નજર રાખતું હોય છે એટલા માટે થઇ અને ભવિષ્યની અંદર આ લાગણી જે અમારી છે એને ધ્યાનમાં રાખીને વિરોધપક્ષ પણ જે વાત કરતો હોય એના સૂચન ઉપર ધ્યાન રાખવું જોઇએ. તેના બદલે વિરોધપક્ષના સૂચનો નકામા છે તેમની સમિતિમાંથી બાદબાકી કરી નાંખવી એ જે આ સરકારનો વર્તાવ છે તેની સામે પણ આપના મારફતે સરકારનું ધ્યાન દોરવા માંગુ છું કે અમે જે કંઇ કહીએ છીએ તે રાજયના હિતમાં કહીએ છીએ. કયારેક અમને ફરિયાદી તરીકે ગણવામાં આવતાં હોય ત્યારે આ સન્માનનીય ગૃહની અંદર કહ્યું છે કે આપણે ૧૮૨ સભ્યો જે છીએ. We are custodian of the State, we are not complainant, but we are guardian of the State. આપણે આ રાજયની હીતોની રક્ષા કરવા માટેના છીએ. આ ટ્રસ્ટીશીપની ભાવના સાથે આપણે બધા પણ આ રાજયના ટ્રસ્ટીઓ છીએ એટલે એક આંગળી આપણે સામે કરીએ ત્યારે ચાર આંગળી આપણી સામે આવતી હોય છે જયારે માનનીય નાણામંત્રી હસી રહ્યાં છે ત્યારે મારે એમને પણ કહેવાનું છે કે

અમે તેમના વિભાગ માટે કંઇ કહેતાં હોઇએ તો તેને હકારાત્મક તરીકે લો. આજે આ પરિસ્થિતિમાં બિલને પાછું લેવા માટે સરકારને જે પરિસ્થિતિમાં મૂકાય છે તે ભવિષ્યમાં ના આવે એવી લાગણી વ્યકત કરી મારા વકતવ્યને વિરામ આપું છું.

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, મારા ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ બિલ પરત લેવા વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી, રાકેશભાઇ, શંભુપ્રસાદજી અને બાબુભાઇએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. ગુજરાત રાજયની સ્થાપના ૧૯૬૦માં થઇ તે પહેલાં ગુજરાતે એઝ ઇટ ઇઝ મુંબઇ રાજયના કાયદાઓનો સ્વીકાર કર્યો. અને એ જ કાયદો મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ ગુજરાતે સ્વીકાર્યા. ગુજરાતમાં ૭૪ કરતાં વધારે કાયદા મુંબઇ સાથે સંકળાયેલા હતા ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ સ્વર્ણીમ ગુજરાતની ઉજવણી વખતે એક સંકલ્પ જાહેર કર્યો ગુજરાતના સ્વાભિમાન માટે, ગુજરાતના સ્વમાન માટે ગુજરાતમાં હવે ગુજરાતના નામથી કાયદાઓ ચાલે એ દિશામાં કામ કરવું જોઇએ. મારા વિભાગે, મારા અધિકારીઓએ સાર્વત્રિક રીતે તે દિશામાં કામનો આરંભ કર્યો. જયારે ખુદ મુંબઇ રાજયમાં આ ટ્રસ્ટનો કાયદો સુધારીને નવા રૂપમાં લાવવામાં આવ્યો. ત્યારે જૈન આચાર્યશ્રી, જૈન સમાજ, સાધુ–સંતો વિગેરેએ મુંબઇમાં આ કાયદાની સામે ખૂબ મોટો વિરોધ કર્યો. કદાચ બાબુભાઇ જાણતાં હશે. પણ મુંબઇની સરકારે તે સાધુ–સંતોનું સન્માન ના કર્યુ. આજે પણ તે કાયદો ત્યાં અમલમાં છે. જયારે અહીંયા આ કાયદો પસાર થયો અને પસાર થયા પછી ભારતી બાપુ, ભારતી આશ્રમ, સરખેજ અમદાવાદ ખાતેથી મને ફોન આવ્યો અમે કેટલાક સંતો કાયદા મંત્રી તરીકે આપને મળવા માગીએ છીએ, મુખ્યમંત્રીશ્રીને મળવા માગીએ છીએ. મને ગૌરવ છે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી કે સાધુ–સંતોની કોઇ ફરિયાદ હોય અને આપણે ત્યાં આવે એમ નહીં આપણે આ વિચારધારાના આધારે આપણે આપણી કારકીર્દિ, આપણું રાજયતંત્ર અને આપણી દિશાઓ નકકી કરેલી છે. સાધુઓનું સન્માન થાય, સંતોનું સન્માન થાય તમે બન્ને મંત્રીઓ પ્રદિપસિંહજી, હું અને કાયદા સચિવ સહિત અમારી આખી ટીમ અમે સંતોને કહ્યું કે તમે જયાં કહો ત્યાં અમે ઉપસ્થિત રહીશું. લગભગ ૨૫૦ કરતાં વધારે સંતો ભારતી બાપુના આશ્રમમાં રાજયભરના તમામ સંતો મહંતો ત્યાં અમે એ જ દિવસે ખાતરી આપી કે અમે આ કાયદો અમલમાં નહીં લાવીએ. તેમણે કહ્યું કે બીજા દિવસે મળવાનું છે તો બીજા દિવસે અમારી અધિકારી કક્ષાની મિટિંગ મળી તેમાં પણ અમે તેમને વિશ્વાસ આપ્યો, આખી કમિટિ ચાલી અને ત્યાર પછી આ બાબતમાં કેટલાક ચંચુપાતો સાથે લેખિતમાં વાતો થઇ. અમે લેખિતમાં નિર્ણય કર્યો કે આ કાયદાનું અમલીકરણ કરવામાં નહીં આવે. આની જાણ કેટલીક જગ્યાએ કેવી રીતે થઇ અને આ પ્રશ્નમાં પોતાનો સહયોગ કે પોતાની વાતનું વજન રહે એ ઉલ્લેખો શરૂ થયા ત્યારે મને નરસિંહ મહેતા યાદ આવ્યા. **હું કરુ હું કરુ એ જ અજ્ઞાનતા, સકટનો ભાર જેમ શ્વાન તાણે.** આ સરકાર તો એવી સરકાર છે અમારી ટીમ એ માનનીય મુખ્યમંત્રીશ્રીને કયારેય કોઇ જશ દેવાનો પ્રયત્ન કરે ત્યારે એ લે નહિ હમ ટીમ ગુજરાત કહીને સમગ્ર ગુજરાતની ટીમને યશ આપવાનો પ્રયત્ન કરે એ પોતે હું કરુ એવું નહિ સૌનો સાથ સૌનો વિકાસ કહીને આ ગુજરાતની છ કરોડની જનતાને આધારે વિકાસ થઇ રહયો છે એનો જશ ગુજરાતની પ્રજાને આપવાનો પ્રયત્ન કરે. આમ છતાં પણ કેટલાક માનસિકતાથી પોતાની પીડા એ ટારગેટ બનાવીને ચાલવાનો પ્રયત્ન કરે છે ત્યારે મારે કેટલીક હકીકતો આપના ધ્યાન ઉપર મૂકવી છે. કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં આવા કેટલાક બિલો રજૂ થયા, પાસ થયા અને પાછા પણ ખેંચાયા, એક લોકપાલ બિલ, બીજું Emergency Property (Amendment) Development Bill, Compulsion Bill, ૨૦૦૯, Representation of People's Bill, ૨૦૦૬, Administrative Tribunal Bill, ૨૦૦૬, Labour Laws (Exemption From Fishing, Terminal and Registered Establishments) Bill, ૨૦૦૫, Scheduled Caste and Scheduled Tribe and other Backward Classes (Registration, Post and Service) Bill, ૨૦૦૪, Lottery Provision Bill, ૧૯૯૯, Standards of Ways and Means (Amendment) Bill, ૨૦૦૫, સાહેબ, આ રીતે નવ બિલ લોકસભામાં મૂકાણા પાસ થયા અને પછી એ બિલ પાછા ખેંચાણા. બિલ પાછા ખેંચાયા એટલું જ નહિ કેન્દ્રમાં આવા બિલ મૂકાણા અને પુનઃ રજૂ થયા એવા પાંચ બિલ છે. એટલું જ નહિ સંસદે પાસ કર્યા પછી કેન્દ્ર સરકાર દ્વારા Industrial Disputes Act, ૧૯૮૨માં સંસદે પસાર કર્યો છે. રાષ્ટ્રપતિએ એ જ વરસમાં મંજૂરી આપી છે આજે ૩૦ વરસ થવા છતાં કેન્દ્ર

સરકારે એ બિલનું અમલીકરણ નથી કર્યુ આ સ્થિતિનું નિર્માણ આજે આ દેશમાં કઇ માનસિકતાવાળા લોકો કરી રહ્યા છે એ દેશની જનતા જાણે છે. (અંતરાય) ૧૯૮૨માં માનનીય બાબુભાઇ, બાજપાઇજી નહોતા મારે એટલું જ્ઞાન કે માર્ગદર્શન આપને આપવું પડશે. The Food Safety and Standards Act પાસ થયા પછી આજ સુધી અમલીકરણ નથી થયું આ સ્થિતિનું નિર્માણ આપણા દેશમાં થઇ રહ્યું છે. અમે કોઇ એવા અહમમાં નથી. સંતોનું સન્માન કરવું એ વાતને અમે સ્વીકારીને ચાલીએ છીએ. અને આપણે અહીંયા વારંવાર કહેતા ફરીએ છીએ કે અમે કરીએ અમે કરીએ, અરે ભાઇઓ હું નાનો હતો ત્યારે વાર્તા આવતી હતી. ઉંટ કહે આસમામાં પાસમામાં સૌના તો એક વાંકા આપના તો અઢાર. અહીંયા તો એક બિલ પાછું ખેંચવાનું આવ્યું છે. દિલ્હીમાં તો જૂઓ, કઇ સ્થિતિનું નિર્માણ છે. અમે તો ગૌરવપૂર્વક કહી શકીએ કે અમે સંતોનું સન્માન કરીએ છીએ એના સન્માનમાં આ દેશના સર્વોચ્ચ સ્થાન હિમાલય ઉપર બેઠેલા શિવજીના જન કલ્યાણની યોજનાઓને સંસ્કારોના આધારે આ દેશની સંસ્કૃતિના આધારે આ દેશની અને જનતાનું કલ્યાણ થાય એવી યોજના સાથે ચાલવા માગીએ છીએ કે નહિ કે વિદેશમાં વેટીકલમાંથી નીકળેલા પોપના ઇશારે આ દેશને ચલાવવાની માનસિકતા સાથે અહીંયા અયોધ્યામાં રામ મંદિર બનાવવા માટે સાધુ સંતોને જેલમાં પૂરીને, ગોળીબાર કરીને લોહી વહેવડાવાની માનસિકતા સાથેનો વ્યવહાર કરવા માગતા નથી અને સાંખી લેવા પણ માગતા નથી. આ સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. મિત્રો, અમે તો સંતોના સન્માન માટે આ સ્થિતિ કરી રહ્યા છીએ. ત્યારે આ સ્થિતિમાં આ બિલ અને વિરોધ શેના માટે આવ્યો હતો? મારે સભાગૃહનું એ ઘ્યાન દોરવું છે કે આ સભાગૃહમાં આ બિલ પાછુ ખેંચાવવાનો વિરોધ એટલા માટે આવ્યો. હું એક મિનિટમાં મારી વાત પૂરી કરું તે પહેલાં આ માઘ્યમથી ગુજરાતની જનતાના ઘ્યાન ઉપર હકીકત મૂકવી જોઇએ. અહીં જયારે વિરોધ કરવામાં આવ્યો ત્યારે કોઇ સાધુ-સંતોના કારણે કે ધાર્મિકતા માટેનો ઉલ્લેખ સુદ્ધાં એક પણ પ્રવચનમાં નથી. વિરોધ એટલા માટે કરવામાં આવ્યો કે મેં સમગ્ર રાજયમાંથી આ રાજય બન્યું ત્યારથી કયા ટ્રસ્ટને કેટલી જમીન, કેટલી ગ્રાન્ટ કયા હેતુ માટે આપવામાં આવી છે આની વિગતો મગાવવામાં આવી હતી અને આ વિગતો મારા સાથી પક્ષના નેતાઓએ જે જમીનો મેળવી હતી, જે ટ્રસ્ટોમાં ગ્રાન્ટ મેળવી હતી અને એ ટ્રસ્ટોના આધારે માલિકીની માનસિકતાથી આ રાજયની જમીનો, સરકારના પૈસા, સાર્વજનિક પૈસા, વ્યકિતગત અહમ અને અહંકારથી ચલાવતા હતા. ગરીબોને સ્થાન નહોતું, ગરીબોની વ્યવસ્થા નહોતી. અમે આ બિલમાં ગરીબોને દવાખાના માટેની સુવિધા, શિક્ષણની સુવિધા, એના માટેની અનામત બધી જ વ્યવસ્થા કરી હતી. પરંતુ તેમનું ચાલે એમ નહોતું અને એટલા માટે માનનીય અઘ્યક્ષશ્રી, જેનો ઉલ્લેખ કરવામાં આવે છે. જે દિલ્હીના ઇશારે કોણ *(xxxxx) હતા, માનનીય વિપક્ષના નેતા કહે છે, મને ખબર નથી. પરંતુ એ તો જયારે સરકારે લેખિત ખાતરી આપી દીધી કે આ બિલનું અમલીકરણ નથી કરવું ત્યારે દિલ્હીથી ઇશારા છૂટ્યા, સસ્તામાં નેતાગીરી મળશે, અમારા નેતાઓમાં ક્ષમતા નથી અને તબિયત સારી નથી તો પણ તમારે જવું પડશે. તમને કોર્ટમાં **(xxxxx) બનાવવા માટે એ વખતના અમારા પૂરખોએ મદદ કરી હતી. એવું દબાણ લાવીને અહીંયા જે સ્થિતિનું નિર્માણ કર્યું હતું, આ હિંદુ સમાજ ચલાવી ન લે અને આ સ્થિતિનું નિર્માણ દિલ્હીના ઇશારે જે ચાલતું હોય ત્યારે અમને સંતોના સન્માન કરવા માટે આ વાત વિચારી છે અને હું બિલ પાછુ ખેંચું છું. આભાર. (અંતરાય)

સભાપિતશ્રીઃ આપના નેતા ઉભા થયા છે. આપ બેસો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલઃ માનનીય અઘ્યક્ષશ્રી, *(xxxxx) નું સ્થાન એ સૌના દિલ-દિમાગથી ઉપર હોય, (અંતરાય) બિલકૂલ રેકોર્ડ મગાવીને જોઇ લેવાની છૂટ છે. (અંતરાય) માનનીય અઘ્યક્ષશ્રી, આપ રેકોર્ડ મગાવીને જોઇ લેજો અને જો આ વિધાનસભાની કાર્યવાહીમાં એ શબ્દો રહે, અમે તો બધા ધર્મોનું સન્માન કરતા આવ્યા એવા લોકો છીએ અને આ હદ સુધી ઉતરી શકે એ કલ્પના ન આવી શકે, આપ જોઇ લેજો અને એ શબ્દો દૂર થાય એવો આગ્રહ રાખું છું.

* (xxxxx) માનનીય અઘ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સભાપતિશ્રીઃ રેકોર્ડ જોયા પછી કાર્યવાહી કરીશું.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારું બિલ સર્વાનુમતે મંજૂર કરવા વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( કાયદા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૨નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–ર, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૨નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૨નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૬

# Vir (વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૨

**Vir (વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક –૬ સન ૨૦૧૨નું Vir (વીર) *નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક,૨૦૧૨ આપની પરવાનગીથી દાખલ કરું છું.

સભાપતિશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક –૬ સન ૨૦૧૨નું Vir (વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક,૨૦૧૨નું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય એકટ ગુજરાતનો ૧૯૬૫નો ૩૮મો. ધ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ૧૯૬૫ પ્રસિદ્ધ કરાયેલ છે. આ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તા.૨૭–૨–૨૦૦૪ના એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટ મુજબ નામાભિધાનમાં ફેરફાર કરવામાં આવેલ છે. ગેઝેટના સેકશન– ૨, ૩, ૪, ૫ અને ૬ જ્યાં વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી અથવા વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ૧૯૬૫ એ મુજબના શબ્દો અને આંકડાને બદલે Veer (વીર) નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી એકટ ૧૯૬૫ એ મુજબના શબ્દો અને આંકડાઓ કરવાના રહેશે. તા.૨૩–૧૧–૨૦૦૦ના પત્રથી નીચે મુજબની દરખાસ્ત કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીના સિન્ડિકેટના તા.૨૧–૫–૨૦૦૩ના ઠરાવ ક્રમાંક–૪૬ અનુસાર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નામાભિધાન Veer (વીર) નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી કરવાની દરખાસ્ત સ્વીકારીને તા.૨૭–૨–૨૦૦૪ના પ્રસ્તુત ગેઝેટથી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું નામ દક્ષિણ

* વિધેયક તા.૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના સરકારી ગેઝેટ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાત યુનિવર્સિટીના સ્થાને Veer (વીર) નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી કરવામાં આવેલ છે. આ અંગ્રેજી ગેઝેટમાં Ver (વીર) નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી એ મુજબના શબ્દો મૂકવામાં આવેલ છે. પરંતુ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું નામ ગુજરાતી વીર દીર્ઘ ઇ હોવાથી Veer કરવાનો રહે છે. તેમજ નામાભિધાનમાં યુનિવર્સિટીના આગળ The શબ્દ જરૂરી ન હોઇ યુનિવર્સિટી Veer (વીર) નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી એ મુજબનો સુધારો કરવા માટેનું બિલ રજૂ કરું છું. અપેક્ષા રાખું છું કે, આ સન્માનનીય સભાગૃહના સભ્યો એને સર્વાનુમતે મંજૂર કરે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહીશ કે, વારંવાર અમારી ચિંતા આ જ રહેતી હોય છે. જયારે આપણે કાયદો ઘડવા બેસીએ ત્યારે એને ગંભીરતાપૂર્વક ધ્યાને લેવું જોઇએ. જો એ પ્રમાણે થયું હોત તો આજે આ નોબત ન આવી હોત. Vir કે Veerની જો આપણે એ સમયે ચિંતા સેવી હોત તો એ આપણી જવાબદારીના ભાગરૂપે હતું. ૨૦૦૪માં કે ૨૦૦૩માં જ્યારે આપણા ત્યાં દરખાસ્ત આવી હશે ત્યારે ત્યાંની સિન્ડિકેટે અને અહીંના આપના નિષ્ણાતોએ દીર્ઘ–ઈ કે હ્રસ્વ–ઇની ચકાસણી કરવી જોઇતી હતી. ફકત આ વિધેયકમાં ટેકનીકલ બાબતનો નાનો સુધારો છે માટે સમર્થન આપીએ છીએ. પરંતુ અપેક્ષા રાખીએ છીએ કે, આ સરકાર ભવિષ્યમાં કાયદા ઘડવાની બાબતમાં જાગૃકતા રાખે. જેથી કરીને વિધાનસભાગૃહમાં આ રીતે આવા સુધારા લઇને આવવું ન પડે અને જે તે સમયે જ આ કાળજી નહોતી રખાઇ એની જવાબદારી આપણે ફિકસ કરવાનું શીખવું પડશે. કારણ કે, ત્યાં બેઠેલી વ્યક્તિને ખબર હોય અને ન હોય તો એ બરાબર નથી. આ બાબતે વિભાગે ચીવટ રાખવી જોઇએ અને એ વિધેયકની બાબતમાં ચીવટ ન રાખે તો એને બહુ લાઇટલી લઇ શકાય નહીં. માનનીય મંત્રીશ્રી પાસેથી આના સકારાત્મક પ્રતિભાવની અપેક્ષા રાખું છું અને ભવિષ્યમાં કાયદો ઘડવાની બાબતમાં વધારે કાળજી રખાય એવી આશા સાથે ટેકનીકલ પ્રકારનો સુધારો છે એમાં વિશેષ કાંઇ વાત કરતો નથી. હું આ બિલને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઇ મે. શાહ (રાપર )**ઃ માનનીય અધ્યક્ષશ્રી માનનીય શિક્ષણ મંત્રીશ્રી વીર (Veer) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ૨૦૧૨ લઇને આવ્યા છે એના ઉપર મારે માત્ર એટલું કહેવું છે કે આપણે કોઇ વ્યકિતનું નામ યુનિવર્સિટી સાથે જોડીએ પણ પછી શબ્દો ચોરવાની જે વૃત્તિ છે એના કારણે આપણે એ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જ બોલીએ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી બોલીએ, કચ્છ યુનિવર્સિટી બોલીએ પણ એની સાથે જોડાયેલું એ હેમચંદ્ર સુરરિ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ન બોલીએ અને આ મનુષ્ય સહજ ખામી જે છે એ દૂર થાય એટલા માટે નામ એવું રાખીએ કે જેથી કરીને આંબેડકર યુનિવર્સિટી છે તો બધી જગ્યાએ આંબેડકર યુનિવર્સિટી જ બોલાય છે. આ એટલા માટે કે વારંવાર મેં આ વસ્તુ કહી છે કે શ્યામજી કૃષ્ણ વર્માના નામે કચ્છની અંદર, પાર્નેન્ધ્રોની અંદર એમનું નામ આપેલું તો એસ.કે.વી.નગર તરીકે ઓળખાય છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી જે. એન. યુનિવર્સિટી તરીકે ઓળખાય અને આ વીર નર્મદનું નામ જે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે છે તે સાર્થક થાય એટલા માટે કે હમણાં બે દિવસ પહેલા જ આપણા સન્માનનીય સભાગૃહના એક વખતના સભ્ય ઉપેન્દ્ર ત્રિવેદીને એમણે ડોકટરેટની પદવી આપી એટલે આ યુનિવર્સિટીની આપણે પ્રસંશા કરીએ એટલી ઓછી છે અને અમારા નેતા શકિતસિંહજી ભાઇએ જે લાગણી વ્યકત કરી છે એમાં હું મારો સૂર પુરાવુ છું અને આ યુનિવર્સિટીનું એમની સાથે જોડાયેલા નામનું ઔચિત્ય જળવાય એ પ્રકારની આપણે સૌ કાળજી લેવડાવીએ એટલી લાગણી વ્યકત કરુ છું.

**શ્રી કિશોરભાઇ વાંકાવાલા (સુરત પશ્ચિમ)**ઃ માનનીય અધ્યક્ષશ્રી, સમર્થન તો આપ્યું જ છે વિરોધ પક્ષે અને વધુ કંઇ બોલવા નથી માગતો એક ટેકનિકલ બાબત છે. પરંતુ ગર્વ એટલા માટે છે કે દક્ષિણ ગુજરાત અને સુરતના ખાસ કવિ નર્મદ હતા. યાહોમ કરીને પડો ફતેહ છે આગેની કવિતાના રચયિતા હતા આવી વ્યકિતનું જયારે સન્માન થતું હોય, એમના નામ સાથે જયારે યુનિવર્સિટી થતી હોય તો સ્વાભાવિક છે કે દક્ષિણ ગુજરાતની એક વ્યકિત તરીકે મને પોતાને પણ ગર્વ થાય. એક નાની ટેકનિકલ

ભૂલ છે અને એને જે સમર્થન આપ્યું છે, જે બિલ છે હું એને પણ સમર્થન આપુ છું અને સર્વાનુમતે એમને મંજૂર કરવા માટે હું વિનંતી કરુ છું.

શ્રી ઇકબાલ પટેલ ઃ સાહેબ વાત કરવી છે.

અધ્યક્ષશ્રી ઃ બન્ને પક્ષે એક એક સભ્ય આવી ગયા.

શ્રી ઇકબાલ પટેલ ઃ આમાં સાહેબ એ લોકો નથી માનતા તો શું થાય? અંતરાય ..

અધ્યક્ષશ્રી ઃ માનનીય મંત્રીશ્રી .

શ્રી રમણલાલ વોરાઃ (શિક્ષણ મંત્રી) માનનીય અધ્યક્ષશ્રી, વીર (Veer) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં મેં અગાઉ જણાવ્યું એ પ્રમાણે યુનિવર્સિટીના સેન્ડીકેટે જે ઠરાવ પસાર કરીને મોકલ્યો છે અને વિરોધ પક્ષના નેતાશ્રીએ કહયું એ પ્રમાણે ટેકનિકલ ખામી vir ના બદલે veer કરવાનું રહે છે ત્યારે એમણે પણ જે અમણે જે સકારાત્મક અભિગમ બતાવ્યો છે એ માટે આભારની લાગણી વ્યકત કરું છું અને ફરીથી આ સન્માનનીય સભાગૃહ આ બિલને સર્વાનુમતે મંજૂર કરે તેવી હું વિનંતી કરુ છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રમણલાલ વોરાઃ(શિક્ષણ મંત્રીશ્રી)ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ૬–સન ૨૦૧૨નું Veer (વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા)વિધેયક નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૬ કલમ–૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી રમણલાલ વોરાઃ(શિક્ષણ મંત્રીશ્રી)ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ૬–સન ૨૦૧૨નું Veer (વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા)વિધેયક નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રીઃ** સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંકઃ૬–સન ૨૦૧૨નું Veer (વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા)વિધેયક નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩**

# કડી સર્વ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક, ૨૦૧૨

### કડી સર્વ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંકઃ૩–સન ૨૦૧૨ના કડી સર્વ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંકઃ૩–સન ૨૦૧૨ના કડી સર્વ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ૨૦૦૭માં કડી સર્વ વિશ્વવિદ્યાલયને યુનિવર્સિટીનો દરજ્જો આપ્વામાં આવેલો. તા. ૨૨–૫–૨૦૦૭ થી આ યુનિવર્સિટી કાર્યરત છે. આ યુનિવર્સિટીમાં અત્યારે ૭ કોલેજો કડી સર્વ વિશ્વવિદ્યાલય સાથે સંલગ્ન કરવામાં આવેલ છે. આમાં કડી સર્વ વિદ્યાલય ખાતેના કેમ્પસમાં ચલાવવામાં આવતી સ્વનિર્ભર સંસ્થાઓને અધિનિયમના પરિશિષ્ટમાં સમાવેશ કરીને જે તે વખતે યુનિવર્સિટીની રચના કરવામાં આવેલ હતી. સંસ્થા દ્વારા ગાંધીનગર બહાર એટલે કે કડી

* વિધેયક તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તથા ગાંધીનગર ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તથા ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી અમદાવાદ સાથે જોડાણ ધરાવતી અન્ય કોલેજોને સંલગ્ન કરી આ યુનિવર્સિટીમાં સમાવેશ કરવા માટેની રજૂઆત કરવામાં આવેલ હતી. આ પૈકી ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી સાથે સંલગ્ન ૩ કોલેજો અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સાથે સંલગ્ન ૩ કોલેજો એમ ૬ સંસ્થાઓ, સ્વનિર્ભર સંસ્થાઓ યુનિવર્સિટીમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સાથે જોડાણ કરવા માટેનું આ બિલ છે. હાલ કડી સર્વ વિદ્યાલય દ્વારા ચલાવવામાં આવતી અને ગાંધીનગર ખાતેના હાલના કેમ્પસ બહાર સ્વનિર્ભર કોલેજોના મૂળ કાયદાના પરિશિષ્ટમાં ઉમેરી ને તે કોલેજોને કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગરની કોન્સ્ટીટયૂટ કોલેજીસ તરીકે જાહેર કરવામાં આવે. ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી, અમદાવાદ તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સાથે જોડાણ ધરાવતી જે તે સંસ્થાઓ જોડાણ ધરાવતી બંધ થશે અને સુધારા કાયદો અમલમાં આવ્યેથી ધ કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર ગુજરાત સાથે જોડાણ ધરાવતી થશે. પ્રસ્તુત જોગવાઇ મુજબ within the university campus એ શબ્દોને રદ કરવા સૂચિત સુધારા વિધેયકમાં સેકશન–૩માં જોગવાઇ સૂચવવામાં આવેલ છે અને આ જોગવાઇ પ્રમાણે આ ગૃહમાં ચર્ચા થનાર ધ કડી સર્વ વિશ્વવિદ્યાલય એમેન્ડમેન્ટ બિલ–૨૦૧૨ હું જે લઇને આવ્યો છું એ આ સભાગૃહ સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી કરું છું.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર(દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી જે ચિંતા છે માત્ર એટલા પૂરતી છે કે ખાનગી યુનિવર્સિટીઓને આવકારીએ, શરૂ થાય, મિનિસ્ટરી ઓફ એચ.આર.ડી.એ નવા નવા સૂચનો અને પરિપત્રો આપણને આપેલ છે. પરંતુ માનનીય મંત્રીશ્રી પાસેથી એટલી ખાતરી માગું છું કે કોઇપણ ખાનગી યુનિવર્સિટી ક્યારેય પણ એક વખત ગ્રાન્ટ ઇન એઇડ કોલેજમાં કે સંસ્થા જોડાયેલ હોય એ પોતાનું જોડાણ ખાનગી યુનિવર્સિટીમાં ક્યારેય પણ ન રહે એની એની કાળજી ના લે, મને આનંદ થશે આપે અગાઉ પણ એ વાતની ખાતરી આપી હતી કે વિભાગ ખાતરી રાખશે. પરંતુ આ ૬–૬ કોલેજો છે એમાંની એક પણ કોલેજ ગ્રાન્ટ ઇન એઇડ ભૂતકાળમાં પણ ના હોય અને અત્યારે પણ નથી એ વાતની આપ ખાતરી કરી લો અને આપનો વિભાગ એની તત્પરતા રાખે તો બાકી બીજા કોઇ મુદ્ધા અંગે અમારે આમાં ખાસ વિરોધ નથી.

**શ્રી બાબુભાઇ મે. શાહ (રાપર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઇએ કહ્યું એ ખાતરી કરવાની વાત સાથે હું મારો સૂર પૂરાવું છું. કારણ કે આપણે સ્વનિર્ભર કોલેજોને ગાંધીનગરની અંદર આપણે રાહત ભાવે જમીનો પણ આપી હતી એની સાથે કાંઇ શરતો મૂકવામાં આવી છે કે કેમ? એની પણ ચકાસણી થવી જોઇએ અને એ સર્વ વિદ્યાલયની ક્રેડિટ વિશે મારે કાંઇ કહેવાનું નથી અને હમણાં જ માણેકલાલ આપણી વચ્ચેથી વિદાય થયા એમને આપણે બધા સાહેબ તરીકે ઓળખતા હતા. એ સન્માનનીય વ્યકિત વર્ષોથી આ કડી સર્વ વિદ્યાલયનું સંચાલન કરતા અને સૌનો આદર મેળવતા એટલે એમની સંસ્થા વિશે કાંઇ શંકા–કુશંકા કરવાની હોય નહિ પણ સરકારે જે કાંઇ શરતો મૂકી હોય એનું પાલન થાય છે કે કેમ? એની ચકાસણી કરી છે કે નિહ એની માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એના સમર્થન માટે જ ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વ વિદ્યાલય એ સર્વ વિશ્વ વિદ્યાલયમાં પરિવર્તિત થઇ છે એનો ઇતિહાસ આજે સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ ઇતિહાસ છે. ૯૦ વર્ષ કરતા વધારે વર્ષ જૂની આ સંસ્થા પૂજ્ય છગનભાઇએ શરૂ કરી. એમાં પૂજ્ય દાસકાકાએ ગાંધીનગરમાં એના અંગેનું કેમ્પસ શરૂ કરી અને ગાંધીનગરની અંદર આ સંસ્થા દ્વારા વિદ્યાર્થીની જરૂરિયાત સંતોષવાનો ઉત્તમ પ્રયત્ન કર્યો અને એના પછી દિવંગત સ્વ. માણેકલાલભાઇએ સંસ્થાને જે રીતે પ્રોત્સાહન આપી સંસ્થાના સમગ્ર વહિવટમાં જે ટ્રાન્સપરન્સી અને એને વિશ્વ વિદ્યાલય સુધી લઇ જવાનો રાજ્ય સરકારે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ અને તે વખતના શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે યથાયોગ્ય રીતે જ આ સંસ્થાને વિશ્વ વિદ્યાલયનું સ્વરૂપ આપ્યું છે. જે સંસ્થાઓ હવે આમાં જોડાઇ રહી છે એ સ્વનિર્ભર સંસ્થાઓ જ છે એટલે એમાં કોઇ ગ્રાન્ટ ઇન એઇડવાળી

સંસ્થાઓ અગાઉ ગ્રાન્ટ લેતી હોય અથવા અત્યારે લેતી હોય એવો કોઇ પ્રશ્ન આમાં ઉપસ્થિત થતો નથી. આ જે સંસ્થા છે એ સાચા અર્થમાં સામાજિક સંપત્તિ છે અને સામાજિક સંપત્તિ સ્વરૂપે શિક્ષણનું ઉમદા અને ઉત્તમ કાર્ય આ સંસ્થા, યુનિવર્સિટી અને એના ટ્રસ્ટ દ્વારા લગભગ ૫૦૦૦૦ વિદ્યાર્થીઓને હાઇસ્કૂલથી માંડીને ઉચ્ચ કક્ષાના, યુનિવર્સિટી કક્ષાના શિક્ષણનું કામ આ સંસ્થા જ્યારે કરી રહી છે ત્યારે આ વિધેયકને મંજર કરવાનું ગૌરવ આપણા આ સભાગૃહને થાય એટલા માટે જ મેં ટૂંકમાં આ સંસ્થા વિશેની વિગત આપી છે. સૌ સન્માનનીય સભ્યોને મારો અનુરોધ છે કે સર્વાનુમતે પસાર કરે.

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી કડી સર્વ વિશ્વ વિદ્યાલય એમેન્ડમેન્ટ બિલ નંબર-૩ લઇને આવ્યા છે તેને સમર્થન કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૮ માં જ્યારે અહીં કોર્ટની સ્થાપના થઇ તે વખતે આ સંકૂલનું બાંધકામ થતું હતું ત્યારે અમારાં એક વકીલ છગનભાઇ કાળીદાસની સાથે જ્યારે ત્યાં અમારે પરસોત્તમકાકા દેખરેખ રાખતા હતા અને એ જગ્યા ઉપર અમારે જવાનું થતું હતું. આજે કડી સર્વ વિશ્વ વિદ્યાલય એટલું બધું ગાંધીનગરમાં આજે વિકાસ પામેલું છે. ગાંધીનગરની જે શિક્ષણની ભૂખ છે એને સંતોષવા માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલય આજે ગાંધીનગરના લગભગ મોટાભાગના વિદ્યાર્થીઓ આ સંકૂલમાં અભ્યાસ કરી રહ્યાં છે. અને કડીનું જયારે સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટીની જયારે ડિમાન્ડ થઇ ત્યારે આ સંકુલમાં જેટલી વિદ્યાશાખો હતી, કોલેજો હતી એમનો સમાવેશ થયેલો હતો પણ કડી સર્વ કેળવણી મંડળ દ્વારા ચાલતી જે બહારની છ જેટલી કોલેજો, સંસ્થાઓ હતી એનો આમાં સમાવેશ થયો નહતો. માનનીય અધ્યક્ષશ્રી, આ છ કોલેજોમાં ત્રણ કોલેજો ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી અમદાવાદ ખાતે અને ત્રણ કોલેજો હેમચંદ્ર આચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી હતી. આજે આ બિલ લઇને માનનીય મંત્રીશ્રી જે આવ્યા છે ત્યારે હું ગાંધીનગરના ધારાસભ્ય તરીકે આ બિલને આવકારું છું અને બધા જ માનનીય સભ્યશ્રીઓ આનું સમર્થન કરે તેવી સૌને હું વિનંતી કરું છું.

**શ્રી રમણલાલ ઇ. વોરા (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, ચાર જેટલા માનનીય સદસ્યશ્રીઓએ બિલ ઉપર પોતાના વિચારો વ્યકત કર્યા છે. આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું એ પ્રમાણે છ કોલેજો જેનું જોડાણ કરવામાં આવે છે એ છ એ છ કોલેજો સ્વનિર્ભર છે. પહેલા પણ સ્વનિર્ભર હતી આજે પણ સ્વનિર્ભર છે અને અગાઉ પણ આપણે બિલમાં એ સ્પષ્ટતા કરી છે કે, સ્વનિર્ભર કોલેજો હશે એનું જોડાણ કરવામાં આવશે અને એ પ્રમાણે આપણે કરીએ છીએ. મુ. શ્રી બાબુભાઇએ જે સુચન કર્યુ એ પ્રમાણે આ સંસ્થા ખૂબ જ સારી સંસ્થા ચાલે છે. અન્ય સંસ્થાઓ જે ચાલે છે એના કરતાં વિશિષ્ટ પ્રકારની સુવિધાઓ ગુજરાતભરમાં વિદ્યાર્થીઓને વિશેષ કરીને ૧૮ હજાર જેટલી કન્યાઓ આ સંકુલમાં ભણી રહી છે ત્યારે કુલ ૫૬ હજાર વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટી ખાતે સારી રીતે અભ્યાસ કરી રહ્યા છે અને એક વિશિષ્ટ પ્રકારની યુનિવર્સિટી જયારે મંજૂર કરી છે ત્યારે આ સુધારા વિધેયકને તમામ સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર આપે એવી હું ફરીથી વિનંતી કરું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી રમણલાલ વોરા શિક્ષણ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨નું વિધયેક ક્રમાંક-૩-સન ૨૦૧૨નું કડી સર્વ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધયેકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

કલમ-૨ થી ૭, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધયેકનો ભાગ બની.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૨નું વિધયેક ક્રમાંક-૩-સન ૨૦૧૨નું કડી સર્વ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધયેકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૨ના વિધયેક ક્રમાંક–૩નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૪૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨**
**ફાલ્ગુન ૯, ૧૯૩૩ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

**સરકારી વિધેયકો**
**સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક-૪**

# ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૨

## ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી રમણલાલ વોરા શિક્ષણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *[3]રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ ૨૦૧૨ના વિધેયક ક્રમાંક-૪, સન ૨૦૧૨ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રીઃ વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી રમણલાલ વોરાઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન- ૨૦૧૨ના વિધેયક ક્રમાંક-૪, સન ૨૦૧૨ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરાઃ** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ઘણી બધી નવી ટેકનિકલ કોલેજોની અને યુનિવર્સિટીની શરૂઆત કરી છે અને જેના કારણે લગભગ ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણનું જ્ઞાન આપવા માટેની તેમની માગણી સંતોષાઇ છે. ગુજરાત આખા દેશના ટેકનિકલ અભ્યાસ કેન્દ્રોનું કેન્દ્ર બને તેના માટે દેશના અન્ય રાજયો રાજસ્થાન, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, આ તમામ રાજયો અન્ય રાજયોના વિદ્યાર્થીઓને પોતાના રાજયમાં આકર્ષી શકે છે. ભણવા માટે વિદ્યાર્થીઓ ત્યાં જાય છે. એ જ પ્રકારે જયારે ગુજરાતના વિદ્યાર્થીઓની માગણીઓ સંતોષાઇ છે ત્યારે અન્ય રાજયોના વિદ્યાર્થીઓને પણ ગુજરાતમાં ભણવા માટે અને ગુજરાતનું શૈક્ષણિક સ્તર ઉપર આવે, ગુજરાતના વિદ્યાર્થીઓ પણ સ્પર્ધા કરી શકે અને ઓલ ઇન્ડિયાના વિદ્યાર્થીઓની સરખામણીમાં ગુજરાતનો યુવાન પણ ટકી શકે તે માટે આ બિલ લાવવામાં આવ્યું છે. સાથે સાથે દેશની અનેક નામાંકિત ટેકનિકલ શિક્ષણની સંસ્થાઓ છે જે ગુજરાતમાં પોતાનું સેન્ટર બનાવવા માટે તૈયાર છે. પરંતુ કાયદાની અમુક મર્યાદાઓના કારણે એ સારી સંસ્થાઓ ગુજરાતમાં આવતી નથી. એટલા માટે રાજય સરકારની અપેક્ષા છે કે દેશની સારી સંસ્થાઓ પણ ગુજરાતમાં પોતાનું સેન્ટર બનાવે, સેન્ટર ફોર એકસલન્સ તરીકે આપણે તેને મંજૂરી આપીએ અને તેના કારણે સમગ્ર રીતે ગુજરાતના વિદ્યાર્થીઓને તેનો લાભ મળશે. આજની સ્થિતિ પ્રમાણે છેલ્લા એક દાયકામાં ટેકનિકલ શિક્ષણની સીટોનો વધારો થયો છે અને સરવાળે ઘણી બધી સીટો ખાલી રહેવા પામે છે. ખાલી રહેવા ન પામે એટલા માટે પણ અન્ય રાજયોના વિદ્યાર્થીઓ મેં અગાઉ કહ્યું એ પ્રમાણે રાજસ્થાન,

---

*[3] વિધેયક તા. ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક જેવા રાજયમાં જે પ્રકારની વ્યવસ્થા છે એ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવા માટેનું આ બિલ છે. મને લાગે છે કે સમગ્ર ગુજરાત માટે અને ગુજરાતની યુવા પેઢી માટે ખૂબ સારો સુધારો લઇને રાજય સરકાર આવી છે ત્યારે આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓ તેને સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી કરું છું.

**શ્રી ઇકબાલ પટેલ(વાગરા) :** માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંક–૪, ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૨ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે મારા કેટલાક વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ એજ્યુકેશન કોલેજો અને સંસ્થાઓના પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત અધિનિયમ, ૨૦૦૭માં સુધારા માટે ખાસ કરીને આજે માનનીય મંત્રીશ્રીએ ગૃહ સમક્ષ રજૂઆત કરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વ્યવસાયિક ટેકનિકલ એજયુકેશનના સંદર્ભમાં વાત કરીએ તો એક તરફ રાજ્યમાં ઉદ્યોગ સ્થાપવાની વાત છે. રાજ્યમાં ઉદ્યોગોનું જે રીતે ડેવલપમેન્ટ થઇ રહ્યું છે અથવા ભવિષ્યમાં ડેવલપમેન્ટ થવાનું છે એ જોતાં ટેકનિકલ વ્યક્તિઓ, ટેકનિકલ તજજ્ઞો, ટેકનિકલ યુવાધન તૈયાર કરવાનું કામ એની જરૂરિયાતને અનુરૂપ આપણે ઉભું કરવાનું એક ભગીરથ કામ આપણા માથે ઉભેલું છે. ઉદ્યોગોના વિસ્તારમાં રોજબરોજની સમસ્યા આપણે જોઇએ તો ટેકનીકલ માણસો જે રીતે જોઇએ તે રીતે નથી મળતા અને તેના કારણે સ્થાનિક રોજગારી આપણે આપવી જોઇએ તેને આપણે નથી આપતા તેવી રોજબરોજની ફરિયાદો છે. એના કારણેદસ લાખ જેટલા શિક્ષિત બેરોજગારો આજેપણ છે અને તેમ છતાં એમાંથી ટેકનીકલ તજજ્ઞો અને ટેકનીકલ વ્યક્તિઓ આપણે પૂરા પાડી શકતા નથી તે આપણો રોજબરોજનો અનુભવ છે. આ બિલના ઉદ્દેશો અને કારણોમાં આપણે જોઇએ તો તાલીમબદ્ધ માનવ શક્તિની માંગ, ટેકનીકલ જે લોકો છે, ટેકનીકલ જે તજજ્ઞો છે, ટેકનીકલ યુવાનો છે એ તાલીમબદ્ધ હોવા જોઇએ તે જે તે ઉદ્યોગોને અનુરૂપ, જે તે ઇન્ડસ્ટ્રીઝને અનુરૂપ હોવા જોઇએ અને ટ્રેનીંગ લીધેલા હોવા જોઇએ એ માંગ અને પુરવઠા વચ્ચેનો તફાવત ઘટાડવાના હેતુથી ગુજરાત રાજ્યમાં વ્યવસાયીક અભ્યાસક્રમો મંજૂર કરેલી બેઠકોની સંખ્યામાં છેલ્લા દસ વર્ષ દરમિયાન વર્ષોવર્ષ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. આ વધારો કરવામાં આવેલ છે એના ઉદ્દેશોમાં બતાવેલું છે. છેલ્લા બે–ત્રણ વર્ષમાં વ્યવસાયીક અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા પૂરી કર્યા પછી કેટલીક વિદ્યાશાખાઓમાં નોંધપાત્ર બેઠકો ખાલી રહેલી છે. બીજી બાજુ આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક જેવા રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ અહીં પ્રવેશ આપવા માટેનો આનો મુળ ઉદ્દેશ પ્રોવિઝનછે. બીજા રાજ્યના વિદ્યાર્થીઓ અહીં આવીને ભણી શકે, તૈયાર થઇ શકે. બીજી બાજુ આપણા રાજ્યના વિદ્યાર્થીઓ બીજા રાજ્યોમાં પ્રવેશ લે છે. ત્યારે આપણા રાજ્યમાં બીજા રાજ્યના કેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે એ નક્કી કરેલ નિર્ધારિત ધોરણ હોવું જોઇએ.ગુજરાતના વિદ્યાર્થીઓ આ ધોરણો ન હોવાના કારણે સ્પર્ધાત્મક રીતે ટકી નહીં શકવાના કારણે બીજા રાજ્યમાં જવું પડે છે, બીજા રાજ્યમાં તાલીમ લેવી પડે છે, બીજા રાજ્યમાં જઇને ફી ભરવી પડે છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, બેંગ્લોર જેવા બીજા રાજ્યોમાં જાય છે અને ત્યાં જઇને ટ્રેનીંગ લેવી પડે છે. બીજી બાજુ છેલ્લા ૧–૨ વર્ષમાં સીટો આવી અને તે વધારવાના કારણે અગર એમાં એડમીશન ન થવાના કારણે જગ્યાઓ ખાલી રહેવાના કારણે જે તે સંસ્થાઓએ રાજય સરકાર સમક્ષ રજૂઆત કરેલી છે. આ પ્રપોઝલના કારણે ગુજરાતમાં આની આડઅસર એ થઇ શકે કે ભવિષ્યમાં આપણા રાજ્યના મધ્યમવર્ગના મધ્યમ માર્કસવાળા અને તેનાથી ઓછા માર્કસવાળા હશે તેઓ આ સંસ્થાઓમાં પ્રવેશથી વંચિત રહી જશે. એક બાજુ તાલીમબદ્ધ માનવશક્તિની માંગ છે પણ એને એડમીશન નહીં મળી શકે. આ પરિસ્થિતિ કાયમ માટે નીતિ ઓપન માટે કરવાથી થશે, બીજા રાજ્યોના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાથી થશે. ગુજરાતના વિદ્યાર્થીઓ બીજા રાજ્યોની સાથે સ્પર્ધાત્મક રીતે ટકી શકશે નહીં. બીજું શિક્ષણની સુવિધા ઉભી કરવામાં આવેલ છે કે કેમ? ટેકનીકલ એજયુકેશનના ફિલ્ડમાં એડમીશન મળી શકે તેમ નથી. તેના કારણે આવતીકાલે ઉદ્યોગો એને નોકરી માટે સ્વીકારશે કે કેમ?આ પ્રશ્નો જે છે એ પ્રશ્નો બાજુ પર મૂકી અને બીજા રાજયોના જે એડમીશન, બીજા રાજયોના અભ્યાસક્રમોવાળા વિદ્યાર્થીઓને એડમીશન આપવાની આ જે

નીતિ રાજય સરકાર જયારે મૂકે છે ત્યારે એના અંદર આ ભયસ્થાન રહેલું છે એ ભયસ્થાન દૂર કરવા માટે આપણે રાજયનો વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ન રહે, રાજયનો વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ના રહે રાજયનો વિદ્યાર્થી વ્યવસાયિક અભ્યાસક્રમોમાં આ અન્ય રાજયોના વિદ્યાર્થીઓ આવવાથી એના એડમીશનમાં મુશ્કેલી ઉભી ન થાય અને એ રીતે એનું ભવિષ્ય બગડે નહીં એ જોવાની આપણી સૌની પહેલી ફરજ છે. અન્ય રાજયોના વિદ્યાર્થીઓની આપણે ચિંતા કરવાની જરૂર નથી. આપણે ચિંતા કરવાની જરૂર છે પહેલા આપણા વિદ્યાર્થીઓની, પહેલા, ઘર આંગણાના આપણા સ્ટુડન્ટસની, આપણા ઘરઆંગણાના યુવાધનની અને જો તે અહીંયા ભણેલો હશે, જો તેણે ટેકનિકલ એજયુકેશન લીધું હશે, તેણે જો અહીંયા આગળ વ્યવસાયિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરેલો હશે તો જોબ મળશે. તો કંપની એને રાખશે. તો બેકારી દૂર થશે, તો એ લોકોની અનએમ્પલોયમેન્ટ દૂર કરી શકીશું. અમારા વિસ્તારમાં ખૂબ મોટા ઉદ્યોગો આવેલા છે અને એ ઉદ્યોગોમાં દેશના પાંચ પી.સી.આઇ. પેટ્રોકેમીકલ ઇન્વેસ્ટમેન્ટ રીઝન પૈકીનું એક જે છે એ દહેજમાં આવેલુ છે. દહેજમાં આજે ૨૭ કંપનીઓ કાર્યરત થયેલી છે અને એ ૨૭ કંપની જયારે કાર્યરત થયેલી છે ત્યારે રોજબરોજ જોબ માટેના લોકો રોજબરોજ આવતા હોય છે અને એવરેજ એક અઠવાડીયાની અંદર લગભગ દોઢસો યુવાનો આ નોકરીઓ માટે આવતા હોય છે ત્યારે સૌથી પહેલો સવાલ એ ઉભો થાય છે કે કંપની પહેલા એમ કહે છે કે તમારી પાસે ટેકનિકલ એજયુકેશનના બી.ઇ. ઇલેકટ્રીકલ છે? તમારી પાસે બીઇ કેમિકલ છે, તમારી પાસે ડીપ્લોમાં કેમીકલ છે? ડીપ્લોમાં એન્જીનીયરીંગ છે, ડીપ્લોમાં ઇલેકટ્રીકલ છે? અને આ બધા અભ્યાસક્રમોમાં જયારે આપણા વિદ્યાર્થીઓ ખૂબ ઓછા જયારે નીકળે છે ત્યારે આ જગ્યાઓ કેમ ખાલી રહે છે, એના કયા કારણો છે એનો પણ આપણે અભ્યાસ કરવો પડશે કે શા માટે આપણે જગ્યા વધારી? કયા કારણથી આપણે જગ્યા વધારી? આપણે જગ્યાઓ જે તે સંસ્થાઓને મદદરુપ થવા માટે વધારેલી? આપણે જગ્યાઓ જે તે સંસ્થાઓને વધારે આવક થાય એટલા માટે વધારેલી? આપણે જે બેઠકો વધારેલી એ જે ઓર્ગેનાઇઝેશન છે એ ઓર્ગેનાઇઝેશનને ફાયદા માટે વધારેલી? એનો ખાસ તો આપણે અભ્યાસ કરવા જેવો છે અને એ જો ન ભરાતી હોય તો ન ભરાવાના કયા કારણો છે? એમાં ગુજરાતના યુવાનને કઇ બાબત નડે છે કે જેના કારણે આ જગ્યાઓ ખાલી રહે છે એનો આપણે અભ્યાસ કરવાની જરૂર છે અને આપણા વિદ્યાર્થીઓ ટેકનિકલ અભ્યાસક્રમો તરફ ડાયવર્ટ થાય, વ્યવસાયિક અભ્યાસક્રમો પસંદ કરે આવતી કાલે એને પરદેશ ન જવું પડે, બીજા રાજયમાં ન જવું પડે એના માટે એના તરફ એનો અભિગમ કેળવાય, એની રુચી કેળવાય એના તરફ એનું લક્ષ્ય જાય એ માટેનો આમાં મૂળ પ્રયત્ન કરવાની જરૂર છે. માનનીય મંત્રીશ્રી એના ઉદ્દેશ અને કારણોની સાથેસાથે સ્પર્ધાત્મક વાત લાવેલા છે, આપણે બીજા રાજય સાથે સ્પર્ધા કરવાની કયાં જરૂર છે, આપણા જ યુવાનો આટલા બધા બેકાર છે એને સ્પર્ધાત્મક દિશામાં ઓપ આપવાની જરૂર છે. એને અંદર અંદર સ્પર્ધા કરાવીને He should be competent, he should be capable, he should be entitled for job and he should get job. એ કરવાની આપણે જરૂરીયાત છે. મારું આપને આ મુદ્દા ઉપર એમ કહેવાનું છે કે તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટકની જે વાત કરી એના બદલે ગુજરાતના વિદ્યાર્થીની વાત કરીને, ગુજરાતના છ કરોડ લોકોના જે દીકરા–દીકરીઓ છે એને તૈયાર કરીને આપણે જયારે ઉદ્યોગની આટલી બધી વાત કરીએ છીએ, ઉદ્યોગમાં નંબર–વનની વાત કરીએ છીએ, ઉદ્યોગમાં આપણે આટલા બધા લોકોને રાહતો આપીએ છીએ, ઉદ્યોગમાં આટલા બધા ઓટોમોબાઇલ્સ લાવીએ છીએ, કેમીકલના લાવીએ છીએ, સસ્તી જમીન આપીએ છીએ, લાખો રુપીયાની સબસીડી આપીએ છીએ, સસ્તી વીજળી આપીએ છીએ, આપણે લાખો રુપીયાની મદદ કરીએ છીએ, લાલ જાજમ પાથરીએ છીએ, જો આપણી પાસે આ નહીં હોય, આપણી પાસે ટકનિકલ યુવાધન નહીં હોય તો એનો લાભ બીજા રાજયોના લોકો આવીને લઇ જશે. બીજા રાજયોના લોકો અહીં આપણાથી ઉપર હશે. આપણે એમ નથી કહેતા આપણે સમવાયતંત્રમાં જીવીએ છીએ, દરેક સ્ટેટના લોકો આપણા માટે ઇકવલ છે, તે સમાન છે, આપણા બંધુઓ છે. પણ ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને લોટ એવી આ જે વાત થઇ સાહેબ એટલા માટે મારે આ બિલ ઉપર એક મારે વાત કરવી છે કે રાજય સરકાર ગુણોત્કર્ષ કેન્દ્ર તરીકે જાહેર કરી

શકાય તેવી સંસ્થા અથવા કોલેજ માટેના માપદંડ અને ધોરણો નકકી કરશે.આમાં એમ છે કે ગુણોત્કર્ષ કેન્દ્રનું સ્તર હાંસલ કરનારી કેટલીક કોલેજો અથવા સંસ્થાઓને અધિનિયમની તમામ અથવા તે પૈકીની કોઇ જોગવાઇઓમાંથી મુક્તિ આપવાનું પણ જરૂરી જણાયું છે. આમાં ખૂબ મોઘમ વાત કરેલ છે. વિધેયકની કલમ−૨ અને ૩ માં જે જોગવાઇ કરેલ છે ત્યાર પછી ગુણોત્કર્ષ કેન્દ્રનું સ્તર હાંસલ કરનારી કેટલીક કોલેજો અથવા સંસ્થાઓને અધિનિયમની તમામ અથવા તે પૈકીની કોઇ જોગવાઇઓમાંથી મુક્તિ આપવાનું વિચારેલ છે. આમ કરીને દરવાજા ખુલ્લા કરી દીધેલા છે અને દરવાજા ખુલ્લા કરીને આવતીકાલે ગુજરાતના વિદ્યાર્થીઓને આ દરવાજા પરથી પ્રવેશ કરવાની કોઇ મુશ્કેલી ન પડે એની માનનીય મંત્રીશ્રી પાસેથી આ બાબતની સ્પષ્ટતા માગું છું કે બહુમતિના લીધે આપણે બિલ તો પસાર કરીશું પણ એની દૂરોગામી અસરો છે, આવતીકાલની જરૂરિયાતો છે, આવતીકાલની ડિમાન્ડ છે એના ઉપર આની કેવી અસરો પડશે એ આ બિલમાં જ્યારે માનનીય મંત્રીશ્રી જોગવાઇ લાવેલા છે એનાથી કોઇ બહારના વિદ્યાર્થીઓ લેવામાં જે ટેકનિકલ એજ્યુકેશન કોલેજો છે એને ખુલ્લેઆમ લૂંટફાટની છૂટ તો મળવાની નથી ને? એમને કોઇ ખુલ્લેઆમ વધારે પડતું ફાયનાન્સ કરવાની છૂટ મળવાની નથી ને? એમાંથી આર્થિક લાભો મેળવવાની છૂટ મળવાની નથી ને? પોતે પ્રવેશ માટે સ્વતંત્ર રહેશે એવી કોઇ જોગવાઇ નથી એની મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે એમાં પોતે સ્પષ્ટતા કરે અને રાજ્યની બિન સહાયિત કોલેજોનો ઉલ્લેખ કરેલ છે અથવા સંસ્થામાં બીજા રાજ્યના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જરૂર જણાઇ છે તો એવા કયા કારણો છે, કેટલી કોલેજો છે, કેટલી બેઠકો છે એ બેઠકોમાં કેટલી ખાલી રહી અને એ નહીં ભરવાના કારણો શું છે? એ બધી વિગતો સાથે ગૃહને સંપૂર્ણપણે ગાઇડ કરશે, ગૃહને માર્ગદર્શન આપશે અને ગૃહને માર્ગદર્શન આપે કે એવા કયા અસાધારણ સંજોગો છે, extra ordinary circumstances ઉભા થયા કે જેમાં બીજા રાજ્ય માટે બદલાયેલા પ્રવાહમાં બીજા રાજ્યના વિદ્યાર્થીઓને લાવી એજ્યુકેશન આપવાની શા માટે જરૂરિયાત ઊભી થઇ છે એવું મનમાં સ્પષ્ટ થતું નથી એટલે માનનીય મંત્રીશ્રી આ બિલ ઉપર જ્યારે વાચન લે ત્યારે સ્પષ્ટતા કરશે. અમારા નેતાશ્રી અમારા પક્ષની નીતિ જાહેર કરે ત્યાં સુધી હું આ બિલ ઉપર મારા વિચારો આ રીતે રજૂ કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૨ લઇને જે આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ગુજરાતનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે, તમામ ક્ષેત્રમાં, એ શિક્ષણ હોય, ઉદ્યોગ હોય, કૃષિ હોય એ તમામ પ્રકારના ક્ષેત્રોમાં ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. ગુજરાતનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે, સર્વતોમુખી વિકાસ થઇ રહ્યો છે અને એના પરિણામ સ્વરૂપે આજે આપણે જોઇએ છીએ કે શિક્ષણમાં ૧૦−૧૫ વર્ષ પહેલાં જે પરિસ્થિતિ હતી એમાં આમૂલ પરિવર્તન આપણે જોઇ શકીએ છીએ. સુવિધા વગરની શાળાઓ, શિક્ષકો વગરની શાળાઓ હતી એમાં આજે આપણે કહી શકીએ છીએ કે લાખોની સંખ્યામાં આપણે વિદ્યા સહાયકો અને શાળાઓનું નિર્માણ કરીને આ ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડ્યું છે. પ્રવેશોત્સવના માધ્યમથી ૧૦૦ ટકા નામાંકન અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડીને આજે શિક્ષણ માટેની ગુજરાતમાં ભૂખ ઉઘડી છે. આપણે જોઇએ છીએ કે આગામી દિવસોમાં જે રીતે અત્યારે પ્રાથમિક શાળાથી લઇને માધ્યમિક શાળા કક્ષા સુધી ડ્રોપ આઉટ રેશિયો ઘટવાથી વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી છે, એવા સંજોગોમાં આગામી દિવસોમાં ગુજરાત જે રીતે ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટમાં આગળ છે એ રીતે એજ્યુકેશન સિસ્ટમમાં ગુજરાત એજ્યુકેશન હબ બને એવા સંજોગોનું નિર્માણ થઇ રહ્યું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે કન્સેપ્ટ સરકારનો છે. હું એટલા માટે આવકારું છું કે આ કન્સેપ્ટમાં એક ચિંતા છે કે રાષ્ટ્રની સંપત્તિનો સંપૂર્ણ ઉપયોગ થવો જોઇએ. રાષ્ટ્રના માટે નિમાર્ણ થયેલ, રાષ્ટ્ર માટે નિર્મિત થયેલી સંપત્તિનો વ્યય થાય એ રાષ્ટ્રને મોટામાં મોટું નુકશાન છે અને એવા કન્સેપ્ટથી જયારે આપણે ત્યાં મેકસીમમ કોલેજોની સ્થાપના થઇ છે, સંખ્યાઓ વધી છે એના લીધે ક્યાંક ગત વર્ષે જોયું છે એ પ્રમાણે વિદ્યાર્થીના પ્રવેશ બાદ વધારાની સંખ્યાઓ અને બેઠકો ખાલી રહે છે. માળખું તૈયાર છે, બિલ્ડિંગો તૈયાર છે, જરૂરી સ્ટાફ તૈયાર છે,

જરૂરી સુવિધા તૈયાર છે તો આ તૈયાર સુવિધાઓનો ઉપયોગ બીજા રાજ્યના વિદ્યાર્થીઓ પણ કરી શકે એવું તો આપણી સંસ્કૃત્તિમાં છે અને સંસ્કૃત્તિને જ્યારે આ ગૃહના માધ્યમ દ્વારા લાવી રહી છે ત્યારે હું એને આવકારીને એટલું જ કહીશ કે અહીંયા જેનો ઉપયોગ ના કરી શકાય. મારી દૃષ્ટિએ તો પાર્લામેન્ટરી સિસ્ટમમાં એ શબ્દનો બાન છે. Not for all. પણ અમે તો ફક્ત એટલું જ કહીશું કે અમારે તો આ વધેલો આંટો છે એ બગડવા નથી દેવો અને આજુબાજુમાં વહેંચીને પુણ્ય કમાવવું છે એટલા માટે આ વાત કરું છું. મારે એ વાતની સાથે ખાસ કરીને જે વાત કહેવી છે કે આગામી દિવસોમાં ગુજરાતમાં શિક્ષણમાં લગભગ કોલેજોમાં ૬ ગણી સંખ્યાનો વધારો થયો છે. આપણે જોયું છે કે અગાઉ કોલેજોની સંખ્યામાં વધારો થયેલો. ૫૪૯ જેટલો કોલેજો ગુજરાતમાં થઇ છે એમાં સરકારી કોલેજો પણ વધી છે અને સ્વર્નિભર કોલેજો પણ વધી છે ત્યારે એમાં વિદ્યાર્થીઓની સંખ્યા જે અગાઉ ૧૦-૧૨ વર્ષ પહેલા જે ૨૦૦૦૦-૧૯૦૦૦ની આસપાસ હતી એ સંખ્યાઓ વધીને ફક્ત ડીગ્રી કોલેજ માટે ૪૬૦૦૦ જેટલી સંખ્યાઓ આજે ગુજરાતમાં વધી છે. ડીગ્રી અને ડિપ્લોમાં સાથે ગણીએ તો લગભગ ૧.૨૫ લાખ જેટલી બેઠકો ગુજરાતના વિદ્યાર્થીઓના ચરણે ધરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એટલે એની પ્રશંસા કરવી એમાં ક્યાંય ખોટું નથી. આટલી વાત કર્યા પછી આપણે જ્યારે એમ કહીએ છીએ કે એ ક્યા પ્રકારે? માનનીય ઇકબાલભાઇએ એમના પ્રવચનમાં કહ્યું પણ જો બિલમાં વધારે ઊંડા ગયા હોતને તો બિલમાં બહુ સ્પષ્ટ ઉલ્લેખ છે કે જેનો શ્રેષ્ઠ સંસ્થાઓ, જેને સરકારે ગુણોત્તર કેન્દ્ર તરીકે જાહેર કરેલી કોલેજો છે એને આ યોજનાનો લાભ મળશે અને એમાં ફક્ત સ્વર્નિભર કોલેજો જ છે. સરકારી કોલેજોની સીટનો કોઇ જગ્યાએ આમાં ઉલ્લેખ નથી. સરકારી કોલેજો જેટલી છે એ તમામે તમામ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે અકબંધ રાખી છે પણ સ્વર્નિભર કોલેજોમાં બીજી નવી કોલેજો આવવાનો સવાલ તો છે જ. એની સાથે સાથે આંતરરાષ્ટ્રીય જેની નામના છે એવી કોલેજો પણ આપણે ત્યાં છે ત્યારે આવી કોલેજોમાં પણ વિદ્યાર્થીઓ આવે અને સાહેબ બહુ સરસ આપણી એક માનસિકતા રહેલી છે. ગુજરાતના મુખ્યમંત્રીએ જ્યારે સ્કોપને લોચિંગ કર્યુ છે ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને ઇંગ્લિશમાં બોલવા માટેના જે કોર્ષ શરૂ કર્યા છે તે દિવસોમાં કહ્યું છે કે દુનિયા જે ભાષામાં વિચારી શકે, દુનિયા જે ભાષામાં સમજી શકે, જે ભાષામાં વાત કરી શકે એ ભાષામાં મારો ગુજરાતનો વિદ્યાર્થી વાંચે, વિચારે એ માટેની અમે આ યોજનાઓ મૂકી છે અને માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે સ્પર્ધાત્મક ભાવનાનો જ્યારે અહીંયા સ્પષ્ટ ઉલ્લેખ થયો છે ત્યારે ખરેખર મને આનંદ એટલા માટે થાય છે કે ગુજરાતના વિદ્યાર્થીઓનું કેલીબર આંતરરાષ્ટ્રીય કક્ષાએ નહિ પણ આંતરરાજ્ય કક્ષાએ પણ ખીલે એ પ્રમાણેનો પણ આમાં કન્સેપ્ટ છે અને આ કન્સેપ્ટને સમજ્યા પછી આપણે એમાં વધારેલી કોલેજો બહુ મોટું શોષણ કરી નાંખશે અને અત્યારે આપણે જોઇએ છીએ કે ગુજરાતમાં વિદ્યાર્થીઓની સંખ્યા કરતા પણ ક્યાંક બેઠકો એન્જિનિયરીંગ કોલેજોમાં આપણે વધારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવનારા દિવસોમાં જે રીતે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે એ સંજોગોમાં બે રીતે આપણે અહીંયા કોલેજેને કયાંક એમના માટેના સુધારા વિધેયકો લાવવામાં આવ્યા છે. એક છે, એમના પ્રવેશ માટેના જે નીતિ નિયમો છે એમાં આવી સ્પેશિફિક કોલેજો, નોટ ફોર ઓલ, આ બધી કોલેજો માટેની વાત નથી. આ બધી કોલેજોની બેઠકો આપણે બીજા કોઇના ચરણે ધરવાની વાત નથી પણ સ્પેશિફિક કોલેજો છે કે જેની ક્ષમતા છે, જેની કક્ષા છે, જે શ્રેષ્ઠ છે, જે સર્વોત્તમ છે અને જેને કહી શકાય કે, ગુણવત્તાની દૃષ્ટિએ જેને ક્લાસ આપી શકાય, એવી કોલેજોની આ બેઠકો જ્યારે આપણે સ્પર્ધાત્મક ભાવનાના હેતુથી અન્ય રાજ્યોને જ્યારે ઓફર કરી રહ્યા છીએ ત્યારે હું એમ માનું છું કે, નથીંગ વીલ રોંગ. આપણે જે શરૂઆત કરીએ છીએ ગુજરાત, શરૂઆતમાં આપણે કદાચ ક્રિટિસાઇઝ કરીએ, એનું કારણ છે કે, *(xxxx) એટલે એમાં ( અંતરાય )

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચાના એક સ્તરને કમ સે કમ વિધેયકમાં જાળવવા પ્રયત્ન કરવો જોઇએ. માનનીય આત્મારામભાઇના જે શબ્દો છે, આપ ચકાસી લેજો. કોઇ પણ સભ્યશ્રી અહીંયા બોલે છે ત્યારે એના વિશે *(xxxx) (xxxx) આ પ્રકારના

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆ આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆ આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ઉચ્ચારણો ગૃહની કાર્યવાહીમાં રહે એ પણ આપના માટે શોભાસ્પદ નથી. આ ગૃહના બધા જ સભ્યશ્રીઓ પોતાની રીતે પોતાના વિચારો રજૂ કરતા હોય છે. (xxxx) એમ કરીને બીજા માટે આવી કોમેન્ટ એ બરાબર નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઇએ એમના પ્રવચનમાં કોઇ વ્યકિત, કોઇ ધારાસભ્ય કે અહીંયા (અંતરાય) એક મિનિટ શકિતસિંહભાઇ સાંભળો તો ખરા, કોઇના નામનો ઉલ્લેખ નથી કર્યો. માનનીય શકિતસિંહભાઇને મારી એટલી જ વિનંતી છે કે, આ પ્રવચન જ નહીં પણ ગઇકાલના અને એમના બીજા પ્રવચનોનું સ્તર વાંચી લે, ગુજરાતની સભાઓમાં કરતાં ભાષણોનું સ્તર વાંચી લે. એટલે ખબર પડશે કે સ્તર કોણે નીચું કર્યુ છે અને કેટલી નિમ્ન કક્ષાએ તમે ગયા છો. તમે તમારું જાણી લો પહેલાં. પહેલાં પોતાની જાત તરફ જુઓ પછી બીજાની વાત કરો. માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલના પ્રવચનો એમના નિમ્ન કક્ષાના હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ, હું રેકર્ડ જોઇને શબ્દો દૂર કરીશ, માનનીય આત્મારામભાઇ.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ એ હતો કે, મહાત્મા ગાંધીજીએ જયારે અહિંસાની વાત કરી ત્યારે એ દિવસામાં એને હસનારો એક વર્ગ હતો. પણ એ અહિંસાના તાંતણે જોડાઇને આ દેશ આઝાદ થયો હતો એ પણ ઇતિહાસમાં નોંધ છે એની . મારે એટલા માટે આ વાત કરવી પડી છે કે, બધામાં એટલી ક્ષમતા હોય તો આજે સેંકડો વર્ષો પછી ચાણક્યનું અર્થશાસ્ત્ર આજે પણ એટલું જ કેપેબલ છે અને એ વિચારો એની ઉચ્ચતા તો આવવાની જ છે સાહેબ. બધામાં આવી શકે એવું માનવાની જરૂર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ એ છે કે, ચાણક્યના વિચારો, સ્વામી વિવેકાનંદના વિચારો, મહાત્મા ગાંધીજીના વિચારો, જે રીતે મહાત્મા ગાંધીજીએ અહિંસાની વાત કરીને આ દેશની આઝાદીની શરૂઆત કરી હતી અને આજે એને સ્વીકારીએ છીએ. દુનિયા સ્વીકારે છે અને એવા જ આવનારા દિવસોમાં મારે કહેવું છે કે, ગુજરાતના મુખ્ય મંત્રીએ જે સદભાવનાના મિશન મારફતે શાંતિ, ભાઇચારો અને એકતાની વાત શરૂ કરી છે એને દુનિયાએ સ્વીકારવું પડશે અને આવનારા દિવસોમાં એની નોંધ લેવાવાની છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બિલ ઉપર આવી જાઓ, પ્લીઝ.

શ્રી આત્મારામ મ. પરમાર : સાહેબ હું બિલ બહાર એક પણ શબ્દ ગયો નથી. હું બિલની મર્યાદામાં રહીને જ બોલું છું. પણ મારા રજૂ કરેલા વિચારોને પિષ્ટપેક્ષણ કરીને રજૂઆત કરવાના પ્રયત્નો થયા એટલા માટે મેં દાખલાઓ આપ્યા છે, નથીંગ ઇઝ રોંગ એમાં માનનીય અધ્યક્ષશ્રી. અને હું એટલા માટે કહું છું કે, આવી જે છૂટછાટ કોલેજોને આપવામાં આવનાર છે.એ કોલેજો ઉત્કૃષ્ટ સંસ્થાઓ હશે. ઉચ્ચ ગુણવત્તાસભર સંસ્થાઓ હશે. ખરેખર શ્રેષ્ઠ સંસ્થાઓ હશે. અને લાયક સંસ્થાઓને જ આનો લાભ મળવાનો છે ત્યારે આપણે બીજી કોઇ ચિંતા અને પળોજણમાં પડયા વિના હું એટલું કહીશ કે માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એનેઆપણે સર્વાનુમતે ટેકો આપીને ગુજરાત એક સદભાવના વ્યકત કરે એવું કહીને વિરમું છું.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### ગૃહના સન્માન અંગે

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અમને ચિંતા આ ગૃહના સન્માનની છે અને આપની ખુરશીની પણ. આ ખુરશી પર વ્યકિત કોણ બેઠી છે એના કરતા પણ ચેરનું સન્માન બધા સભ્યોએ જાળવવું જોઇએ. આપશ્રીએ વારંવાર નિર્ણયો આપ્યા છે. એક વખત નહીં, અનેક વખત નિર્ણયો આપ્યા છે અને ત્યારે (અંતરાય) તમે એના કારણે જ ભોગ બન્યા છો મને ખબર છે, મને ખબર છે એના કારણે જ તમે ભોગ બન્યા છો. ફકીરભાઇના કારણે માનનીય અધ્યક્ષશ્રી, હું જયારે પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા પર છું ત્યારે આપનું રક્ષણ ઇચ્છુ છું. મંત્રીશ્રીઓ બેસીને કોમેન્ટ કરે અને આપ રક્ષણ ન આપો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ આપના પોઇન્ટ ઓફ ઓર્ડર પર બોલો. ઓર્ડર.....ઓર્ડર.. પ્લીઝ,

આત્મારામભાઇ,

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે જયારે એમને વારંવાર ઓર્ડર કર્યા છે ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીઓએ, આ ૧૨ મી વિધાનસભામાં માનનીય અશોકભાઇએ, આપશ્રીએ પણ પ્રવચનના અંતે કોઇપણ પ્રકારના સુત્રોચ્ચાર ન થઇ શકે આ વિધાનસભાગૃહની કાર્યવાહીમાં છે. જય જયકાર અને શબ્દોથી કશું ન થાય દિલમાં ભાવના જે હોય એ રહેવી જોઇએ. માત્ર અહીંયા આપના આદેશનું ઉલ્લંઘન થાય છે ત્યારે (અંતરાય) એ અહીંયા પુછોને કઇ ભાવના? અહીંયા બેઠા હોય તો એમને ખબર પડે (અંતરાય) તો શું કામ બોલે છે? એ કહે છે કઇ ભાવના તો મારે કહેવું પડે કે આપના નેતાની, આપના નેતાની ભાવના (અંતરાય) તો બેસેને અહીંયા. તો બેસે અહીંયા શું કામ બોલે છે?

અધ્યક્ષશ્રી : ઓર્ડર... ઓર્ડર પ્લીઝ. હું રેકોર્ડ જોઇને શબ્દો દૂર કરીશ પ્લીઝ. આપ આપના પ્રવચન પર આવી જાવ. (અંતરાય) માનનીય શકિતસિંહજી, આપનું પ્રવચન છે બિલ ઉપર.(અંતરાય)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : એ બોલે છે ત્યારે આવશે જ નિતિનભાઇ, તમારું સ્તર જે છે ને,

અધ્યક્ષશ્રી : શકિતસિંહભાઇ, પ્લીઝ આપ બિલ ઉપર વાત કરો. (અંતરાય)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : નીતિનભાઇ, તમારું સ્તર જે છે ને તમારું સ્તર તમારું સ્તર જે છે ને (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહભાઇ, આપ બીલ ઉપર વાત કરો. પ્લીઝ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ એ રેકોર્ડમાં જો શબ્દો એ ન બોલ્યા હોય તો મારે કહેવાનું છે.

અધ્યક્ષશ્રી : મેં આપને કીધું છે હું રેકોર્ડ જોઇને દુર કરીશ.
આપના પ્રવચન માટે મેં કોલ કર્યો છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અર્જુનભાઇ બોલશે.

અધ્યક્ષશ્રી : દંડકે આપનું નામ આપ્યું છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : સમય બચાવવા માટે આપ કહેતા હો તો.

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ.

**શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા (પોરબંદર)** ઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત બિલ ૨૦૧૨ લઇને આવ્યા છે. ૨૦૦૨ પછી એની આસપાસમાં જ (અંતરાય) બહુ સચેત થવાની જરૂર નથી. હું ૨૦૦૨ના શિક્ષણના બીલની વાત લઇને આવ્યો છું. બધાના કાન સરવા થઇ ગયા એટલે કહું છું. પહેલી વખત માનનીય શિક્ષણ મંત્રી જયારે આ ખાનગી યુનિવર્સિટીઓના બીલ લઇને આવેલા એ વખતે જે ભાષણો થયા હતા એ ભાષણની કોપી પણ મારી પાસે છે અને એ વખતે જે ખાતરીઓ ગૃહમાં અપાઇ હતી.અને જે ચર્ચાઓ થઇ હતી. એના આધારે આ બિલો ખાનગી યુનિવર્સિટીના બિલો સર્વાનુમતિથી મંજૂર થયેલા. અમારા મિત્ર અનિલભાઇ ત્યારે મંત્રી હતા. એ સંસ્થા સાથે સંકળાયેલા હતા. એ બિલ આવેલું એ વખતે ત્યારે કોઇ પક્ષાપક્ષી જોયા વગર એ સંસ્થાઓની તારીફ કરવામાં આવેલી. શબ્દ ચોર્યા વગર. એટલું જ નહિ, અનિલભાઇ મંત્રીશ્રી હોવા છતા મેં પોતે એમના જાહેરમાં ગૃહના ફ્લોર ઉપરથી વખાણ કરેલા. એટલે જ્યાં શિક્ષણની વાત આવતી હોય ત્યાં રાજનીતિની વાત અમે ક્યારેય કરી નથી. એક વખત એવું બનેલું કે ગૃહનો છેલ્લો દિવસ હતો અને કડી વિશ્વવિદ્યાલયને યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટેનું બિલ લાવવાનું હતું અને એમાં એને ગૃહના નિયમો સાથે સમાધાન કરીને લઇ આવવાનું હતું. એમના વડીલો એ વખતે અમને મળવા આવ્યા કે આપ સંમત થતા હોય તો ગૃહમાં બિલ આવી શકે. એ વખતે ગૃહના નિયમો સાથે સમાધાન કરીને કડી વિશ્વવિદ્યાલયને યુનિવર્સિટીનો દરજ્જો આપવાનું બિલ લઇ આવ્યા હતા. નડિયાદની ધર્મસિંહ ઈન્સ્ટિટ્યૂટને યુનિવર્સિટીનો દરજ્જો આપવાની વાત થઇ ત્યારે એ વખતે આ જ સ્પીરિટ આ જ ભાવનાથી અમે આ બધા બિલોને ટેકો આપેલો. મેં કહ્યું એમાં પક્ષાપક્ષી નહિ. ઘણી બધી બાબતોની અંદર સદભાવનાની

વાત અટલબિહારી વાજપયીને કરવી હતી ત્યારે તો રાજધર્મ બજાવવાનું ભૂલી ગયા એમ ન કહ્યું હોત. તમારા માટે તો એક સદભાવના યુનિવર્સિટી ૧૦ વર્ષનો કોર્સ ભણાવે તો પણ તમને સદભવાના આવે તેમ નથી. રાજનીતિ માટેની તમારી સદભાવના છે. સવાલ એ છે કે જ્યારે જ્યારે શિક્ષણની વાત આવી હોય ત્યારે કોઇ એમાં પક્ષાપક્ષીમાં પડ્યા નથી. અને એ વખતે માનનીય મંત્રીશ્રીએ પ્રવચનમાં ખાતરી આપી હતી કે આ યુનિવર્સિટીઓમાં ફી નિર્ધારણ કરવાનું કામ સરકાર કરવાની છે. બીજી ખાતરી એવી અપાઇ હતી કે આપણા વિદ્યાર્થીને એડમીશન આપવાના છે. ગુજરાતના વિદ્યાર્થીને. અને એટલા માટે આપણે અહીયા પ્રાઇવેટ યુનિવર્સિટી શરૂ કરી છે. પ્રાઇવેટ યુનિવર્સિટીનું બિલ એટલા માટે લાવવામાં આવ્યું છે. એ વખતની જે ખાતરી હતી, એ ખાતરીનો ભંગ પણ થયેલ છે. શું કરવા બિલ લઇ આવવાની જરૂરિયાત ઉભી થઇ? એ સવાલ પૂછવાની જરૂરિયાત છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ આ પ્રકારના પ્રયાસને રોકવાનો પ્રયાસ ભૂતકાળમાં કર્યો હતો. અમદાવાદ યુનિવર્સિટીનું બિલ આવ્યું ત્યારે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ ખાતરી આપી હતી કે જે ગ્રાન્ટેબલ કોલેજો છે, તેને આ યુનિવર્સિટીના પરવ્યૂમાંથી બહાર રાખવામાં આવશે. ગૃહમાં ખાતરી આપી હતી, એટલું જ નહિ ગૃહની બહાર પણ ખાતરી આપી હતી. જે લોકો મળવા ગયા ત્યારે અને એમણે ઘણા લોકોને વ્યક્તિગત રીતે કહ્યું હતું કે હું આમાં સંમત નથી. ગરીબ પરિવારમાંથી આવે છે, એટલા માટે પછી એ સમાવેશ થાય એવું બિલ લઇ આવ્યા. ગઇકાલે દિલીપભાઇ બંધારણની વાત કરતા હતા. બંધારણ મુજબ વર્ત્યા હોત તો આજે માછલા ધોવાતા ન હોત. બંધારણ પ્રમાણે એ વખતે કહ્યું હતું કે આ કોલેજો બહાર રાખવી જોઇએ. રાજ્ય સરકારની સહાયની છે.પરંતુ દક્ષિણ ગુજરાતની એક યુનિવર્સિટીને આવો દરજ્જો આપવાવાળું બિલ જે ગ્રાન્ટેબલ કોલેજો સાથેનું લાવ્યા હતા અને મહામહિમ રાજ્યપાલશ્રીએ આ બિલ પાછું મોકલ્યું અને એના પછી સુધારેલું બિલ આવ્યું અને એને કારણે અમદાવાદ યુનિવર્સિટીનું પણ જે ઇચ્છા હતી કે ગ્રાન્ટેબલ કોલેજ બંધ કરીને ત્યાં લઇ જવાની એ પાર પડી. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ શું કરવા આવ્યું એ મને ખ્યાલ નથી, કોણે રજૂઆતો કરી એની વાત હું પછી કરીશ પણ ગુજરાતની અંદર અત્યારે સરકારી ઓછી ફીવાળી, એ ૪૫૦૦ રૂપિયા ફી અત્યારે છે એવી ૧૯ કોલેજો છે અને એમાં ૧૦૨૨૪ બેઠકો છે અને જે ખાનગી ઇન્સ્ટીટ્યુટ છે એ ૮૬ છે અને એની ૩૩૬૨૯ બેઠકો છે. એક તરફ ૪૫૦૦ રૂપિયા ફી અને બીજી તરફ ૫૫૦૦૦ થી માંડીને ૭૫ હજારથી ૮૦ હજાર રૂપિયા સુધીની ફી. અને માનનીય અધ્યક્ષશ્રી, સરકારી મેડીકલ કોલેજો ૬ છે અને એમાં ૯૮૦ બેઠકો છે. સરકારી કોલેજોમાં છ હજાર રૂપિયા ફી લેવાય પણ ખાનગી મેડીકલ કોલેજો છે એ નવ છે એની ૧૨૫૦ બેઠકો છે. સરકારી મેડીકલ કોલેજોમાં છ હજાર રૂપિયા ફી લેવાય પણ ખાનગીમાં ૩ લાખ ૧૧ હજાર રૂપિયાથી શરૂઆત થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે ફી છે સરકારી અને ખાનગી વચ્ચેનો કેટલા ટકા ફરક છે? કેટલા ગણો? બમણો, ત્રણ ગણો, ચાર ગણો, પાંચ ગણો, દશ ગણો નહીં એ ત્રીસ ગણા ફીથી શરૂઆત થાય અને પચાસ ગણા સુધી છે. હું આમાં ૨૫ ટકા મેનેજમેન્ટ ક્વોટા ડોનેશન એ નથી ગણતો. સરકારનું નિયંત્રણ જરૂરી છે, આ સરકારની જવાબદારી છે એટલા માટે જરૂરી છે. ગઇ કાલે આ બાબતની અમારા નેતા ચર્ચા કરતા હતા યુનિવર્સિટીના બિલ ઉપરની ત્યારે એમણે ચિંતા કરી અને મેં મારા પ્રવચનમાં આપણા નાણા મંત્રીશ્રી વજુભાઇ વાળાની પણ તારીફ કરી હતી, પંદરમું કે સોળમું બજેટ લઇને આવ્યા હતા ત્યારે, જો એ વખતે આવી સરકારો હોત તો વજુભાઇ વાળા પણ ભણી શકયા ન હોત અને નાણા મંત્રી ન થઇ શક્યા હોત. એ વખતે આવી સરકારો હોત તો હું પણ પ્રાથમિક શાળાથી આગળ ડગલું માંડી ન શકયો હોત, કારણ કે હું બસો રૂપિયાની ફીમાં ભણેલો છું. અને એ વખતે એ સરકારે મને નવસો રૂપિયાની સ્કોલરશીપ આપી હતી, ચાર વીઘા જમીન જેના મા બાપ પાસે હોય એ વર્ષના ત્રણ ચાર લાખ રૂપિયા ખર્ચ ન કરી શકે અને આજે એને કારણે માનનીય અધ્યક્ષશ્રી અનેક બાળકો એવાં છે કે જેને બારમા ધોરણ પછી ભણવું છે પણ એના દરવાજા બંધ થઇ જાય છે. ગઇ કાલે વાત થઇ કે, સુપર ન્યુમરી સીટ એડમીશનના લેવલ કરતાં વધારાની સીટ ફી વગરની ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનીકલ એજયુકેશને પાંચ વર્ષ પહેલાં આપણને સૂચના આપી હતી કે તમે સુપર ન્યુમરી સીટ એ ભરાવો પણ આપણે ભરતા નથી. આપણને એલાઉ કરેલા વગર ફી પણ પછી

આપણે નિર્ણય માંડો લીધો, લીધો પણ માંડો લીધો, આપણે તો એ વખતે વાત કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આટલી જ સીટો આપણી પાસે છે, મેનેજમેન્ટને ૨૫ ટકા સીટો છે એનું વેચાણ કરવા માટેનો પરવાનો આપ્યો છે એટલું પુરતું નહીં થયું હોય! કોઇક તો જગ્યાએ અટકવું પડશે. સુપ્રિમ કોર્ટ તરફથી એમ કહેવામાં આવ્યું હોય કે તમામ બેઠકો મેરિટના ધોરણે આપવી અને બીજા રાજ્યોમાં ત્યાંની હાઇકોર્ટે એમ કહ્યું હોય કે ૨૫ ટકા બેઠકો પણ તમારે મેરિટના ધોરણે આપવી પડશે. આજે સ્થિતિ એવી થાય છે કે, ૨૫ ટકા બેઠકો મેડિકલની હોય, એન્જિનિયરીંગની હોય, પી.ટી.સી.ની હોય, પી.ટી.સી.ની જગ્યાઓ તો આજે પૂરી ભરાતી નથી. કે પછી પી.એચ.ડી. ની હોય આ બધાની અંદર રોકડા રૂપિયા લઇ અને એડમિશનો આપવામાં આવે છે. આ સરકારને એ વિચાર કેમ નથી આવતો કે, આપણે મેરિટના ધોરણે ચાલીએ. મારે નિરમા યુનિવર્સિટીને ધન્યવાદ આપવા પડે કે એમણે મેનેજમેન્ટ ક્વોટા સરન્ડર કરી દીધો છે અત્યારે. ઘણી સારી સંસ્થાઓ છે એમાં હું એક સંસ્થા સાથે સંકળાયેલો છું દસ વર્ષથી બી.એડ ચાલે છે એમાં અમારા મેનેજમેન્ટે મેનેજમેન્ટ ક્વોટા પહેલા દિવસથી જ સરન્ડર કરી દીધો અને કહ્યું કે મેરિટ પ્રમાણે જ એડમિશન આપવું જોઇએ. આપણને એ વિચાર કેમ નથી આવતો કે આ મેનેજમેન્ટ ક્વોટા વાળી સીટો છે એ સીટોનું પણ આપણે મેરિટ પ્રમાણે એડમિશન આપીએ. એને બદલે આપણે તો એવી તૈયારી કરીએ છીએ કે હવે આ ઇન્સ્ટીટ્યુશનને બહારના રાજ્યોના વિદ્યાર્થીઓ નહીં પણ ફી નિર્ધાર કરવાનો અધિકાર પણ એમને મળે. બહારના રાજ્યના વિદ્યાર્થીઓ છે એ ક્યાં આવવાના? જે સારી યુનિવર્સિટીઓ છે, સારી કોલેજો છે ત્યાં જ આવવાના. આપણા વિદ્યાર્થીઓ એટલા પ્રવેશથી વંચિત રહેવાના. જરૂર તો આના ઉપર રેગ્યુલેશન બોડી ઉભી કરવાની કે એ નિયમ પ્રમાણે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશનના કે બીજા નિયમો પ્રમાણે જમીનથી લઇને બીજા બધા નિયમો પાળે છે કે નહીં એ જુએ. એ કરી શકતા નથી આપણે. આ બિલ લઇ આવવાથી મેં કહ્યું તેમ અગાઉ આવા ખાનગી યુનિવર્સિટીના બિલોમાં જે સારી સંસ્થાઓ આવી હતી એ તમામને સર્વાનુમતે ટેકો આપેલો હતો. આમાં સંમત એટલા માટે નથી થઇ શકતા કે, આને કારણે ગુજરાતની અંદર શિક્ષણની અંદર સ્થાપિત હિતોનો વિજય થઇ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ત્રણ સંસ્થાઓએ રાજ્ય સરકારને વિનંતી કરતી અરજી કરી છે. એમાં પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ધીરુભાઇ અંબાણી ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી ઇન્સ્ટીટ્યુટ અને નિરમા. આ ત્રણેયને પ્રવેશની બાબતમાં છૂટ અપાયેલ છે રાજ્ય સરકાર તરફથી ૫૦ ટકા બહારના વિદ્યાર્થીઓ લઇ શકે છે અને નિરમાને ૨૫ ટકાની છૂટ અપાઇ છે બહારના વિદ્યાર્થીઓ લેવાની, આપણે એવી છૂટ શું કામ ન આપીએ એને કે તમે ગુજરાતના ૨૫ ટકા વિદ્યાર્થીઓને ફી વગર ભણાવો. આપણે એવું નથી લઇ આવતા પણ આપણે એની ચિંતા કરી કે જગ્યાઓ ખાલી રહે છે. જગ્યાઓ ખાલી રહે એમાં કોઇ આવવાનું નથી મોટી યુનિવર્સિટીઓ છે એમાં આવવાનું છે અને બહું સિફતપૂર્વક વાત કરી છે અહીંયા કે કલમ-૬ છે એમાં એમ લખ્યું છે કે, કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ-૩(ક) થી રાજ્ય સરકારને રાજ્યપત્રમાં જાહેરનામાથી નિયમો હેઠળ ગુણોત્કર્ષ કેન્દ્ર તરીકે જાહેર કરવામાં આવે તેવી કોલેજ અથવા સંસ્થાને અધિનિયમની તમામ અથવા તે પૈકીની કોઇ જોગવાઇમાંથી મુક્તિ આપવાની સત્તા મળે છે. આ બિલ આવવાથી રાજ્ય સરકાર એક હુકમ કરે કે આ ગુણોત્કર્ષ કેન્દ્ર છે એટલે આ અધિનિયમ જે છે એ આ સંસ્થાઓને લાગુ પડે. આવી સત્તા શા માટે જોઇએ છીએ? આની જરૂરિયાત શા માટે પડી? શિક્ષણના વેપારીઓ છે એને સરકારી અધિકારીઓ સાથે કેવી રીતે ડીલ કરવું એ ખૂબ સારી રીતે ફાવે છે અને કેવા કેવા દબાણો આવે છે એ માનનીય શિક્ષણમંત્રીશ્રી સારી રીતે જાણે છે. એટલે આ બિલ લઇ આવી અને રાજ્ય સરકારે આ બિલ નિરર્થક બનાવવાનો પ્રયાસ કર્યો છે અને એ નિરર્થક ન રહે એટલા માટે મારી વિનંતી છે કે એટલિસ્ટ રમણભાઇ આપના હાથે આ બિલ ન લઇ આવો. જતા જતા આ જરૂર નહોતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી અન્ય : ઓર્ડર ઓર્ડર આપણે બિલ ઉપર જ ચર્ચા કરીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ એમને કહો.

અધ્યક્ષશ્રી : આપ બિલ ઉપર જ બોલો. બધા માટે છે આપને પણ કહું છું પ્લીઝ, હું બધાને સૂચના આપું છું. હું બધાને જ કહું છું કોઇ એકને નથી કહેતો પ્લીઝ, બધાના માટે સૂચના છે પ્લીઝ,

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : જે બોલતા હોય એમને સાહેબ આપે પહેલાં સૂચના આપવી જોઇએ. હું તો મારા વિષય ઉપર જ બોલતો હતો. હું મારા વિષયથી બહાર નહોતો બોલતો. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, આ પી.ડી.પી.યુ. અને નિરમા વાળાએ જે બહારના વિદ્યાર્થીઓને એડમીશન આપ્યા છે એના માટેનો કેસ ગુજરાત હાઇકોર્ટમાં પડતર છે. આ બિલ આવશે એટલે આ બન્ને યુનિવર્સિટીઓએ જેમણે Irregularity કરી છે એડમીશનની અંદર એ એડમીશન રેગ્યુલરાઇઝ થઇ જવાના છે અથવા તો એણે જે નિયમ બનાવેલો છે પોતાની યુનિવર્સિટી માટેનો એ રેગ્યુલરાઇઝ થઇ જવાનો છે. આ વિદ્યાર્થીઓના હિતમાં નથી, આ શિક્ષકોના હિતમાં નથી અને આ ગુજરાતના હિતમાં નથી. માનનીય અધ્યક્ષશ્રી આપણે શિક્ષણની અંદર, શિક્ષણ અને આરોગ્ય એવા છે કે જેમાં આપણે તજજ્ઞો અને નિષ્ણાતો હોય એનો ઉમેરો કરવો જોઇએ. એક તરફ આપણે સરકારમાં એવી યુનિવર્સિટીઓનું સર્જન કરીએ છીએ. કે જે યુનિવર્સિટી કોઇ પણ રીતે સ્વાયત ના હોય મેં ગઇકાલે આ બાબતના દાખલાઓ આપેલા હતા. તે રક્ષા શકિત યુનિવર્સિટી હોય કે ગઇકાલે બનાવેલી આપણી ઇન્સ્ટિટયૂટઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી તેની અંદર સરકાર સંપૂર્ણપણે સરકારનું પ્રભુત્વ અને બીજી સંસ્થાઓ એવી છે કે આ સંસ્થાઓ પર કોઇ પણ પ્રકારનું રેગ્યુલેશન અને એ પણ આ ગૃહ પાસે નકકી કરાવવામાં આવે. મારી આપના મારફતે માનનીય રમણભાઇને વિનંતી છે કે આ બિલ બાબતમાં હું માનું છું ત્યાં સુધી જે આ ક્ષેત્રના નિષ્ણાતો છે તેની સાથે ચર્ચા કરે, વાલીઓની સાથે ચર્ચા કરે, વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરે અને ચર્ચા કર્યા પછી આ બિલ લઇ આવે અને તેમાંથી કોઇનો પણ અભિપ્રાય થતો હોય આવો એવું હું કયાંય માનતો નથી. હા, જેને શિક્ષણની અંદર કમાણી કરવી છે તે સ્વાભાવિક આ વાત કરવાના છે કે અમને તમામ રીતે મૂકિત આપો. જે કરવું હોય તે અમને કરવાની છૂટ આપો કોઇ અમારી ઉપર નિયંત્રણ ના હોવું જોઇએ એમાંથી નીકળી જઇ અને આપણી તે સારી ઉચ્ચ કક્ષાની સંસ્થાઓ ઉભી થાય તેના માટે પ્રયાસો કરવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની સરકારોએ આ ક્ષેત્રમાં ઉમદા કામ કરેલું છે. સરકારી ક્ષેત્રમાં જ કામ કરેલું છે. રાજયની સ્થાપના થઇ ત્યારે ગુજરાતમાં એક યુનિવર્સિટી હતી. તે એક યુનિવર્સિટીમાંથી આપણે અનેક યુનિવર્સિટીઓ બનાવી. સરકારી પબ્લિક સેકટરની અંદર કોલેજો બનાવી ગ્રાન્ટ ઇન એઇડ ઇન્સ્ટ્રીટયુશનો બનાવી, રિસર્ચ ઇન્સ્ટ્રીટયુટો બનાવી અને તેમાંથી તજજ્ઞો ઉભાં થયા પછી તે એગ્રીકલ્ચર સેકટરના હોય, એન્જીનીયરીંગ સેકટરના હોય, ડેરી સેગમેન્ટના હોય કે પછી humanity ક્ષેત્રના હોય એટલા માટે થયા કે ત્યાં સામાન્ય માણસ ભણી શકતો નથી. આપણે એવી સ્થિતિનું નિર્માણ કરી રહ્યાં છીએ કે એક એવો island તૈયાર થાય કે જે island માં માત્ર સંપન્ન મા–બાપના દીકરા દિકરીઓ ભણી શકે અને જે ગરીબ છે, મધ્યમ વર્ગના લોકો છે તે ફીના વાંકે આવી સંસ્થાઓમાં એડમિશન ના લઇ શકે આ સોસાયટી માટે હાનિકારક છે. Naxalism નો જન્મ થયો હોય તો તેના કારણોની અંદર પણ કયાંક આવી disparity છે. તે disparity ઉભી ના થાય સોસાયટીની અંદર Naxalism થી આપણું રાજય બચી ગયું છે તેમાંથી એનું કારણ એ હતું કે આપણે ત્યાં ગુજરાતની અંદર વહેંચવાનો એક સ્વભાવ રહેલો છે. એ વહેંચવાના સ્વભાવના કારણે આપણે સારી સારી જગ્યાએ આવી ઇન્સ્ટિટયૂટ સરકારની મદદથી બનાવી સરકારે આવી સ્થાઓને વાજબી ભાવે જમીન આપી, કયાંક ટોકન રેઇટથી જમીન આપી. અત્યારે ઉદ્યોગોને અપાય છે તે જ ધોરણે જો આ એજયુકેશનલ ઇન્સ્ટિટયૂટને જે લોકો સેવા ભાવનાથી વરેલા છે તેમને અપાઇ હોત તો આપણે હકકથી તેમને કહી શકીએ કે ફી તમારે આટલી રાખવી પડશે. આજે પરિસ્થિતિ એવી ઉભી થઇ છે કે, કોલેજો બને ઠીક છે એઆઇસીટી અને એમસીઆઇના કારણે તેના ધોરણો ચોકકસ કરેલા છે એટલે એમાં કોમ્પ્રોમાઇઝ નથી થતાં. પણ બીજી ઇન્સ્ટિટયૂટ જે થાય છે તે ધોરણો વગરની ઇન્સ્ટિટયૂટ થઇ રહી છે. રમતનું મેદાન ના હોય, લાયબ્રેરી ના હોય, લેબોરેટરી ના હોય અલબત્ત તેનો આમાં સમાવેશ થતો નથી એટલે તેમાં હું બહુ ઉંડાણમાં ઉતરતો નથી. પરંતુ આ બિલ છે તે આવ્યાં પછી માનનીય શિક્ષણ મંત્રીશ્રી પાસે પણ કોઇ રજૂઆત કરવા

આવશે કે સાહેબ આ ઈન્સ્ટિટયુટની અંદર આટલી ઉંચી ફી લેવાય છે તો માનનીય શિક્ષણ મંત્રીશ્રીના હાથ પણ બંધાયેલા રહેવાના છે અને તેમાં કોઇ નિયંત્રણ રહેવાનું નથી. એટલે આ બિલ જે છે તે પ્રવર સમિતિને સોંપાય, આગળ ના વધે અને સરકારના વાજબી નિયંત્રણ છે તે ચાલુ રહે એવી વિનંતી સાથે આ બિલના હાર્દ સાથે હું સંમત થઇ શકતો નથી.

**શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી સને ૨૦૧૨નું વિધેયક ક્રમાંક ૪– સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારનું આયોજન પંચ જયારે માનવ વિકાસનો રીપોર્ટ તૈયાર કરે ત્યારે અને બધા રાજયોનો ક્રમાંક નકકી થતો હોય છે, ત્યારે આ આયોજન પંચ ૩ પાસા ધ્યાનમાં લેતું હોય છે. એક તો માણસની ખર્ચ કરવાની ક્ષમતા, અર્થાત માથાદીઠ આવક. બીજું આરોગ્ય અને ત્રીજું શિક્ષણ. આ ત્રણેય પાસા માનવ વિકાસના આંકનો ક્રમાંક નકકી કરવા માટે ધ્યાનમાં લેવાય છે. એના માટે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી આ રાજયમાં પૂરતું ધ્યાન આપે છે.

આ બાબત ટેકનિકલ શિક્ષણને લગતી છે. ટેકનિકલ શિક્ષણ એ માનવ વિકાસના આંક સાથે જોડાયેલ છે, કારણ કે ટેકનિકલ શિક્ષણ મળવાથી રોજગારી વધે. રોજગારી વધે એટલે માથાદીઠ આવક વધે. એટલા માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જયારે સર્વાંગી વિકાસ કર્યો છે ત્યારે અને ગુજરાતમાં જયારે ઉદ્યોગો આવી રહ્યાં છે ત્યારે તેમને પણ માનવ બળની જરૂરિયાત રહેવાની છે. તેમને વ્યાવસાયિક અને ટેકનિકલ માનવ બળની જરૂર રહે છે. આ માનવ બળ પૂરું પાડવા માટે આ વિધેયક આવકારદાયક છે.

હમણા માનનીય અર્જુનભાઇ વાત કરતા હતા કે અમુક કોલેજોની ફી આટલી છે અને અમુક વધારે પ્રમાણમાં ફી લે છે. મારે એમને કહેવું છે કે આ રાજયમાં ગોળ અને ખોળ બન્ને સરખા નહીં વેચાય. કારણ કે જે ગુણવત્તાસભર કોલેજો છે, એવી કોલેજો કે સેન્ટર ઓફ એકસેલન્સ કોલેજો છે, તેમને આ વિધેયકમાંથી મૂકિત આપી છે. કારણ કે આ ગુણવત્તાસભર કોલેજો છે. એમના સંશોધન કેન્દ્રો, ઈન્ફ્રાસ્ટ્રકચર એમ દરેક બાબત ધ્યાનમાં લઇને નેશનલ બોર્ડે પણ એને રેન્કીંગ કરેલું છે. નિરમાની વાત કરી, એ પણ આ એન.બી.એ.નું રેન્કીંગ ધરાવતી સંસ્થા છે. એ એની ગુણવત્તાસભર ફી લેતી હોય તો એમાં આ સરકારનું દૂરંદેશીપણુ છે. એમને જયારે મૂકિત આપવાની જોગવાઇ છે, ત્યારે મારે કહેવું છે કે ગુજરાતમાં આ કોલેજોની અંદરોઅંદર હરીફાઇ થશે. રેન્કીંગ મેળવવા માટે કોલેજોની વચ્ચે હરીફાઇ થશે. એમાં ઉચ્ચ શિક્ષણમાં એના માટે આ મૂકિત આપી છે એ ખોટું નથી.

બહારના રાજયના લોકોને પ્રવેશ આપવાની બાબત છે ત્યારે રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તામિલનાડુ જેવા અનેક રાજયો બીજા રાજયના વિદ્યાર્થીઓને પ્રવેશ આપે છે. આપણે ગુજરાતમાં પણ બીજા રાજયના વિદ્યાર્થીઓને પ્રવેશ આપીએ છીએ ત્યારે મારું માનવુ છે કે આનાથી એ ફાયદો થશે કે ગુજરાતના વિદ્યાર્થીઓ અન્ય રાજયના વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરી શકશે. એમની હરીફાઇ થશે અને એના લીધે ગુજરાતના વિદ્યાર્થીઓ વધુ બુધ્ધિમાન બનશે. બીજો ફાયદો એ થશે કે યોગ્ય લાયકાતવાળા ગુજરાતના છેવાડાના વિસ્તારના વિદ્યાર્થીઓને આસાનીથી પ્રવેશ મળી શકશે. બહારના રાજયના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાથી બહારનું બુધ્ધિધન અને બહારનું ધન આપણા રાજયમાં આવશે. ગયા વખતની ટર્મમાં મોટા પ્રમાણમાં સીટો ખાલી રહી હતી તે હવે ખાલી નહીં રહે. મહત્વની બાબત એ હતી કે શહેરી વિસ્તારની કોલેજોમાં ટેકનિકલ સીટો હતી એ ભરાઇ જતી હતી અને એમાં પૂરતી સંખ્યા મળતી હતી, પણ આંતરિયાળ વિસ્તારોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં સીટો ખાલી રહેતી હતી. એના લીધે એ સંસ્થાઓને આર્થિક નુકસાન પણ થતું હતું. બીજો ફાયદો એ થયો છે કે કોઇ પણ વિદ્યાર્થી ગુજરાતના હોય અને બીજા રાજયમાં રહેતા હોય તો તેને આપણે પ્રવેશ આપી શકતા નહોતા. આ બિલથી આવા ગુજરાતના વિદ્યાર્થીઓને બીજા રાજયમાં રહેતા હોય તો પણ પ્રવેશ આપી શકાશે. અને ગુજરાતમાં મેન પાવરની જરૂરિયાત ઉભી થઇ છે ત્યારે પૂરતા

પ્રમાણમાં રોજગારી મળી રહે અને ટેકનિકલ જ્ઞાન વધે તે માટે સરકાર દરેક જિલ્લામાં સરકારી ટેકનિકલ કોલેજ ઉભી કરવા જઇ રહી છે ત્યારે મારે આ સરકારનો આભાર માનવો છે કે દરેક જિલ્લામાં સ્થાનિક કક્ષાએ ટેકનિકલ શિક્ષણ મળે અને સકારાત્મક પ્રયત્નો થાય અને દરેક જિલ્લામાં સરકારી ઇજનેરી કોલેજ અને પોલીટિકનિક સ્થાપવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ ત્યારે હું આ બિલને આવકારું છું અને સમર્થન આપું છું.

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેના પર મારા વિચારો રજૂ કરું છું. ટેકનિકલ શિક્ષણનું પ્રમાણ ગુજરાતમાં ખૂબ વધી રહ્યું છે ત્યારે તેના પ્રવેશ અને નિયમો પર રાજ્ય સરકાર પોતાની રીતે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશને મંજૂર કરેલ સીટો કે તેની અંદર વધારો ઘટાડો કરવા માટેની માગણી લઇને આવી છે ત્યારે મારે જૂની વાત એટલા માટે યાદ કરવી છે કે ફરી આ વધારો કરવાનો હોય ત્યારે સામાન્ય રીતે મધ્યમ કક્ષાના પરિવારોને પોતાના બાળકોને ભણાવવા માટેની મુશ્કેલી ઉભી થાય છે તેવું માનનીય અર્જુનભાઇએ કહ્યું તેમાં હું મારો સૂર પૂરાવું છું. પાર્ટ ટાઇમમાં એન્જિનિયરીંગ ટેકનિકલ એજ્યુકેશનની કોલેજો હતી એમાં ૧૯૯૭ માં જયારે ફીનો વધારો કરવા માટે આવેલ ત્યારે રજૂઆતો આવેલ ત્યારે માત્ર શિક્ષણની તાલીમ આપતા તાલીમાર્થીઓ છે ટેકનિકલ એજ્યુકેશનના તેમના પગારોનો જેટલો ખર્ચ થાય એટલો જ વધારો આપણે મૂકયો હતો. અત્યારે તાંત્રીક શિક્ષણ આપતી વ્યવસાયિક કોલેજો છે એમાં લાખો રૂપિયાની ફી લેવાતી હોય અને ત્યારે સામાન્ય વિદ્યાર્થીઓ એમાં ભણી શકતા નથી. મહારાષ્ટ્ર અને ગોવા સાથે આપણી ઝોનલ કમિટી હતી. આપણે કયારેય ગુજરાત માટે નહીં મળેલી આપણે તો ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજયુકેશનનું ઝોનલ કાર્યાલય ગુજરાતમાં મળે તે માટેની માગણી કરવી જોઇએ. એવું આ બિલની ચર્ચામાં માનનીય શિક્ષણ મંત્રીને મારે સૂચન કરવું છે. જે પૂરા વિચાર સાથે આ બિલને આવકારીએ કે વિરોધ કરીએ તેના કરતા પ્રવર સમિતિને આ બિલ સોંપી અને પ્રવર સમિતિ જ તેના માટે ગુણદોષની ચર્ચા કરી અને એ જે સુધારા આપે તે સુધારા સાથેનું મોડીફીકેશન કરેલું બિલ આ ગૃહમાં લાવે તે વાત મારી આગળના વકતા માનનીય અર્જુનભાઇએ કરી છે તેમાં મારો સૂર પૂરાવું છું અને ખાસ કરીને શિક્ષણ મંત્રીશ્રી, આ રાજયમાં જે વ્યવસાયિક તાંત્રિક શિક્ષણ લેવા માગતા હોય તેવા વિદ્યાર્થીઓને ખૂબ જ ઓછી ફી થી આ જો મળે તો ગુજરાતનું આપણું જે યુવા ધન છે તેની ક્ષમતા જે છે તેમણે પુરવાર કરેલી છે તેને એક તક મળશે, આપણે ફોરમને ફટકવા દઇએ છીએ તેવું આપણે જે કહીએ છીએ તેમને જો તાલીમ મળે તો એ તાલીમ મારફતે આ દેશને સેવા આપી શકશે. આવું વાતાવરણ કરવા માટે થઇ ને માનનીય શિક્ષણ મંત્રીશ્રી ખેલદીલી દાખવે અને હકારાત્મકતાથી લે તેટલી જ વાત કહી અને મારી વાતને હું પૂરી કરું છું.

**શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ)બાબત (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એ વિશે હું મારા વિચારો વ્યકત કરું છું.

આ વિધેયક દ્વારા સરકાર બહારના વિદ્યાર્થીઓને ગુજરાતમાં પ્રવેશ મળે એ એક બાબત છે. બીજી બાબત એની સાથે એ છે કે જે સંસ્થાઓ ગુણોત્તર કેન્દ્રનું સ્તર હાંસલ કરે એને ફી લેવાની પરમિશન આપવી. આમાં એ સમજાતું નથી કે આના દ્વારા ગુજરાતના વિદ્યાર્થીનું કયુ હિત સમાયેલું છે? સરકાર આ બિલ લાવીને ગુજરાતમાં સાધારણ સ્થિતિના વિદ્યાર્થીઓ, ગરીબ વિદ્યાર્થીઓ કેવી રીતે ફી આપીને આ શિક્ષણ મેળવી શકશે? માનનીય સભ્યશ્રી આત્મારામભાઇએ કહ્યું કે જે સરકારી કોલેજો છે એ કોલેજો બંધ થવાની નથી, એ ચાલુ રહેશે પણ સરકારી કોલેજોની જે સ્થિતિ છે એ અંગે ગઇકાલે પણ મેં વાત કરી હતી. યુનિવર્સિટી સંલગ્ન કેટલીક કોલેજો જે સ્ટડી સેન્ટરો ચલાવે છે એ સ્ટડી સેન્ટરો માં અનુદાન નહિ આપીને માત્ર ફી ઉપર આ સ્ટડી સેન્ટરો ચલાવવાનું કામ મુશ્કેલ હોવાને કારણે ઘણી સંસ્થાઓએ આ સ્ટડી સેન્ટરો બંધ કરી દીધા છે. આમાં બહેનોની ફી છે નહિ માત્ર વિદ્યાર્થીભાઇઓ

પાસેથી ફી લેવાની અને આ ફીના ધોરણ એટલા નીચા હોય છે, તાસ દીઠ તજજ્ઞને વેતન આપવાનું હોય છે એના ધોરણો ઉંચા હોવાને કારણે સરકારી ગ્રાન્ટેડ કોલેજો પણ આ સ્ટડી સેન્ટરો ચલાવી શકતી નથી. એટલે દિનપ્રતિદીન કેટલાક વિષયો બંધ કરવા પડે છે, સ્ટાફનો અભાવ છે, સમયસર સ્ટાફ આપવામાં આવતો નથી આ રીતે ઉત્તરોત્તર ગુજરાતની અંદર સહાયક સંસ્થાઓના પ્રોબ્લેમ વધતા જશે, ફીના ધોરણો એટલા બધા ઉંચા છે, હમણાં માનનીય સભ્યશ્રીએ કહ્યું કે સારુ શિક્ષણ ગુણાત્મક રીતે સારુ શિક્ષણ આપનારી સંસ્થાઓ સ્પર્ધાત્મક રીતે એ આગળ વધતી હોય અને ઉંચી ફી લે તો એની સામે રાજય સરકારને વાંધો નહિ પરંતુ અમને વાંધો છે, વાંધો છે કે આવી સંસ્થાઓનું સંખ્યાબળ ગુજરાતમાં વધતુ જશે તેથી સામાન્ય ગરીબ માણસના બાળકો આ શિક્ષણ મેળવી નહિ શકે. હમણાં અમારા નેતાશ્રીએ અર્જુનભાઇએ વાત કરી કે ગુજરાતમાં જે સ્થિતિ આજદિન સુધી નથી આવી એવી સ્થિતિનું નિર્માણ થવાનું છે. એવી સ્થિતિનું નિર્માણ થવાને કારણે સમાજ સમાજ વચ્ચે અસમતુલા વધતી જશે, સમાજ સમાજ વચ્ચે અસમતુલા પેદા થવાની છે.

માનનીય સભ્યશ્રીએ બીજી માનવ સૂચક આંકની વાત કરી. આ શિક્ષણના કારણે રોજગારી પ્રાપ્ત થવાની છે, એ રોજગારી પ્રાપ્ત થવાને કારણે માનવ સૂચક આંક વધશે. પરંતુ અહીંયા રોજગારી કોને પ્રાપ્ત થશે, કોણ આટલી ઉંચી ફી લઇને શિક્ષણ લેશે એનો વિચાર કરવો જોઇએ. ગરીબ, સામાન્ય માનવીનું જીવન ધોરણ ત્યારે સુધરે કે એને કામ મળે એને કામ ન મળે તો માનવ સૂચક આંક વધવાનો નથી. આ દેશમાં ૭૦ ટકા સામાન્ય પ્રજા વસે છે. એમાં પણ ૩૦ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે. બાકી ૩૦ થી ૪૦ ટકા લોકો સામાન્ય લોકો છે, તો આ ૭૦ ટકા લોકોનો આંક વધારવો હોય તો એને સમયસર કામ મળે રોજગારી મળે એ પ્રકારનું આયોજન હોવું જોઇએ. એ પ્રકારનું શિક્ષણ એનું માધ્યમ એની ફીનું ધોરણ ઉંચુ હોય તો એ આ શિક્ષણ લઇ શકતો નથી એને આ શિક્ષણ મેળવવું દોહયલું છે. ડિપ્લોમાં એન્જિનિયરીંગ કોલેજો છે એમાં પણ જે સંસ્થાઓ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી એ વિદ્યાર્થીઓ પાસેથી એડમીશન આપવાને બહાને વધારે પૈસા લઇને એને પહોંચ આપતી નથી. અને દોઢથી બે લાખ રૂપિયા જેટલી વાર્ષિક ફી લેતા હોય છે. નર્સિંગ જેવા કોર્સમાં જયાં કોઇ જ સુવિધા નથી ત્યાં પણ બહેનો માટે દોઢ લાખ રૂપિયા જેટલી ફી લેવામાં આવતી હોય છે. ત્યારે જે ગુણવત્તાસભર શિક્ષણ આપનારી સંસ્થાઓ છે જેને છૂટ્ટો દોર આપવાની વાત છે. તેની ફીનું ધોરણ કેટલું હશે એ કહી શકાય નહીં અને જો તેના પ્રવેશ માટેની પણ છૂટ આપવામાં આવે અને પ્રવેશ માટે તેને પરીક્ષા લેવાની છૂટ આપે તો પરીક્ષા લેવાની બાબતમાં પણ જે ગોટાળા કરવામાં આવતા હોય છે તેનાથી આપણે સૌ વાકેફ છીએ. એટલા માટે આ બધી પરિસ્થિતિ જોતાં આવું ઉચ્ચ પ્રકારનું શિક્ષણ રાજય સરકારે જ પોતાની રીતે આવી સંસ્થાઓ ઉભી કરવી જોઇએ અને સ્વાયત્ત સંસ્થાઓ તેની સામે રહે અને તેના વચ્ચે સ્પર્ધા રહે અને સરકારી કોલેજ હોય, આ પ્રકારનું શિક્ષણ આપતી ટેકનિકલ સંસ્થાઓ હોય તેમાં સામાન્ય ફી લઇને, ફી નહીં લઇને પણ ગરીબ, મધ્યમ વર્ગના યુવાનોને શિક્ષણ મેળવવાની તક મળે એ પ્રમાણેની વ્યવસ્થા ઉત્તરોત્તર વધારવી જોઇએ અને એ પ્રકારની વ્યવસ્થા વધારવામાં આવે તો રાજયનું હિત એમાં સમાયેલું છે. માત્ર બહારના રાજયોના વિદ્યાર્થીઓ અહીં આવવાથી આપણાં વિદ્યાર્થીઓ અને તેમની વચ્ચેની સ્પર્ધા વધશે અને તેના કારણે ગુણવત્તા સુધરશે તેમ માનવાને કોઇ કારણ નથી. ગુજરાતમાં આજે પણ ટેકનોક્રેટ્સ છે. ઘણા બધા ટેકનોક્રેટ્સ પણ બેરોજગાર છે. કેટલીક જે વ્યવસાયિક તાલીમ આપતી સંસ્થાઓ છે તેનું પ્રમાણ એટલું બધું વધી ગયું છે કે મોટી ફી આપીને ભણેલા વિદ્યાર્થીઓને પણ કામ મળતું નથી અને ઉંમર પૂરી થઇ ગયા પછી કોઇ સરકારી પરીક્ષા આપવાની હોય તેમાં પ્રવેશ મેળવી શકતા નથી અને નજીકના ભવિષ્યમાં કેટલાય વિદ્યાર્થીઓએ વ્યાવસાયિક તાલીમ લીધેલી છે તેમણે આ અંગેની ફરિયાદ પણ કરી છે. સરકારને પણ આ ફરિયાદ મળી છે. તેમની માગણી એવી છે કે આ વયમર્યાદા વધારવામાં આવે. આ સ્થિતિ આપણે જાણતા હોવા છતાં કોના હિતનું રક્ષણ કરવા માટે આપણે આ કરવા જઇ રહયા છીએ એ એક મોટો પ્રશ્ન છે. આ બધી બાબતોનું નિરાકરણ ન થાય ત્યાં સુધી આને અનુમોદન આપી શકાય નહીં. આ આખું બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવે એવી માંગ સાથે વિરમું છું.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણ મંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, મારા આ સુધારા વિધેયકમાં પાંચ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના સૂચનો રજૂ કર્યા છે. સૌથી પહેલાં તો શરૂઆતમાં ભાઇશ્રી ઇકબાલભાઇએ આ બિલ ઉપર તેમની ચિંતા વ્યકત કરી છે. વિશેષ કરીને ગુજરાતના વિદ્યાર્થીઓની, તેમણે એવું કહ્યું છે કે ગુજરાતના બધા વિદ્યાર્થીઓને એડમીશન મળવું જોઇએ. કોઇ પણ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત

ન રહેવો જોઇએ. ઘર આંગણાના વિદ્યાર્થીઓની ચિંતા કરવી જોઇએ. ઘરના છોકરાઓ ઘંટી ચાટે એવું નહીં થવું જોઇએ. ટૂંકમાં ગુજરાતના વિદ્યાર્થીઓની ચિંતા ભાઇશ્રી ઇકબાલભાઇએ કરી છે. મને લાગે છે સાચી દિશામાં છે. ચિંતા કરવી જોઇએ. રાજ્ય સરકાર તમારી ચિંતાના સમર્થનમાં છે અને ગુજરાતના કોઇ પણ વિદ્યાર્થીને આ પ્રકારનો અન્યાય ન થાય તેની જવાબદારી રાજ્ય સરકાર નિભાવી રહી છે. મારે માત્ર એમનું એટલું ધ્યાન દોરવું છે કે કલમ–૩માં રાજ્ય સરકારને ગુણવત્તાયાદીમાંથી અથવા પ્રવેશ સમિતિએ જાહેર કરેલી બેઠકો માટે કોઇ પણ વિદ્યાર્થી ઉપલબ્ધ ન થાય તેવા પ્રસંગે એવા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં જે રીતે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી જોઇએ તે રીતે નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે. કહેવાનો મતલબ એટલો છે કે ગુજરાતનો કોઇ પણ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ન રહે એન્જિનિયરીંગ કોલેજમાં પણ જયારે પણ પ્રવેશ પદ્ધતિ આપવામાં આવે છે ત્યારે એક વખતથી પાંચ વખત સુધી રીસફલ કરવામાં આવે, એ પછી ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં ૧૦૦ ટકા એડમીશન મળી ગયા પછી બાકી રહેતી વધારાની સીટો ઉપર અન્ય રાજયોના વિદ્યાર્થીઓજે ૫–૭ રાજ્યોએ અગાઉ કહ્યું તે પ્રમાણે આ વ્યવસ્થા સ્વીકારી છે ત્યારે આપણા રાજ્યે પણ સ્વીકારવી જોઇએ તે આ બિલનું મુખ્ય હાર્દ છે. સભ્યશ્રી અર્જુનભાઇએ ઘણી બધી ચિંતા વ્યકત કરી છે, સરકારની ફીની જવાબદારીની વાત કરી છે, મેરીટના ધોરણની વાત કરી છે, મેનેજમેન્ટ ક્વોટાની વાત કરી છે અને વિશેષ કરીને કલમ–૬નો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, શિક્ષણના સ્થાપિત હિતોનો આમાં વિજય થયો છે. મારે માત્ર એટલું જ કહેવું છે કે, જે ફી માટેની સમિતિ છે એ નામદાર હાઇકોર્ટના નિવૃત્ત જજના અધ્યક્ષપદે સ્વાયત્ત સંસ્થા પોતાની રીતે જે તે કોલેજોમાં શિક્ષણની સુવિધા, ભૌતિક સુવિધાની ચકાસણી કરીને સ્વાયત્તપણે પોતાના નિર્ણયો કરતી હોય છે અને સાથોસાથ એઆઇસીટીઇ–દિલ્હી દ્વારા જે પ્રકારની ગાઇડલાઇન આપવામાં આવે છે એ પ્રમાણે આ સમિતિએ એમાં કામ કરવું પડે છે. મેરીટમાં અત્યારે ૨૦૦૭ના એકટમાં સુધારો કરીને કોઇપણ સેલ્ફ ફાઇનાન્સ સંસ્થામાં ૭૫ ટકા સીટો રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે છે અને ૨૫ ટકા સીટો મેનેજમેન્ટ ક્વોટા, એનઆરઆઇ ક્વોટાથી ભરવામાં આવે છે જે સંસ્થા પોતે નક્કી કરે છે. એ પણ રાજ્ય સરકારને એની નામાવલી મોકલવી પડે છે એ નામાવલી રાજ્ય સરકાર જ્યાં સુધી એબસોર્બ ન કરે ત્યાં સુધી એને એડમીશન આપી શકાતું નથી. માત્ર સરકારી નહીં સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓમાં ગુણવત્તાવાળા અને મેરીટ પ્રમાણેના સોએ સો ટકા વિદ્યાર્થીઓ આવે એનું ધ્યાન રાખવું પડે છે. વિશેષકરીને કલમ–૬ની વાત કરી છે. એમાં મારે એટલું જ કહેવાનું છે કે, અત્યારે આપણી પાસે આઇ.આઇ.ટી,, એન.આઇ.ટી. જેવી સંસ્થાઓને આપણે સ્વીકારી છે. કલમ–૬ની અંદર રાજ્ય સરકારની અપેક્ષા છે કે, સેન્ટર ફોર એકસેલેન્સ માટે રાજ્ય સરકારને અલગથી જાણ કરવાની અને જાહેર કરે ત્યારે આપે કહ્યું તે પ્રમાણે કોઇ અન્ય સંસ્થા અથવા માત્ર ધંધો કરવાવાળા છે અને ગુજરાતના હિતોને નુકસાન કરનારી સંસ્થાઓનો કયારેય વિજય ન થાય એનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને અલગથી નિર્ણય કરવાનો છે. રાજ્ય સરકાર આ વાત કરતી હોય ત્યારે મેં પહેલા કહ્યું તે પ્રમાણે પૂરતી સીટો છે, વધારાની સીટો છે, અન્ય રાજ્યોએ સ્વીકાર્યું છે એ ગુજરાતે પણ સ્વીકારવું જોઇએ અને એના કારણે એક સારું વાતાવરણ ઉભું થાય એ પ્રમાણેના રાજ્ય સરકારના પ્રયાસો છે. સભ્યશ્રી હીરાભાઇએ ગરીબ વિદ્યાર્થીઓ અને બાકીના વિદ્યાર્થીઓની વાત કરી, સભ્યશ્રી અર્જુનભાઇએ કહ્યું. એ.આઇ.સી.ટી.ઇ. એ પહેલાં દસ ટકા ફી વિવર મરજીયાત કરેલ. એ મરજીયાત હોવાના કારણે ગુજરાત કે ગુજરાત બહારની કોઇ સંસ્થાઓ કોઇપણ ગરીબ બાળકોને મફત ભણાવતી નહોતી. રાજ્ય સરકારના પ્રયાસો દ્વારા, એમની સાથે વાટાઘાટો કરીને સાત વર્ષમાં એક હજાર કરતાં વધારે વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ભણાવવામાં મદદ કરી છે. આજે પાંચ ટકા ફરજિયાત થયું છે. ત્યારે ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં લગભગ ૨૪૦૦૦ ગરીબ વિદ્યાર્થીઓ ટેકનિકલ શિક્ષણ મફત લઇ રહ્યા છે અને આ સીલસીલો ચાલુ રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હશે.ગુજરાતના વિદ્યાર્થીઓના ભાવિને કોઇપણ પ્રકારનું નુકશાન ન થાય અને અન્ય સંસ્થાઓ આવીને તેનું અહિત ન કરે તેની રાજ્ય સરકારે કાળજી લીધી છે. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે સ્પર્ધાના સમયમાં ગુજરાતના વિદ્યાર્થીઓ ગુજરાતમાં જ નહીં અન્ય રાજ્યો સાથે પણ સ્પર્ધા કરે એટલા શુભ આશય સાથે આ બિલ લાવવામાં આવ્યું છે.ત્યારે ફરીથી

હું આ સભાગૃહને વિનંતી કરુ છું કે અમારા બિલને સર્વાનુમતે મંજૂર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરાઃ (શિક્ષણ મંત્રીશ્રી) ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૬ કલમ–૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરાઃ (શિક્ષણ મંત્રીશ્રી) ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

અધ્યક્ષશ્રીઃ સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૨નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૫

## ભાવનગર યુનિવર્સિટી(સુધારા) વિધેયક, ૨૦૧૨

### ભાવનગર યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૭૮ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રીરમણલાલ વોરા(શિક્ષણ મંત્રીશ્રી)ઃ** માનનીય અધ્યક્ષશ્રી, *[4]રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૨નું ભાવનગર યુનિવર્સિટી(સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રીઃ વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા (રાજય કક્ષાના શિક્ષણમંત્રી) ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૨નું ભાવનગર યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

[4] વિધેયક તાઃ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા (રાજય કક્ષાના શિક્ષણમંત્રી)** ઃ માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર યુનિવર્સિટીના તાઃ૧૩-૧૨-૨૦૧૦ના પત્રથી ભાવનગર યુનિવર્સિટીનું નામ બદલીને મહારાજા કૃષ્ણકુમારજીસિંહજી ભાવનગર યુનિવર્સિટી કરવાના સંદર્ભે વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે. ભાવનગર યુનિવર્સિટીના એકઝીકયુટીવ કાઉન્સીલના તાઃ૧૬-૪-૨૦૦૮ની સભાના ઠરાવ નં. ૧૫ થી ઠરાવ કરીને એકઝીકયુટીવ કાઉન્સીલની મંજૂરીથી વિભાગને ભાવનગર યુનિવર્સિટીનું નામભિમાન બદલવા અંગે વિભાગને દરખાસ્ત મળેલ છે. જયારે રાજય સરકારને આ દરખાસ્ત મળી છે ત્યારે ભાવનગર યુનિવર્સિટીને બદલે સર મહારાજા કૃષ્ણકુમારસિંહજીના નામ સાથે આ યુનિવર્સિટીનું નામ જયારે જોડાઇ રહયું છે ત્યારે હું ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. પ્રજા કલ્યાણને સ્પર્શતા, સમગ્ર રાષ્ટ્રને રાહ ચીંધનાર નમૂનેદાર રાજય વહીવટમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડનાર ભવ્ય રાજવી પરંપરા ભાવનગર શહેરને મળેલ છે. ભાવનગર શહેર તેમજ તેમજ સમગ્ર રાજય પ્રજા વત્સલ રાજવી સર કૃષ્ણકુમારજીનું પૂર્ણશ્લોક નામ ભાવનગર યુનિવર્સિટી સાથે જોડવામાં આવે તો ભાવનગર યુનિવર્સિટી ધન્યતાની લાગણી અનુભવે. હેમચંદ્રાચાર્યજી યુનિવર્સિટી, શ્યામજી કૃષ્ણવર્મા, મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ, વીર નર્મદ અનેક મહાપુરુષોની સાથે યુનિવર્સિટીના નામોનું જયારે નામાભિમાન કરવામાં આવ્યું છે ત્યારે ફરી એક વખત ભાવનગર યુનિવર્સિટી સાથે ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીનું નામ જોડવાનું સર્વપ્રકારે ઔચિત્ય જળવાશે. ભાવનગરની રાજવી પરંપરામાં મહારાજા તખ્તસિંહજી અને મહારાજા ભાવસિંહજી અનુક્રમે ૧૮૭૦ થી ૧૮૯૬ અને ૧૮૯૬ થી ૧૯૧૯ના રાજયકરણ દરમિયાન પ્રજાહિતના અનેક કાર્યો આજે ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાયેલા છે. આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં, શામળદાસ કોલેજમાં મહાત્મા ગાંધીજીએ જ્યાં શિક્ષણ લીધું હતું એવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સ્થાપીને આ રાજવીએ એક શિક્ષણવિદ તરીકે ઉમદા કાર્ય કરીને સમગ્ર ભાવનગર જ નહીં, સમગ્ર ગુજરાતને એનું ગૌરવ અપાવ્યું છે અને ૧૯૩૦ના સપ્ટેમ્બરમાં જ્યારે બ્રિટનમાં ગોળમેજી પરિષદ ભરાઇ હતી ત્યારે આદરણીય પ્રભાશંકર પટણીની સાથે એમાં ભાગ લેવા માટે મહારાજશ્રીએ આગ્રહ રાખેલો. પોતાના રાજ્યમાં ધારાસભા માટે સંમતિ દર્શાવેલી અને જ્યાં ધારાસભાની ચૂંટણીઓ થઇ હોય અને પ્રજાના પ્રતિનિધિ ચૂંટાયા હોય એવું સમગ્ર દેશમાં સર્વપ્રથમ ભાવનગર રાજ્ય બનેલ અને સ્થાનિક સ્વરાજ્યના એકમ તરીકે નગરપાલિકા અને ગ્રામ પંચાયતો રહેલી આમ, એમણે લોક ભાગીદારીની પહેલ કરેલી. મહારાજાશ્રી કૃષ્ણકુમારસિંહજીના કાળમાં ૧૯૪૦થી કુલ ૫૨૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ ભાવનગર રાજ્યમાં ચાલતી હતી. આમ, શિક્ષણ ક્ષેત્રે એમનું ચિરંજીવી યોગદાન હતું. ભાવનગર યુનિવર્સિટીના રચનાના ભાગરૂપે સંસ્થા માટે પુષ્કળ ફાજલ જમીન આપવામાં આવી છે ત્યારે આજેય ભાવનગર યુનિવર્સિટી એના શિક્ષણપ્રેમી મહારાજાનું ઋણી છે. વિકાસના પ્રણેતા, લોકોના હૃદય સમ્રાટ, વિરલ વ્યક્તિત્વ, વિદ્યાસંગી મહારાજશ્રીનું નામ જોડવામાં આવે તો એ યુનિવર્સિટીનું ગૌરવ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક્ટ ૧૯૬૫થી ભાવનગર જિલ્લાની શૈક્ષણિક કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ માટે ભાવનગર યુનિવર્સિટી એક્ટ ૧૯૭૮ અમલમાં આવેલ હોઇ, ભાવનગર યુનિવર્સિટીનું આ કાર્યક્ષેત્ર રહ્યું છે. જ્યાં જ્યાં ભાવનગર યુનિવર્સિટી શબ્દપ્રયોગ આવતો હોય ત્યાં ત્યાં સુધારીને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી વાંચવાનું રહે તે મુજબનો હાલના પ્રવર્તમાન અધિનિયમમાં સુધારો કરવાનો થાય છે. આવા એક વિરલ વ્યક્તિત્વના નામ સાથે જ્યારે ભાવનગર યુનિવર્સિટીનું નામ જોડાઇ રહ્યું છે ત્યારે આ સન્માનનીય સભાગૃહના તમામ સભ્યોને મારી નમ્ર વિનંતી છે કે આ બિલને સર્વાનુમતે મંજૂર કરે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ( વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એને હું હૃદયપૂર્વક સમર્થન આપું છું. મને આનંદ થાત કે આ સરકાર થોડી વહેલા જાગી હોત. ૨૦૦૮માં એક્ઝિક્યુટીવ કાઉન્સિલે સર્વાનુમતે ઠરાવ કર્યો અને મુખ્ય લોજીક હતું કે શતાબ્દી વર્ષ મહારાજા સાહેબની તિથિનું શરૂ થઇ રહ્યું છે અને શરૂઆતમાં જ જો આ વાત આવે તો લોકોની એક ભાવના સંતોષાય એ ભાવના સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલે સર્વાનુમતે ઠરાવ કર્યો હતો. ૨૦૦૮થી મેં માનનીય મંત્રીશ્રીને એ ઠરાવ જોડીને મારો પત્ર લખ્યો, કોઇ રાજકીય અવલોકનો વગર લખ્યો. કેટલીક બાબતમાં યશ

કોને મળે એ બહુ મહત્વનું નથી હોતું, યશસ્વિતા આવે એ મહત્વનું હોય છે. એટલા માટે કોઇ પ્રેસ પબ્લિસિટી ન કરી. એક્ઝિક્યુટીવ કાઉન્સિલનો ઠરાવ છે અને સરકાર આ ઠરાવ મુજબ ભાવનગર યુનિવર્સિટીનું નામ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી રાખે. પ્રતિભાવ ન મળ્યો. લોકલ એક મુવમેન્ટ ઉભી કરવી પડી. લોકોનું દબાણ ઉભું કરવું પડ્યું, સેવાભાવી સંસ્થાઓ જાગી, યુનિવર્સિટીના ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ પક્ષ કે તે પક્ષ કશું જ જોયા વગર આ નામ રહે એ માટેનું દબાણ કરતાં રહ્યાં. આજે આપણે આ જ વસ્તુ, કહેવાય છે કે કેટલીક વસ્તુ સમયસર મળે એનું મહત્વ વધારે હોય છે. પરંતુ દેર આયે દુરસ્ત આયે, હું આ બિલને આવકારું છું. દરેક વ્યકિત જન્મે છે, જીવે છે, અને મૃત્યુ પામે છે. આ એક સૃષ્ટિનો વાસ્તિવક ક્રમ છે. માણસ જીવ્યો એ મૃત્યુ પામવાનો એ નિશ્ચિત છે ત્યારે ચિરંજીવી રહેવાનો છે એ સમય રહેવાનો છે, વ્યકિત ચિરંજીવી નથી. એ ચિરંજીવી રહેનારા કાળમાં જન્મ અને મૃત્યુ વચ્ચે માણસ કેવું જીવી ગયો એને લોકો યાદ કરે છે. માનનીય આત્મારામભાઇ જેમ કહેતા હતા કે અહિંસાથી રાષ્ટ્રને આઝાદી મળી એ સાચી વાત છે અને અહિંસાના પુજારીઓ હંમેશા આ રાષ્ટ્રમાં એનું નામ રહેવાનું એ વિશ્વએ પણ સ્વીકાર્યુ છે. અહિંસા દિવસ તરીકે ઊજવવાનું વિશ્વ સ્વીકારે છે. હિંસાના રસ્તે જનારો માણસનું ઈતિહાસમાં ક્યારેય નામ રહેવાનું નથી. ક્ષણિક એ સમય પુરતો હિંસાના રસ્તે ચાલનારો માણસ અહમથી ઉંચો થઇ શકે છે. ચાહે એ રાવણ હોય, ચાહે એ કંસ હોય કે ચાહે આજના યુગનો કોઇ માણસ હોય હિંસાના રસ્તે ચાલનારા માણસનું અસ્તિત્વ લાંબુ નથી હોતું. માનનીય અધ્યક્ષશ્રી, કોણ માણસ આજે આ પક્ષ કે તે પક્ષ હું જાણું છું કે મારી સામેની પાટલીએ બેઠેલા માનનીય સભ્યઓ હશે કે આ બાજુ હશે. ભાવનગરમાં ભાજપના હશે, કોંગ્રેસના હશે, અપક્ષના હશે કે સામ્યવાદી એક અવાજે બધા કહેશે હા. ભાથીજી મહારાજ સાહેબ, કૃષ્ણકુમારજી મહારાજ સાહેબ, તખ્તસિંહજી મહારાજ સાહેબ નામ માનથી લેશે, એ પણ સત્તાધીશો હતા. એમનું નામ બધા માનથી લેશે. શા કારણે? મહારાજા કૃષ્ણકુમારજી સાહેબ નામ સામે આવતા જ માત્ર એક–બે પ્રસંગ કહીને મારી વાત પૂરી કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, મહારાજા સાહેબ બગીચામાં ફરતા હતા. બગીચાની જે દીવાલ બોર્ડરની હતી એ બાગમાં એક બોરડીનું ઝાડ હતું. એક રસ્તે નીકળતા માણસે જોયું કે આ બોરડી ઉપર જો હું પત્થર ફેંકુ તો બોરડીમાંથી બોર મળે અને બોર ખાઉં. એ આશયથી એ બોરડી પર પત્થર ફેંકે છે. પત્થર દીવાલ કુદીને મહારાજા સાહેબ બગીચામાં ફરતા હતા એમને માથામાં વાગે છે. સિપાઇઓ દોડે છે. એ માણસને પકડીને લાવવામાં આવે છે અને સિપાઇઓ કહે છે કે આજ માણસે મહારાજા સાહેબ પર પત્થર ફેંક્યો હતો. આને કેટલા કોરડાની સજા કરું? તો મહારાજા સાહેબ પુછ્યું કે, તે કેમ મને પત્થર માર્યો? ત્યારે પેલો કહે છે કે, નેક નામદાર મારે તમને કોઇ દિવસ પત્થર મારવાનો જ ના હોય તમે તો પૂજનીય છો. મને ભૂખ લાગી હતી એટલે બોરડીના ઝાડ પર પત્થર ફેંકુ તો થોડાક બોર મળે અને મારી ભૂખ મટે એ પ્રયત્નથી મેં ઝાડ ઉપર પત્થર ફેંક્યો હતો. મારી બદકિસ્મતી એ કે પત્થર બોરડીના ઝાડ ઉપરથી કૂદીને આપના તરફ આવ્યો અને આપને વાગ્યું. આપ સજા જે કરો તે. આ પાપ મારાથી થયું છે એ હકીકત છે. મહારાજાએ કહ્યું કે બોરડીના ઝાડ પર તારો પત્થર લાગ્યો હોત તો તને એક પત્થરથી કેટલા બોર મળત? પેલાએ કહ્યું કે ખોબો ભરાત. મહારાજાએ કહ્યું કે, આને કોઇ સજા નથી કરવાની, એનો ખોબો ભરાય એટલી સોનામહોર મારે એને આપવી છે. એ બોરડીનું ઝાડ જો પત્થર ખાવાથી એને ખોબો ભરીને બોર આપતું હોય તો હું તો આ રાજ્યનો રાજા છું, મને પત્થર માર્યો તો મારે એટલી સોનામહોર આપવાની છે. આજે આપણે કહીએ છીએ કે ચૂન ચૂન કે મારુંગા. માનનીય અધ્યક્ષશ્રી, એવી વેરભાવના. (અંતરાય) ઈતિહાસ વેરભાવનાવાળાનો નથી રહેતો. માફ કરે એનો રહેતો હોય છે. (અંતરાય) કોઇના નામ સાથે જોડવું હોય તો મને વાંધો નથી. ચૂન ચૂન કે મારુંગા એ પિકચરનો ડાયલોગ છે. (અંતરાય)

**શ્રી દિલીપભાઇ સંઘાણી :** સામાન્ય લોકો માટે નહિ, ચૂન ચૂન કે મારુંગા આતંકવાદીઓને ધ્યાનમાં રાખીને કહ્યું છે. આતંકવાદીઓની પૂજા આ રાજ્યમાં ક્યારેય નહિ થાય. ક્યારેય ભવિષ્યમાં પણ નહિ થાય.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા જ માટે કહું છું કે અસલી આતંકવાદીને ચૂન ચૂન કે નહિ નકલી પેદા કરીને ચૂન ચૂન કે મારુંગા. આજે હું નથી કહેતો આ નકલી એન્કાઉન્ટરો થયાં

એમ સુપ્રીમ કોર્ટ કહે છે. કહો સુપ્રીમ કોર્ટને? આ માર્યા હતા ચૂન ચૂન કે મૈંને મારા થા. (અંતરાય) હું સાચો હતો. આતંકવાદીને મેં માર્યા હતા, હું મરદ છું. ચૂન ચૂન કે માર્યા હતા. આટલું કહી દો સુપ્રીમ કોર્ટને. હું મરદ માનીશ કે તમે મરદ છો.

માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇના સંદર્ભમાં કહેતો નથી. (અંતરાય) હું જનરલ વાત કરતો હતો. મારી વાત હિંસા અને અહિંસા વચ્ચેની હતી. બંધબેસતી પાઘડી નહિ પહેરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આ એ મહારાજા, જેના રાજયમાં નિયમ કે ચોર ચોરી કરે તો એ ચોરને પકડવાની જવાબદારી એ રાજયની અને જો ચોરને રાજય ન પકડી શકે તો ચોરે જેટલી ચોરી કરી હોય એ રકમ રાજય સરકાર એને ભરપાઇ કરે. માનનીય અધ્યક્ષશ્રી, જે રાજયએ સામેથી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેતો હતો કે, આઝાદી જયારે આવી ત્યારે સૌપ્રથમ સરદાર વલ્લભભાઇ પટેલને બોલાવીને, મહાત્મા ગાંધીજીની વાતને સ્વીકારીને મારું રાજય હું લોકશાહીમાં સમર્પિત કરું છું એમ પહેલું કહેનારા રાજા એ ભાવનગરના મહારાજા કૃષ્ણ કુમારસિંહજી હતા. માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી વ્યવસ્થામાં સરકાર બની, મહાત્મા ગાંધીજીએ કહ્યું કે, મહારાજા સાહેબ એક ટોકન, સન્નમાન અને લોકશાહીની સ્વીકૃતિ માટે આપ મદ્રાસના ગવર્નર બનો. માનનીય અધ્યક્ષશ્રી, મહારાજા કૃષ્ણ કુમારસિંહજી મદ્રાસના ગવર્નર બન્યા. એમણે કહ્યું ઓનેરિયમ નહીં લઉં, એક રૂપિયો ટોકન લઇને એમણે ગવર્નર તરીકેની પોતાની કારકિર્દીની શરૂઆત કરી. માનનીય અધ્યક્ષશ્રી, નામ જોડીએ છીએ ત્યારે, હું તો ઇશ્વરને એ પ્રાર્થના કરું છું કે, આપણે સારા, સુંવાળા નામો જ માત્ર કોઇ યુનિવર્સિટીઓને આપવાથી સંતોષ માનવાના બદલે ઇશ્વરને પ્રાર્થના કરીએ કે આપણને ઇશ્વર એવી શકિત આપે કે એમના જીવનની જે ઇત્તમતા હતી એને આપણે લાવીએ. ઇશ્વર પ્રજાની તિજોરીમાંથી હું એક રૂપિયો લઇ અને સેવા કરીશ આ મહારાજા કૃષ્ણ કુમારસિંહજી સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રજાના ખર્ચે વૈભવ, પ્રજાના ખર્ચે આપણી પ્રશંસા એ બે વચ્ચે મોટી ખાઇ પેદા થઇ રહી છે ત્યારે આપણે પણ માત્ર નામ નહીં, આ વાત સ્વીકારવી પડે. માનનીય અધ્યક્ષશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી મદ્રાસના ગવર્નર બન્યા, ભાવનગર જિલ્લાના એક નાના ગામનો ખેડૂત અને એ ખેડૂતને એના બળદ કોઇ ચોરીને લઇ ગયો. એ ખેડૂતને એ યાદ નહતું, ખબર નહતી કે હવે તો લોકશાહી આવી ગઇ છે, મહારાજાનું રાજ નથી. એણે ફરિયાદ લખાવી અને ફરિયાદ લખાવ્યા પછી જે ચોક્કસ દિવસોમાં ચોર પકડાવવો જોઇએ એ ચોર ન પકડાયો. એ ખેડૂત મદ્રાસ પહોંચ્યો. મહારાજા સાહેબ ગવર્નર હતા ત્યાં એનો સમય માગ્યો, મારે મળવું છે. મહારાજા કૃષ્ણ કુમારસિંહજીને થયું કે, આ આટલે દૂરથી આ પટેલ આટલી મુશ્કેલીઓ વચ્ચે અહીંયા સુધી કેમ પહોંચ્યા? બોલાવ્યા , સ્વાગત કર્યું, પૂછ્યું કે કેમ આવવાનું થયું ? એટલે કહે કે, મહારાજા સાહેબ આ ફરિયાદની નકલ, મારા બળદ ચોરાઇ ગયા છે અને ચોર હજી પકડાયો નથી તો રાજયે મને બળદના પૈસા આપવા જોઇએ. મહારાજા કૃષ્ણકુમારસિંહજી સાહેબે કહ્યું કે, ભાઇ હવે લોકશાહી આવી છે, હું હવે રાજા નથી, હું તમારા જેવો સામાન્ય માણસ છું, પણ છેક આટલે દૂરથી આવ્યા છો અને ઇશ્વરે મને આપ્યું છે. તમારા બળદ જે ચોરાયા એની કિંમત કેટલી થાય ? ખેડૂતે કહયું કે આટલા રૂપિયા કિંમત થાય. મહારાજા કૃષ્ણ કુમારસિંહજી સાહેબે કહ્યું કે, હું મારા પાકીટમાંથી આપું છું, તમે બળદની જોડી લઇ લેજો પણ હવે લોકશાહી વ્યવસ્થા છે આ વાત સમજજો અને આપણી માલ –જાતનું રક્ષણ પણ બરાબર થાય એ આપ જોજો. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજા. એટલા જ માટે આજે ભાવનગરની જનતા ઇચ્છતી હતી અને એ અવાજ ઉભો થયા પછી હું માનનીય અધ્યક્ષશ્રી વારંવાર એ વિનંતી કરું છું કે, આપણે લોકોની વાતને શા માટે દબાવી રાખવાનો પ્રયત્ન કરીએ, તરત જ શા માટે ?૨૦૦૮માં થયેલો ઠરાવ શતાબ્દી વર્ષની શરૂઆતના દિવસે જો રાજય સરકારે જાહેરાત કરી હોત તો મને વિશેષ આનંદ થયો હોત કે શતાબ્દી વર્ષની શરૂઆતના દિવસે જ મહારાજા કૃષ્ણકુમારસિંહજીના નામ સાથે ભાવનગર યુનિવર્સિટીનું નામ જોડાયું પરંતુ મેં કહ્યું તેમ દેર આયે દુરસ્ત આયે હું સરકારના આ વિધેયકનું સમર્થન કરું છું અને અપેક્ષા રાખું છું કે તાત્કાલિક ધોરણે એનું અમલીકરણ પણ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી એ જ નામ સાથે દરેક સરકારી પરિપત્રો, સરકારી વહેવારો, યુનિવર્સિટીના વહેવારોમાં એનું બરાબર પાલન થાય એ રીતે આયોજન ગોઠવાય એવી વિનંતી સાથે હું આ

વિધેયકને આવકારીને મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર શહેર ઉત્તર)** ઃ માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી રમણભાઇ ભાવનગર યુનિવર્સિટીના આદરણીય મહારાજા કૃષ્ણકુમારસિંહજીના નામકરણનું જે વિધેયક લઇને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત મૂકું છું. મને એ બાબતનું ગૌરવ છે કે ૬૩મો પ્રજાસત્તાક દિન જયારે ઉજવવાનું નકકી કર્યુ ત્યારે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ ભાવનગરની પસંદગી કરી અને એ પસંદગીના કારણોમાં આદરણીય કૃષ્ણકુમારસિંહજીના જન્મશતાબ્દીનો મહોત્સવ ઉજવાઇ રહ્યો છે એ પણ એક કારણ હતું અને એમની ૧૦૦ મી જન્મજયંતિ સાથે–સાથે પ્રભાશંકર પટ્ટણીની ૧૫૦ મી જન્મજયંતિ હોવાને કારણે આખા રાજયનો ૬૩ મો પ્રજાસત્તાક દિન ભાવનગરની અંદર ઉજવવાનું નકકી કર્યુ અને મહારાજાસાહેબને ગૌરવ આપવાનું જે કામ કર્યુ છે એ બદલ હું આદરણીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપુ છું. આ અભિનંદનની સાથેસાથે હું આભાર પણ વ્યકત કરીશ કારણકે સમયોચિત, સમયસર અને જન્મશતાબ્દી દરમિયાન જ કે જયારે આખા રાજયના તમામ મંત્રીશ્રીઓ અને બધા ઉપસ્થિત હોય એ સમયે આ યુનિવર્સિટીના નામકરણની જાહેરાત પણ મુખ્યમંત્રીશ્રીએ ત્યાં ૬૩ મા પ્રજાસત્તાક દિને કરી અને ભાવનગરના તમામ પ્રજાજનો, ગોહિલવાડના તમામ સપૂતો, ગોહિલવાડને ગૌરવ અપાવવાનું જે કામ કર્યુ છે એ ભાવનગરના એક પ્રતિનિધિ તરીકે, ગોહિલવાડના એક પ્રતિનિધિ તરીકે આદરણીય મુખ્યમંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન અને આભાર વ્યકત કરું છું. આ સમય પહેલા પણ ૧૯૭૮ની સાલથી ભાવનગર યુનિવર્સિટી અલગ પડી છે ત્યારથી અત્યાર સુધીમાં આ ગોહિલવાડને આટલું ગૌરવ, અગાઉ કયારેય કોઇ સરકારે આપ્યું નથી એટલું ગૌરવ અને સન્માન આપવા બદલ શિક્ષણ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો હું આભાર વ્યકત કરું છું. હું આ મહારાજા સાહેબના વિરલ ત્યાગની જો વાત કરું તો આ વિરલ ત્યાગ એટલે કે આખા રાષ્ટ્રને જયારે આઝાદી મળી ત્યારે બે ભાગમાં વહેંચાઇ ગયું જો આ વિરલ ત્યાગ ન થયો હોત તો અનેક વિભાગોમાં, અનેક ભાગોમાં વહેંચાઇ જાય એવી શકયતા હતી. રાષ્ટ્રની એકતા માટે થઇ અને સામે ચાલી આદરણીય સરદાર વલ્લભભાઇ પટેલના માર્ગદર્શન મુજબ ગાંધીજીના ચરણોમાં પોતાનું રાષ્ટ્ર સમર્પિત કર્યુ. સાતસો, સાતસો વર્ષથી જે જાહોજલાલીપૂર્વકનો વૈભવ ભોગવ્યો હોય, સાત સદી સુધી જેમણે રાજવૈભવ ભોગવ્યો હોય અને એ વૈભવ રાષ્ટ્રના ચરણે અર્પિત કરી દેવાનો આટલું જ નહીં પરંતુ ગાંધીજીને એમણે એવું પણ કહ્યું કે આમાંથી મારે ખાનગી મિલકત કેટલી રાખવી અને એ લોકોને જે વળતર મળતું હોય છે એ ગાંધીજી નકકી કરે અને એ વળતર નકકી કરવાનું પણ એમણે ગાંધીજી ઉપર છોડયું અને ગાંધીજીએ જે વળતર નકકી કર્યુ એ એમણે સ્વીકાર્યુ અને સરદાર વલ્લભભાઇ પટેલની રાષ્ટ્રીય એકતામાં પોતે સર્વપ્રથમ આગળ રહીને ભાવનગરને, ગુજરાતને અને દેશને ગૌરવ અપાવવાનું જે કામ કર્યુ છે એ આ વિરલ વ્યકિતત્વનો જે ત્યાગ છે આ વિરલ ત્યાગને ગાંધીજીએ એવું કહ્યું કે આવા જો બે ચાર મહારાજાઓ મને મળી જાય તો હિન્દુસ્તાનનું રાજય એમને સોંપતા હું અચકાઉં નહીં આવું ગૌરવપૂર્ણ કાર્ય કૃષ્ણકુમારસિંહજી મહારાજાએ કર્યુ છે મને એ વાતનો અહીં ઉલ્લેખ કરતાં આનંદ થાય છે ૨૦૧૨ના પાઠયપુસ્તક મંડળ દ્વારા જે આઠમા ધોરણનું પાઠયપુસ્તક નકકી કરેલું છે એમાં આ વિરલ ત્યાગ એમ કરીને એક પાઠ પણ નકકી કરવામાં આવેલો છે અને આ ગુજરાત સરકારે આ સાથે એક ગૌરવપૂર્ણ કાર્ય વિદ્યાર્થીઓ સુધી પણ પહોંચે એવું કાર્ય કર્યુ છે એ બદલ હું સરકારને, શિક્ષણ મંત્રીને પણ અભિનંદન પાઠવું છું. આ જે યુનિવર્સિટીના નામકરણની વાત છે ત્યારે મારે એવું કહેવું જોઇએ કે આ શિક્ષણના માટે ખૂબ પ્રેરણારૂપ એવી આ વ્યકિત કે જેમણે પોતે જર્મનીથી એક વ્યકિત બોલાવી.અને એવું નક્કી કરવા માટે કે મારે રાજમહેલ ક્યાં બનાવવો? આ રાજ મહેલ બનાવવા માટે જર્મનીમાંથી આવેલ આર્કિટેકટે બે સ્થળે પસંદગી ઉતારેલી. એક સ્થળ પસંદ કર્યુ પેડોકની ટેકરીઓ અને બીજું સ્થળ પસંદ કર્યુ નીલમ બાગ અને એમ કહેવામાં આવ્યું કે ભાવનગરનું સર્વશ્રેષ્ટ સ્થળ જો રાજમહેલ બનાવવા માટે કોઇ હોય તો આ પેડોકની ટેકરીઓ છે. મારે ગૌરવપૂર્વક કહેવું છે કે ત્યારે અમારા મહારાજા સાહેબે એવું કહેલું કે ભાવનગરનું શ્રેષ્ઠ સ્થળ છે ત્યાં રાજાનો મહેલ નહિ હોય, પણ સરસ્વતિનું મંદિર હશે. અને આ રીતે આખા ભાવનગર શહેરના ૨૦૦ એકર જેટલી જમીન યુનિવર્સિટી માટે

અનામત રાખી અને આ પેડોકની ટેકરીઓની આજુબાજુની જમીન અનામત રાખવામાં આવી. આ મહારાજા સાહેબે શિક્ષણ માટે અનેક કાર્યો કર્યા છે. ભાવનગરના વિદ્યાર્થીઓ વિદેશ ભણવા જાય તો એમને સંપૂર્ણ સ્કોલરશીપ મહારાજા સાહેબ તરફથી મળતી હતી. આપણે બધા જાણીએ છીએ કે એમ.વિશ્વેસરૈયાજી કે જે શ્રેષ્ઠ ઇજનેર તરીકે ગણાય છે. એમના પછીના તરતના નંબરના આવતા અનંતભાઇ પંડ્યા એ પણ મહારાજા સાહેબની સ્કોલરશીપથી એમ.આઇ.ટી. માં વિશ્વમાં પ્રથમ નંબરે અમેરિકામાં ભણવા ગયેલા અને એમની સ્કલોરશીપથી ભણીને આવ્યા બાદ જવાહરલાલ નહેરૂની સરકારની અંદર જ્યારે સરકારની અંદર આયોજન પંચના સભ્ય તરીકે એમણે કામ કર્યું અને આના કારણે આખા દેશની અંદર પાંચ સ્થળો ઉપર આઇ.આઇ.ટી. છે એનો કોઇ મુખ્ય કાર્ય કે મુખ્ય કોઇ પ્રણેતા જો કોઇ હોય તો આ અનંતભાઇ પંડ્યા અને એ મહારાજા સાહેબના સ્કોલરશીપ ઉપર વિદેશ ભણીને આવ્યા હતા એમનું આ કાર્ય છે. આ જે કૃષ્ણકુમારસિંહજી છે તેઓ પોતે શિક્ષણ માટે ખૂબ પ્રોત્સાહિત કરતા હતા. ખેડૂતોના બાળકોને પણ સ્કોલરશીપ આપી અને ખેડૂતોના બાળકો પણ ઇજનેર બને, ડોકટર બને એના માટે પ્રોત્સાહિત કરતા હતા અને આ રીતે આખા સરકારની અંદર ખૂબ સારી કામગીરી કરી છે. રોસ બેસેન્ટ કે જેઓ આખા એમ.આઇ.ટી.ની અંદર સર્વે કર્યો કે એમ.આઇ.ટી.ની અંદર ભારતમાંથી આવતા વિદ્યાર્થીઓમાં ૩૦ ટકાથી વધારે વિદ્યાર્થીઓ ભાવનગર રાજ્યના છે. આઝાદી પહેલાનો આ એક સર્વે અને જ્યારે રોસ બેસેન્ટે તપાસ કરી અને એનું સંશોધન કર્યુ ત્યારે એમને જાણવા મળ્યું કે ભાવનગરના મહારાજા સાહેબ પૂરેપૂરી સ્કોલરશીપ આપતા હતા અને ભાવનગરના રાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા હતા એટલા માટે એમ.આઇ.ટી. અમેરિકાની વિશ્વવિખ્યાત સંસ્થાની અંદર ભાવનગર મહારાજા સાહેબની સ્કોલરશીપ મેળવતા અનેક વિદ્યાર્થીઓ આશરે ૩૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ ભણતા હતા. ભાવનગરની અંદર એ સમયમાં કૃષ્ણકુમારસિંહજીના સમયમાં પાંચ સંસ્કૃત પાઠશાળા, એક વૈદ્યશાળા, એક ખેતીવાડીની શાળા, દસ પછાત વર્ગની શાળાઓ પણ કાર્યરત હતી. અગાઉ એક હાઇસ્કૂલ હતી તે તાલુકે તાલુકે હાઇસ્કૂલ બનાવવામાં આવી. માધ્યમિક શાળા ૧૨ હતી એમાંથી ૨૦ કરવામાં આવી. પ્રાથમિક શાળા ૧૦૩ હતી તેમાંથી ૩૩૩ કરવામાં આવી. એટલે એમણે શિક્ષણને ખૂબ મહત્વ આપ્યું છે, એટલું જ નહિ મહિલા કેળવણી અને ગ્રામ્ય કેળવણીને પણ મહત્વ આપ્યું છે. મહિલા કેળવણી માટે જમીન અને નાણાનો ધોધ વહાવી એ સમયમાં મહિલા શિક્ષણને પ્રાધાન્ય આપનાર આ અમારા મહારાજા સાહેબને શિક્ષણ માટે શૈક્ષણિક યુનિવર્સિટીનું નામકરણ કરવામાં આવી રહ્યું છે, તેને હું હૃદયપૂર્વક આવકારું છું. આજે પણ આપણે બધા જાણીએ છીએ કે કૃષ્ણકુમારસિંહજી ૬ વર્ષના હતા ત્યારે એમનાં માતા-પિતા દેહાંત પામ્યા પછી એમના પૂર્વજોના વારસાની સાથે સાથે એમને સંસ્કાર વારસો એમને કેળવણી આપીને આગળ વધારનાર પ્રભાશંકર પટણી સાહેબ કે જેમની કવિતા એમણે આત્મસાત કરી અને જીવનની અંદર ઉતારી એ કવિતા- '' દુઃખી કે દર્દી કે ભૂલેલા માર્ગવાળાને વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી, અવરના દુઃખને હરવા, અવરના દુઃખ સાંભળવા તમારા નેત્રકરણોની ઉઘાડી રાખજો બારી.'' આવા જ પ્રભાશંકર પટણી સાહેબના સંસ્કાર હેઠળ, એમના નેજા હેઠળ ઉછરેલા મહારાજાએ પોતે આ તમામ સંસ્કરણોની કવિતાને સાચી રીતે જીવી બતાવ્યું હતું અને એવી રીતે પોતાનું રાજય પણ ચલાવતા હતા. એમનો મંત્ર હતો મારી પ્રજા સુખી હજો. આજે જેમ માનનીય મુખ્યમંત્રીશ્રી સૌના સાથ અને સૌના વિકાસનો મંત્ર લઇને ચાલે છે એવી જ રીતે એક મંત્રથી કાર્ય કરતા મહારાજા સાહેબના નામકરણની સાથે ભાવનગરની યુનિવર્સિટીના નામની સાથે જોડવાના કાર્યને હું ગૌરવપૂર્વક અભિનંદનપૂર્વક આવકારું છું અને આ સભાગૃહ એમાં સર્વસંમત થાય તેવી વિનંતી કરું છું. જ્યારે અહીયા વાત કરવામાં આવી છે ત્યારે હું કહું પક્ષાપક્ષીથી દૂર રહી આ કાર્ય બદલ અભિનંદન આપવામાં આવ્યા હોત કારણ કે વિપક્ષના નેતા ગોહીલ સમાજના સપૂત છે તો હું એવી આશા રાખું કે એ પણ સરકારને અભિનંદન આપે અને આ કાર્યને ભાવનગર સુધી પહોંચાડવામાં એમના અભિનંદન પણ સાથે જોડાય એવી આશા રાખું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભાવનગર યુનિવર્સિટીને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનું નામાભિધાન સુધારવા અંગેનું જે બિલ લઇને આવ્યા છે અને અમારા નેતાએ જેને સમર્થન આપ્યું છે એને હું પણ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજીભાઇ જયારે કહેતા હતા કે સમયોચિત નિર્ણય થવો જોઇતો હતો કારણ કે ૨૦૦૮માં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ કર્યો એના પછી આટલા લાંબા સમય પછી આ નિર્ણય થયો છે. ખેર, જયારે થયો હોય એ નિર્ણયને આવકારીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભાવનગર યુનિવર્સિટીમાં હું પણ એક વર્ષ માટે ત્યાંની પીપી સાયન્સ ઇન્સ્ટીટ્યુટમાં એક વર્ષ માટે ભણવા ગયો હતો. સૌરાષ્ટ્રની અંદર ૪૭ પહેલાં જયારે શિક્ષણની સુવિધાઓ ઓછી હતી એ વખતે ત્યાંના બે રાજાઓએ શિક્ષણની અંદર ઉચ્ચ શિક્ષણ માટેની વ્યવસ્થા કરી, એમાં પહેલું બહાદ્દીન કોલેજ, જૂનાગઢ અને બીજી ભાવનગરની શામળદાસ કોલેજ અને આજે આપણા કેટલાય વડવાઓ છે કે જેઓ આ સંસ્થામાંથી ભણીને બહાર આવેલા છે. આઝાદી પછી તો શિક્ષણનો ખૂબ વ્યાપ વધ્યો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રચના થઇ એ વખતથી જ ભાવનગરની અંદર એક લાગણી પડેલી હતી કે અમારા ભાવનગરને યુનિવર્સિટી મળવી જોઇએ અને એ લાગણી હતી એટલા માટે જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિ છે એ રાજકોટમાં બેસે પણ કુલનાયકનું કાર્યાલય છે એ કાયમી ધોરણે ભાવનગરમાં રહે. આ લાગણીને ધ્યાનમાં રાખીને અગાઉની સરકારે ભાવનગરને યુનિવર્સિટીનો દરજજો આપ્યો અને એને વિકસાવવા માટેનું પૂર્વ આયોજન પણ કર્યું. એના પછી તો એન્જિનિયરીંગ કોલેજ આપી સરકારી ક્ષેત્રમાં, ખાનગી ક્ષેત્રમાં નહીં, મેડીકલ કોલેજ અપાઇ એ પણ સરકારી ક્ષેત્રમાં, રાજકોટને અપાય તો રાજકોટની સાથે મેડિકલ કોલેજ એ વખતે ભાવનગરમાં પણ અપાઇ, માનનીય શકિતસિંહજીભાઇ એ વખતે આરોગ્ય મંત્રી હતા. માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર યુનિવર્સિટી માટે જમીન અનામત રખાઇ હતી અને અનામત જમીન ઉપર એ વખતે ઘણા બિલ્ડર્સની નજર હતી અને અધિકારીઓ સાથે મળીને યુનિવર્સિટીની અનામત જમીન એની અનામત દૂર કરવાનો એ વખતે એક પ્રયાસ થયો, મને યાદ છે હું તો પોરબંદર હતો એ વખતે, માનનીય શકિતસિંહજી મંત્રી હોવા છતાં એમણે અન્નજળ, દશથી ચારના ઉપવાસ નહીં પણ અન્ન અને જળ બન્નેનો ત્યાગ કર્યો, અને ચોથા દિવસે ગંભીર પરિસ્થિતિ ઉભી થઇ એ વખતે સ્વ. ચીમનભાઇએ જે અધિકારીઓએ આ નિર્ણય લીધેલો હતો એ ઉલટાવી અને એ જમીન યુનિવર્સિટી માટે અનામત રાખી. આ યુનિવર્સિટી છે એને રેસિડેન્સીયલ દરજજો મળેલો, એને પણ જોડાણવાળી યુનિવર્સિટી જિલ્લાની યુનિવર્સિટી બને એનો નિર્ણય પણ એ વખતે લેવાયો, ભાવનગર છે એ યુનિવર્સિટી વિદ્યાનગર એરિયામાં આવેલી છે અને મહારાજાને સાચર ટ્રિબ્યુટ આપવાનું કામ...

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, સભાગૃહ ફરી ૧૧ કલાકે મળશે અને આપશ્રીનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામઃ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા (ક્રમશઃ)**

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં જે નમૂનેદાર રાજય ચલાવવા વાળા મહારાજાઓ હતા એમાં પણ કૃષ્ણકુમારસિંહજીનું નામ આવે છે. ગુજરાતનું એક સદભાગ્ય રહ્યું છે કે બીજા રાજયોના પ્રમાણમાં અહીંયા આપણને ભૂતકાળમાં પણ ઘણાં ઉમદા રાજાઓ મળેલા છે. અમદાવાદની સ્થાપના કરનાર અહેમદશાહ બાદશાહે એણે ૬૦૨ વરસ ચાર દિવસ પહેલા પૂરા કર્યાં. એ પણ એટલા જ ન્યાયપ્રિય રાજા હતા અને એના સગા જમાઇને એમણે એક ખૂનના આરોપમાં ફાંસીની સજા આપી હતી. ભાવનગરનો રાજપરિવાર પણ એવો જ ઉમદા વારસો ધરાવતો હતો. આ રાજઘરાનાની અંદર પૂર્વ એક મહારાજા વજેસિંહ રાજ કરતા હતા એ સમયની ઘટનાની વાત હું આપના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. રાજાઓને સરહદોની બાબતમાં નાના-મોટાં

કયાંયને કયાંય ડિસ્પ્યુટો રહેતા હતા અને એ વખતે ભાવનગરની અંદર સાવર–કુંડલા, સાવર અને કુંડલા બે અલગ ગામ હવે તો બંને એક બોલાય છે. પણ એ વખતે સાવર અને કુંડલા બંને નદીને સામે પારના ગામો હતા અને એના ઉપર જોગીદાસ ખુમાણનો દાવો હતો, એની સાથે મતભેદો થયા અને મહારાજાએ એ સાવર અને કુંડલા એમનું લઇ લીધું એટલે જોગીદાસ ખુમાણ મહારાજાની સામે બહારવટીએ ચડ્યા. બહારવટું ચાલતું હતું એ દરમ્યાન મહારાણી છે એ એક ગામથી બીજે ગામ જવા માટે વેડલામાં નીકળ્યા ત્યારે જોગીદાસ ખુમાણના સાથીઓએ એને આ સમાચાર આપ્યા કે, બહુ સારો મોકો છે મહારાણી વેલડામાં બેસીને આ રસ્તેથી જઇ રહ્યા છે અને અઢળક હીરા–મોતી અને સોનામહોર અને સોનું એમની પાસે છે એ લૂંટી લેવાનો મોકો છે, પણ જોગીદાસ ખુમાણે એમના સાથીઓને કહ્યું કે મારે રાજા સાથે મતભેદ છે પણ મહારાણીની સુરક્ષાની જવાબદારી તો મારી જ છે. પણ એ વખતે એમણે કહ્યું નહીં, એને સુરક્ષા આપી જ્યાં સુધી સરહદ પૂરી થાય ત્યાં સુધી વળાવી આવો. માનનીય અધ્યક્ષશ્રી, એ સરહદ પૂરી થાય ત્યાં સુધી એને સુરક્ષિત રીતે વળાવી આવ્યા. એ ખાનદાની એ વખતના રાજાઓની હતી અને એ ખાનદાની રાજપરિવારોની પણ હતી. એના પછી રાજપરિવારમાં એક મૃત્યુ થયું એના સમાચાર જોગીદાસ ખુમાણને મળ્યા અને ત્યારે જોગીદાસ ખુમાણે કહ્યું કે ભલે મારે એમની સાથે મતભેદ હોય પણ મારે એના ખરખરે જવું જ જોઇએ. એ ખરખરે ગયા વેર ચાલતું હતું ત્યારે પણ અને ખરખરે ગયા એ વખતે રીવાજ એવો હતો કે માણસે પોક મૂકી રડવાનો, ખરખરે જાય એટલે મોઢા ઉપર પછેડી ઓઢીને જાય. હજુ ગામડામાં રીવાજ છે પછડી ઓઢીને જવાનો. એ પછેડી ઓઢીને ગયા તો પણ મહારાજા એમને ઓળખી ગયા કે આ તો જોગીદાસ છે. એટલે મહારાજાએ જોગીદાસને કહ્યું કે હવે જોગીદાસ હાવ કરો. એટલે બધાને બીક લાગી અને બધાને એમ થયું કે હવે તો જોગીદાસનું આવી બન્યું. પણ મહારાજા પણ એવા, કે નહિ આજે મારે ત્યાં ખરખરે આવેલા છે પછી કહ્યું કે વેરના વળામણાં કરવા હોય તો શું કરવું જોઇએ તો કહ્યું કે મારો જે હક્ક છે એ સાવર અને કુંડલાનો છે તો મહારાજે કહ્યું કે તમને આપ્યું આજથી. તો કહે કે હવે મહારાજા તમે કહ્યું એટલે મને મળી ગયું સાવર અને કુંડલા મારે ના જોઇએ. આ સદભાવનાઓ મહારાજાઓમાં અને બહારવટીયાઓમાં પણ હતી. માત્ર મહારાજાઓમાં જ નહિ પણ બહારવટીયાઓમાં પણ આ ખાનદાની હતી અને એ ખાનદાનીના કારણે રાજયની અંદર પ્રજા હંમેશા એમ કહેતી કે જ્યાં સુધી મારો રાજા છે ત્યાં સુધી હું સલામત છું. (અંતરાય) પણ આપણામાં એ સદભાવના કમનસીબે નથી અને એટલા માટે જ ચાર દિવસ પહેલાં સારા મોદી અને રૂપા મોદીએ એમ કહ્યું કે દસ વર્ષથી હું મારા પુત્રની ઇંતેજાર કરું છું અને મને આશ્વાસનનો શબ્દ કહેવા માટે પણ મારો રાજા નથી આવ્યો. સવાલ એ છે કે આપણે કૃષ્ણકુમારસિંહજીનું નામ આપીએ છીએ. એમને ગૌરવ અપાવીશું પણ એમના વિચારો અને સંસ્કારો કોઇક તો કહો કે એ થોડાંક તો ઉતારે. બહારવટીયાની અંદર હતા એવા સંસ્કારો તો ક્યાંક ઉતારે? અને ક્યાંક તો આંસુ વહાવે. પુરોહિતભાઇ થોડુંક તો કહો એમને અને આપ તો બ્રાહ્મણ છો કહેવાને લાયક છો તમારો અધિકાર છે કહો કે મારા રાજયની અંદર હું દુઃખી છું મારી પ્રજા મરી હતી મારા લોકો મર્યા હતા લોહી વહેવડાવેલા હતા હું દુઃખી છું એમ તો કહો ક્યાંક. એમ તમે નહિ કહી શકો. એમ તો કહો કોઇક દિવસ કે અમે આચરણમાં મૂકેલું છે અને મૂકીશું અમે. એમ કહો કે ચુન ચુન કે મારુંગા મેં કહ્યું હતું પણ એમ કહેવાની હિંમત જોઇએ આ તો એમ કહે કે ના મેં તો ભાષણ કર્યું હતું પણ માર્યા હતા તો મારા લોકોએ મેં એમને જેલમાં મોકલી દીધા છે. હવે એ લોકો એમ કહે છે બધા અંદર બેઠાં છે એ લોકો કે હવે એકલા સાબરમતીમાં નહિ રહીએ અમે પણ બોલાવીશું.

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ, વજુભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મને વચ્ચે ડિસ્ટર્બ ના કરે તો હું બિલ ઉપર જ બોલું

અધ્યક્ષશ્રી અન્ય : વજુભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**શ્રી વજુભાઇ વાળા (નાણામંત્રી)** :જ્યારે બિલ ઉપર વાત થતી હોય અને જે મહારાજાનું નામ હોય એ મહારાજાના ગુણ ગવાય, એ મહારાજા એવા ગુણવાન હતા અને અત્યારના બધા નથી આવી કમ્પેરીઝન ન

કરી શકાય. એવી રીતે હોય નહિ. આ પોલિટીકલ સ્પીચ છે (અંતરાય) માનનીય અર્જુનભાઇ મેં આપને રોક્યા નથી નહિતર આપે દાખલા આપ્યા એ કૃષ્ણકુમારસિંહજીના નહોતા એ મહારાજા ભાવસિંહજીના હતા, (અંતરાય) હા, ભાવસિંહજીના હતા. બીજાની વાત ન થાય પણ સારી વાત કરતાં હતાં એટલે સાંભળતા હતા પણ એની કમ્પેરીઝન કરી તો આ રીતે વાત ન થાય રાજ પરિવાર તો રાજા વીર વિક્રમથી એમને એમ ચાલ્યો આવે છે. એ બધાની વાત ના થાય. કૃષ્ણકુમારસિંહજીની ચોકકસ વાત થાય પણ એની સાથે કમ્પેરીઝન ન કરાય. આપણે જેનું નામ આપીએ છીએ એના ગુણગાન ચોકકસ ગાઇ શકીએ છીએ કમ્પેરીઝન ના થાય. આ બિલની ગરિમા છે એ જળવાય એટલું કરો એટલું જ મારે કહેવું છે. બાકી બે દિવસ પછી ગવર્નરની સ્પીચ ઉપર અને બજેટની સ્પીચ ઉપર આપણને પૂરતી તક મળવાની છે પણ આની ગરિમા જળવાય એ રીતે આપ સ્પીચ બોલો એવી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી અન્ય : અર્જુનભાઇ આપણે બિલ ઉપર જ વાત કરીએ અને બેઠાં બેઠાં કોઇ સભ્ય કોમેન્ટ ના કરે અને બેઠાં બેઠાં કોઇ કોમેન્ટ થાય તો એનો જવાબ આપવાની જરૂર નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : અમે તો ગરિમા જાળવવાના જ છીએ આપ પણ કહેજો કે ગરિમા જાળવે એક ગૃહના વડા તરીકેની આટલી વિનંતી છે બીજું કશું નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર યુનિવર્સિટીના નામ સાથે મહારાજા કૃષ્ણકુમારસિંહજી નું નામ જોડવાનું નક્કી થયેલું છે અને આ બિલને હું પણ આવકારું છું અને અનુમોદન આપું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શિક્ષણ મંત્રીશ્રી ભાવનગર યુનિવર્સિટીના નામને બદલવા બાબતના સુધારા વિધેયક જે લઇને આવ્યાં છે તેને સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર યુનિવર્સિટીના નામ સાથે મહારાજા કૃષ્ણકુમારસિંહજીનું નામ જોડાય છે અને તેની જયારે જાહેરાત થઇ છે ત્યારે રાજયના મુખ્યમંત્રીશ્રી દ્વારા એક પ્રજાવત્સલ, પરદુઃખભંજન જેને કહી શકાય એવા ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીના નામને અમરત્વ આપવાના જે પ્રયત્નો કર્યા છે તેને અમે સૌ ભાવેણા પંથકના રૈયતના પ્રતિનિધિ તરીકે ભાવસભર અને ભાવપૂર્વક આવકારીએ છીએ. અમે અભિનંદન પણ આપીએ છીએ કે મહારાજા કૃષ્ણકુમારસિંહજીના સતકાર્યોને ધ્યાનમાં રાખીને આ રાજા પણ શિક્ષણ પ્રેમી હતા અમને આનંદ એટલા માટે થાય છે કે આ રાજા શિક્ષણ પ્રેમી હતા. ભાવનગર સ્ટેટમાં તે વખતે ૫૨૦ જેટલી શાળાઓ હતી. અગાઉ વિભાવરી બહેને કહ્યું તેમ વિદેશ જવા માટે વિદ્યાર્થીઓને સહાય કરવા માટે કૃષ્ણકુમારસિંહજી તે દિવસે અગ્રેસર હતા અને આવા મહારાજાનું નામ ભાવનગર યુનિવર્સિટી સાથે જોડાય અને આખી જીંદગી તે નામ રહે ત્યારે એમ કહી શકું કે ભાવનગર માટે આ પ્રસંગ સોનામાં સુગંધ ભળ્યાં સમાન છે અને યુનિવર્સિટીનું ખુદનું ગૌરવ પણ વધી જાય છે. વ્યકિત હોય નહીં અને કેટલાં વર્ષ પછી ૧૯૭૮માં ભાવનગર યુનિવર્સિટીની સ્થાપના થઇ હતી અને આજે વર્ષો પછી એમના નામ સાથે યુનિવર્સિટીને જોડીએ છીએ ત્યારે મને એક શેર યાદ આવે છે, " જીંદગીનો એ જ સાચો પડઘો છે ગની કે વ્યકિત હોય નહીં અને એનું નામ ગુંજાય " આજે વર્ષો પછી અમે ભાવનગરના મહારાજાના નામને આ યુનિવર્સિટી સાથે જોડવાની શરૂઆત કરીએ છીએ અહીંયા ચર્ચા થઇ મારે તેમાં પડવું નથી પણ હું એટલું કહીશ કે અમે જે પસંદગી કરી છે તે ગરિમાપૂર્ણ પર્વની પસંદગી કરી છે. અમે સમયની યોગ્ય પસંદગી કરી છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજીની ૧૦૦મી જન્મજયંતિને અમે ભાવનગરના મહારાજાના નામની સાથે જોડીએ છીએ. એમની ૧૦૦મી જન્મજયંતિ છે.ત્યારે આનાથી મોટી શ્રદ્ધાંજલિ એમને કઇ હોઇ શકે? સાથે સાથે એમના રાજયના જે દિવાન હતા પ્રભાશંકર પટ્ટણી, એમની પણ ૧૫૦મી જન્મજયંતિ છે. આ બન્નેનો સુભગ સમન્વય છે. ત્યારે હું માનું છું કે આ વર્ષ ભાવનગર શહેર અને જિલ્લા માટે અને ભાવનગર યુનિવર્સિટી માટે ઉચ્ચતમ્ અને સારામાં સારું વર્ષ કહી શકાય. એવા વર્ષમાં આ જાહેરાત થાય છે ત્યારે અમે સહુ ખૂબ જ આનંદિત છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ એક વાત કરવી છે કે લોકશાહીની વાત થઇ. હમણા ઉલ્લેખ થયો. ગુજરાતની વિધાનસભાની પહેલી ચુંટણીને પણ ૫૦ વર્ષ થાય છે. એનું પણ ગોલ્ડન જયુબિલી વર્ષ છે. એનાથી પણ આગળ જઇએ. આ એટલા માટે જરૂરી છે કે પ્રાંતિક સરકારની સ્થાપના થઇ એ પહેલા ભાવનગર સ્ટેટમાં વિધાનસભાની ચુંટણી એમણે આપેલી હતી. આવા લોકશાહીને વરેલા આ મહારાજાના નામની સાથે ગુજરાતની લોકશાહીને ગુજરાતનું અલગ વિભાજન થયા પછી ૫૦ વર્ષ થઇ રહ્યાં છે ત્યારે આવો સરસ મજાનો સુમેળ પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે લોકશાહીની વાત કરીએ છીએ એટલે દુનિયાની જૂનામાં જૂની લોકશાહીને પણ યાદ કરવી પડે. દુનિયાની જૂનામાં જૂની લોકશાહીનો ઇતિહાસ અમેરીકાનો છે. તેની પણ ૨૫૦મી જયંતિ ચાલી રહી છે. આવો સરસ મજાનો સુમેળ અને સમન્વય છે, એવા વર્ષમાં આ જાહેરાત થાય છે ત્યારે આપણે સહુ એને વધાવી લઇએ, આવકારીએ અને અભિનંદન આપીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે. ખાસ કરીને આપણે આજે વિધિવત્ જાહેરાત કરીએ છીએ. કાનુની સ્વરૂપ આપી રહ્યા છીએ. હું એ પળનો પણ સાક્ષી હતો કે જયારે ભાવનગરમાં ગુજરાતના મુખ્યમંત્રીએ ૨૬મી જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ હજારોની અને લાખોની મેદની વચ્ચે જયારે આ વાતની જાહેરાત કરી કે ભાવનગર યુનિવર્સિટીને મહારાજા કૃષ્ણકુમારસિંહજીના નામ સાથે જોડવાની જાહેરાત કરી. ત્યારે ભાવનગર શહેર અને જિલ્લાની પ્રજાએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી, એ તો ઠીક, પણ સહુએ ઉભા થઇને સ્ટેન્ડિંગ એવીએશન આપીને ભાવનગરની આન બાન અને શાન જે વધારી છે એને આવકારીને જે લાગણીસભર અને ભાવવિભોર દ્રશ્યો હતા. ભાવનગરની પ્રજા અને ભાવનગરના નાગરિકોએ આપેલ પ્રેમનો ધોધ, ભાવસભર ધોધ વહાવીને ભાવનગરને ભાવવિભોર બનાવવાનું કામ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કર્યુ હતુ એ ઐતિહાસિક બનાવને નહીં ભૂલી શકાય. અમે એ બનાવના સાક્ષી હતા. બનાવના સાક્ષી હોવું એ પણ ગૌરવની વાત છે. ગુજરાતની વિધાનસભામાં પણ એવા બનાવો બન્યા છે. ભાવ આપવાની વાત, લાગણી, પ્રેમ, ગમે તેવો દુશ્મન હોય તો એને ભૂલીને એ સહુને એક પ્લેટફોર્મ ઉપર ભેગા કરીને એને સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં ગુજરાતના મુખ્યમંત્રીએ બતાવેલ છે, એમાં કોંગ્રેસના મુખ્યમંત્રી હોય કે રાજપાના હોય, તમામ પ્રકારના સંસદસભ્યો, તમામ પ્રકારના ભૂતપૂર્વ સભ્યોને પ્રેમ, લાગણી અને એવા ભાવવિભોર દ્રશ્યો થયેલા, કેટલાક ભૂતપૂર્વ ધારાસભ્યો અને સંસદસભ્યોની આંખમાં હર્ષના આંસુ પણ હતા. એ લાગણીનું વર્ણન ન કરી શકાય. એ ઇતિહાસ અમે રચી શકીએ. એટલા માટે મારે વાત કરવી છે કે આ બનાવ ભાવનગરનો હતો, જેમાં મુખ્યમંત્રીશ્રીએ યુનિવર્સિટીનું નામ આપવાની જાહેરાત કરી અને લોકોએ સ્ટેન્ડિંગ એવીએશન આપ્યુ હતું. એ ન ભૂતો, ન ભવિષ્યિત એવો ભાવનગરનો બનાવ હતો. મારે એમના શિક્ષણ પ્રેમની વાત કરવી છે. એમની સારી વાત કરીશ. એમણે ગામડાના વિદ્યાર્થીઓને શહેરમાં ભણવા માટે એ વખતે કોઇ સુવિધા નહોતી. એવા વખતે એમણે બોર્ડિંગો પણ બનાવેલી. એમાં આજની તારીખે મેં જોયુ છે કે ચારણ બોર્ડિંગ આજની તારીખે પણ મહારાજા કૃષ્ણકુમાર સિંહજીના નામ સાથે જોડાયેલી છે. એટલા માટે એમણે ગ્રામ સુધારણાનું ફંડ પણ કરેલું કે જેનાથી શિક્ષણને મહત્તમ વેગ મળે એવા પ્રયત્નો એમના હતા. જે રીતે મહારાજાના ગુણોનો ઉલ્લેખ થયો છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી પોતાની જાતને હંમેશા પ્રજાના સેવક માનતા હતા અને પોતાને પ્રજાના દાસ તરીકે ગણતા હતા. તેથી ભાવનગરના રાજા પ્રજાના સાચા સેવક હતા. ભાવનગરના રાજા કૃષ્ણકુમારસિંહજી માટે લખાયેલા શબ્દો છે, કે

અનોખો દાખલો દુનિયાને દઇ જા, આપસમાં રહે તે વાત કહી જા.
પછી સમ્રાટનો સમ્રાટ થાજે, પ્રથમ સદા પ્રજાનો દાસ થઇ જા.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષ્ણકુમારસિંહજીને આનાથી વધારે ભાવસભર શ્રદ્ધાંજલિ કઇ હોઇ શકે? આજે વર્ષો પછી ભાવનગરના રાજવીના માન સન્માન અને ગૌરવ અને લાગણી ભાવનગર પંથકની પ્રજામાં છે અને આવનારા દિવસોમાં પણ એ એમ જ રહેવાની છે. એક દાખલો માનનીય શકિતસિંહજીએ આપ્યો. એ સિવાય પણ મારા વિસ્તારમાં એવા પ્રસંગો આવ્યા ત્યારે એ દિવસોમાં રમાઘાટ નામનો એક ડેમ બનાવ્યો. તે દિવસોમાં એમના દિવાન પ્રભાશંકર પટ્ટણીના ધર્મપત્નીના નામ સાથે જોડીને ચેકડેમ બનાવ્યો હતો.

આજની તારીખે પણ ગઢડા શહેરને પાણીની સુવિધા પૂરી પાડવાનું કામ આ રમાઘાટ મારફતે થાય છે. આ ઉપકાર અમારા વિસ્તારમાં છે. એને અમે કોઇ ભૂલી શકીએ તેમ નથી. માનનીય શકિતસિંહજીએ એમનો જે દાખલો આપ્યો છે તેને મારે રિપિટ કરવો નથી, પણ એક રાજા અને પ્રજા વચ્ચે કેવો ભાવ હોય છે, કેવી નિખાલસતા હોય છે, સંબંધો કેવા હોય છે એના દાખલામાં મારે બે ચાર શબ્દો કહેવા છે. એ રાજયના એક ખેડૂતના બળદ ચોરાઇ જાય અને કોઇકને પૂછીએ એ ખેડૂત જયારે મદ્રાસ જાય છે અને રાજા એને બોલાવે છે ત્યારે એના શબ્દો યાદ કરાવવા છે. એના શબ્દો એ હતા કે, ખેડૂતના શબ્દો હતા કે તમે તો અહીંયા આવી ગયા છો અને અમારે કેટલી ઉપાધિ આવી ગઇ છે. એ દિવસોમાં એમને જરૂરી મદદ કર્યા પછી પૂછે છે કે બળદ કેવી રીતે ચોરાઇ ગયા? તો કહે કે બાપુ, વાડીએ સહેજ ઝોકે ચડયો અને ચોરાઇ ગયા. ત્યારે રાજાએ સલાહ આપી હતી કે ભાવનગરની પ્રજાને કહેજો કે જાગતા રહે. અમે બધા જાગીએ છીએ એટલે તો અમુક લોકો અહીંયા આવી શકતા નથી. મારે ખાલી એટલી વાત કરવી છે કે સંબંધો કેટલા નિખાલસ હતા એક નાના ગામના ખેડૂત છેક મદ્રાસ સુધી જાય, મદ્રાસની ભાષા સમજી ન શકે અને રાજભવનનું એડ્રેસ લખ્યું હોય અને એની અંદર પોતાના રાજાની સામે કેટલી નિખાલસતાથી વાત કરે. આ વાત આજે જયારે આવે છે ત્યારે એમના નામને આપણે અમરત્વ આપી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે. આ મહારાજા દેશ આઝાદ થયા પછી મદ્રાસના ગવર્નર બને છે. મદ્રાસના ગવર્નરપદનો સમય પૂરો થયા પછી કૃષ્ણકુમારસિંહજી ભાવનગર પરત આવે છે. કમનસીબે એ દિવસોમાં ભાવનગર પંથકમાં વરસાદ નહોતો પડ્યો. પરિસ્થિતિ એવી હતી કે ખેડૂતોને પોતાનું જીવન ચલાવવાની પણ મુશ્કેલી હતી. રાજા મદ્રાસથી આવ્યા છે એમ જાણીને એમની રૈયત ભેગી થઇ, ભાવનગર પંથકની પ્રજા ભેગી થઇ ગઇ, એમાં કેટલાક લોકોએ એમ કહ્યું કે રાજા તમે આવ્યા તે સારુ થયું તમે ભાવનગરથી ગયા ત્યારથી વરસાદ જ નથી જયારે આ વરસ તો સાવ મોળુ છે. પ્રજાની મુશ્કેલી, રૈયાતની વાત સાંભળીને ભાવનગરના રાજા કૃષ્ણકૃમારસિંહજીની આંખમાંથી આંસુ વહે છે, એ આંસુઓ ધરતી ઉપર પડે છે અને બીજા વરસે જે વરસાદ થયો એના લીધે આગળ જે ખોટ ગઇ હતી એ પૂરી થાય છે. એ જ રીતે હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો દાખલો આપું છું. જયારથી અહીંયા મુખ્યમંત્રી તરીકે બેઠા છે ત્યારથી ગુજરાતમાં સારો વરસાદ પડી રહ્યો છે. દુષ્કાળને દેશવટો આપ્યો છે. આ પ્રજાવત્સલ રાજા કોને કહી શકાય અને આ પ્રજા વત્સલ શાસક કોને કહી શકાય એ આને કહેવાય. પ્રજા વત્સલ રાજાનો મેં દાખલો આપ્યો છે. આ વિધેયક એની સાથે પ્રજાવત્સલ શાસક, પ્રજાની,લોકોની મુશ્કેલી જાણનારો શાસક, લોકોને મુશ્કેલીઓમાંથી બહાર કાઢવાવાળો શાસક ગુજરાતમાં જયાં સુધી છે ત્યાં સુધી આવનારા દિવસોમાં વિકાસ થવાનો છે ત્યારે હું ફકત એટલું જ કહીશ કે આવનારા દિવસોમાં પણ કૃષ્ણકુમારસિંહજીનું નામ ભાવનગર પંથકના રહીશો, જિલ્લાના પ્રતિનિધિઓ, જિલ્લાના નાગરિકો ખૂબ પ્રેમ પૂર્વક લેતા રહેશે. આ યુનિવર્સિટીમાંથી પાસ થઇને બહાર નીકળનારો ભાવનગર પંથકનો વિદ્યાર્થી એના સર્ટિફિકેટ ઉપર ભાવનગર યુનિવર્સિટી સાથે કૃષ્ણકુમારસિંહજી મહારાજા યુનિવર્સિટીનું નામ લઇને નીકળશે ત્યારે અમારા માટે ગૌરવનો વિષય આનાથી બીજો કોઇ ન હોઇ શકે. માનનીય્ મંત્રીશ્રી આ સુધારા વિધેયક બિલ લઇને આવ્યા છે એને આવકારીને હું મારી વાણીને વિરામ આપું છું.

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૨નું ભાવનગર યુનિવર્સિટી (સુધારા)વિધેયક લઇને આવ્યા છે એના ઉપર બોલવા ઉભો થયો છું.

માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ ભાવનગરના પ્રજાજન તરીકે બોલે છે. સદભાવના સારપ્, કળા એને કોઇ સીમાડા નથી હોતા. મહારાજા કૃષ્ણકુમારસિંહજી સદગુણોના વાહક હતા. અને કચ્છ અને ભાવનગર સાથેનો નજીકનો સબંધ હતો. તમને કોઇને ખબર નહિ હોય અમારા કેટલાય પરિવારોને એમની સાથેનો ભાવનગર જિલ્લાની સાથેનો સબંધ છે. મારા ગામની દીકરી વરલમાં પરણાવેલ છે એ ભાવનગરના ભાયાતી પરિવારો છે. આ સન્માનનીય સભાગૃહમાં કૃષ્ણકુમારસિંહજીના લઘુબંધુ

શીવભદ્રસિંહજી પણ હતા અને સામી પાટલી બેઠેલાને કહીશ કે શીવભદ્રસિંહજી એક વખતના જનસંઘના પ્રમુખ હતા. મારી એટલા માટે ઘણી વખત હળવાશભરી રીતે આ બિલને કૃષ્ણકુમારસિંહજીના માત્ર સારા પાસાઓની સાથે કોઇની વરવા પાસાની તક લે છે એ કારણે મને દુઃખ થાય છે. પ્રજાવાત્સલ્યપણું કેવું હોવું જોઇએ એ આપણે સમજી શકીએ છીએ. ભાવનગરમાં કૃષ્ણકુમારસિંહજીની વાત શ્રી શકિતસિંહજી કરે અને બિલને સમર્થન આપે એ સ્વાભાવિક છે આ બિલને હું પણ સમર્થન આપું છું. અંચળા ઓઢવાથી સ્વરૂપ નથી બદલી શકાતું.એ જોગીદાસ ખુમાણ જેવી હિંમત જોઇએ તેના માટે કે દુશ્મનને ત્યાં પણ માઠા પ્રસંગે ખરખરો કરવા જવા માટેની હિંમત જોઇએ અને તો તેનો ઇતિહાસ લખાય. આજે જે વાતો અહીં કહેવામાં આવી એ બધી જ વાતોનું વર્ણન સાહિત્યકારોએ કરેલું છે. પ્રસંગોમાં યાદ કરીને કરેલું છે. જોગીદાસ ખુમાણ ઉપરનું આઠ દિવસનું એક પ્રવચન આપી શકે એવા લાભુભાઇ પાંચાળીયા સુરેન્દ્રનગર જિલ્લાના બોરાણા જેવા નાનકડા ગામડાંમાં રહે છે. પણ એ વાતો કોની થાય કે સામસામે પ્રતિભાવ એકસરખા હોય તો.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભાવનગર યુનિવર્સિટીની સાથે મહારાજા કૃષ્ણકુમારસિંહજીનું નામ જોડાય છે તેનો આનંદ વ્યકત કરીએ અને શકિતસિંહજીએ કહ્યું એ પ્રમાણે તેનો ઠરાવ તો ત્યાંની જે એકઝીકયુટીવ કમિટીએ ૨૦૦૮માં કરેલ હતો, કારણ કે જન્મ શતાબ્દી વર્ષ આવવાનું છે અને એ વિચાર આવ્યો હશે તેને તાત્કાલિક અમલમાં મૂકાય તેના માટેનો એપ્રોપ્રિએટ ટાઇમ એ ભાવનગરમાં મુખ્યમંત્રીશ્રીએ લીધો હશે, તેમાં કંઇ નવું નથી, નવાઇ નથી કરી. ભાવનગરે તો મેળવવાનું હોય તે ભૂતકાળમાં મેળવેલું છે. તેમણે યુનિવર્સિટીની સ્વાયત્તતા, મેડીકલ કોલેજ આ બધું ગાંધી ચીંધ્યા માર્ગે અને પ્રજાની સાચી માગણી હતી તે રીતે મેળવેલું છે, ભાવનગર એવું સંસ્કારી રાજય છે. જયાં મેઘાણીજી ભણેલા, લીમડી ત્યાંના અનેક વેપારીઓ, સાહસિકો, સામાજીક આગેવાનો ભાવનગરમાં જઇને રહે. શાંતિભાઇ શાહ, જે દાદાના નામથી ભાવનગરના શિક્ષણ જગતમાં ઓળખાય. આ શાંતિલાલ શાહ વ્યવસાયે આફ્રિકા ગયેલા. મૂળ ઝાલાવાડ લીબડીના વતની, પછી ધન ઉપાર્જન કરીને પાછા આવ્યા. તેમણે આ ભાવનગર યુનિવર્સિટીની એન્જિનિયરીંગ કોલેજ જે સરકાર તરફથી શરૂ કરવામાં આવેલી. તેમાં મોટું દાન આપીને આજે પણ આ એન્જિનિયરીંગ કોલેજ સાથે શાંતિલાલ શાહનું નામ જોડાયેલું છે. એટલે જયાં સારું હોય ત્યાં સૌ કોઇ જાય. જેનો દિવસ ચઢિયાતો હોય ત્યારે ત્યાં ગોળ ઉપર મધમાખીઓ જતી હોય છે. દિવસ સારો ન હોય તો નથી જતી એમ ભાવનગરનો આ દિવસ દેદિપ્યમાન છે એ એના રાજવીઓના કારણે, એ પરંપરા કૃષ્ણકુમારસિંહજીએ જાળવેલી અને એમના અનેક પ્રસંગો અહીં વર્ણવવામાં આવશે અને ભાઇ આત્મારામભાઇએ કહ્યા, બેન વિભાવરીબહેને કહ્યા, શકિતસિંહજીએ કહ્યા એવા હું પણ કહી શકું અને આ સર્વવિદિત છે. પરંતુ તેમણે કૈલાસ પંડિતની એક પંકિતને ખૂબ પ્રમાણ આપ્યું. એવું જીવન એ જીવી ગયા. " અંત સમયે સહજતા પામવા જીંદગી સાથે ઘરોબો જોઇએ." એમણે ઘરોબો એવો જાળવેલો કે ૧૮૦૦ પાદરના એ ધણી કહેવાતા, હમણાં જ મને મહેન્દ્રસિંહ સરવૈયાએ કહ્યું કે દરેક ગામોની અંદર એ જતાં, લોકોની સાથે પરિચય કરતા, એમની સુખ-દુઃખની વાતો સાંભળતા અને અંત સમયે સહજતા પામવા એટલે કૃષ્ણકુમારસિંહજીની જે સરળતા હતી તેને કારણે એ જીવનના અંતિમ દિવસે એ કલા જગતની સાથે સંકળાયેલા હતા તેના ઉલ્લેખમાં, ઇન્ટ્રોડકશનમાં માનનીય શિક્ષણમંત્રીશ્રીએ તેનો ઉલ્લેખ કરેલો છે એ ખૂબ સાર્થક થાય એવી વાત છે. એ કલાના ચાહક હતા, તેને કારણે ઇન્ડિયન નેશનલ થિયેટરનું ખૂબ પ્રસિદ્ધ નાટક જેસલ તોરલ ત્યાં ભજવાયેલું અને લાઇવ સંગીત હતું એ કલાકારોને પોતાના પેલેસમાં આમંત્રેલા અને અવિનાશ વ્યાસની ખૂબ પ્રસિદ્ધ રચના " ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની " છેલ્લે એમણે સાંભળેલું અને નિદ્રાધીન થયા અને નિદ્રાવસ્થામાં જ આપણી વચ્ચેથી ગયા. એટલે અંત સમયે સહજતા પામવા જીંદગી સાથે ઘરોબો જોઇએ અને એ સાર્થક કરનારા કૃષ્ણકુમારસિંહજીનું નામ ભાવનગર યુનિવર્સિટી સાથે જોડાય છે એનો હું આનંદ વ્યકત કરું છું. જેમણે પ્રયત્ન કર્યો હોય એ તમામને ધન્યવાદ આપીને મારી વાતને વિરામ આપું છું. **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે બિલ નં-૫, ૨૦૧૨ માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરા લઇને આવ્યા છે તેના સમર્થનમાં બોલવા માટે ઉભો થયો છું.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી કે જેઓએ સૌ નો સાથ સૌ નો વિકાસ જેવા સૂત્રો લઇને ગુજરાતનો વિકાસ કર્યો છે. ગુજરાતને દેશમાં નંબર વન બનાવ્યું છે. તે જ રીતે અમારા ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીનું આજના દિવસે ભાવનગર યુનિવર્સિટી સાથે નામ જોડવા જઇ રહ્યા છીએ ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને અમારા શિક્ષણ મંત્રીશ્રી રમણભાઇ વોરાને ગોહિલવાડની પ્રજાવતી હું અભિનંદન આપું છું. મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશે અહીંયાં ઘણી બધી વાતો મોટા મોટા આગેવાનો દ્વારા થતી હતી. મને યાદ છે ૧૯૮૫–૯૦માં હું શામળદાસ કોલેજમાં હું ભણતો હતો તે સમયે વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહજી જિલ્લા પંચાયતમાં ઉપપ્રમુખ હતા ત્યારે અમારા વિદ્યાર્થીકાળના તે સમયમાં અમારી એક મુવમેન્ટ ચાલી હતી કે આ યુનિવર્સિટીને કૃષ્ણકુમારસિંહજી નામ આપવામાં આવે. હમણાં ૨૦૦૮માં આ માગણી થઇ હતી તો મારે એટલું જ પૂછવું છે કે, તો પછી જ્યારથી આઝાદી આવી ત્યાર પછી ૧૯૯૦ સુધી રાજ કોનું હતું? અને જો એ રાજ હોય અને ત્યારે આપ કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી નામ ન આપી શક્યા અને ત્યાંથી આગળ જાવ તો તેઓ શિક્ષણ મંત્રી પણ હતા ત્યારે પણ નામ ન આપી શક્યા, ત્યાંથી પણ આગળ જાવ તો રાજકોટમાંથી ભાવનગર યુનિવર્સિટી જુદા પડ્યા ત્યારે પણ અર્જુનભાઇ એ વખતે સિન્ડીકેટ સભ્ય હતા ત્યારે સદભાવના સાથે સતકર્મ કર્યું હોત તો આજે અહીં આ બિલ લાવવાની જરૂર ન પડી હોત. બીજું હમણાં જોગીદાસ ખુમાણની વાત થઇ. જોગીદાસ ખુમાણ કોણ હતો? જોગીદાસ ખુમાણનું એનું વટનું બહારવટું હતું, એ ત્રાસવાદી નહોતો.હમણાં ચૂન ચૂન કે મારવાની વાત થઇ. ખરેખર તો મારે એ કહેવું છે કે, *(xxxx) (xxxx) (xxxx)ખાસકરીને કૃષ્ણકુમારસિંહજીનો જન્મ (અંતરાય) (xxxx)ગુજરાતની પ્રજા ચલાવી લે તેમ નથી.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો રદ કરવા અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારા નામનો ઉલ્લેખ કર્યો અને ચૂન ચૂન કે મારવાની વાત કરી છે. શ્રી શક્તિસિંહે જ્યારે વાત કરી ત્યારે વાંધો લેવાયો હતો અને એમનું કહેવાનું એ જ હતું. બહાર એમ કહે છે કે, સુપ્રિમ કોર્ટમાં એફિડેવીટ કરી દેવી હતીને કે ચૂન ચૂન કે માર્યા છે એમ અહીં મહેન્દ્રસિંહ એમ કહે છે. માર્યા ન હોય તો કોઇ પ્રશ્ન જ નથી. ત્યાં તો ખોટું એન્કાઉન્ટર કર્યું છે એમ કહો છો.

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ, હું રેકર્ડ જોઇને નિર્ણય લઇશ. આપ બેસી જાઓ.

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એવો ઉલ્લેખ કર્યો કે, કોંગ્રેસના અધ્યક્ષશ્રી કે જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીથી ભાવનગર યુનિવર્સિટી જુદી પડી ત્યારે માનનીય અર્જુનભાઇ સિન્ડીકેટમાં પણ હતા તે દિવસે કેમ નામ ન આપ્યું. આપે કહ્યું એ ઉલ્લેખ નથી કર્યો. માથે ઓઢી ન લો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સિન્ડીકેટમાં સભ્ય હતો નહીં.. (અંતરાય)

શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા : એ વાત જવા દઇએ. આઝાદી પછી ૧૯૯૦ સુધી આપની સરકાર હતી.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જુનિયર મેમ્બર તરીકે બોલતા હોય ત્યારે સામાન્ય રીતે અમે ઔચિત્ય જાળવીને ખલેલ પહોંચાડતા નથી તે પછી આ પક્ષના હોય કે પેલા પક્ષના હોય, મર્યાદા બહાર વસ્તુઓ જતી હતી છતાં પણ એક્ઝીક્યુટીવ કાઉન્સિલનો ઠરાવ થાય, એ ક્યારે થયો? એમાં સર્વ પક્ષીય લોકો હોય એ પછી નામ આપવાની વાત થાય, આ શતાબ્દી વર્ષ આવ્યું છે અને આ સમયે નામ આપો, આપ અમને જોડીને કહેતા હતા, શિક્ષણ મંત્રી હતા તે સમયે નહીં કર્યું, અર્જુનભાઇએ નહીં કર્યું, જવા દીધું, આપ બોલો છો, આપને ખલેલ નથી આપવી અને આપને પ્રોત્સાહિત કરીએ, આપ વધુમાં

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વધુ બોલો. (અંતરાય) આપે રેકર્ડ મંગાવવાનું કહ્યું, પછી પણ હું ઉભો નહોતો થતો, પરંતુ માનનીય સંઘાણી સાહેબ વચ્ચે ઉભા થયા ત્યારે કહેવું પડે.

**શ્રી શકિતસિંહજી ગોહિલઃ** માનનીય અધ્યક્ષશ્રી, આપ જો જો એમણે એવું કહયું કે તમે એમની બ્રીફ લો નહીં અમે જેને માર્યા છે (અંતરાય) તમે જો જો હું સાંભળતો હતો એટલે કહુ છું. જો આપને આ શબ્દો રેકોર્ડ ઉપર રહેવા દેવા હોય તો એટલીસ્ટ સુપ્રિમ કોર્ટમાં આ એફીડેવિટ જે એન.જી.ઓ. કે જે પરિવાર મૃતકના પરિવારને કામ લાગશે કે આપ અહીં એમ કહો છો કે મારી નાખ્યા એ અમે માર્યા હતા અને બરાબર હતા. સુપ્રિમ કોર્ટમાં એમ કહો છો કે કોઇને મરાય નહીં જેણે માર્યા એ ખોટા છે એને જેલમાં નાખવા પડે. આ એફીડેવિટ આપની છે વજુભાઇ, આપની છે. તમે એની બ્રીફ લેતા હોવ તો એફીડેવિટમાં એમ કહો છો તો આ પણ એફીડેવિટ ત્યાં રજૂ થશે કે વિધાનસભા ગૃહમાં ભારતીય જનતા પક્ષનું વલણ એ છે, (xxxxx)

**શ્રી વજુભાઇ વાળા ઃ** માનનીય અધ્યક્ષશ્રીએ કહયું કે હું રેકોર્ડ જોઇ લઇશ. અને જો વાંધાજનક .. એ જે હશે તોય કાઢી નાખશે એમ માનનીય અધ્યક્ષશ્રીએ કહયું છે.. અંતરાય .. પછી .. અંતરાય ... .. સતત અંતરાય .. નહીં નહીં .. ..દિલીપભાઇએ એનો ઉલ્લેખ કર્યો નથી, દિલીપભાઇએ અને માનનીય અધ્યક્ષશ્રી જો શબ્દો હશે તો કાઢી નાખવા માટે કહયું છે.

**શ્રી પ્રદિપસિંહ જાડેજા ઃ** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું એટલું ધ્યાન દોરવાનું કે જયારે માનનીય મહેન્દ્રસિંહભાઇએ આ પ્રમાણેના ઉલ્લેખમાં આવું કશું કર્યુ નથી એના પછી વિપક્ષના નેતાશ્રીએ એટલું લાંબુ ભાષણ કર્યુ, આપ રેકોર્ડ જોઇને જો એ મૂળ મુદ્દા સાથે સંમત ન હોય તો પછી બાકીનો સંપૂર્ણ મુદ્દો આ વિધાનસભાના રેકોર્ડ ઉપરથી રદ કરવા માટે આપનું ધ્યાન દોરુ છું.

**અધ્યક્ષશ્રી ઃ** હું રેકોર્ડ જોઇને સંપૂર્ણ મુદ્દો રદ કરીશ.પ્લીઝ આપ બેસી જાવ એ વિવાદ હવે પતી ગયો છે. શકિતસિંહજી આ વાત આપણે ટૂંકાવીએ.

## ભાવનગર યુનિવર્સિટી(સુધારા) વિધેયક, ૨૦૧૨ (ક્રમશઃ)

**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા**ઃમાનનીય અધ્યક્ષશ્રી, આટલી બધી મને ખબર નહોતી નહીંતર આવું બધું કાંઇ બોલેત જ નહીં પણ હવે જે થઇ ગયું એ પણ ઓવરઓલ જે બનાવ બન્યા છે એની પાછળ શું ચાલે છે એ બધાને ખ્યાલ જ છે. પરંતુ મારે તો એ વાત કરવી છે કે મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો જન્મ ૧૯ મે, ૧૯૧૨માં થયો હતો. તેઓએ પહેલું શિક્ષણ રાજકુમાર કોલેજમાં લીધુ હતું, ત્યારબાદ ઇંગ્લેન્ડમાં તેઓએ શિક્ષણ લીધુ હતું. શિક્ષણ લીધા બાદ તેઓ ભાવનગરમાં નાની ઉંમરે રાજગાદી શોભાવતા હતા. તેમના સમયમાં ખૂબ સરસ અને સારો વહીવટ થયેલો છે. તેમના સમયમાં આખા દેશમાં અંડર ગ્રાઉન્ડ ગટર કયાંય નહોતી, ત્યારે કૃષ્ણકુમારસિંહજીના સમયમાં અંડર ગ્રાઉન્ડ ગટર થઇ હતી. એ જમાનામાં શુધ્ધ ફિલ્ટરેશન કરેલું પાણી એ પણ ત્યારે કૃષ્ણકુમારસિંહજીના સમયમાં થયુ હતું. ત્યારબાદ ઘણા સ્થળો પણ સારા સારા બનાવ્યા હતા, ગંગા ડેરી, ગંગાજળીયા તળાવ તખ્તેશ્વર મંદિર આ બધા જે જોવાલાયક સ્થળો છે એ આજેય પણ જોવાલાયક છે અને એ કૃષ્ણકુમારસિંહજીએ આપેલા છે. શામળદાસ કોલેજ જે બેસે છે એ મકાન પણ કૃષ્ણકુમારસિંહજીએ આપેલુ હતું. કૃષ્ણકુમારસિંહજીએ એ જમાનામાં રેલવેની વ્યવસ્થા કરી હતી. ભાવનગરથી ધોરાજી સુધીની રેલવે આ યોજના પણ કૃષ્ણકુમારસિંહજીના સમયમાં થઇ હતી. મારો કહેવાનો મતલબ એ છે કે કૃષ્ણકુમારસિંહજીએ જે વહીવટ કર્યો છે એ આખા દેશમાં પ્રખ્યાત છે. બ્રાઝીલનું એક ડેપ્યુટેશન વહીવટ જોવા આવ્યું અને ત્યારે એ રાજાનો વહીવટ જોવા માટે ભાવનગર પધાર્યુ હતું. બ્રાઝીલના આખા પ્રતિનિધિ મંડળે ભાવનગરમાં ચાર દિવસ રોકાણ કર્યુ અને જયારે બ્રાઝીલનું પ્રતિનિધિ મંડળ ભાવનગરમાંથી વિદાય લેતું હતું ત્યારે કૃષ્ણકુમારસિંહજીએ બે ગીર ગાય અને એક ધણખૂંટ આપ્યો હતો. આજે પણ બ્રાઝીલમાં આપણી ગીર ઓલાદની ગાયો પુષ્કળ પ્રમાણમાં છે. આપણે કહીએ છીએ કે આપણે આ કદર કરવામાં ખૂબ મોડુ થયું પણ ત્યાંની સરકારે એ જમાનામાં બ્રાઝીલના લોન્ડ્રી શહેરમાં એક રસ્તાનું નામ, એક પેવેલિયનનું નામ અને એક બાપુની પ્રતિમા પ્રતિકરુપે મૂકવામાં આવી છે. એટલે મારે કહેવાનો આશય એ હતો કે આપણે બાપુને ખૂબ મોડું માન આપી શકયા છીએ. એના કારણોનું સૌએ સૌના મનમાં

ચિંતન કરી લેવુ પડે. બાકી કંઇ વિચારવા જેવુ નથી. પણ એ જમાનામાં ભાવનગરમાં ઉદ્યોગની દ્રષ્ટી પણ કૃષ્ણકુમારસિંહજીમાં હતી. કૃષ્ણકુમારસિંહજીએ એ જમાનામાં ભાવનગરમાં મીઠાનું ઉત્પાદન થાય, માટે એક કામદાર કુટુંબ હતું એ કામદાર કુટુંબને બહારથી બોલાવીને મીઠાના ઉત્પાદન માટે પુષ્કળ પ્રમાણમાં જમીન આપી અને આજે પણ ભાવનગરમાં મીઠાનું ઉત્પાદન ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. એ સમયમાં હરવા ફરવાના સ્થળો ખૂબ બન્યા હતા. પીરમ બેટ બનાવ્યું, ગોપનાથ બનાવ્યું, ચાંચ બંદર, દરિયાઇ સ્થળો વિકસાવ્યા હતા. ત્યાં જોવાલાયક અલગ અલગ બંગલાઓ પણ હાલની તારીખે ઉભા છે. એવી જ રીતે જીંથરીની હોસ્પિટલ, આરોગ્યની દ્રષ્ટિએ મોટી હોસ્પિટલ એની જમીન પણ માનનીય કૃષ્ણકુમારસિંહજીએ ટોકન દરથી ચલાવવા માટે આપી હતી. આયુર્વેદિક દવાખાનાઓ ગામડામાં વિશાળ પ્રમાણમાં કર્યા હતા. ખેડૂતો પ્રત્યે અપાર હેત રાખતા હતા. એમના સમયમાં ખેડૂતોના દેવા માફ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શ્રી કૃષ્ણકુમારસિંહજીએ એમના માટે એક ફંડ એકત્રિત કરેલ હતું. આજે પણ કલેકટરશ્રીના હવાલે આ ફંડ છે અને ગરીબ ખેડૂતના દીકરાઓ હોય તો એને ભણાવવા માટે આ ફંડમાંથી પૈસા આપવામાં આવે છે. આવા પ્રજાવત્સલ રાજવી, આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની વાત થઇ કે દસ વર્ષથી મુખ્યમંત્રી થયા પછી કોઇ દુષ્કાળ પડ્યો નથી. એવા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ અને બિલ લઇને આવ્યા છે એવા મંત્રીશ્રી રમણભાઇ વોરાને ભાવનગરની પ્રજા વતી સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી રમણલાલ ઇ. વોરા (શિક્ષણમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બિલમાં છ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. બધાએ જ આ બિલને સમર્થન આપ્યું છે. બિલને સમર્થન આપવું હોય તો ખુલીને સમર્થન આપવાનું હોય અને વિરોધ કરવો હોય તો પણ ખુલીને હિંમતથી વિરોધ કરવો જોઇએ. વિરોધ પક્ષના નેતાશ્રીએ સમર્થન તો આપ્યું પણ ગુજરાતની પ્રજા અને ભાવનગરની પ્રજા ઇચ્છતી હતી અને * (xxxx)અને પછી એમ કહેવું કે આ બિલને હું સમર્થન આપું છું, મને લાગે છે કે ગોહિલવાડની પ્રજા માટે એક પરાક્રમી રાજા, શિક્ષણવિદ, (અંતરાય) શિક્ષણ મંત્રી જ બોલે. (અંતરાય)

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો પાછા ખેંચવા અંગે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમણભાઇ સામાન્ય રીતે બોલતા નથી પણ આજે જે ઉચ્ચારણ કર્યા છે કે વિરોધ પક્ષના નેતાએ * (xxxxએ શબ્દો ઔચિત્યનો ભંગ કરનારા શબ્દો છે. વિનંતી કરું કે એ પાછા ખેંચી લે. રદ કરે એ પહેલા આપ પાછા ખેંચી લો એ એવી વિનંતી છે.

**શ્રી રમણલાલ ઇ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં મને કે કોઇને ઔચિત્ય ભંગ કરવાનો અધિકાર નથી. ભાઇશ્રી અર્જુનભાઇ અને વિરોધ પક્ષના નેતાશ્રીની એના કારણે લાગણી ઘવાઇ હોય તો સ્વભાવિક રીતે જ એ ઠીક નથી અને એટલા માટે એ શબ્દો પાછા ખેંચવામાં મને કોઇ હરકત સરખું નથી. પરંતુ મારી વાત હું સ્પષ્ટતાપૂર્વક કહેવા માગું છું કે વિરોધ કરવો હોય તો સ્પષ્ટતાપૂર્વક કરવો જોઇએ અને સમર્થન ખુલીને આપવું જોઇએ. રાજ્ય સરકાર વિરલ વ્યક્તિત્વના નામ સાથે જોડાણ કરે છે ત્યારે યથા રાજા તથા પ્રજા, જેવો રાજા તેવી પ્રજા, એક વિરલ વ્યક્તિત્વવાળા રાજા હોય ત્યારે એની પ્રજામાં આ ગુણો ઊતરવા જોઇએ. ભા.જ.પ. અને જનસંઘ તો આજે પણ ગોહિલવાડનો ઋણી છે. આદરણીય શ્રી હરિસિંહ ગોહિલ એ અમારા આદરણીય નેતા હતા અને એટલા માટે માત્ર ભાવનગર નહીં પણ ગોહિલ પરિવારનો ઋણ સ્વીકાર કરીએ છીએ અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. એટલા માટે જ્યારે વાત કરી છે ત્યારે અર્જુનભાઇએ પણ પોતાની બે-ત્રણ વાતો કરી છે. મારે એમને પણ કહેવું છે કે સમજૂતી થવી જોઇએ. મહેન્દ્રભાઇએ ખૂબ સારી વાત કરી કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક્ટ ૧૯૬૫માં થયો અને ભાવનગર યુનિવર્સિટી

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એક્ટ ૧૯૭૮માં થયો. ૧૯૭૮ થી ૨૦૦૮ સુધી ક્યાં ગયા હતા? તમે ગુજરાતના શાસનમાં હતા ત્યારે તમને કેમ ન સૂજ્યું અને ન સૂજ્યું અને આ સરકાર કરી રહી છે ત્યારે તમે એની પણ ટીકા ટિપ્પણ કરો છો કે લોકોના આક્રોશના કારણે, પ્રજાના આક્રોશના કારણે, કઇ પ્રજા? સમગ્ર ગુજરાતની જનતાએ ૨૦-૨૦ વર્ષથી એક બાજુ ધકેલી દીધા હશે પણ તમારી શાન ઠેકાણે ન આવી અને એટલા માટે લોકોના દબાણને વશ થઇને સ્વર્ણિમ શતાબ્દી ચાલતી હોય, આદરણીય પ્રભાશંકર પટણીની ૧૫૦મી જયંતિ ચાલતી હોય,પ્રજાસત્તાક દિનનો અવસર હોય અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જે જાહેરાત કરે એ જાહેરાતનો પ્રતિભાવ રાજ્ય સરકારે એજ વર્ષે બિલમાં આપે એનાથી બીજું કોઇ રૂડું હોઇ શકે નહિ. અર્જુનભાઇએ વિરોધપક્ષના નેતાના વખાણ પણ કર્યા. કરવા પણ જોઇએ. એમના નેતા છે. કરવા જોઇએ હું હા પાડું છું. એમણે રાજીનામું પણ આપ્યું હતું. અન્નજળનો ત્યાગ પણ કર્યો હતો એ વાત પણ સાચી. મારે માત્ર નમ્રભાવે એટલું પૂછવું છે તમારી એવી સરકારમાં તમારા એવા કેવા મુખ્યમંત્રી હતા કે તમારું આટલુંય નહોતું ચાલતું અને તમારે આમરણાંત ઉપવાસ પર ઉતરવું પડ્યું એવી કઇ સરકાર હતી? (અંતરાય)

## પોઇન્ટ ઓફ કલેરીફીકેશન

**શ્રીશક્તિસિંહ હ. ગોહિલ (વિરોધાપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારું પોઇન્ટ ઓફ કલેરીફીકેશન છે. માનનીય મંત્રીશ્રીએ સવાલ પૂછ્યો છે કે, એ સરકારમાં પ્રજા માટે મુખ્યમંત્રીશ્રી સામે આટલું બધું કરી શકતા હતા. આજના જેવું નથી કે હરફ ના ઉચ્ચારી શકાય.

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ કહેવાની નોબત આવે એટલું પુરતું છે. પોતાએ રાજીનામું આપવું પડે આટલું પુરતું નથી? આ સરકારમાં માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ ગુજરાતનો પ્રજાજન ગુજરાતનો ધારાસભ્ય, મંત્રીશ્રી (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ પોઇન્ટ ઓફ કેલેરીફીકેશનના નામે ઊભા થયા. એમણે માનનીય મંત્રીશ્રી દ્વારા ઉપસ્થિત કરેલો મુદ્દો છે. એના સંદર્ભમાં કોઇપણ કેલેરીફીકેશન ના કર્યો અને માત્ર અત્યારની પરિસ્થિતિનું ચિત્ર આવું છે એમ કહીને બેસી ગયા. માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ કેલેરીફીકેશનના મુદ્દામાં જ્યારે પણ કોઇ સભ્યશ્રી ઊભા થાય ત્યારે એના સંદર્ભની પૂર્તતા કરવી આવશ્યક છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે માનનીય મંત્રીશ્રીના સંદર્ભમાં ઊભા કરેલામાં એમણે કોઇ પોઇન્ટ ઓફ કેલેરીફીકેશન ઊભો કર્યો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કલેરિટી હાઉસમાં થાય એ જરૂરી છે એમણે પૂછયું કે એવા ક્યા સંજોગોમાં તમારે તમારા મુખ્યમંત્રી કેમ એવા હતા? કેમ તમારે કરવું પડતું હતું? એટલે મેં કહ્યું કે ત્યારે એવી લોકશાહી હતી કે આપણા પક્ષના મુખ્યમંત્રીશ્રી સામે આ હદ સુધી જઇને પણ કરતા હતા. આજે હરફ ઉચ્ચારી શકાય નહિ. ગોરધનભાઇ ઝડફિયા જેવા કે હરેનભાઇ પંડ્યા જેવાએ કર્યું એ વાત જુદી છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા કહે છે એ વખતે મુખ્યમંત્રીશ્રી નબળા હતા કે સભ્યશ્રી નબળા હતા એ વાતમાં મારે પડવું નથી. પણ ક્યાંક તો મિત્રો નબળાઇ જરૂર હતી કે જેના કારણે એમણે રાજીનામું આપવું પડ્યું અને શકિતસિંહજીની બાબતમાં તો રાજીનામું આપવા માટે નવાઇની વાત નથી. તાલુકા-જીલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસનો કરૂણ રકાસ થયો હતો ત્યારે પણ રાજીનામું આપ્યું હતું. સિદ્ધાર્થભાઇએ પણ રાજીનામું આપ્યું હતું. • (xxxx) સિદ્ધાર્થભાઇએ પ્રમુખપદ છોડવું પડ્યું. શકિતસિંહજી પોતાના સ્થાન ઉપર રહ્યાં અને અર્જનભાઇને એની તક મળી ગઇ.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દોની યાદી આપે આપી. શબ્દો પાછા ખેંચી લેવાથી વારંવાર મંત્રીશ્રી કક્ષાએથી આ પ્રકારનું વલણ બરાબર નહિ. કોઇ શબ્દ, કોઇ સભ્યને (xxxx) કહીને સંબોધન કરવું એ માનનીય અધ્યક્ષશ્રી, આપે આપેલી અસંસદીય શબ્દોની યાદી આ વિધાનસભાગૃહે અને કોઇ સંજોગોમાં આ ચાલે નહિ. મંત્રીશ્રી તો માનનીય અધ્યક્ષશ્રી, કાલે હું કહેતો હતો

---

• (xx x) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એનું કારણ હતું.

અધ્યક્ષશ્રી : આ શબ્દ રદ કરીએ છીએ.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મારા કહેવાનો મતલબ માત્ર એટલો છે કે સિધ્ધાર્થભાઇનું રાજીનામું મંજૂર થઇ ગયું. પોતે આપ્યું હતું એ રાજીનામું મંજૂર ના થયું એટલે પહેલા પણ આપ્યું આજે પણ આપ્યું. પોતાની ખુરશી સલામત રાખી એટલું મારે સ્પષ્ટતાપૂર્વક વિરોધપક્ષના નેતાને કહેવું છે અને જ્યારે કૃષ્ણકુમારસિંહના નામ સાથે જ્યારે યુનિવર્સિટીનું નામ જોડાયું છે ત્યારે અર્જુનભાઇએ કહ્યું હતું કે સમુચિત નિર્ણય પ્રમાણે આ કરવું જોઇએ. મારે અર્જુનભાઇને માત્ર એટલું જ કહેવું છે કે પંડિત જવાહરલાલ નહેરુના નામ સાથે યુનિવર્સિટીનું નામ આપવામાં આવ્યું છે. ઇન્દિરા ગાંધીજીના નામે ઓપન યુનિવર્સિટીનું નામ આપવામાં આવ્યું છે. રાજીવ ગાંધીજીના નામે પેટ્રોલિયમ યુનિવર્સિટીનું નામ આપવામાં આવ્યું છે. આ કૃષ્ણકુમારસિંહજીનું નામ તમને ૩૦ વર્ષમાં ના સૂજ્યું? માત્ર એકજ પરિવારના નામો તમે આપો છો અને તે વખતે તમારા નેતાઓની વાત કરો છો. મારે જે વિરલ વ્યક્તિત્વ એ માટેની મારી વાતને માનનીય અધ્યક્ષશ્રી હું વળગી રહું છું અને એટલા માટે કહું છું કે, વિરોધપક્ષના નેતાશ્રીએ અને શ્રી અર્જુનભાઇએ બિલનું સમર્થન આપ્યું છે તો ખુલીને સમર્થન આપવું જોઇએ. આ સમર્થન રાજ્ય સરકારની વાતને નથી, એક એવા વિરલ વ્યકિતત્વના, આ ગુજરાતમાં પેદા થયેલા એક શિક્ષણવિદ માટે આ જયારે નામ છે ત્યારે કઇ સરકાર લઇ આવી, કયા મુખ્ય મુંત્રી લઇ આવ્યા, કયા શિક્ષણ મંત્રી લઇ આવ્યા એ મહત્વનું નથી. એક વિરલ વ્યકિતનું નામ એક યુનિવર્સિટી સાથે જોડાયેલું છે એટલી વાતને ધ્યાનમાં રાખીને આપણે સર્વાનુમતે મંજૂર કરીએ એટલી મારી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી) ::** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૨નું વિધયેક ક્રમાંક–૫–સન–૨૦૧૨નું ભાવનગર યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૨નું વિધયેક ક્રમાંક–૫–સન–૨૦૧૨નું ભાવનગર યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન–૨૦૧૨નું વિધયેક ક્રમાંક–૫–સન ૨૦૧૨નું ભાવનગર યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે છે.

### સન–૨૦૧૨નું ગુજરાત વિધયેક ક્રમાંક–૭

# પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૨

**પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અધિનિયમ,૨૦૦૭ વધુ સુધારવા બાબત.**

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી,*રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૭– સન–૨૦૧૨નું પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

* વિધેયક તા.૨૧મી ફેબ્રુઆરી,૨૦૧૨ના ગુજરાત ગવર્નમેન્ટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી,*રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૭– સન–૨૦૧૨નું પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભભાઇ પટેલ (રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭ની અંદર આ વિધાનસભાગૃહમાં પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી એકટ પસાર કર્યો હતો. આખા દેશની અંદર જરૂરિયાત પ્રમાણે ઓઇલ એન્ડ ગેસની અંદર પ્રોફેશનલોની જરૂરિયાત હતી અને આ જરૂરિયાત પૂરી પાડવા માટે આ યુનિવર્સિટી સ્થાપવાનું આયોજન કર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, ચાર વર્ષની અંદર આ યુનિવર્સિટીએ દેશ અને દુનિયામાં નામ મેળવ્યું છે. આ યુનિવર્સિટીને આખા દેશમાંથી છોકરાઓ આમાં ભણવા આવે છે અને આની અંદર જુદી જુદી જાતના કોર્ષીસ એસ્ટાબ્લીશ કર્યા છે. ટૂંક સમયમાં પેટ્રોલિયમ એન્જિનિયરીંગ, પેટ્રોલિયમ મેનેજમેન્ટ, સોલર એનર્જી, ન્યૂકલીઅર એનર્જી, જનરલ એન્જિનિયરીંગ, લિબરલ આર્ટસ જેવા અન્ડર ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ અને ડોકટરેટ સ્ટુડન્ટસ્ના કોર્ષીસ શીખવાડવામાં આવે છે. જે ફેકલ્ટી છે એ સારામાં સારી ફેકલ્ટી છે. પી.એચ.ડી. ધરાવનારા શિક્ષકો છે, ઇન્ડસ્ટ્રીયલ એક્સપર્ટસ્ છે, સ્કોલર્સ છે અને જેને ખૂબ જ્ઞાન છે એનર્જી સેકટરમાં એવી ફેકલ્ટી આપણી યુનિવર્સિટીમાં રાખવામાં આવી છે.ઇન્ફ્રાસ્ટ્રકચર પણ ખૂબ સારું છે અને રીસર્ચ અને રેસીડેન્શીયલ માટે પણ વ્યવસ્થા ખૂબ સારી કરેલી છે. સારી જાણકારી માટે ઇન્ટરનેશનલ કોલાબ્રેશન્સ યુ.એસ.એ. અને કેનેડા જોડે કરેલા છે. University of Tulsa, University of Yoklama, University of Boston, Gorgia Institute of Technology અને કેનેડાની અંદર University of Regina જોડે આપણે કોલાબ્રેશન કરેલા છે. ચાર વર્ષ પછી જયારે પહેલી બેચ નીકળી ત્યારે સારામાં સારું પ્લેસમેન્ટ થઇ અને દેશની સારામાં સારી કંપનીઓએ આની અંદર છોકરાઓને નોકરી આપવામાં પ્લેસમેન્ટ કરેલા છે. છોકરાઓ રીસર્ચમાં પણ ખૂબ સારું કરે છે. ફેકલ્ટીમાં પણ ખૂબ સારું કરે છે. એશીયન ડેવલપમેન્ટ બેંકે પી.ડી.પી.યુ.ને નેશનલ કન્સલ્ટન્ટ તરીકે પણ સોલાર એનર્જીની અંદર યુનિવર્સિટીને એ લોકોએ એસેન્ડમેન્ટ આપેલું છે એટલે આ યુનિવર્સિટી સારા બોર્ડના કારણે, સારા પ્રેસીડન્ટના કારણે એ કામગીરી કરે છે. આજે વિધેયકની અંદર એક નાનું એમેડમેન્ટ કરવા માટે લાવ્યા છીએ. જે પ્રેસીડન્ટની એઇજ લિમિટ છે એમાં ૬૫ વર્ષ લખ્યું છે એ ૬૫ વર્ષને સુધારીને આપણે ૭૦ વર્ષ કરવા માગીએ છીએ અને હાલમાં જે પ્રેસીડન્ટ છે એમાં જે ટર્મ રાખ્યું છે એકટના પ્રમાણમાં એ ત્રણ વર્ષ પ્લસ વન મોર ટમ રાખેલી છે આપણે એની અંદર એટલો સુધારો કર્યો છે કે મોર ધેન વન ટમ પણ એ કરી શકાય એ પ્રમાણેની હું દરખાસ્ત લઇને આવ્યો છું અને પ્રેસીડેન્ટની પોઝીશન એ પ્રેસ્ટીજીયસ પોઝીશન હોય છે. એના કારણે યુનિવર્સિટીઓને ખૂબ સારું ગાઇડન્સ મળતું હોય છે. પ્રેસીડેન્ટ વીઝનરી હોય અને એને આખા સેકટરની જાણકારી હોય, અનુભવ હોય તો યુનિવર્સિટીને ખૂબ સારો લાભ થતો હોય છે અને એના કારણે હું નાના સુધારા આ વિધાનસભાની અંદર લાવ્યો છું અને મને વિશ્વાસ છે કે સર્વસંમતિથી આ વિધાનસભાના સભ્યો એને મંજૂરી આપશે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં વિધેયક લાવતા પહેલાં સરકારશ્રીની વ્યકિતલક્ષી માટે આપણે કાયદો સુધારતા હોઇએ એવી ભાવના આમાં દેખાય છે. આપની જ સરકાર ૨૦૦૭માં કાયદો લઇને આવે છે. ૨૦૦૭માં આપને લાગ્યું કે ઉંમર ૬૫ વર્ષથી વધવી ન જોઇએ. આપને અહેસાસ થયો કે નો રીપીટ થીયરી બહુ સારી છે. નો રીપીટ અને એટલા માટે આપ એ વાત

પણ લાવ્યા. બે આપે રાઇડર્સ મુકયા (અંતરાય) નો રીપીટમાં આમ ઘણો ચચરાટ થઇ ગયો. દીન દયાળ યુનિવર્સિટીના પ્રમુખ પણ નો રીપીટ છે એ કહે છે એમ કે અમારે ચિંતા નથી તમારે ત્યાં છે (અંતરાય) એટલે અહીં માનનીય અધ્યક્ષશ્રી, આપે જયારે આ વિધેયક ૨૦૦૭માં ઇન્ટ્રોડયુસ કર્યુ ત્યારે આપે આ જોગવાઇ કરી હતી. આ જ સરકારની આ જોગવાઇ હતી અને આ જોગવાઇને અનુરૂપ ઉંમર એ ૬૫ વર્ષથી ઘટાડતા નથી સાહેબ.મારે પણ જોવું પડશે મંત્રીશ્રીઓ પણ ગંભીરતાથી ચર્ચા કરે છે એટલે ૭૦ કરે છે. આપ કહો છો કે ઉંમર અમે ઘટાડીએ છીએ અને આમાં જે છે એ ૭૦ વર્ષની કરવાની જરૂરી જણાય છે. હું વિધેયક ઉપર કયારેય એમને એમ ઉભો નથી થઇ જતો બોલવા માટે. આપ આ સુધારાવિધેયક છે એ યુનિવર્સિટી અધિનિયમમાં લઇને આવો. યુનિવર્સિટીના સંદર્ભમાં યુ.જી.સી. એ આપણા માટે ગીતા કહેવાય. યુ.જી.સી.એ વારંવાર કહયું છે કે આપે કયાં, શું, કેમ કરવું જોઇએ. આપ એનું પાલન કે એને અનુરૂપ સુધારા તો લાવતા નથી. આપના પ્રોફેસર્સના કિસ્સામાં, આપના ટીચર્સના કિસ્સામાં આપે શું કરવું જોઇએ એ યુનિવર્સિટી વિધેયકમાં આપ લઇને આવતા નથી પણ આપને એમ લાગ્યું કે હવે કોઇક એક વ્યકિત જેને મારે પ્રમુખ તરીકે ચાલુ રાખવી છે. એ આ કાયદામાં કયાંય બંધબેસતો નથી. ૬૫ એ ય વટાવી જાય છે.અને મારી નો રિપીટની વાત ને ય વટાવી જાય છે. તો હવે શું કરવું? મારું તો એવું છે કે મને ગમે તે કરવાનું. કાયદાની ઐસી કી તૈસી. કાયદો જ બદલાવી નાખવાનો. કાયદામાં ફેરફાર કરી નાખોને. ૬૫ ની ૭૦. એક વખત નહિ, બે વખત અને આ સુધારા વિધેયક લઇને વિધાનસભા ગૃહમાં આવવાનું. આ જે પદ્ધતિ છે એ કોઇ સંજોગોમાં સમર્થન ન આપી શકાય તેવી છે, એટલા માટે આ બંને સુધારાને અમે સ્વીકારી શકતા નથી અને આ વિધેયક સરકાર પાછું ખેંચે તેવી અપેક્ષા સાથે વિરમું છું.

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું અને ખાસ કરીને આજના દિવસ ઉપર જ્યારે અનેક સરકારી વિધેયક ઉપર સુધારા બિલ રજૂ થયા છે, ત્યારે અંગ્રેજીમાં બહુ સરસ વાક્ય છે. હું સાંભળતો હતો માનનીય શકિતસિંહજીને. Progress is impossible without change and those who cannot change their mind cannot change anything. પેટ્રોલિયમ ક્ષેત્રે ગુજરાત પ્રથમ સ્થાને રહ્યું છે. એ ચાહે ગેસ એક્ષપ્લૉરેશન હોય કે ઓઇલ એક્ષપ્લૉરેશન કે ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક હોય કે પેટ્રોલિયમ expertise હોય. આ આખાય સબજેક્ટમાં ગુજરાતે પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. ૨૦૦૩ માં વાયબ્રન્ટ ગુજરાતમાં જી.એસ.પી.સી. અને રાજ્ય સરકાર દ્વારા એમ.ઓ.યુ. થયા હતા. ત્યારબાદ ૨૦૦૭ માં માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી આ વર્લ્ડ કલાસ યુનિવર્સિટીની સ્થાપના થઇ હતી. આજની તારીખે જોઇએ તો ગુજરાતમાં ઘણા લોકો ઓઇલમાં ખૂબ મોટા પ્રમાણમાં એક્ષપ્લૉરેશન અને ડ્રિલિંગ એક્ટિવિટી કરતા આવ્યા છે. ગુજરાતની બહાર વાત કરું તો કે.જી.બેઝીન, હાઇ પ્રેશર, ડ્રીપ હાઇ ડ્રિલિંગ કરીને લગભગ ૨ લાખ કરોડ રૂપિયાનો ગેસ પણ મેળવવામાં આપણે સફળતા પામ્યા છીએ. એવી જ રીતે દેશની અંદર જ્યારે ગેસ ગ્રીડ સ્થાપવાની હોય ત્યારે પણ ગુજરાત એમાં મોખરે રહ્યું છે. પર્યાવરણના ક્ષેત્રને ધ્યાનમાં રાખીને વાત કરું તો ગુજરાતની અંદર અનેક સી.એન.જી. સ્ટેશનો ઉભાં થયાં છે. આ તમામ વસ્તુઓ ધ્યાનમાં રાખીને આ સભાગૃહના તમામ સભ્યોને જણાવતા આનંદ થાય છે કે દેશનો ૫૪ ટકા ઓનશોર પ્રોડકશન ગુજરાતમાં થાય છે. ૩૯ ટકા ઓનશોર નેચરલ ગેસનું પ્રોડકશન પણ ગુજરાતમાં થાય છે. જે ક્રૂડ રિફાઇનિંગ થાય છે, તેની ૪૬ ટકા કેપિસિટી ગુજરાતની છે. દેશનું ૪૬ ટકા રિફાઇનિંગ ગુજરાતમાં થઇને આખા દેશમાં અપાઇ રહે છે. તેમાં ૬૦ ટકા ગુજરાત કોસ્ટ લાઇન ઉપારથી આવીને આખા દેશમાં જતું હોય ત્યારે આ યુનિવર્સિટીની સ્થાપના ગાંધીનગર ખાતે થઇ છે. લગભગ ૫૨ એકરથી વધારે એકર જમીનમાં વિસ્તરેલી આ યુનિવર્સિટી છે. યુ. જી. સી. દ્વારા આ યુનિવર્સિટીને માન્યતા મળેલ છે. એ.આઇ.સી.ટી.ઇ. ની મંજૂરી મેળવેલ છે. આ યુનિવર્સિટીમાં સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી, સ્કૂલ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ, સ્કૂલ ઓફ સોલર એનર્જી, સ્કૂલ ઓફ ન્યુકિલઅર એનર્જી, સ્કૂલ ઓફ ટેકનોલોજી અનેક એવા કોર્સિસ ઉપલબ્ધ છે, જયારે અહીંના વિદ્યાર્થીઓ પહેલો લોટ બહાર પડ્યો છે, ત્યારે અનેક એવોર્ડો આ યુનિવર્સિટીને પ્રાપ્ત થયા છે. અનેક વિદ્યાર્થીઓએ દેશ વિદેશનમાં પ્રેઝન્ટેશનમાં અને કોન્ફરન્સમાં પણ ભાગ લીધેલ છે.

ઘણા લોકોને ગોલ્ડ મેડલ મળ્યા છે. ગૃહને જણાવતા આનંદ થાય છે કે જે પહેલો લોટ પછીનું પ્લેસમેન્ટ થયું છે. એમાં દેશમાંની સર્વોચ્ચ સારી કંપની જેવી કે બી.પી.સી.એલ., આઇ.ઓ.સી., ઇન્ફોસીસ, એલ.એન.ટી.એલ એન્ડ ટી, યસ બેંક, જી.એસ.પી.સી, સાબરમતી ગેસ જેવી કંપનીઓએ આમાંથી પ્લેસમેન્ટ કરીને વિદ્યાર્થીઓને ત્યાં નોકરી મળી છે અને એ પણ જણાવતાં આનંદ થાય છે કે, જે હાઇએસ્ટ સેલરી જે અપાઇ છે એ Twelve Lakh Rupees per annumની થઇ છે. જે બીટેક અને પેટ્રોલિયમ એન્જીનિયરીંગના પ્લેસમેન્ટની વાત કરું તો ઓ.એન.જી.સી, ક્રેઇન ઇન્ડિયા, એલ એન્ડ ટી, જી.એસ.પી.સી, ગુજરાત ગેસ અદાણી, સાબરમતી ગેસ જેવી કંપનીઓએ પણ અહીયાંથી વિદ્યાર્થીઓ લીધા છે એક અંદાજ પ્રમાણે આવનારા ૨૦૧૫ સુધીમાં દેશ અને ગુજરાતની અંદર ૪૦૦૦૦ પેટ્રોલિયમ એન્જીનિયરોની ઓઇલ અને ગેસ ક્ષેત્રે નિષ્ણાતની જરૂર હોય ત્યારે અમુક જે સુધારા હોય એ જરૂરી જણાતા હોય, જયારે સારું કાર્ય કરતા હોય તો અમુક સુધારા લાવવા પડે ત્યારે માનનીય મંત્રીશ્રી જે સુધારાઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને આ બિલ વિનાવિરોધે પસાર થાય એવી વિનંતી પણ કરું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે અને એમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે માત્ર બે સુધારાઓ લઇને આવ્યા છે. એક જે એના પ્રેસિડન્ટ છે એની ઉંમર ૬૫ને બદલે ૭૦ વર્ષના પણ ત્યાં રાખી શકાય અને બીજું રિપિટ કરી શકાય. માનનીય દુષ્યંતભાઇને કંઇક સમજફેર થતી હશે, એમણે કહ્યું કે progress is not possible without change. આમાં તો ચેઇન્જ ન કરવાની વાત કરી છે. (અંતરાય) ઉંધું કર્યુ છે. એટલે હવે આમાં ચેઇન્જ ન કરો તો ચાલે અથવા તો એને રિપીટ કરી શકાય એવી વાત કરી છે. આપની વાત સાચી હતી કે ચેઇન્જ થવું જોઇએ પણ અહીંયાં કરતા નથી એટલે આપ થોડીક ચર્ચા માનનીય મંત્રીશ્રી સાથે કરી લો એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયા આખીની અંદર એક પ્રવાહ કમ્પરેટીવલી યુવા લોકોને અજમાવવાનો છે અને જયારે કોઇ જગ્યાએ ન મળતા હોય તો અનુભવીને પણ ઉમેરો કરવાની વાત પણ આપણે સ્વીકારી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને એમ કહ્યું (અંતરાય) કે, જયારે વિદ્બવાનો ન મળતા હોય તમારી પાસે અને અનુભવી માણસ છે એ સશકત હોય તો તમે ૭૦ લોકોને લઇ આવી શકો અને એ માટે આખા દેશની અંદર યુનિવર્સિટીના એકટમાં સુધારો કરવાની સૂચના પણ આપી કે હવે તમે ૭૦ સુધીના એક્ષ્પર્ટ પ્રોફેસરને યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર બનાવી શકો પણ આપણે હું તો ખાલી જે મનોવૃત્તિ છે રાજ્ય સરકારની એની વાત કરું છું. સીલેક્ટીવલી કેવી રીતે જાય છે. આપણે ત્યાં ઘણી યુનિવર્સિટીઓ છે અને ઘણી જગ્યાએ આપણે એ પ્રયોગ કરી શકીએ પણ બીજી યુનિવર્સિટીઓ માટે ૭૦ની ઉંમર સુધારવી નથી,
ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીમાં જયારે થયું કે પરટિક્યુલર પર્સનને જ આપણે વાઇસ ચાન્સેલર બનાવવાના છે એટલે એના માટે સુધારો લઇને આવ્યા, સુધારો લઇ આવ્યા તો વાંધો નહીં પરંતુ આખા દેશને માર્ગદર્શન આપે એવા એક્ષપર્ટ ટેકનોલોજીના ક્ષેત્રના પણ આપણી પાસે હતા પ્રો.એન.આર.દવે જે ભાવનગર યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી એના સકસેસફુલ વાઇસ ચાન્સેલર થયા, ટેકનિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર પણ હતા. માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીમાં મેં કહ્યું એ પ્રમાણે પ્રો.એન.આર.દવે હતા. પ્રો.એન.વી.વસાણી જેવા નિરમા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર જેવા લોકો પણ હતા અને ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન પણ જેમની પાસેથી સલાહ લેતી હતી એવાને ન નીમ્યા અને માનનીય મુખ્યમંત્રીશ્રીને જે પસંદ હતા એટલા માટે જી.ટી.યુ.ની અંદર આપણે એક વાઇસ ચાન્સેલરને નીમ્યા અને એને કારણે શું સ્થિતિ ઉભી થઇ રાજ્યની અંદર એ આપણે જોઇ છે. આપની ઇચ્છા કદાચ અહીંયા એવા લોકોને પણ નીમવાની હશે. પણ એનાથી રાજ્યને કે રાજ્યના વિદ્યાર્થીઓને ફાયદો નથી થવાનો. એનાથી એક્સપરીમેન્ટ થવો જોઇએ નવો એ પણ નહીં થાય અનુભવીનો પણ નહીં થાય. એટલે આ બિલની સાથે તો સંમત થઇ શકાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દુષ્યંતભાઇએ ગુજરાતની અંદર ઓઇલ ગેસના એકસ્પ્લોરેશનની વાત કરી ઓઇલ ગેસનું એકસ્પ્લોરેશન આજનું નહી વર્ષોથી છે. ભૂમિમાં છે એટલે નીકળે છે એમાં કોઇ મુખ્યમંત્રીએ કૃપા કરી નથી. અહીંયા આ ધરતીમાં જે છે એટલે નીકળે છે અને વર્ષોથી નીકળે છે અને સમયની સાથે સાથે એમાં વધારો પણ થાય. રિફાઇનીંગ કેપેસીટીની વાત કરી, હા એ રિફાઇનીંગ કેપેસીટીના બે યુનિટ જે વિશ્વ કક્ષાના છે એ સ્વર્ગસ્થ ચીમનભાઇ પટેલની દુરંદેશીથી લઇ આવેલા. ભલે, એમણે એ વખતે ફોટા નહોતા પડાવ્યા પણ એ આવ્યું હતું તે વખતે. અહીંયા જે કહ્યું કે આપણે કે.જી.બૈઝિનમાં આટલું થયું, આટલું થયું હવે એના કદાચ કેગના રિપોર્ટ વાચ્યા હોત તો ખ્યાલ આવત કે એમાં કેવા કેવા ખેલ ખેલાયા છે? (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : એ રિલેવન્ટ વાત નથી. આ બિલની સાથે એને કંઇ લેવા દેવા નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એ રિલેવન્ટ નથી તો આપે બોલવું નહોતુંને! એમણે બોલવું નહોતું જોઇતુંને, તેઓ બોલ્યા છે એટલે હું જવાબ આપુ છું. આપે રોકવા જોઇતા હતા ત્યારે.
આપને સારું લાગે તે બોલવાનું બરાબર? બાકી એની વિરુધ્ધમાં બોલે તો રોકવાના.

શ્રી વજુભાઇ રૂ. વાળા : મંત્રીશ્રી બોલ્યા હોય તો જવાબ આપે પણ કોઇ સભ્યશ્રી બોલ્યા હોય તો એનો જવાબ આપવાની જરૂર ન હોય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : જે બોલશે એનો જવાબ મળશે. તો રોકવાની જરૂર હતી ત્યારે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, પ્લીઝ.

શ્રી વજુભાઇ રૂ. વાળા : બિલ ઉપર જ આવો તમે

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એણે ઉત્પાદન કર્યુ હોય એ બોલવાનું, ઉત્પાદનમાં શું ખેલ કરે છે એ બોલીએ તો વાંધો પડે છે. તમારે સભ્યને રોકવા જોઇતા હતા. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : કોઇ સભ્ય બોલ્યા હોય એના ઉપર જવાબ આપવાની જરૂર ન હોય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : જવાબ મળે જ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, બિલ ઉપર આપ વાત કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અને છતાં મારે એમાં વિશેષ કહેવું નથી મેં તો ફકત એક લાઇન કહી. આખું ભાષણ માનનીય સભ્યશ્રીએ કહ્યું અમે એને એપ્રિસિએટ કર્યું કે ભલે વાત કરી અમે જવાબ આપીશું અને મેં એક લાઇન બોલવાનો પ્રયાસ કર્યો તો બીજા કોઇ નહીં, નાણામંત્રીશ્રી ઉભા થઇ ગયા, બીજા સિનિયર મંત્રીશ્રી ઉભા થઇ ગયા.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપ ચર્ચા ટૂંકાવો અને બિલ ઉપર આપ વાત કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : જો ફરી પાછા ઉભા થઇ ગયા હું તો બોલું છું આપ એમને કહો. સાહેબ, જોવું જોઇએ આપે પણ અને એમને બોલતા હોય ત્યારે કહેવું જોઇએ.

અધ્યક્ષશ્રી અન્ય : બન્ને બાજુ જોઇએ જ છીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયાઃ ના આપે મારી સામું જોઇને કહ્યું.

અધ્યક્ષશ્રી : મારે આપને જ જોવાના હોય અને બીજા બોલતા હોય તો ત્યાં જોવાનું હોય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયાઃ માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે કહેવું પડ્યું આમાં કે સર્વનો સાથ અને મારો એકલાનો વિકાસ એવું થાય છે આ જી.એસ.પી.સી.થી શરૂ કરીને એટલા માટે હું વાત કરતો હતો. દુષ્યંતભાઇ મને ૨૦૦૪ની વાત પણ યાદ છે. મહેસાણામાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે ચકલી ખોલો અને ગેસ નીકળશે, પાણી નહિં, પેટ્રોલ નીકળશે અને મારો ગુજરાતનો ખેડૂત દુબઇમાં ઓઇલ વેચવા જશે અને ડોલર કમાશે, આ વાત કરી હતી. (અંતરાય) આ પણ હતું. મારે બીજી વાત નથી કરવી પણ આ (અંતરાય) નારણકાકા તમે શું કરવા બોલો છો? ૨૦૦૪માં આપને પણ ખબર છે કે મુખ્યમંત્રી આવ્યા એમણે કહ્યું હતું કે મારો મહેસાણાનો ખેડૂત છે એ પાણી ખેંચી ખેંચીને થાકી ગયો છે. હવે મારા રાજમાં પાણી નહિં

ખેંચવું પડે. એ ઓઇલ ખેંચશે અને દુબઇની બજારમાં વેચવા જશે અને ડોલર કમાશે. અમે માણસા ગયા હતા તો ત્યાં પૂછયું કે તમારે ઓઇલ વેચવા ત્યાં જતાં હોય તો અમારી ગાડીઓમાં ભરાવી દો આખા હિંદુસ્તાનમાં વેટ અહીંયા વધારે લાગે છે મોંઘું પડે છે. તમારી પાસે થોડું ઘણું આવું ડીઝલ, પેટ્રોલ આવ્યું હોય તો અમને આપજો. અમારી ગાડીઓમાં ભરીશું અમે. આ બધી તાળીઓ પડાવવી સહેલી છે વાસ્તવિકતા અઘરી છે. મને ડિસ્ટર્બ કર્યો એટલે વાત આડી લાઇનમાં જાય છે મારે તો આપની સાથે જ વાત કરવી છે. (અંતરાય)બહેન આપ સુરતમાં શું બોલ્યા હતા એ મને ખબર છે. મને સલાહ ના આપો હું આપના જેવો નથી થતો. આપે સુરતમાં અમારા માટે કેવા શબ્દો વાપર્યા હતા એ અમને ખબર છે મને વાત ન કરો. (અંતરાય)

**સભાપતિશ્રીઃ** પ્લીઝ અર્જુનભાઇ,

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયાઃ** સુરતમાં શબ્દો શું બોલ્યા હતા એના માટે મને સલાહ આપો છો. (અંતરાય) આ ગૃહમાં ન બોલી શકાય એવા ભાષણો કરો છો આપ.

**સભાપતિશ્રીઃ** પ્લીઝ પ્લીઝ,

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયાઃ** આપ શિક્ષિકા રહ્યા છો આપે મર્યાદા રાખવી જોઇએ. વજુભાઇ કે બીજા બોલે એ વાત જુદી છે. વજુભાઇ બોલે એ જુદી વાત છે આપ શિક્ષિકા રહ્યા છો. ન બોલાય આપનાથી. મને ખબર છે શું બોલતા હતા એ. (અંતરાય) હા પણ બહેને બોલવું ના જોઇએ.

**સભાપતિશ્રીઃ** પ્લીઝ આપ બેસી જાઓ બધા. પ્લીઝ, આપ બધા બેસો પ્લીઝ. (અંતરાય) બેસો આપ બધા બેસી જાઓ. હું અહીંયા ઉભો છું પ્લીઝ બધા બેસી જાઓ. પહેલાં આપ બેસી જાઓ. અર્જુનભાઇ આપણે આ બિલની ચર્ચા ઉપર જ જઇએ. હું એમને પણ કહુ છું. કોઇ કોઇ બેઠાં બેઠા કોમેન્ટસ ના કરે. આપ બિલ ઉપરની ચર્ચા ઉપર આવી જાઓ. આપણે એક વાગ્યા સુધીમાં આ બિલ પૂરું કરવાનું છે. મારી સામે જ જોઇને આપ વાત કરો એટલે બીજો કોઇ સવાલ પણ ના રહે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયાઃ** મારે બિલ ઉપર જ બોલવું છે મારી આપને વિનંતી એટલી જ છે કે બીજા કોઇ બોલે એનો વાંધો નહિં આગલી હરોળમાં જે લોકો બેઠા છે એ લોકો જો બોલશે તો એનો જવાબ મળશે. પાછળના મારા મિત્રોને છૂટ છે. પાછળના મિત્રોને છૂટ છે આગલી હરોળના જે સભ્યો છે જે પ્રધાનમંડળના સિનિયર સભ્યો છે એ સલાહ ના આપે (અંતરાય) .(અંતરાય) આમાં ફાઇલ કિલયર ના થાય તેમાં અમે શું કરીએ ? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલની સાથે સંમત થઇ શકતો નથી.

**શ્રીસૌરભભાઇ પટેલ(રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર ત્રણ સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા. પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના બોર્ડ ઓફ ડાયરેકટર્સ, ગવર્નસ છે મારે તેની થોડી માહિતી આ વિધાનસભા ગૃહમાં આપવી છે. મુકેશ અંબાણી ચેરમેન છે , શ્રી મહેશ્વર કર, એકસ સેક્રેટરી ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા, શ્રી કે.વી.કામત, ચેરમેન આઇ.સી.આઇ.સી.આઇ, મીસીસ પલ્લવી સોફ, લીગલ એકસપર્ટ , મી.વિક્રમ મહેતા, સેલ ઇન્ડિયા, મી.સુધીર મહેતા, ટોરેન્ટ, પ્રો.એન.આર.દવે, એકસ વાઇસ ચાન્સેલર અને સરકારના બે પ્રતિનિધિઓ પ્રિન્સિપલ સેક્રેટરી એજયુકેશન, પ્રિન્સિપલ સેક્રેટરી પેટ્રોકેમિકલ. માનનીય અધ્યક્ષશ્રી, આ બોર્ડના ગાઇડન્સના કારણે આજે Petroleum University is considered to be one of the best University. માનનીય અધ્યક્ષશ્રી, આ સભ્યશ્રીઓના જે મેં નામ આપ્યાં તે લોકોને આમંત્રણ આપવામાં આવેલું. તે લોકોને કહેવું પડે છે કે ગુજરાતના યુવાનોને આવતાં દિવસોમાં સારી નોકરી મળે તેના માટે આપ આપનું માર્ગદર્શન આપો. They are best in the field. આજે એ લોકો પાસે જે નોલેજ છે આજે Reliance Industries ના ચેરમેન પાસે ઓઇલ સેકટરનું જેટલું નોલેજ છે આવતા દિવસોમાં કઇ દિશામાં જવાનું છે એ એમનાથી વધારે સારું નોલેજ બહુ ઓછા લોકો પાસે હોય. એવી જ રીતથી વિક્રમ મહેતા સેલ ઇન્ડિયાના આ દુનિયાની સારી કંપની છે. મને આનંદ થાય છે કે આ લોકો સ્વૈચ્છિક રીતે ગુજરાતની અંદર તેની ઇકોનોમી જે ડેવલપ થાય છે તેને પ્રોત્સાહન આપવા માટે બોર્ડમાં જોડાયા છે. એટલે આજે મને જરા દુઃખ થયું જયારે સાંભળ્યું કે વ્યકિતલક્ષી વ્યકિતઓ માટે આ નિર્ણય લેવાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ડો.મુકેશ અંબાણી is only ૫૮. તે કંઇ ૭૦ વર્ષના નથી થવાના કાલે અને નંબર ટુ કે તેમનું

રિન્યુઅલ આ વર્ષમાં નથી આવતું. આ બિલ વ્યકિત માટે નથી લાવતાં. આ બિલ એટલા માટે લાવીએ છીએ કે આવતાં દિવસોમાં સારા વ્યકિતઓ હોય અને યુનિવર્સિટીને લાગે, સોસાયટીને લાગે કે તેને કન્ટીન્યુએશન કરવા માટે તે આગળ વધે તેના માટે આ બિલ લાવ્યા છીએ. આની અંદર જે પ્રમાણે અહીંયા સૂચનો કરવામાં આવ્યાં દુઃખદ વાત છે. આજે સેન્ટ્રલી પણ આ લોકોનું માર્ગદર્શન લે છે. આજે પ્રધાનમંત્રી પણ કમિટીઓમાં બોલાવે છે. આ ડો.મુકેશ અંબાણીને રતન ટાટાને સમિતિઓમાં રાખે છે અને તેમની પાસેથી માર્ગદર્શન લે છે તેની આપણે ટીકા કરવાની ? તમે પેટ્રોલિયમ કાર્યાલયમાં જાવ તો આવતાં દસ વર્ષમાં કઇ જાતનો પ્લાન જોઇએ તે આવા ટોપ વ્યકિતઓ આપતાં હોય છે. તે લોકો પાસે ટીમ છે. એમની પાસે ટીમ છે. દુનિયામાં શું થઇ રહ્યું છે એની એમની પાસે જાણકારી છે. એટલે મારી એક જ વિનંતી છે કે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મેં એમને ડિસ્ટર્બ કર્યા નથી. મારે વિનંતી કરવી છે કે નામના વિચાર સાથે આગળ ન જતા કોઇને કોઇ મૂકવાના છે. એ તો સોસાયટી નકકી કરશે, આવતા દિવસોમાં. પણ, સર્વાનુમતે નકકી કરશે તો એક સીગ્નલ જશે કે આ વ્યકિતલક્ષી બિલ નથી. કારણ કે કોઇ વ્યકિત આવે છે ત્યારે પોતાનો સમય આપે છે. એ પોઝિશન લેવા આવતા નથી. એમની પાસે તો આના કરતા પણ મોટી પોઝિશન ઓલરેડી છે જ. એ સમય આપીને આવે છે. બીજું કે આજની તારીખમાં ગુજરાત પેટ્રોકેમિકલ હબ બની ચૂકયું છે. છેલ્લા ૧૦ વર્ષમાં રિફાઇનરી કેપેસિટીઝ જોઇએ તો વધારો થયો છે. દેશનું કેટલું ક્રુડ ગુજરાતના પોર્ટસ ઉપરથી આવે છે. કેટલી પાઇપલાઇનો ગુજરાતમાંથી પસાર થાય છે. કેટલા સી.એન.જી. સ્ટેશનો ગુજરાતમાં છે. કેટલા એલ.એમ.ઇ.ટર્મિનલ ગુજરાતમાં છે. કેટલો ગેસ ઇમ્પોર્ટ થાય છે. કેટલું ઓઇલ એકસપ્લોરેશન થાય છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે માનનીય બાબુભાઇ મેઘજીભાઇ શાહને કે એનર્જી વિભાગનું આવે ત્યારે આ વિષય લે. હું એમને એ વખતે જોરદાર જવાબ આપીશ. અત્યારે મારે એમને એટલી જ વિનંતી કરવાની છે કે પેટ્રોકેમિકલ હબ તરીકે આવ્યું છે અને એ આપણા મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્દષ્ટિ હતી કે આ યુનિવર્સિટીની સ્થાપના કરીએ. કેન્દ્રએ સ્થાપના કરી તો કયાં કરી? રાયબરેલીમાં કરી. હવે મારે આપને પૂછવું છે કે યુ. પી.માં રાયબરેલીમાં કોઇ ગેસ પાઇપલાઇન નથી, ઓઇલ નથી એવા સંજોગોમાં ત્યાં આ યુનિવર્સિટી નાંખીએ તો...

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**અન્ય રાજયોની ટીકા કરવા અંગે.**

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે પણ આ મુદ્દો ઉપસ્થિત થયો હતો. ગઇકાલે પણ કહ્યું હતુ કે કેટલીક સંસદીય પ્રણાલિકામાં જરૂર આપ એ મર્યાદામાં રહીને ટીકા–ટીપ્પણ કરો. એ વાંધો ન હોઇ શકે. અન્ય રાજયોની સરકારોએ શું કર્યુ, કોનું નામ આપ્યું, ત્યાંની પાઇપલાઇન શું ? આપ આપની વાત કરો ને. આપ આપની પાઇપલાઇન ચલાવો. બીજા રાજયની ટીકા ન થઇ શકે માનનીય અધ્યક્ષશ્રી. આપના જ નિર્ણયો છે. ગઇકાલે પણ માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું હતું કે બીજા રાજયની ટીકા ન થઇ શકે.

સભાપતિશ્રીઃ આપ બિલ ઉપર આવી જાઓ.

શ્રી સૌરભભાઇ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને જાણ કરવી છે. માનનીય અર્જુનભાઇ ખાસ બોલતા હતા કે આ મુખ્યમંત્રીશ્રી કોઇના ઉપર ઉપકાર કરતા નથી. મુખ્યમંત્રીશ્રી રાજયના વિદ્યાર્થીઓની ચિંતા કરે છે. ગુજરાતમાં જયારે આટલું બધું ઓઇલ એકસ્પલોરેશન થતું હોય અને આટલા બધા પેટ્રોકેપિટલ આવે. નોલેજ આવી શકતું હોય ત્યારે યુનિવર્સિટીની સ્થાપના કઇ જગ્યાએ થાય? લાભ કયાં મળે? ગુજરાતને મળે. પણ આપણી કમનસીબી એ છે કે ગુજરાતને લાભ નહીં મળ્યો. લાભ કયાં મળ્યો? રાયબરેલીને. આ વિષય મારે મૂકવો હતો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સીલેકટીવ માહિતી આપીને ગૃહને ગેરમાર્ગે દોરે છે. કેન્દ્ર સરકારે આખા દેશમાં ઇન્સ્ટિટયૂટ સ્થાપવાના. એ સંદર્ભમાં રાયબરેલીમાંયે સ્થાપે છે. માનનીય મંત્રીશ્રીને ખ્યાલ છે કે આ જ સરકારે ગુજરાતને આઇ.આઇ.ટી. આપી છે. આ જ સરકારે ગુજરાતને સેન્ટ્રલ યુનિવર્સિટી આપી છે અને આ જ સરકારે ગુજરાતને મરીન યુનિવર્સિટી આપી છે. એ એક પેટ્રોલિયમ યુનિવર્સિટી ત્યાં આપી એની વાત કરે છે. એમના નેતાને કહો જોઇએ કે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે શું કામ ન આપી? યુ.પી.એ. સરકાર હતી ત્યારે શું કામ આવી?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી: આને આની સાથે કંઇ લેવા દેવા નથી.

શ્રી સૌરભભાઇ પટેલ

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ ):** માનનીય અધ્યક્ષશ્રી, મારે ફકત માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન એટલું જ દોરવું છે કે અમે પેટ્રોલીયમ યુનિવર્સિટીની સ્થાપના કરી એ આપણા મુખ્ય મંત્રીશ્રીનું વિઝન હતું એટલે થયું. આજે તેમાં સારામાં સારા કોર્ષ થાય છે. આજે સારામાં સારી નોકરીઓની તક મળી છે. આ આ સરકારે કરેલું છે. આ મુખ્ય મંત્રીશ્રીએ કર્યું છે. એટલી જ વાત મારે વિધાનસભાને કહેવી હતી. બીજું જે યુનિવર્સિટીની વાત કરી, મારે એક જ વાત કરીને પૂરું કરવું છે કે ગુજરાત દેશમાં મોરઘેન ૧૦ થી ૧૫ ટકા આવક ગુજરાતમાંથી કેન્દ્રને આપે છે. એટલે કેન્દ્ર સરકાર ઉપકાર નથી કરતી આપણને ૩ ટકા આપે છે. આશરે ૩ ટકા, એટલે બે યુનિવર્સિટી આપી તે કંઇ ઉપકાર નથી કરતી. મારે આ કહેવું છે માનનીય અધ્યક્ષશ્રી, આટલી વાત કહી હું મારી વાત પૂરી કરું છું.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ ):** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક ૭, સન- ૨૦૧૨નું પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ ):** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક ૭, સન- ૨૦૧૨નું પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક ૭, સન- ૨૦૧૨નું પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૩૭ કલાકે પૂરું થતાં, સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૨-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨**
**ફાલ્ગુન ૯, ૧૯૩૩ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**<#SBકચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું થયેલ વાવેતર**

*** ૨૩૯૭૦ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

(૧) કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી મુન્દ્રા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩)તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**વન મંત્રીશ્રીઃ**

(૧) કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ અંતિત ૭૪૫ હેકટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેકટર) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૪૨૫.૦૦ |
| ૨૦૧૧–૧૨ | ૩૨૦.૦૦ |
| **કુલ** | **૭૪૫.૦૦** |

(૨) તે પૈકી મુન્દ્રા તાલુકામાં ૬૮ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેકટર) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૩૫.૦૦ |
| ૨૦૧૧–૧૨ | ૩૩.૦૦ |
| **કુલ** | **૬૮.૦૦** |

(૩)તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કચ્છ જિલ્લામાં કુલ રૂ.૩૦૩.૫૩ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. તે પૈકી મુન્દ્રા તાલુકામાં રૂ.૨૨.૭૩ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી :** મારા પ્રશ્નના જવાબમાં કચ્છ જિલ્લા સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ ૨૦૧૦ અને ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૩૦૩.૫૩ લાખનો ખર્ચ કરવામાં આવેલો છે. ગુજરાતની છ કરોડની જનતા જાણે છે કે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતના વન વિભાગે જે પણ વન મહોત્સવ ઉજવીને વનો અને વૃક્ષોનું જતન કર્યુ છે વાવેતર કર્યુ છે એના કારણે ગુજરાતની અંદર દુષ્કાળ દેશવટો પામ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : છેલ્લા દસ વરસથી ગુજરાતમાં દુષ્કાળ નથી પડ્યો એનું કારણ આ વન વિભાગે વૃક્ષોનું વાવેતર કરીને ગુજરાતને હરિયાળુ બનાવ્યું છે. મારા પ્રશ્નની અંદર બીજો પ્રશ્ન છે વરસ ૨૦૧૦-૧૧ અને વરસ ૨૦૧૧-૧૨માં તાલુકાવાર કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે અને કેવા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ સન ૨૦૧૦-૧૧ માં અબડાસા તાલુકામાં ૪૬ હેકટર, અંજાર તાલુકામાં ૫૦ હેકટર, ભચાઉ તાલુકામાં ૪૦ હેકટર, ભૂજ તાલુકામાં ૬૩ હેકટર, લખપત તાલુકામાં ૪૦ હેકટર, માંડવી તાલુકામાં ૪૮ હેકટર, મુંદ્રા તાલુકામાં ૩૫ હેકટર, નખત્રાણા તાલુકામાં ૫૯ હેકટર, રાપર તાલુકામાં ૪૪ હેકટર એમ કુલ મળીને ૪૨૫ હેકટરમાં વાવેતર કરેલ છે. એમણે બીજો પ્રશ્ન ૨૦૧૧-૧૨નો પૂછ્યો તો એમાં અબડાસા તાલુકામાં ૨૭ હેકટર, અંજાર તાલુકામાં ૩૫ હેકટર, ભચાઉ તાલુકામાં ૩૫ હેકટર, ભૂજ તાલુકામાં ૪૬.૫૦ હેકટર, લખપત તાલુકામાં ૨૨ હેકટર, માંડવી તાલુકામાં ૪૬.૫૦ હેકટર, મુંદ્રા તાલુકામાં ૩૩ હેકટર, નખત્રાણા તાલુકામાં ૩૯ હેકટર, રાપર તાલુકામાં ૩૬ હેકટર એમ કુલ મળીને ૩૨૦ હેકટરમાં વાવેતર કર્યુ છે. એમણે રોપાની વાત કરી એમાં ગાંડો બાવળ, સરૂ, લીંમડો, દેશી બાવળ, આંબો,ઇઝરાયલી બાવળ, નીલગિરી, નાળિયેરી, ગોરડ લીંબુ, બોરડી, જાંબુ, ખીજડો, સીતાફળ, ગોરસ આંબલી, ચીકુ, ખાખરો, આમળા, સરગવો, ગુંદા, વડ, પીપળ, સેવન, હરમો, ખેર, ખારેક, પીલુ, કાસીદ, ગુલમહોર વગેરે વૃક્ષોનો સમાવેશ થાય છે.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : વરસ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં ૭૪૫ હેકટરમાં વાવેતર કર્યુ છે તો તાલુકા વાઇઝ કેટલા રોપાઓનું વાવેતર કરેલ છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ સન ૨૦૧૦-૧૧ માં અબડાસા તાલુકામા ૬૦ હજાર, અંજાર તાલુકામાં ૬૩ હજાર, ભચાઉ તાલુકામાં ૪૮ હજાર, ભૂજ તાલુકામાં ૮૦ હજાર, લખપત તાલુકામાં ૫૦ હજાર, માંડવી તાલુકામાં ૫૭ હજાર, મુંદ્રા તાલુકામાં ૪૨ હજાર, નખત્રાણા તાલુકામાં ૭૪ હજાર, રાપર તાલુકામાં ૫૧ હજાર, એમ કુલ ૫, ૨૫,૦૦૦ રોપાઓનું વાવેતર કરેલ છે. એ જ રીતે સન ૨૦૧૧-૧૨ માં અબડાસા તાલુકામાં ૩૪ હજાર, અંજાર તાલુકામાં ૪૧ હજાર, ભચાઉ તાલુકામાં ૪૩ હજાર, ભૂજ તાલુકામાં ૫૮ હજાર, લખપત તાલુકામાં ૨૫ હજાર, માંડવી તાલુકામાં ૫૭ હજાર, મુંદ્રા તાલુકામાં ૩૭ હજાર, નખત્રાણા તાલુકામાં ૪૬ હજાર, રાપર તાલુકામાં ૪૨ હજાર એમ કુલ મળીને ૩,૮૩,૦૦૦ રોપાઓનું વાવેતર કરેલ છે.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જવાબ-૨ના પેટા ખંડમાં મુંદ્રા વિસ્તારમાં ૬૮ હેકટરમાં વાવેતર કરેલ છે અને કચ્છમાં ૭૪૫ હેકટર કુલ વાવેતર કરેલ છે તેમ જણાવેલ છે. મુંદ્રા વિસ્તારમાં મુંદ્રા અને એ વિસ્તારની ૨૦૦૦ હેકટર કરતા વધુ જમીન વળતર વનીકરણ અન્વયે આપેલી છે. તેના બદલામાં મુંદ્રામાં ૬૮ હેકટરમાં વાવેતર કર્યું છે. કચ્છમાં વળતર વનીકરણ માટેની જવાબદારી રાજયના વન વિભાગને સોંપેલી, એ વાત સાચી છે અને ૨૦૧૧-૧૨ સુધીમાં વળતર વનીકરણ હેઠળ કચ્છમાં કુલ કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ સામુહિક વનીકરણમાં છ મૉડેલનું વાવેતર થાય છે. જયાં જે રીતની જરૂરિયાત હોય અને જે રીતે અમારે ત્યાં માગણી આવતી હોય તે રીતે તે રોપાનું અમે વાવેતર કરીએ છીએ. માનો કે ગ્રામ વન પિયત છે તો અમે..

શ્રી બાબુભાઇ મે. શાહ : સવાલ કયો પૂછયો અને જવાબ શું આપે છે. મુંદ્રામાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : તેમનો જવાબ સાંભળો.

શ્રી બાબુભાઇ મે. શાહ : કેટલું વાવેતર કર્યું છે એટલો જ મારો સવાલ છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામૂહિક વનીકરણની રીતે ૨૦૧૦-૧૧માં જે વાવેતર કર્યું છે તેનો પ્રશ્ન છે. એ અમે તાલુકા પ્રમાણે વાવેતર કરેલું છે. એ આપને જવાબ આપ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી કિરીટસિંહભાઇ સ્પષ્ટતા કરે છે.

શ્રી કિરીટસિંહ જી. રાણા : મુંદ્રામાં ૩૩ હજાર તો વાવેલા છે પણ દરેક તાલુકાવાર વાત કરી, ૨૦૧૦-૧૧ની અને અત્યારે સ્પેસિફિક પ્રશ્ન તાલુકાનો હેકટરવાઇઝ કેટલા વાવ્યા તેનો છે. ટોટલ ૩૮૩ હજાર રોપા વાવેલા છે. અગાઉ કચ્છ જિલ્લાની જે વાત થઇ તેમાં ૪૨૫ની વાત થઇ.

શ્રી બાબુભાઇ મે. શાહ : જવાબદારી સોંપેલી છે અને વન વિભાગે સ્વીકારેલી છે. એ વિભાગની અંદર વળતર વનીકરણ માટે કયા તાલુકામાં કેટલું વનીકરણ કરેલું છે તેનો જવાબ ન હોય તો પ્રશ્ન સ્થગિત રાખો.

અધ્યક્ષશ્રી : વળતર વનીકરણનો કોઇ જવાબ હોય તો કહો નહીં તો અલગથી નોટિસ માગો પ્લીઝ.

શ્રી મંગુભાઇ છ. પટેલ : તેમનો પ્રશ્ન છે તેના માટે અલગથી નોટિસ આપવી જોઇએ. (અંતરાય) એમની વળતરની વાત છે.

શ્રી ધનજીભાઇ ગો. સેંધાણી : માનનીય અધ્યક્ષશ્રી ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં જે વાવેતર થયેલ છે તેમાં જીવંત રોપા હાલ તાલુકાવાર કેટલા છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : કચ્છ જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં કરેલ વાવેતર પૈકી અબડાસા તાલુકામાં ૫૫,૦૦૦ અંજાર તાલુકામાં ૪૮,૦૦૦, ભચાઉ તાલુકામાં ૪૨,૦૦૦, ભૂજ તાલુકામાં ૭૬,૦૦૦, લખપત તાલુકામાં ૪૪,૦૦૦૫, માંડવી તાલુકામાં ૫૦,૦૦૦, મુંદ્રા તાલુકામાં ૩૩,૦૦૦, નખત્રાણા તાલુકામાં ૬૮,૦૦૦, રાપર તાલુકામાં ૪૧,૦૦૦ મળી કુલ ૪,૫૭,૦૦૦ રોપાઓ જીવંત છે અને વર્ષ ૨૦૧૧-૧૨માં અબડાસા તાલુકામાં ૩૪,૦૦૦, અંજાર તાલુકામાં ૪૧,૦૦૦ ભચાઉ તાલુકામાં ૪૩,૦૦૦, ભૂજ તાલુકામાં ૫૮,૦૦૦, લખપત તાલુકામાં ૨૫,૦૦૦, માંડવી તાલુકામાં ૫૭,૦૦૦, મુંદ્રા તાલુકામાં ૩૭,૦૦૦, નખત્રાણા તાલુકામાં ૪૬,૦૦૦, રાપર તાલુકામાં ૪૨,૦૦૦ મળી કુલ ૩ લાખ ૮૩ હજાર રોપાઓ જીવંત છે.

**<#SBસુરત જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મકાનો મંજૂર કરવા બાબત**

***૨૩૯૦૯ શ્રી કિરીટભાઇ ગં. પટેલ(ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)સુરત જિલ્લામાં સન ૨૦૧૧-૧૨ના વર્ષમાં ડીસે-૨૦૧૧ની સ્થિતિએ સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨)તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા મકાનો બાંધવામાં આવ્યા,

(૩)ઉકત સ્થિતિએ કેટલા આવાસો બાંધવાના બાકી છે, અને

(૪)તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧)રાજ્ય સરકારની નીતિ પ્રમાણે ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા બી.પી.એલ. કુટુંબોના મકાનો પૂર્ણ થવાના કારણે સુરત જિલ્લામાં લક્ષ્યાંક ફાળવેલ નથી.

(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી કિરીટભાઇ ગં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની નીતિ પ્રમાણે અમારા સુરત જિલ્લામાં ૦થી ૧૬ના ગુણાંક ધરાવતા બી.પી.એલ. કુટુંબના મકાનો પૂર્ણ થયા છે જાણી આનંદ થયો. મારો પ્રશ્ન એ છે કે સરદાર આવાસ યોજનામાં સરકાર તરફથી આવાસ બાંધવા માટે અગાઉ કેટલી સહાય આપવામાં આવતી હતી અને અત્યારે કેટલી સહાય આપવામાં આવે છે? આ રકમ કેટલા હપ્તામાં અને કેટલી રકમ આપવામાં આવે છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : ઇંદિરા આવાસ યોજનાની ગુજરાતમાં કામગીરી ચાલતી હતી તેના વિકલ્પે સરદાર આવાસ યોજના ગુજરાત સરકારે હાથ ઉપર લીધી. ગુજરાત સરકારના પ્રયત્નોથી ૧૦૦ ટકા ફંડ ૨૦૦૩થી ફાળવવામાં આવે છે. ૨૦૦૩થી તા.૧૦–૮–૧૦ સુધી આ યોજના પહેલા તબક્કામાં હાથમાં લીધી તેમાં પહેલાં યુનિટ કોસ્ટ રૂ.૩૬૦૦૦/– ગુજરાત સરકાર આપતી હતી. જેમાં ૨૦૧૦ સુધી રૂ.૭૦૦૦/– લાભાર્થીઓનો ફાળો હતો અને ટોઇલેટ સુવિધાના રૂ.૨૫૦૦/– આપવામાં આવતા હતા. તે પછી સ્વર્ણિમ વર્ષ આવવાના કારણે યુનિટ કોસ્ટમાં વધારો કરીને રૂ.૪૫૦૦૦/– કરી તે ઉપરાંત લાભાર્થીના રૂ.૭૦૦૦/– અને ટોઇલેટ સુવિધાના રૂ.૨૫૦૦/– આટલી રકમ સરદાર આવાસ યોજનામાં કરવામાં આવી. આ રકમ પહેલાં શરૂઆતમાં રૂ.૫૦૦૦/–નો હપ્તો આપવામાં આવતો હતો. એના કારણે ગરીબ લોકો પોતાના મકાન ઉભાં કરી શકતા નહોતા. હવેથી પહેલો હપ્તો રૂ.૨૧૦૦૦/–નો આપવામાં આવે છે. બીજો હપ્તો રૂ.૧૫૦૦૦/–નો લીંટલ લેવલે મકાન આવે ત્યારે આપવામાં આવે છે અને ત્રીજો હપ્તો રૂ.૯૦૦૦/–નો આપવામાં આવે છે.

શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર આવાસ યોજના અંતર્ગત ૧૭ થી ૨૦ના ગુણાંકમાં પહેલાં બીપીએલના લાભાર્થીઓને લાભ આપવામાં આવતો હોવાથી ૦થી ૧૬ના લાભાર્થીઓને શા માટે લાભ આપવામાં આવતો ન હતો?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્ય શ્રીમતી ભારતીબેનની વાત સાચી છે કે, પહેલાંના વખતમાં ૧૭થી ૨૦ના ગુણાંક ઉપર સરદાર આવાસ યોજનાનું કામ હાથ પર લેવામાં આવતું હતું. પરંતુ સ્વર્ણિમ વર્ષ આવ્યું ત્યારે ૨૦૧૦ પછી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિચાર કર્યો કે, ૧૭થી ૨૦ના ગુણાંકવાળા કરતાં પણ ગરીબ અતિ ગરીબ લોકો ૦થી ૧૬માં છે. સ્વર્ણિમ વર્ષની ઉજવણી કરતાં હોય ત્યારે અતિ ગરીબ લોકો છે એમને સરદાર આવાસ યોજના હેઠળ એટ રેન્ડમ ગમે ત્યાં આપતા હતા, કોઇપણ જીલ્લામાં ૦થી ૧૬ પૂરતું નિયમન નહોતું થતું એ માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાનમાં આવતાં સ્વર્ણિમ વર્ષમાં ૦થી ૧૬ના બધા જ લોકોને મકાન આપવાનું કાર્ય પૂર્ણ કરવું જોઇએ. નબળાવર્ગના લોકોની દસ યોજનાઓને સંકલિત કરીને ૦થી ૧૬ ના તમામ પરિવારોનો સમાવેશ કરવામાં આવ્યો. મને કહેતાં આનંદ થાય છે કે, ૦થી ૧૬ના તમામ લોકોના સોએ સો ટકા મકાન બાંધી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં પણ મારે ગૌરવ સાથે કહેવું છે કે, ૧૭થી ૨૦ માં પહેલાં આપતા હતા એ યોજના ફરી આ વખતે શરુ કરીને તેમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂ.૫૦૦/– કરોડનું પ્રોવિઝન કરાવ્યું છે. હવે પછી ૧૭થી ૨૦ના લાભાર્થીઓને લાભ આપવાનો છે.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાના બારડોલી તાલુકાના ઉમરાળા અને સુરત જિલ્લાના માંડવી તાલુકાના ઉમરેઠ ગામમાં સરદાર આવાસ યોજના હેઠળના મકાનો પૂર્ણ થયા નથી તેના ક્યા કારણો છે ? આ બન્ને ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ન આપવાના કારણે આ મકાનો પૂર્ણ થયા નથી. તો તેમને ગ્રાન્ટ ફાળવીને આ મકાનો કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની વાત સરકારના ધ્યાને મૂકવામાં આવી નથી. સરકાર નિયમિત રીતે ચકાસણી કરે છે. (અંતરાય) શ્રી કુંવરજીભાઇ તમે કહો એટલે માની લેવા હું તૈયાર નથી. (અંતરાય) જે ગામોની એમણે ફરિયાદ કરી છે,

અધ્યક્ષશ્રી : આખો જવાબ સાંભળી લો. શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : આ જે ગામોની એમણે ફરીયાદ કરી છે .. અંતરાય .. માનનીય અધ્યક્ષશ્રી, હું કુંવરજીભાઇને કહુ છું કે જો તમે આ બંધ પડેલું જોયું તો

તમે સરકારમાં કે મને કેમ ફરીયાદ કેમ એકેય વખત નહોતી કરી?

શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સરદાર આવાસ યોજના છે એ યોજનાનું બાંધકામ કરવા માટે લાભાર્થીઓ સક્ષમ હોતા નથી એટલે ગ્રામ પંચાયતોને સોંપવામાં આવે છે અને ૨૧હજાર રુપિયાનો પ્રથમ હપ્તો ગ્રામ પંચાયતોને આપવામાં આવે, માનો કે ૨૫, ૫૦ જે કંઇ મકાનો મંજૂર થાય એટલે ગ્રામ પંચાયતોને ૨-૫ લાખ રુપીયા ગ્રામ પંચાયતોને ૨૧હજાર પેટે ચૂકવી દેવામાં આવે છે. કેટલીક ગ્રામ પંચાયતો એવી છે કે એ ગ્રામ પંચાયતો છ-છ મહીના, આઠ-આઠ મહીના સુધી મકાનો બાંધતા નથી. એવું અમારા સાવલી તાલુકાના કિસ્સા છે અને એની મેં ડી.ડી.ઓ. અને ગ્રામ વિકાસ એજન્સીને ફરીયાદ કરી. આવા કિસ્સાઓ જો ધ્યાન પર આવે તો ગ્રામ પંચાયતો સામે કોઈ એકશન લેવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : સુરત જિલ્લા પૂરતી માહિતી હોય તો આપ આપો.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : આ પ્રશ્ન સુરત જિલ્લાનો છે. તે માટે એમણે એક અલગથી નોટીસ આપવી પડે.

૩૮૯/page> **રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું થયેલ વાવેતર**

* **૨૩૯૭૨ શ્રી ભરતભાઇ ખો. બોઘરા (જસદણ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૧૨માં
તા.૩૧-૧૨-૨૦૧૧ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી જસદણ તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩)તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**વનમંત્રીશ્રીઃ**

(૧) રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ અંતિત ૭૧૭ હેકટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેકટર)** |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૩૯૭.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૩૨૦.૦૦ |
| **કુલ** | **૭૧૭.૦૦** |

(૨) તે પૈકી જસદણ તાલુકામાં ૫૯ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેકટર)** |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૩૨.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૨૭.૦૦ |
| **કુલ** | **૫૯.૦૦** |

(૩)તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં રાજકોટ જિલ્લામાં રૂ.૨૩૭.૭૬ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. તે પૈકી જસદણ તાલુકામાં ` ૧૭.૪૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સૌરાષ્ટ્રના લોકોમાં માનસિકતા છે. છોડમાં રણછોડ છે. અમારા સૌરાષ્ટ્રના લોકોની ભાવના છે કે છોડમાં રણછોડ છે એ વાત સાર્થક કરવા આ ગુજરાતની ભા.જ.પ સરકાર કટીબદ્ધ છે એવું જવાબ ઉપરથી મને લાગ્યું. મારે એટલું જ પૂછવું છે કે સામાજીક વનીકરણ યોજનામાં આ સરકાર દ્વારા કયા કયા મોડેલ હેઠળ વાવેતર થાય છે અને બીજું આ વાવેતર થાય છે એમાં ગાંડા બાવળ અને દેશી બાવળની ગણતરી કરી છે કે કેમ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક વનીકરણ યોજનામાં કુલ ૬ પ્રકારના મોડેલ હેઠળ કામગીરી કરવામાં આવે છે. પહેલું મોડેલ છે પટ્ટી વાવેતરઃ આ મોડેલમાં વાવેતર રોડ કે રેલવે અને કેનાલની પટ્ટીમાં વાવેતર કરવામાં આવે છે જેમાં પ્રતિ હેકટર ૧૬૦૦ રોપા રોપવામાં આવે છે. બે રોપા વચ્ચેનું અંતર ૨.૫ મીટર રાખવામાં આવે છે. રોપા રોપવા માટે ૪૫સે.મી.x ૪૫સે.મી.x ૪૫સે.મી.ના માપ સાઇઝના ખાડા કરવામાં આવે છે. આ વાવેતરને પ્રથમ વર્ષે ત્રણ વખત વાવેતર અને એક ગોડકામની પ્રક્રિયા કરવામાં આવે છે. ૪ વખત સપોર્ટ વોટરીંગ પૂરૂ પાડવામાં આવે છે. આ વાવેતરની વન વિભાગ ૨ વર્ષ પૂરતી જ જાળવણી કરે છે. બીજુ મોડેલ છે ગ્રામવન પિયતઃ આ મોડેલમાં ગામની ગૌચરની જમીનમાં પ્રતિ હેકટરે ૧૬૬૬ રોપા ૩મી x૨મી ના અંતરે રોપા રોપવામાં આવે છે. રોપા રોપતાં પહેલાં એ વિસ્તારમાં ખેડાણ કરી ૩૦સે.મી. x૩૦ સે.મી. x૩૦ સે.મી.ના ખાડા કરવામાં આવે છે. રોપાઓને પ્રથમ વર્ષે ૩ વખત નિંદામણ ગોડકામ અને વખત પાણી આપવામાં આવે છે.

ગ્રામવન બિન પિયતઃ ગામની ગૌચરની જમીનમાં પ્રતિ હેકટરે ૧૬૦૦ રોપા ૨.૫મી. x૨.૫મી.ના અંતરે રોપવામાં આવે છે. આ માટે ૪૫સે.મી.x૪૫સે.મી.x૪૫સે.મી.ના ખાડા કરી રોપવામાં આવે છે. પ્રથમ વર્ષે ત્રણ વખત નિંદામણ અને ગોડકામ કરવામાં આવે છે.

મોડલ(ઈ) પર્યાવરણ વાવેતરઃ આ મોડલમાં સ્કુલ કમ્પાઉન્ડ, સરકારી પંચાયત ઓફિસ, હોસ્પિટલ, તળાવ કાંઠે સ્મશાન વિગેરે જગ્યાએ ૧ હેકટર વિસ્તારમાં ૧૧૧૧ રોપા
૩મી x૩મીના અંતરે ૪૫સે.મી.x ૪૫સે.મી.x ૪૫સે.મી.ના ખાડા કરી રોપા રોપવામાં આવે છે. પ્રથમ વર્ષે ૩ વખત નિંદામણ અને ગોડકામ કરવામાં આવે છે અને ૪ વખત પાણી આપવામાં આવે છે.

પાંચમુ મોડેલ છે ફાર્મ ફોરેસ્ટ્રીઃ ખેડૂતોની ખાનગી માલિકીની કસ વિનાની જમીનમાં વધુમાં વધુ ૧ હેકટરમાં ૧૦૦૦ રોપા રોપવામાં આવે છે. આ માટે ૩૦સે.મી. x૩૦સે.મી. x૩૦ સે.મી.ના માપ સાઇઝના ખાડા કરવામાં આવે છે. પ્રથમ વર્ષે વીડીંગ અને સોઇલ વર્કીંગ કરવામાં આવે છે. આ વાવેતરની જાળવણીની જવાબદારી જે તે ખેડૂતની રહેશે. ઉપર મુજબના મોડલોમાં પ્લાન્ટેશન, રક્ષણ માટે બજેટની મર્યાદામાં લોકલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બાર્બડ વાયર, ફેન્સીંગ, થોરની વાડ, ટ્રેચ ફેન્સીંગ, જીવંત વાડ, કાંટાળી વાડ, તામ્બુ તારની વાડ વિગેરે કરવામાં આવે છે. ડ્રીપ ઈરીગેશન (ટપક પદ્ધતિ ) ગૌચર જમીનમાં ૪૫સે.મી.x૪૫સે.મી.x૪૫સે.મી.ના માપના સાઇઝના ૧૩૫૦ ખાડા ૧ હેકટર વિસ્તારમાં ૪૫સે.મી.x૨ મી.ના અંતરે ખોદવામાં આવે છે.જેમાં મધ્ય સિંચાઇના રોપા રોપવામાં આવે છે અને આ વાવેતરને ફરતે તારના વાયરનું ફેન્સિંગ કરીને તેનું રક્ષણ કરવામાં આવે છે. પ્રથમ વર્ષે ત્રણ વખત નીંદામણ અને ગોડકામ કરવામાં આવે છે અને ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ ગોઠવીને રોપાને ટપક સિંચાઇ પદ્ધત્તિથી પાણી આપવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જુદા જુદા મોડ્યુલ હેઠળ ક્યા પ્રકારે વાવેતર થાય છે એની માહિતી ગૃહને આપી. પણ કરોડોની સંખ્યામાં આ રોપાઓ દર વર્ષે વાવીએ છીએ. રોપાઓ વવાય એ ખૂબ જ જરૂરી છે. પણ એની સાથે આ રોપા ઉછરે એ પણ એટલું જ જરૂરી છે અને આ રોપાઓના ઉછેરનો રેટ ખૂબ ઓછો છે. છેલ્લા ૧૦ વર્ષમાં જે વરસાદ થાય છે એના પ્રમાણમાં

રોપા ઉછેરવા જોઇએ એટલા ઉછરતા નથી. એનો મતલબ એ છે કે માનનીય મંત્રીશ્રી જે મોડ્યુલ કહે છે એ સફળ થતા નથી અને એના કારણે જે રોપાઓ પાછળ આપણે મહેનત વાવવામાં કરીએ છીએ એટલી એની સુરક્ષા પાછળ થતી નથી. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વાવવાની સાથે એને ફેન્સિંગ કે પ્રોટેક્શન એવી કોઇ યોજના થોડો વધારે ખર્ચ કરીને કરવા માગે છે કે કેમ? કારણ કે આપણે વાવવા માટેના ટારગેટ દર વર્ષે વન વિભાગને આપીએ છીએ કે આટલા વાવવાના જ. પણ એનો આટલો ઉછેર થવો જોઇએ એવો કોઇ ટારગેટ હોતો નથી અને એવો કોઇ ટારગેટ એચિવ થતો નથી. એના કારણે વન વિભાગના અમુક અધિકારીઓ તો વાવી દીધા અને પૂરા પણ થઇ ગયા એવું છે. એટલે વાવતા પણ નથી અને ઉછેરતા પણ નથી. જે રીતે વન વિભાગમાં વાવવા માટેના ટારગેટ આપીએ છીએ એ રીતે એના ઉછેર માટેનો ક્વોટા આપવા માગો છો કે કેમ? અને આની અંદર કોઇ જગ્યાએ ગેરરીતિઓ થઇ હોય તો એની તપાસ કરવા માગો છો કે કેમ અને આ પ્રકારે ખાલી રેકોર્ડ કરવા માટે અમદાવાદમાં આ પ્રકારે વાવવાનો પ્રોજેક્ટ કરેલો.

**અધ્યક્ષશ્રી** : રાજકોટ જિલ્લા પૂરતો પ્રશ્ન હોઇ બીજી ઘણી ચર્ચા થઇ છે. અત્યારે બીજી ચર્ચામાં ન પડીએ. આપને પ્રશ્ન પૂછવો હોય એ પૂછો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : રાજકોટ જિલ્લાની જ વાત છે. બધા ગમતા પ્રશ્નો હોય એવું ન હોય. મેં બીજું કોઇ અવલોકન કર્યું નથી. (અંતરાય) અમદાવાદનો જવાબ વજુભાઇ ન આપે. એવા શબ્દો કહીએ કે અભિનંદન આપે છે તો પ્રોબ્લેમ નથી થતો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, અર્જુનભાઇ આપ પ્રશ્ન પૂછી લો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : વરસાદ આવે તો મુખ્યમંત્રીને અભિનંદન આપે, છોડ વાવે તો મુખ્યમંત્રીને અભિનંદન આપે એમાંથી બહાર નીકળો.

**અધ્યક્ષશ્રી** : આપ પૂછો નહીં તો નેક્સટ ઉપર જઇએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મારો પ્રશ્ન છે કે જે વાવવાનો ટારગેટ આપવામાં આવે છે એમ ઉછેરવાનો ટારગેટ આપવા માગો છો કે કેમ અને વાવવાની અંદર પણ જ્યાં ગેરરીતિઓ થાય છે એની તપાસ કરવા માગો છો કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અર્જુનભાઇએ પ્રશ્નો પૂછ્યા છે એમાં મેં જે મોડ્યુલ આપ્યા એમાં એનો જવાબ આવી જાય છે. બીજી વાત એ છે કે કુદરતી રીતે જ્યારે કોઇ જિલ્લામાં વરસાદ ઓછો હોય, ન પડ્યો હોય, કોઇ એક કારણ નથી. આક્ષેપ એટલા માટે કે આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે ભારતમાં વનીકરણ, વન વિસ્તાર બહાર વન ક્ષેત્ર અને સામાજિક વનીકરણની વાત કરું તો જનરલ ૨.૭૭ ટકા છે જ્યારે ગુજરાતમાં ૪ ટકા વાવેતર વધ્યું છે. આ આક્ષેપ એટલા માટે કે આટલા બધા ઉત્સાહથી માનનીય મુખ્યમંત્રીશ્રીના વખાણ એટલા માટે કરીએ છીએ કે પહેલા વન મહોત્સવ ખાલી ગાંધીનગર ખાતે થતો હતો. આ રાજ્યના મુખ્યમંત્રીએ, વન વિભાગ અને અમને ગૌરવ અપાવ્યું છે કે એમણે કોઇ જીલ્લામાં વન મહોત્સવ લઇ ગયા અને જીલ્લામાં અને તાલુકામાં વન મહોત્સવો કર્યો અને એમાં તમારી લાગણી મુજબ વૃક્ષો વધ્યાં છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે સામૂહિક વન નિર્માણ યોજનામાં કયા ક્યા વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે? બીજો પ્રશ્ન એ છે કે, રાજકોટ જિલ્લામાં છેલ્લે વૃક્ષોની ગણતરી ક્યારે થઇ હતી અને અંદાજીત કેટલા વૃક્ષો હયાત છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, સામૂહિક વન નિર્માણ યોજનામાં મુખ્યત્વે લીમડા, અરડુસા, કણજી, કાશીદ, ગુંદી-ગુંદા, કોઠી, દેશીબાવળ, બોરડી, સીરસ, નીલગીરી, પીલું, ખેર, રાયડા, સપ્તપર્ણી વગેરે જાતની વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. છેલ્લી વૃક્ષ ગણતરી મુજબ રાજકોટ જિલ્લામાં જંગલ વિસ્તાર બહારમાં ૮૯ લાખ ૮૬ હજાર વૃક્ષોનો અંદાજ કરવામાં આવ્યો છે.

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨
તારાંકિત પ્રશ્નો

## ઉચ્છલ અને નિઝર તાલુકામાં ગ્રામ પંચાયતના વિભાજનની અરજીઓ

* **૨૫૦૧૧ શ્રી કુંવરજીભાઈ હળપતિ (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાપી જિલ્લાના ઉચ્છલ તેમજ નિઝર તાલુકામાં ગ્રામ પંચાયત વિભાજનની કુલ કેટલી અરજીઓ મળેલ છે,
(૨) નિઝર તાલુકાની નીચે મુજબની ત્રણ અરજીઓ પડતર છે.
(૩)પડતર રહેવાના શાં કારણો છે, અને
(૪)પડતર અરજીઓનો કેટલાં સમયમાં નિકાલ કરવામાં આવશે ?
વનમંત્રીશ્રીઃ
(૧) ઉચ્છલ તાલુકામાં – ૦ (શૂન્ય)

નિઝર તાલુકામાં – ૩ (ત્રણ)
(૨) બંને તાલુકા નિઝર અને ઉચ્છલ તાલુકામાં ગ્રામ પંચાયત વિભાજનની પંચાયત વાઈઝ કેટલી અરજીઓ પડતર છે,
૧. ભીલજાબલી ગૃપ ગ્રામ પંચાયત
૨. રાયગઢ ગૃપ ગ્રામ પંચાયત
૩.સાયલા ગૃપ ગ્રામ પંચાયત

(૩)ડિસેમ્બર–૨૦૧૧માં ચૂંટણી પ્રક્રિયા ચાલુ હોવાના કારણોસર જિલ્લાકક્ષાએ પડતર રહેલ છે.

(૪)દરખાસ્ત મળ્યેથી ગુણદોષોને આધારે વિચારણા કરવામાં આવશે

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા એ જાણવા માગુ છું પંચાયત વિભાગે એમની અરજીઓની અંદર જવાબ આપ્યો છે તેમાં ડિસેમ્બર–૨૦૧૧ ની ચૂંટણીના કારણે આ પડતર પ્રશ્ન છે એવો જવાબ આપ્યો છે. તો હું આપના માધ્યમ દ્વારા જાણવા માગુ છું કે આદિવાસી વિસ્તારની પંચાયતો જે ભેગી છે એને કેટલા સમયની અંદર વિભાજન કરવા માગે છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરખાસ્ત આવ્યા પછી અહીંયા વિભાજન કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે. જે દરખાસ્તો આવી છે એમણે પ્રશ્ન પૂછયો છે ઉચ્છલ અને નિઝર તાલુકાનો. ઉચ્છલની અંદર કોઇ દરખાસ્તો આવી નથી યા તો કોઇ દરખાસ્ત પડતર નથી અને નિઝરની અંદર ૩ દરખાસ્તો બાકી છે એ ૩ દરખાસ્તો જ્યારે અહીંયા સરકારમાં મોકલવાની હતી ત્યારે એમની જિલ્લા પંચાયત તાપી જિલ્લા પંચાયત છે એની ડીસેમ્બર મહિનામાં ચૂંટણીઓ આવી ત્યારે એનું બાન આવ્યું હતું અને એ ચૂંટણીની પ્રોસેસ કરવાનું કામ જિલ્લા પંચાયતનું હતું એ ૮માં મહિનામાં, ૧૦માં મહિનામાં એને બાન કરી. એટલે એમણે પડતર રાખી છે. હવે જ્યારે સરકારમાં દરખાસ્ત આવશે ત્યારે એનો ચોક્કસપણે વિચાર કરવામાં આવશે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લાના મારા સોનગઢ તાલુકાના માંડવીપાણી, જુની ચેલસીપાડા, ફાગણદ્વાર, સાતકાળજી, જૂની કુડલીવેર, ગોવલણ, બુધવાડા આ સાત ગામો આજે પણ પંચાયત વિહોણા છે અને એમને પંચાયતને કોઇ લાભ મળતો નથી. તો આ ગામોને પંચાયતનો દરજ્જો ક્યારે આપવા માગો છો?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં સોનગઢ તાલુકાનો આ પ્રશ્ન નથી. મને જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એ ઉચ્છલ અને નિઝરનો છે. સોનગઢ તાલુકાના પ્રશ્ન માટે અલગથી નોટિસ આપવી પડશે.

અધ્યક્ષશ્રી : જિલ્લો તાપી છે પણ પ્રશ્નમાં ઉચ્છલ અને નિઝર બે બતાવ્યાં છે. (અંતરાય) એમણે ના નથી પાડી અલગથી નોટિસ આપજો.

શ્રી પરેશભાઇ ગો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એમણે જવાબમાં જણાવ્યું છે કે ૩ અરજીઓ પડતર હતી. મેં તપાસ કરતા જાણવા માળ્યું કે થોડા દિવસ પહેલા એમણે તમામ પૂર્તતાઓ કરીને અહીંયા જિલ્લામાંથી દરખાસ્તો મોકલી છે તો કેટલા સમયમાં તમે એ મંજૂર કરવા માગો છો?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એની ગુણવત્તા જોઇને જો શક્ય હશે તો જલદીમાં જલદી મંજૂરી આપવામાં આવશે. પરેશભાઇ, મારે આપનું ધ્યાન દોરવું છે કે આ સરકારે આ સાલે ૧૬૫ ગ્રામ પંચાયતોનું વિભાજન કર્યુ છે. આનો અમને કાંઇ વાંધો નથી.

**પોરબંદર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો અને અનુદાન**

* ૨૩૯૭૪ **શ્રી કરશનભાઈ ઓડેદરા** (કુતિયાણા) ::**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તાજેતરમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓમાં નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન

તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં વિભાજન થયેલ ગ્રામ પંચાયતો પૈકી કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ,

(૨)સમરસ થયેલ પૈકી મહિલા સમરસ કેટલી ગ્રામ પંચાયત થઈ,

(૩)સમરસ થયેલ ગ્રામ પંચાયતને અનુદાનની રકમ ચૂકવવાનું બાકી છે કે કેમ, અને

(૪)જો હા, તો ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧)જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ કોઈ ગ્રામ પંચાયતનું વિભાજન થયેલ નથી. જેથી વિભાજન થયેલ ગ્રામ પંચાયત પૈકી સમરસ થવાનો પ્રશ્ન નથી.

(૨)પ્રશ્ન નથી.

(૩)પ્રશ્ન નથી.

(૪)પ્રશ્ન નથી.

શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સમરસ ગ્રામ પંચાયતોને ૨૦૧૧ની સ્થિતિએ પોરબંદર જિલ્લાના કેટલા ગામની ગ્રામ પંચાયતો સમરસ થઇ છે અને કેટલી કેટલી રકમ એને અનુદાનની આપવાની થાય છે અને એની સમય મર્યાદા કેટલી છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૨૦૧૧ની સાલમાં જે સમરસ થઇ છે એ લગભગ –૨૫ અને તે પૈકી ૨ મહિલા સમરસ થઇ છે. સામાન્ય –૨૬ છે અને કુલ –૨૭ પંચાયતો સમરસ થઇ છે. પોરબંદરમાં –૧૪, રાણાવાવમાં –૪, કુતિયાણામાં –૭ અને મહિલા અને પોરબંદરમાં –૨ એમ કુલ –૨૭ સમરસ થઇ છે.

**ગાંધીનગર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોના કારકુનોનું મંજૂર મહેકમ**

* **૨૩૯૦૫ શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે ઃ–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કચેરી માટે મંજૂર થયેલ કારકુનોની જગ્યા પૈકી નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ માં કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) કેટલી જગ્યાઓ બાકી છે, અને

(૩)હવે આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧) ૨ (બે)

(૨)૪૮

(૩)બાકીની જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

શ્રી શંભુજી  ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મૂળ પ્રશ્નનો જવાબ મળી ગયેલ છે. મારો પૂરક પ્રશ્ન એ છે કે, ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કચેરીમાં શાખાવાર કારકુનોની મંજૂર થયેલી જગ્યાઓ અને ભરાયેલી જગ્યાઓ કેટલી છે ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં જે શાખાઓ છે તે –૨૭ શાખાઓ છે. એક, ગાંધીનગર જિલ્લાની શાખાઓમાં મહેકમ શાખા છે, એમાં –૧૨ મંજૂર થયેલી જગ્યાઓ છે, ભરાયેલી –૧૧ છે. બાંધકામ શાખામાં, ૭ –મંજૂર થયેલી જગ્યાઓ છે, એમાં –૫ ભરાયેલી છે. સિંચાઇ શાખા–૧, એમાં ૧– મંજૂર થયેલી જગ્યા છે, ૧ ભરાયેલી છે. સિંચાઇ શાખા–૨, એમાં ૨– મંજૂર થયેલી જગ્યાઓ છે, એમાં –૧ ભરાયેલી છે. પશુપાલન શાખામાં ૨– મંજૂર થયેલી જગ્યાઓ છે, એમાં ૧– ભરાયેલી છે. ખેતીવાડી શાખામાં ૪ – મંજૂર થયેલી જગ્યાઓ છે, એમાં ૧ ભરાયેલી છે. ખેતીવાડી પેટા વિભાગમાં –૨ મંજૂર થયેલી જગ્યાઓ છે, એમાં –૧ ભરાયેલી છે. આંકડા શાખામાં ૨–મંજૂર થયેલી છે અને –૧ ભરાયેલી છે. શિક્ષણ શાખામાં –૫ મંજૂર થયેલી જગ્યાઓ છે, એમાં –૩ ભરયેલી છે. કુટુંબ કલ્યાણ શાખામાં –૧ મંજૂર થયેલી જગ્યા છે, એ ખાલી છે. આરોગ્ય શાખામાં –૩ મંજૂર થયેલી જગ્યાઓ છે, એમાં –૧ ભરાયેલી છે. મેલેરિયા શાખામાં એક. સમાજકલ્યાણ શાખામાં –૪ મંજૂર થયેલી જગ્યાઓ છે, –૨ ભરાયેલી છે. સહકાર શાખામાં –૧ મંજૂર થયેલી જગ્યાઓ છે, એમાં –૧ ભરાયેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણે –૨૭ શાખાઓ છે એમાં તાલુકા પંચાયત ગાંધીનગરમાં –૪ મંજૂર થયેલી છે, –૩ ભરાયેલી છે. તાલુકા પંચાયત દહેગામમાં –૯ મંજૂર થયેલી કારકુનોની જગ્યાઓ છે, –૫ ભરાયેલી છે. તાલુકા પંચાયત કલોલમાં –૯ મંજૂર થયેલી જગ્યાઓ છે અને –૪ ભરાયેલી છે. માણસા તાલુકા પંચાયતમાં –૮ મંજૂર થયેલી અને –૬ ભરાયેલી છે. એમ –૧૧૫ જગ્યાઓ મંજૂર થયેલી છે એમાં –૬૭ જગ્યાઓ ભરાયેલી છે.

શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં તાલુકા પંચાયતમાં કારકુનોની જગ્યાઓ ખાલી કયારથી અને કયા કારણોસર છે અને આ જગ્યાઓ ભરવા માટે રાજય સરકારનું શું આયોજન છે ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં જે પંચાયતોની જગ્યાઓ ખાલી છે એનું કારણ એક તો બઢતી, પ્રમોશન આપવામાં આવે છે અને જે પ્રમોશન આપતાં –૨૩ જગ્યાઓ નીચેના ગ્રેડમાંથી અપગ્રેડ કરાઇ એમાં –૨૩ જગ્યાઓ ખાલી થઇ ગઇ. વયનિવૃત્તિ અને સ્વૈચ્છિક નિવૃતિથી –૨ જગ્યાઓ ખાલી થઇ ગઇ. માનનીય અધ્યક્ષશ્રી, બરતરફ કરાયેલી અને સતત ગેરહાજર રહેતાં –૩ જગ્યા ખાલી થઇ ગઇ. બઢતીમાં ભરવાપાત્ર જગ્યા ફિડર કેડરમાંથી, નીચેથી આપણે પ્રમોશન મળવાપાત્ર, ન મળવાના કારણે જગ્યાઓ ખાલી રહી છે, –૧૪ જગ્યા એ પ્રમાણે ખાલી રહી ગઇ અને પ્રતિનિયુક્તિથી ભરાયેલી જગ્યા હતી એ –૬. એમ –૪૮ જગ્યાઓ ખાલી રહી ગઇ પરંતુ ગાંધીનગર જિલ્લામાં –૧૩ જગ્યાઓ પ્રતિનિયુક્તિથી લેવામાં આવી એના કારણે આટલી જગ્યાઓ ભરાયેલી છે, બાકીની જગ્યાઓ ભરવા માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ પાસેથી પ્રતિક્ષા યાદીની તૈયારી કરી છે અને ટૂંક સમયમાં ભરવામાં આવશે.

––––––––––

## વડોદરા જિલ્લામાં બોરીબંધ બાંધવા બાબત

***૨૫૦૭૯ શ્રી ચંદુભાઇ મો. ડાભી** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે ઃ-

(૧)વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બોરીબંધ બનાવવામાં આવ્યા,
(૨)આ બોરીબંધ માટે તાલુકાદીઠ કેટલો ખર્ચ થયો, અને
(૩)બનાવેલ બોરીબંધમાંથી તાલુકાદીઠ કેટલા અસ્તિત્વમાં છે ?

**ગ્રામવિકાસ મંત્રીશ્રીઃ**

(૧)વડોદરા જિલ્લામાં વોટરશેડ યોજના તેમજ મનરેગા યોજનામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોરીબંધ બનાવવામાં આવેલ નથી.
(૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ચંદુભાઇ ડાભી ઃ માનનીય અધ્યક્ષશ્રી, મારો વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા બોરી બંધ બાંધવામાં આવ્યા એવો પ્રશ્ન છે એના જવાબમાં વોટરશેડ યોજના અને નરેગા યોજનામાં છેલ્લા બે વર્ષમાં બોરી બંધ બાંધવામાં આવ્યા નથી તો બોરી બંધ બનાવવા માટે કોઇ એમણે લક્ષ્યાંક નકકી કરેલ હતો કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે જે બોરી બંધ બાંધવામાં આવ્યા છે અને આ યોજનામાંથી બનાવેલ નથી તો કઇ યોજનામાંથી બનાવવામાં આવ્યા છે?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા ઃ માનનીય અધ્યક્ષશ્રી, બોરી બંધ બાંધવાની વિગતો છેલ્લા બે વર્ષની છે. એમણે દરેક તાલુકાવાર લક્ષ્યાંક માંગ્યો હતો. લક્ષ્યાંક મુજબ કામ પૂર્ણ થયુ હતું. સાવલી, કવાંટ, નસવાડી, છોટાઉદેપુર, જેતપુર વગેરેમાં લક્ષ્યાંક મુજબ નરેગા યોજના અને વોટરશેડ યોજના નીચે આ બોરી બંધ બનાવવામાં આવ્યા છે.

શ્રી ભુપેન્દ્રભાઇ લાખાવાલા ઃ માનનીય અધ્યક્ષશ્રી, બોરી બંધ બાંધવામાં આવે છે એ બોરી બંધ પાછળ કેટલો મેન પાવરનો ઉપયોગ થયો અને કેટલો માલસામાનનો ખર્ચ થયો?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા ઃ માનનીય અધ્યક્ષશ્રી, બોરી બંધ બાંધવામાં આવ્યા એમાં કુલ મજુરીનો ખર્ચ રૂ. ૬૬૩.૬૫ લાખ અને માલસામાનનો ખર્ચ રૂ. ૨૬૧.૮૮લાખ કુલ ખર્ચ રૂ. ૯૨૫.૨૫લાખ અને કુલ માનવ દિન ૧૧૯૬૭૧૮ઉત્પન્ન થયા છે.

શ્રી ગુલસિંહ રાઠવા ઃ માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં બનાવવામાં આવેલ બોરી બંધથી કેટલા માનવ દિન ઉત્પન્ન થયા એની તાલુકાવાર વિગત જાણવા માગું છું.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા ઃ કુલ માનવ દિન ૧૧૯૬૭૧૮ માનવ દિન ઉત્પન્ન થયા છે.

શ્રી ધીરુભાઇ ભીલ ઃ માનનીય અધ્યક્ષશ્રી, બોરી બંધ જે બાંધવામાં આવ્યો નસવાડીમાં ૨૮૬૫ અને એ રીતે બીજા ૨૧૨ બોરી બંધ હયાત છે ત્યારે બોરી બંધ બન્યા પછી કેટલા ખેડૂતોને લાભ મળ્યો છે?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા ઃ માનનીય અધ્યક્ષશ્રી, જે બોરી બંધ બાંધવામાં આવ્યા છે યોજનામાં એક વર્ષની સમયમર્યાદા હોય છે. વરસાદ ખેંચાય ત્યારે આ બોરી બંધ બાંધવામાં આવ્યા એવું હતું. વરસાદ થાય તો એમાં પાણી ભરાય અને વરસાદ ન થાય તો પાણી જમીનમાં ઉતરતુ હોય છે આના કારણે આજુબાજુના ખેડૂતોની જમીનમાં પાણીના તળ ઉંચા આવ્યા છે એના કારણે ખેડૂતોના કુવામાં પાણી પિયત કરવામાં વધારેમાં વધારે ઉપયોગ થાય છે.

શ્રી ખુમાનસિંહ ચૌહાણ ઃ માનનીય અધ્યક્ષશ્રી, એક બોરી બંધ પાછળ દસ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. સાવલીમાં ૧૧૩૯માંથી ૩૯ બોરી બંધ પણ આજે હયાત નથી. બીજા જ વર્ષે ધોવાઇ જાય છે. ખાલી મુકવા ખાતર થેલા ભરીને મુકી દે છે. સો થેલીઓ, પચાસ થેલીઓ ભરીને મુકવાની અને દસ હજાર રૂપિયા તાલુકા પંચાયત પાસે જઇને લઇ લેવાના તો આમાં તપાસ કરવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા ઃ માનનીય અધ્યક્ષશ્રી, એક બોરી બંધ પાછળ ૫૭૦૦ રૂપિયાનો ખર્ચ

થાય છે. એક વર્ષ આ બોરી બંધ રહે છે. અત્યાર સુધી એક પણ ગેરરીતિ થઇ નથી. આપના દ્વારા માહિતી આપવામાં આવે તો તપાસ થઇ શકે.

**પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની અરજીઓ**

* **૨૩૯૧૨ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)પંચમહાલ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયત વિભાજનની અરજીઓ આવી,

(૨)તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧)૩૬ (છત્રીસ).

(૨)૨૪ (ચોવીસ)

(૩)૧ (એક).

શ્રી અરવિંદભાઇ રાઠોડ ઃ માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૦૦ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ મળી?કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે? બીજો પ્રશ્ન કાલોલ તાલુકાની પડતર અરજીઓ કયા તબક્કે પડતર છે અને ક્યારે નિકાલ કરવામાં આવશે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાની જે પંચાયત વિભાજનની અરજીઓ છે એ ૩૬ આવી હતી. એમાંથી ૨૪ મંજૂર કરી ૧ નામંજૂર અને ૧૧ અરજીઓ પડતર છે. ગોધરા તાલુકામાં ૫ ગ્રામ વિભાજનની અરજીઓ મળી એમાં ૨ મંજૂર અને ૧ નામંજૂર થઇ છે. ૨ પડતર છે. મોરવાસમાં ૧ વિભાજનની મળી તેમાં ૧ મંજૂર, શહેરા તાલુકામાં ૯ અરજીઓ મળી છે. ૫ મંજૂર કરી છે. ૪ પડતર છે. ખાનપુર તાલુકામાં ૨ અરજીઓ મળી છે. ૧ મંજૂર અને ૧ પડતર છે. કડાણા તાલુકામાં ૩ અરજીઓ મળી છે. ૧ મંજૂર કરી છે. ૨ પડતર છે. સંતરામ તાલુકામાં ૬ અરજીઓ મળી છે. ૬ મંજૂર કરી છે. હાલોલ તાલુકામાં ૧ અરજી મળી છે ૧ મંજૂર કરી છે. કાલોલ તાલુકામાં ૪ અરજીઓ મળી છે. ૨ મંજૂર અને ૨ પડતર છે. જાંબુઘોડામાં ૨ અરજીઓ મળી છે. ૨ મંજૂર કરી છે. ઘોઘંબામાં ૩ અરજીઓ મળી છે. ૩ મંજૂર કરી છે. આમ ૩૬ અરજીઓ મળી એમાં ૨૪ મંજૂર અને ૧ નામંજૂર અને ૧૧ પડતર છે. આ પડતર છે એ પડતર થયેલી અરજીઓ છે તે ગામો છે, તેમાં શકય એટલા જલ્દી મંજૂર કરવામાં આવશે.

શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે કામ કરતી સરકાર આને કહેવાય અર્જુનભાઇ. વર્ષો સુધી કોંગ્રેસના સાશનમાં એક પણ પંચાયતો જુદી ન પડી. ભારતીય જનતા પાર્ટીના રાજમાં આજે ગુજરાતમાં ૧૬૬ પંચાયતો જુદી કરવામાં આવી. મારા પંચમહાલ જિલ્લામાં શહેરા તાલુકામાં ૯ અરજીઓ મળી છે. ૫ મંજૂર કરી અને ૫ પેન્ડિંગ છે. માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગામડાના લોકોને અંતરિયાળ વિસ્તારમાં જવું પડતું હતું. લોકોને હેરાન થવું પડતું હતુ. નદી–નાળાં હોય તો પણ જવું પડતું હતું. વર્ષો સુધી કામ થતું નહોતું. એના માટે કામ કરતી સરકારે ગુજરાતની ભાજપની સરકારે માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જે પંચાયતોની પેન્ડિંગ અરજીઓ પડી છે, તે વહેલામાં વહેલી તકે મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : એમણે તાલુકાવાર ગોધરામાં ૨ ગામની બાકી છે. ભલાણિયા, મોટી કાંટડી. મોરવા બામણા અને શહેરામાં બાહી, ખાંડિયા, ભુરખલ, ઉમરપુર, ખટુકપુર, ખાનપુરમાં મુડાવડેખ વિભાજન થયેલી. મંજૂર થયેલ છે. સંતરામપુરમાં વાંજિયાખૂટ, મોવાસા, ગામડી,ગોઠીબ, જાનવડ, ચીતવા કાલોલમાં ખરસાલિયા, અડાડિયા, હાલોલમાં વરસડા, જાંબુઘોડામાં જાંબુઘોડા, હવેલી, ગોધરામાં સબલપુર

જે પડતર છે. એ પડતર એટલા માટે છે કે પંચાયતની ચૂંટણીઓ આવી એના કારણે આ બધી અરજીઓ આવી હતી. ફરી પાછી મોકલી હતી. એ મોકલેલ અરજીઓને નવા સરપંચ આવવાના કારણે નવો ઠરાવ કરીને મોકલે તો ચોક્કસપણે વિચાર કરવામાં આવશે.

**ઈકો સેન્સીટીવ ઝોન તરીકે જાહેર થયેલ નળ અને થોળ સરોવર ફરતે થયેલ બાંધકામ**

**૨૪૩૪૯ શ્રી શૈલેષ મ. પરમાર(શહેરકોટડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ

(૧) અમદાવાદ જિલ્લાના સાણંદ નજીક નળ સરોવર તથા કલોલ પાસેના થોળ સરોવરને કેન્દ્રીય વન અને પર્યાવરણ વિભાગે ઈકો સેન્સીટીવ ઝોન તરીકે જાહેર કરાયા છે ત્યારે આ કાયદા અન્વયે ૧૦ કિ.મી. માં બાંધકામ થઈ શકે નહિ તે હકીકત સાચી છે,

(૨)જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ નિયમોનો ભંગ કરી, કેટલા બાંધકામો આ વિસ્તારમાં થયા, અને

(૩)નિયમ વિરુધ્ધ થતા બાંધકામ સામે સરકારે શાં પગલાં લીધા ?

**વનમંત્રીશ્રીઃ**

(૧) ના, જી.

નળ સરોવર તથા થોળ સરોવરને રાજ્ય સરકારે પક્ષી અભયારણ્ય તરીકે જાહેર કર્યા છે. તે બન્ને અભયારણ્યો ફરતે કોઈ ઈકો સેન્સીટીવ ઝોન જાહેર કરાયો નથી. આ પરિસ્થિતિમાં આ અભયારણ્યો ફરતે ૧૦ કિ.મી. વિસ્તારમાં બાંધકામ થઈ જ ન શકે તેવો કોઈ પ્રતિબંધ નથી પરંતુ ૨૦,૦૦૦ ચો.મીટરથી વધારે બીલ્ટ–અપ વિસ્તાર ધરાવતા બાંધકામો માટે પર્યાવરણીય મંજૂરી લેવાની હોય છે અને તે પહેલાં વન્યજીવન સંરક્ષણના દ્રષ્ટિકોણથી નેશનલ બોર્ડ ઓફ વાઈલ્ડ લાઈફની પૂર્વ મંજૂરી લેવાની હોય છે.

(૨)કોઈ બાંધકામ થયેલ નથી.

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જ્યારે સમગ્ર રાજ્યની અંદર નળ સરોવર અને થોળ સરોવરમાં એમાં ખાસ કરીને નળ સરોવરમાં પ્રવાસનની સંખ્યા વધારે જોવા મળે છે, ત્યારે વન વિભાગ દ્વારા ડિસેમ્બર–૨૦૧૧ માં એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. આ પરિપત્ર દ્વારા ત્યાં કોઈપણ પ્રકારનું બાંધકામ ન થઇ શકે તેવો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો, ત્યારે ત્યારબાદ શહેરી વિકાસ મંત્રીશ્રીએ પરિપત્ર ઉપર પ્રેસ દ્વારા તેની પ્રતિક્રિયા આપી હતી ત્યારે એ પરિપત્રનું અમલીકરણ વન વિભાગ દ્વારા થવાનું છે કે શહેરી વિકાસ દ્વારા થવાનું છે? નંબર–૧ અને બીજું કે આ વિસ્તારની અંદર દુનિયાભરના જયારે પક્ષીઓ આવે છે તો આ ૧૦ કિ.મી.ની અંદર જે બાંધકામ કરવાની જે પરમીશન છે એ પરમીશન નહીં આપવામાં આવે એવું સરકાર કંઇ કહેવા માગે છે કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે તે વખતે દેશના વડાપ્રધાનના અધ્યક્ષપણા હેઠળ તા. ૨૧–૧–૨૦૦૦ની એક બેઠકમાં નિર્ણય લેવાયેલો કે પ્રત્યેક અભ્યારણ્ય નેશનલ પાર્ક ફરતે દશ કિલોમીટરનો વિસ્તાર ઇકો સેન્સીટીવ વિસ્તાર તરીકે જાહેર થશે તેમાં બિન જંગલ પ્રવૃત્તિઓ પૈકી કેટલીક પર નિયમન થશે અને કેટલીક પર પ્રતિબંધ મૂકાશે, આ રીતનો જયારે નિર્ણય થયો ત્યારે નેશનલ બોર્ડ વાઇલ્ડ લાઇફના આ નિર્ણય સામે કેટલાક રાજયોએ રજૂઆત કરી અને ત્યાર પછી ભારત સરકારે તેમના તા. ૨૭–૭–૨૦૦૦ના પત્રથી રાજય સરકારોને સૂચના આપી કે પ્રત્યેક અભ્યારણ્ય રાષ્ટ્રીય ઉદ્યાન ફરતે ઇકો ફ્રેઝાઇલ ઝોન સાઇટ સ્પેસિફિક રહેશે અને આ બાબતમાં સ્થાનિક રહેવાસીઓ સાથે ઘર્ષણની શકયતા રહેતી હોવાથી રાજય સાથે પરામર્શ કર્યા સિવાય કેન્દ્ર સરકાર મનસ્વી રીતે કોઇ ઇકો ફ્રેઝાઇલ ઝોન જાહેર કરશે નહીં આની સામે ગોવા ફાઉન્ડેશન સુપ્રિમમાં ગઇ અને ત્યાર પછી સુપ્રિમની ગાઇડલાઇન પ્રમાણે ભારત સરકારનો તા.

૨૭–૫–૨૦૦૫નો પત્ર તેમના અગાઉના તા. ૨૧–૧–૨૦૦૨ના નિર્ણય સાથે સુસંગતિત નથી અલબત આ વિસંગતતાના કારણે સર્વોચ્ચ અદાલતે અલગ રીતે ચકાસે પરંતુ હાલ પૂરતું રાજયો ભારત સરકારના તા. ૨૭–૫–૨૦૦૫ના પત્રને યોગ્ય પ્રતિભાવ આપે અને જો તેમ કરવામાં રાજયો નિષ્ફળ જશે તો સર્વોચ્ચ અદાલત અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન ફરતે દશ કિલોમીટરના વિસ્તારને ઈકો સેન્સીટીવ વિસ્તાર જાહેર કરશે. આમ, હજુ સુધી કોઈપણ રાજયએ પ્રતિભાવ નહીં આપ્યો એટલા માટે સર્વોચ્ચ અદાલતના આવા સ્પષ્ટ આદેશો છતાં રાજયોએ ભારત સરકારના તા. ૨૭–૫–૨૦૦૫ના પત્રને ઉચિત પ્રતિભાવ ન આપતાં ભારત સરકારને લાગે કે આ બાબતમાં કોઇ વ્યવસ્થિત ગાઇડલાઇન ન હોવાથી ઈકો સેન્સીટીવ ઝોનની દરખાસ્તો તૈયાર કરવામાં રાજયોને મુશ્કેલી પડી રહી છે આથી ભારત સરકારે તેમના તા. ૧૫–૩–૨૦૧૧ના પત્રથી વ્યવસ્થિત સ્પષ્ટ ગાઇડ લાઇન બહાર પાડી છે. સદરહુ ગાઇડલાઇન અન્વયે વિભાગ દ્વારા તા. ૨૦–૪–૨૦૧૧ના રોજ પરિપત્ર કરવામાં આવ્યો છે અને એમાં જણાવવામાં આવ્યું છે કે વન્ય જીવનની અવરજવરના અગત્યના માર્ગમાં કોઇ પ્રોજેકટ સાઇટ આવેલ હોય અને એ દશ કિલોમીટરની બહાર હશે તો એની પરવાનગી લેવી પડશે એમાં સ્ટેટ વાઇલ્ડ લાઇફ બોર્ડ છે એના થ્રુ જઇને નેશનલ વાઇલ્ડ લાઇફ બોર્ડ પર જવું પડશે અને એ પરવાનગી માગવી પડશે દશ કિલોમીટરની અંદર કોઇ પરવાનગી લેવાની નથી અને દશ કિલોમીટરની બહાર પણ વીસ હજાર ચોરસ મીટરનું બીલ્ટ–અપ એરિયામાં જો બાંધકામ કરવાનું હશે તો જ એને મંજૂરી લેવાની છે. એ સિવાય એને કોઇ પરવાનગી લેવાની નથી. શરત આટલી જ છે કે, વીસ હજાર ચોરસ મીટર બીલ્ટ અપ એરિયા થતો હોય તો એને મંજૂરી લેવાની છે.

શ્રી કાંતિલાલ રા. લકુમ : માનનીય અધ્યક્ષશ્રી, આ નળ સરોવર અને થોળ સરોવર એ બહુ મોટા તળાવો છે એની અંદર બે ફૂટનું પાણી રહે છે નળ સરોવરમાં અને બે ફૂટની આજુબાજુ પાણી રહેવાથી બહારના જે પક્ષીઓ આવે છે એને ઘાસચારો અંદર પાણીમાં નીચે ઉગે છે એ અને માછલી એનો ખોરાક હોય છે અને આ માટે પક્ષીઓ બહારથી આવતા હોય છે એ ઇઝરાયલથી આવતા હોય છે એ સાઇબીરીયાથી આવતા હોય છે, અને ઇટાલીથી પણ ઘણા પક્ષીઓ આવેલા છે આપણા ત્યાં તો આવા પક્ષીઓની ત્યાં જાળવણી થાય એટલા માટે આ ઇકો ઝોન જાહેર કર્યો છે તો એ ઇકોઝોનમાં ઇકો સેન્સીટીવ ઝોનમાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓ નિયંત્રિત છે અને કેવા પ્રકારની પ્રવૃતિઓ પ્રોત્સાહક છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રતિબંધિત વિસ્તાર છે એ કોના કોના પર રીસ્ટ્રીકશન છે એ કહું તો ખાણકામ, નવી શો મીલ, પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો, જલાઉ લાકડાના વાણિજ્ય ઉદ્યોગ, મોટી જળ વિદ્યુત યોજના, એરક્રાફ્ટ બલુન વગેરે ઉડ્ડયન માટેની કુદરતી પાણીના સ્ત્રોતોમાં પ્રવાહી કે ઘન કચરાનો નિકાલ વગેરે પર રીસ્ટ્રીકશન છે. અને કેટલાક એની પ્રવૃતિને મદદરૂપ થાય છે એવા વૃક્ષો છેદન, હોટેલ અને રીસોર્ટ, નવી કૃષિ પદ્ધતિ, કુદરતી પાણીનો વાણિજ્યમાં ઉપયોગ, ઇલેક્ટ્રિક કેબલ, મકાનો અને હોટેલનું ફેન્સિંગ, પોલિથિન બેગનો વપરાશ, રસ્તા પહોળા કરવા, રાત્રિ ટ્રાફિક, પાળો, ઢોળાવ અને નદી કાંઠાનું રક્ષણ, હવા અને વાહનોનું પ્રદૂષણ, સાઇન બોર્ડ વગેરે પ્રવૃત્તિ કરી શકાય એવી કેટલીક છૂટ આપી હતી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ થોળ અને નળ સરોવર જે બંને સરોવરો છે આખા વિશ્વના પક્ષીઓ ત્યાં આવે છે અને એના કરતાંય આજુબાજુના જે લોકો રહે છે બીજા પણ તેના માટે પણ એક બેલેન્સ સરોવર છે. પક્ષીઓ જુદા જુદા દેશોમાંથી આવે છે એમ માનનીય સભ્યશ્રીએ જણાવ્યું એમાં બેંગ્લોરથી કદાચ એકાદુ પક્ષી આવ્યું હશે તપાસ કરી જોજો. (અંતરાય) બેંગ્લોરથી આવ્યું છે?

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ પ્લીઝ. આપ પ્રશ્ન પૂછો. આ પ્રશ્નોતરીનો સમય છે આમાં કોઇ બીજી ચર્ચા કરવાનો અવકાશ નથી. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એક કલેક્ટર છે એ એના કારણે સસ્પેન્ડ થઇ ગયા છે ત્યાં જેઠાભાઇ, આપને ખબર ન હોય તો કહી દઉં. એટલે બોલતા પહેલા વિચાર કરજો. (અંતરાય) હવે એ બધાને બધી છૂટ ન હોય. હું

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ પ્લીઝ. આપ મારા તરફ ધ્યાન આપીને વાત કરો. આપ પ્રશ્ન પૂછો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જેવા પ્રશ્ન પૂછે અને જેવા ઉલ્લેખ થાય એવો જવાબ મળશે. એટલે મહેરબાની કરીને જે લોકો ટ્રેઝરી બેચમાં છે એ મર્યાદા જાળવે એના કરતા વધારે ઓબ્ઝર્વેશન કરતા અમને આવડે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવાનું આ છે કે આ બંને સરોવર છે એની ઇકોસેન્સીટીવીટીનું મેન્ટેન થવું જોઇએ જાળવવું જોઇએ અને ભારત સરકારે એની ચિંતા કરી છે અને સુપ્રિમ કોર્ટે પણ એની ચિંતા કરી છે અને સવાલ એટલો છે કે ત્યાં બાંધકામને રીસ્ટ્રીકટ કરતા નિયમો કરવાની રાજ્ય સરકારની પણ જવાબદારી છે એ પોતે પણ બનાવે. ભારત સરકાર બનાવે એટલું જ નહીં એમણે પણ બનાવવા જોઇએ. રાજ્ય સરકારે માત્ર જમીન વેંચવાનું કામ નથી કરવાનું આ જાળવણીનું કામ પણ કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત પૂછવા માગુ છું કે, આની ઇકોસેન્સીટીવીટી જળવાઇ રહે એના માટે રાજય સરકાર પાસે, ભલે આપણા લોકોએ રોકાણ કરેલું હોય તો પણ એનું ઇકોસેન્સીટીવીટી જળવાઇ રહે એના માટે કોઇ પગલાં લેવા માગો છો કે કેમ? અને જે બિલ્ડરોએ ત્યાં વધારે રોકાણ કર્યું છે એની ચિંતા કરવાને બદલે આજુ બાજુના વિસ્તારો છે અને જે પક્ષીઓ છે એની જાળવણી માટેના સિવાયના કોઇ ચોક્કસ પગલાં કેન્દ્ર સરકારે અને સુપ્રિમ કોર્ટે સૂચવ્યા સિવાયના કોઇ લેવા માગો છો કે નહીં?

શ્રી મંગુભાઇ છ. પટેલ : આ સરકાર પક્ષીઓ માટે પૂરું એનું સંરક્ષણ થાય એના માટે જે ગાઇડ લાઇન આપી છે અને સુપ્રિમ કોર્ટે જે કાંઇ સૂચવ્યું છે કે દસ કિલોમિટરની મર્યાદાની બહાર અને વીસ હજાર બિલ્ટઅપની વાત છે એને માટે ગાઇડ લાઇન તૈયાર કરીએ છીએ અને એ અમે ભારત સરકારને મોકલવાના છીએ. અમે ત્રણ-ચાર વિભાગો સાથે બેસીને પણ આગોતરું આયોજન એવું કરવા માગીએ છીએ કે આ પક્ષીઓને કોઇ નુકસાન ન થાય અને મુશ્કેલી ન પડે. કેન્દ્રની જે ગાઇડ લાઇન છે એ પણ જળવાઇ રહે એ રીતે અમે ગાઇડ લાઇન તૈયાર કરવાના છીએ અને અત્યાર સુધી અમે આપણા જે રર અભ્યારણો છે એની કેટલીક ગાઇડ લાઇનો તૈયાર કરીને અમે મોકલી છે આ થોળ અને એનો જે પ્રશ્ન છે એની અત્યારે ગાઇડ લાઇન તૈયાર કરી રહ્યા છીએ. તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૩

**જૂનાગઢ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું થયેલ વાવેતર**

* ૨૩૯૪૩ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) જૂનાગઢ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી માંગરોળ તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**વનમંત્રીશ્રીઃ**

(૧) **જૂનાગઢ** જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ અંતિત **૭૭૫ હેક્ટર** વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

**Table ૧**

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટર)** |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૪૧૬.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૩૫૯.૦૦ |
| **કુલ** | **૭૭૫.૦૦** |

(૨) તે પૈકી **માંગરોળ** તાલુકામાં **૫૧ હેક્ટર** વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટર) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૨૯.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૨૨.૦૦ |
| **કુલ** | **૫૧.૦૦** |

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં **જૂનાગઢ** જિલ્લામાં ` **૨૭૫.૫૦** લાખ ખર્ચ કરવામાં આવેલ છે તે પૈકી માંગરોળ તાલુકામાં ` **૧૩.૫૧ લાખનો** ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા: હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, માંગરોળ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વૃક્ષો વાવવામાં આવેલા છે એમાં કેટલા માનવદિન ઉત્પન્ન થયેલા છે અને હાલ કેટલા વૃક્ષો હયાત છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માંગરોળ તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૫૦૦૦ અને વર્ષ ૨૦૧૧-૧૨માં ૨૬૦૦૦ મળી કુલ ૬૧૦૦૦ રોપાનું વાવેતર કરવામાં આવેલું છે. જે પૈકી વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૩૦૦૦ રોપાઓ જીવંત છે અને વર્ષ ૨૦૧૧-૧૨માં ૨૧૦૦૦ રોપાઓ જીવંત મળી કુલ ૫૪૦૦૦ રોપાઓ જીવંત છે. બે વર્ષમાં વાવેતર પાછળ થયેલ ખર્ચ ૧૩,૫૧,૦૦૦ રૂપિયાનું થયેલ છે અને જેના લીધે ૪૯૦૯ માનવદિન ઉત્પન્ન થયેલ છે.

શ્રીમતી વંદનાબેન મ. મકવાણા : આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સામૂહિક વન નિર્માણ યોજનામાં મુખ્યત્વે કયા કયા વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે તથા છેલ્લી વૃક્ષ ગણતરી મુજબ જુનાગઢ જિલ્લામાં કેટલા વૃક્ષો હોવાનો અંદાજ છે.

શ્રી કિરીટસિંહ જી. રાણા : સામૂહિક વન નિર્માણ યોજનામાં મુખ્યત્વે લીમડા, અરડુસી, કણજી, દેશી બાવળ, બોરડી, નીલગીરી, ચેર વિગેરે જાતના વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે એમનો બીજો પ્રશ્ન ગણતરીનો હતો એમાં છેલ્લે વર્ષ-૨૦૦૯માં વૃક્ષોની ગણતરી થઇ હતી એ વખતે જંગલ બહારના વિસ્તારમાં ૧ કરોડ ૭૩ લાખ ૬૦ હજાર વૃક્ષો હોવાનો અંદાજ છે.

**જૂનાગઢ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં થયેલ રોપાનું વાવેતર**

* ૨૩૯૪૪ **શ્રી કાળુભાઈ રાઠોડ** (ઉના) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)જૂનાગઢ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉના તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**વનમંત્રીશ્રીઃ**

(૧) **જૂનાગઢ** જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ અંતિત **૭૭૫ હેક્ટર** વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

**Table ૨**

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટર) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૪૧૬.૦૦ |

| | |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૩૫૯.૦૦ |
| **કુલ** | **૭૭૫.૦૦** |

(૨) તે પૈકી **ઉના** તાલુકામાં **૮૧ હેક્ટર** વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટર)** |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૪૫.૦૦ |
| ૨૦૧૧–૧૨ | ૩૬.૦૦ |
| **કુલ** | **૮૧.૦૦** |

(૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં રૂ.૨૭૫.૫૦ લાખ ખર્ચ કરવામાં આવેલ છે તે પૈકી ઉના તાલુકામાં રૂ.૩૪.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી કાળુભાઇ ચ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઉના તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં કેટલા રોપા વાવવામાં આવેલા છે એમાંથી કેટલા જીવંત છે બીજો પ્રશ્ન એ છે કે ઉના તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં સામાજિક વનીકરણની કામગીરી માટે કેટલો ખર્ચ થયેલ છે અને કેટલા માનવદિન ઉત્પન્ન થયેલા છે ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : ઉના તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૦–૧૧માં ૪૩૦૦૦ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ૫૫૦૦૦ મળી કુલ ૯૮૦૦૦ રોપાનું વાવેતર કરવામાં આવેલું છે. વર્ષ ૨૦૧૦–૧૧માં ૪૬૦૦૦ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ૩૮૦૦૦ મળીને કુલ ૮૪૦૦૦ રોપાઓ જીવંત છે. એમણે બીજો પ્રશ્ન કર્યો છે કે ઉના તાલુકામાં સામાજિક વનીકરણની કામગીરીમાં રૂપિયા ૩૪,૩૦,૦૦૦ નો ખર્ચ થયેલ છે અને ૧૨૩૭૩ માનવદિન ઉત્પન્ન થયેલ છે.

શ્રી રાજસીભાઇ વિ. જોટવા : માનનીય અધ્યક્ષશ્રી હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૩૧–૧૨–૨૦૧૧ના અંતમાં જુનાગઢ જિલ્લામાં લગભગ ૭૭૫ હેકટરમાં રોપાનું વાવેતર થયેલું છે. તે પૈકી મારા મત વિસ્તાર વેરાવળ સોમનાથમાં કેટલા હેક્ટરમાં કેટલા રોપાઓનું વાવેતર થયેલું છે અને હાલ કેટલા જીવીત છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : જુનાગઢ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧માં ૪૯૬૦૦૦ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ૪,૩૪,૦૦૦ મળીને કુલ ૯,૩૦,૦૦૦ રોપાનું વાવેતર કરવામાં આવેલું છે. જે પૈકી વર્ષ ૨૦૧૦–૧૧માં ૪,૫૫,૦૦૦ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ૩,૮૦,૦૦૦ જીવંત મળીને કુલ ૮,૩૫,૦૦૦ રોપાઓ જીવંત છે.

ડો. અનિલ જોષીયારા : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે છેલ્લાં બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં જે રોપાઓ રોપવામાં આવ્યાં એ રોપાઓ ઉછેરવા પાછળ કેટલો ખર્ચ થયો અને એ રોપાઓ વાવવા પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : એ બન્ને વિગત મેં આપેલી જ છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી જે રોપાઓ ઉછેરવાની જે બાબત છે એમાં રોપાદીઠ ઉછેર ખર્ચમાં પહેલાં તો નર્સરી કરવી પડે ખાડાં કરવા પડે, જમીન સંરક્ષણ, ટ્રાન્સપોર્ટનો ખર્ચો લાગે રોડ કાપનો ખર્ચો લાગે, ખાતર, દવા અને પાક સામે રક્ષણનો ખર્ચ લાગે છે.

**અધ્યક્ષશ્રી:** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### અમદાવાદ જિલ્લામાં નર્સરી અને પ્લાન્ટેશન કરવા બાબત

૨૫૯૩૪ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા હેકટરમાં તાલુકાવાર નર્સરી અને પ્લાન્ટેશન કરવામાં આવ્યાં,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે નર્સરી અને પ્લાન્ટેશન કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | ૨૦૦૯–૧૦ | | ૨૦૧૦–૧૧ | | ૨૦૧૧–૧૨ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ઉછેરેલ રોપા લાખમાં | ખાતાકીય વાવેતર (હે.) | ઉછેરેલ રોપા લાખમાં | ખાતાકીય વાવેતર (હે.) | ઉછેરેલ રોપા લાખમાં | ખાતાકીય વાવેતર (હે.) |
| ૧ | સીટી | ૪.૫૬ | ૦.૦૦ | ૮.૩૩ | ૦.૦૦ | ૬.૨૬ | ૦.૦૦ |
| ૨ | દશક્રોઈ | ૧૪.૯૬ | ૧૦૪.૫૦ | ૬.૫૭ | ૨૪૪.૨૨ | ૬.૬૭ | ૧૦૬.૦૦ |
| ૩ | સાણંદ | ૮.૧૫ | ૯૦.૦૦ | ૬.૦૬ | ૨૧૦.૦૯ | ૫.૧૫ | ૫૦.૦૦ |
| ૪ | ધોળકા | ૧૦.૧૭ | ૮૫.૦૦ | ૬.૫૨ | ૭૦.૩૦ | ૭.૧૧ | ૮૩.૦૦ |
| ૫ | બાવળા | ૮.૮૫ | ૯૨.૫૦ | ૪.૮૮ | ૨૪.૬૬ | ૭.૩૭ | ૭૫.૦૦ |
| ૬ | ધંધુકા | ૮.૯૨ | ૧૨૧.૦૦ | ૧૮.૦૧ | ૧૦૧૨.૩૫ | ૭.૩૭ | ૨૭૧.૮૮ |
| ૭ | બરવાળા | ૮.૬૩ | ૬૩.૦૦ | ૯.૦૧ | ૩૯૧.૨૪ | ૩.૫૦ | ૩૪.૯૦૦ |
| ૮ | રાણપુર | ૦.૩૪ | ૪૨.૫૦ | ૦.૯૭ | ૧૬.૫૦ | ૨.૦૦ | ૨૭.૦૦ |
| ૯ | દેત્રોજ | ૮.૬૬ | ૬૫.૫૦ | ૪.૪૭ | ૪૭.૯૬ | ૪.૬૬ | ૪૭.૦૦ |
| ૧૦ | માંડલ | ૦.૨૫ | ૩૬.૦૦ | ૦.૯૨ | ૧૯.૦૦ | ૨.૫૪ | ૨૯.૦૦ |
| ૧૧ | વિરમગામ | ૬.૪૩ | ૮૬.૦૦ | ૩.૬૯ | ૩૧.૦૦ | ૪.૨૭ | ૫૩.૦૦ |
| | **કુલ** | **૭૯.૯૧** | **૭૮૬.૦૦** | **૬૯.૪૨** | **૨૦૬૭.૩૨** | **૫૬.૮૮** | **૭૭૫.૮૮** |

(૨) તેમાં ક્યા ક્યા પ્રકારના રોપાઓ ઉછેરવામાં આવ્યા,

(૨) નીલગીરી, પેલ્ટોફોર્મ, ગુલમહોર, કાશીદ, કણજી, લીંમડા, પીલુ, ઉટમોરડ, દેશીબાવળ વિગેરે રોપાઓ ઉછેરવામાં આવેલ છે.

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા રોપા જીવંત છે, અને

(૩) ખાતાકીય વાવેતરમાં ઉકત સ્થિતિએ નીચેની વિગતે વર્ષવાર રોપા જીવંત છે.

| વર્ષ | ખાતાકીય વાવેતરમાં વાવેલ રોપા (લાખમાં) | ખાતાકીય વાવેતરમાં જીંવત રોપા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯–૧૦ | ૭.૧૭ | ૨.૪૪ |
| ૨૦૧૦–૧૧ | ૨૪.૨૪ | ૧૩.૫૨ |
| ૨૦૧૧–૧૨ | ૮.૯૫ | ૬.૮૮ |

(૪) તેમાં હેક્ટર દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) ખાતાકીય વાવેતરમાં હેક્ટર દીઠ વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | હેક્ટર દીઠ થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૦.૧૯ |
| ૨૦૧૦-૧૧ | ૦.૩૬ |
| ૨૦૧૧-૧૨ | ૦.૩૪ |

---------

## અમદાવાદ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ

૨૩૯૩૧ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) (અ) હયાત રેશનકાર્ડ ધરાવતા અને ફોર્મ નં.૧ માં અરજી કરેલ હોય તેવા ૩,૦૬,૯૫૯ હયાત રેશનકાર્ડ ધારકો પૈકી ૨૪૮૩ કાર્ડધારકોને બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. અને ૧૦ નામંજૂર કરવામાં આવેલ છે. બાકી રહેલ રેશનકાર્ડ ધારકોને હયાત રેશનકાર્ડ ઉપર રાબેતા મુજબ વાજબી ભાવની દુકાનોએથી આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો વિતરણ થાય છે.

(બ) જુના રેશનકાર્ડ ધરાવતાં હતાં અને ફોર્મ નં.૨ માં અરજી કરેલ હોય તેવા ૧૭૦૫ અરજદારો પૈકી ૩૫૪ અરજદારોને નવા બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે. ૩૨ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. જ્યારે બાકી ૧૩૧૯ અરજદારોના જુના રેશનકાર્ડ હાલ પુરતા પુન: જીવિત કરવામાં આવેલ છે. અને તેઓને રાબેતા મુજબ વાજબી ભાવની દુકાનેથી આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો વિતરણ થાય છે.

(ક) તદ્દન નવા રેશનકાર્ડ મેળવવા ફોર્મ નં.૨ માં અરજી કરેલ હોય તેવા ૩૩૬૨ અરજદારો પૈકી ૨૦૩૫ અરજદારોને બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. જ્યારે ૧૩૨૩ અરજીઓ નામંજૂર કરેલ છે. તાલુકાવાર પત્રક-૧ સામેલ છે.

**પ ત્ર ક - ૧**

**(તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિ)**

| અનુ.નં. | તાલુકાનું નામ | હયાત રેશનકાર્ડ ધરાવતા ફોર્મ નં.૧ પૈકી ઈસ્યુ કરેલ બારકોડેડ રેશનકાર્ડની સંખ્યા | તદ્દન નવા બારકોડેડ રેશનકાર્ડ પૈકી ઈસ્યુ કરેલ રેશનકાર્ડની સંખ્યા | કુલ ઈસ્યુ કરેલ બારકોડેડ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | દેત્રોજ | ૨૮૦ | ૧૨૬ | ૪૦૬ |
| ૨. | દસક્રોઈ | ૪૦૪ | ૨૨૧ | ૬૨૫ |
| ૩. | ધંધુકા | ૧૫૬ | ૬૨૩ | ૭૭૯ |
| ૪. | ધોળકા | ૧૭૮ | ૩૯ | ૨૧૭ |
| ૫. | બરવાળા | ૧૪૪ | ૩૫ | ૧૭૯ |
| ૬. | બાવળા | ૨૬૫ | ૧૫૮ | ૪૨૩ |
| ૭. | માંડલ | ૨૫૭ | ૧૬૩ | ૪૨૦ |
| ૮. | રાણપુર | ૨૩૧ | ૧૫ | ૨૪૬ |
| ૯. | વિરમગામ | ૧૧૫ | ૪૭૫ | ૫૯૦ |

| | કુલ | ૨૪૮૩ | ૨૩૮૯ | ૪૮૭૨ |
|---|---|---|---|---|

(૨) કેટલા કાર્ડ ઈસ્યુ કરવાના બાકી છે ?

એચ-૭૮૭-૨

(૨) (અ) હયાત/જુના રેશનકાર્ડ ધરાવતા ૩,૦૫,૭૮૫ કાર્ડધારકોને બારકોડેડ રેશનકાર્ડ આપવાની કાર્યવાહી ચાલુમાં છે.

(બ) તદ્ન નવા બારકોડેડ રેશનકાર્ડ માટે ૪ અરજીઓનો નિકાલ બાકી છે.

---------

**પાટણ જિલ્લામાં વોટરશેડ યોજનાના કામો**

૨૩૯૧૫ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા વોટરશેડના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયા,

(૩) કેટલા કામો પૂર્ણ થવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં ૧૭૯ અને વર્ષ ૨૦૧૧-૧૨ માં ૬૩૬ કામો મળી કુલ ૮૧૫ વોટરશેડના કામો તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં ૮૧૫ કામો પૈકી ૩૦૨ કામો પૂર્ણ થયેલ છે.

(૩) ૫૧૩ કામો પૂર્ણ થવાના બાકી છે.

(૪) બાકી કુલ ૫૧૩ કામો બીજા હપ્તાની ગ્રાન્ટ મળેથી તા.૩૧-૩-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

---------

**ભાવનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર**

૨૩૯૪૯ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા. ૩૧-૧૨-૨૦૧૧ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી શિહોર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) **ભાવનગર** જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા. ૩૧-૧૨-૨૦૧૧ અંતિત **૯૩૮ હેક્ટર** વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટર)** |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૪૭૫.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૪૬૩.૦૦ |
| **કુલ** | **૯૩૮.૦૦** |

(૨) તે પૈકી **શિહોર** તાલુકામાં **૧૦૧ હેક્ટર** વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટર)** |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૫૦.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૫૧.૦૦ |
| **કુલ** | **૧૦૧.૦૦** |

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં **ભાવનગર** જિલ્લામાં કુલ ` **૩૪૯.૯૯** લાખનો ખર્ચ કરવામાં આવેલ છે તે પૈકી શિહોર તાલુકામાં ` **૩૭.૫૬ લાખ** ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## અમરેલી જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો ખોલવાની અરજીઓ

| ૨ | ઇનોવેટીવ બંધારણની કલમ ૨૭૫ (૧) હેઠળ | ૦.૦૦ | | ૦.૦૦ | | ૦.૦૦ |
| ૩ | ડેવલપમેન્ટ ઓફ ફોરેસ્ટ વીલેજીસ | ૦.૦૦ | | ૦.૦૦ | | ૦.૦૦ |
| ૪ | સ્પેશીયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ ટુ ટીએસપી | ૭૦૦.૦૦ | ૦૫-૦૭-૨૦૧૧ | ૦.૦૦ | | ૭૦૦.૦૦ |
| | | ૧૭૦૦.૦૦ | ૦૫-૦૭-૨૦૧૧ | ૦.૦૦ | | ૧૭૦૦.૦૦ |
| | | ૧૩૦૦.૦૦ | ૨૧-૯-૨૦૧૧ | ૦.૦૦ | | ૧૩૦૦.૦૦ |
| | | ૨૪૮૦.૦૦ | ૧૬-૧૨-૨૦૧૧ | ૦.૦૦ | | ૨૪૮૦.૦૦ |
| | | ૪૭૦.૦૦ | ૧૬-૧૨-૨૦૧૧ | ૦.૦૦ | | ૪૭૦.૦૦ |
| | **કુલ :** | **૬૬૫૦.૦૦** | | **૦.૦૦** | | **૬૬૫૦.૦૦** |
| ૫ | ઇન્સેન્ટીવ સ્પેશીયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ | ૦.૦૦ | | ૦.૦૦ | | ૦.૦૦ |
| | **એચ-૭૮૭-૨૭** | ૦.૦૦ | | ૦.૦૦ | | ૦.૦૦ |
| | **કુલ :** | **૦.૦૦** | | **૦.૦૦** | | **૦.૦૦** |
| ૬ | સીસીડી પ્રોજેક્ટ | ૧૩૭૮.૦૦ | ૦૫-૦૧-૨૦૧૨ | ૦.૦૦ | | ૧૩૭૮.૦૦ |
| ૭ | અપગ્રેડેશન ઓફ મેરીટ | ૧૭.૬૦ | ૦૭-૧૨-૨૦૧૧ | ૦.૦૦ | | ૧૭.૬૦ |
| ૮ | વોકેશનલ ટ્રેનીંગ (વીટીસી) | ૨૨૮.૯૬ | ૨૧-૧૦-૨૦૧૧ | ૦.૦૦ | | ૨૨૮.૯૬ |
| ૯ | કન્સ્ટ્રક્શન ઓફ આશ્રમ સ્કુલ | ૦.૦૦ | | ૦.૦૦ | | ૦.૦૦ |
| ૧૦ | પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ | ૨૮૮૫.૫૯ | ૨૯-૯-૨૦૧૧ | ૦.૦૦ | | ૨૮૮૫.૫૯ |
| | **કુલ :** | **૨૮૮૫.૫૯** | | **૦.૦૦** | | **૨૮૮૫.૫૯** |
| ૧૧ | બુક બેંન્ક | ૧.૭૯ | ૨૯-૯-૨૦૧૧ | ૦.૦૦ | | ૧.૭૯ |
| ૧૨ | ટ્રાયબલ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ | ૧૫.૦૦ | ૨૯-૯-૨૦૧૧ | ૦.૦૦ | | ૧૫.૦૦ |
| ૧૩ | કન્સ્ટ્રક્શન ઓફ હોસ્ટેલ્સ ફોર એસ.ટી. ગર્લ્સ એન્ડ બોયઝ | ૦.૦૦ | | ૦.૦૦ | | ૦.૦૦ |
| ૧૪ | પ્રીવેન્શન ઓફ એટ્રોસીટી | ૫૨.૭૦ | ૦૭-૦૯-૨૦૧૧ | ૦.૦૦ | | ૫૨.૭૦ |
| ૧૫ | કન્સ્ટ્રક્શન ઓફ આશ્રમ સ્કુલ - ગર્લ્સ | ૧૫૦૦.૦૦ | ૨૯-૧૧-૨૦૧૧ | ૦.૦૦ | | ૧૫૦૦.૦૦ |
| | **કુલ :** | **૨૨૧૫૫.૬૪** | | **૦.૦૦** | | **૨૨૧૫૫.૬૪** |

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

## અમદાવાદ જિલ્લામાં વાહનો દ્વારા લાકડા ચોરીના કેસ

૨૫૯૩૬ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહનો દ્વારા લાકડા ચોરીના તાલુકાવાર કેટલા કેસો પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત કેસોમાં તાલુકાવાર કેટલા લાકડાનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૩) આ ગુનાહીતો સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહનો દ્વારા વગર પાસ પરમીટથી લાકડા ચોરીના અને વાહતુકના તાલુકાવાર તથા વર્ષવાર નીચે મુજબના બનાવો બનેલા છે.

| વર્ષ | તાલુકાનું નામ | બનાવોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૯ | દશક્રોઈ | ૧ |
| | વિરમગામ | ૧ |
| ૨૦૧૦ | – | – |
| ૨૦૧૧ | દશક્રોઈ | ૧ |

(૨) તાલુકાવાર નીચે મુજબ જથ્થો પકડવામાં આવ્યો.

| વર્ષ | તાલુકાનું નામ | જથ્થો | |
|---|---|---|---|
| | | ઈમારતી (ઘમી) | જલાઉ (કિવન્ટલ) |
| ૨૦૦૯ | દશક્રોઈ | ૩.૩૭૦ | ૪૮.૦૦ |
| | વિરમગામ | ૦.૮૮૧ | –– |
| ૨૦૧૦ | – | – | –– |
| ૨૦૧૧ | દશક્રોઈ | ૨૨.૪૫ | –– |

(૩)

| વર્ષ | તાલુકાનું નામ | શાં પગલા ભર્યા |
|---|---|---|
| ૨૦૦૯ | દશક્રોઈ | દરેક તહોમતદાર પાસેથી ` ૨૦૦૦/– લેખે ` ૧૪,૦૦૦/ વળતર તરીકે વસુલ કરી મુદ્દામાલ સરકાર હસ્તક કરેલ છે. |
| | વિરમગામ | ` ૪,૦૦૦/– વળતર તરીકે વસુલ કરી મુદ્દામાલ સરકાર હસ્તક કરેલ છે. |
| ૨૦૧૦ | – | – |
| ૨૦૧૧ | દશક્રોઈ | હાલ તપાસ ચાલુ હોઈ કેસ પેન્ડીંગ છે. ગુનેગાર પાસેથી ` ૨૦૦૦/– ડીપોઝીટ પેટે લીધેલ છે. |

---------

## પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં બાંધેલ બોરીબંધ

૨૪૩૩૪ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા,

(૨) બોરીબંધ બાંધવાથી વર્ષવાર કેટલો પાણીનો સંગ્રહ થયેલ,

(૩) બોરીબંધ બાંધવા પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને તે ખર્ચ બજેટના કયા હેડ હેઠળ કરવામાં આવ્યો અને

**જવાબ**

(૧) તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર બાંધવામાં આવેલ બોરીબંધની વિગત **પરિશિષ્ટ–૧** મુજબ છે.

(૨) બોરીબંધ બાંધવાથી વર્ષવાર થયેલ પાણીનો સંગ્રહની વિગત **પરિશિષ્ટ–૨** મુજબ છે.

(૩) વોટરશેડ અને મનરેગા યોજના હેઠળ બાંધવામાં આવેલ બોરીબંધની વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત **પરિશિષ્ટ–૩** મુજબ છે. વોટરશેડ યોજના અંતર્ગત જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમના બજેટ હેડે તેમજ મનરેગા યોજનામાં મનરેગા બજેટના હેડે ખર્ચ ઉધારવામાં

(૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ કયા કયા વર્ષમાં બાંધેલ કેટલા બોરીબંધ હયાત છે?

આવેલ છે.

(૪) વિસ્તાર વિકાસ કાર્યક્રમોમાં વરસાદી જળને રોકવા માટીનું ધોવાણ અટકાવવા તથા ભૂગર્ભ જળને વધારવા માટે શ્રી મોહનભાઈ ધારીયા, માજી નાયબ ચેરમેનશ્રી પ્લાનીંગ કમિશન, ભારત સરકાર દ્વારા બોરીબંધનું નિર્માણ મહારાષ્ટ્ર રાજ્યમાં કરવામાં આવેલ, હવે આ ઓછી ખર્ચાળ અને સરળ ટેકનોલોજીનો ગુજરાતમાં પણ જળસંચયની કામગીરી માટે વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. બોરીબંધનું આયુષ્ય અંદાજે એક વર્ષ જેટલુ હોય છે. ઉપરોક્ત બનાવેલ બોરીબંધોને અંદાજી બે વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોવાથી આ બોરીબંધો મુળ સ્થિતિમાં નથી.

## પરિશિષ્ટ-૧

### પોરબંદર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર વોટરશેડ યોજનામાં તેમજ મનરેગા યોજનામાં બાંધવામાં આવેલ બોરીબંધની વિગતઃ

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ | | તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ |
| ૧ | પોરબંદર | ૧૩૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | રાણાવાવ | ૪૪૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | કુતીયાણા | ૮૦૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૨૫૨૭** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** |

**જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર વોટરશેડ યોજનામાં તેમજ મનરેગા યોજનામાં બાંધવામાં આવેલ બોરીબંધની વિગતઃ**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ | | તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ |
| ૧ | ઉના | ૨૦૩૫ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | સુત્રાપાડા | ૯૨૧ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | વેરાવળ | ૭૨૧ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ભેસાણ | ૮૨૦ | ૨૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | કેશોદ | ૯૬૭ | ૨૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | માંગરોળ | ૧૦૬૪ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | મેંદરડા | ૬૦૨ | ૫૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | વિસાવદર | ૧૫૫૫ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | માળીયા | ૧૩૮૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | માણાવદર | ૮૮૨ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | જૂનાગઢ | ૭૩૬ | ૦ | | | | |
| ૧૨ | કોડીનાર | ૭૭૩ | ૦ | | | | |
| ૧૩ | તાલાલા | ૭૪૮ | ૦ | | | | |
| ૧૪ | વંથલી | ૮૧૬ | ૦ | | | | |
| | **કુલ** | **૧૪૦૨૦** | **૧૮૦** | **૦** | **૦** | **૦** | **૦** |

**જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર વોટરશેડ યોજનામાં તેમજ મનરેગા યોજનામાં બાંધવામાં આવેલ બોરીબંધની વિગતઃ**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ | | તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ |
| ૧ | જામનગર | ૧૨૫૩ | ૪૮૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ધ્રોલ | ૧૦૮૮ | ૨૭૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | જોડીયા | ૧૧૬૪ | ૯૨૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | જામજોધપુર | ૧૧૬૩ | ૮૯૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | લાલપુર | ૧૧૧૮ | ૯૩૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ભાણવડ | ૧૫૪૧ | ૧૪૦૬ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ખંભાલીયા | ૧૬૫૨ | ૭૭૪૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | કલ્યાણપુર | ૧૫૭૪ | ૧૩૨૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | દ્વારકા | ૧૧૫૫ | ૯૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | કાલાવડ | ૧૩૬૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૩૦૭૩** | **૧૪૦૭૪** | **૦** | **૦** | **૦** | **૦** |

## પરિશિષ્ટ-૨

**બોરીબંધ બાંધવાથી વર્ષવાર થયેલ પાણીના સંગ્રહની વિગત** **(ક્યુબીક ઘનમીટર)**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ | | તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ |
| ૧ | જામનગર | ૧૨૬૬૬૬ | ૧૭૮૦૦ | ૦ | ૧૨૬ | ૦ | ૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | જુનાગઢ | ૫૪૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પરિશિષ્ટ-૩**

**બાંધવામાં આવેલ બોરીબંધની વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત (` લાખમાં)**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ | | તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ |
| ૧ | જામનગર | ૨૩૩.૬૦ | ૧૨૯.૩૫ | ૦.૨૫૫ | ૦.૩૬ | ૦ | ૦ |
| ૨ | જુનાગઢ | ૪૨૫.૧૯ | ૧૫.૪૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | પોરબંદર | ૯૯.૦૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

## જામનગર જિલ્લામાં પંચવટી યોજનાનું આયોજન

૨૫૧૪૯ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવાડ તાલુકા સન ૨૦૧૦ અને ૨૦૧૧ ના વર્ષમાં પંચવટી યોજનાનું કેટલા ગામોમાં આયોજન કરવામાં આવ્યુ,

(૨) કેટલા ગામોમાં તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૧ની સ્થિતિએ પૂર્ણ થઈ,

(૩) કેટલી પંચવટી પૂર્ણ થવાની બાકી છે, અને તેના શા કારણો છે, અને

(૪) બાકી રહેલી પંચવટી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં પંચવટી આયોજન કરેલ ગામો |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૨ |
| ૨ | જોડિયા | ૨ |
| ૩ | જામનગર | ૩ |
| ૪ | કાલાવાડ | ૨ |
| | **કુલઃ** | **૯** |

(૨)

| ક્રમ | તાલુકો | તા.૩૧ ડિસે.૨૦૧૧ની સ્થિતિએ પૂર્ણ કરેલ પંચવટી |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૨ |
| ૨ | જોડિયા | ૧ |
| ૩ | જામનગર | ૩ |
| ૪ | કાલાવાડ | ૧ |
| | **કુલઃ** | **૭** |

(૩) ૨ (બે) પંચવટીનું કામ પ્રગતિમાં છે. સ્થાનિક જમીનના પ્રશ્નોના કારણે.

(૪) બનતી ત્વરાએ.

---------

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં ગૃપ ગ્રામ પંચાયતો

૨૫૦૯૪ **ડાં. અનિલભાઇ જોષીયારા( ભિલોડા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કઈ કઈ ગૃપ ગ્રામ પંચાયતો આવેલી છે, અને

(૨) આ ગૃપ ગ્રામ પંચાયતોના ગામોના ઝડપી વિકાસ માટે ગૃપ ગ્રામ પંચાયતોમાંથી અલગ ગ્રામ પંચાયતો સરકાર કયા સુધીમાં કરવા માંગે છે?

**જવાબ**

(૧) ભિલોડા તાલુકામાં - ૪૩ (ત્રેતાલીંસ)
મેઘરજ તાલુકામાં - ૩૬ (છત્રીસ)
પત્રક સામેલ છે.

(૨) કોઈ દરખાસ્ત પડતર નથી.

### (૧) ભિલોડા તાલુકામાં ગૃપ ગ્રામ પંચાયતો

| અ.નં. | ગૃપ ગ્રામ પંચાયતનું નામ | અ.નં. | ગૃપ ગ્રામ પંચાયતનું નામ |
|---|---|---|---|
| ૧ | કાગડા મહુડા | ૨૩ | મેડીટીંબા |
| ૨ | ખુમાપુર | ૨૪ | મહેરૂ |
| ૩ | ખેરાડી | ૨૫ | રંગપુર |
| ૪ | ખેરચા | ૨૬ | રામેલા |
| ૫ | ખિલોડા | ૨૭ | રામપુર |

| | | | |
|---|---|---|---|
| ૬ | ચોરીમાલા | ૨૮ | બુલડીયા |
| ૭ | જુમસર | ૨૯ | વેજપુર |
| ૮ | જાપલા | ૩૦ | વણઝર |
| ૯ | જેસીંગપુર | ૩૧ | વાંસળી |
| ૧૦ | જાબચીતરીયા | ૩૨ | ઘબોલીયા |
| ૧૧ | ટાકાટુકા | ૩૩ | મોટા સામેરા |
| ૧૨ | ટોરડા | ૩૪ | વાંદીયોલ |
| ૧૩ | દહેગામડા | ૩૫ | વાઘપુર |
| ૧૪ | દેવની મોડી | ૩૬ | વાઘેશ્વરી |
| ૧૫ | ધોલવાણી | ૩૭ | શામળાજી |
| ૧૬ | નાદોજ | ૩૮ | સુનોખ |
| ૧૭ | નારણપુર | ૩૯ | આંબાબર |
| ૧૮ | નાપડા | ૪૦ | ઓડ |
| ૧૯ | બુઢેલી | ૪૧ | અઘેરી |
| ૨૦ | બોલુન્દ્રા | ૪૨ | અણખોલ |
| ૨૧ | ભેટાલી | ૪૩ | ઉબસલ |
| ૨૨ | મોટી બેબાર | | |

## (૨) મેઘરજ તાલુકામાં ગૃપ ગ્રામ પંચાયતો

| અ.નં. | ગૃપ ગ્રામ પંચાયતનું નામ | અ.નં. | ગૃપ ગ્રામ પંચાયતનું નામ |
|---|---|---|---|
| ૧ | ઇસરી | ૧૯ | ઈપલોડા |
| ૨ | કંટાળું | ૨૦ | બોહીવાડા |
| ૩ | કસાણા | ૨૧ | ડચકા |
| ૪ | ખોખારીયા | ૨૨ | સીસોદરા (અ) |
| ૫ | લાલોડીયા | ૨૩ | ભેમાપુર |
| ૬ | લાલપુર | ૨૪ | છીટાદરા |
| ૭ | લીબોદરા | ૨૫ | બેડઝ |
| ૮ | મહુડી | ૨૬ | નવાગામ (ઈ) |
| ૯ | મોટી મોયડી | ૨૭ | પહાડીયા (મે) |
| ૧૦ | મોટી પંડુલી | ૨૮ | પંચાલ |
| ૧૧ | મુડશી | ૨૯ | પાણીબાર |
| ૧૨ | નવાગામ (ક) | ૩૦ | પટેલઢુંઢા |
| ૧૩ | વલુણા | ૩૧ | રાચવાડા |
| ૧૪ | વાણીયાવાડા | ૩૨ | રામગઢી |
| ૧૫ | વંથલી | ૩૩ | રેલ્લાવાડા |
| ૧૬ | વાસણા | ૩૪ | ઉન્ડવા |
| ૧૭ | ઝરડા | ૩૫ | વાઘપુર |
| ૧૮ | ગોરવાડા | ૩૬ | તરકવાડા |

---------

## ભરૂચ અને નર્મદા જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓમાં ભોજન-નાસ્તાનો ખર્ચ

૨૪૯૪૩ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજન અને ચા-નાસ્તાનો શાળાવાર કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

| શાળા | તા.૩૧-૧-૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષનો ભોજન ખર્ચ (` લાખમાં) | તા.૩૧-૧-૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષનો નાસ્તાનો ખર્ચ (` લાખમાં) | કુલ ખર્ચ (` લાખમાં) |
|---|---|---|---|
| **ભરૂચ જિલ્લો** | | | |
| અંકલેશ્વર (કુમાર) | ૧૪.૩૪ | ૨.૭૭ | ૧૭.૧૧ |

| | | | |
|---|---|---|---|
| ઝઘડીયા (કન્યા) | ૧૪.૦૮ | ૧.૬૨ | ૧૫.૭૦ |
| નેત્રંગ (કુમાર) | ૪૦.૮૪ | ૩.૧૬ | ૪૪.૦૦ |
| **કુલઃ** | **૬૯.૨૬** | **૭.૫૫** | **૭૬.૮૧** |

**નર્મદા જિલ્લો**

| | | | |
|---|---|---|---|
| રાજપીપળા (કુમાર) | ૨૬.૦૮ | ૩.૧૭ | ૨૯.૨૫ |
| ડેડીયાપાડા (કુમાર) | ૩૫.૨૫ | ૫.૨૮ | ૪૦.૫૩ |
| સાગબારા (કન્યા) | ૧૭.૩૯ | ૧.૫૦ | ૧૮.૮૯ |
| **કુલઃ** | **૭૮.૭૨** | **૯.૯૫** | **૮૮.૬૭** |

---------

**અમદાવાદ શહેરમાં કેરોસીનનો જથ્થો ફાળવવા બાબત**

૨૪૯૬૮ **શ્રી સાબીરભાઇ અ. ખેડાવાલા(જમાલપુર): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં સને ૨૦૧૧માં કેરોસીનનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૨) વોર્ડવાર કેટલી માંગ સામે કેટલો કેરોસીનનો પુરવઠો ફાળવવામાં આવ્યો?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં સને ૨૦૧૧ માં ૪૮.૯૨૨ કિલોલીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો.

(૨) ઝોનવાર માંગ સામે ફાળવવામાં આવેલ જથ્થો નીચે મુજબ છે.

(આંકડા કિલોલીટરમાં)

| ઝોનનું નામ | માંગ | ફાળવણી |
|---|---|---|
| અસારવા | ૩૭૦૨ | ૩૪૬૭ |
| સાબરમતી | ૨૯૮૦ | ૨૭૯૧ |
| રખિયાલ | ૫૫૫૦ | ૫૧૯૯ |
| કાલુપુર | ૯૫૩ | ૮૯૩ |
| ખાડીયા | ૯૨૧ | ૮૬૫ |
| મણિનગર | ૭૯૮૨ | ૭૪૭૬ |
| શહેર કોટડા | ૨૯૨૭ | ૨૭૪૪ |
| એલિસબ્રિજ | ૩૩૫૫ | ૩૧૪૭ |
| દરિયાપુર– કાઝીપુર | ૨૨૭૯ | ૨૧૩૭ |
| શાહપુર | ૧૨૫૭ | ૧૧૭૮ |
| જમાલપુર | ૭૧૨૧ | ૬૭૫૮ |
| નરોડા | ૬૨૮૩ | ૫૮૯૫ |
| સરખેજ–૧ | ૨૮૦૪ | ૨૬૨૯ |
| સરખેજ–૨ | ૪૦૩૬ | ૩૭૮૩ |
| **કુલઃ** | **૫૨,૧૫૦** | **૪૮,૯૨૨** |

---------

**આણંદ જિલ્લામાં બાંધવામાં આવેલ બોરીબંધ**

૨૫૧૦૪ **શ્રી રામસિંહ પ્ર. પરમાર( ઠાસરા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા,

(૨) બોરીબંધ બાંધવાથી વર્ષવાર કેટલો પાણીનો સંગ્રહ થયેલ,

(૩) બોરીબંધ બાંધવા પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને તે ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર વોટરશેડ યોજનામાં કુલ–૩૮૭ અને મનરેગા યોજનામાં ૮૭૬૬ બોરીબંધ બાંધવામાં આવેલ છે. જેની વિગત પરિશિષ્ટ–૧ મુજબ છે.

(૨) બોરીબંધ બાંધવાથી વર્ષવાર થયેલ પાણીના સંગ્રહની વિગત પરિશિષ્ટ–૨ મુજબ છે.

(૩) વોટરશેડ અને મનરેગા યોજના હેઠળ બાંધવામાં આવેલ બોરીબંધની વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત પરિશિષ્ટ–૩ મુજબ છે. વોટરશેડ યોજના અંતર્ગત જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમના બજેટ હેડે તેમજ મનરેગા યોજનામાં મનરેગા બજેટના હેડે ખર્ચ ઉધારવામાં આવેલ છે.

(૪) તે પૈકી ઉકત સ્થિતિએ કયા કયા વર્ષમાં બાંધેલ કેટલા બોરીબંધ હયાત છે?

(૪) વિસ્તાર વિકાસ કાર્યક્રમોમાં વરસાદી જળને રોકવા, માટીનું ધોવાણ અટકાવવા તથા ભૂગર્ભ જળને વધારવા માટે શ્રી મોહનભાઈ ધારીયા, માજી નાયબ ચેરમેનશ્રી પ્લાનીંગ કમિશન, ભારત સરકાર દ્વારા બોરીબંધનું નિર્માણ મહારાષ્ટ્ર રાજ્યમાં કરવામાં આવેલ. હવે આ ઓછી ખર્ચાળ અને સરળ ટેકનોલોજીનો ગુજરાતમાં પણ જળસંચયની કામગીરી માટે વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. બોરીબંધનું આયુષ્ય અંદાજે એક વર્ષ જેટલું હોય છે. ઉપરોકત બનાવેલ બોરીબંધોને અંદાજી બે વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોવાથી આ બોરીબંધો મુળ સ્થિતિમાં નથી.

**પરિશિષ્ટ-૧**

**ખેડા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર વોટરશેડ યોજનામાં તેમજ મનરેગા યોજનામાં બાંધવામાં આવેલ બોરીબંધની વિગતોઃ-**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ | | તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ |
| ૧ | બાલાસિનોર | ૧૧૭૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | કપડવંજ | ૧૩૦૭ | ૩૩ | ૦ | ૩૦ | ૦ | ૦ |
| ૩ | કઠલાલ | ૧૧૭૯ | ૧૧૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ખેડા | ૧૩૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | મહુધા | ૫૯૫ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | માતર | ૭૫૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | મહેમદાવાદ | ૬૬૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | નડિયાદ | ૩૮૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ઠાસરા | ૮૭૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | વિરપુર | ૧૬૯૫ | ૧૭૧ | ૦ | ૪૩ | ૦ | ૦ |
| | **કુલઃ** | **૮૭૬૬** | **૩૧૪** | ૦ | **૭૩** | ૦ | ૦ |

**પરિશિષ્ટ-૨**

**બોરીબંધ બાંધવાથી વર્ષવાર થયેલ પાણીના સંગ્રહની વિગત**

**(ઘનમીટર)**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ | | તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ |
| ૧ | ખેડા | ૧૦.૨૩ | ૩૧૪૦૦ | ૨.૦૫ | ૭૩૦૦ | ૦ | ૦ |

**પરિશિષ્ટ-૩**

**બાંધવામાં આવેલ બોરીબંધની વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત**

**(` લાખમાં)**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ | | તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧૨-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ | મનરેગા | વોટરશેડ |
| ૧ | ખેડા | ૯૧૮.૬૮ | ૩૧.૫૬ | ૧૨૪.૮૬ | ૭.૨૧ | ૦ | ૦ |

-----------

**દાહોદ જિલ્લામાં જૂથ સમૂહ સિંચાઈ કૂવાના કામ**

૨૫૦૫૮ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા જૂથ સમૂહ સિંચાઈ કુવાના કામોને મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ નીચે મુજબ જૂથ સમૂહ સિંચાઈ કુવાના કામોને મંજૂરી આપવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ | તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૧૨-૨૦૧૨ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩૯૫ | ૨૫૦ | ૬૪૫ |
| ૨ | ગરબાડા | ૨૦૮ | ૨૦૭ | ૪૧૫ |
| ૩ | ઝાલોદ | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ફતેપુરા | ૦ | ૧૭૭ | ૧૭૭ |
| ૫ | લીમખેડા | ૧૫૪૬ | ૦ | ૧૫૪૬ |
| ૬ | ધાનપુર | ૪૮ | ૨૯ | ૭૭ |
| ૭ | દે.બારીયા | ૫૨ | ૦ | ૫૨ |
| | **કુલઃ** | **૨૨૪૯** | **૬૬૩** | **૨૯૧૨** |

(૨) આ પૈકી કેટલા જૂથ કુવાના કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ પૈકી નીચે મુજબ જુથ કુવાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ | તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૧૨-૨૦૧૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૯૦ | ૨૪૫ | ૫૩૫ |
| ૨ | ગરબાડા | ૭૨ | ૦ | ૭૨ |
| ૩ | ઝાલોદ | ૦ | ૦ | ૦ |
| ૪ | ફતેપુરા | ૦ | ૦ | ૦ |
| ૫ | લીમખેડા | ૧૨૭૪ | ૦ | ૧૨૭૪ |
| ૬ | ધાનપુર | ૪૧ | ૦ | ૪૧ |
| ૭ | દે.બારીયા | ૨૯ | ૦ | ૨૯ |
| | **કુલઃ** | **૧૭૦૬** | **૨૪૫** | **૧૯૫૧** |

(૩) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા કુવાના કામો બાકી છે?

(૩) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ નીચે મુજબ કુવાના કામો બાકી છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ | તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૧૨-૨૦૧૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૦૫ | ૫ | ૧૧૦ |
| ૨ | ગરબાડા | ૧૩૬ | ૨૦૭ | ૩૪૩ |
| ૩ | ઝાલોદ | ૦ | ૦ | ૦ |
| ૪ | ફતેપુરા | ૦ | ૧૭૭ | ૧૭૭ |
| ૫ | લીમખેડા | ૨૭૨ | ૦ | ૨૭૨ |
| ૬ | ધાનપુર | ૭ | ૨૯ | ૩૬ |
| ૭ | દે.બારીયા | ૨૩ | ૦ | ૨૩ |
| | **કુલઃ** | **૫૪૩** | **૪૧૮** | **૯૬૧** |

---------

## ભરૂચ જિલ્લામાં એ.પી.એલ., બી.પી.એલ અને અંત્યોદય લાભાર્થી

૨૩૮૮૯ **શ્રી ઇકબાલભાઇ પટેલ( વાગરા): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર એ.પી.એલ., બી.પી.એલ. અને અંત્યોદય લાભાર્થીઓની સંખ્યા કેટલી છે,

(૨) આ લાભાર્થીઓને તાલુકાવાર કેટલા કેન્દ્રો ઉપરથી અનાજના જથ્થાની ફાળવણી કરવામાં આવે છે, અને

(૩) આ પૈકી મંજૂર થયેલા કેન્દ્રો બંધ હોય તેની સંખ્યા તાલુકાવાર કેટલી છે?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ એ.પી.એલ., બી.પી.એલ. અને અંત્યોદય લાભાર્થીઓની સંખ્યા ૧૨,૬૫,૨૧૫ અને કાર્ડની સંખ્યા ૨,૪૪,૪૩૦ છે. (તાલુકાવાર **પત્રક-૧** સામેલ છે.)

(૨) આ લાભાર્થીઓને કુલ-૪૯૦ કેન્દ્રો (વાજબી ભાવની દુકાનો) ઉપરથી અનાજના જથ્થાની ફાળવણી કરવામાં આવે છે.

| અ.નં. | તાલુકાનું નામ | વાજબી ભાવની દુકાનો એટલે કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૨૬ |
| ૨ | અંકલેશ્વર | ૮૦ |
| ૩ | જંબુસર | ૬૯ |
| ૪ | આમોદ | ૩૭ |
| ૫ | હાંસોટ | ૨૭ |
| ૬ | વાગરા | ૩૦ |
| ૭ | વાલીયા | ૫૦ |
| ૮ | ઝગડીયા | ૭૧ |
| | **કુલઃ** | **૪૯૦** |

(૩) મંજુર થયેલ કેન્દ્રો પૈકી ૪૭ કેન્દ્રો બંધ છે.

| અ.નં. | તાલુકાનું નામ | રાજીનામા/ગેરરીતિના કારણે બંધ કેન્દ્રોની |
|---|---|---|

| | | સંખ્યા |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૨૫ |
| ૨ | અંકલેશ્વર | ૦૫ |
| ૩ | જંબુસર | ૦૫ |
| ૪ | આમોદ | ૦૩ |
| ૫ | હાંસોટ | ૦૧ |
| ૬ | વાગરા | ૦૨ |
| ૭ | વાલીયા | ૦૧ |
| ૮ | ઝગડીયા | ૦૫ |
| | કુલઃ | **૪૭** |

**પત્રક–૧**

| ક્રમ | તાલુકાનું નામ | એપીએલ–૧ | | એપીએલ–૨ | | બીપીએલ | | એએવાય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કાર્ડ | જનસંખ્યા | કાર્ડ | જનસંખ્યા | કાર્ડ | જનસંખ્યા | કાર્ડ | જનસંખ્યા | કાર્ડ | જનસંખ્યા |
| ૧ | ભરૂચ ગ્રામ્ય | ૨૬૪૭૪ | ૧૨૫૨૦૫ | ૧૨૦૮ | ૫૪૭૮ | ૧૨૧૮૫ | ૬૮૨૩૮ | ૨૭૧૩ | ૧૩૦૪૧ | ૪૨૫૮૦ | ૨૧૧૯૬૨ |
| ૨ | ભરૂચ શહેર | ૨૧૨૯૪ | ૯૭૩૪૭ | ૧૦૧૧ | ૪૭૩૦ | ૭૦૫૭ | ૩૫૩૬૯ | ૧૪૭૨ | ૬૨૬૮ | ૩૦૮૩૪ | ૧૪૩૭૧૪ |
| ૩ | અંકલેશ્વર | ૨૫૨૩૯ | ૧૧૮૨૧૦ | ૪૬૬ | ૨૧૫૩ | ૯૮૦૮ | ૫૧૭૪૨ | ૨૬૮૧ | ૧૨૭૪૮ | ૩૮૧૯૪ | ૧૮૪૮૫૩ |
| ૪ | જંબુસર | ૧૬૧૦૨ | ૮૨૭૩૯ | ૭૧ | ૩૭૪ | ૧૫૩૧૦ | ૯૬૧૫૩ | ૩૦૭૫ | ૧૪૭૬૬ | ૩૪૫૫૮ | ૧૯૪૦૩૨ |
| ૫ | આમોદ | ૮૩૮૩ | ૪૦૩૯૯ | ૪૨ | ૧૮૯ | ૮૩૨૮ | ૪૮૮૦૪ | ૧૭૪૮ | ૭૭૭૦ | ૧૮૫૦૧ | ૯૭૧૬૨ |
| ૬ | હાંસોટ | ૫૮૯૩ | ૨૪૪૦૯ | ૬૯ | ૨૪૮ | ૪૮૪૩ | ૨૨૯૫૮ | ૧૨૫૧ | ૫૭૭૬ | ૧૨૦૫૬ | ૫૩૩૯૧ |
| ૭ | વાગરા | ૯૬૨૮ | ૪૪૯૮૨ | ૧૫૪ | ૭૧૪ | ૫૭૫૯ | ૩૨૧૭૫ | ૧૩૪૫ | ૬૧૧૨ | ૧૬૮૮૬ | ૮૩૯૮૩ |
| ૮ | વાલીયા | ૬૫૨૨ | ૩૫૮૨૩ | ૧૯૮ | ૧૧૧૧ | ૧૧૨૩૪ | ૭૭૨૨૦ | ૨૯૦૩ | ૧૬૯૪૬ | ૨૦૮૫૭ | ૧૩૧૧૦૦ |
| ૯ | ઝગડીયા | ૧૦૩૧૨ | ૫૦૫૫૪ | ૨૬૮ | ૧૨૨૫ | ૧૫૯૫૮ | ૯૫૦૫૨ | ૩૪૨૬ | ૧૮૧૮૭ | ૨૯૯૬૪ | ૧૬૫૦૧૮ |
| | કુલઃ | **૧૨૯૮૪૭** | **૬૧૯૬૬૮** | **૩૪૮૭** | **૧૬૨૨૨** | **૯૦૪૮૨** | **૫૨૭૭૧૧** | **૨૦૬૧૪** | **૧૦૧૬૧૪** | **૨૪૪૪૩૦** | **૧૨૬૫૨૧૫** |

---------

**ડી–સેગના મહેકમનો ખર્ચ ડી–સેગના વ્યાજમાંથી મળતી આવકમાંથી થવા બાબત**

૨૫૨૭૩ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજનાના અમલીકરણ માટે રાજ્યમાં ઊભા કરવામાં આવેલ ડી–સેગ ના મહેકમનો ખર્ચ ડી–સેગને મળતા વ્યાજની આવકમાંથી કરવામાં આવે છે. તે હકિકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ડી–સેગને મળતા વ્યાજની વર્ષવાર આવક કેટલી છે, અને

(૨)

| | |
|---|---|
| વર્ષ–૨૦૦૯–૧૦ | ` ૮૧.૨૮ લાખ |
| વર્ષ–૨૦૧૦–૧૧ | ` ૨૫૨.૨૪ લાખ |
| વર્ષ–૨૦૧૧–૧૨ | ` ૧૧૩.૦૨ લાખ |
| (તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ) | |

(૩) તે સામે ખરેખર થયેલ ખર્ચ કુલ કેટલો છે ?

(૩)

| | |
|---|---|
| વર્ષ–૨૦૦૯–૧૦ | ` ૭૪.૬૭ લાખ |
| વર્ષ–૨૦૧૦–૧૧ | ` ૧૨૦.૩૬ લાખ |
| વર્ષ–૨૦૧૧–૧૨ | ` ૯૮.૦૪ લાખ |
| (તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ) | |

---------

**ડી–સેગના મહેકમનો ખર્ચ ડી–સેગના વ્યાજમાંથી મળતી આવકમાંથી થવા બાબત**

**<#M**૨૫૨૭૪ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજનાના અમલીકરણ માટે રાજ્યમાં ઊભા કરવામાં આવેલ ડી–સેગ ના મહેકમનો ખર્ચ ડી–સેગને મળતા વ્યાજની આવકમાંથી કરવામાં આવે છે. તે હકિકત સાચી છે,

(૧) હા, જી .

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ

(૨)

છેલ્લા ત્રણ વર્ષમાં ડી–સેગને મળતા વ્યાજની વર્ષવાર આવક કેટલી છે, અને

| | |
|---|---|
| વર્ષ–૨૦૦૯–૧૦ | ` ૮૧.૨૮ લાખ |
| વર્ષ–૨૦૧૦–૧૧ | ` ૨૫૨.૨૪ લાખ |
| વર્ષ–૨૦૧૧–૧૨ | ` ૧૧૩.૦૨ લાખ |
| (તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ) | |

(૩) તે સામે ખરેખર થયેલ ખર્ચ કુલ કેટલો છે ?

(૩)

| | |
|---|---|
| વર્ષ–૨૦૦૯–૧૦ | ` ૭૪.૬૭ લાખ |
| વર્ષ–૨૦૧૦–૧૧ | ` ૧૨૦.૩૬ લાખ |
| વર્ષ–૨૦૧૧–૧૨ | ` ૯૮.૦૪ લાખ |
| (તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ) | |

---------

**આણંદ જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોને આવાસ માટે નીમ કરેલ જમીન**

૨૫૦૪૧ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧–૧૨ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કયા કયા ગામે બી.પી.એલ. કુટુંબોને આવાસ માટે પ્લોટ ફાળવવા માટે નીમ કરેલ જમીન ઉપલબ્ધ નથી,

(૧)

| ક્રમ | તાલુકો | જમીન ઉપલબ્ધ નથી તેવા ગામો |
|---|---|---|
| ૧ | આણંદ | નાપાડવાંટા, મોગર, વઘાસી |
| ૨ | બોરસદ | રાસ, ભાદરણ |
| ૩ | પેટલાદ | પાળજ, શેખડી |

(૨) આ ગામોએ તાત્કાલિક જમીન નીમ કરવામાં આવનાર છે કે કેમ, અને

(૨) જમીન ઉપલબ્ધ ન હોઇ નીમ કરવાનો પ્રશ્ન નથી

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

(૩) પ્રશ્ન નથી

---------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

## જુનાગઢમાં મહાશિવરાત્રિના મેળામાં ધક્કા–મુક્કીના કારણે સર્જાયેલ દુર્ઘટના અંગે

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, " જૂનાગઢમાં પ્રાચીન સમયથી યોજાતા મહાશિવરાત્રિના ઐતિહાસિક મેળામાં તા.૧૯–૨–૨૦૧૨ના રોજ પાજનાકા પુલ પાસે ધક્કા મુક્કીને કારણે સર્જાયેલ દુર્ઘટનામાં સાત વ્યકિતઓના મોત થયા હતા અને તેત્રીસ વ્યકિતઓ ઘાયલ થઇ હતી. આ કમનસીબ ઘટનાથી શ્રધ્ધાળુઓમાં ફેલાયેલી અરેરાટી અને આઘાતની લાગણી દૂર કરવા તેમજ અસરગ્રસ્તોને સહાયભૂત થવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં. "

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** ( **શહેરી વિકાસ મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, ગિરનાર પર્વતની ગણના ભારતના સિધ્ધ ક્ષેત્રોમાં થાય છે. ગિરનાર પર્વતની તળેટીમાં આવેલ પ્રસિધ્ધ ભવનાથ મંદિરમાં પ્રાચીન પ્રથા મુજબ મહાશિવરાત્રિ મેળાની ઉજવણી થાય છે. ચાલુ વર્ષે તા.૧૬-૨-૨૦૧૨ના સવારે ભવનાથ મંદિર ખાતે ધ્વજારોહણ સાથે આ મહાશિવરાત્રિ મેળાનો પ્રારંભ પાંચ દિવસ માટે થયેલ હતો. તા.૨૦-૨-૨૦૧૨ના રોજ મેળાની પૂર્ણાહૂતિ થયેલ હતી.

ચાલુ વર્ષે આ મેળાના આયોજન બાબતે જિલ્લા કલેકટરશ્રીના સંકલન હેઠળ તા.૧-૨-૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ બેઠકમાં મેળાની તૈયારી અને વ્યવસ્થા, વાહન વ્યવહાર વીજ વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, જાહેર સ્વચ્છતા, જાહેર આરોગ્ય તથા લોકોની સલામતી માટેની વ્યવસ્થા અંગેની પરિસ્થિતિ જાળવવા જરૂરી આયોજન કરવામાં આવેલ હતું. જયારે તા.૯-૨-૨૦૧૨ના રોજ તેમના અધ્યક્ષસ્થાને વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, સાધુ સંતો તથા શહેર એકતા સમિતિ અને અન્ય વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિ સાથે બેઠક રાખી જરૂરી આયોજન કરવામાં આવેલ તેમજ વર્ષોથી ગોઠવવામાં આવતી પ્રણાલિ મુજબ તકેદારીના પગલાં લેવામાં આવેલ હતાં.

આ મેળા દરમિયાન તા.૧૯-૨-૨૦૧૨ના રોજ રવિવારનો રજાનો દિવસ હોઇ અને મહાશિવરાત્રી સોમવારે હોઇ અન્ય વર્ષો કરતાં વાહનોનો ટ્રાફિક તથા પગે ચાલીને આવનાર શ્રધ્ધાળુઓનો ઘસારો વધુ હતો અને અંદાજે ૩.૫૦ લાખ લોકો આ મેળામાં જોડાયા હતા. તેમને સગવડ આપવા અને આવન જાવન માટે અગવડ ન પડે તે હેતુસર ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ગત વર્ષની ૪૩૧ ટ્રીપોની સામે ચાલુ વર્ષે ૭૨૯ ટ્રીપોનું સંચાલન કરવામાં આવ્યું હતું. શ્રધ્ધાળુઓ સાંજના સમયે ભવનાથ તળેટી વિસ્તારમાંથી જૂનાગઢ શહેરમાં બહોળા સમુદાયમાં પસાર થઇ રહ્યાં હતા. આજ સમયે મહાશિવરાત્રીના દિવસને ધ્યાને રાખી, રાજયભરમાંથી મેળામાં આવતા લોકો પણ આજ રૂટ ઉપરથી ખૂબજ મોટી સંખ્યામાં આવતાં, ભરડા વાવથી ભવનાથ વિસ્તારમાં પ્રવેશી રહ્યા હતા. તે દિવસે લગભગ સાંજે ૬-૦૦ કલાકની આસપાસ લોકોની અવર જવર બન્ને બાજુએથી બહોળા પ્રમાણમાં ચાલુ હતી. ત્યાં સ્થળ પર અશોક શિલાલેખની આગળ અને પાંજનાકાની વચ્ચેના સ્થળે એક એસ.ટી.બસ તથા પાંજનાકાથી પુલ પાસ કરતા વળાંકથી આગળ બીજી એક એસ.ટી. બસ યાંત્રિક ખામી સર્જાતાં બંધ થવા પામેલ હતી. પાજનાકાની નજીક એક સાંકડો પુલ આવેલ છે જેના પર આગળ પાછળ બન્ને તરફ એસ.ટી.બસો બંધ હાલતમાં પડેલ હોવાથી લોકોને અને વાહનોને અવરજવર માટે પ્રતિકૂળતા ઉભી થઇ હતી. જેથી સ્થળ ઉપર લોકોની ભારે ભીડને કારણે ગીચતા સર્જાયેલ અને ધક્કા મુક્કી થયેલ. આમ, અસામાન્ય સંજોગો સર્જાતા ધક્કા મુક્કીને કારણે કુલ ૭ વ્યકિતઓના મૃત્યુ થયા હતાં અને ૪૨ વ્યકિતઓને સામાન્ય પ્રકારની ઇજાઓ થયેલ.

આ બનાવમાં ઘવાયેલ અને ઈજા પામેલ વ્યકિતઓને સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવેલ હતા તથા ઘવાયેલ વ્યકિતઓની સારવાર માટે વધુ ડોકટરોની ટીમો અને રેસ્કયુ ટીમો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ સિવિલ હોસ્પિટલ અને આસપાસ આવેલ નગરપાલિકાઓ પાસેથી મેળવવામાં આવેલ હતી. ઈજાગ્રસ્ત વ્યકિતઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ત્રણ એમ્બ્યુલન્સ, એક રેસ્કયુ વાન, પાંચ મેડિકલ ટીમ તથા બે ફાયર / રેસ્કયુ ટીમનો પણ ઉપયોગ કરવામાં આવેલ હતો. આમ, વહીવટી તંત્રના પગલાંને કારણે ઘવાયેલ ૪૨ વ્યકિતઓને સારવાર ઉપલબ્ધ કરાયેલ હતી.

રાજય સરકાર દ્વારા ૭ મૃતકોના વારસદારોને માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી વ્યકિત દીઠ રૂપિયા ૧.૦૦ લાખની સહાય ચૂકવી આપવામાં આવેલ છે.

રાજય સરકારે પરિસ્થિતિની ગંભીરતા ધ્યાને લઇ, આ સમગ્ર બાબતે વિસ્તૃત તપાસ કરી, હકીકતલક્ષી અહેવાલ આપવા તથા સમગ્ર વહીવટી તંત્રમાં કોઇપણ કક્ષાએ ક્ષતિ કે બેદરકારી જણાય તો તે દર્શાવવા અને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને તે માટે રાખવાની થતી તકેદારી અને પગલાં સૂચવવા શ્રી વી.એન.માયરા, આઇ.એ.એસ., અધિક મુખ્ય સચિવશ્રી(આયોજન), સામાન્ય વહીવટ વિભાગને તુરતજ

તપાસ સોંપવામાં આવેલ છે. તેમનો તપાસ અહેવાલ મળ્યા બાદ અન્ય જરૂરી પગલાં લેવામાં આવશે. વધુમાં તેમના દ્વારા જે કોઇ સૂચનો/ભલામણો કરવામાં આવશે તે ધ્યાને લઇ આવી ઘટનાનું પુનરાવર્તન રોકવા ભાવી યોજના ઘડવા માટે વિચારણા કરવામાં આવશે.

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, વહીવટી તંત્ર દ્વારા મેળાના આયોજન બાબતે તથા મેળા દરમિયાન લોકોની સલામતી અને સુવિધા માટે પુરતાં પગલાં લેવામાં આવેલ હતાં. વહીવટી તંત્રે કરેલ વ્યવસ્થા અને લેવાયેલ પગલાંને કારણે વધુ જાનહાનિ નિવારી શકાયેલ છે. પ્રથમ દ્રષ્ટિએ કાબુ બહારના સંજોગોને લીધે આકસ્મિક રીતે ઉભી થયેલી પરિસ્થિતિને કારણે આ દુઃખદ ઘટના બનવા પામેલ છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ ખાતે ગિરનારની ગોદમાં, ભવનાથની તળેટીમાં દર વર્ષે મહાશિવરાત્રિના પર્વ નિમિત્તે આ ઐતિહાસિક મેળો યોજાય છે અને તેમાં સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી લાખો શિવભકતો હાજરી આપે છે. નવાઇની વાત તો એ છે કે, આ સરકાર મેળાના આયોજન અને ઉત્સવ માટે તો બહુ પ્રખ્યાત છે માનનીય મુખ્યમંત્રીશ્રીના સદભાવના ઉપવાસ હોય કે બીજા કોઇ ઉપવાસના કાર્યક્રમો હોય ભવ્ય મેળાવડાઓ કરે છે. ત્યારે જે ધર્મના નામે વારંવાર ચૂંટાઇને આવેલી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ જ ધર્મના ઐતિહાસિક, ભવ્ય અને પરંપરાગત મેળાના આયોજનમાં એવી કઇ કચાશ રહી ગઇ

અધ્યક્ષશ્રી : આપ બનાવ બન્યો છે તેની ઉપર જ આવી જાવ, પ્લીઝ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, .. અંતરાય... એવી કઇ કચાશના કારણે આ દુર્ઘટના થઇ ? મારો પ્રશ્ન એ છે કે, જે સાત લોકો ગુજરી ગયા તેમાં ચાર તો મારા જામનગર જિલ્લાના હતા. જૂનાગઢ કોર્પોરેશન જો એક લાખ રૂપિયા પ્રત્યેક મૃતકને આપી શકતી હોય તો રાજય સરકાર ફકત એક લાખ રૂપિયા પ્રત્યેક મૃતક દીઠ આપી અને સંતોષ માની લે તે બરાબર છે ? મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સરકાર આ સહાયની રકમમાં વધારો કરવા માગે છે કે કેમ ? અને આ દુર્ઘટના માટે, આની વ્યવસ્થામાં કચાશ રહી ગઇ તેના માટે જે કોઇ જવાબદાર અધિકારી હોય તેની સામે સખતમાં સખત પગલાં લેવા માગે છે કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક દુઃખદ આકસ્મિક બનાવ હતો એ હકીકત છે. લાખો લોકો શિવરાત્રિના મેળામાં આવ્યાં આ વખતે શિવરાત્રિ સોમવારે હતી અને રવિવારે જાહેર રજાનો દિવસ હતો એટલે આ બન્ને રજાના દિવસ હોવાથી અને સોમવારે શિવરાત્રિ હોય તો તેના કારણે શ્રધ્ધાળુઓમાં તે દિવસે આનંદ હોય અને દર્શન કરવા અને તેનો લાભ લેવાના હેતુથી દર વખત કરતાં ખૂબ મોટા પ્રમાણમાં આ મેળામાં યાત્રાળુઓ આવ્યા હતા. દર વખતની પ્રક્રિયા પ્રમાણે આ મેળો જયારથી ભરાય છે ત્યારથી પરંપરાગત રીતે કલેકટરના નેજા નીચે તેનું આયોજન થાય છે. કલેકટરશ્રી તેનું તમામ વિભાગોનું સંકલન કરે છે. ગૃહ વિભાગ દ્વારા બંદોબસ્તની વ્યવસ્થા નગરપાલિકા, મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અને અન્ય વ્યવસ્થા, એસ.ટી. દ્વારા યાત્રાળુઓને જે જુનાગઢ આવે છે તેને બસ સ્ટેન્ડથી સ્થળ ઉપર લઇ જવા માટે સેંકડો ટ્રીપોનું આયોજન કરવામાં આવે છે. આમ તમામ પ્રકારની વ્યવસ્થા પરંપરાગત રીતે દર વર્ષે કરવામાં આવે છે. પણ આ વખતે મેં કહ્યું તેમ રવિવાર અને સોમવારે શિવરાત્રિ હોવાના કારણે ખૂબ વધારે પ્રમાણમાં યાત્રાળુઓ આવ્યાં. માનનીય અધ્યક્ષશ્રી, નિવેદનમાં પણ મેં જે બતાવ્યું છે તે પ્રમાણે ભૂતકાળમાં ગયા વર્ષ સુધી એસ.ટી. ૪૩૧ બસની ટ્રીપની યાત્રાળુઓને લાવવા લઇ જવા માટે વ્યવસ્થા કરતી હતી. લોકોને જૂનાગઢ શહેરથી મેળાના સ્થળે લાવવા લઇ જવા માટે આ વખતે મોટા પ્રમાણમાં યાત્રાળુઓ હોવાના કારણે ૭૨૯ ટ્રીપો થયેલી. એટલે કે ગયા વર્ષ કરતા લગભગ ડબલ ટ્રીપો ફકત એસ.ટી.એ ચલાવેલી. જેમણે જેમણે જોયું છે એ બધાને ખબર છે કે સાંકડા વિસ્તારમાંથી, સાંકડા રસ્તામાંથી જ ભવનાથની તળેટી વગેરેમાં જવાની વ્યવસ્થા છે. ભૌગોલિક સ્થિતિ જે છે. બન્ને બાજુ યાત્રાળુઓ આવતા હોય અને જતા હોય, બધાનો ઘસારો ભેગો થયો અને કમનસીબે આ બનાવ બન્યો છે એ હકીકત સાચી છે. હું આનંદથી નથી કહેતો, પણ રાઘવજીભાઇએ આક્ષેપ કર્યો એટલે કહું છું કે આ જ મેળામાં ૩૫, ૩૬ વર્ષ પહેલા કોંગ્રેસની સરકાર હતી ત્યારે સીડી તૂટી ગયેલી અને ૩૬ જેટલા યાત્રાળુઓના અવસાન થયેલા. આ કોઇ એકબીજાની સાથે સરખામણી કરવાનો કિસ્સો નથી. આપણે તો ભગવાનને પ્રાર્થના કરીએ કે કદી કોઇ આવો બનાવ ના બને અને કોઇ

શ્રદ્ધાળુને નુકસાન ના થાય. પણ, લાખો લોકો ભેગા થવાને કારણે આ કમનસીબ બનાવ બન્યો છે એ હકીકત સાચી છે. એ જ દિવસે જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી દિલીપભાઇ સંઘાણી ત્યાં પહોંચી ગયા, બધા જ સિનિયર અધિકારીઓ પણ પહોંચી ગયા. સરકાર તરફથી બધી જ વ્યવસ્થા કરી. મૃત્યુ પામેલા લોકોને ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા અને ઘવાયેલાઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવાની વ્યવસ્થા અને બધું જ આયોજન સેવા કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રસ્થાપિત ધોરણો પ્રમાણે મૃત્યુ પામેલા લોકોને ૧, ૧ લાખ રૂપિયા મુખ્યમંત્રીશ્રીના ફંડમાંથી એ જ દિવસે અને ચૂકવણું પણ તમામ સાતેય મૃતકોને કરી દેવામાં આવેલ છે. આ બનાવ દુઃખદ છે અને ભવિષ્યમાં આવો બનાવ ન બને અને આ બનાવ કેમ બન્યો છે અને ભવિષ્ય માટે શું સુધારા વધારા કરવા જોઇએ એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ જ દિવસે અધિક મુખ્ય સચિવ શ્રી માયરાના અધ્યક્ષપદે એક ટીમ પણ બનાવી છે. આ ટીમને ઝડપથી અહેવાલ આપવા અને આ બનાવ કેમ બન્યો અને ભવિષ્યમાં આવા બનાવ ન બને તે માટે સરકાર, કોરપોરેશન અથવા સ્થાનિક સત્તામંડળે શું શું વ્યવસ્થા કરવી એ માટે આ કમિશન નીમાયું છે. શ્રી માયરાએ બીજા કે ત્રીજા જ દિવસે જૂનાગઢની અને બનાવના સ્થળની મુલાકાત લીધી, સંબંધિત અધિકારીઓ, અસરગ્રસ્તો અને જાહેર જીવનના હોદ્દેદારો સાથે ચર્ચા વિચારણા કરી છે. આપણે સરકાર તરફથી અને સંબંધિત વિભાગો તરફથી એવા પ્રયત્નો ચોકકસ કરીશું કે ભવિષ્યમાં આવા બનાવો ન બને.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મારા પ્રશ્નનો ઉત્તર બાકી છે. મેં સવાલ કર્યો હતો કે આ મૃતકોને રાજય સરકારે એક લાખ રૂપિયાની સહાય જાહેર કરી છે, એમાં કોઇ વધારો કરવા માગે છે કે કેમ? એનો જવાબ માનનીય મંત્રીશ્રીએ નથી આપ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જે પ્રસ્થાપિત પ્રણાલિકા છે કે આવો કોઇ દુઃખદ બનાવ બને ત્યારે મુખ્યમંત્રીશ્રી તરફથી આવી મદદ સહાનુભૂતિના ધોરણે અપાતી હોય છે અને એ પ્રમાણે મદદ આપવામાં આવી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : નાગપુરમાં ૧૦, ૧૦ લાખ રૂપિયા આપ આપો છો, તો અહીંયા શું વાંધો છે? જાહેરાત કરવામાં શું તકલીફ પડે છે?

શ્રી રાજસીભાઇ વિ. જોટવા : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે શિવરાત્રિના મેળામાં આ કરુણ અને દુઃખદ બનાવ તારીખ ૧૯-૨-૧૨ના દિવસે સાંજે ૬ વાગે ગિરનારની ગોદમાં બનેલો. આ દુઃખદ બનાવમાં આ સરકાર મદદરૂપ થાય તે માટે રાજય સરકાર દ્વારા જે સહાય જાહેર કરવામાં આવી છે તે સહાય ચૂકવી દેવામાં આવી છે. તે માનનીય મંત્રીશ્રી જાહેર કર્યુ છે અને બાકીના સવાલોના જવાબ પણ એમના વકતવ્યમાં મને મળી ગયા છે.

શ્રીમતી વંદનાબેન મ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા એટલું જાણવા માગું છું કે અહીં યાત્રાળુઓની મોટી અવરજવર છે અને મેળામાં જવાના જે રસ્તા છે તેના ઉપર પૂલ પહોળો કરવા માટે રાજય સરકારે કોઇ કાર્યવાહી કરેલ છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તાર જુનાગઢ મહાનગરપાલિકાના વિસ્તારમાં આવે છે. આ વિસ્તાર ઉપર પાઝ નાકા નામનો જૂનો પૂલ આવેલો છે. જે પ્રમાણમાં સાંકડો છે. રસ્તો પણ સાંકડો છે. પરંતુ આ પૂલ પહોળો કરવા માટે રાજય સરકાર તરફથી શહેરી વિકાસ વિભાગ તરફથી જુનાગઢ મહાનગરપાલિકાને પાંચ કરોડ રૂપિયા જેવી માતબર રકમ, એસ્ટિમેટ પ્રમાણે તમામ જરૂરી રકમ વર્ષ ૨૦૧૦ થી આપવામાં આવેલી છે. ગ્રાન્ટ કોરપોરેશનને હવાલે મૂકવામાં આવેલી છે. પણ જુદા જુદા કારણોસર હજુ મહાનગરપાલિકા દ્વારા પાઝનાકા પૂલ પહોળો કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું નથી. આ અકસ્માત પાઝનાકા પૂલની નજીક બન્યો છે, કદાચ બની શકે કે પૂલ પહોળો હોત તો આ બનાવ ન બન્યો હોત. આ સરકારે પાંચ કરોડની ગ્રાન્ટ આપી હોવા છતાં બે વર્ષ થયા છતાં આ પૂલ પહોળો કરવા માટેની કામગીરી કરવા માટેની કોઇ ઝડપી કાર્યવાહી કરી નથી.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જ વિધાનસભા દરમ્યાન અગાઉ પણ વાત થઇ છે કે જયારે બજેટ અને માગણીઓ પર ચર્ચા આવતી હોય ત્યારે માનનીય મંત્રીશ્રીને માગણી ઉપરની ચર્ચા દરમિયાન નિવેદન કરવાનો પૂરતો અવકાશ હોય છે. અને આપ પણ વિચારો કે એવી કઇ અગત્યતા છે કે જેનાથી આપ બે કે ચાર દિવસ વેઇટ ન થઇ શકો. આપે પરમિશન આપી છે એટલે એ બાબતમાં નથી કહેતો પણ આ ગૃહના સમયનો સવાલ છે. ગયા વખતે પણ આપે કહ્યું હતું કે આની કાળજી માનનીય મંત્રીશ્રીઓ લે અને મારી એટલી જ વિનંતી છે કે આવી ઉદારતા ન રહે.

# જળસંપત્તિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

### ભૂગર્ભ જળ દોહન અંગેના નિયંત્રણો બાબત

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (જળસંપત્તિ ):** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની વિકાસયાત્રા હરણફાળ ગતિથી આગળ વધી રહી છે. ઔદ્યોગિક વિકાસમાં સમગ્ર દેશમાં અગ્રીમ સ્થાનનું ગૌરવ તો ગુજરાતને મળ્યું છે. પરંતુ તેની સાથો સાથ ગુજરાતે છેલ્લા ૧૦ વર્ષમાં લગાતાર કૃષિ વિકાસની ક્રાંતિ કરવાનું શ્રેય પણ પ્રાપ્ત કર્યુ છે.

સમગ્ર દેશમાં કૃષિ વિકાસ દર સરેરાશ માત્ર ત્રણેક ટકાએ સ્થગિત થયેલો છે અને તેની તુલનામાં ગુજરાતનો કૃષિ વિકાસ લગભગ દર અગિયાર ટકાની વિક્રમ સપાટીએ રહ્યો છે.

ભૂતકાળમાં ગુજરાતે કૃષિ વિકાસને માત્ર અને માત્ર વીજળી સાથે જોડયો હતો. પરંતુ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં વર્તમાન સરકારે ખેતીને પાણી સાથે જોડવાનું પાયાનું પરિવર્તન કર્યુ હતું.

ગુજરાત વરસાદની અનિયમિતતા અને વિષમતાનો દાયકાઓથી ભોગ બનતું આવ્યું છે. ભૂતકાળમાં ભયંકર દુષ્કાળ અને પાણીની અછતની વિકટ સ્થિતિની દુર્દશા સૌએ અનુભવેલી છે. ૧૯૮૫–૮૭ના દુષ્કાળની વિષમ સ્થિતિમાં ખેતીના પાણીની જ નહિ, પીવાના પાણીની તરસ છીપાવવા માટે ટ્રેનો મારફતે પાણી પુરવઠો પહોંચાડવાના માઠા દિવસો સહન કરવા પડેલા.

કહેવાનું તાત્પર્ય એ છે કે, રાજયમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર–કચ્છ–પંચમહાલ જેવા અછતગ્રસ્ત પ્રદેશો માટે તો સિંચાઇ, પીવાનું પાણી કે અન્ય ઘરગથ્થું વપરાશ માટે ભૂગર્ભ જળ જ એકમાત્ર સ્ત્રોત બની ગયો હતો. એના પરિણામે ભૂગર્ભજળના અતિશય ખેંચાણના કારણે ધરતીના પેટાળથી પાણી ઓછું થતું ગયું અને નીચેને નીચે ઉતરતું ગયું.આવી વિષમ પરિસ્થિતિમાં સને ૧૯૬૭થી એટલે કે, આજથી ૪૪ વર્ષ પહેલાં તત્કાલિન રાજય સરકારે ભૂગર્ભ જળને વપરાશ નિયંત્રિત કરવા માટે અને ભૂગર્ભ જળનું ખેંચાણ અટકાવવા માટે પાતાળ કૂવાઓના સારકામ ઉપર વિવિધ પ્રતિબંધો મૂકયા હતાં. જે અનુસાર વરસ ૧૯૬૭માં સૌ પ્રથમ ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૧૯–૫–૬૭ના પત્રથી (અગાઉના જૂના ૯ જિલ્લા અને જિલ્લાની પુનરચના થયા પછી હાલના) ૧૪ જેટલા જિલ્લાઓમાં એક ટયુબવેલની નજીકમાં એક માઇલ સુધી બીજો ટયુબવેલ બનાવી શકાશે નહિ અને ૨૨.૫ ચોરસ માઇલ વિસ્તારમાં ફકત ૧૦ પાતાળ કૂવા જ બનાવી શકાશે તેવા પ્રકારના નિયંત્રણો મૂકવામાં આવ્યા હતાં અને જૂના મહેસાણા જિલ્લાના નિયત કરેલ ઝોન વિસ્તારમાં નવીન પાતાળ કૂવાની મંજૂરી ન આપવા ઠરાવેલ છે અને રાજયના ઉપરોકત જિલ્લાઓમાં પાતાળ કૂવા બનાવવા માટે કાર્યપાલક ઇજનેરની મંજૂરી મેળવવી પડતી હતી અને ત્યારપછી પરિસ્થિતિ કેવી રીતે ગંભીર રીતે વણસી ગઇ જેનો અંદાજ આપણે આજે પણ જાણીએ છીએ.

પ્રતિબંધ હોવા છતાં કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભ જળ અતિશય ખેંચાણને કારણે સતત ઉંડે જતાં તેના પર નિયંત્રણ માટે મુંબઇ સિંચાઇ અધિનિયમ,૧૮૭૯માં સુધારો કરતાં નવેસરથી વટહુકમ તા. ૨૩-૧૨-૧૯૭૬માં રાજય સરકારે બહાર પાડયો. જેમાં ઉપર જણાવેલ ૧૪ જિલ્લાઓમાં ૪૫ મીટરથી વધુ ઉંડાઇના નવા બોરવેલ મારફત ભૂગર્ભ જળ ખેંચાણ માટે રાજય સરકાર નક્કી કરે તે માટે રીજયોનલ કેનાલ ઓફિસર પાસેથી લાઇસન્સ મેળવવાનું રહેતું હતું. લાઇસન્સની શરત જાળવવામાં નિષ્ફળતા બદલ લાઇસન્સ રદ કરવાની અને ખેડૂતોને આકરી સજા કરવાની સત્તા આપવાની જોગવાઇ હતી.

નામદાર સર્વોચ્ચ અદાલતે તા. ૧૦-૧૨-૯૬ના રોજ આપેલ ચૂકાદા અન્વયે કેન્દ્ર સરકારે પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ ભૂગર્ભ જળના વિકાસ અને નિયમનના હેતુસર તા. ૧૪-૧-૯૭ના રોજ ભૂગર્ભ જળ સત્તા મંડળની રચના કરેલ હતી.

આમ, એક પછી એક બંધનો વધતા જ ગયા, ખેડૂતો પાણી ખેંચતા ગયા પરંતુ તત્કાલિન રાજય સરકારોએ ભૂગર્ભજળના અતિશય ખેંચાણની આ વિસંગત પરિસ્થિતિના ઉપાયની દિશામાં કોઇ નક્કર પ્રયાસો કર્યા નહિ. જેના પરિણામે ૫૭ તાલુકાઓમાં ભૂગર્ભ જળ ખેંચાણ પર નિયંત્રણ મૂકવામાં આવેલ છે. જેમાં ૪૦ ઓવર એક્ષપ્લોઇટેડ, ૧૦ ડાર્ક અને ૭ ખારાશવાળા તાલુકાઓનો સમાવેશ થાય છે અને ગુજરાત ભૂગર્ભ જળ સત્તામંડળની પૂર્વ મંજૂરી સિવાય સિંચાઇના હેતુસર વીજ કનેકશન નહિ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

જયારે ગયો આખો દશકો આ સમસ્યાના ઉપાયોની દિશાઓનો રહ્યો તેની સફળતા છેલ્લા એક દશકાથી જોવા મળે છે. ભૂગર્ભ જળનું સ્તર અત્યંત નીચે ઉતરવાના કારણે તેની ગુણવત્તામાં વિપરીત અસરો થતા અને ક્ષાર પ્રવેશ થતા, એ બાબતને રાજય સરકારે ઘણી ગંભીર સમસ્યા તરીકે લીધી છે અને એટલે જ પાછલા ૧૦ વરસ દરમિયાન આ સમસ્યાના નિર્મુલન માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પક્ષની સરકારે શ્રેણીબદ્ધ પગલા એક ઝૂંબેશ સ્વરૂપે લીધેલ છે. રાજયસરકાર દ્વારા સમગ્ર રાજયમાં ભૂગર્ભ જળ રીચાર્જ માટેના અનેકવિધ ઉપાયો કરવામાં આવેલ છે, જેમાં લાખો ચેકડેમો બનાવવા, હજારો તળાવ ઉંડા કરવા, મોટી નદીઓ ઉપર મોટા ચેકડેમ બનાવવા, દરિયામાં વહી જતુ મીઠું પાણી અટકાવવા બંધારા બનાવવા જેવા અનેકવિધ કામોની સાથોસાથ ખૂબ જ મોટી અને અંદાજે રૂપિયા ૬ હજાર કરોડના ખર્ચવાળી સુજલામ સુફલામ યોજનાની કામગીરી પણ હાથ પર લેવામાં આવી. સાથે સાથે નર્મદા બંધની ઉંચાઇ જે ૧૧૦ મીટરે વર્ષો સુધી અટકેલી હતી તેને માનનીય મુખ્યમંત્રીશ્રી એ કુનેહપૂર્વક અને રાજકીય નીડરતા બતાવીને રાજકીય ઇચ્છાશકિતથી ૧૨૧.૯૨ મીટર ઉંચાઇએ પહોંચાડી જેના કારણે બંધમાં પાણીનો જથ્થો વધારે સંગ્રહ થવા માંડયો અને આવી રીતે પ્રજાકીય ભાગીદારી અને રાજય સરકારના બજેટમાંથી અબજો રૂપિયાનો ખર્ચ કરીને છેલ્લા ૧૦ વર્ષમાં દેશના કોઇ રાજયે ન કર્યું હોય તેવું પાણી ભૂગર્ભમાં ઉતારવાનું મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું, જેના પરિણામે આ દાયકામાં ગુજરાતમાં ઉંડે જતા ભૂગર્ભજળની પ્રક્રિયાને આપણે નાથી શકયા છીએ. ઉંડે જતા ભૂગર્ભજળની પ્રક્રિયાને નિયંત્રણ હેઠળ લાવ્યા બાદ ૧૮૯ તાલુકાઓમાં ભૂગર્ભજળ ઉંચા આવવાની શરૂઆત થઇ છે. જેમાં મહત્તમ ૧૯.૫૭ મીટર સુધી ભૂગર્ભજળ ઉંચા આવ્યા છે. ભારત સરકારની સંસ્થા વાસ્મો દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૨માં તાજેતરના સમયમાં જ એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો અને અહેવાલમાં પણ પ્રસ્થાપિત થયું કે ગુજરાતમાં ભૂગર્ભજળના સ્તર ઉંચા આવ્યા છે અને તે માટે રાજય સરકારે જે સંન્નિષ્ઠ પ્રયત્નો કર્યા છે તેના કારણે રાજય સરકારે ખેડૂતો માટે એક અગત્યનો ખૂબ ઉપયોગી નિર્ણય કર્યો છે એ હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા તેના તારીખ ૧૬-૧૨-૨૦૦૩ના રોજ બહાર પાડેલ ઠરાવ દ્વારા રાજયના ૫૭ તાલુકાઓમાં ભૂગર્ભજળ ખેંચાણ માટે, સિંચાઇ માટે, કરવામાં આવતા ખાનગી પાતાળકૂવાઓમાં કોઇ પણ યોજના હેઠળ, ગુજરાત ભૂગર્ભજળ સત્તામંડળની પૂર્વ મંજૂરી સિવાય વીજજોડાણ નહિ આપવાનો રાજય સરકારે તા. ૧૬ ડીસેમ્બર- ૨૦૦૩નો જે ઠરાવ કર્યો હતો, તે ઠરાવ આ રાજય સરકાર

રદ કરે છે અને હવે ખેડૂતોને તેના વીજળી કનેકશન આપવામાં આવશે. ( આ તબકકે શાસકપક્ષના માનનીય સભ્યશ્રીઓ તરફથી જય જવાન જય કિસાનના નારા સાથે પાટલીઓ થપથપાવવામાં આવી.) માનનીય અધ્યક્ષશ્રી, બીજો અગત્યનો નિર્ણય રાજયની જમીન, જળ જેવા કુદરતી સંસાધનોની ગુણવત્તા જળવાઇ રહે અને ખેડૂત તથા ખેતી વધુ સમૃદ્ધ બને તેવા ઉમદા હેતુથી ભૂગર્ભજળનો સંચય જળવાઇ રહે તે માટે ભૂતકાળની પરિસ્થિતિ ફરીથી સર્જાય નહીં તેની કાળજી લેવી અનિવાર્ય છે. આથી આ ૫૭ તાલુકાઓમાં સુક્ષ્મ સિંચાઇ અપનાવનાર ખેડૂતોને, અત્યારે જે ૫૦ ટકા સબસિડી આપવામાં આવે છે તેનું ધોરણ વધારીને ૬૦ ટકાનું કરવાનો પણ રાજય સરકારે આ ૫૭ તાલુકાઓ માટે નકકી કર્યું છે. આવા કૃષિ વિષયક વીજ જોડાણો મેળવનાર ખેડૂતો કે જૂથોએ ફરજીયાતપણે સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિ એટલે કે ડ્રીપ/સ્પ્રીંકલરનો ઉપયોગ કરવાનો રહેશે. રાજય સરકારના આ વર્ષના બજેટમાં માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ દ્ધારા જે ૧ લાખ નવા ખેડૂતોને વીજ કનેકશનો આપવાની જાહેરાત કરવામાં આવી છે. તેમાં આ ૫૭ તાલુકાના ૧૯૯૦થી ૯૫ના સમયગાળાની અરજીઓ આવી ચૂકી છે. એ અરજીઓને અગ્રતાક્રમ આપવાનું પણ રાજય સરકારે નકકી કર્યું છે. રાજય સરકારે હજુ જયાં જયાં શકય છે ત્યાં અગ્રિમતાના ધોરણે કામગીરી હાથ ધરી ભૂગર્ભજળને વધુને વધુ રિચાર્જ થાય તેવા પ્રયત્નો ચાલુ રાખવાનો પણ નિર્ણય કર્યો છે. આ સન્માનનીય સભાગૃહને આ નિર્ણય જણાવતા મને ખૂબ આનંદ થાય છે. (આ તબકકે શાસકપક્ષના માનનીય સભ્યશ્રીઓ દ્ધારા જય જવાન જય કિસાનના નારા સાથે સતત પાટલીઓ થપથપાવવામાં આવી.)

અધ્યક્ષશ્રી : ઓર્ડર..ઓર્ડર.. શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ -૪૪ના નિવદેનમાં માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર કર્યો કે, શ્રી શંકરસિંહ વાઘેલાની સરકારે ડાર્ક ઝોનમાં વીજળી કનેક્શન આપવાનું શરૂ કરેલ હતું. (અંતરાય) મારો પ્રશ્ન પૂરો થવા દો. એમણે તદ્દન વાહીયાત.. હું અડધી લાઇન બોલ્યો નથી. રાઇટ ટુ ક્વેશ્ચન, ધીસ ઇઝ માય રાઇટ, એક કરતાં વધારે સભ્યો પૂછી શકે. અધ્યક્ષશ્રીની પરવાનગી લઇને જાહેર અગત્યની બાબતમાં નિવેદન કરે.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નિયમ - ૪૪માં એકાદ પ્રશ્ન પૂછવાની છૂટ આપીએ.. ઓર્ડર..ઓર્ડર..

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : એકાદ નહીં, એમાં સભ્યો લખ્યું છે. *(xxxx) બનાવટ કરે છે એટલે પૂછવા નથી દેતા. (xxxx)

અધ્યક્ષશ્રી : આપના લેવલથી આ બરાબર નથી, આ શબ્દો યોગ્ય નથી...

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : આપ સહેજ કડક થાવ તો જ આ બંધ થાય.. હાઉસ ઓર્ડરમાં આવે તો જ હું કંઇક કહી શકું. હાઉસ જયાં સુધી ઓર્ડરમાં નહીં આવે ત્યાં સુધી હું કશું કહી શકીશ નહીં.

અધ્યક્ષશ્રી : આપની વાત સાંભળું છું.. આ ગૃહને યોગ્ય નથી.. આપ શબ્દો પાછા ખેંચી લો..

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. અમારી સતત વાત એ હતી કે, જયારે એમ કહેવામાં આવતું હતું કે, કેન્દ્ર સરકારના કાયદાના કારણે કનેકશન આપી શકતા નથી. તા.૧૬-૨-૨૦૦૩ના પરિપત્રથી ડાર્ક ઝોનમાં કનેકશન આપવાનું બંધ કર્યું હતું એ હવે આપવા માગો છો કે કેમ? એમાં હવે આપના નિવેદન પ્રમાણે એક લાખ કનેકશન આપવાની જાહેરાત કરી છે એને નાણાંની ફાળવણી ૩૩ ટકા કરી છે એવો ઉલ્લેખ માનનીય નાણાં મંત્રીશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ થયેલ છે. લાખો અરજીઓનો આપણે સ્વીકાર કર્યો છે જે ડાર્ક ઝોનમાં પેન્ડીંગ છે. ડાર્ક ઝોનના કનેકશનમાં આપણે રાઇડર મૂકી છે, ડ્રીપ અને સ્પ્રીંકલર ફરજિયાત જોઇએ એ સંજોગોમાં આ હટાવવા માગો છો કે કેમ? ડાર્ક ઝોનના કનેકશન સમયબદ્ધ રીતે ચૂંટણી પહેલાં પૂરાં કરવા માગો છો કે કેમ? ડાર્ક ઝોનમાં ઉદ્યોગપતિઓને હમણાં પરવાના આપ્યા છે અને તેઓ ગમે તેટલું પાણી ખેંચે છે તો એના ઉપર પ્રતિબંધ મૂકવા માગો છો કે કેમ? અને જે આપે સબસિડીની વાત કરી છે, એ સબસીડી નહીવત થવાની છે. આ કનેકશનો આપ હોર્સ પાવર દીઠ આપશો કે કેમ?

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતા મને તો એમ હતું કે ગુજરાતના લાખો કરોડો ખેડૂતોના હિત માટેનો નિર્ણય છે એને આવકારશે પણ બહુ મોટું દુઃખ એમના બધાના મોં જોતા દેખાઇ આવે છે. જબરજસ્ત મોં પડી ગયા એ દેખાઇ આવે છે. હું માનનીય શકિતસિંહભાઇએ જે ડ્રીપ ઈરીગેશનનો પ્રશ્ન પૂછયો એનો જવાબ આપું , અમને આનંદ છે અને ગૌરવ છે કે આ રાજય સરકાર માનનીય નરેન્દ્રભાઇ મોદીની એવી છે કે ભારત સરકાર આખા દેશમાં ડ્રીપ ઈરીગેશન માટે જેટલી સબસીડી નથી આપતી આખા દેશના રાજયો માટે એટલી સબસીડી આ ગુજરાતની માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર આપે છે. બીજું મેં આ નિવેદનમાં વિસ્તૃત માહિતી માનનીય સભાગૃહને એટલા માટે આપી કે અમૂક હિત ધરાવતા લોકોએ એક એવો માહોલ ઉભો કરેલો કે જાણે ડાર્ક ઝોનનો પ્રશ્ન એ પાછલા દસ વર્ષનો જ છે. ૧૯૬૭થી શરુ કરી ૧૯૯૦-૦૫ સુધી કોંગ્રેસની સરકારો હતી. કૂવાના પાણી ૫૦૦-૬૦૦ ફૂટ થઇ ગયા. ખારાશવાળું પાણી થયું. કૂવા ઉંડા થયા, તમે કશું ના કર્યુ એના કારણે ગુજરાતની પ્રજાને આ દંડ ભોગવવો પડે છે. તમે સમયસર પગલા લીધા હોત અમારી જેમ ચેકડેમ બનાવ્યા હોત, અમારી જેમ તળાવો ઉંડા કર્યા હોત, અમારી જેમ તમે ડ્રીપ ઈરીગેશન કર્યુ હોત તો આ પરિસ્થિતિ ગુજરાતના ખેડૂતોએ જોવાનો વારોના આવેત. તમારી સતત નિષ્ફળતાના કારણે ૧૯૬૭થી શરુ કરીને ૧૯૯૫ સુધી, જયાં સુધી ભાજપની સરકાર ના આવે, જયાં સુધી માનનીય નરેન્દ્રભાઇની સરકાર ના આવી ત્યાં સુધી પાણીના તળ નીચા ગયા, તમે નિષ્ફળ ગયેલા છો. માટે અમારે આ કરવુ પડયું છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનીનચ અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે ફરી પાછા બે પ્રશ્ન પૂછવા માગુ છું. એક તો ડાર્ક ઝોન તાલુકાની અંદર ખેડૂતો ઉપર પ્રતિબંધ હતો પણ ઉદ્યોગપતિઓ પર છૂટ હતી એ ઉદ્યોગપતિ પર પ્રતિબંધ મૂકવા માગો છો કે કેમ નંબર વન, નંબર ટુ, આ જે પ્રતિબંધ છે ૧૬-૧૨-૨૦૦૩ના રોજ પ્રતિબંધ ડાર્ક ઝોનમાં કનેકશન આપવા ઉપર મૂકેલો આપે જ કહયું છે તો આપ .. અંતરાય .. ૬૭ના નહીં ૧૬-૧૨-૨૦૦૩ના રોજ નરેન્દ્રભાઇની સરકાર આવ્યા પછી આ કનેકશનો ઉપર પ્રતિબંધ મૂકેલો, એ હજી આપે એ ઉઠાવ્યો નથી. સ્પ્રીંકલરની શરત મૂકી છે કે સ્પ્રીંકલર હશે એને જ આપીશું. સ્પ્રીંકલર કોઇ નાના ખેડૂતો વસાવી શકે નહીં. અને આ પ્રતિબંધ રાજય સરકાર જે રીતે ઉદ્યોગપતિઓને આપે છે એ રીતે કરવા માગે છે કે કેમ? અને આની અંદર મીટરપ્રથા સરકારે, કોંગ્રેસની સરકારે દૂર કરેલી એ આ સરકારે ચાલુ કરી છે આમાં મીટરપ્રથા દૂર કરવા માગે છે કે કેમ? આ ગુજરાતની પ્રજાની સાથેની સૌથી મોટામાં મોટી* (xxxx) (xxxx)જાહેરાત છે અને એને અમે વખોડી કાઢીએ છીએ.

અધ્યક્ષશ્રી : છેતરપીંડી શબ્દ યોગ્ય નથી આ ગૃહમાં અર્જુનભાઇ, આ શબ્દ આપ પાછા ખેંચી લો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાની માગણી સ્વીકારાઇ નથી. કિસાન સંઘની માગણી સ્વીકારાઇ નથી. કોંગ્રેસની માગણી સ્વીકારાઇ નથી. છેતરપીંડી શબ્દ હું પાછો ખેંચુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ એ ભારત સરકારનો છે. અમે તો આનંદ વ્યકત કરવાને બદલે તમે આ .. અંતરાય .. માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઇ આ નિવેદન તમારા હાથમાં જ છે. ૧૯૬૭નો સીલસીલો વાંચી લો. એ વખતે પણ ટયુબવેલો નહોં બનાવવા દેવાનો તમારી કોંગ્રેસની સરકારનો પ્રતિબંધ હતો.તમારી કોંગ્રેસની સરકારોએ ખેડૂતો સામે પગલાં લેવાનો વટહૂકમ બહાર પાડેલો. એ વાત કરવાનો તમને અત્યારે કોઇ અધિકાર નથી. (અંતરાય)

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### શ્રદ્ધાંજલિ કાર્યક્રમના સમયમાં ફેરફાર બાબત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. સ્વર્ગસ્થ મોરારજીભાઇ દેસાઇની ૧૧૭મી જન્મજયંતી નિમિત્તે આવતીકાલે તારીખ ર૯મી ના રોજ પોડિયમમાં આવેલ તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ સવારે ૧૧-૦૦ કલાકે રાખવામાં આવ્યો હતો પરંતુ આ કાર્યક્રમમાં ગૃહના બધા સભ્યશ્રીઓ ભાગ લઇ શકે તે માટે તેનો સમય હવે સવારે ૧૧-૩૦ કલાકનો રાખવામાં આવ્યો છે તો કાર્યક્રમમાં આ થયેલા ફેરફારની નોંધ લઇને સર્વે સભ્યશ્રીઓને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

# રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ માનનીય સભ્ય,શ્રી દેવુસિંહ ચૌહાણ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય, શ્રી વિજયભાઇ પટેલે અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે-

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

**''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. ''**

### રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપરના સુધારા

**શ્રી ઇકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૧ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે,

રાજ્ય સરકારના તમામ વિભાગોમાં લાંબા સમયથી ખાલી પડેલ ૬૨,૫૧૫ જગ્યાઓ પૂર્ણ રીતે ભરવા માટેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક - ૧ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૨ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે,

સદભાવના મિશન અન્વયે સમગ્ર રાજ્યમાં જિલ્લા કક્ષાએ યોજવામાં આવેલ ૩૬ જેટલા સદભાવના ઉપવાસના કાર્યક્રમમાં થયેલ ખર્ચ અંગેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક - ૨ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૩ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે,

રાજ્યમાં ચોરી-લૂંટ, ધાડ, ખૂન, અપહરણ અને બળાત્કાર જેવી ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. આવી ઘટનાઓ ન બને તે માટે કરેલ પ્રયાસોનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક - ૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી છનાભાઇ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૪ રજૂ કરું છું.

પરંતુ દિલગીર છીએ કે,

રાજ્યમાં ૬૪૨ ગરીબ કલ્યાણ મેળાઓમાં ચૂંટાયેલા તમામ ધારાસભ્યશ્રીઓને આમંત્રણ ન આપી, પ્રજાના પ્રતિનિધિઓની ગરીમા જાળવી નથી. તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક - ૪ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૫ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

અનુસૂચિત જનજાતિ–અનુ.જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો–વિકલાંગો–વૃદ્ધો–અનાથ બાળકો તેમજ ત્યજેલા બાળકો માટે તૈયાર કરવામાં આવતી સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ સહાય કે પેન્શન સમયસર ચુકવવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૫ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૬ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વય વંદના) યોજના હેઠળ ૩ લાખ વૃદ્ધોને ચૂકવાયેલ સહાયમાં કેન્દ્ર સરકાર તરફથી મળેલ સહાયનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૬ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૭ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

પ્રિ–મેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના અંતર્ગત ચૂકવાયેલ શિષ્યવૃત્તિની રકમમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના હિસ્સાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૭ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૯ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત વિવિધ યોજનામાં મળતી કેન્દ્રીય સહાયનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૯ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અશ્વિન કોટવાલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૧૦ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શૈક્ષણિક યોજનાઓ હેઠળ મળતી શિષ્યવૃત્તિ, વિદ્યાર્થીઓના ગણવેશ તથા પાટી પેન તેમજ સાયકલ આપવાની યોજનાઓમાં મળેલ કેન્દ્રીય સહાયનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૧૦ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૧૩ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

૫૦ હજાર આંગણવાડીઓ મારફત ૪૪.૬૧ લાખ લાભાર્થીઓને આપવામાં આવેલ લાભ તેમજ ૬ વર્ષ સુધીના બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓના પોષણ સ્તર સુધારવા અને આરોગ્ય જળવાય તે હેતુ માટે આપવામાં આવતા પૂરક પોષણ આહાર યોજનામાં કેન્દ્રીય સહાયનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક –૧૩ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૧૪ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

રાજ્યના ૫૭ તાલુકાઓ ડાર્કઝોનમાં હોવા છતાં બોરીબંધ ચેકડેમો કે તળાવો ઉંડા કરવાની કામગીરી કરવા છતાં આ ડાર્કઝોન વિસ્તારોમાં પાણીના સ્તર ઉંચા લાવવા કરેલ કામગીરીનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૧૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મોહંમદફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૧૫ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

મુસ્લિમ સમુદાયની લઘુમતી દરજ્જો ધરાવતી શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ટેકનીકલ અને વ્યાવસાયિક શાળાઓને મંજૂરી આપવામાં અને ગ્રાન્ટ મંજૂર કરવામાં થતો વિલંબનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૧૫ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બચુભાઇ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૧૬ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

સરદાર સરોવર પરિયોજનાના કેનાલોના બાકી કામો પૂરા કરી ખેડૂતોના ખેતરોમાં પાણી પહોંચતા કરવા બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૧૬ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ધીરસિંહ ક. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૧૭ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

કલ્પસર યોજના માટે ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરવા પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૧૭ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૧૮ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

કૃષિ ક્ષેત્રે કપાસ, મગફળી અને બટાકાના મબલખ ઉત્પાદન સામે ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે કરેલ પ્રયાસોનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૧૮ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૧૯ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

ગાયોની કતલ થતી રોકવા અને દરરોજ મોટી સંખ્યામાં ગૌમાંસ પકડાય છે તે અટકાવવા માટે તંત્ર દ્વારા અસરકારક પગલાં લેવાનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૧૯ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નટવરસિંહ કુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૨૦ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

પંચાયતી રાજ્ય વ્યવસ્થામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અમલદારો વચ્ચે સંવાદિતા જાળવવા માટે કરેલા પ્રયાસોનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૨૦ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પરેશભાઇ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૨૧ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

ટેકનિકલ સ્ટાફની અછતને કારણે માર્ગ મકાન વિભાગની વિવિધ યોજનાઓ માટે ફાળવાયેલ ગ્રાન્ટ સમયસર વપરાતી નથી. આવા સ્ટાફની અછત દૂર કરવા કરેલા પ્રયાસોનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૨૧ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૨૨ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

રાજ્યમાં તમામ એસ.ટી. ડેપોમાં પૂરતી બસો ન હોવાના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર અને પ્રજાજનોને પડતી હાલાકી દૂર કરવાનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૨૨ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૨૩ રજૂ કરું છું. પરંતુ દિલગીર છીએ કે,

રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતામાં વધારો થયો છે તેમ છતાં ખેડૂતોને આઠ કલાકથી વધુ વીજળી આપવા તથા પ્રતિક્ષાયાદીમાંના પાંચ લાખ જેટલા ગ્રાહકોને વીજ જોડાણો પુરા પાડવા માટેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૨૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જીતુભાઇ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૨૪ રજૂ કરું છું.
પરંતુ દિલગીર છીએ કે,

વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં થયેલ એમ.ઓ.યુ. પૈકી વાસ્તવિક મૂડી રોકાણ ખૂબ ઓછા પ્રમાણમાં થવાના કારણોનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૨૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંકઃ૨૭ રજૂ કરું છું પરંતુ દિલગીર છીએ કે,

ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત ફાળવવામાં આવતા બજેટની રકમ પૂરેપૂરી ખર્ચાતી નથી. જે પૂરેપૂરી ખર્ચાય તે માટેના અસરકારક ઉપાયોનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૨૭ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંકઃ૨૮ રજૂ કરું છું પરંતુ દિલગીર છીએ કે,

વન વિભાગમાં વન અધિકાર એકટ હેઠળના લાભાર્થીઓને સનદો આપવામાં આવેલ નથી તે બાબતોનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૨૮ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંકઃ૨૯ રજૂ કરું છું પરંતુ દિલગીર છીએ કે,

ગ્રામ્ય વિસ્તારોમાં શાળાઓમાં કોમ્પ્યુટરો ફાળવાયા છે પરંતુ અનુભવી નિષ્ણાત શિક્ષકો ન હોવાથી તેનો લાભ વિદ્યાર્થીઓને મળતો નથી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૨૯ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શંકરભાઇ દે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંકઃ૩૦ રજૂ કરું છું પરંતુ દિલગીર છીએ કે,

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ૧.૩૦ લાખ યુવાનોને તાલીમ આપી, પરંતુ તે પૈકી કેટલાને રોજગારી મળી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૩૦ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંકઃ૩૧ રજૂ કરું છું પરંતુ દિલગીર છીએ કે,

સૌરાષ્ટ્રના ડેમોનું પાણી વહી જતું અટકાવવા સરકારે કરેલ કામગીરીનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૩૧ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જવાહરભાઇ પે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંકઃ૩૨ રજૂ કરું છું પરંતુ દિલગીર છીએ કે,

રાજ્યમાં બંધાયેલ બોરીબંધોમાં પાણીના કેટલા જથ્થાનો સંગ્રહ થાય છે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૩૨ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દીતાભાઇ ભી. મછાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંકઃ૩૩ રજૂ કરું છું પરંતુ દિલગીર છીએ કે,

મગફળીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં રાજ્ય પ્રથમ સ્થાને છે પરંતુ રાજ્યની આમજનતાને દેશના તમામ રાજ્યો કરતા વધારે ભાવ આપી સીંગતેલ ખરીદવું પડે છે. તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૩૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મણીભાઇ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંકઃ૩૪ રજૂ કરું છું પરંતુ દિલગીર છીએ કે,

બાયોમેટ્રીક રેશનકાર્ડ આપવામાં વ્યાપક વિલંબ અને ગેરરીતિઓ અંગેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક – ૩૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની ઘડી ધન્ય છે. નામદાર રાજ્યપાલશ્રીએ આ ગૃહને સંબોધન કર્યુ તે બદલ આભાર પ્રસ્તાવની તક ગુજરાતમાં અને આ રાષ્ટ્રના યુવા પેઢીના આદર્શ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મારા જેવા નવા યુવાનને આપી છે ત્યારે તેમનો હાર્દિક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે રાજ્યપાલશ્રીનું પ્રવચન એ સરકારની નીતિનો પ્રતિઘોષ હોય છે ત્યારે આજે મને પૂજ્ય રવિશંકર મહારાજની યાદ આવે છે. પહેલી મે, ૧૯૬૦ માં વંદનીય મહાપુરુષના શુભહસ્તે ગુજરાત રાજ્યની સ્થાપના થઇ હતી. પૂજ્ય દાદાએ તત્કાલિન સરકારને સંકલ્પ લેવડવ્યા હતા કે મારી સરકાર પોષણની બનશે શોષણની નહિ. પરંતુ ભૂતકાળના શાસકો સંકલ્પને પૂરો કરી શક્યા નહિ, સંકલ્પને સમજી શક્યા નહિ અને ૪૦-૪૦ વર્ષ સુધી ગુજરાતની પ્રજાનું શોષણ કરતા રહ્યાં. આજે પૂજ્ય દાદાનો અંતરાત્મા ગુજરાતના દીર્ઘદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રીના આ છેલ્લા દસકાનું શાસન આ ૨૧મી સદીના પ્રથમ દસકાનું શાસન જોઇને એમનો અંતરાત્મા આજે જરૂર આનંદ અને સંતોષ અનુભવતો હશે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ભારતની ભૂમિનું ચિંતન સૌને સાથે રાખીને ચાલવાનું રહ્યું છે. વસુદેવ કુટુંબ-કમની ભાવનાનું રહ્યું છે. આજ ભૂમિનું ચિંતન –

**સર્વેત્ર સુખીના સંતુ, સર્વે સંતુ નિરામયા, સર્વે ભદ્રાણી પશ્યંતુ , માકશ્ચિત દુ:ખ ભવામ્યહ:**

માનનીય અધ્યક્ષશ્રી, ઉપનિષદમાં આ કહ્યું છે. સમગ્ર માનવજાત સુખી રહે, સમગ્ર માનવજાત નિરોગી રહે, સમગ્ર માનવજાતનું કલ્યાણ થાય. આવી ઉચ્ચ પરંપરાની ભાવનાથી સૌને સાથે રાખીને ગુજરાતના વિકાસ પુરુષ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૦ વર્ષ સુધી ગુજરાતની પ્રજાની સેવા કરી છે ત્યારે મતની લાલચમાં, સત્તાભૂખમાં તાજેતરની રાષ્ટ્રીય નેતાની વાત મને યાદ આવે છે. તાજેતરમાં આપણા બંધારણના ઘડવૈયાઓની વાતને ઠુકરાવીને માત્ર મતની લાલચમાં આ દેશમાં અધર બેકવર્ડ ક્લાસ ઓ.બી.સી. વર્ગને જે ૨૭ ટકા અનામતનો લાભ મળતો હતો...

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દેવુસિંહભાઇ મારા પક્ષે પણ રહ્યા છે, સજ્જન વ્યક્તિ છે, સારું બોલે છે. હું એને આવકારું પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, એમને બ્રિફ અપાય હોય એમાં.. કેન્દ્ર સરકારે કોઇ નિર્ણય કર્યો હોય એની ટીકા આપણે આ ગૃહમાં નથી કરી શકતા. આપે બરાબર રીતે ધ્યાન દોર્યું છે. ઓ.બી.સી.માં ટકાવારીનો નિર્ણય એ કેન્દ્ર સરકારનો નિર્ણય છે એની ટીકા-ટિપ્પણીમાં નહીં પડીને રાજયપલશ્રીના આભાર પ્રસ્તાવ પર, રાજય સરકારની જે નીતિ છે, રાજયપાલશ્રી જે બોલ્યા છે એમાં જ આગળ વધે.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પાર્ટીની નીતિ વિષયક, વ્યકિતગત ટીકા ન થાય, નિતી વિષયક નિર્ણયોનો ઉલ્લેખ થાય. વ્યકિતની ટીકા ન થાય.

અધ્યક્ષશ્રી : માનનીય દેવુસિંહ આપ આભાર પ્રસ્તાવ ઉપર જ વાત કરો.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ હતી કે, કોઇ અનામતનો લાભ લઘુમતિને મળે કે બહુમતિને મળે એ વાત ગૌણ છે. પણ કેવી માનસિકતાથી આ દેશનું શાસન થઇ રહ્યું છે. કેવી માનસીકતા, કેવા વિચારોથી ? સમાજના ભાગલા પડાવીને સત્તા ભોગવી લેવાના નિર્ણયો થયા છે.

(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એવું કહે છે કે, માણસ પોતાના દિકરા દિકરીના લગ્ન કરવા હોય ત્યારે પરિવારને જુએ છે, તેના ગોત્રને જુએ છે. કારણ કે, વ્યકિતના સંસ્કારના મૂળમાં પરિવાર હોય છે. ત્યારે અંગ્રેજોની નીતિ ભાગલા પાડો અને રાજ કરોની નીતિ, જેના પરિવારના આ દેશના છેલ્લા અંગ્રેજ વાઇસરોયના પરિવાર સાથે ઘનિષ્ઠ સંબંધો હતા એની નીતિ દેખાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે ગુજરાતમાં સૌને ન્યાય, કોઇનું તૃષ્ટિકરણ નહીં, સૌને સમાનભાવથી, સમરસતાથી આજે ગુજરાતમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ દસ વર્ષ સુધી શાસન આપ્યું છે અને એનો સદભાવનાનો સંદેશ, એનો એકતાનો સંદેશ આ ગુજરાતમાં ૩૬-૩૬ દિવસો સુધીના ઉપવાસ કરીને આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગણરાજયોના સમયમાં પણ એવા નિયમો હતા કે, નેતા હોય એણે પ્રજા હિતને ઇશ્વર સમજીને પૂજા કરવી જોઇએ. અને માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાહિતને ઇશ્વર સમજીને જેમ સ્વામિ વિવેકાનદજીએ કહ્યું છે કે, દરિદ્રનારાયણની સેવા એજ રાષ્ટ્રની સેવા છે એમ કરીને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ જે ગુજરાતને સૌ નો સાથ, સૌ નો વિકાસની રાજનીતિ આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉપવાસ તો હું પણ કરું છું, ઉપવાસ તો માનનીય અર્જુનભાઇ પણ કરતા હશે. ઉપવાસ આપણે સૌ વિવિધ કારણોસર કરીએ છીએ ? કોઇ સામાજીક કારણોસર કરે છે, કોઇ ધાર્મિક કારણોસર કરે છે, કોઇ ચીજ વસ્તુઓની પ્રાપ્તિ માટે કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, પણ ઉપવાસ પરહિત માટે, જનહિત માટે, બીજાના કલ્યાણ માટે કરતા હોય એવા ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યા છે. ૩૬-૩૬ દિવસના ઉપવાસ કર્યા છે. ૩૬-૩૬ દિવસના ઉપવાસ કરી અને લાખો લોકોને મળ્યા છે. તમામ વર્ગના લોકોને મળ્યા છે. નાના બાળકોથી માંડી અબાલ-વૃદ્ધ સૌને મળ્યા છે. સૌ ધર્મોના વડા આવ્યા છે, સૌ સમાજના વડા આવ્યા છે. ડોકટરો આવ્યા, એન્જિનીયરો આવ્યા, અપંગો આવ્યા, અશક્તો આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, એ દ્દશ્યનો હું સાક્ષી છું. એ દ્દશ્યનો સાક્ષી હોવાને હું મારું સદભાગ્ય ગણું છું. ભૂતકાળમાં આ સમાજ એક રહે, સમાજમાં એકતા રહે એ માટેના આટલા ઉમદા પ્રયત્નો કોઇના દ્રારા કરવામાં આવ્યા નથી.

**સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ, અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સરકાર હોય, સમાજમાં એકતા વધે, સમાજમાં સંપ વધે એ સરકારની જવાબદારીનો એક ભાગ છે ત્યારે કોમી એકતાના નામે પોતાના નેતાના મૃત્યુદિને માત્ર છાપાઓમાં કે ટી.વી.માં જાહેરખબરો આપાવી અને આ પ્રજાના કરોડો રૂપિયા વેડફી માર્યા છે ત્યારે સાચા અર્થમાં સમાજમાં સદભાવ વધે, સાચા અર્થમાં સમાજ એક થાય, સૌ સાથે મળે એ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સદભાવના મીશન ચલાવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સૌ સારું હોય, બહુ સરસ હોય, આપણા ઘરમાં પ્રસંગ લીધો હોય.વર કન્યાનો પ્રસંગ લીધો હોય, માંગલિક પ્રસંગ હોય. વર રાજી હોય, કન્યા રાજી હોય, વરના માબાપ રાજી હોય, કન્યાના મા બાપ રાજી હોય સૌ સરસ હોય તો પણ કયાંક કોઇ નાનો અમથો વાંક કાઢીને રીસાય જ. એમ કેટલાક લોકો આ ઉમદા પર્વની ગરિમા જાળવી શકયા નહીં અને સત્કર્મના બહાને એક સજજનને ન શોભે તેવી હીન ભાષામાં આ પ્રસંગને બદનામ કરવા નીકળી પડયા હતા. ત્યારે આ ગુજરાતમાં આમ તો બારમી જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ હતી અને એ પ્રસંગ મને યાદ આવે છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની નવયુવાન પેઢી સ્વામી વિવેકાનંદજીના આદર્શમાંથી પ્રેરણા મેળવે, એમના જીવનમાંથી માર્ગદર્શન મેળવે અને આ યુવા પેઢી ગુજરાતના હિત માટે કામે લાગે માટે આ ગાંધીનગરની ધરતી ઉપર ગુજરાતમાંથી હજારો યુવાનોને બોલાવ્યા અને યુવા પરિષદનું આયોજન કર્યુ અને એ પ્રસંગમાં દેશના સૌ યુવાનોને પ્રિય એવા આપણા દેશના ભૂતપુર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામે હાજરી આપી હતી ત્યારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યુવાનોને આ યુવાનોની શકિત રાજયના હિત માટે કામ લાગે તે માટે સમગ્ર આવનારું વર્ષ ૨૦૧૨ને યુવા વર્ષ તરીકે જાહેર કર્યુ. ગુજરાતના જેવો વિકાસ આજે દેખાય છે અને ભૂતકાળમાં ગુજરાત કેવું હતું તો એની વાત કરું તો ભૂતકાળમાં ગુજરાતના રોડ, રસ્તાઓનું ઠેકાણું નહોતું, ગામડાંઓમાં જવાતું નહોતું, પેટા પરા કે પરાના રસ્તાઓનું કોઇ ઠેકાણું નહીં. પીફવાનું પાણી નહીં, સિંચાઇનું પાણી નહીં. આરોગ્યની અને શિક્ષણની સેવાઓ નહીંવત હતી. ત્યારે છેલ્લા દસ વર્ષમાં ગુજરાતે જે પ્રગતિ કરી છે ત્યારે આજે સમગ્ર દેશનો દરેક રાજકર્તા પોતે જયારે મત માગવા નીકળે ત્યારે એમ કહે છે કે તમે

અમને મત આપો અમે ગુજરાત જેવો વિકાસ કરી આપીશું. આવડી મોટી તાકાત. નામદાર રાજયપાલશ્રી પ્રવચન કરતા હતા ત્યારે હિસાબ દો, જવાબ દો ના નારા સાથે નકારાત્મક માનસિકતાવાળા લોકોએ સંબોધનની ગરિમા જાળવ્યા સિવાય માત્ર ને માત્ર સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો. ત્યારે મારે એમને કહેવું છે કે હિસાબ તો હોવો જોઇએ. હિસાબ આપવો જોઇએ કારણકે હિસાબ અમે અમારા દસ વર્ષનો આપીશું. તમે તમારા ચાલીસ વર્ષનો આપો. ચાલીસ. વર્ષનો હિસાબ આપો તમે. અમે અમારા દસ વર્ષનો હિસાબ આપીશું. અર્જુનભાઇ તો જાણે જ છે.* (xxxx) (xxxx) એમને પણ ખબર છે. (અંતરાય) હજુ વાત તો પુરી કરું પણ.

સભાપતિશ્રી ઃ પ્લીઝ દેવુસિંહભાઇ,

શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા ઃ માનનીય અધ્યક્ષશ્રી, (xxxx) (xxxx) એમને કહો એ પાછું ખેંચી લે નહીંતર હું પ્રિવિલેજ આપીશ.

(અંતરાય)

શ્રી દેવુસિંહભાઇ ચૌહાણઃ એ જે પણ ધંધો કરતા હશે.

સભાપતિશ્રી ઃ આપના શબ્દો પાછા ખેંચી લો.

શ્રી દેવુસિંહ ચૌહાણ ઃ હું મારા શબદો પાછા ખેંચુ છું મારા કહેવાનો અર્થ એ હતો કે હિસાબ માંગવાનો અધિકાર છે. છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતમાં બંધ થઇ ગયું છે. ભૂતકાળમાં ખોટા વચનો આપીને મત લેનારા લોકો પણ આ રાજયમાં આવેલા, હિસાબ ત્યારે પણ માગી શકતા હતા. એવું વચન આપનારા લોકો હમણા આવીને હિસાબ આપે છે. ગુજરાતની પ્રજાએ તેમને હિસાબ આપી દીધો છે. ગુજરાતની પ્રજાએ ૨૦૦૨ માં તમને હિસાબ આપ્યો છે. ગુજરાતની પ્રજાએ ૨૦૦૪ ની લોકસભામાં હિસાબ આપ્યો છે. ગુજરાતની પ્રજાએ ૨૦૦૫ ની તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં તેમને હિસાબ આપ્યો છે. ગુજરાતની પ્રજાએ ૨૦૦૭ ની વિધાનસભામાં તમને હિસાબ આપ્યો છે. ૨૦૦૯ ની લોકસભાની ચૂંટણીમાં તેમને હિસાબ આપ્યો છે. અને હવે ૨૦૧૨ ની વિધાસનભાની ચૂંટણીમાં ગુજરાતની પ્રજા તમને જવાબ આપશે. હું ૪૦ વર્ષ પહેલાના ગુજરાતની વાત કરું. હું ડિપ્લોમાં એડમીશન માટે સમગ્ર ગુજરાતમાં અહીં – તહીં ભટકતો હતો. ત્યારે મેં જોયું કે હરિયાળી તો માત્ર મારા ખેડા જિલ્લામાં જ હતી. હું એડમિશન માટે દાહોદ ગયો, હું એડમિશન માટે ભાવનગર ગયો, હું એડમિશન માટે પોરબંદર ગયો, હું એડમિશન માટે વલસાડ ગયો ત્યાં થોડી હરિયાળી હતી. બાકી તો ગુજરાતમાં સુક્કા ભઠ્ઠ ખેતરો અને માત્રને માત્ર મૃગજળ દેખાતા હતા. આજે ગુજરાતમાં જે પ્રગતિ છે એ પ્રગતિ માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વના કારણે દેખાય છે. પીવાના પાણીના ઠેકાણા નહોતા. ટેન્કર રાજ્ય હતું. ટેન્કર માત્ર કાગળ ઉપર બતાવવામાં આવતા. મુલચંદ મુન્શીની વાર્તા કદાચ મિત્રોને ખબર ન હોય તો કહું ૧૯૪૦ ના દાયકામાં વાર્તા લખાયેલી. મારા ખેતરમાં કોઇ વાવ, કૂવો ચોરી જાય એ વખતના શાસકોને ઘ્યાનમાં રાખીને બનાવવામાં આવેલી. કાગળ ઉપર કૂવાની લોન થઇ જાય. કાગળ ઉપર કૂવા માટે નાણા ધીરવામાં આવે. કાગળ ઉપર બનેલી લોનના નાણાં લેવા નીકળે ત્યારે પેલો માણસ કહે કે મારા ખેતરમાં તો કૂવો નથી. એમ હજારો કરોડો રૂપિયા ટેન્કરના બહાને ચઢાવી જતા રહે, એવું આ ભૂતકાળની સરકારે શાસન કર્યુ હતું. આજે ગુજરાતમાં જે સિંચાઇની વ્યવસ્થા છે. ગુજરાતમાં જે કેનાલનું નેટવર્ક છે. ગુજરાતમાં ખેડૂતો માટે હજાર કિ.મી.ની કેનાલ બનાવવામાં આવી છે. એના કારણે હમણા જે જાણ્યું એમ ગુજરાતનો કૃષિ વિકાસ દર ૧૯૯૧ થી ૨૦૦૦ માં માઇનસ ૨ ટકા હતો. આજે છેલ્લા ૧૦ વર્ષથી ૧૦ ટકાથી પણ વધારે છે અને હવે તો ૧૧ ટકાથી વધારે થવાનો છે.

શિક્ષણની વાત કરું તો કદાચ શાળાઓ હશે તો પૂરતા ઓરડા નહિ હોય, પૂરતા ઓરડા હશે તો શિક્ષકો નહિ હોય અને શિક્ષકો હશે તો બીજી કોઇ વ્યવસ્થા ન હતી. ત્યારે શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, બેટી બચાવોના કાર્યક્રમો દ્વારા આ રાજયમાં શિક્ષણનું પ્રમાણ વધે, શિક્ષણનું સ્તર ઊંચું આવે,

* * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સ્ત્રી સાક્ષરતાનો દર વધે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પગલાં ભર્યાં અને પાણીના તળ અંગે આપણે સૌ જાણીએ છીએ. હમણા જ માનનીય નીતિનભાઇ પટેલે જાહેરાત કરી પાણીના તળ ઉંડા જતા રહેલ અને પાણીના તળ વધારે ઉંડા ન જાય એ માટે સુપ્રીમ કોર્ટના સૂચનથી આ રાજ્યની સરકારે અને સમગ્ર દેશની સરકારે બાન લગાવ્યો હતો. એને હાથપગ જોડીને નહિ બેસી રહેતા આ દેશમાં માત્રને માત્ર નરેન્દ્રભાઇ મોદી સાહેબે અનેક યોજનાઓ આપી. જળસંચયના કાર્યક્રમ કર્યા અને પાણીના તળ ઊંચા લાવ્યા, એના કારણે ડાર્ક ઝોનમાંથી ગુજરાતના ખેડૂતોને મુક્ત કર્યા છે. આ રીતનો ઐતિહાસિક નિર્ણય લીધો. હું એક ખેડૂત પુત્ર તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આભાર માનું છું.

આરોગ્યની વાત કરીએ તો આપણે સૌ જાણીએ છીએ કે પહેલા એમ્બ્યુલન્સની અંદર ૧૦૮નું તો નામ જ નહોતું. એમ્બ્યુલન્સની સફેદ ગાડી એવું સમજતા અને માણસને મુશ્કેલી પડે એટલે એમ્બ્યુલન્સ મંગાવવાની.

સભાપતિશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરી ૫–૦૦ કલાકે મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સાંજના –૪–૩૦ થી ૫–૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, મારે ગુજરાત રાજયના આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે કારણ એ છે કે અખંડ ભારતના શિલ્પી આ ગુજરાતની ધરતીના પનોતા પુત્ર આદરણીય સરદાર સાહેબનું સમગ્ર વિશ્વમાં ઉંચામાં ઉંચી પ્રતિમા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સરદાર સરોવર પાસે, જે યોજના સાથે એમનું નામ જોડાયેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના શાસકો ભાખરાનાંગલ ડેમ અને સરદાર સરોવર ડેમનું એક જ વર્ષે ખાતમૂહુર્ત કરે છે અને સરદાર સાહેબનું નામ આ યોજનાની સાથે જોડાયેલું હોવાથી માત્રને માત્ર ભાખરાનાંગલ ડેમ તૈયાર કરે છે અને સરદાર સાહેબના ડેમની ચિંતા કરતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, એવા શાસકો આજે ગુજરાતમાં સરદાર સાહેબના સંદેશની યાત્રા લઇને નીકળેલા, મારે માનનીય અધ્યક્ષશ્રી કહેવું છે કે, તમે સરદાર સાહેબના સંદેશની યાત્રા લઇ જવાવાળા લોકો સરદાર સાહેબનું તૈલચિત્ર આ દેશની લોકસભાના પોડિયમમાં મૂકાય તે માટે આ દેશની અને ગુજરાતની જનતાએ આંદોલનો કરવાં પડયાં. આ દેશમાં સરદાર સાહેબનું સન્માન સાચુ કરવું હોય તો એ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યુ છે. સાડત્રીસમા ક્રમે મૂકયું એ પણ માનનીય અટલજી વડાપ્રધાન હતા ત્યારે એન.ડી.એ.ની સરકારે મૂક્યું. કોંગ્રેસ તો તે પણ કરવા તૈયાર ન હતી અને એ કોંગ્રેસ આજે ગુજરાતમાં સંદેશ યાત્રા લઇને નીકળે?

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની સ્પોન્સર થયેલી ૧૫૬ યોજનાઓ છે. આ ૧૫૬ યોજનાઓમાં તમામ નામ એક માત્ર પરિવારને નામે ચાલે છે. મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે, ખરેખર તમે જો સરદાર સાહેબનો આદર કરતા હોવ તો, સરદાર સાહેબ માટે તમને આદર હોય તો તમે એક યોજના સરદાર સાહેબના નામે ચાલુ કરી બતાવો. હિંમત જોઇએ, નીડરતા જોઇએ. મારે ગુજરાતના આધુનિક ગુજરાતના શિલ્પી આદરણીય મુખ્ય મંત્રીશ્રીને એટલે અભિનંદન આપવા છે કે વિશ્વમાં સૌથી ઉંચી પ્રતિમા મૂકાશે અને આવનારા વખતમાં સમગ્ર દેશ અને દુનિયાના લોકો એ મહાપુરુષને વંદન કરવા આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના જમાનામાં મિત્રો અને લોકો આપણી સાચી મિલકત હોય છે. તમારા માટે જગતમાં કોઇ સારું બોલે તે માટે પ્રવાસન નીતિઓ હોવી જોઇએ, આ દેશમાં પ્રવાસન નીતિ કેવી હોય એ આખા દેશમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ શીખવાડયું છે. ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો પહેલેથી જ હતો, ગુજરાતમાં કચ્છનું રણ કરોડો વર્ષોથી છે, ગુજરાતમાં ગીરનું જંગલ વર્ષોથી છે પણ આ દેશના અમિતાભ કે જેઠાલાલ જાય ત્યારે એનું આકર્ષણ વધી જાય છે અને ત્યારે લોકો કહે છે કે, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા, એક બાર સોમનાથકો માથા ટેકો, ગુજરાત આવો. માનનીય અધ્યક્ષશ્રી, આ કેમ કરવામાં આવે છે? આજે વિશ્વમાં સૌથી વધારે કમાણી કરતો વ્યવસાય હોય તો, જેમાં કોઇ દિવસ મંદી આવતી નથી તો એ પ્રવાસન અને મનોરંજન છે અને સમગ્ર દુનિયામાં ચીન દશ ટકા ભારત કરતાં દશ ટકા પણ વધારે વિદેશી હુંડિયામણ પ્રવાસનમાં કમાય છે, ત્યારે પતંગોત્સવ, રણોત્સવ આવા બધા ઉત્સવ

કરીને લોકોને મહેમાનગતિ માટે બોલાવીને આ ગુજરાતમાં ઉદ્યોગ વિકસે એ માટે આ નીતિ બનાવી છે. અહીં બેઠેલા લોકોને ખબર નહીં હોય પણ ધોળુમાં જઇ અને મીયાબેગને પૂછો, ભૂજમાં જઇને અભિનાબેન ખત્રીને પૂછો. કે અમદાવાદમાં ગલીમાં બેઠા બેઠા પતંગ બનાવતા મારા મુસ્લિમ ભાઇઓને પૂછો તો તમને ખબર પડે કે આવક કેટલી વધી છે? આજે મનુભાઇ પંચોળી દર્શકે પણ કહ્યું છે કે, શિક્ષણ તમને દરેક પ્રશ્નનો જવાબ આપતા શીખવાડતું નથી, પણ શિક્ષણ તમને પ્રશ્ન કરતાં શીખવાડે છે. માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીનો અર્થ એ પણ છે કે લોકશાહીમાં પ્રશ્ન કરવો, હિસાબ માગવો અને સાચા વિરોધ પક્ષ એ લોકશાહીનું આવશ્યક અંગ છે પણ સબળ વિરોધ પક્ષ હોવો જોઇએ માત્ર ટીવી-કેમેરાની સામે હાથ પગ ઉંચા કરી દેવા કે છાપાઓમાં આપણી ચાર લાઇન આવી જાય એટલા પૂરતો વિરોધ પક્ષ હોય તો એનાથી લોકશાહી ચાલવાની નથી. માનનીય અધ્યક્ષશ્રી, આજે ટેકનોલોજીનો જમાનો છે. વિશ્વ આજે આંગળીના ટેરવે આવી ગયું છે અને ગુજરાતનું વહીવટી તંત્ર ટેકનોલોજીથી સજ્જ ન થાય તો ગુજરાત પાછળ રહી જાય માટે ગુજરાતમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને સ્વાગત ઓન લાઇન, ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ અને જનસેવા કેન્દ્ર જેવી અનેક યોજનાઓ કરીને આજના જમાનામાં આ મોબાઇલ ધારક, કોમ્પ્યુટર ધારક ગુજરાતની નવી પેઢીને ત્વરીત સેવા આપવાનો નિર્ણય માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે. ટેકનોલોજીમાં એ તાકાત છે આજે ઇતિહાસમાં ક્યારેય ન બન્યું હોય એવા કોંગ્રેસની અડધી સરકાર જો જેલમાં ગઇ હોય, કેન્દ્રના મંત્રીઓ જો જેલામાં ગયા હોય તો કોઇ રાજકીય ઇચ્છાશકિતથી નહીં પણ ટેકનોલોજીના કારણે ગયા છે, ટેકનોલોજીના કારણે એ લોકો પકડાયા છે, ટેકનોલોજીના કારણે એ લોકો જેલભેગા થયા છે. આ ગૃહમાં હિસાબ દેવાની અને હિસાબ માગવાની વાત કરે છે ત્યારે મને આ દેશના ભૂતપુર્વ વડા પ્રધાન માનનીય અટલજીની એક કવિતાના શબ્દો યાદ આવે છે.

**" આંખો મેં વૈભવ કે સપને પાવમેં તૂફાન કી ગતિ હૈ,રાષ્ટ્ર ભકિત કા જવર નહીં ઝૂકતા આવો જીસમેં હિંમત હૈ "**

૨૦૧૨ની ચૂંટણીમાં આ ગુજરાતની જનતા તમને હિસાબ આપી દેશે. ગુજરાતના દીર્ઘદ્રષ્ટા વિકાસ પુરુષે આપણા ગુજરાતનો વિકાસ કર્યો છે ત્યારે ગાંધીજી અને સરદાર સાહેબ પછી જો કોઇ ત્રીજી વ્યકિતનું નામ રાષ્ટ્રીય કક્ષાએ લેવાતું હોય તો માનનીય નરેન્દ્રભાઇ મોદીનું લેવાય છે. આ હકીકત છે આને આપણે સ્વીકારવી જ પડશે કેટલાક વાંકદેખા લોકોને નહીં ગમે. મારે મારા મિત્રોને કહેવું છે કે હું ગમે તેટલું કરું પણ મારું કે માનનીય શકિતસિંહજીનું નામ કોઇ રાષ્ટ્રીય કક્ષાએ લેવાનું છે? રાષ્ટ્રીય કક્ષાએ તો ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી સાહેબનું જ નામ લેવાનું છે. કોઇ પણ સરકાર હોય એની સુખાકારીનું માપદંડ એ રાજયની માળખાકીય સગવડો, એ રાજયના રોડ, રસ્તા, પાણી વીજળી એ રાજયની સામાજિક સેવા ઉપર આધારિત હોય છે, એ રાજયની માથાદીઠ આવક ઉપર આધાર રાખે છે. ૪૦ વર્ષ પહેલા ગુજરાતમાં જે સ્થિતિ હતી અને આજે ગુજરાતમાં સ્થિતિ કેવી છે? માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનીય ગૃહના મારા તમામ મિત્રોને વિનંતી કરું છું કે, માનનીય રાજ્યપાલશ્રીએ જ્યારે આપણને સૌને આટલું સુંદર પ્રવચન કર્યું છે ત્યારે આપણે સૌ સાથે મળીને એમના સંબોધન બદલના આભાર પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂર કરીને મોકલીએ. **શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર માનવા માટે માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું મારો ટેકો આપું છું. આજે સમગ્ર ગુજરાતનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. આપણે બધાએ સ્વીકારવું પડે છે કે જ્યાં પણ દેશની અંદર વિકાસની વાત થાય ત્યાં ગુજરાત રાજ્યની વાત થાય થાયને થાય જ. જયારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ ગુજરાત રાજ્યની શાસનની ધૂરા સંભાળી છે ત્યારથી આ રાજયની અંદર સમરસ, સમતુલિત અને સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. છેલ્લા દસ વર્ષમાં જે વિકાસ થયો છે એના મુળમાં શાંતિ, એકતા અને ભાઇ ચારો છે. આજે સૌ નો સાથ સૌ નો વિકાસના મંત્ર દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ રાજયના વિકાસને વેગવંતો બનાવ્યો છે. આજે મને કહેતા આનંદ થાય છે આજે આ સમગ્ર ગુજરાતની અંદર જે હરિયાળી ક્રાંતિ છે એનો જો યશ કોઇને જતો હોય તો આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સાત વર્ષ પહેલાં શરૂ કરેલા કૃષિ મહોત્સવના કાર્યક્રમને જાય છે. આજે સમગ્ર રાજયના મંત્રીમંડળના

સભ્યશ્રીઓ, કૃષિ વૈજ્ઞાનિકો, આગેવાનો, પ્રગતિશીલ ખેડૂતો આ રાજયના ગામે ગામ સુધી ગયા અને રાજયના ખેડૂતોને જે વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાનું માર્ગદર્શન મળ્યું જેના કારણે આ રાજયને કૃષિક્ષેત્રે એક નવી દિશા મળી છે. મને કહેતાં આનંદ થાય છે ૨૦૦૧માં ગુજરાતનો કૃષિનો વિકાસ દર માઇનસ બે ટકા હતો એ આજે આ રાજયના કૃષિ વિકાસના પગલાંના કારણે આજે ૧૧ ટકા જેટલો થયો છે. આ ગુજરાતનો ખેડૂત એક એકરે સરેરાશ માત્ર ૧૫ થી ૨૦ હજાર રૂપિયા કમાતો હતો એ જ ખેડૂત આટલી જ જમીનની અંદર આજે નેટ હાઉસ, ગ્રીનહાઉસ થકી બે થી લાખ પાંચ રૂપિયાની આવક મેળવતો થયો છે. ખેડૂત અદ્યતન ખેતી કરે છે. આજે સમગ્ર ગુજરાતની અંદર ખેડૂતોની જમીનની ચકાસણી કરીને એમને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યાં છે. જેથી ખેડૂતને ખબર પડે કે કઇ જમીનની અંદર કયા પાકનું વાવેતર લેવામાં આવે. આ અમારી સરકારે કરેલું છે. તમારી સરકારે કંઇ કર્યું નથી. એટલે મારે કહેવું પડે છે કે દસ વર્ષ પહેલાં જે આ ગુજરાતમાં વાવેતર હેઠળનો જે વિસ્તાર હતો તે ૧૦૮ લાખ હેક્ટર હતો જે આજે વધીને ૧૪૫ લાખ હેક્ટર થયો છે. જેમાંથી ૧૧૫ લાખ મેટ્રિક ટનનું ઉત્પાદન થતું હતું એમાં આજે વધારો થઇને ૨૪૧ લાખ મેટ્રિક ટનનું ઉત્પાદન થયું છે. એ આ રાજયના કૃષિલક્ષી વિકાસના પગલાંના કારણે થયું છે આજે કપાસ, મગફળી અને દિવેલાના ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય પ્રથમ નંબરે છે. મારે કહેવું છે કે સમગ્ર દેશની અંદર એનીમલ હોસ્ટેલ સ્થાપવાનું જો ગૌરવ પ્રાપ્ત થયું હોય તો એ ગુજરાત રાજયને થાય છે. આજે મારા ડાંગના જે આદિવાસી ખેડૂતો હતા એ લોકો માત્ર વરસાદ આધારીત ખેતી કરતા હતા, પરંતુ આ રાજયની કલ્યાણકારી યોજનાઓને કારણે જે સિંચાઇની સુવિધા ઉપલબ્ધ થઇ હજારો, લાખ્ખો ચેકડેમોનું નિર્માણ થયું અને લિફ્ટ ઈરીગેશનની સુવિધા થકી ખેડૂતોને જે સગવડ મળી એના કારણે મારો ડાંગનો આદિવાસી ખેડૂત પણ કાજુની ખેતી કરતો થયો છે. સ્ટ્રોબેરી અને ભીંડાની ખેતી કરતો થયો છે એ આજે આર્થિક રીતે પગભર થયો છે. મારા ડાંગના આદિવાસી ખેડૂતોએ ક્યારેય પણ સપનામાં એવું નહોતું વિચાર્યું કે હું ટુ-વ્હીલર લઇશ પણ આજે એ જ મારો ડાંગનો આદિવાસી ખેડૂત ફોર વ્હીલરમાં પોતાના ખેતરમાંથી પાક લઇને સુરતના માર્કેટ સુધી પહોંચાડે છે અને એ પોષણક્ષમ ભાવ મેળવે છે. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને આ રાજયના કૃષિમંત્રીશ્રીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. કૃષિ વિકાસ અને પશુપાલનના વ્યવસાયના કારણે જે અમારા ડાંગ જિલ્લાના આદિવાસી પરિવારો હતા તેમાંના ચાલીસ ટકા બીજા જિલ્લાની અંદર શેરડીના કામ માટે જતા હતા એની અંદર ઘટાડો થયો છે અને માત્ર ૧૮ થી ૨૦ ટકા જેટલા જ શેરડીના કામ માટે જાય છે. ધીરે ધીરે એમાં પણ ઘટાડો થઇ રહ્યો છે. આ રાજ્ય સરકારની કૃષિનીતિના પગલાંના કારણે થયો છે. આજે મને એક આદિવાસી આગેવાન તરીકે કહેતાં આનંદ થાય છે કે આજે આ રાજયના પૂર્વ પટ્ટીમાં વસતો વનબંધુનો સમાજ જે છે. તે અમારા આદિવાસી સમાજ છે, તે આદિવાસી સમાજ બીજા સમાજની હરોળમાં આવે તેના માટે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૧૫ હજાર કરોડની વનબંધુ કલ્યાણ યોજના મૂકી છે. ચાલુ વર્ષે તેમાં વધારો કરીને લગભગ ૧૭૮૩૮ કરોડ રુપિયા જેટલો તેમાં ખર્ચ થયો છે. આ સમાજ બીજા સમાજની હરોળમાં આવે તેના માટે આ વન બંધુ કલ્યાણ યોજનામાં મહત્વના દસ જેટલાં મુદ્દાઓ આવરી લેવામાં આવ્યાં છે. રસ્તા, પાણી, વીજળી, સિંચાઇ, આવાસો, આરોગ્ય જેવી બાબતોને આ વનબંધુ કલ્યાણ યોજનામાં સમાવીને આજે સમગ્ર આદિવાસી વિસ્તારના ગ્રામીણ ક્ષેત્રનો વિકાસ થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજેતો આ વનબંધુ કલ્યાણ યોજનાના કારણે જે ઘર વિહોણા બી.પી.એલ.કુટુંબો હતા તેમને ૪,૪૬,૮૫૬ મકાનોની સહાય આપવામાં આવી છે. લગભગ ૩,૫૬,૯૦૦ બહેનોને ચિરંજીવ યોજના હેઠળ હોસ્પિટલમાં લાભ આપવામાં આવેલ છે. બાળમરણ પ્રમાણ ઘટે તેના માટે આ રાજયની સરકારે બાલસખા યોજના અમલમાં મૂકી છે. લગભગ ૯૩ હજાર જેટલાં મારા આદિવાસી બાળકોને આ બાલ સખા યોજના હેઠળ સારવાર મળેલ છે. ૪,૮૪,૭૭૩ જેટલાં ઘરોનું વિના મૂલ્યે વીજળીકરણ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિવાસી વિસ્તારની દીકરીઓને જયારે પણ શાળામાં ભણવા જવા માટે તકલીફ પડતી હતી, કોઇ સાધનોની વ્યવસ્થા નહોતી તેવા સમયે આ રાજયની સરકારે વિદ્યાસાધના યોજના લાવી અને ધોરણ-૮માં ભણતી જે દીકરીઓ છે તેમને આવવા-જવા માટે

સગવડતા મળે, સમયસર શાળામાં પહોંચે અને સમયસર ઘરે આવે તેના માટે આ વિદ્યાસાધના યોજના અંતર્ગત આ રાજયની લગભગ ૨૩૯૦૧ કન્યાને ૬૧૧.૪૪ લાખના ખર્ચે સાયકલ આપવામાં આવેલ છે. આ સાયકલ આપવાનું કામ આ રાજયની સરકારે કર્યુ છે, માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યુ છે. કુંવરજીભાઇ સાંભળો, હજુ બહુ સાંભળવાનું છે. આ સમગ્ર રાજયની અંદર શિક્ષણની ભૂખ જગાડવાનું કાર્ય આ રાજયના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યુ છે. સમગ્ર આદિવાસી પટ્ટામાં  સાયન્સની શાળાઓ જે નહીવત્ પ્રમાણમાં હતી તેમાં આ રાજય  સરકાર દ્વારા ૯૫ જેટલી વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. ૧૧ સામાન્ય પ્રવાહની નવી માધ્યમિક શાળાઓ, ૧૮ સરકારી અને ૩૭ ગ્રાન્ટેડ કોલેજ સહિત ૫૧ કોલેજો આ આદિવાસી વિસ્તારની અંદર કાર્યરત છે. મને જણાવતાં આનંદ થાય છે કે, આ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ૩૩ જેટલી નવી આઇ.ટી.આઇ., ૩ ઇજનેરી કોલેજ, ૪ કૃષિ પોલીટેકનિક, ૨ સાયન્સ કોલેજ તથા ૩ નર્સીંગ સ્કૂલો શરૂ કરવામાં આવેલ છે. મારે અહીંયા કહેવું છે કે ઘણાં લોકો કહેતાં હતા કે ભાઇ, આ સરકાર તો અમીરોની સરકાર છે. મારે એમને કહેવું છે કે આ સરકાર સાચા અર્થમાં ગરીબોની સરકાર છે. સાંભળો, કુંવરજીભાઇ, ગરીબી હટાવવાનું સૂત્ર આપવાથી કંઇ ગરીબી હટતી નથી, અંતરાય.. ગરીબો તો તમારાથી હટી ગયા છે. આ ગરીબી હટાવવાનું અને આ દરિદ્રનારાયણની સેવા કરવાનું જો કોઇએ ઉત્તમ કાર્ય કર્યુ હોય તો રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યુ છે. ગરીબોને ગરીબીના કલંક સામે લડવાની મોટી તાકાત આપતો જો કોઇ  કાર્યક્રમ હોય તો ગરીબ કલ્યાણ મેળો છે. સમગ્ર ગુજરાતની અંદર ૬૪૨ જેટલા ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવ્યાં અને ૫૭ લાખ ૪૨ હજાર જેટલાં ગરીબ કુટુંબોને લાભાન્વિત કર્યા છે. લગભગ ૭૯૦૦ કરોડની માતબર રકમ લોકોને હાથોહાથ મળેલ છે. કુંવરજીભાઇ, સાંભળો, ભૂતકાળમાં વચેટિયાકરણ કેટલું થતું હતું. કેટલી કટકી થતી હતી.

અધ્યક્ષશ્રી : આપે કુંવરજીભાઇને જવાબ આપવાની જરૂર નથી.આપ મારી સામે જોઇને પ્રવચન કરો. કુંવરજીભાઇ આપને બોલવાની તક મળશે આપ તેમને ડિસ્ટર્બ ન કરો.

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગરીબ કલ્યાણ મેળા થકી ગરીબ લાભાર્થીઓ સ્વરોજગારી થકી પગભર થયા છે અને તે પોતાના કુટુંબને ગરીબી રેખાથી ઉપર લઇ જવા માટે કંઇક સાહસ કરી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શિક્ષણની વાત કરવી છે. જયારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે શાસનની ધૂરા સંભાળી છે ત્યારથી કન્યા કેળવણી મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા અનેક ક્રાંતિકારી કાર્યક્રમો આપીને સમગ્ર ગુજરાતમાં શિક્ષણની નવી ક્રાંતિને જન્મ આપ્યો છે. આજે શાળા પ્રવેશ મહોત્સવ થકી અમારા આદિવાસી વિસ્તારમાં પણ જે શિક્ષણની જયોત જાગી છે, એના ખૂબ સારા પરિણામો આવી રહ્યાં છે. મને આજે કહેતા આનંદ થાય છે કે  ૨૦૦૧માં ડ્રોપઆઉટ રેસિયો જે ૨૧ ટકા હતો, તે આજે ઘટીને ૨ ટકા જેટલો થયો છે. સમગ્ર ગુજરાતમાં સાક્ષરતાનો દર જે ૨૦૦૧માં ૬૯.૧૪ ટકા હતો એ આજે વધીને ૭૯.૩૧ ટકા થયો છે. લગભગ ૧૦.૧૭ ટકા જેટલો વધારો થયો છે. મહિલા સાક્ષરતાનો દર ૨૦૦૧માં ૫૭.૮૦ જેટલો હતો એ આજે ૭૦.૭૩ ટકા થયો છે. જે લગભગ ૧૨.૯૩ ટકાનો વધારો દર્શાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે ૨૦૦૧માં મારા ડાંગ જિલ્લામાં સ્ત્રી સાક્ષરતાનો દર લગભગ ૪૮ ટકા જેટલો હતો, એ આજે લગભગ ૨૦ ટકા જેટલો વધીને ૭૦ ટકાએ પંહોચ્યો છે. એ આ રાજય સરકારની દેન છે. આ રાજય સરકારે શિક્ષણ  જયોત જગાવી છે તેના પરિણામે આ થયું છે. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમગ્ર રાજયનો એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે એના માટે કાળજી કરી છે. શાળાના પૂરતા ઓરડાઓનું નિર્માણ કરેલ છે. શિક્ષણ સહાયક અને વિદ્યા સહાયકોની ભરતી કરેલી છે. ધોરણ ૮ના વર્ગો વધારીને ૧૧ હજાર જેટલા ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકોની ભરતી કરી છે. એમના થકી ગુણવત્તાયૂકત શિક્ષણ પ્રાથમિક શાળાઓમાં આજે મળી રહ્યું છે. પાણીની સુવિધા કરવામાં આવી છે. વીજળીની સુવિધા કરવામાં આવી છે. અનેક ભૌતિક સુવિધાઓ આ રાજયની અંદર આ રાજય સરકારે કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ડાંગ જિલ્લા વિસ્તારમાંથી આવું છું ત્યારે મને કહેતા આનંદ થાય છે કે મારો ડાંગ જિલ્લો એ જંગલ વિસ્તાર ધરાવતો અને પહાડી વિસ્તાર ધરાવતો વિસ્તાર છે. છતાં પણ મારા ડાંગમાં ૧૦૦ ટકા શાળાઓમાં વીજળીકરણ થયેલ છે. ૧૦૦ ટકા શાળાઓમાં પીવાના પાણીની સગવડ છે. એનાથી પણ વધારે આનંદ એ વાતનો છે કે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કન્યા કેળવણી વખતે મારા ડાંગ જેવા વિસ્તારમાં બે બે દિવસ રહીને આંતરિયાળ ગામોમાં રહીને આદિવાસી દીકરા–દીકરીઓને શાળામાં પ્રવેશ આપવા પ્રેરણા જગાડી છે. એનાથી એનું પરિણામ એ આવ્યું કે મારા ડાંગના આદિવાસી દીકરા દીકરીઓ ચીન અને રશિયામાં મેડીકલનો અભ્યાસ કરે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે મારે એક વાત કરવી છે. આદિવાસી વિસ્તારોમાં જે પીવાના પાણીની તકલીફ હતી. સમગ્ર ગુજરાતમાં તકલીફ હતી. એક દશક પહેલા દુષ્કાળ અને પીવાના પાણીની તકલીફથી પીડાતું ગુજરાત આજે તમામ અડચણોમાંથી બહાર આવી ગયું છે. જનતાને આજે ઘર આંગણે પીવાનું પાણી મળી રહે છે. એક સમયે સમગ્ર રાજયમાં ઉનાળામાં ટ્રેન અને ટેન્કરથી પાણી અપાતું હતું. ગામડામાં જાણે કોઇ જાન આવવાની હોય અને આખું ગામ જાનૈયાઓની રાહ જોતું હોય એવી રીતે આખા ગામમાં લોકો પીવાના પાણીની રાહ જોતા હતા. પરંતુ જયારથી આ રાજયમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે શાસનની ધૂરા સંભાળી ત્યારથી સમગ્ર ગુજરાતમાં ગામડે ગામડે ચકલીથી પીવાનું પાણી મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દેવુસિંહભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દેવુસિંહભાઇ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર માનતો પ્રસ્તાવ લઇને આવ્યા છે, પક્ષ સાથે રહ્યા છે, અમારા જેવાની સાથે રહ્યા છે દેવુસિંહભાઇ, કારણો સૌના હોઇ શકે, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ સમયે માનનીય રાજયપાલશ્રીના સન્માનથી એમણે શરૂઆત કરી. માનનીય રાજયપાલશ્રીનું સન્માન કોણ, કેવું અને કેમ કરે છે તે આખો દેશ જાણે છે. માનનીય રાજયપાલશ્રીના સંદર્ભમાં કેવા પ્રકારના શબ્દો કોણે વાપર્યા છે અને કઇ પધ્ધતિ રાખી છે અને કયા ભ્રષ્ટાચારને બચાવવા માટે, પોતાની જાતને બચાવવા માટે પ્રયત્નો થયા છે તે પણ આખો દેશ જાણે છે. રાજયપાલશ્રીનું જે પ્રવચન હોય છે એ સરકાર તૈયાર કરીને આપતી હોય છે. સરકારનું તૈયાર પ્રવચન હોય તેમાં સરકારની નીતિ નકકી થાય, સરકારની દ્રષ્ટિ નકકી થાય, આવતા દિવસોમાં શું કરવાનું છે તે નક્કી થાય. પરંતુ એ બધી ભૂતકાળની પરંપરા હતી, ભૂતકાળના માનનીય રાજયપાલશ્રીના પ્રવચન જોજો, ગુજરાત એ આજકાલનું નહીં , આપણે કોઇ કે આપણા બાપુજીનો જન્મ પણ નહોતો થયો તે વખતે પણ વિકાસશીલ હતું, વિકાસમાં આગળ હતું. મહમ્મદ ગઝની પણ સતત હારતો હતો તો પણ સોમનાથને લૂંટવા આવતો હતો. કારણ કે સોમનાથ જેટલી સમૃધ્ધિ વિશ્વમાં કોઇની પાસે નહોતી. શિવાજી મહારાજને પણ જયારે પૈસાની જરૂર પડતી હતી ત્યારે સુરત આવીને પૈસા લઇ જતા હતા, કારણ કે સુરત જેટલો પૈસો બીજે કયાંય નહોતો. ગુજરાત એ ગૌરવવંતુ અને વિકાસશીલ હતું એ ગુજરાતનો ડી.એન.એ. છે. કોઇ ગુજરાતી અમેરીકામાં જઇને વિકાસ પામે તો એનું ડી.એન.એ. ગુજરાત છે. ત્યારે એમ કહેવું કે અમારા ઇ ના કારણે આ વિકાસ થયો છે તો એ ગુજરાતીઓનું અપમાન છે. પહેલા જ પાના ઉપર સદભાવનાની વાત કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સદભાવના એ શબ્દોમાં નહીં પણ દિલમાં હોવી જોઇએ. અહીં કહેવાયું માનનીય દેવુસિંહ પાસેથી કે હિસાબ દો, જવાબ દોની વાત થઇ. અરે લોકશાહી વ્યવસ્થાની મજા જ એ છે કે જયાં હિસાબ પણ દેવો પડે અને જવાબ પણ દેવો પડે. અને જવાબ કે હિસાબ દેવા ન માગતા હોય તો એ માણસ લોકશાહી વ્યવસ્થામાં નહીં માનતો હોય. ઘણાં શબ્દોના પૂષ્પો મુકાયા, મારે કહેવું છે કે, " **તળિયે બેઠી સદભાવના એ તરકટ સમ ઉપવાસ છે, તળિયે બેઠી સદભાવના એ તરકટ સમ ઉપવાસ છે. સ્વયંની પ્રસંશાના પુષ્પો છે, આમ ગુજરાતીને તો ઉના ઉચ્છવાસ છે.**" માનનીય અધ્યક્ષશ્રી, બે પ્રકારના લોકો હોય છે. એક ઋષિ હોય છે. એક પગે ઉભા રહીને તપશ્ચર્યા કરતા હોય છે. તે વનમાં જતા હોય છે તપ કરવા માટે, કારણ કે એમને એકાંત જોઇતું હોય છે, એમને

તપશ્ચર્યા આત્માની આરાધના માટે કરવાની હોય છે. ત્યાં બેસીને એકાંતમાં ઉપવાસ કરે. અને એક એવા ઉપવાસ કે બસો આંચકી લો, જાન રખડતી હોય તો રખડે, વરરાજાનું જે થવાનું હોય તે થાય, પણ મારા ઉપવાસમાં લોકો આવવા જોઇએ, મારી ખુરશી ખાલી ન રહે, લોકો ઉમટી પડે, કલેકટરથી લઇને ચપરાશી સુધી સૌને કામે લગાડો પણ મારે ત્યાં લોકો આવવા જોઇએ. એક આ ઉપવાસ છે. વિદ્યાર્થીઓને મુશ્કેલી હોય કે ઉદ્યોગપતિઓને મુશ્કેલી હોય, નાના મોટા ગુજરાતી હોય તેની ચિંતા નથી, મોટા ઉદ્યોગપતિઓની જ ચિંતા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેતો હતો કે બે પ્રકારની વાત હોય છે. એક પેલા ઋષિના ઉપવાસ હોય, એક પગે તપશ્ચર્યા કરતા હોય, અને એક નદીનું વહેણ વહેતું હોય ત્યાં સફેદ દેખાતું એક પક્ષી બગલા નામનું, એક પગે ઉભું હોય, દૂરથી જુઓ તો એમ લાગે કે તપશ્ચર્યા કરે છે. પણ તે માછલીની રાહ જોતો હોય કે નજીક આવે તો હડપ કરું. કયાં હતી એ સદભાવના જયારે સદભાવનાની જરૂરત હતી મારા ગુજરાતને, ત્યારે તો તમે કેવા શબ્દોમાં બોલતા હતા? અને હવે ખ્વાબમાં દિલ્હીની ખુરશી આવે, વેઇટિંગમાં આગળ આવવાનું આવે ત્યારે સદભાવના યાદ આવે છે. સદભાવનાની વાત કરી એનો જવાબ છે નહિતર ન બોલત, રાજય સરકારે પ્રવચનમાં પહેલા પાને નાખ્યું છે એટલે આ આવે છે. રાજકીય કાર્યક્રમો કરવાના દરેક પોલિટિકલ પાર્ટીને અધિકાર છે. ભારતીય જનતા પક્ષનો કાર્યક્રમ એ કાર્યક્રમ માટે મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરવી પડે માણસો લાવે, એમાં રાજકીય પ્રવચનો કરે એ બરાબર પરંતુ ગુજરાતની પ્રજાની તિજોરીના નાણાં આપ વેડફી નાખો, ૨૦૦ કરોડ માત્ર એક જગ્યાએ ઉડાડો અને એમાં ....

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## આક્ષેપો કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય વિરોધપક્ષના નેતા ૨૦૦ કરોડ રૂપિયા એક જગ્યાએ ઉડાડી નાખવાની વાત કરે છે, વેડફી નાખવાની વાત કરે છે. આના સંદર્ભમાં જરૂરી આધાર પુરાવા હોય તો જ આ પ્રમાણેના ઉલ્લેખો કરી શકાય, નહિતર આનો ઉલ્લેખ ન કરી શકાય, આવા અનેક જૂના માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો છે. માટે આ શબ્દો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પાછા ખેંચવા જોઇએ.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત કરતો હતો કે કરોડો ઉડાડયા પછી આપનામાં હિંમત હોય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે આક્ષેપો કર્યા એ પાછા ખેંચવા જોઇએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : હું બિલકુલ પાછા નહિ ખેંચું. આઇ વી સ્ટક્ષીક ટુ માય વલર્ડ કયાં કયાં પૈસા વપરાણા છે એ કેગના અહેવાલમાંથી આપીશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો પાછા ખેંચાવા જોઇએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : કયાં કયાં પૈસા બરબાદ કર્યા છે એના આધાર હું આપીશ. કરોડો રૂપિયા ઉડાડયા છે એ ફરીથી કહું છું. કેગ દ્વારા કહેવાયું છે કે આપે કરોડો ઉડાડયા છે કયા કયા ઉડાડયા છે કેવા કાર્યક્રમમાં ઉડાડયા છે એના અહેવાલ આપને આપીશ. (અંતરાય) આ રીતે ગૃહ ન ચાલે.

શ્રી પ્રદિપસિંહ જાડેજા : નિયમ પ્રમાણે કોઇપણ આક્ષેપ કરતાં પહેલા વિધાનસભા કાર્યાલયને અધ્યક્ષશ્રીને પુરાવા ઉપલબ્ધ કરાવવા જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : વિધાનસભાના નિયમો સ્પષ્ટ છે કે આક્ષેપો કરવા હોય તો આપણે અગાઉથી એની માહિતી આપવી જોઇએ, નોટિસ આપવી જોઇએ અને એના પૂરાવા પણ રજૂ કરવા ના હોય છે. આપે આક્ષેપો કર્યા છે..

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : મેં વ્યકિતગત આક્ષેપો કર્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું બોલતો હોય ત્યારે આપ બેસી જાવ, મારી વાત પૂરી થયા પછી આપને દલીલ કરવાનો અધિકાર છે. પણ અધ્યક્ષશ્રીને આપ બોલતા રોકી શકો છો એ વિરોધપક્ષના નેતા તરીકે ઠીક નથી,(અંતરાય) નહિ નહિ, આપનું વર્તન યોગ્ય નથી. આપને બોલવાની પૂરેપૂરી તક આપું છું, આપે આક્ષેપો કરવા હોય તો આપ પૂરાવા રજૂ કરજો.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસમાં સ્પીકરનો નિર્ણય કે સ્પીકરની સૂચના સામે ઉલ્લેખ હાથ ઉગામીને કરવો વાજબી નથી. વિરોધપક્ષના નેતા સ્પીકર સામે હાથ ઉલાળીને વાત કરે છે ત્યારે હાઉસમાં સ્પીકરની માફી માગવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ, પ્લીઝ બેસી જાવ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં કામ કરતા વ્યકિતઓ સામે મારી પણ આપના મારફત કેટલીક ફરિયાદો છે એ આપની પાસે આપની ચેમ્બરમાં વાત કરીશ. હું એ વાત કરતો હતો માત્ર એક નહિ બે નહિ અનેક દાખલાઓ કેગ દ્વારા આપ્યા છે કે જયાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આ સરકારે કર્યો છે. અને તેનો હિસાબ માગવાનો અમારો અધિકાર છે અને જવાબ આપવાની તમારી ફરજ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેતો હતો કે આ જે સદભાવના છે એ સદભાવના માત્રને માત્ર રાજકીય નાટક કરતા હતા. મને વાંધો નહોતો, હું કહેતો હતો કે ભારતીય જનતા પક્ષના ખર્ચે આપ કરો, આપ રાજકીય પ્રવચન કરો. વાંધો ન હોઇ શકે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર ત્યાં અધિકારીની ગેલેરીમાંથી ડિસ્ટર્બ કરવા માટે ચિઠ્ઠીઓ મોકલવામાં આવે છે. (અંતરાય)

શ્રી શકિતસિંહ ગોહિલ : મી. વ્યાસ જે આપના એકસટેન્શન કરેલા છે તેમને બેસવાનો અધિકાર નથી. એમને હાઉસની ગેલેરીમાં બેસવાનો અધિકાર નથી. વ્યાસ કેન નોટ સીટ હિયર. (અંતરાય) એનો વિષય નથી આજે. અહીં અધિકારીઓ વિધાનસભા સચિવાલયના અધિકારી અહીંયા બેસી શકે, ત્યાં શેના માટે બેસે છે? મંત્રીઓના પી.એ. પી.એસ. માટેની જગ્યાઓ નથી ત્યાં. (આ તબકકે ચમચાગીરી બંધ કરો–ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. )

અધ્યક્ષશ્રી : પ્લીઝ.

શ્રી શકિતસિંહ ગોહિલ : એને બેસવાનો અધિકાર જ નથી ત્યાં. હે કેન નોટ સીટ ધેર. મંત્રીઓના પી.એ. પી.એસ. માટેની એ જગ્યા નથી અને એકસટેન્શન લઇને બેસનારા માણસો વિધાનસભા–સચિવાલયનું અપમાન છે આ. આ આપના વિષયનું છે અને આનો નિર્ણય આપ પછી કરજો. હું ગૃહની.. (અંતરાય)

શ્રી દિલીપભાઇ સંઘાણી : મારો બીજો મુદ્દો છે. પોઇન્ટ ઓફ ઓર્ડર તો પૂરો કયાંથી થાય? મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે..

શ્રી શકિતસિંહ ગોહિલ : વ્યાસથી ત્યાં બેસાય જ નહીં. વિધાનસભા સચિવાલયનો સ્ટાફ અહીંયા બેસે, મિનિસ્ટરના પી.એ., પી.એસ. ત્યાં બેસી શકે? શું કામ બેસે છે ત્યાં? (અંતરાય) આજે એનો વિષય છે? જેનો વિષય હોય, આપણે ત્યાં નિયમો છે. જેનો વિષય હોય તે બેસે. ડિસ્ટર્બ કરવાનું એપીસેન્ટર ત્યાં છે. ડિસ્ટર્બન્સનું એપીસેન્ટર એ થઇ ગયા છે. ડિસ્ટર્બન્સનું એપીસેન્ટર છે એ માણસ. હાઉસ બરાબર ન ચાલે એ જોવા માટે વ્યાસ બેઠાં છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ. પ્લીઝ. દિલીપભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપ બેસી જાવ. (અંતરાય)

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે આપણાં હાઉસની પ્રણાલિકા રહી છે. હાઉસમાંથી કયારેય અધિકારી ગેલેરીમાં બેઠેલાઓનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. સરકારના પક્ષે જેમની જરૂરિયાત હોય અને સ્પીકરની મંજૂરી લઇને (અંતરાય) અધ્યક્ષ ગેલેરીમાં બેસવા દેવામાં આવતા હોય છે. સ્પીકરની મંજૂરી પછી જ અહીંયા એમને અધિકારી ગેલેરીમાં બેસવાના અધિકારો મળે છે. સામે પક્ષે કોને બેસવા દેવા, કોને ન બેસવા દેવા એમ આ રીતે અધ્યક્ષ ઉપર હકૂમત ચલાવવાનો પ્રયત્ન કરવો એ સ્પીકરના

અધિકાર ઉપર તરાપ મારવા જેવું છે આ માનસિકતા દૂર થાય એના માટે આપણે કડક સૂચના આપવી જોઇએ કે સ્પીકરના અધિકારો પર તરાપ મારવાનો વિપક્ષ તરફથી પ્રયત્ન ન થાય.

અધ્યક્ષશ્રી : આ બાબતનો સંપૂર્ણ અભ્યાસ કરીને હું રુલીંગ આપીશ. પ્લીઝ, અત્યારે આ વિષય બાજુ પર રાખીએ.

શ્રી શકિતસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરતા હતા આપણે એમાં આ સરકારે એક સલામત (અંતરાય) આ ગૃહ જો આ જ રીતે કરવાનું હશે હું એક પણ માણસને બોલવા નહીં દઉં. તકલીફ આપની વધશે. આ ઈરાદાપૂર્વકનો આ ધંધો અમનેય આવડે છે.

અધ્યક્ષશ્રી : નહીં, *(xxxx) (xxxx)એવું આપના તરફથી માનનીય સભ્યશ્રી બોલે છે (અંતરાય) નહીં, આપના સભ્યએ કોમેન્ટ કરી છે, પ્લીઝ.

શ્રી શકિતસિંહ ગોહિલ : બેઠાં બેઠાં કોણે કોમેન્ટ કરી ખબર નથી. એવું કોઇએ કહ્યું નથી.

અધ્યક્ષશ્રી : એ યોગ્ય ના કહેવાય..

# રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) (ક્રમશઃ)

શ્રી શકિતસિંહ ગોહિલ : આ ખોટું બોલે છે. એવું કહે જ નહીં મારા સભ્ય. એવું કોઇ સભ્ય કહે જ નહીં. એવું કહ્યું જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનું સંચાલન આપે કરવાનું છે, જે સદ્ભાવના દરમિયાન ચાલ્યું, એક સલામત આખા ગુજરાતનું જે થવાનું હોય એ થાય. બહારથી પોલીસ લાવી લાવીને ખડા કરી દેવાના અને આપે ઉડીને જવાનું, એ સંજોગોમાં જે પોલીસ અધિકારીઓ જે આપનું રક્ષણ કરે છે એને દોડતા રોડ ઉપર જવાનું. જામનગર પાસે આપનું રક્ષણ કરતા ચેતક કમાન્ડો મૃત્યુ પામ્યા, એ આદિવાસીનો દીકરો હતો, એના પરિવારના આંસુ લૂછવા ગયા એની પાસે, ચેતક કમાન્ડો આપના માટે શહીદ થયો છે, ચાલો એના ઘેર જઇને સદભાવના બતાવું. જઇ શક્યા? પાલીતાણામાં એક પોલીસ કોન્સ્ટેબલ આપના માટે ખડા પગે એટલો ઉભો રહ્યો કે એનું હાર્ટ એટેકમાં મૃત્યુ થયુ, એના પરિવારના ત્યાં જઇને એના આંસુ લૂછ્યા કે આ મારા માટે શહીદ થયો છે. કલ્પના કરજો અને એના આંકડા જો, જો. સદ્ભાવના દરમિયાન સૌથી વધારે ચોરી, લૂંટ, ધાડ જેવા ગુનાઓ બન્યા છે. કારણ કે, ત્યારે આપની સલામતી માટે આખું તંત્ર આપે રોકી રાખ્યું હતું અને ગુજરાતની પ્રજાનું જે થવાનું હોય એ થાય. રાજય કક્ષાના ગૃહ મંત્રીના ગામમાં જૈન દેરાસરમાંથી ૯૦ કિલોની મૂર્તિ ચોરાઇ ગઇ, આપણને એની ચિંતા થઇ. બોટાદના જૈન દેરાસરમાં ચોરી થઇ આપણને એની ચિંતા થઇ. આપ કયાં ગયા હતા? આપ સદ્ભાવનાની વાત કરો છો?

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં સુજલામ-સુફલામ, નર્મદા અને જળ સંપત્તિ વિભાગે સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના લાંભોર તળાવને જળસ્રોત તરીકે વિકસાવવાનું નક્કી કર્યું. દહેગામ-ગાંધીનગરના ૭૩ ગામોને પાણી પૂરું પાડવાનું નેટવર્ક પંપીંગ સ્ટેશન આ બધું બનાવી લીધું, રૂ.૮૯.૫૮ લાખનો ખર્ચો નાંખ્યા અને આ બધું જ ખર્ચાઇ ગયા પછી, ઘોડા-ગાડીની આગળ ઘોડો બાંધવાના બદલે ઘોડાગાડીની પાછળ ઘોડો જોડયો અને પછી લાંભોર તળાવને વિકસાવવાનું બંધ કર્યું. તો આ રૂ.૮૯.૫૮ લાખ આપણે ખર્ચ્યા એના માટે જવાબદાર કોણ? એના માટે કયારેય આપણે ચિંતા કરી છે? આ પૈસા આપણે કોના બરબાદ કરીએ છીએ?કરોડો રૂપિયા જી.એસ.પી.સી. માં આપણે ખર્ચ્યા, ચૂંટણી સમયે ભાષણ થયા કે ચકલી ખોલો અને પાણી નહીં તેલ આવશે અને એ (અંતરાય) લીલાધરભાઇ, ઉત્તર ગુજરાતમાં કહ્યું હતું અને ચકલી ખોલો ત્યારે પ્રજાનું તેલ નીકળી ગયું, તેલ પણ નીકળતું નથી અને પાણી પણ આવતું નથી અને ઉપર લખ્યું છે કે, બીજેપી, બહાર જઇને પી. આ જે પરિસ્થિતિમાં માનનીય રાજ્ય કક્ષાના પેટ્રોલીયમ મંત્રીશ્રી કહેતા હતા કે, હું જોરદાર જવાબ આપીશ, જોરદાર જવાબ નથી જોઇતો, સાચો

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જવાબ જોઇએ છે. મેં ગયા વખતે કહ્યું હતું કે જોરદાર રીતે આવું ખોટું કહેવાયું કે, અમને કેન્દ્ર સરકાર મંજૂરી આપે પછી જીએસપીસી એ બોર કરે છે અને વિરોધપક્ષના નેતા કહે છે એ બરાબર નથી. અમે મંજૂરી લઇને જ કરીએ છીએ. મેં વધારે અભ્યાસ કર્યો, મારે કહેવું જોઇએ કે, ડાયરેકટર જનરલ હાઇડ્રો કાર્બને ડી.એચ.જી.એ આપણા ઉનાવા બ્લોકનો બોર કરતા હતા યુ એન–એ(વન) એ પાણી વાળું નીકળ્યું, આપનો રીપોર્ટ આવ્યો, એ રીપોર્ટ ચકાસ્યા વગર આપણે યુ એન– એ (ટુ) ચાલુ કર્યું. યુ એન ટુ એમાં વોટર બેરીંગ હતું. યુ એન ટુ એ બોરીંગ કરવા માટે આપને મંજૂરી લેવી જોઇએ એમ.સી.ની. એમ.સી.ની મંજૂરીના લીધી, આપે ડી.જી.એચ.ની મંજૂરી ના લીધી અને આપે સાડી સાતસો મીટર દરિયામાં બોર ઝીકી દીધો. કરવાનું કેટલુ હતું ૨૧૦૦, આપ નહીં કરી શકયા , ૭૫૦એ પાછું રોકી દીધું, યુએનવનએ અને યુએનટુએ આ બંન્ને ન તો ડીજીએચે મંજૂરી આપી હતી ન તો એમસીએ મંજૂરી આપી હતી. અને આપે કરોડો રુપીયા જે બરબાદ કર્યા ગુજરાતની જનતાના પરસેવાના બરબાદ કર્યા અને આના કારણે મુશ્કેલી કેટલી થવાની કોન્સ્ટીટ્યુશન આર્ટીકલ ૧૫ મુજબ આપને જે ખર્ચ કરો છો એ સામે પ્રોડકશન કોસ્ટ તરીકે મળવાપાત્ર આ પૈસાની મંજૂરી વગર આપ કરો છો આ કોના પૈસા છે. We are treasurer of the Government.શું આમ ઉડાડીએ છીએ આપણે પૈસા. માનનીય દેવુસિંહભાઇ કહેતા હતા કે સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ દિલ્હીમાં મૂકવા માટે આમ કરવુ પડયું અને તેમ કરવું પડયું અરે ભાઇ આપની સરકાર હતી, અહીંથી ચૂંટાયેલા ભૂતકાળના વ્યકિત વડાપ્રધાન હતા. અહીંથી ચૂંટાયેલા નાયબ વડાપ્રધાન હતા. અમદાવાદના એરપોર્ટને નામ પણ આપ્યું હોય તો શંકરસિંહ વાઘેલા ડેલીગેશન લઇને ગયા ત્યારે આપ્યું. અમદાવાદ એરપોર્ટ પર આજે સરદાર સાહેબનું સ્ટેચ્યુ મુકવાનું કામ જો કોઇએ કર્યુ હોય તો દિનશા પટેલની મહેનતથી થયું અને સરદાર સાહેબ તો આપણા સૌના માટે સન્માનિત છે એમના જેવો નેતા ન ભૂતો ન ભવિષ્યતિ હું ગૌરવ સાથે કહુ છું, મરદ વ્યકિત હતા સરદાર વલ્લભભાઇ પટેલ કે જેમણે આર.એસ.એસ. ઉપર પ્રતિબંધ મૂકયો હતો. અને કહયું હતું કે પોઇઝન પેદા કરવાનું બીજકેન્દ્ર આ આર.એસ.એસ. છે એમ કહેનારા સરદાર વલ્લભભાઇ પટેલ હતા અને તમે એનું અપમાન પણ કરો? કેટલી હદ સુધી નીચી રાજનીતિ છે, એમ કહે કે સરદાર સાહેબે કોઇકના દબાણમાં આ નિર્ણય કર્યો હતો. અરે એ લોખંડી પુરુષ શું કોઇના દબાયા દબાય ખરા? અને જો કોઇ એવું કહેતું હોય કે કોઇના દબાણમાં દબાઇને કર્યુ તો મને લાગે છે કે સરદાર વલ્લભભાઇ પટેલનું આથી વિશેષ અપમાન બીજું શું હોઇ શકે? ખેડૂતોની વાત હોય, ચિંતાની વાત છે, આ જે ડાર્ક ઝોનનું– જજનું નિવેદન લઇને આવ્યા, મને ખૂબ આનંદ છે કે આજે જે વાત થઇ છે એનાથી ગુજરાતની જનતાએ સત્ય જાણ્યું, ૫૭ તાલુકાઓમાં ડાર્ક ઝોન મૂકવાનું ૨૦૦૩માં *(xxxx)આ જ સરકારે કર્યુ હતું. એક માણસની ગાડી ખાડામાં ખૂંચી ગઇ.

અધ્યક્ષશ્રી : (xxxx) શબ્દો પાછા ખેંચી લો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx)નથી અયોગ્ય કામ કર્યુ છે. અને એ સંજોગોમાં જયારે એની ગાડી ખૂંપી ત્યારે એ મથતો હતો અને ૨–૪ માણસો આવ્યા અને ગાડી ધકકો મારીને ખાડામાંથી કાઢી, પેલાએ સો સો રુપિયા ઇનામ આપ્યું અને કહયું કે ભાઇ તમે સારા માણસો છો, તમે કામ શું કરો છો? તો કહે કે અમે આવા જ ખાડા ખોદીએ છીએ, કોઇક ભરાય અને એને કાઢીએ અને આવા ઇનામ લઇએ છીએ. અમારો ધંધો જ આ છે. ૨૦૦૩માં પ્રતિબંધ મૂકવાનો અને ૨૦૧૨ની ચૂંટણીમાં બીક લાગે તો પ્રતિબંધ ઉઠાવીએ છીએ, પણ અમે ના અમે, ખાડા પણ ખોદીએ અને ખાડામાંથી બહાર કાઢવાનું કામ અને પીઠ પણ અમે થાબડીએ છીએ. વાંધો નહોતો મને, એમાં પણ પૂરી વાત કરવી હતી કે ડાર્ક ઝોનના તમામ ખેડૂતોને અમે ૨૦૧૨ની ચૂંટણી પહેલા પૂરા વીજળીના કનેકશનો આપી દઇશું, અરે હિંમત હોય તો જુઓ હરિયાણાના મુખ્યમંત્રીશ્રી, આજે પણ હોર્સ પાવરદીઠ કનેકશન આપે છે. હોર્સ પાવર દીઠ, એ કહી દે છે કે મારે બીજી સહાય નથી જોઇતી. હોર્સ પાવર દીઠ હું કનેકશન આપીશ. આજે તમારી એ પણ સ્પષ્ટતા નહોતી કે હોર્સ પાવર દીઠ કનેકશનો આપવાના છો? ત્રણ વર્ષમાં લાખ કનેકશનની વાત નાણા મંત્રીશ્રીના

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

પ્રવચનમાં છે. ત્રણ વર્ષ, આ વર્ષે જે ફળવાયા છે એ ૩૦ ટકા ફાળવાયા છે. અને છતાં જ્જના નિવેદનમાં કહેવાનું કે આ વર્ષે ફાળવી દઈશું અને પ્રાયોરીટી આપીશું, ૯૫ સુધીનાને પ્રાયોરીટી આપીશું, અરે આવી ગરીબોની મશ્કરી શા માટે? નીતિ સરકારની હોય તો નિયત સાફ સાથેની નીતિ હોવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષના અન્ય સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લઈ શકે એટલા માટે હું જાણુ છું કે મારો થોડો સમય વેડફાયો છે પરંતુ મારા જે સ્ટ્રાઈકીંગ પોઈન્ટ હોય છે એ તો હું લઈ જ લઉ છું. મને બહુ સમયની ચિંતા નથી. બે-ત્રણ મિનિટ ગઈ હોય તો. આ પ્રવચન પર ત્રણ દિવસ દરમિયાન રાજય સરકારની નીતિ સામેની જે વાસ્તવિકતા છે એ મારા પક્ષના સભ્યશ્રીઓ ઉજાગર કરશે એજ શબ્દો સાથે વિરમુ છું.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ ગૃહને સંબોધન કર્યું એનો આભાર પ્રસ્તાવ લઈને દેવુસિંહભાઈ આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું ત્યારે મારી વાત આ ગૃહને કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડી આરોગ્યની વાત કરવી છે. ઋષિ પરંપરા અને ઋષિ સંસ્કારિતાનો વારસો ધરાવતો આપણો આ દેશ છે. ભૂતકાળમાં ઋષિમુનીઓએ કહ્યું હતું કે આ રાજ્યના આરોગ્યની ચિંતા કરવી હોય તો એક વાત ધ્યાનમાં રાખવી પડે, **''સ્વાસ્થસ્યઃ સ્વાસ્થ્ય રક્ષણં, આતુરસ્ય વિકાર પ્રસનં ''** સ્વસ્થ વ્યકિતના સ્વાસ્થ્યનું રક્ષણ થાય અને રોગીઓના રોગો દૂર થાય. મને આ ગૃહમાં જણાવતા આનંદ થાય છે કે રાજ્યપાલશ્રીએ ગયા વર્ષના એમના પ્રવચનમાં કહ્યું હતું કે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે ગરીબો, ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ખેતમજૂરો, આદિવાસી વિસ્તારમાં રહેતા ભાઈ-બહેનો અને એમના માટે આખા વર્ષ દરમિયાન ૩.૫ કરોડ લોકોની આ સરકારે ચિંતા કરી છે, એમની ટ્રીટમેન્ટ કરી છે. એમાં ૯૮,૧૩૧ મેજર ઓપરેશનો કર્યા અને ૧.૧૦ લાખ માઈનોર ઓપરેશનો કર્યા. ૧૮.૨૨ લાખ ઈન્ડોર પેશન્ટની તપાસ કરી, ૭૨.૨૫ લાખ લોકોની આઉટડોર વિભાગમાં તપાસ કરી. એનો મતલબ સમગ્ર રાજ્યમાં ગરીબ અને મધ્યમવર્ગના માણસોની ચિંતા આ રાજ્યના આરોગ્ય મંત્રી અને મુખ્યમંત્રીએ કરી છે ત્યારે મારે એક વાત ઉપર ધ્યાન દોરવું છે કે ભૂતકાળમાં ગામડાની અંદર વાહન અકસ્માત થાય, કોઈ માણસ ત્યાં ઉભો રહેવા તૈયાર થતો ન હતો. એમને ચિંતા થતી હતી કે અહીંયા ઉભા રહીશું તો પોલીસ મારું નામ નિવેદનમાં લખશે તો મારે જવાબ દેવો પડશે. આજે સન્માનનીય ગૃહમાં કહેતાં મને આનંદ થાય છે કે કોઈ જગ્યાએ અઘટિત ઘટના બની હોય, ખેતરમાં ખેડૂત કામ કરતો હોય, ક્યાંય સર્પદંશ થયો હોય, અકસ્માત થયો હોય, માર્ગ અકસ્માત થયો હોય કે ગામડામાં ઝૂંપડામાં રહેતી બેન-દીકરીને પ્રસૂતિની પીડા થઈ હોય તો ૧૦૮ નંબરમાં ફોન જોડો અને ૧૫ મિનિટમાં આ ગુજરાત સરકારની ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા પહોંચી જાય છે. મારે વિરોધ પક્ષના સભ્યોને કહેવું છે કે તમે ૧૦૮ માં ફોન કરજો, કોઈ દિવસ એમ નહીં પૂછે કે તમે ભા.જ.પ.ના કાર્યકર છો કે કોંગ્રેસના કાર્યકર બોલો છો? આ પ્રકારની સદભાવના આ ગુજરાતના ભા.જ.પ.ના શાસનમાં ચાલે છે. ઘણા મિત્રોએ એક પત્રિકા છપાવી હતી કે આ યોજના કેન્દ્રની છે. (અંતરાય) બધા રાજ્યોની વાત કરવા માગું છું. રાજ્ય અને કેન્દ્રની ગ્રાન્ટ એ બંધારણીય અધિકારની રૂએ મળતી હોય છે. આજે ગુજરાતમાં ચૂંટાયેલી સરકારે એ ગ્રાન્ટનો કેવી રીતે ઉપયોગ કરીને એનું આયોજન કરીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૧૦૮ની આ યોજનાને એવોર્ડ મળ્યા છે. બીજા રાજ્યોની વાત કરે છે. બાજુમાં રાજસ્થાન રાજ્ય છે. ત્યાં આરોગ્યનું કામ કરતા ભંવરીદેવી ખોવાઈ ગયા, આરોગ્ય મંત્રી ખોવાઈ ગયા, ૬-૭ મિનિસ્ટરો ખોવાઈ ગયા અને ૪-૫ લોકો રાહ જુએ છે કે મારું નામ તો નથી ને? જે ગ્રાન્ટ ગુજરાતને મળે છે એ જ ગ્રાન્ટ રાજસ્થાનને મળે છે. આ ભંવરીદેવી ખોવાઈ ગયા એ તો નથી મળતા પણ બે દિવસ પહેલા એમની દીકરીનું નિવેદન હતું,

**અધ્યક્ષશ્રી** : આપ આભાર પ્રસ્તાવ ઉપર વાત કરો.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : એના ઉપર વાત કરું છું. બીજા રાજ્યોની વાત કરી એટલા માટે કે ભંવરીદેવીની દીકરી એમ કહે છે કે મારા લોહીના નમૂના લેવાનું તો બંધ કરો. આ પ્રકારની પરિસ્થિતિ બીજા રાજ્યોમાં ઉપસ્થિત થઈ છે ત્યારે ગૌરવ સાથે કહેવું છે કે આ રાજ્યમાં ૧૦૮નું સફળ સંચાલન થાય છે, આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળે છે અને જે પ્રકારે ૧૦૮ ગ્રામ્ય વિસ્તારમાં જાય છે, ગરીબ વિસ્તારમાં જાય છે અને

છેવાડાના માનવીને, સિટીમાં રહેતા હોય એને ખબર ન હોય પણ ગામડામાં અંતરિયાળ વિસ્તારમાં ડુંગરોની ખીણમાં અને કોતરોમાં રહેતા હોય અને એવા વખતે બહેનોને પ્રસૂતિની પીડા ઉભી થઇ હોય ત્યારે વ્યવસ્થા મળે છે.મને ખબર છે કે આ રાજ્ય સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને ગૃહમાં સતત અભિનંદન શું કામ આપવા પડે છે? શું કામ આ બધી પરિસ્થિતિ ઊભી થાય છે? આજે Intensive Care Unit on Wheel નામની અતિ સુસજ્જ સેવા પણ ૨૪ જિલ્લામાં સરકારે ચાલુ કરી છે. સમગ્ર દેશમાં ગુજરાત જ એક એવું રાજ્ય છે કે જેણે છેલ્લા પાંચ વર્ષમાં તબીબી શિક્ષણ ક્ષેત્રે ખૂબ ક્રાંતિકારી નિર્ણય લીધો છે. ઘણાં બધા કોંગ્રેસના મિત્રો આંદોલન કરતા હતા કે ગામડાના દવાખાનામાં એમ.બી.બી.એસ., એમ.ડી., ગાયનેકોલોજિસ્ટ, આર્યુવેદિક ડોકટરો નથી. મિત્રો ૧૯૬૦ થી ૧૯૯૫ સુધીની તમારી સરકારમાં જ્યારે આ અભ્યાસક્રમોની સીટો વધારવાનો વિચાર નથી કર્યો એની મુશ્કેલી આજે અમે ભોગવીએ છીએ. માટે ગૃહની સમક્ષ કહેતાં આનંદ થાય છે કે ભૂતકાળની સરકારોએ મેડીકલ ક્ષેત્રે, પેરામેડીકલ ક્ષેત્રે એમ.ડી., એમ.એસ.ના અભ્યાસક્રમોમાં સીટોની ક્યારેય ચિંતા કરી નથી એના પરિણામે આજે આપણને ઉચ્ચ શિક્ષણના એજ્યુકેટેડ ડોકટરોની આવશ્યકતા હોય તેવા ડોકટરો મળતા નથી. છેલ્લા ૩ વર્ષમાં સમગ્ર દેશમાં ક્રાંતિકારી નિર્ણય આ રાજ્યના મુખ્યમંત્રી અને જયનારાયણભાઇએ કરી અને ૧૦૦૦ કરતાં વધારે એમ.બી.બી.એસ.ની સીટો વધારી આવનારા દિવસોમાં, આવનારા ગુજરાતની આવતીકાલના આરોગ્યની ચિંતા માટે જે ક્રાંતિકારી નિર્ણય કર્યો છે. મેડિકલ ક્ષેત્રની અંદર સીટો વધારી એટલું જ નહિ મેડિકલ કોલેજોમાં પ્રોફેસરોની ઘટને પૂરી કરવા માટે પેરામેડિકલ ક્ષેત્રેની અંદર અને પીજી કોર્ષની અંદર સીટો વધારી એ ખૂબ આવકાર્ય નિર્ણય છે. આવનારા દિવસોમાં ગ્રામ્ય વિસ્તારોમાં એમ.બી.બી.એસ. ડોકટરો સેવા આપી શકે એવા પ્રકારનો આ નિર્ણય છે. આજે ગામડામાં યુ.પી. અને બિહારના ડોકટર મિત્રોની આપણે સેવા લેવી પડે છે. ગામડાના આરોગ્ય સેન્ટરોની સ્થિતિ શું થઇ છે તે આપણે બધા જાણીએ છીએ. મિત્રો આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે જે પ્રકારે પાટલીઓ થપથપાવવાની જરૂર નથી. ૪૦ વર્ષમાં તમારા વડીલોએ ક્યારેય મેડિકલ ક્ષેત્રની ચિંતા કરી નથી અને આ ગુજરાતની પ્રજાને અદ્ધરતાલ મૂકી હતી એના કારણે આજે આ ડોકટરોની ઘટ છે. આજે પાટલીઓ થપથપાવવી પડે એ પ્રકારે એમ.બી.બી.એસ. ડોકટરો, એમ.ડી. ડોકટરોની સીટો વધી છે એના પરિણામે આવનારા દિવસોમાં ગ્રામ્ય વિસ્તારમાં આ સેવાઓ પૂરી પાડી શકાશે. આજે ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબ ઘર હોય, ખેતીવાડીના ધંધામાં જોડાયેલો માણસ હોય એમના ઘરે બેન–દીકરીઓને પ્રસૂતિની પીડા ઊભી થાય એવા સમયે ઘરે ને ઘરે પ્રસૂતિઓ થતી હતી. આજે ચિરંજીવ યોજનાના લીધે ડીસેમ્બર–૨૦૧૧ સુધીમાં ૧૦.૮ લાખ જેટલી સફળ પ્રસૂતિઓ હોસ્પિટલોમાં થઇ છે અને એનાથી આગળ કહું તો સંસ્થાકીય પ્રસૂતિનો દર પહેલા ૫૧ ટકા હતો. આજે ૯૩ ટકા થયો છે. માતા અને બાળકના મૃત્યુ દરમાં ખૂબ નોંધપાત્ર ઘટાડો થયો છે. આ ચિરંજીવ યોજનામાં ખૂબ સફળતાપૂર્વક કામ થાય છે. સરકારી દવાખાનામાં એમ.ડી. ગાયનેક ડોકટર ના હોય તો પ્રાઇવેટ દવાખાનામાં પણ આ ગાયનેક ડોકટરને ત્યાં આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરીને ખૂબ મોટું કામ થયું છે. બાળ મરણ ઘટાડવા માટે બાળ સખા યોજના થઇ. લગભગ ૨.૧૦ લાખ બાળકોની સેવા ચાલુ વર્ષ દરમ્યાન આપવામાં આવી અને એનાથી આગળ કહું આ ગુજરાતની આવતીકાલ તંદુરસ્ત થાય એના માટે બાળકો નીરોગી રહે એના માટે લગભગ ૮.૫૦ લાખ બાળકોનું સંપૂર્ણ રસીકરણ કરવાનું કામ આ ગુજરાત સરકારે કર્યુ છે. એટલા માટે modern science કહે છે કે Prevention is better than cure આ સૂત્રને સાર્થક કરવા માટે બાળકોનું સ્વાસ્થ્ય જાળવવા માટે રસીકરણનું કામ ખૂબ સારી રીતે થયું છે. શાળા આરોગ્ય તપાસણી અને અન્ય આરોગ્ય ક્ષેત્રની અંદર જે સિદ્ધિઓ ગુજરાત સરકારે મેળવી છે એ ખરેખર સમગ્ર દેશને ઉદાહરણરૂપ સિદ્ધિઓ છે એના માટે આરોગ્ય મંત્રી અને મુખ્યમંત્રીનો આભાર માનું છું અને મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને મારું સમર્થન કરું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર–પાવી) :** માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી દેવુસિંહભાઇ ચૌહાણ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે કે, " વરની માં વરને જ વખાણે ". વર પક્ષની બહેનો જેમ

લગ્નમાં ગીતો ગાય કે, " અમારે લંગડે બેટેને જગ જીત્યો રે લોલ, એટલે કન્યા પક્ષની બહેનો પણ ગીતો ગાય કે, અમારી કાણી બેટીને જગ જીત્યો રે લોલ". એટલે સરકારની વાહ વાહ કરવાનું કામ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં સરકારે જ આ વાત કરીને આપી છે. એટલે મને એમ લાગે છે કે, સદભાવના યાત્રાની પહેલી વાત એમણે કરી કે, છત્રીસ દિવસ સુધી સદભાવના યાત્રા ગુજરાતમાં થઇ. સાહેબ, હું એ વિચાર કરતો હતો કે, ૨૦૦૨માં સમગ્ર ગુજરાતમાં કોમી તોફાનો થયા, હજ્જારો હિન્દુઓ હોય, મુસ્લીમો હોય, હજ્જારો લોકોના મૃત્યું થયા, હજ્જારો લોકોની મિલકતો સળગાવી દીધી, લૂંટાઇ ગઇ, લોકો બેહાલ થઇ ગયા તે વખતે ગુજરાતની ઘરતી પર ગૌરવ યાત્રા કાઢી. સમગ્ર ગુજરાતમાં ગૌરવ યાત્રા કાઢી તે વખતે સદભાવના યાત્રા કાઢી હોત તો હજ્જારો લોકોને સાંત્વના મળત પણ તે વખતે સદભાવના યાત્રા નહીં પણ ગૌરવ યાત્રા કાઢી. હવે આ વખતે સદભાવના યાત્રા કાઢીને એક સદભાવના યાત્રામાં પાંચસો જેટલી એસ.ટી.ની બસો લઇ જવામાં આવે છે. તો છત્રીસ  સદભાવના યાત્રાઓ થઇ એમાં અઢાર હજાર જેટલી એસ.ટી.ની. બસો લોકોને લાવવા અને લઇ જવા માટે મૂકવામાં આવી. ગુજરાતના કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ, મામલતદારો, તલાટીઓ, ગ્રામસેવકો તમામ લોકો સદભાવના યાત્રામાં હાજર રહે અને લોકોના જે કામો હોય, ૭x૧૨, ૮–અ, નમૂના નંબર–૬ હોય એવા કોઇપણ કામો લોકોના ન થાય તો સદભાવનાયાત્રાથી કરોડો રૂપિયાનું નુકસાન આખરે ગુજરાતની પ્રજાને થવાનું છે. ૧ લાખ, ૩૭ હજાર કરોડનું દેવું ગુજરાતના માથા ઉપર છે અને આવી સદભાવના યાત્રાઓ કાઢીને કરોડો રૂપિયાનું દેવું આખરે ગુજરાતની પ્રજાના માથા ઉપર આવવાનું છે. મારી તો એક જ લાગણી છે કે, ૨૦૧૪માં ગુજરાતના જુદા જુદા અનેક વિભાગોમાંથી અનેક લોકો નિવૃત્ત થઇ જવાના છે. ૨૦૧૪માં જયારે નિવૃત્ત થશે, આમ તો એમ કહે છે કે, ૨૦૧૧ સુધીમાં ૨૫ હજાર જેટલા યુવાનોને નોકરી આપવાનું કામ આ સરકારે કર્યું છે પણ ૧૦ લાખ જેટલા શિક્ષિત બેરોજગારો એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જમાં નોંધાવીને બેઠા છે. એવા લોકોને આજે નોકરીઓ મેળવવા માટે તલાટીની જગ્યા હોય, પોલીસની જગ્યા હોય, કોઇ પણ જાહેરાતો બહાર પડે એમાં અરજીઓ કરે છે પણ નોકરીઓ મળતી નથી. હવે જયારે ૨૦૧૪માં નિવૃત્ત થવાના છે ત્યારે મારું તો એટલું જ કહેવું છે કે, ૧ લાખ, ૮૭ હજાર, ૬૨૭ જેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે તેની સામે પંચાયત વિભાગ, શિક્ષણ વિભાગની થઇને ૨૬,૪૪૨ જગ્યાઓ ખાલી છે. શિક્ષણ વિભાગની ૭,૯૮૭ જેટલી જગ્યાઓ ખાલી છે, આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની ૧૧,૩૪૯ જેટલી જગ્યાઓ ખાલી છે, શ્રમ–રોજગારની ૫,૪૬૬ જેટલી જગ્યાઓ ખાલી છે. કુલ જે જગ્યાઓ ખાલી છે એ ૬૨,૫૧૫ જેટલી જગ્યાઓ આ ૧૮ વિભાગોમાં ખાલી છે.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની કોઇપણ હકીકત સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવી હોય તો એનો આધારભુત સંદર્ભ આપવો જોઇએ. એ જો કોઇ લેખકનું પુસ્તક હોય તો એનો પાન નંબર, આવૃત્તિ, પ્રકાશકનું નામ આપવું જોઇએ અને ત્યારબાદ જ આ હકીકત મુકી શકાય. છાપામાં આવેલા અહેવાલોના આધારે કોઇપણ (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** સોશ્યો ઇકોનોમીક સર્વે છે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : તો એ આપોને? માનનીય નેતાશ્રી એમણે આ સંદર્ભ આપવો જોઇતો હતો. માનનીય શકિતસિંહજી એમણે એ સંદર્ભ આપવો જોઇતો હતો.

**અધ્યક્ષશ્રી :** આપ કઇ બુકમાંથી કહો છો? (અંતરાય)

**શ્રી મોહનસિંહભાઇ રાઠવા ઃ** આજે દાખલ કરેલું છે.

**અધ્યક્ષશ્રી :** એ ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી મોહનસિંહ રાઠવા ઃ** હા, હું મૂકી દઇશ પણ મારી એટલી જ લાગણી છે કે ૨૦૧૪માં બધા નિવૃત્ત થઇ જશે ત્યારે ગુજરાતમાં આટલી બધી જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ ભરવા માટે સરકાર અત્યારથી જ વ્યવસ્થા કરે એવી મારી લાગણી છે. ગરીબ કલ્યાણ લોન મેળા દ્વારા લગભગ ૫૭.૪૨ લાખ લોકોને સહાય આપવામાં આવી છે. જે કોઇ યોજનાઓ ગુજરાતમાં ચાલતી હતી એ તમામની સહાય,

સબસીડીની રકમો અત્યાર સુધી મળતી હતી પણ આ વખતે નવી પ્રથા કરીને લગભગ ૬૪૨ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ થયા. આ તમામ ગરીબ કલ્યાણ મેળામાં એસ.ટી.માં જ લોકોને લાવવામાં આવે છે અને લઇ જવામાં આવે છે. માધ્યમિક શાળામાં ભણતા, કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને એસ.ટી.ની સુવિધા નહીં મળે, કોઇ બીમાર હોય એને એસ.ટી.ની સુવિધા નહીં મળે, કોઇના કોર્ટના કેસ હોય એને પણ સુવિધા નહીં મળે અને વીસ વીસ હજાર રૂપિયાના ચેકો જેને આપેલા છે એને આ રકમો પણ મળતી નથી એવા દાખલાઓ નામ સાથે છે. વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા માટે સરકારે જાહેરાત કરેલી. ૨૦૦૨માં વિદ્યાલક્ષ્મી બોન્ડમાં જે છોકરી પહેલા ધોરણમાં દાખલ થાય એ સાતમુ ધોરણ પૂરું થયા પછી આઠમા ધોરણમાં પ્રવેશ કરે એટલે વ્યાજ સાથે વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ આપી દેવાની જોગવાઇના, અનેક મોટા મોટા હોર્ડીંગો હતા પરંતુ આજ સુધી આદિવાસી વિસ્તારના તાલુકામાં વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ મળતી નથી એના માટે મેં શિક્ષણ વિભાગના નાયબ સેક્રેટરી ભરતભાઇને લખેલું તો એમણે એમ કહ્યું કે થોડા દિવસમાં વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ બધાને મળી જશે પણ આજ દિન સુધી વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ મળી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય રાજસીભાઇ,

**શ્રી રાજસીભાઇ જોટવા (સોમનાથ)** ઃ માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલના સંબોધનમાં આભાર પ્રસ્તાવ દેવુસિંહ ચૌહાણ લઇને આવ્યા છે એને હું સમર્થન આપી મારા વિચારો એમાં રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : આપની પાસે આઠ મિનિટ છે.

શ્રી રાજસીભાઇ જોટવા ઃ માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ સૌનો વિકાસ આ સુત્ર જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતની અંદર લઇને આવ્યા છે ત્યારે દરેક વિભાગ, દરેક ક્ષેત્રની અંદર હરણફાળ વિકાસ થઇ રહ્યો છે. ત્યારે મારે આ ગૃહની અંદર જે વાત મુકવાની છે એમની અંદર ગુજરાત રાજયની સ્થાપના થઇ ત્યારથી પચાસ વર્ષથી આમની નહીં તો આમની સરકાર કોઇને કોઇ સત્તા ઉપર બેઠું છે. ગામડાંઓ અને ગામડાંઓની પંચાયતોની સ્થિતિ શું હતી એની વાત મારે આપના મારફત કરવી છે. ભુતકાળમાં ૩૫-૩૫ વર્ષ સુધી ત્યારે ગામડાંની અંદર પંચાયત હોય તો એમાં કોઇ સુવિધા ન મળે, કોઇ રસ્તો ન મળે, કોઇ આરોગ્યની સુવિધા ન મળે અને છેવટે સ્થિતિ એ થાય.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઇ, આપ તમારી ચેર ઉપર આવી જાવ અને કુંવરજીભાઇ આપ પણ તમારી ચેર ઉપર આવી જાવ.

**શ્રી રાજસીભાઇ જોટવા** ઃ માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે ગુજરાતના ગામડાઓ એકતરફ ભાંગતા ગયા અને લોકો શહેર તરફ દોટ મૂકતા ગયા, ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના છેલ્લા દસકામાં ગામડાનો વિકાસ અને પંચાયતને વધુ સત્તા માટેના સપના ગુજરાતની ૬ કરોડની જનતા જોતી હતી, તે આદરણીય અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને પંચાયત મંત્રીશ્રી નરોત્તમ કાકા જે ૧૦ વર્ષમાં લઇને આવ્યા છે અને આપ્યું છે. એને હું બિરદાવું છું. ગામડાની અંદરથી આવતા હોય ત્યારે આજનું ગામડું કેવું છે અને ભૂતકાળનું ગામડું કેવું છે તેની વાત કરવાની છે. અહીથી વારંવાર કહેવામાં આવતું મારા વિરોધ પક્ષના મિત્રો કહેતા હતા સદભાવનાની વાતો કરતા હતા. ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ગુજરાતની ૬ કરોડની જનતા માટે સદભાવના કરી રહ્યા હોય ત્યારે મારા સોમનાથમાં સદભાવનાનો પ્રોગ્રામ હતો. એની અંદર ૧ લાખ ૨૫ હજાર માણસોએ માનનીય મુખ્યમંત્રીશ્રીને હાથ મીલાવીને મળ્યા હતા અને તે વખતે ૧૦૮ વર્ષના એક માજી જે સુત્રાપાડા તાલુકાની ગોરખમંડી ગામમાંથી આવ્યા હતા. એમણે કહ્યું હતું કે હું ૮૭ વર્ષથી હું મારા ઘરની બહાર નથી નીકળી, પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી સોમનાથના દ્વાર પર ગુજરાતના વિકાસની વાત લઇને આવ્યા છે અને કાલે હું હોઉં પણ નહિ, પણ આશીર્વાદ આપવા માટે આવી છું. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનું કોઇ નામ લે તો વિરોધપક્ષના મિત્રો વારંવાર ઉભા થઇ જાય. કોંગ્રેસની ભૂતકાળની વાત કરવાની છે. ૧૯૮૫ માં હું સરપંચ તરીકે આજવી ગ્રામ પંચાયતમાં આવ્યો. ત્યારે મારા સપનાં હતાં કે મારે ગામનો વિકાસ કરવાનો છે, ગામની સેવા કરવાની છે. ૧૯૮૭ માં ૫૦૦૦ થી વધુ વસતી વાળા ગામની વહીવટી મંજૂરી જિલ્લા કક્ષાએથી થતી હતી. ત્યારે જૂનાગઢ જિલ્લાની અંદર પ્લોટની ફાળવણીની ફાઇલ ૧૯૮૭ માં મૂકી. એ ફાઇલ ફરતી ફરતી મિત્રો ૧૯૯૦ ની સાલ આવી. એકમાંથી વીસ કાગળ થયા. આપની સરકારે, જિલ્લા પંચાયતે

કોઇએ મંજૂરી ન આપી. ગરીબ માણસને પ્લોટ આપવાનો કોઇએ પ્રયત્ન ન કર્યો. જયારે ગરીબ કલ્યાણ મેળાની વાત કરો છો ત્યારે કહેવું છે કે ગરીબ કલ્યાણ મેળો કોને કહેવાય? એ ગરીબ કલ્યાણ મેળા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી રહ્યા છે. એ સોમનાથમાં થયા ત્યારે ૧૯૮૭ ની ફાઇલ જે ધૂળ ખાતી હતી એ રાત્રે અમારી પાસે આવીને અધિકારી દ્વારા કહેવામાં આવ્યું કે તમારા પ્લોટ કયાં આપવાના છ ? રાત્રે આવીને સરપંચને કહે અમે પ્લોટ આપીએ છીએ. એટલે મારું કહેવાનું તાત્પર્ય એ છે કે આજના જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ, ગામ કક્ષાએ પટાવાળાથી માંડીને કલેકટર સુધી કર્મચારી કર્મયોગી બન્યો છે. કામ કરતો થયો છે. ભૂતકાળમાં યાદ ન આવ્યું, ધ્યાન ન દીધું. અહીથી બાબુભાઇ દેશી ભાષામાં કહેતા હતા કે, " **બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી** " એવી કંઇક વાતો કરતા હતા. ત્યારે વાત કરવી છે કે જ્યારે એક વખત ૧૯૮૭ માં કોંગ્રેસની સરકાર હતી અને ગુજરાતની અંદર ગામડાઓને ફકત ૧૦,૦૦૦ ની જવાહર રોજગાર યોજનાની જાહેરાત કરી. અમે કઇક આપવાના છીએ. ત્યારે એ વખતના મુખ્યમંત્રીશ્રી સ્વ. અમરસિંહ ચૌધરી અને સ્વ.મંત્રીશ્રી વલ્લભભાઇ આપણા વચ્ચે આજે હાજર નથી. એની હાજરીમાં સૌરષ્ટ્રની અંદર રાજકોટ મુકામે સરપંચનું સંમેલન બોલાવ્યું અને સંમેલનની અંદર કહેવામાં આવ્યું અને રેકર્ડ ઉપરના, પેપર ઉપરના શબ્દો છે. મારા નથી. ૧૦,૦૦૦ ની રકમ અમો ગામડાઓને આપીએ છીએ. ૧૦,૦૦૦ની રકમ માટે સૌરાષ્ટ્ર આખું ભેગું કર્યુ. બસો લઇ આવ્યા, વાહનો લઇ આવ્યા. તમે ભેગું કર્યુ હતું. તમે મુખ્યમંત્રી હતા.આજે કોઇ કરે છે તો કેમ તકલીફ પડે છે? મિત્રો, આના માટે મારે એ કહેવું છે કે, તમે કંઇ કર્યુ નથી તો કોઇ કરે છે એમાં આડખીલીરૂપ ના બનો. સરકાર આજે આપવા માગે છે અને ગામડાની સ્થિતિ આજે બદલાઇ રહી છે, ગામડુ શહેરની સ્પર્ધા કરી રહ્યું છે, ગામડુ શહેરની સમકક્ષ ચાલે છે ગામડાની અંદર આજે રોડ, રસ્તા, આરોગ્યની સુવિધાઓ મળતા થયા છે ત્યારે મિત્રો, આ હિસાબનો જવાબ તો હવે ડિસેમ્બર, ૧૨માં ગુજરાતની છ કરોડની જનતા અમને અને તમને આપશે એ સ્વીકારીને ચાલજો અને માનનીય સભ્યશ્રી દેવુસિંહભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને સમર્થન આપીને મારી વાત પૂરી કરૂં છું.

**શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) :** માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય મહોદયશ્રી રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આ સભાગૃહના માનનીય સભ્યશ્રી દેવુસિંહભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં જયારે ગુજરાત રાજય એક મોડલ સ્ટેટ બની રહયુ છે, આખોય દેશ જેની નોંધ લે છે, જયારે ગુજરાતનો સામૂહિક વિકાસ થઇ રહયો છે ત્યારે ગુજરાત રાજયના લોકો તો માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપે પણ ભારત દેશના લોકો, રાષ્ટ્રના અને વિદેશના લોકો પણ આપે અને એમાં સામે બેઠેલા પક્ષના લોકોની વાત સમજી શકાય પણ છેલ્લા દશ વર્ષમાં જે કૃષિ ક્ષેત્રે જે હરિયાળી ક્રાંતિ કરી છે, આ રાજયના પચાસ લાખ ખાતેદાર ખેડૂતો આ ગુજરાતમાં વર્ષોથી ખેતી કરતા આવ્યા છે. પણ છેલ્લા દશ વર્ષમાં ગુજરાતના ખેડૂતો જે પગભર થયા છે, ગુજરાતના ખેતમજૂરો જે આગળ આવ્યા છે, આજે ભારત દેશનો કૃષિ દર જયારે ત્રણ ટકા હોય અને ગુજરાતનો કૃષિ દર ૧૧ ટકાએ પહોંચવાનો હોય ત્યારે વિરોધપક્ષના લોકો ગમે તેવી વાત કરે પણ આજે ગુજરાતનો ખેડૂત એ સ્વીકારવા તૈયાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલીસ ચાલીસ વર્ષ સુધી ગુજરાતમાં ખાસ તો સૌરાષ્ટ્રની નદીઓ સૂકીભઠ્ઠ પડી હતી તો ચાલીસ વર્ષ સુધી માનનીય શકિતસિંહજી આપને આ વિચાર ના આવ્યો, માનનીય રાઘવજીભાઇને તો પાણી પુરવઠાની જવાબદારી આપી હતી અને પોતે ખેડૂતપુત્ર છે પણ એમને આ વિચાર ના આવ્યો. માનનીય મુખ્ય મંત્રીશ્રી તો ખેડૂત પુત્ર નથી પણ એ ખેડૂતના ખોળામાં ઉછળીને મોટા થયા છે એટલે ખેડૂત વિચારધારાને વરાયેલા છે સમગ્ર સૌરાષ્ટ્રમાં હજારો લાખો ચેકડેમો બાંધીને સૌરાષ્ટ્રને હરિયાળી ક્રાંતિમાં ઉમેરો કર્યો છે. મને કહેતાં ગૌરવ થાય છે કે, (અંતરાય) માનનીય કેશુબાપાએ આ યોજનાઓ સાઇઠ ચાલીસની કાઢી પણ એને વધારી વધારીને માનનીય નરેન્દ્રભાઇએ એને એંસી વીસની યોજના બનાવીને વધારીને એની ઉપર મોરપીંછ લગાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાનો માણસ એમના બાળકોને અંધારી ઓરડીમાં રાખીને ચાલીસ ચાલીસ વર્ષથી ગોંધાવીને બેઠો હતો, માનનીય શકિતસિંહજીભાઇ કહેતા હતા કે આ સરકાર, આ ઘોડો ઉંઘો

ચાલે છે, માનનીય શક્તિભાઇ, આપ તો શક્તિશાળી છો. આ ચૂંટણી આવે ત્યારે આ ઘોડો જોજો કે કેમ ચાલે છે ઉંધો કે સવળો એ ગુજરાતની પ્રજા કહેશે. ગુજરાતની પ્રજા વાટ જોઇને બેઠી છે ગુજરાતની પ્રજા બહુ સંસ્કારી છે, જાગૃત છે. સદભાવના મિશન આ રાજ્યના મુખ્યમંત્રી લઇને આવ્યા અને ૩૬ દિવસ સુધી ઉપવાસ કર્યા લાખો લાખો માણસો પોતાના ખર્ચે બસમાં બેસીને મુખ્યમંત્રીના દર્શન કરવા જતા હતા. સદભાવનાની સામે સત્તકર્મ લાવ્યા, હવે એ સત્તકર્મ શું બતાવશે એ ૬ મહિના પછી પ્રજા કહેશે. પણ સદભાવનાએ તો આખા દેશમાં ડંકો વગાડ્યો અને દેશ-વિદેશના જુદા જુદા લોકોએ એની નોંધ લીધી. મારે આપને આ દેશના પૂર્વ વડાપ્રધાન માનનીય અટલબિહારી વાજપેયીજીએ એક સૂત્ર બહાર પાડ્યું હતું કે, દરેક ખેતમાં પાણી અને દરેક ખેડૂતના હાથમાં કામ. " **हर हाथमें काम और हर खेतमें पानी** " આજે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ આ સુત્રને સાકાર કરી બતાવ્યું છે. માનનીય રાઘવજીભાઇ, કેનાલની વાત કરો છો તો તમે સૌરાષ્ટ્રનું બજેટ જુઓ તો ખ્યાલ આવે કે એની પાછળ બજેટમાં કેટલા રૂપિયા ફાળવ્યા છે? કૃષિમાં આજે ઉત્પાદન વધ્યું છે. મને કહેતા ગૌરવ થાય છે કે આખા દેશમાં ગુજરાત અનેક ક્ષેત્રે વિકાસના પંથે ચાલી રહ્યું છે. જ્યોતિગ્રામ યોજના હોય, શિક્ષણનું કાર્ય હોય, આરોગ્યનું હોય આજે ભારત દેશની સરકાર ગુજરાત રાજ્યને મોડેલ કેસ બનાવીને વિરોધ પક્ષની સરકાર ગુજરાત સરકારને ઇનામો આપે છે. મારે સામે બેઠેલા મારા મિત્રોને કહેવું છે કે, છેલ્લે મોહનસિંહભાઇએ કહ્યું કે વરની માં તો વરને જ વખાણેને! મોહનસિંહભાઇ ૪૦ વરસ સુધી વરની માં એ વરને વખાણ્યાં પછી ૪૦ વરસ પછી ખબર પડી કે આ વરમાં કાંઇ લેવાનું નથી અને પછી વર બદલાવ્યો અને વર બદલાવ્યો એટલે બેડો પાર થઇ ગયો આ ગુજરાતની પ્રજા ભાગ્યશાળી છે.

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલના પ્રવચનમાં પાના નંબર ૧૦ ઉપર કૃષિ વિભાગમાં જણાવેલ છે કે, મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે, છેલ્લા દસ વરસમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ દર આશરે ૩.૩ ટકા છે અને ત્યાર પછીના ફકરામાં લખ્યું છે કે અનાજ સુરક્ષા અભિયાન હઠળ ગુજરાતમાં છેલ્લા દસ વરસમાં વિક્રમી ઉત્પાદન થયું છે. આ સન્માનીય ગૃહમાં રાજ્યની સરકાર દ્વારા આ વિકાસ કાર્યક્રમની જે બજેટની બૂક આપવામાં આવી છે અને વિકાસ કાર્યક્રમની તમે જે બૂકો આપી છે ૨૦૦૮થી આ બધી બૂકોની અંદર જ તમે તમારો જવાબ આપ્યો છે એના આંકડા હું તમને આપવા માગુ છું. ૨૦૦૨ થી ૨૦૦૭માં રાજ્યમાં ચોખા, ઘઉં, જુવાર, બાજરી, મકાઇ, ધાન્ય મગફળી, દિવેલા, તલ, રાઇ,કપાસ, શેરડી, તમાકુનો સરકારનો જે લક્ષ્યાંક હતો એમાં ચોખાનો લક્ષ્યાંક ૬૯,૫૦૦૦ ટન અને પાંચ વરસમાં જે ઉત્પાદન થયું તે ૪૩,૧૪૦૦૦ ટન એટલે અડધું ઉત્પાદન થયું. આમાં જે ૧૩ આઇટમ આપી છે એ ૧૩ આઇટમમાં તમે તમારું આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જે વિકાસની વાત કરવાવાળી સરકાર છે એણે જે વિકાસના આજે આ આંકડા આપ્યા છે..

અને દસમી પંચવર્ષીય યોજનામાં ઉત્પાદનનો જે લક્ષ્યાંક નક્કી કર્યો છે એમાં એક પણ લક્ષ્યાંકમાં પચાસ ટકાથી આગળ વધી શક્યા નથી અને આ વિધાનસભા ગૃહમાં તમે આંકડા આપ્યા છે ત્યારપછી પાંચ વર્ષ પછી એમને ખબર પડી કે આપણે આ લક્ષ્યાંક આપ્યા, મોટી મોટી વાતો કરી પણ હવે આ લક્ષ્યાંકો થોડાંક ઘટાડી નાંખીએ. એટલે ૨૦૦૭ થી ૨૦૧૨ની પંચવર્ષીય યોજનાનો લક્ષ્યાંક ઘટાડ્યો. એ ઘટાડ્યા પછી એમની ગણતરી હતી કે આ લક્ષ્યાંક ઘટાડ્યા પછી આપણે એવી જાહેરાત કરશું કે લક્ષ્યાંક આટલો હતો અને આટલો થયો. પણ એમાં પણ છેલ્લી આપણી બુક આવી છે એમાં ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ માં એકપણમાં તમારો લક્ષ્યાંક તમે સિદ્ધ કરી શક્યા નથી. બધા આંકડા હું આપતો નથી. પણ ચોખાની અંદર ૨૦૦૭-૦૮માં લક્ષ્યાંક હતો ૧૫ લાખ ૬૧ હજાર ટનનો. એની સામે ૮ લાખ ૩૯ હજાર ટન ચોખાનું ઉત્પાદન થયું. એવી જ રીતે ઘઉંની અંદર ૩૬ લાખ ૫૩ હજાર ટનનો લક્ષ્યાંક હતો. એની સામે ૧૩ લાખ ૫૩ હજાર ટનનું ઉત્પાદન થયું એવી જ રીતે આ બધા જ આંકડા મારી પાસે છે અને આ આંકડા પ્રવૃત્તિ વિકાસ કાર્યક્રમની અંદરથી લીધેલા છે ત્યારે આ રાજયની અંદર વિકાસની વાત કરે છે અને હમણાં આજે જાહેરાત કરવામાં આવી અગાઉ બજેટની પણ વાત કરવામાં આવેલી ખેડૂતલક્ષી બજેટ છે ત્યારે હું સમજું છું કે આ સન્માનનીય ગૃહના તમામે તમામ સભ્યોની ચિંતાનો વિષય છે કે આ રાજયની અંદર ક્યાંક રોડ થાય ક્યાંક બિલ્ડીંગ થાય આપણી પાસે ટી.વી. આવે, મોટરસાયકલ આવે કે ફોરવ્હીલ આવે એનાથી આપણે બહુ

કંઇ હરખાઇ જવાની જરૂર નથી. આ દેશની અંદર અને આ રાજયની અંદર તમામે તમામ જે રાજકીય લોકો છે એ બધાની ચિંતાનો વિષય છે ગુજરાતનો આંકડો અને ભારત દેશનો સમગ્ર આંકડો ૪૫ ટકા બાળકો કુપોષણથી પીડાય છે અને ભારતમાં ૧૩ સેકન્ડે એક બાળક કુપોષણથી પીડાતુ હોવાથી મૃત્યુ પામે છે એટલે આને વિકાસ ના કહેવાય આ રાજયની અંદર પણ ૪૫ ટકા બાળકો કુપોષણથી પીડાય છે. અહીંયા સરકારે આંકડો આપ્યો કે ૨૦૦૧માં રાજયના ખેડૂતોને જે વીજળી ઉત્પાદન થતું ૨૦૦૧-૦૨માં એમાંથી ૪૩.૧૪ ટકા વીજળી આ રાજયના ખેડૂતોને આપવામાં આવતી અને અત્યારે ખેડૂતોની વાત કરવાવાળી સરકાર ૨૧.૧૦ ટકા એટલે બાવન ટકા વીજળી આ રાજયમાં ઉત્પાદન થાય છે એમાંથી આ રાજયના ખેડૂતોને ફકત ૨૧ ટકા વીજળી મળે છે. અગાઉ કોંગ્રેસની સરકારમાં હાજરમાં કનેકશનો આપવામાં આવતા. અત્યારે વાત કરે છે કે એક લાખ કનેકશન આપીશું પણ ૪ લાખ ૫૫ હજાર પેન્ડીંગ છે એનું શું? બાકીના ૩ લાખ ૫૫ હજાર ખેડૂતોના પેન્ડીંગ કનેકશનનું શું? અહીંયા સદભાવનાની બહુ વાતો થઇ. મારે દેવુસિંહભાઇને પુછવું છે કે જ્યારે પશ્ચિમ બંગાળમાં નુઆખલીમાં જ્યારે હિન્દુ મુસ્લિમનું તોફાન થયું ત્યારે ગાંધીજી અહીંયાથી ટ્રેનમાં ગયા અને ત્યાં ઉપવાસ ઉપર બેઠાં કે જ્યાં સુધી હિન્દુ મુસ્લિમ આગેવાનો અહીંયા આવીને મારી પાસે માફી ના માંગે અને આ તોફાનો બંધ ના કરે ત્યાં સુધી હું અહીંયાથી ઉપવાસ ઉપરથી ઉભો નહિ થાઉં. પણ આપણને ગોધરાકાંડ વખતે સદભાવના યાદ આવી ખરી? હરેનભાઇ પંડ્યા આ રાજયના ગૃહમંત્રી રહી ચૂકેલા તેમનું જ્યારે ખૂન કરવામાં આવ્યું ત્યારે આપણને સદભાવના યાદ આવી ખરી? આ અમે નથી કહેતા આ વિરોધપક્ષમાં બેઠેલા કોઇ નથી કહેતાં.પણ અહીંયા એક સમયે મુખ્યમંત્રી તરીકે બેઠેલાં કેશુભાઇ પટેલે એમ કહ્યું કે મીની ઇમરજન્સી આ રાજયની અંદર છે. આ સદભાવના ચાલુ હતી તે દરમિયાન કેશુભાઇ પટેલે સુરતમાં કહેવું પડયું કે આ રાજયના લોકો ભયભીત છે, અમે નથી કહેતાં આ ભારતીય જનતા પાર્ટીના આગેવાન કહે છે. જયારે આ રાજયના મુખ્યમંત્રીને દેશના વડાપ્રધાન રહી ચૂકેલા અટલજીએ જયારે રાજધર્મ બજાવવાની વાત કરી ત્યારે સદભાવના યાદ નહોતી આવી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) :** માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ જે પ્રવચન કર્યુ અને તેના ઉપર આભાર પ્રસ્તાવ લઇને માનનીય દેવુસિંહ ચૌહાણ આવ્યાં છે તેમાં હું મારો સૂર પૂરાવા આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી તે જ્ઞાનની સદી છે વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. આ સરકારે આ વિભાગની અંદર અનેક નવા આયામો અને વિષયો ઉપર ભાર મૂકીને ક્રાંતિકારી અને કલ્યાણકારી કદમ ઉઠાવ્યું છે. આ સરકારને આવતીકાલ ઘડવાની ચિંતા છે અને તે માટે જ આવતીકાલનું બીજ વાવે છે. ભારત જે સુપર ઇકોનોમી પાવર બનવા જઇ રહ્યું છે તેની પાછળની જો કોઇ ભૂમિકા હોય તો આ ગુજરાત રાજયની નિર્ણાયક ભૂમિકા છે. ગુજરાતે હંમેશા વિશાળ દ્રષ્ટિકોણ અને દુનિયામાં જે શ્રેષ્ઠ છે તેને આવકારવાની સંકલ્પ શકિતના દર્શન કરાવ્યાં છે. મારે આ તબકકે અહીં બેઠેલાં તમામ સભ્યશ્રીઓનું ધ્યાન પણ દોરવું છે અને ગર્વ સાથે કહેવું છે કે આખું વિશ્વમાં જયારે આર્થિક કટોકટી, નિરાશા, અસ્થિરતા અને અવિશ્વાસનો માહોલ પ્રવર્તમાન છે ત્યારે ગુજરાત જ જેવું રાજય છે કે એ નવો વિશ્વાસ, નવી ચેતના અને સ્થિરતા સાથે પ્રગતિ અને વિકાસ કરે છે અને તેનો પ્રેરક સંદેશો દેશ નહીં પણ દુનિયાને આપ્યો છે. હિન્દુસ્તાન તે વિશ્વ અને વિકાસની નામના મેળવતું હોય અને કોઇ એક રાજય જે મોડેલ રૂપમાં પ્રસ્તુત કરવું પડે તો એ ગુજરાત જ વિકાસનું મોડેલ બની ગયું છે. મારે આ તબકકે ગુજરાતની પ્રજાને આ રાજકીય સ્થિરતા પ્રાધાન્ય આપવા બદલ અહીંયાથી હું ગુજરાતની પ્રજાનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને ટેકનોલોજીની વાત કરી છે ત્યારે સરકારે ઇન્ફોર્મેશન અને ટેકનોલોજીમાં ઇ-ગવર્નન્સનો વ્યાપક ઉપયોગ કર્યો છે, શ્રેણીબધ્ધ પગલાં લીધાં છે અને તેના પરિણામે ચાલુ વર્ષે ૧૭ જેટલાં એવોર્ડ આ રાજયની સરકારને મળ્યાં છે. સંશોધન અને વિકાસને ઉત્તેજન આપવા માટે છ એકસલન્સ સેન્ટર સ્થાપવામાં આવ્યાં છે. વડોદરા નજીક સાવલી ખાતે બાયોટેક પાર્ક ફેઝ વન જી.આઇ.ડી.સી.પણ વિકસાવવાની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કહેવું છે કે ઇ–ઉર્જા નેટવર્કીંગ સિસ્ટમ જેનાથી એનર્જી વિભાગે સૌથી વધારે તેના ઉપર જહેમત ઉઠાવી છે જેનાથી બધી જી.ઇ.બી.કચેરીઓ, ઓફિસ, આ ઇ–ઉર્જા નેટવર્કીંગ સિસ્ટમથી ઇન્ટર કનેકટેડ થશે. તેમાં તમામ સંપૂર્ણ ડિટેલ્સ, ડેટા, ઇન્ટરનલ અફેર્સ અને કન્ઝ્યુમર અફેર્સથી આ વિભાગમાં ટ્રાન્સપેરન્સી આવશે, સ્પીડ આવશે અને મોર કન્ઝયુમર ઓરિએન્ટેડ સર્વિસ દ્વારા ગુજરાતની પ્રજાનો સહયોગ મેળવી શકાશે. આજે આપણે જી.આઇ.ડી.સી. કચેરીઓમાં જોઇએ તો જી.આઇ.ડી.સી.માં પ્લોટ જોઇતો હોય તો ઓનલાઇન રજીસ્ટ્રેશન અને એપ્લીકેશન સીસ્ટમ થઇ છે. ઇન્ડિયામાં સીંગલ સ્ટેટ ગુજરાત છે કે જે આ વસ્તુ એચીવ કરી રહ્યું છે. આર.ટી.ઓ.માં લર્નિંગ લાયસન્સ લેવું હોય તો ઓન લાઇન પ્રોસેસ. રોયલ્ટી માટે પણ ઓન લાઇન પ્રોસેસ અને રજીસ્ટ્રેશન ઇન્ફર્મેશન ટેકનોલોજીથી થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ એ કહેવું છે કે હું જે જિલ્લામાંથી આવું છું. સાયન્સ એન્ડ ટેકનોલોજીના માધ્યમથી મારા જિલ્લાની વાત કરું તો અનેક એવા ઉદ્યોગો સ્થપાયા છે. કયો એવો ઉદ્યોગ છે કે જે મારા જિલ્લામાં ન હોય. થોડા ઉદ્યોગોના નામ કહું તો મારા જિલ્લામાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ છે. કેમિકલ ઉદ્યોગ છે. પ્રિન્ટીંગ, પીગમેન્ટન, કોપર, શીપીંગ. એશિયાનું સૌથી મોટું શીપયાર્ડ છે. એલ.એન.જી. ગેસ ટર્મિનલ, આલ્કલી, પલાસ્ટિક પ્લાન્ટ છે. સીરામીક છે. ફર્ટિલાઇઝર સેઝ છે. લિગ્નાઇટ, કાપડ, સોલ્ટ. આવા અનેક ઉદ્યોગો માટે સરકારે જયારે જહેમત ઉઠાવી છે ત્યારે ખૂબ સારા પ્લાન્ટ ભરૂચમાં ચાલી રહ્યાં છે. મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે અને ગઇકાલે માનનીય વિરોધ પક્ષ તરફથી પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો એના સંદર્ભમાં વાત કરવા માગું છું કે આખાયે ગુજરાતમાં માત્ર બી.એસ.સી. અને એમ.એસ.સી. થયેલા વિદ્યાર્થી જો નોકરીથી વંચિત હોય તો મારા જિલ્લામાં એને મોકલજો. હું ખાતરી આપું છું કે મારા જિલ્લામાં બી.એસ.સી. અને એમ.એસ.સી. થયેલા કેટલા બધા યુવાનોની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દેવુસિંહભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દેવુસિંહભાઇ જે મહામહિમ રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે સમગ્ર દેશ સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવી રહ્યો છે. સ્વામી વિવેકાનંદજીએ એક સૂત્ર આપેલ છે કે Arise ! Awake! Don't stop till the goal is achieved. જયાં સુધી તમે ધ્યેય સિદ્ધ ન કરો ત્યાં સુધી એની પાછળ મંડયા રહો. આ ગોલ કયો? આ ગોલની અંદર આ દેશની અંદર આ રાજયના સપૂત, ગુજરાતના સપૂત એવા મહાત્મા ગાંધીજી, જેમણે ગાંધી વિચારધારા આપી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભારતીય જનતા પાર્ટીના, જનસંઘના આદ્યસ્થાપક અને સમાજવાદી વિચારના પ્રણેતા ડો. રામમનોહર લોહિયાએ કીધેલું કે છેવાડાના માનવી સુધી ના પહોંચે ત્યાં સુધી આઝાદી અધૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક લોકોને પોતાના પગ પાસે પડેલું પણ દેખાતું નથી. કેટલાક લોકોને આવતીકાલનું પણ દેખાય છે. કેટલાક લોકોને આવતા ૫૦ વર્ષ, ૧૦૦ વર્ષની જરૂરિયાત પણ દેખાતી હોય છે. મને કહેતા આનંદ થાય છે કે ભૂતકાળના કેટલાક રાજવીઓ જે આપણે કહીએ છીએ એવા ગાયકવાડ, ગોંડલના મહારાજા ભગવતસિંહ, ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી કે જેમણે પોતાના સત્તાકાળ દરમ્યાન આગામી ૫૦ વર્ષ કે ૧૦૦ વર્ષની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પોતાના નગરનો અને પોતાના વિસ્તારનો વિકાસ કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી આ દિશામાં જો પ્રયાસ થયા હોય તો તેમને આર્ષદ્રષ્ટા ગણાવી શકાય. અને આજે પણ જોઇએ તો ગોંડલ સ્ટેટના કોઇ પણ ગામમાં જઇને જોઇએ તો તે ગામમાં જે તે સમયે ટાઉન પ્લાનિંગની સ્કીમ ત્યાં અમલમાં હતી. મહારાજા સયાજીરાવ ગાયકવાડ, જેમના સમયમાં શિક્ષણ અને આધુનિક ટાઉનશીપની યોજના ત્યાં અમલમાં હતી. જો આ પ્રકારનું આયોજન ૧૯૬૦માં મહાગુજરાતના આંદોલન પછી ગુજરાત રાજ્ય બન્યા પછી જો અમલમાં આવ્યું હોત તો આજે આપણે કશું કહેવાનું રહેતું નહીં. શહેરી વિકાસની કેટલીક વાત તરફ મારે ધ્યાન કેન્દ્રીત કરવું છે. નગરની, મહાનગરની ફરજો પીવાનું પાણી, સફાઇ, રસ્તા, ગટર વગેરે વ્યવસ્થા કરવાની હોય છે. નગરના વિકાસ માટે સ્વર્ણીમ ગુજરાતના ૭

હજાર કરોડની જાહેરાત થઇ ની. જેમાંથી ૩૨૮૫ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા. શુધ્ધ પીવાનું પાણી જેમાં દુષ્કાળના સમયમાં જયારે ટ્રેઇન દ્વારા પાણી અપાતું ત્યારે હરખાઇને એમ કહેતા કે અમે ટ્રેઇન દ્વારા પાણી મોકલ્યું. પણ મારે કહેવું છે કે આ હરખાઇને કહેવાનો વિષય નહોતો. આ શરમનો વિષય હતો. પાણી મોકલ્યું એ સારું કર્યું. પણ કાયમી યોજનાનો વિચાર ૪૦ વર્ષમાં કયારેય કોઇએ નહોતો કર્યો જે આ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યો છે. સેંકડો કિલોમીટર પાઇપલાઇન નાખીને ગુજરાતના છેવાડાના ગામ સુધી શુધ્ધ પીવાનું પાણી મળે તે માટે યોજના આ સરકારે કરી છે. હું આ પ્રસ્તાવને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી જશુબેન સ. કોરાટ(જેતપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ આ સન્માનનીય ગૃહમાં જે પ્રવચન કર્યુ તેના માટેનો આભાર પ્રસ્તાવ લઇ અને માનનીય દેવુસિંહભાઇ આવ્યા છે ત્યારે એમાં હું મારો સૂર પુરાવું છુ અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે જયારથી શાસન સંભાળ્યું ત્યારથી છેવાડાના માનવી સુધી, છેવાડાના ગામ સુધી વિકાસના ફળ પહોંચે તેના માટે જે અથાગ પ્રયત્નો કર્યા અને તેના કરણે આજે આ સરકાર કામ કરી રહી છે. જયારે માનનીય રાજયપાલશ્રી આ સભાગૃહને સંબોધન કરવા આવ્યા ત્યારે *(xxxx) (xxxx) રાજયપાલશ્રીને અટકાવવાનો પ્રયત્ન કર્યો. હું કયારેય આ બાબતમાં પડતી નથી. પરંતુ સામેની પાટલીના લોકોને ૨૦૧૨ ની ચૂંટણીમાં આ ગુજરાતની જનતા હિસાબ આપશે.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી લાલસિંહ ઉ. વડોદીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રી કોઇ પક્ષના હોતા નથી, એટલે એમણે આવા શબ્દો ન કહેવા જોઇએ.

અધ્યક્ષશ્રી : (xxxx) શબ્દો પાછા ખેંચી લો.

શ્રીમતી જશુબેન સ. કોરાટ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચી લઉં છું. માનનીય અધયક્ષશ્રી, આ ગુજરાતના લોકોને માટે મહત્વનો પ્રશ્ન હતો વીજળીનો, ગ્રામ્ય વિસ્તારમાં વીજળી નહોતી, સાંજના સમયે લાઇટ ન હોવાના કારણે ગામડાંના લોકો ખૂબ દુઃખી હતા. આ રાજયની ધૂરા આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંભાળ્યા પછી ગામડાંના લોકોની રજૂઆતોને ધ્યાનમાં લઇ અને ગુજરાતમાં જયોતિ ગ્રામ યોજના લાવ્યા. ગુજરાતના ગામડાંને ઝળહળતું કરવાનું કામ જો કોઇએ કર્યું હોય તો તે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે જયારથી અંધેરા ઉલેચવાનું કામ કર્યુ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીનું નામ લઇએ ત્યારે સામેની પાટલીએ બેઠેલા લોકોને ખૂબ દુઃખ થાય છે. મારા આ અંગે બીજું કંઇ કહેવું નથી પરંતુ જે કામ કર્યુ છે એને અમે નથી કહેતા પરંતુ ગુજરાતના લોકો કહે છે. નાના બાળકોને જઇને પૂછો તો નાના બાળકો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને ઓળખે છે. જયારે ઇચ્છા શકિત હોય ત્યારે જ આ દેશનો વિકાસ કે રાજયનો વિકાસ થતો હોય છે અને આ ઇચ્છા શકિતથી આ સરકાર કામ કરે છે ત્યારે હું પણ એક ખેડૂતની દીકરી છું ત્યારે ૪૦ વરસ પહેલા ખેડૂતોને ખેતરની અંદર કનેકશનો જોઇતા હોય તો લાઇટ કનેકશન મળતા નહોતા અને આજે આ રાજય સરકારે (સમય સૂચક ઘંટડી) આ રાજય સરકારે એક લાખ જેટલા વીજ જોડાણ ખેડૂતોને આપવા માટેનો નિર્ધાર કર્યો છે. ખેડૂતોને આપણે કનેકશનો આપી રહ્યા છીએ. આ રાજયની અંદર પ્રદૂષણના જે પ્રશ્નો હતા અને જે ગ્લોબલ વોર્મિંગને કારણે પ્રજા પિડાતી હતી એનો ઉકેલ લાવવા માટે થઇને માનનીય મખ્યમંત્રીશ્રીએ જે પર્યાવરણની સમસ્યા દિન – પ્રતિદિન વધતી હતી એના માટે સોલાર ઉર્જા પાર્ક જે આજે કાર્યરત છે એના કારણે ૭૦૦ મેગાવોટ સોલાર ઉર્જા ઉત્પન્ન કરીને ભારત દેશ જ નહિ પરંતુ સમગ્ર એશિયામાં આ પ્રોજેકટ અગ્ર ક્રમે રહ્યો છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને સમર્થન આપીને વિરમું છું.

**ડો. માયાબેન સુ. કોડનાની(નરોડા) :** માનનીય અધ્યક્ષશ્રી, ૨૩મી ફેબ્રુઆરીએ* (xxxx) આ ગૃહ સમક્ષ પોતાનું એક પ્રવચન રજૂ કર્યુ છે કમનસીબે આખું પ્રવચન સાંભળી શકયા નહિ પરંતુ પાના ૭ અને ૮ ઉપર મહિલા અને બાળ કલ્યાણ વિશે વાત કરી છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

માનનીય રાજયપાલશ્રીના નામનો ઉલ્લેખ નહિ કરવા અંગે

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય રાજયપાલશ્રીના નામનો ઉલ્લેખ આ ગૃહમાં થઇ શકતો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપે (xxxx) નામનો શબ્દ પ્રયોગ કર્યો છે એ પાછા ખેંચી લો.

ડો. માયાબેન સુ. કોડનાની : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચી લઉં છું.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, નામનો ઉલ્લેખ થઇ શકે છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય રાજયપાલશ્રીના નામનો ઉલ્લેખ ન થઇ શકે.

અધ્યક્ષશ્રી : હું એ જોઇ લઇશ અને ફરી નિર્ણય આપીશ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : એમના નામથી સંબોધન ન થઇ શકે, પરંતુ પદથી સંબોધન થાય.

ડો. માયાબેન સુ. કોડનાની : માનનીય રાજયપાલશ્રીએ ૨૩મી ફેબ્રુઆરીએ પ્રવચન રજૂ કર્યુ એમાં સાત અને આઠમાં પાના ઉપર મહિલા અને બાળ કલ્યાણ વિશે વાત મૂકી છે. મહિલાઓના વિકાસ માટે આપણે બધા ચિંતિત છીએ. આ દેશમાં ૫૦ ટકા વસ્તી મહિલાઓની હોય, ૨૫ ટકા વસ્તી બાળકોની હોય એમ કુલ મળીને ૭૫ ટકા વસિતને ભાગે અને એના કલ્યાણ માટેની ચિંતા એ આપણા સૌની હોય એ સ્વાભાવિક છે. શિવમાં ઇ જોડાય તો જ એમાં ઇશ્વર તત્વ જોડાય છે. શિવમાં ઇ તત્વ નીકળી જાય તો એ શર થઇ જાય છે અને એનું મહત્વ ઓછું થઇ જાય છે. આદિ શંકરાચાર્યજીએ કહ્યું છે ભગવાનને ભગવાનની પદવી ત્યારે જ મળે કે ભવાનીએ પાણી ગ્રહણ કર્યુ, શિવ અને શકિત જોડાય ત્યારે જ પૂર્ણતા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણાં દેશમાં ખૂબ સારી રીતે જીજામાતા સાથે જોડાયેલી વાત છે કે જે કર ઝૂલાવે પારણું તે જગત પર શાસન કરે. આવું ચિંતન, આવી આપણી ફીલોસોફી અને મહિલાઓને આટલું મહત્વ આપનારું આપણું ચિંતન તો આપણે શેના માટે મહિલાઓ માટેની પરિસ્થિતિ વિષે ચિંતા કરવાના વિષયો ઉભા થયા? આ એક ખૂબ મોટો ગહન વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જન્મથી મૃત્યુ સુધી એક નકારાત્મકતાના વલણ સાથે મહિલા પ્રત્યેના જે વ્યવહાર છે એના કારણે મહિલા ઉપરના અત્યાચાર, અન્યાય અને એમાંથી મહિલાને કેવી રીતે બહાર લાવવી એની ચિંતા સાથે રાજયમાં જો પરિવર્તન લાવવું હોય તો એક સાચા અર્થમાં ઇચ્છાશકિત, ઇચ્છાશકિત સાથે જ્ઞાનશકિત અને જ્ઞાનશકિત સાથે ક્રિયાશકિત જોડાય તો જ એ સમન્વયની સાથે આપણે પરિણામ લાવી શકીએ છીએ અને આ ઇચ્છાશકિત હોવાનું દ્રઢ મનોબળ જો કોઇનામાં હોય તો રાજયના મુખ્યમંત્રીમાં છે અને એટલે એમણે આ મહિલા વિભાગ આખો શરૂ કર્યો. રાજયના જેટલા પણ વિભાગો છે એ દરેક વિભાગ કાર્યાન્વિત હોય તો સ્વાભાવિક રીતે તેનો લાભ મહિલાને મળવાનો જ છે. પરંતુ ખાસ કરીને મહિલા માટે જુદો વિભાગ શરૂ કરવો એ ખરેખર આપણાં સૌના માટે આદર્શ વસ્તુ કહેવાય. મહિલા એ કોઇ માત્ર શોભાનો વિષય નથી પણ મહિલાઓને એક નિર્ણાયક ભૂમિકામાં જોડવી એ આપણાં સૌનું કર્તવ્ય છે અને તો જ સાચા અર્થમાં વિકાસને છેવાડાના લોકો સુધી પહોંચાડયો કહી શકાય. એટલા માટે જયારે આદિકાળથી લઇને મહિલા આજે અવકાશમાં પણ જતી થઇ ગઇ છે ત્યારે સાચા અર્થમાં અનેક ક્ષેત્રોમાં કામ કરતી મહિલાઓને તકો પૂરી પાડવી જોઇએ. આમ જોવા જઇએ તો ગુજરાતની જ વાત કરીએ તો નર્સીંગ ક્ષેત્ર હોય, આંગણવાડીના ક્ષેત્રે ૫૦,૦૦૦થી પણ વધુ આંગણવાડીઓમાં કુપોષિત મહિલાઓ, સગર્ભા મહિલાઓ અને

બાળકો માટેની ચિંતા થઇ રહી છે અને તેમને સારો ગરમ ખોરાક મળે એટલા માટે આખા દેશભરમાં પ્રથમ રાજય છે કે જયાં ગેસ કનેકશન આપવામાં આવી રહ્યા છે. આ આંગણવાડીઓમાં વીજળીકરણની યોજનાઓ આખા દેશભરમાં થઇ હોય તો એ પહેલું ગુજરાત રાજય છે કે જેમાં વીજળીકરણની યોજના થઇ છે. જો માતા કુપોષિત હશે તો આવનારું ભવિષ્ય આખું કુપોષિત રહેવાનું છે. હમણાં મારા મિત્ર બાવકુભાઇ વાત કરતા હતા કે ૪૫ ટકા બાળકો કુપોષિત છે. જો દીકરી કુપોષિત હશે, એ એનિમિક હશે તો આવનારા બાળકો પણ કુપોષિત જ જન્મવાના છે. મહિલા અને બાળકો એ ૭૫ ટકા વસતિ મેં માત્ર ત્રણથી ચાર મિનિટમાં સમાવેશ કરવાનો પ્રયત્ન કર્યો છે. માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય દેવુસિંહભાઇ જે પ્રસ્તાવ લાવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :** માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સભ્યશ્રી દેવુસિંહભાઇ રાજયપાલશ્રીના સંબોધન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની વાતો બહુ થઇ, ૫૦ વર્ષ સુધી આ મિત્રોએ બહુ રાજ કર્યું છે. પણ આદિવાસીને પાણી મળે, એને રસ્તા આપવા જોઇએ. એને શિક્ષણ આપવું જોઇએ, એને ખેત વિકાસની વસ્તુ આપવી જોઇએ એવું એ સરકારે કંઇ કર્યું નથી. એ લોકો પણ જાણે છે. પ્રજા જાણે છે. પ્રજાને ખબર છે એટલે એ લોકો બહાર બેઠાં છે અને હજુ સુધી એમનો નંબર લાગવાનો નથી. એ પ્રજા પણ જાણી ગઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે, આ ગુજરાતના મુખ્યમંત્રી એ ગરીબોની વેદનાની વાત કરી, ગરીબોની વેદના એમને યાદ આવી અને એમણે જોયું કે આદિવાસીઓનું ભલું કોઇ સરકારે કર્યું નથી. મારી સરકાર એવી છે, એમણે વાત મૂકી કે કલમ–૪૪ હેઠળ ૧૫ હજાર કરોડનું પેકેજ આખા દેશમાં જો કોઇ મુખ્યમંત્રીએ કર્યું હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી છે. એ મરદ માણસ છે. તેમણે આદિવાસીઓની ચિંતા કરી છે. મુખ્યમંત્રી અમારા આદિવાસીમાં પણ થઇ ગયા. એમણે જો વાત કરી હોત, આદિવાસીઓની ચિંતા કરી હોત તો આદિવાસીઓ માટે રસ્તા કરવા જોઇતા હતા. શ્રી મોહનસિંહ હમણાં બોલતા હતા કે, જાનમાં જાય તો વરરાજાની જીપ નેળીયામાં ફસાઇ જાય છે. આવી પરિસ્થિતિ ભૂતકાળની સરકારોમાં હતી. અત્યારે તો આપણે સૌ ગુજરાતના મુખ્યમંત્રીની વાત કરીએ છીએ, આજે આદિવાસીના દિકરાને એમબીબીએસ થવું હોય, વિદેશ જવું હોય, ઉચ્ચ અભ્યાસ કરવો હોય તો એના માટે રાજય સરકાર સહાય આપે છે. ૧૫૮ આદિવાસી છોકરાઓ બહાર ગયા છે. કોંગ્રેસના મિત્રોને મારે પૂછવું છે કે, તમારા વખતમાં એકપણ આદિવાસી દિકરો બહાર ગયો હોય તો દાખલો આપે. અત્યારે વિજ્ઞાન પ્રવાહની શાળા ઝડપથી મળે છે. તે વખતે અહીંયાં આદિવાસી માટે એકપણ વિજ્ઞાન પ્રવાહની શાળા નહોતી. એમણે શરમથી માથું ઝૂકાવવું પડે એવો વિષય છે. ગરીબોના છોકરાઓ ડોકટર બને, વકીલ બની શકે. આવી પરિસ્થિતિ ભૂતકાળની સરકારોએ નહોતી કરી એટલે આદિવાસીઓ પછાત રહ્યા છે. આદિવાસીઓની ૭૫ લાખની વસ્તી છે ત્યાં ગામડામાં જઇએ છીએ ત્યારે એમ કહે છે કે, ગુજરાતના મુખ્યમંત્રી અમારા માટે ભગવાન છે, ગરીબોના બેલી છે. ગરીબ કલ્યાણ મેળા થકી, પહેલાં લોન અપાતી હતી, કેવી લોનો અપાતી હતી મરઘા–બતકાની લોનો અપાતી હતી, આ સરકાર કૂવાની લોનો, પંપ સેટ, વીજળી કનેકશનો આપે છે. આટલું બધું કામ કર્યું છતાં પણ માછલાં ધોવાનો તમને અધિકાર નથી. આદિવાસીઓ સમજી ગયા છે, આદિવાસીઓને ખબર છે કે, આપણે કઇ લાઇન પકડવી છે? ગયા રવિવારે હું એક ગામડામાં ગયો હતો. વનબંધુ યોજનાની એક મિટિંગ હતી, એમાં શ્રી મંગુભાઇ આવ્યા હતા. મંડલવા ગામે ૩૨ કરોડ રૂપિયા આદિવાસીઓ માટે આપ્યા. પહેલાં મહુડાની દોરીઓથી ઘાણી પીલવાની ઘંટીઓ હતી. શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે અનાજ દળવાની ઘંટીઓ કરી છે. દાહોદ અને પંચમહાલના લોકો આવ્યા હતા. છોટા ઉદેપુરની અંદર આઠ કરોડ રૂપિયાના સાધનો આપ્યા. શ્રી મંગુભાઇએ કહ્યું હતું કે, આ સરકાર ગરીબોની બેલી છે. આ વિસ્તારની પ્રજા માટે શ્રી નીતિનભાઇએ સિંચાઇની વ્યવસ્થા કરી છે. શ્રીમતી આનંદીબેને રસ્તાઓની વ્યવસ્થા કરી છે. આ સરકારે એના માટે પૈસા આપ્યા છે એ આપણે જાણીએ છીએ.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી અભેસિંહ મો. તડવી : મારે એ વાત કરવી છે. આ સરકારે ૧૦૮ની સેવાઓ આપી. આ સરકાર મરઘા બતકામાં જ પતી ગઇ છે. આવનારા દિવસોમાં એમનો નંબર લાગવાનો નથી. શ્રી દેવુસિંહ જે આભાર પ્રસ્તાવનો ઠરાવ લઇને આવ્યા છે એને અનુમોદન આપુ છું.

અધ્યક્ષશ્રી : શ્રી અભેસિંહભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે અને આજનું કામકાજ પૂરું થાય છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૯મી ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલકુમાર અ. માળી | આર.ટી.ઓ કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સના અરજદારો માટે સુવિધા | ૨૯૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૬૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ | ૧૦૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં બી.પી.એલ. કુટુંબોને વિના મૂલ્યે વીજળીના જોડાણો | ૧૪૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનોનાં કામો | ૧૬૦ |
| અનિલકુમાર ત્રિ. પટેલ | ઈન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક, ૨૦૧૨ | ૩૧૩ |
| | ઉદ્યોગો માટે સંપાદિત થતી જમીનના મુળ માલિકોને રક્ષણ આપવા માટે યોજના | ૧૦૨ |
| | કડી સર્વ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક, ૨૦૧૨ | ૩૪૫ |
| | મહેસાણા આર.ટી.ઓ. કચેરીની આવક | ૨૪૧ |
| | મહેસાણા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૨૮૦ |
| | આદિજાતિ વિકાસ વિભાગનું બજેટ અને વનબંધુ કલ્યાણ યોજનાનું પેકેજ | ૪૦૭ |
| | ખેડૂતોને ખેતી માટે દિવસે વીજળી આપવા બાબત | ૭૬ |
| | ભારત સરકાર તરફથી આદિજાતિ વિકાસ વિભાગને ફાળવેલ ગ્રાન્ટમાં વપરાશનું પ્રમાણપત્ર | ૪૫૬ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં ગૃપ ગ્રામ પંચાયતો | ૪૮૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૨૪૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં વીજ અકસ્માતના બનાવો | ૧૫૪ |
| | સાબરકાંઠાના પછાત તાલુકાઓ વાઇબ્રન્ટ સમીટ અન્વયે થયેલ એમ.ઓ.યુ. | ૧૨૧ |
| અભેસિંહ મો. તડવી | નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ હસ્તકની કચેરીઓમાં વર્ગ-૨ની મંજુર થયેલ જગ્યાઓ | ૨૮૬ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | ૫૨૮ |
| | વડોદરા જિલ્લામાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ કલેકશન | ૪૩૧ |
| | વડોદરા જિલ્લામાં પોલીસ ખાતાના હાથ ધરવામાં આવેલ બિન રહેણાંકના મકાનો | ૧૧૩ |
| | વડોદરા જિલ્લામાં વેટની આવક | ૩૦૩ |
| | વડોદરા જિલ્લામાં શ્રમ કાયદાની જાગૃતિ માટે યોજાયેલી શિબીરો | ૨૫૨ |
| | સરદાર સરોવર બંધની પ્રવાસીઓએ લીધેલ મુલાકાત | ૬૮ |
| અમરસિંહ રા. વસાવા | ભરૂચ અને નર્મદા જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાઓમાં ચૂકવાયેલ સહાય | ૨૯૨ |
| | મારૂતિ મોટર કંપનીને આપવામાં આવેલ લાભો/રાહતો | ૮૯ |
| | સરકારી વાહન જી.ટી.એસ.માં ડ્રાયવરોની ઘટ | ૨૬૦ |
| અમિતકુમાર અ. ચાવડા | આણંદ જિલ્લામાં ખાણ-ખનીજ વિભાગ દ્વારા દરોડા | ૧૫૭ |
| | આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વિદ્યુતીકરણ કરવા યોજના અન્વયે મળેલ અરજીઓ | ૮૪ |
| | આણંદ જિલ્લામાં ડૉ.આંબેડકર ભવનની મંજુરી | ૨૯૯ |
| | આણંદ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ | ૧૩૦ |
| | આણંદ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારો | ૨૭૩ |
| | આણંદ જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોને આવાસ માટે નીમ કરેલ જમીન | ૪૯૪ |
| | આણંદ જિલ્લામાં મંજૂર થયેલ આઈ.ટી.આઈ./આઈ.ટી.સી. | ૨૨૯ |
| | આણંદ જિલ્લામાં રાજીવગાંધી સેવા કેન્દ્રો | ૪૮૧ |
| | આણંદ જિલ્લામાં સીડમની યોજનામાં રકમ ફાળવવા બાબત | ૪૪૬ |
| અર્જુનભાઇ દે. મોઢવાડીયા | અમદાવાદ શહેર અને જિલ્લામાં રોપાનું વાવેતર | ૪૦૬ |
| | ઈન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક, ૨૦૧૨ | ૩૧૯ |
| | ઈન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક, ૨૦૧૨ | ૩૧૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| અર્જુનભાઇ દે. મોઢવાડીયા | ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક, ૨૦૧૨ | ૩૧૪ |
| | ગાંધીનગર, અમદાવાદ શહેર અને જિલ્લામાં વૃક્ષોની સંખ્યા | ૪૫૫ |
| | પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૨ | ૩૮૦ |
| | પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં બાંધેલ બોરીબંધ | ૪૮૬ |
| | ફોર્ડ, પ્યુજોટ મારૂતિ મોટર કંપનીઓને ઉદ્યોગ સ્થાપવા માટે અપાયેલ રાહતો/લાભો | ૮૯ |
| | બસોના ભાડામાં કે ટોલટેક્સ ના વધારા માટે મળેલ દરખાસ્તો | ૨૯૬ |
| | ભાવનગર યુનિવર્સિટી(સુધારા) વિધેયક, ૨૦૧૨ | ૩૬૭ |
| | રાજ્ય સરકાર હસ્તકના વિજ એકમો દ્વારા વિજ ઉત્પાદન | ૧૩૬ |
| | રાજ્યનું જાહેર દેવું | ૨૬૮ |
| | રાજ્યમાં ` ૧/- કરોડથી વધુ વેટ બાકી હોય તેવા ઔદ્યોગિક એકમો | ૨૨૧ |
| | રાજ્યમાંથી મળતું કાર્બોસેલ ખનીજ | ૧૫૯ |
| | શબ્દો રદ કરવા અંગે | ૩૭૩ |
| | ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૨ | ૩૫૩ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | પંચમહાલ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૫૯ |
| | વલસાડ જિલ્લામાં પોલીસ ખાતાના હાથ ધરવામાં આવેલ બિન રહેણાંકના મકાનો | ૯૫ |
| અરવિંદસિંહ રાઠોડ | પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની અરજીઓ | ૩૯૬ |
| અશ્વિન કોટવાલ | ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી તથા પૂર્વ અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઇ માધવદાસ પટેલ, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને કેન્દ્રના પૂર્વ નાયબ મંત્રીશ્રી સ્વ. શ્રી મગનભાઇ રણછોડભાઇ બારોટ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થશ્રી નાથાલાલ પ્રેમજીભાઇ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડો. સોમાભાઇ છકકડદાસ દેસાઇ, તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હસમુખલાલ મણીલાલ વોરાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો | ૪૬ |
| અશ્વિનકુમાર કોટવાલ | ગૌણ સેવા પસંદગી મંડળ સમક્ષ રહેમરાહે નોકરીની દરખાસ્તો | ૧૬૨ |
| | ટાટા કંપનીની નેનો કાર એકમ દ્વારા અપાયેલ લાભો અંગે શરત ભંગ | ૧૦૬ |
| | રાજ્યના બજેટમાં વિકાસલક્ષી અને વહીવટલક્ષી ખર્ચ | ૨૨૧ |
| | સન ૨૦૦૯ તથા ૨૦૧૧ ના વાયબ્રન્ટ સમિટોમાં થયેલ વાસ્તવિક મૂડી રોકાણ | ૧૪૯ |
| આત્મારામ મ. પરમાર | | |
| | ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૨ | ૩૫૦ |
| | ભાવનગર જિલ્લામાં કિસાન હિત ઉર્જા શકિત યોજના હેઠળ કામગીરી | ૬૮ |
| | ભાવનગર જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૨૯૮ |
| | ભાવનગર જિલ્લામાં મંજુર કરેલ મફત તબીબી સહાય | ૨૭૨ |
| | ભાવનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં થયેલ રોપાનું વાવેતર | ૪૪૪ |
| | ભાવનગર યુનિવર્સિટી(સુધારા) વિધેયક, ૨૦૧૨ | ૩૬૯ |
| | ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય | ૨૨૯ |
| | ભાવનગર જિલ્લામાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનોનાં કામો | ૧૧૩ |
| આર. સી. પટેલ | નવસારી જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ | ૨૪૩ |
| | નવસારી જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું મકાન | ૪૧૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ઇકબાલ પટેલ | | |
| | ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૨ | ૩૪૮ |
| ઇકબાલભાઇ પટેલ | જૂનાગઢ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૩૨ |
| | ભરૂચ જિલ્લામાં ઇંદિરા આવાસને મંજૂરી | ૪૭૪ |
| | ભરૂચ જિલ્લામાં એ.પી.એલ., બી.પી.એલ અને અંત્યોદય લાભાથી | ૪૯૨ |
| | ભરૂચ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીનું મહેકમ | ૪૩૧ |
| | ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખેતી વિષયક વીજ જોડાણો | ૧૦૧ |
| | માહિતી પ્રસારણ વિભાગ દ્વારા જાહેરાતો પાછળ થયેલ ખર્ચ | ૧૪૭ |
| | સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર એસ્સાર કંપનીએ જમા કરાવવાની રકમ | ૨૪૧ |
| ઇશ્વરભાઇ ન. વહીઆ | ડી-સેગના મહેકમનો ખર્ચ ડી-સેગના વ્યાજમાંથી મળતી આવકમાંથી થવા બાબત | ૪૮૧ |
| | સુરત અને નવસારી જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ | ૭૬ |
| | સુરત અને નવસારી જિલ્લામાં બાંધેલ બોરીબંધ | ૪૪૨ |
| | સુરત જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ અન્વયે મળેલ અરજીઓ | ૧૨૧ |
| | સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાં વીજ બિલ ન ચુકનાર ડીફોલ્ટર ઔદ્યોગિક એકમો | ૧૫૪ |
| | સુરત જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાઓમાં ચૂકવાયેલ સહાય | ૨૦૪ |
| ઇશ્વરસિંહ ઠા. પટેલ | સુરત જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાઓમાં ચૂકવાયેલ સહાય | ૨૬૨ |
| ઉદેસિંહ પું. ઝાલા | મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત | ૧૧૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૪૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં વેટની આવક | ૩૦૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં વેટની આવક | ૨૮૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં બી.પી.એલ. કુટુંબોને વિના મૂલ્યે વીજળીના જોડાણો | ૭૨ |
| ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ | કેન્દ્રિય વેચાણ વેરાના દર | ૨૬૩ |
| | રાજ્ય અનામત પોલીસદળ જૂથ-૧ના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની હાથ ધરાયેલી કામગીરી | ૧૪૨ |
| | વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં માનદ વેતનવાળા સભ્યો | ૪૩૨ |
| | વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે કોમ્યુનિટી હોલ | ૯૧ |
| | વડોદરા જિલ્લામાં વેટની આવક | ૨૦૯ |
| | વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબોને મફત વીજ જોડાણો | ૧૫૯ |
| | વડોદરા જિલ્લામાં શ્રમ યોગીઓને જાગૃતિ માટે યોજાયેલ શિબીરો | ૨૯૫ |
| | સરકારી કાર્યક્રમોના પ્રચાર માટે માહિતી ખાતા તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો | ૧૬૦ |
| ઋષિકેશ પટેલ | રાજ્યમાં ચેતક કમાન્ડો તાલીમ કેન્દ્રની સ્થાપના | ૫૧ |
| ઋષિકેશભાઇ ગ. પટેલ | મહેસાણા આર.ટી.ઓ. કચેરીની આવક | ૨૭૦ |
| | મહેસાણા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૨૫ |
| | મહેસાણા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૪૪૫ |
| | રાજયમાં ચેતક કમાન્ડો ફોર્સની રચના | ૧૦૭ |
| કનુભાઇ ભુ. ડાભી | ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માંગણીઓ | ૪૪૧ |
| | ખેડા જિલ્લામાં ચૂકવાયેલ મરણોત્તર સહાય | ૨૨૪ |
| | ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૭૦ |
| | રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૭ ના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની પૂર્ણ કામગીરી | ૧૨૬ |
| | રાજ્ય અનામત પોલીસદળ જુથ-૨ના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની હાથ ધરાયેલ કામગીરી | ૮૦ |
| કમાભાઇ ગ. રાઠોડ | અમદાવાદ જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ | ૩૦૪ |
| | અમદાવાદ જિલ્લામાં ઇન્દીરા આવાસને મંજૂરી | ૪૬૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| કમાભાઇ ગ. રાઠોડ | અમદાવાદ જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી | ૭૭ |
| | અમદાવાદ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ | ૪૨૫ |
| | અમદાવાદ જિલ્લામાં મંજૂર કરેલ મફત તબીબી સહાય | ૨૯૩ |
| | અમદાવાદ જિલ્લામાં શ્રમ યોગીઓને લઘુત્તમ વેતનની ચૂકવણી | ૨૬૦ |
| | નર્મદા યોજના અંતર્ગત માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકામાં નહેરોની કામગીરી | ૧૨૨ |
| કરશનભાઇ દુ. ઓડેદરા | પોરબંદર એ.આર.ટી.ઓ. કચેરીની આવક | ૨૭૨ |
| | પોરબંદર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૨૭ |
| | રાજ્યમાં પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન | ૧૪૮ |
| | સુક્ષ્મ સિંચાઈ પધ્ધતિ હેઠળ હેક્ટર દીઠ થતો ખર્ચ | ૧૬૧ |
| | સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં બદલવામાં આવેલ જર્જરિત વીજ વાયરો | ૧૦૪ |
| કરશનભાઈ ઓડેદરા (કુતિયાા | પોરબંદર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો અને અનુદાન | ૩૯૩ |
| કલ્યાણસિંહ દે. ચૌહાણ | ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કચેરી માટે મંજૂર થયેલ કારકૂનોની જગ્યા | ૪૫૪ |
| | ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત | ૧૪૩ |
| | ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ મફત તબીબી સહાય | ૨૫૦ |
| | ગાંધીનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર | ૪૦૫ |
| | નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં પિયત હેઠળનો વિસ્તાર | ૯૩ |
| કુંવરજીભાઇ ન. હળપતિ | ભારત સરકાર તરફથી આદિજાતિ વિકાસ વિભાગને ફાળવેલ ગ્રાન્ટમાં વપરાશનું પ્રમાણપત્ર | ૪૮૪ |
| | વાણિજ્ય વેરા અધિકારી વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ | ૨૭૬ |
| | સુરત અને તાપી જિલ્લામાં અનુ. જનજાતિના ઈન્સ્ટ્રકટરોની ખાલી જગ્યાઓ | ૨૩૫ |
| | સુરત અને તાપી જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ અન્વયે પડતર અરજીઓ | ૧૨૮ |
| | સુરત અને તાપી જિલ્લામાં રેશનીંગની દુકાનોમાં અનાજ વિતરણમાં ગેરરીતી | ૪૫૨ |
| | સુરત અને નવસારી જિલ્લામાં પશુઓની હેરફેર માટે પકડવામાં આવેલ વાહનો | ૮૧ |
| કુંવરજીભાઈ હળપતિ (બારડોલ | | |
| | ઉચ્છલ અને નિઝર તાલુકામાં ગ્રામ પંચાયતના વિભાજનની અરજીઓ | ૩૯૨ |
| કેશુભાઇ હી. નાકરાણી | ઉદ્યોગો માટે સંપાદિત થતી જમીનના મુળ માલિકોને રક્ષણ આપવા માટે યોજના | ૧૨૮ |
| | ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૨૬ |
| | ભાવનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૨૭૧ |
| | ભાવનગર જિલ્લામાં યોજવામાં આવેલ લોક દરબાર | ૮૦ |
| | ભાવનગર જિલ્લામાં વેટની આવક | ૨૯૭ |
| | ભાવનગર જિલ્લામાં વાજબી ભાવની દુકાનોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા બાબત | ૪૫૪ |
| | ભાવનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર | ૪૦૪ |
| | ભાવનગર જિલ્લામાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો | ૧૫૭ |
| કાંતિભાઇ રા. પટેલ | નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં નહેરોની કામગીરી | ૭૨ |
| | નર્મદા યોજનાની ગોરૈયા શાખા નહેર ધ્વારા આવરી લેવાયેલ પિયત વિસ્તાર | ૧૧૭ |
| | મહેસાણા જિલ્લામાં એપ્રેન્ટીશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમો | ૨૭૫ |
| | મહેસાણા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૨૩૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| કાંતિભાઇ રા. પટેલ | | |
| | મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર | ૪૨૭ |
| કાંતિલાલ રા. લકુમ | અમદાવાદ જિલ્લામાં ઇન્દિરા આવાસને મંજૂરી | ૪૬૩ |
| | અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક શ્રમયોગીઓને લઘુત્તમ વેતન કરતા ઓછા વેતનની ચૂકવણી | ૩૦૦ |
| | અમદાવાદ જિલ્લામાં મંજૂર કરેલ મફત તબીબી સહાય | ૨૩૯ |
| | અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર | ૪૧૧ |
